# વચનામૃત



## રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ

SMVS

## ભક્ત ચિંતામણિ પ્રકરણ ૭૭

વિધિ પર તે વૈરાટ કહીએ, તે પર પ્રધાનપુરુષ લહીએ,
તે પર મૂળ પ્રકૃતિપુરુષ, તેથી પર અક્ષર સુજશ;
અક્ષર પર પુરુષોત્તમ જેહ, તેણે ધર્યું મનુષ્યનું દેહ,
તેનું દર્શન ને સ્પર્શ ક્યાંથી, સહુ વિચારોને મનમાંથી;
જે છે મન વાણીને અગમ, તે તો આજ થયા છે સુગમ.

## ભક્ત ચિંતામણિ પ્રકરણ ૭૯

પછી બોલિયા પ્રાણજીવન, તમે સાંભળજ્યો સહુ જન,
તમને જે મળી છે મૂરતિ, તેને નિગમ કહે નેતિ નેતિ;
અતિ અપાર અક્ષરાતીત, થઈ તમારે તે સાથે પ્રીત,
ભક્ત જક્તમાંહી છે જો ઘણા, ઉપાસક અવતાર તણાં,
જે જે મૂરતિ જનને ભાવે, તે મૂરતિ નિજ ધામ પહોંચાવે,
પણ સર્વે પાર જે પ્રાપતિ, તે છે તમારે કહે પ્રણપતિ.

## તુલસી વિવાહ - વૈષ્ણવાનંદ સ્વામી

નહીં વૈકુંઠવાસી રે એવા, નહીં ગોલોકવાસી રે જેવા,
નોય ભોમાપુરુષ સુખધામ, આ તો પૂરણકામ અકામ;
નોય મચ્છ કચ્છ ને વારાહ, નોય વામ રામ અથાહ,
નહીં શ્વેતદ્વીપ પતિ શ્યામ, નહીં બદ્રિકાવાસી અકામ,
આ તો સર્વના સ્વામી છે એક, એમ જાણે તે પરમ વિવેક.

## પુરુષોત્તમ લીલામૃત પ્રકરણ ૧૩

વળી વ્હાલે કરી એક વાત, સહુ સાંભળો જન સાક્ષાત;
અમારાં નામ છે જો અપાર, તેમાં પણ કર્યો નિરધાર.
માર્કન્ડ ઋષિએ તે જેહ, નામ પાડ્યાં છે અમારાં એહ;
કૃષ્ણ, હરિ, હરિકૃષ્ણ સાર, નીલકંઠ નામ નિરધાર.
વળી સ્વામી રામાનંદે જેહ, નામ પાડ્યાં છે અમારાં એહ;
સહજાનંદ સુખનું ધામ, બીજું નારાયણ મુનિ નામ.
રૂડું ઘનશ્યામ નામ જેહ, માતા-પિતા કહેતાં કરી સ્નેહ;
પણ મુખ્ય અમારું જે નામ, તે તો ભૂલી ગયા છે તમામ.
પણ કોઈને હાથ આવ્યું નહીં, એહ સારું નામ ગયું રહી;
હવે આજ કરું હું પ્રકાશ, તમે સાંભળો સહુ તે દાસ.
બીજાં નારાયણ નામ ઘણાં, કહું નામ થોડાંક તે તણાં;
સૂર્યનારાયણ જે કહેવાય, વૈરાટનારાયણ પણ લેવાય.
લક્ષ્મીનારાયણ નામ કહે છે, નરનારાયણ નામ લે છે;
વાસુદેવનારાયણ સાર, એવા નારાયણ નામ અપાર.
તે સૌ નારાયણનો હું સ્વામી, સહુ રહ્યા મને કરભામી;
માટે 'સ્વામિનારાયણ' જેહ, નામ મારું છે કહું છું તેહ.
સર્વોપરી નામ છે એ સાર, માટે રટજો સહુ નરનાર;
એહ નામ રટે જન જેહ, પામે અલૌકિક સુખ તેહ.

# પ.પૂ. બાપજીના દિવ્ય આશીર્વાદ



॥ શ્રીજી બાપા ॥

વ્હાલા સર્વ ભક્તોને.....

જય સ્વામિનારાયણ

વચનામૃત ગ્રંથ એટલે સર્વોપરિ ગ્રંથ... અનંતકોટી બ્રહ્માંડમાં આવો સર્વ શાસ્ત્રોના સાર રૂપ બીજો ગ્રંથ કદી ન હોઈ શકે કારણ કે વચનામૃતએ સર્વોપરિ, સર્વાવતારી એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનના મુખકમળમાંથી નીકળલો સ્ત્રોત છે.... દિવ્ય પ્રવાહ છે...

પરંતુ શ્રીજી મહારાજની ગૂઢવાણીને આ રહસ્યાર્થ વચનામૃતમાં શ્રીજીમહારાજ નાજ સંકલ્પથી પ્રગટ થયેલા આપણાં જીવનપ્રાણ અબજી બાપાશ્રી એ ખૂબ સરળતાથી સૌ કોઈ સમજી શકે તે રીતે પ્રશ્ન ને ઉત્તરના રૂપમાં સમજાવી છે ત્યારે આ ગ્રંથ આપણાં માટે ખુબ આશીર્વાદરૂપ છે.

શ્રીજી મહારાજે કયા સમયે, કઈ વાત શા માટે અને કયા હેતુ થી બોલેલા એતો જે એમની મૂર્તિમાં અખંડ રહેતા હોય એવા એમના સંકલ્પ સ્વરૂપ અનાદિમુક્ત જ જાણી શકે.

ત્યારે આ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા વાળા વચનામૃતના રચયિતા એવા આપણાં જીવનપ્રાણ અબજી બાપાશ્રી અને અનાદિમુક્ત નિડર સિદ્ધાંત વાદી સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીના આપણી પરના અનંત ઉપકારોને આપણે ભૂલી શકીએ તેમ નથી.

બસ આ ગ્રંથને વાંચી-વિચારી મનન-ચિંતન કરી મહાપ્રભુની સર્વોપરી ઉપાસના દૃઢ કરી, શ્રીજી મહારાજના કહેલા નિયમોમાં ખબડદાર રહીને જીવન જીવીએ તો આને આ દેહે શ્રીજી મહારાજ આપણને તેમની મૂર્તિના સુખભોક્તા કરશે જ. એવી એમના દિવ્ય ચરણોમાં પ્રાર્થના.

સ્વામી દેવનંદનદાસજીના
જય શ્રી સ્વામિનારાયણ

કીર્તન

## વચનામૃત મહિમા

જગતના સર્વ ગ્રંથોમાં, વચનામૃત ગ્રંથ સારો છે;
જીવોના મોક્ષને માટે, સર્વોત્તમ સૌથી ન્યારો છે.
જગતના૦ ટેક

કેવળ કૃપાળુ બાપાશ્રી, તણી રહસ્યાર્થ પ્રદીપિકા;
સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસે પ્રશ્નો પૂછી કરી ટીકા.
જગતના૦ ૧

વચનામૃતના જ આધારે, ઉત્તર પ્રશ્નો તણા કીધા;
રસબસની વાત સમજાવી, જીવોને ન્યાલ કરી દીધાં.
જગતના૦ ૧

શ્રીજીના વચનાનુસારે, ટીકામાં વચનો ગાયાં છે;
પોતાનાં બાળકો જાણી, અનેરાં અમૃત પાયાં છે.
જગતના૦ ૩

પોતે દુઃખો ઘણાં વેઠી, જીવોને સુખ આપ્યાં છે;
કૃપાથી મૂર્તિઆપીને, જનમનાં દુઃખ કાપ્યાં છે.
જગતના૦ ૪

રહસ્યાર્થ પ્રદીપિકા, ટીકા સહ વચનામૃત જે છે;
પારાયણ પાઠ કરતાને, શ્રીજી મૂર્તિ માંહી લે છે.
જગતના૦ ૫

પ્રમાણ અપ્રમાણનાં ગપ્પાં, છોડી શ્રીજી વચનને જોજો;
દાસાનુદાસ કહે ભાઈ, મૂર્તિ સુખમાં સહુ ઠરજો.
જગતના૦ ૬

# અનુક્રમણિકા


૧. ચૂંટેલા પુષ્પો ........ ૧

૨. વચનામૃત વિષય અનુક્રમણિકા ........ ૫


## વચનામૃત - ભાગ : ૨


| પ્રકરણ | વચનામૃત | પાન |
|---|---|---|
| ગઢડા મધ્ય પ્રકરણ | ૬૭ | ૪૨૧ - ૫૯૨ |
| વરતાલ પ્રકરણ | ૨૦ | ૫૯૩ - ૬૩૮ |
| અમદાવાદ પ્રકરણ | ૮ | ૬૩૯ - ૬૬૦ |
| અશ્લાલી પ્રકરણ | ૧ | ૬૬૧ - ૬૬૨ |
| જેતલપુર પ્રકરણ | ૫ | ૬૬૩ - ૬૭૮ |
| ગઢડા છેલ્લુ પ્રકરણ | ૩૯ | ૬૭૯ - ૭૮૨ |

- ભૂગોલ-ખગોલનું વચનામૃત ........ ૭૮૩
- નિષ્કામ શુદ્ધિ ........ ૭૮૬
- વચનામૃત વિષયાતનુક્રમણિકા ........ 1
- રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા વિષયાનુક્રમણિકા ........ 33



શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીજી બાપા વાસણા, અમદાવાદ-૭. SMVS

## જીવનમંત્ર

સ્વામિનારાયણ ભગવાન મારા ઈષ્ટદેવ છે.
આ સત્સંગ મારું ઘર છે.
મહારાજની મૂર્તિ મારો ધ્યેય છે.
છતે દેહે હું અક્ષરધામમાં જ છું.
મહારાજ માટે જ મારો જન્મ છે.
એમના થઈને જ સદા જીવવું છે.
ભગવાન અને સંતની સેવા એ જ મારું સુખ છે.
એમની આજ્ઞા અને અનુવૃત્તિમાં જ સદા રહીશ.
સત્સંગી માત્રના સુખ-દુઃખમાં સદા ભાગીદાર થઈશ.
જય શ્રી સ્વામિનારાયણ.

## ધ્યેયગીત

બનશું અમે આદર્શ બાળ, સદા મૂર્તિમાં રમનાર...,
થઈ હરિકૃપા અપાર, આ તો શ્રીજીનો દરબાર...,
આજ્ઞા લોપાય નહીં લગાર, પાળીએ થઈને ખબડદાર;
કારણ સત્સંગ જોરદાર, સંતો કેરો છે સહકાર,
તન, મન, ધન સદા તૈયાર, તજશું જરૂર પડયે ઘરબાર;
સર્વોપરિ સદા સાકાર, સૌના કારણ ને આધાર,
કરવો પ્રચાર દુનિયાપાર, સંકલ્પ કીધો છે નિરધાર;
સુખ-દુઃખ આવે અપરંપાર, લાગે વિઘ્નોની લંગાર,
તોયે હરિ બળે જીવનાર, શ્રીજી બાપા રક્ષણહાર;
આ છે જીવન કેરો સાર, રાજી રહેજો સદાકાળ.

# ચૂંટેલા પુષ્પો

## વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ

૯ મું : "જ્ઞાનમાર્ગ તો એવો સમજવો જે, કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ ને કોઈક કાળે ભગવાનના વચનનો લોપ થાતો હોય તો તેની ચિંતા નહિ પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાવા દેવો નહિ."

૧૩મું : "... અને અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ, અને તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું, પણ આ ગઢડું શહેર કે ઓસરી એ કાંઈ દેખાતું નથી. અને જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી તેમ તે પુરુષને પણ ક્યાંય આસક્તિ રહે જ નહિ અને એ સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ-ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થાશે નહિ; સહેજે જિતાઈ જશે."

"ભગવાનના સ્વરૂપની દઢતા વિના તો ગમે તેટલો ત્યાગ રાખો કે ગમે તેટલા ઉપવાસ કરો પણ કોઈ રીતે ખામી ભાંગશે નહિ."

૧૪ મું : "જેમ આ લીંબડાનું વૃક્ષ છે તે એકવાર જાણી લીધું છે પછી કોઈ રીતે મનમાં સંકલ્પ થાતો નથી જે લીંબડો હશે કે નહિ હોય? એવી રીતે ગમે તેનો સંગ થાય અને ગમે તેવાં શાસ્ત્ર સાંભળે પણ કોઈ રીતે કરીને ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય કર્યો હોય તેમાંથી મન ડગમગે નહિ એવો જે નિરુત્થાનપણે ભગવાનનો નિશ્ચય એને અમે તદાત્મકપણું કહીએ છીએ; અને એને જ નિર્વિકલ્પ સમાધિ કહીએ છીએ."

૨૧ મું : "આ સંસારને વિષે જેને ગામ-ગરાસ હોય તથા ધન-દોલત હોય એ જ અતિશે દુ:ખિયો છે અને જેને ધન, દોલત, રાજ ન હોય તે જ સુખિયો છે."

૨૨ મું : "જેમ રાજા હોય ને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો એ સાધુનો પણ પ્રતાપ છે."

૨૩ મું : "જેનું મન ભૂંડા વિષયને દેખીને તપે પણ નહિ અને સારા વિષયને દેખીને ટાઢું પણ થાય નહિ, એવી રીતે જેનું મન અવિકારી રહેતું હોય તેને પરમ ભાગવત સંત જાણવા."

૨૬ મું : "જે ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનને તથા ભગવાનના ભક્તને જે ન ગમતું હોય તે ન જ કરવું અને પરમેશ્વરને ભજ્યામાં અંતરાય કરતા હોય ને તે પોતાનાં સગાં-વહાલાં હોય તેનો પણ ત્યાગ કરવો, અને ભગવાનને ન ગમે એવો કોઈક પોતામાં સ્વભાવ હોય તો તેનો પણ શત્રુની પેઠે ત્યાગ કરવો."

૩૩ મું : "સત્સંગમાં કોઈ પુરુષને તથા કોઈ સ્ત્રીને કદાચિત્ જો નિષ્કામી વર્તમાનમાં ફેર પડે તો અમને સંભળાવશો મા, શા માટે જે જ્યારે અમે એવી વાર્તા સાંભળીએ ત્યારે જેમ વાંઝિયાને ઘેર દીકરો આવ્યો હોય ને તે મરી જાય ને તેને જેવો શોક થાય તેવો અમારે પણ શોક થાય છે તથા મનમાં એક વિચાર થઈ જાય છે જે બધા સત્સંગને મૂકીને જાતા રહીએ, માટે જે નિષ્કામી વર્તમાન રાખે તે જ અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક, પરલોકમાં દઢ મેળાપ રહે છે."

૪૦ મું : "દ્રોહે કરીને જેવું આ જીવનું ભૂંડું થાય છે ને એ જીવને કષ્ટ થાય છે તેવું કોઈ પાપે કરીને થાતું નથી. અને ભગવાનના ભક્તની મને-વચને-દેહે કરીને જે સેવા બણી આવે ને તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે ને એ જીવને સુખ થાય છે તેવું બીજે કોઈ સાધને કરીને થાતું નથી."

૫૦ મું : "જેને અમારા જેવો અંતરનો દઢાવ હોય તે સાથે જ અમારે બને છે અને જેના હૃદયમાં જગતના સુખની વાસના હોય તે સંગાથે તો અમે હેત કરીએ તો પણ થાય નહિ, માટે જે નિર્વાસનિક ભગવાનના ભક્ત હોય

તે જ અમને વહાલા છે, એ અમારા અંતરનું રહસ્ય છે.''

૫૬ મું : ''ભગવાનને વિષે પ્રીતિ તો તેની જ સાચી જે જેને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ જ ન થાય...... અને જેને ભગવાન જેવી બીજા પદાર્થમાં પણ પ્રીતિ હોય તેનો તો ઘણો જ પાયો કાચો છે.''

૫૯ મું : ''ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી; એ જ પરમ કલ્યાણ છે અને ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી.''

૬૧ મું : ''ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે, અને જે ઘડીએ પોતાના ઇષ્ટદેવ આજ્ઞા કરે જે તું પરમહંસ થા તો તે તત્કાળ પરમહંસ થાય, એવાં જેનાં લક્ષણ હોય તે હરિભક્તની સભાને આગળ બેસે અથવા વાંસે બેસે, પણ તેને જ સર્વે હરિભક્તમાં મોટેરો જાણવો અને જે ત્યાગી હોય તે જ્યારે દેશ-પરદેશમાં જાય ને ત્યાં કનક-કામિનીનો યોગ થાય તો ય પણ તેમાં ફેર પડે નહિ, અને પોતાના જે જે નિયમ હોય તે સર્વે દૃઢ કરીને રાખે તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય.''

૬૨ મું : ''જેને પોતાના કલ્યાણની ઇચ્છા હોય તેને પોતાનું જે દેહ, ધન, ધામ, કુટુંબ, પરિવાર એ સર્વેને ભગવાનની સેવામાં જોડી દેવાં ને ભગવાનની સેવામાં જે પદાર્થ કામ ન આવે તો તેનો ત્યાગ કરી દેવો.''

## વચનામૃત વરતાલ પ્રકરણ

૧ લું : ''આ આંબાનું વૃક્ષ છે તે એકવાર દૃઢ કરીને જાણ્યું પછી કામ વ્યાપે, ક્રોધ વ્યાપે, લોભ વ્યાપે તો પણ કોઈ રીતે આંબાને વિષે ભ્રાંતિ ન થાય જે આંબાનું વૃક્ષ હશે કે નહિ હોય. તેમ જેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય થયો ને તેમાં કોઈ જાત્યનો કુતર્ક ન થાય તો તે પુરુષના પ્રાણ લીન ન થયા હોય તો પણ નિર્વિકલ્પ સમાધિ છે.''

૪ થું : ''બત્રીશ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો જે સંગ તે મન-કર્મ-વચને કરીને રાખે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે, તેટલાં સર્વે તે સંતના સંગમાં આવી જાય છે.''

૫ મું : ''ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત, તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે, તથા ચાર જન્મે તથા દશ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થાનારો હોય તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે.''

૮ મું : ''દેવ સરખો પવિત્ર થઈને જો દેવની પૂજા કરે ત્યારે જ તેની પૂજાને દેવ અંગીકાર કરે છે.''

૧૧ મું : ''સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે, અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થાવાનું પણ એ જ સાધન છે.''

૧૨ મું : ''જેને પરિપૂર્ણ નિશ્ચય હોય તે તો એમ સમજે જે મુંને આ ભગવાન મળ્યા તે દિવસથી જ મારું કલ્યાણ થઈ ચૂક્યું છે, અને જે મારું દર્શન કરશે કે મારી વાર્તા સાંભળશે તે જીવ પણ સર્વ પાપ થકી મુકાઈને પરમપદને પામશે, માટે એવી રીતે ભગવાનનો મહિમા સહિત નિશ્ચય રાખીને પોતાને વિષે કૃતાર્થપણું માનવું એ વાત સર્વે ખબડદાર થઈને રાખજો.''

૧૬ મું : ''જો ભગવાનના ભજન જેવું રાજ્યને વિષે સુખ હોય તો સ્વાયંભૂમનું આદિક જે મોટા મોટા રાજા તે સર્વે રાજ્ય મૂકીને વનમાં તપ કરવા શા સારુ જાય ? અને ભગવાનના ભજન જેવું સ્ત્રીને વિષે સુખ હોય તો ચિત્રકેતુ રાજા કરોડ સ્ત્રીઓને શા સારુ મૂકે ? અને ભગવાનના ભજનના સુખ આગળ ચૌદ લોકનું જે સુખ તે નરક જેવું કહ્યું છે...... એ અમારા અંતરનો રહસ્ય અભિપ્રાય હતો તે અમે તમારી આગળ કહ્યો.''

૧૮ મું : ''તમારો સર્વેનો આચાર્ય ને ગુરુ ને ઉપદેષ્ટા ને ઇષ્ટદેવ એવો જે હું તે મારા દેહનાં જે આચરણ તે પ્રમાણે પણ તમારે ન કરવું.''

૧૯ મું : ''ભગવાનના ધામનું જે સુખ છે તેની આગળ માયિક પંચવિષયનું સુખ છે તે તો નરક જેવું છે, અને જે નરકના કીડા છે તે તો નરકને વિષે પરમ સુખ માને છે, પણ જે મનુષ્ય હોય તે તો તે નરકને પરમ દુઃખદાયી જાણે છે, તેમ જેને ભગવાનની ઓળખાણ થઈ તે તો ભગવાનનો પાર્ષદ થયો ને તેને ભગવાનનો પાર્ષદ મટીને વિષ્ટાના કીડાની પેઠે માયિક પંચવિષયના સુખને ઇચ્છવું નહિ.''

## વચનામૃત અમદાવાદ પ્રકરણ

૩ જું : ''જીવ માત્ર છે તે પંચવિષયને આધારે જીવે છે તે કાં તો બહાર પંચવિષયને ભોગવતો હોય અને જ્યારે બહાર પંચવિષયનો યોગ ન હોય ત્યારે અંતઃકરણમાં પંચવિષયનું ચિંતવન કર્યા કરે, પણ એ જીવ વિષયના ચિંતવન વિના ને વિષયને ભોગવ્યા વિના ક્ષણમાત્ર પણ રહી શકતો નથી. અને જેમ વડનું વૃક્ષ છે તેનાં જે મૂળ તે જ વડને લીલો રાખે છે અને બીજાં સર્વે મૂળ ઊખડી ગયાં હોય ને જો એક વડવાઈ પૃથ્વીમાં ચોંટી રહી હોય તો પણ એ વડનું વૃક્ષ લીલું રહે છે, તેમ ઉપર થકી કદાચિત્ પંચવિષયનો ત્યાગ કર્યો છે, પણ અંતરમાં વિષયનું ચિંતવન થાય છે એ જ એને જન્મ-મરણનો હેતુ છે.''

૭ મું : ''સર્વ થકી પર એવું જે શ્રી પુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું, પણ મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ. અને સર્વ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેને કર્તા પણ હું જ છું. અને મારે તેજે કરીને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા,, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે તેજાયમાન છે. ને વળી હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે, ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે. એવો જે હું તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન કોઈ કાળે વ્યભિચારને પામે નહિ.''

૮ મું : ''જેની ઉપર ક્રોધ ઊપજે તેને એક સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરવો. અને ગદ્ગદ્ હૃદય થઈને દીનતાએ કરીને રૂડાંરૂડાં વચન બોલીને તેને પ્રસન્ન કરવો એમ અમારી આજ્ઞા છે.''

## વચનામૃત અશ્લાલી પ્રકરણ

૧ લું : ''જે ભક્ત પોતપોતાની જે ક્રિયા તેનું બળ સમજે છે અને ભગવાનના આશરાનું ને ભગવાનનું બળ નથી સમજતા, ને બીજું પોતાને બ્રહ્મરૂપ નથી માનતા.......... એ એમની ભૂલ છે.''

'' આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ તેની નિરંતર અનન્યપણે કરીને સેવાને વિષે નિષ્ઠા રાખે તે ભગવત્ નિષ્ઠાર્થી જાણવો ને એ ભક્ત અતિ શ્રેષ્ઠ છે ને અતિ ઉત્તમ છે.''

## વચનામૃત જેતલપુર પ્રકરણ

૧ લું : '' સર્વે કર્મ અને માયા તેના નાશ કરનારા ને માયાથી પર જે સાક્ષાત્કાર શ્રી પુરુષોત્તમ ભગવાન વા ભગવાનના મળેલ સંત તેમની જીવને પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે તે સર્વેને ઉલંઘાય છે.''

૩ જું : ''માન છે તે તો અતિ ભૂંડામાં ભૂંડું છે, જુઓને બીજા વર્તમાનમાં કાંઈક કાચપ થોડી-ઘણી હોય તો પણ સત્સંગમાં નભ્યા જાય છે, પણ માનવાળા તો નભી શક્યા જ નહિ.''

''સુષુપ્તિને વિષે જેમ જગતની વિસ્મૃતિ છે એમ જાગ્રત અવસ્થાને વિષે જગતની વિસ્મૃતિએ યુક્ત વર્તે એવો જે હોય તે આપણા સત્સંગમાં મોટેરો છે.''

૪ થું : ''તમ જેવા સંત જે ધર્મ-નિયમે યુક્ત તેની તો વાત જ નોખી છે, તે કહીએ છીએ જે, તમને કોઈક ભાવે કરીને જમાડે તેને કોટી યજ્ઞનું પુણ્ય થાય ને અંતે મોક્ષને પામે છે, અને તમારા ચરણનો કોઈ સ્પર્શ કરશે તેના કોટી જન્મનાં પાપ નાશ પામશે ને તમને ભાવે કરીને વસ્ત્ર ઓઢાડશે તેનું પણ પરમ કલ્યાણ થાશે, અને તમે જે જે નદી-તળાવને વિષે પગ બોળો છો તે તે સર્વે તીર્થરૂપ થાય છે, અને તમે જે વૃક્ષ તળે બેઠા હો ને જે જે વૃક્ષનું ફળ જમ્યા હો તે તે સર્વેનું રૂડું જ થાય છે, અને તમારાં કોઈક ભાવે કરીને દર્શન કરે છે ને કોઈ તમને

ભાવે કરીને નમસ્કાર કરે છે તેના પાપનો ક્ષય થાય છે, ને વળી તમે જેને ભગવાનની વાત કરો છો અને કોઈને ધર્મ સંબંધી નિયમ ધરાવો છો તેનો મોક્ષ થાય છે, ઇત્યાદિક જે ધર્મ-નિયમવાળા તમ જેવા સંત તેની સર્વે ક્રિયા કલ્યાણરૂપ છે, શા સારુ જે પ્રત્યક્ષ શ્રી નારાયણ ઋષિનો તમને દૃઢ આશરો છે, ને તે નારાયણ ઋષિ તમારી સભામાં નિત્ય વિરાજે છે.'' (અહીં પોતાની જ વાત કરી છે.)

૫ મું : ''તમે અમારું જો વચન માનશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં તમને સર્વેને તેડી જાશું, અને તમે પણ એમ જાણજ્યો જે અમારું કલ્યાણ થઈ ચૂકયું છે. અને વળી અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો તો તમને મહા કષ્ટ કોઈક આવી પડશે તેથી અથવા સાતદકાળી જેવું પડશે તે થકી રક્ષા કરશું. અને કોઈએ ઊગર્યાનો આરો નથી એવું કષ્ટ આવી પડશે તો ય પણ રક્ષા કરશું, જો અમારા આ સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો, ને સત્સંગ રાખશો તો અને નહિ રાખો તો મહા દુઃખ પામશો. તેમાં અમારે લેણા-દેણા નથી.''

## વચનામૃત ગઢડા છેલ્લું પ્રકરણ

૨ જું : ''જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક-વૈકુંઠલોકને વિષે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વ હરિભક્તને અતિશે પ્રકાશે યુક્ત દેખું છું, એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે.''

૭ મું : ''અમારા અંતરનો જે સિદ્ધાંત છે તે કહીએ છીએ, જે જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તો ભગવાન ને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી. માટે જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે, તેવી ભગવાન ને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ રાખી જોઈએ અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ, અને તે પક્ષ રાખતાં થકાં આબરૂ વધો અથવા ઘટો અથવા માન થાઓ કે અપમાન થાઓ અથવા દેહ જીવો કે મરો પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ, ને એમનો અભાવ આવવા દેવો નહિ, અને ભગવાનના ભક્ત જેવાં દેહ ને દેહનાં સગાં-સંબંધી વહાલાં રાખવાં નહિ.''

૧૧ મું : ''જેવી પોતાના દેહને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે છે તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે છે.''

૧૨ મું : ''ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય, ને તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને હડકાયા શ્વાન જેવો જાણવો.......... શાસ્ત્રમાં પંચમહાપાપથી છૂટ્યાનો ઉપાય કહ્યો છે, પણ ભગવાન ને ભગવાનના ભક્તના અવગુણ લેવાવાળાને કોઈ શાસ્ત્રમાં એ પાપ છૂટ્યાનો ઉપાય કહ્યો નથી.''

૧૩ મું : ''આપણે જ્યારે તન, મન, ધન ભગવાનને અર્પણ કર્યું ત્યારે હવે ભગવાનની ઇચ્છા તે જ આપણું પ્રારબ્ધ છે તે વિના બીજું કોઈ પ્રારબ્ધ નથી, માટે ભગવાનની ઇચ્છાએ કરીને ગમે તેવું સુખ-દુઃખ આવે તેમાં કોઈ રીતે અકળાઈ જાવું નહિ, ને જેમ ભગવાન રાજી તેમ જ આપણે રાજી રહેવું.''

૧૪ મું : ''આ જીવના હૃદયમાં રહેલી જે પાપરૂપ વાસના છે માટે કોઈ રીતે ભગવાનમાં પ્રીતિ થાતી નથી.''

૧૭ મું : ''અનંત પ્રકારના પાપ છે, પણ તે સર્વે પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે હેત કરવું તે અતિ મોટું પાપ છે.''

૧૯ મું : ''એક તો કામના ને બીજી પોતાના કુટુંબીને વિષે પ્રીતિ, એ બે કુલક્ષણ જેમાં હોય તે તો અમને પશુ જેવો જણાય છે. તેમાં પણ જેને પોતાના સંબંધીમાં વધુ હેત હોય તેનો તો અમારે અતિશે અવગુણ આવે છે.''

૨૪ મું : ''કથા-વાર્તામાં જેને આળસ હોય તેની કોરની એમ અટકળ કરવી જે એમાં મોટા ગુણ નહિ આવે.''

૩૬ મું : ''કલ્યાણનું અસાધારણ સાધન તો એ છે જે પુરુષોત્તમ ભગવાનને બ્રહ્મજ્યોતિના સમૂહને વિષે અનાદિ સાકાર મૂર્તિ સમજવા, ને તેના જ સર્વે અવતાર છે એમ સમજીને તે પ્રત્યક્ષ ભગવાનનો જે તે ભાવે કરીને આશ્રય

કરવો, ને ધર્મે સહિત તે ભગવાનની ભક્તિ કરવી, ને તેવી ભક્તિએ યુક્ત જે સાધુ તેનો સંગ કરવો એ કલ્યાણનું અસાધારણ સાધન છે. અને એમાં બીજાં કોઈ વિઘ્ન પ્રતિબંધ કરતાં નથી.''

૩૮ મું : ''એ સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રગટ થયા થકા સર્વજનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે. ને એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી; એ બે એક જ છે અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે ને ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.''

''એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા-ઊઠ્યાની વાસના તથા રસને વિષે જિહ્‌વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહિ.''

૩૯ મું : ''દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ એ જ માયા છે. તે એ માયાને ટાળવી ને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય, ને એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી એટલો સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે.... માટે ભગવાન પાસે એમ જ માગ્યું છે જે અહંમમત્વરૂપ માયા થકી રક્ષા કરજો, ને તમારે વિષે પ્રીતિ થાજો, ને એ માયાને તર્યા હોય ને તમારે વિષે પ્રીતિવાળા હોય એવા જે સાધુ તેનો સંગ થાજો, ને એ સાધુને વિષે હેત ને મમત્વ થાજો.''

શ્રીજી બાપા વાસણા, અમદાવાદ-૭. SMVS

## શ્રી ગઢડા મધ્ય પ્રકરણ


૧ મોહનું રૂપ અને તેની નિવૃત્તિનો ઉપાય. ૩૪૭

૨ બહાર પંચઇન્દ્રિયોદ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો અને આત્મસુખે કરીને માંહીલી કોરે પૂર્ણ રહેવું એ જ કામાદિકને જીત્યાનો ઉપાય છે. ૩૫૦

૩ ભગવાનની ભક્તિમાં મોટપ પામ્યાના અને પડ્યાના બે ઉપાય - રસિક માર્ગ અને આત્મજ્ઞાન. તેમાં રસિક માર્ગે ઘણા પડ્યા છે...અન્ય સ્ત્રીઓને વિષે મા-બહેન-દીકરી જેવો ભાવ રાખે તો રસિક માર્ગે આત્યંતિક કલ્યાણ થાય - નહિ તો **"તીર્થક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ"** ◆ બ્રહ્મ જે શ્રીજીમહારાજનું તેજ તે પ્રકૃતિપુરુષાદિકનું કારણ ને આધાર છે અને તે બ્રહ્મનાં પણ કારણ ને આધાર પુરુષોત્તમ નારાયણ છે. તેમની બ્રહ્મરૂપ થઈ સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી. ૩૫૨

૪ ધર્મ રાખે ભક્તિ જાય અને ભક્તિ રાખે ધર્મ જાય એવા આપત્કાળમાં વર્તવાનો વિવેક ◆ ભગવાનનો અતિશય મહિમા જાણનાર ભક્ત કેમ સમજે તો ધર્મમાં અડગ રહી શકે ? ◆ ભગવાનનું અખંડ ચિંતવન ◆ ફાટેલ ગોદડી-તુંબડીનું દૃષ્ટાંત ૩૫૪

૫ પતિવ્રતાપણું, શૂરવીરપણું અને ભગવાનના ભક્તનો પક્ષ જરૂર રાખવો. ૩૫૭

૬ મોટાપુરુષના વચનનો વિશ્વાસ ન હોય અને વિધિ-નિષેધને ખોટા કરે તે પાપિષ્ઠ, નાસ્તિક ને ચંડાળ છે - એનો સંગ ન રાખવો ◆ ચિત્તનો સ્વભાવ-નકારી વસ્તુમાં પણ ચોંટે ◆ પોતાને ચિત્ત થકી જુદો જાણીને ભગવાનનું ભજન કરવું અને સદાય આનંદમાં રહેવું. ૩૫૭

૭ અયોગ્ય સ્વભાવ રહી જવાનું કારણ ◆ વૈરાગ્યહીન હોય તે મોટા સંતની અતિશે સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે તો તરત વિકાર માત્ર ટળી જાય. ૩૫૯

૮ એકાદશીના વ્રતનું મહત્ત્વ ◆ યોગયજ્ઞ તથા જ્ઞાનયજ્ઞનું લક્ષણ તથા તેનું ફળ ◆ ભગવાનની પ્રાપ્તિ તે જ પરમપદ. ૩૬૦

૯ અમને જે બીજા અવતાર જેવો કહે તે અમારો દ્રોહી છે ◆ જ્ઞાનમાર્ગ તો એવો સમજવો જે ભગવાનના સ્વરૂપનો દ્રોહ ન થાય ◆ ભગવાનના સ્વરૂપની નિષ્ઠા પાકી હોય તે કોઈ કાળે કલ્યાણના માર્ગ થકી પડે નહિ. ૩૬૩

૧૦ પુરુષોત્તમ ભગવાન છે તે બ્રહ્મરૂપ જે પોતાની શક્તિ તેણે કરીને સર્વેને વિષે વ્યાપક છે ને મૂર્તિમાન સર્વેથી જુદા છે ◆ ભગવાનના સ્વરૂપના નિશ્ચયનું મહત્ત્વ ◆ પરમેશ્વરનો દૃઢ આશ્રય તેનું નામ જ ભક્તિ ◆ યમુનાજી - દુર્વાસાઋષિ - ગોપીઓનું દૃષ્ટાંત ◆ ભગવાનના દિવ્ય ચરિત્રમાં તો સૌને દિવ્યભાવ જણાય, પરંતુ મનુષ્યચરિત્રમાં ય દિવ્યભાવ લાવવો એ જ ભક્તિ. ૩૬૭

૧૧ ભગવાનના ભક્તની રીત અને જગતના જીવની રીતમાં ઘણો ફેર છે ◆ ભગવાનના ભક્તનો અવગુણ લે તેના હૃદયમાં કુટુંબે સહિત અધર્મ આવીને નિવાસ કરે છે. ૩૭૧

૧૨ કલ્યાણને અર્થે એક બળવાન સાધન - રાજનીતિ જાણવી ◆ સ્વભાવ જીત્યાનો અતિશે મોટો ઉપાય. ૩૭૨

૧૩ (◆ મધ્ય મંગલાચરણ - **પરભાવનું વચનામૃત**) ◆ એકાંતિકને મિષે શ્રીજીમહારાજે પોતાની વાત કરી છે ◆ સત્પુરુષને મિષે પોતાની વાત ◆ આ ગઢડુ શહેર કે ઓસરી કાંઈ નથી ◆ ભગવાનનું સ્વરૂપ સમજાય તો કામ-ક્રોધાદિક સ્વભાવ સહેજે જિતાઈ જાય ◆ તેજને આત્મા, બ્રહ્મ, અક્ષરધામની ઉપમા ◆ ભગવાનને આત્માનું તત્ત્વ, પરબ્રહ્મ, પુરુષોત્તમની ઉપમા. ◆ તત્ત્વને ગ્રહણ કરી ભગવાન પ્રગટ થાય છે ◆ ભગવાનના સ્વરૂપની દૃઢતા વિના ગમે તેટલો ત્યાગ, ઉપવાસ વગેરે રાખીએ તો પણ કોઈ રીતે ખામી ભાગશે નહિ ◆ સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા હોય પણ સત્પુરુષ થકી જ સમજાય ◆ પુરુષોત્તમપણાની, પરભાવની, દિવ્યભાવની ઘણી વાતો. ૩૭૪

૧૪ નિશ્ચયની વાત - લીંબડાનું દૃષ્ટાંત ◆ નિશ્ચય હોય તેને લાભ શું ? અને નિશ્ચય ન હોય તેને ખોટ શું ? તે વાત. ૩૮૧

| | | |
|---|---|---|
| ૧૫ | ગમે તેવો કઠણ સ્વભાવ હોય તે ટાળવાનો શ્રેષ્ઠ ઉપાય - સ્વભાવ ઉપર શત્રુપણું ◆ બીજા કોઈની છાયામાં દબાય નહીં એવો હોય તે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિમાંથી પડે નહિ. | ૩૮૨ |
| ૧૬ | સ્વરૂપનિષ્ઠા દૃઢ હોય તો ધર્મનિષ્ઠા દૃઢ રહે ◆ નિયમે કરી વિષય જિતાય છે ◆ અતિશે શ્રદ્ધાવાન અને મંદ શ્રદ્ધાવાનની પ્રાપ્તિ, ગતિ તથા લક્ષણોની વાત ◆ ભગવાનનું માહાત્મ્ય જાણે તો મંદ શ્રદ્ધા વૃદ્ધિ પામે. | ૩૮૩ |
| ૧૭ | ભગવાનનું સ્વરૂપ માયાના તત્ત્વે રહિત છે ◆ સ્થિતપ્રજ્ઞ કોને કહેવાય ◆ પુરુષોત્તમના સ્વરૂપની દૃઢ નિષ્ઠાવાળાનાં લક્ષણ. | ૩૮૬ |
| ૧૮ | નાસ્તિક અને વેદાંતીનાં લક્ષણ - દુષ્ટ ને મહા પાપી છે - તેનો સંગ ન કરવો. | ૩૮૯ |
| ૧૯ | વેદાંતશાસ્ત્રનું શ્રવણ ન કરવું - શ્રીજીમહારાજ અતિશય દિલગીર થઈ ગયા... ◆ ધર્મ તથા ભક્તિમાંથી પડી ન જવાય તેવા હેતુથી હરિભક્તો પર પત્ર લખાવ્યો ◆ પતિવ્રતાની ભક્તિ રાખવી - બીજા દેવની ઉપાસના ન કરવી, ધ્યાન ન કરવું. | ૩૯૧ |
| ૨૦ | સમાધિવાળાને જ્ઞાન વૃદ્ધિ પામે તેની સમજ. | ૩૯૪ |
| ૨૧ | ભગવાનને સર્વ કર્તા જાણવા ◆ પરોક્ષ અવતાર ને સંતનો મહિમા છે તેવો પ્રત્યક્ષ ભગવાન ને સંતનો સમજવો ◆ જીવ-ઈશ્વરની સ્વપ્રસૃષ્ટિ વિષે સમજ ◆ અર્ધ રાત્રિએ સભા - આ સંસારમાં જેને ધન-દોલત, ગામ-ગરાસ હોય તે અતિશે દુઃખિયો છે ◆ એકાંતિક ભક્તનાં લક્ષણ. | ૩૯૫ |
| ૨૨ | શૂરવીર અને કાયર ભક્તનાં લક્ષણ ◆ પોતાને મિષે **ભક્તને પ્રવૃત્તિ વિસારી અંતર્દૃષ્ટિ કરવાનો ઉપાય** - ગણેશ ધોળકાની રાણ્યોમાં એકાંતમાં રહ્યા તે વાત ◆ ભગવાન સિવાય ક્યાંય ન લોભાવાની રીત ◆ જેટલામાં રાજાનું રાજ્ય તેટલામાં રાણીનું રાજ્ય - સાધુનો (મુક્તોનો) મહિમા. | ૩૯૯ |
| ૨૩ | જેનું મન દુઃખદાયી વિષયમાં તપે નહિ અને સુખદાયી વિષયમાં ટાઢું ન થાય તે પરમ ભાગવત સંત છે. | ૪૦૨ |
| ૨૪ | ભગવાનના નિશ્ચયવાળાને વિઘ્ન દૂર થવામાં સાંખ્યનિષ્ઠા ને યોગ્યનિષ્ઠાનું મહત્ત્વ. | ૪૦૩ |
| ૨૫ | વાસનાવાળા ત્યાગી અને નિર્વાસનિક ગૃહસ્થની દેહ મૂક્યા પછીની ગતિ ◆ વાસના ટાળ્યાનો ઉપાય - ઉકાખાચરની જેમ સેવાનું વ્યસન ◆ ગૃહસ્થને ચક્રવર્તી રાજ્ય મળે કે બ્રહ્માદિકની પદવીને પામે તથા ત્યાગીને ભગવાનના જેવા ઐશ્વર્ય આવે તો પણ સંતની આગળ દીન-આધીન રહે તેના ઉપર અમારી અતિશે પ્રસન્નતા થાય છે. | ૪૦૪ |
| ૨૬ | ભક્તે ભગવાનના ગમતામાં રહેવું ◆ ભજવામાં અંતરાયરૂપ સંબંધી હોય તો તેનો પણ ત્યાગ કરવો ◆ બીજામાં અવગુણ અને પોતામાં ગુણ પરઠે તે સત્સંગી છે તો પણ અર્ધો વિમુખ ◆ ભક્તિનું મુખ્યપણું રાખવું ◆ સવળું લે તેની ઉપર હેત થાય - અવળું લે તેની પર હેત ન થાય. | ૪૦૬ |
| ૨૭ | ભગવાન ને મોટા સંતને ક્રોધ ક્યારે આવે છે તે વાત ◆ ભગવાનનું માહાત્મ્ય વિચારે તો કામ-ક્રોધાદિકને હઠાવી દે ◆ જેને કલ્યાણ ઈચ્છવું હોય તેને તો જેમ મોટાપુરુષ રાજી થાય તેમ કરવું ◆ મોટાપુરુષના રાજીપાનું ફળ ◆ કોઈનોય અપરાધ ન થાય તે સાચવવું ◆ ઉપાસના સારુ ત્યાગનો પક્ષ મોળો કરીને ભગવાનનાં મંદિર કરાવ્યાં છે. | ૪૦૭ |
| ૨૮ | અમે થોડી વાતમાં રાજી પણ ન થઈએ અને થોડી વાતમાં કુરાજી પણ ન થઈએ ◆ ભગવાનના ભક્તનો મહિમા ◆ મન-કર્મ-વચને સેવા કરવી - દ્રોહ ન કરવો - મોક્ષને માર્ગે ચાલનારને જીવનદોરીરૂપ વાર્તા. | ૪૧૦ |
| ૨૯ | ભગવાનમાં જેનું ચિત્ત આસક્ત થયું હોય તેનાં લક્ષણ - એવી આસક્તિ શે પ્રકારે થાય ? | ૪૧૨ |
| ૩૦ | સોનું અને સ્ત્રી બંધનકારી છે. | ૪૧૪ |
| ૩૧ | અમે સર્વ કારણના કારણ, અક્ષરાતીત ને પુરુષોત્તમ વાસુદેવ છીએ ◆ પુરુષ છે તે બ્રહ્મ સુખે સુખિયા છે.(મૂળપુરુષના ઉપરી વાસુદેવ બ્રહ્મ છે તે દરજ્જાની વાત)- તત્ત્વજ્ઞાન - ઉપાસનાની વાત. | ૪૧૪ |
| ૩૨ | કુટુંબીનો સંબંધ - થોર, વડ, પીપરનું દૃષ્ટાંત - કુટુંબીમાંથી પ્રીતિ ટાળવાનો ઉપાય ◆ માયાને તરીને અક્ષરધામને પામવાનું સાધન ◆ ભૂંડા દેશકાળાદિકનો સંગ કરવો જ નહિ. | ૪૧૯ |
| ૩૩ | પોતાને મિષે સત્પુરુષનાં લક્ષણો ◆ નિષ્કામી વર્તમાનનું મહત્ત્વ અને તે દૃઢ કરવાના ઉપાય. (**નિષ્કામી વર્તમાનની દૃઢતા માટે શ્રેષ્ઠ વચનામૃત**) | ૪૨૦ |

| | | |
|---|---|---|
| ૩૪ | માયાના કાર્યને જડ તત્ત્વ કહ્યાં છે અને મૂળપુરુષને ચૈતન્ય તત્ત્વ કહ્યાં છે - અમે માયા ને પુરુષથી પર છીએ - માયાનાં બંધન ટળ્યાનો ઉપાય. | ૪૨૩ |
| ૩૫ | આત્મનિષ્ઠા કરતાં ઉપાસનાની શ્રેષ્ઠતા - વહાણમાં બેસી સમુદ્રને તરવાનું દૃષ્ટાંત ◆ ગમે તેવો સમાધિનિષ્ઠ ને વિચારવાન પુરુષ હોય પણ સ્ત્રીના પ્રસંગમાં રહે તો તેનો ધર્મ રહે જ નહિ - યુવાન અવસ્થાવાળી પોતાની મા-બહેન ને દીકરી તે ભેળે પણ એકાંતમાં ન રહેવું ◆ ધર્મનું મહત્ત્વ ◆ અમારા ચરિત્રનાં કાવ્ય સાંભળવા પણ કબીર ને અખા આદિનાં કાવ્ય-કીર્તન કહેવાં, સાંભળવાં નહિ. | ૪૨૫ |
| ૩૬ | ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવાના ચાર ઉપાયો - ભગવાન સિવાય બીજે હેત રહે તેને માયા કહી છે. | ૪૨૮ |
| ૩૭ | સ્વાભાવિક પ્રકૃતિ ટાળવાનો શ્રેષ્ઠ ઉપાય. | ૪૨૯ |
| ૩૮ | જંત્ર-મંત્રમાં પ્રતીતિ કરે તે સત્સંગી અર્ધો વિમુખ છે ◆ એકાંતિક ભક્તને દેહમાં હોય ત્યાં સુધી લોભી, કામી ને વાંઝિયાની પેઠે અમારી જ રટના રહે છે. | ૪૩૦ |
| ૩૯ | એકાંતિક ભક્તમાં કયા ચાર ગુણ સ્વાભાવિકપણે રહ્યા છે તે વાત ◆ મોટેરા હોય તેને નિષ્કામ વ્રતની અતિશે દૃઢતા કરવી ◆ પરોક્ષ શ્રીકૃષ્ણને દૃષ્ટાંતે કરીને પોતાનો મહિમા. | ૪૩૨ |
| ૪૦ | ભક્તના દ્રોહ નિવારણ અર્થે એક દંડવત્ પ્રણામ અધિક કરવાની આજ્ઞા. | ૪૩૫ |
| ૪૧ | ભગવાન ને ભક્તની સેવાનો મહિમા - માન ન રાખવું - માનરૂપી હાડકાનું દૃષ્ટાંત. | ૪૩૬ |
| ૪૨ | અક્ષરધામનું સગુણપણું અને નિર્ગુણપણું ◆ અક્ષરધામને વિષે રહ્યા થકા બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે પ્રગટ થવાની રીત ◆ જ્યાં પુરુષોત્તમની મૂર્તિ ત્યાં જ અક્ષરધામનું મધ્ય. | ૪૩૭ |
| ૪૩ | ગુણાતીત ભક્તને ભગવાનને વિશે પ્રીતિનું રૂપ. | ૪૩૯ |
| ૪૪ | પોતાના અવગુણ ક્યારે સૂઝે તે વાત ◆ દૈવી ને આસુરી જીવનાં લક્ષણ. | ૪૪૦ |
| ૪૫ | તમે સર્વે અમારા છો - તમારામાં તલમાત્ર કસર રહેવા દેવી નથી - ગાફલાઈ ન રાખશો ◆ ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એમ જ કરવું તે માટેનો ઉપાય અને બળની વાત. | ૪૪૧ |
| ૪૬ | સત્પુરુષ હોય તેને કોઈ લૌકિક પદાર્થની હાણ્ય-વૃદ્ધિ થતી દેખીને હર્ષ-શોક ન થાય. અને મોક્ષના માર્ગમાંથી પાછો પડે ત્યારે ખરખરો થાય ◆ ભગવાન ને ભગવાનના સંતનો અભાવ આવે તે ધામને ન જ પામે ◆ અવગુણ જેવું મોટું કોઈ પાપ નથી. | ૪૪૨ |
| ૪૭ | જેને મોક્ષનો ખપ હોય તેને દુઃખવીએ અને વિષયનું ખંડન કરીએ તેમ રાજી થાય ◆ મુક્તાનંદ સ્વામી - ક્ષય રોગ - સારું સારું ખાવા-પીવાનું મુકાવી દીધું છે.... સંતસમાગમ તુલ્ય - શિશ્ન ને ઉદરને વિષે આસક્તિ છે એ જ અસત્પુરુષપણું ◆ આસક્તિ ટાળવી ◆ સંતો-હરિભક્તોએ પરસ્પર માહાત્મ્ય સમજવું. | ૪૪૪ |
| ૪૮ | પ્રેમાનંદ સ્વામી - 'વંદું'નાં પદ ગાયાં - શ્રીજીમહારાજનો રાજીપો - ભગવાનના સ્વરૂપનું ચિંતવન થાય તેના પર રાજીપો ◆ જન્મ ધર્યાનું કોઈ કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવો એમ ઇચ્છા વ્યક્ત કરી છે ◆ ભગવાનના ભક્તના પંચવિષય ભગવાન સંબંધી હોય. | ૪૪૬ |
| ૪૯ | ભગવાનને વિષે મનુષ્યભાવ અને દિવ્યભાવ સમજનારાની ગતિ ◆ કથા, કીર્તન, વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી મનની તૃપ્તિ ન થાય તેમ કરવું. | ૪૪૮ |
| ૫૦ | પોતાના **અંતરના રહસ્યની વાત** - નદી, સતી, શૂરો ને પતંગનું દૃષ્ટાંત ◆ ભગવાન તથા સંતને વિશે અખંડ પ્રીતિ જોડી રાખવી ◆ જેના હૃદયમાં જગતસુખની વાસના હોય તેની સાથે અમારે બનતું નથી - નિર્વાસનિક ભક્ત હોય તે જ વહાલા છે. | ૪૫૦ |
| ૫૧ | ગુણનો સંગ ટાળી આત્મારૂપે થાય ત્યારે જ સુખ થાય ◆ આત્મસત્તારૂપે વર્તનારનાં લક્ષણ. | ૪૫૨ |
| ૫૨ | ગૃહસ્થની શોભા ત્યાગીને દૂષણરૂપ - ત્યાગીની શોભા ગૃહસ્થને દૂષણરૂપ ◆ ઈર્ષ્યાએ રહિત અને શ્રદ્ધાએ સહિત જે ભક્તિ કરે તે અમને અતિશે ગમે છે. | ૪૫૪ |
| ૫૩ | મોહનું રૂપ ◆ પોતાના ડહાપણનું માન મૂકી મોટાપુરુષને વિશે દિવ્યભાવ રાખવો - તેમને વિષે દોષ ન પરઠવો - અવગુણ ન લેવો. | ૪૫૫ |

| | | |
|---|---|---|
| ૫૪ | સર્વ સાધનથી અધિક સત્સંગ - ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ - સત્પુરુષને વિષે ચાર પ્રકારની બુદ્ધિ ન રાખે તે 'ગો-ખર' જેવો જાણવો. | ૪૫૬ |
| ૫૫ | પોતાના ઉદ્દેશે કરીને દેવદર્શન, કથાવાર્તા, સાધુનો સમાગમ તથા ત્યાગ-વૈરાગ્યની રુચિનું વર્ણન ◆ સદા અંત અવસ્થા જેવું રાખવું ◆ અમારી સર્વે ક્રિયા ભક્તના સુખને અર્થે છે ◆ ભગવાનની ભક્તિ વિના સર્વે પદાર્થથી ઉદાસી રહેવું ◆ સોનીના દૃષ્ટાંતે આત્મામાં માયિક ભેગ ભળી ન જાય તે આત્મવિચાર રાખવો. | ૪૫૭ |
| ૫૬ | ભગવાનને વિષે પ્રીતિનું લક્ષણ. | ૪૫૯ |
| ૫૭ | ભગવાનને વિષે માયાનું કોઈ આવરણ નથી એવો મહિમા જાણીને ભગવાનમાં પ્રીતિ કરવી. ભગવાનને વિષે પ્રીતિ કોને કહેવાય તે વાત ◆ ભગવાનના સુખનો મહિમા ◆ ભગવાન થકી બીજા પદાર્થમાં વધુ હેત હોય તેને મીનડીયો ભક્ત જાણવો ◆ ભગવાનની વાત કર્યા નિમિત્ત ઉપાધિ રહે તો પણ કાયરપણું રાખવું નહિ. નિર્ભય થઈ ભગવાનનું ભજન કરવું. | ૪૬૧ |
| ૫૮ | સંપ્રદાયની પુષ્ટિ સંપ્રદાયના શાસ્ત્રે કરીને જ થાય - એવાં શાસ્ત્રો રચવાની મુક્તાનંદ સ્વામીને આજ્ઞા. | ૪૬૩ |
| ૫૯ | ભગવાન ને સંત એ જ કલ્યાણકારી છે ◆ ભગવાન ને સંતની સેવાનો મહિમા. | ૪૬૫ |
| ૬૦ | વિક્ષેપ સ્વપ્નમાં આવે તો જ તે ચૈતન્યમાં પેઠો એમ સમજવું ◆ ભગવાનના ભક્તને દુઃખ આવી પડે ત્યારે ચાંડાળ ને વિમુખ હોય તેને દુઃખ ન થાય - રઘુનાથદાસનું દૃષ્ટાંત ◆ ભગવાનના ભક્તનો પક્ષ રાખ્યાનો પ્રતાપ ◆ ભગવાનના ભક્તનું વચન બાણની પેઠે હૈયામાં વસમું લાગે અને તેની વૈરભાવે આંટી પડી જાય તો તેની ગતિ ◆ બધા સાધુને સરખા કહે તેને વિમુખ જાણવો ◆ પોતાની સારપ રાખવા સારુ ભગવાનના ભક્તનું ઘસાતું સાંભળી લે તે વિમુખ ◆ ભગવાનના ભક્તના પક્ષની અગત્ય - શ્રીજીમહારાજનો આગ્રહ. | ૪૬૬ |
| ૬૧ | નિયમ-નિશ્ચય-પક્ષની દૃઢતા હોય તે જ પાકો સત્સંગી ◆ હરિભક્તમાં મોટો કોણ ? ત્યાગીમાં મોટો કોણ ? ◆ સંસારવ્યવહારે જે મોટું માણસ હોય તેનું સભામાં કોઈ રીતે અપમાન કરવું નહિ. વ્યવહાર સાચવવો - દૃષ્ટાંત સાથે સમજૂતી. | ૪૬૮ |
| ૬૨ | આઠે પહોર સંસારની વિટમનામાં રહ્યા હોય તેવા ગૃહસ્થના પાપ-કર્મના ક્ષયનો ઉપાય - અયોધ્યાપ્રસાદજીનો પ્રશ્ન ◆ રઘુવીરજીનો પ્રશ્ન - જીવનો મોક્ષ કેમ થાય ? પોતાનું દેહ, ધન, ધામ, કુટુંબ, પરિવાર એ સર્વેને ભગવાનની સેવામાં જોડી દેવાં ◆ દાસત્વભક્તિની ઉત્તમ દશા - ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામીનું દૃષ્ટાંત ◆ પોતાનું મનનું ગમતું સર્વે મૂકીને, ભગવાન સિવાય બીજી સર્વે વાસના ટાળવી ◆ દુઃખ આવે છે તે ભગવાનની ઈચ્છાથી જ આવે છે - ધીરજ રાખવી ◆ આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું ને દાસભાવ આ ત્રણ અંગવાળા સત્પુરુષના દાસાનુદાસ થઈને રહે તો પણ છતે દેહે ભગવાનનો પાર્ષદ થઈ રહ્યો છે. | ૪૭૦ |
| ૬૩ | જેનો જીવ અતિશે બળને પામ્યો હોય તેને તો ભૂંડું સ્વપ્ન પણ આવે નહિ - જીવને બળ પામ્યાનો ઉપાય - ભગવાનના ભક્તની સેવા ◆ ભગવાનના ભક્તો તે તો બ્રહ્મની મૂર્તિઓ છે તેમને વિષે મનુષ્યભાવ લાવવો નહિ ◆ આંટી ન પાડવી - ભક્તનો દ્રોહ કરનારનો કોઈ દિવસ છૂટકો થાતો નથી. | ૪૭૫ |
| ૬૪ | ભગવાન અજન્મા છે - શ્રીકૃષ્ણ નિમિત્તે પોતાના મહિમાની વાત ◆ અક્ષરધામમાં રહ્યા થકા અનંતકોટી બ્રહ્માંડમાં જ્યાં જેને દર્શન દેવું ઘટે તેવું દે છે. | ૪૭૭ |
| ૬૫ | ભગવાનના ભક્તને આત્મનિષ્ઠા ને વૈરાગ્યની દૃઢતાની આવશ્યકતા ◆ જ્ઞાની ભક્ત, અનન્ય ભક્ત, એકાંતિક ભક્તની વાત. | ૪૮૦ |
| ૬૬ | ભગવાનના ભક્તના અપરાધે કરી બુદ્ધિ દોષે યુક્ત છે માટે એને હરિભક્તના દોષ સૂઝે છે ને પોતાના દોષ સૂઝતા નથી ◆ અમારા આશ્રયે કરીને કલ્યાણ થાય છે ◆ દેહને વિષે રહેલ જીવનું રૂપ ◆ ભગવાનના ધામમાં જીવનું રૂપ ◆ પોતાની ખોટ ટાળવાનો ઉપાય ◆ ભગવાન વિના બીજે પ્રતીતિ આવે તે તો ગુણબુદ્ધિવાળો હરિભક્ત કહેવાય ◆ ભગવાન ને સંતની સાક્ષાત્કાર પ્રાપ્તિવાળાને જીવતાં ને મૃત્યુ પછી થતી પ્રાપ્તિ. | ૪૮૧ |
| ૬૭ | ભગવાનના ભક્ત બ્રહ્મસ્વરૂપ થાય (સાધર્મ્યપણાને પામે) તો પણ સ્વામી-સેવકપણું કેવી રીતે રહે છે | ૪૮૫ |

તે વાત.

## શ્રી વરતાલ પ્રકરણ


| | | |
|---|---|---|
| ૧ | આંબાનું દૃષ્ટાંત - ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય તે નિર્વિકલ્પ સમાધિ જ છે ◆ કલ્યાણને ઇચ્છે તેણે તો મન સાથે જરૂર વૈર બાંધવું. | ૪૮૮ |
| ૨ | બુવાના કાનજીદાસનો પ્રશ્ન - ભગવાન શે પ્રકારે રાજી થાય ? - ભગવાનનો દ્રોહ ન કરીએ તો - દ્રોહ તે શું ? ભગવાન વિના બીજાને કર્તા માનવા તે દ્રોહ ◆ વેદાદિક પાંચ શાસ્ત્રે કરી ભગવાનને જાણવાની રીત - તે જ પૂરો જ્ઞાની. | ૪૮૯ |
| ૩ | માહાત્મ્યે સહિત ભક્તિ હોય ને આત્મનિષ્ઠા, ધર્મ ને વૈરાગ્ય એ ત્રણ સામાન્ય હોય તો પણ તે ધર્મમાંથી પડે નહિ - માહાત્મ્યે સહિત ભક્તિમાં ત્રણે આવી જાય ◆ એવી ભક્તિ વડવાનળ જેવા મોટાપુરુષની સેવા થકી આવે છે - ચાર પ્રકારના મોટાપુરુષ. | ૪૯૩ |
| ૪ | બત્રીસ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો મન-કર્મ-વચને સંગ રાખે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વ તે સંતના સંગમાં આવી જાય ◆ યોગીને ભગવાનનાં સ્વરૂપમાં વૃત્તિ રાખવાની રીત. | ૪૯૫ |
| ૫ | અમને માયાથી પર જાણે તો ભક્ત માયાથી પર થાય છે ◆ સાચો શરણાગત કોને કહેવાય તે ◆ ભગવાનના આશરાના ત્રણ પ્રકાર ◆ ભીંસમાં ન રહી શકે તે કળાઈ જાય ◆ ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરી સરખી સેવા કરે તે કનિષ્ઠ ભક્ત હોય ને સો જન્મે કરીને ઉત્તમ ભક્ત થનારો હોય તે આ ને આ જન્મે જ ઉત્તમ ભક્ત થાય છે. | ૪૯૭ |
| ૬ | કર્મથી કાળ તેથી ભક્તિ સંબંધી કર્મનું બળ વિશેષ છે તેથી ભગવાનનું બળ અધિક છે. | ૫૦૦ |
| ૭ | આસુરી જીવ દૈવી ન જ થાય ◆ ભગવાનનું અન્વય-વ્યતિરેકપણું. | ૫૦૨ |
| ૮ | કરોળિયાના દૃષ્ટાંત દ્વારા ભક્ત મૂર્તિમાં લીન કેવી રીતે થાય છે તે સમજૂતી. | ૫૦૩ |
| ૯ | ક્ષણમાત્ર ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય તો હજારો વર્ષપર્યંત મેં સમાધિને વિષે સુખ ભોગવ્યું તેમ જણાય… | ૫૦૪ |
| ૧૦ | રાજારૂપે - સાધુરૂપે ભગવાનનાં લક્ષણ ◆ જેને કલ્યાણ ઇચ્છવું તેણે લક્ષણે કરી ભગવાને ઓળખી શરણે થવું - દૃઢ વિશ્વાસ રાખવો ◆ જ્યારે ભગવાન પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે ભગવાનના મળેલા સાધુ તેનો આશ્રય કરવો અને જ્યારે એવા સાધુ પણ ન હોય ત્યારે ભગવાનની પ્રતિમાને વિષે દૃઢ પ્રતીતિ રાખવી. | ૫૦૫ |
| ૧૧ | ચારના દ્રોહથી જીવનો નાશ થઈ જાય ◆ જીવનો નાશ એટલે શું ? ◆ પંડિતને ભગવાન ને સંતનો મહિમા ન જણાવાનું કારણ - ભગવાનનો આશરો નથી આથી દોષે હરવી નાખ્યા છે ◆ સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ તે જ આત્મદર્શનનું સાધન છે - પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે. | ૫૦૬ |
| ૧૨ | ભગવાનના નિશ્ચયની વાત તથા નિશ્ચયથી શું પ્રાપ્તિ થાય છે તે વાત ◆ ભગવાનનો અભાવ આવે તે ઘટતો જાય ◆ ભગવાનના સ્વરૂપનો પરિપૂર્ણ નિશ્ચય હોય તેનાં તથા પરિપૂર્ણ નિશ્ચય ન હોય તેનાં લક્ષણ. | ૫૦૮ |
| ૧૩ | ભગવાન મનુષ્યરૂપે હોય છતાં તેમને વિષે સહજ જ ચમત્કાર છે જે સર્વે ખેંચાય, સમાધિ થાય ◆ મૂર્તિમાન ભગવાન અક્ષરધામમાં રહ્યા થકા જ અનંતકોટી બ્રહ્માંડમાં ભાસે છે. | ૫૧૦ |
| ૧૪ | કુપાત્ર જીવને સમાધિ થવાનું કારણ ભગવાન ને સંતનો હૈયામાં ગુણ આવ્યો છે તે ◆ સત્પુરુષના દ્રોહનું પાપ. | ૫૧૨ |
| ૧૫ | મોટાપુરુષનો જે ઉપર કોપ થાય તે જીવ આસુરી થઈ જાય છે અને જે ઉપર રાજી થાય તે જીવ દૈવી થઈ જાય છે માટે રાજી થાય તેમ કરવું. | ૫૧૩ |
| ૧૬ | **અંતરનું રહસ્ય** - જગતની કોરે જે મોટો હોય તેને ને અમારે બનતું નથી ◆ ભગવાનના ભજનના સુખ આગળ ચૌદ લોકનું સુખ નરકના ઢગલા જેવું છે અમારા ભજનનો ને અમારા ભક્તનો સત્સંગ રખાવ્યાનો | ૫૧૪ |

આગ્રહ રાખવો.
૧૭ પંચવિષયમાં આસક્ત થાય નહિ તે જિતેન્દ્રિય છે ◆ ત્યાગીને પ્રવૃત્તિમાર્ગમાં નિર્વિકારી રહેવાનો માર્ગ. ૫૧૫
૧૮ તમારા સર્વેનો આચાર્ય, ગુરુ, ઉપદેષ્ટા ને ઈષ્ટદેવ એવો જે હું તે મારા દેહનાં જે આચરણ તે પ્રમાણે તમારે ન કરવું ◆ ગુરુપરંપરા, ધર્મકુળના સ્થાપનની રીત, શાસ્ત્ર, નિયમ વગેરે જાણવા વિષે. ૫૧૭
૧૯ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ જરૂર પૃથ્વી પર વિચરતા હોય તેની જીવને જો ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય ◆ ભગવાન સિવાય બીજે ક્યાંય પ્રીતિ રાખવી નહિ - એક ભગવાનમાં જ દૃઢ પ્રીતિ રાખવી. ૫૨૨
૨૦ કામાદિકનું બીજ ટળી જાય એવું સાધન ◆ કુસંગ તો કરવો જ નહિ. ૫૨૩

## શ્રી અમદાવાદ પ્રકરણ

૧ તત્કાળ સિદ્ધદશા પમાડે તેવા યોગમાર્ગના ધ્યાનનું નિરૂપણ ◆ ધ્યાનના અભ્યાસી અને એકાંતિકને એવું ધ્યાન સિદ્ધ થાય છે. ૫૨૬
૨ માયિક ઉપાધિ ત્યજીને બ્રહ્મરૂપે ભક્તિ કરે તેની શ્રેષ્ઠતા. ૫૨૮
૩ ભગવાનના ભક્તને પંચવિષય જન્મ-મરણનો હેતુ ન થવાનો ઉપાય ◆ ભગવાનનું અતિશે માહાત્મ્ય સમજે અને ભગવાન ને ભગવાનના ભક્તની સેવા, ચાકરી, દર્શન કરવું તેમાં અતિશે વેગવાન શ્રદ્ધા વર્તતી હોય એવો જે ભક્ત તેને ઉપશમ દશા આવે છે ◆ માનીની સેવા કાળમાં કોદરા ખાવા પડે તેવી છે ◆ ધણીનું ગમતું કરે તે જ સાચો સેવક ◆ વિવેક ને સમજણ ન હોય તેને ધણીને રાજી કરવાની રીત ◆ અયોધ્યાવાસી બહુ વિશ્વાસી છે - તેમની ભલામણ. ૫૩૦
૪ ભગવાન જન્મ ધરતા થકા અજન્મા છે ◆ ભગવાનને વિષે દિવ્યભાવ, સર્વોપરીપણું, પ્રગટભાવ વગેરે ◆ કંટકે કંટક. ૫૩૨
૫ પુરુષોત્તમ ભગવાનનું અસાધારણ લક્ષણ ◆ અનંત બ્રહ્માંડોમાં જીવોનો ઉદ્ધાર કરવાની ભગવાનની રીત ◆ સત્સંગીએ ત્યજવા અને ગ્રહણ કરવા યોગ્ય વાતનો વિવેક - ભગવાન તરફની આશા બાંધવી - લૌકિક આશા ત્યજવી - કામવાસનાનો ત્યાગ - દેહના સંબંધીમાંથી પ્રીતિનો ત્યાગ - ભગવાન ને ભગવાનના દાસ સંગાથે પ્રીતિ કરવી - ભગવાન ને સાધુ વઢ્યા હોય તેનો ત્યાગ - પોતાની ભૂલ જોવી - સંતનો ગુણ ગ્રહણ કરવો - સવળું વિચારવું વગેરે ◆ ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું રૂપ. ૫૩૪
૬ સર્વે અંગે ભગવાનનો નિશ્ચય ન ડગવાનો ઉપાય - ભગવાનનું સર્વોપરીપણું, સર્વાવતારીપણું વગેરે પરોક્ષભાવ-પ્રત્યક્ષભાવની વાતો ◆ બ્રહ્મમહોલ - અક્ષરધામનું વર્ણન. **(રોચક વાત)** ૫૩૭
૭ ભગવાનના સ્વરૂપને વિષે મન કોઈ કાળે વ્યભિચારને ન પામે તેનો ઉપાય ◆ સર્વોપરીપણાની વાત - આધુનિક ઈશ્વર - સનાતન ઈશ્વર ◆ અમારા વિના બીજો કોઈ મોટો પુરુષોત્તમ છે જ નહિ. ૫૩૯
૮ ક્રોધ ન કરવો - ક્રોધ જીતવાનો ઉપાય - ક્રોધનું પ્રાયશ્ચિત્ત. ૫૪૨

## શ્રી અશ્લાલી પ્રકરણ

૧ અમને ભજતાં સમજણમાં ફેર રહે છે તેને મોટી ખોટ આવે છે ◆ અમને ભજીને ઐશ્વર્યને ઇચ્છે તે કનિષ્ઠ છે; કેવળ આત્મારૂપ થઈને ભજે તે મધ્યમ અને અમારી સેવાને ઇચ્છે તે ઉત્તમ છે. ૫૪૪

## શ્રી જેતલપુર પ્રકરણ

૧ ભગવાન કે ભગવાનના મળેલા સંતની જીવને પ્રાપ્તિ થાય છે ત્યારે માયા ઉલંઘાય છે ◆ આત્મા વડે તથા સંતના સમાગમે કરીને મોટપ માને અંહકાર ન રાખે ◆ આત્મનિષ્ઠા, આત્મબુદ્ધિ વગેરેની વાત. ૫૪૬
૨ હનુમાનજી - લક્ષ્મણજીના દૃષ્ટાંતે યતિપણાની વાત - બ્રહ્માનંદ સ્વામીને યતિની ઉપમા ◆ જીવનું સ્વરૂપ વર્ણન. ૫૪૯

૩ દુષ્ટ વાસના ન રાખવા વિષે ઉપદેશ ◆ દુષ્ટ વાસના ટાળવાનો ઉપાય ◆ કોઈનો અવગુણ ન લેવો - સદા ગુણગ્રાહક રહેવું... ભગવાન ને સંતનો અભાવ તો લેવાય જ કેમ ? ◆ આ દેહે કરીને ભગવાનનું ગમતું કરવું એથી મોટી બીજી કોઈ વાત નથી ◆ માન તો રાખવું જ નહિ વગેરે હિતોપદેશ ◆ સત્સંગમાં મોટેરો કોણ ? ૫૫૧

૪ ભગવાનની નિરંતર સ્મૃતિ તેણે કરીને કલ્યાણ ◆ ધર્મ-નિયમે યુક્ત સંતોનો મહિમા ◆ અસુરભાવ મૂકી ભક્તિએ કરીને ભગવાનને ભજવા તે અતિ શ્રેષ્ઠ છે. ૫૫૩

૫ અમારું કર્યું સર્વે થાય છે ◆ સર્વોપરીપણાની વાત ◆ સાતદકાળી જેવું મહાકષ્ટ આવી પડશે ને ઉગર્યાનો કોઈ ઉપાય નહિ હોય તોય રક્ષા કરીશું ◆ જેતલપુર સ્થાનનો મહિમા ◆ ત્રણ ગોળા આકાશમાં - બ્રહ્મા, વિષ્ણુ, મહેશની વાત. ૫૫૬


## શ્રી ગઢડા છેલ્લા પ્રકરણ


૧ ભૂંડા દેશકાળાદિકમાં વિઘ્ન ન થાય તેવી સમજણ - આત્મનિષ્ઠા અને વૈરાગ્યની આવશ્યકતા ◆ ભક્તને જ્ઞાનનું અથવા હેતનું અંગ હોવું જોઈએ - જ્ઞાનના અંગવાળાનાં લક્ષણ - ભગવાન કોઈનું કહ્યું સાંભળે નહિ - ભગવાનનો અવગુણ ન લે ◆ ચોરના દૃષ્ટાંત દ્વારા હેતના અંગની વાત ◆ શિક્ષાપત્રીનો નિત્ય પાઠ કરવાની આજ્ઞા. ૫૬૦

૨ જગતનું પ્રધાનપણું વધે અને સત્સંગમાં પ્રીતિ થાય તેનો ઉપાય ◆ સત્સંગ થાતાં જ જેવું અંગ બંધાઈ જાય છે તેવું ને તેવું જ સદાય રહે છે ◆ શ્વેતદ્વીપ-ગોલોક-વૈકુંઠમાં સભા છે તેથી આ સત્સંગીની સભા અધિક છે ◆ જીવને જેવી પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે થાય તો સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે. ૫૬૨

૩ સ્નેહ અને દયાનું રૂપ અને તેને ટાળ્યાનો ઉપાય - આત્મજ્ઞાન અને વૈરાગ્ય. ૫૬૫

૪ બાધિતાનુવૃત્તિનું રૂપ ◆ વિમુખ બોલતાં ચાલતાં દેહ મૂકે તો ય શું ? અને ભક્ત હોય તે બેશુદ્ધ થઈને દેહ મૂકે તો પણ ભગવાનના ધામમાં જાય ◆ દેહને વિષે જીવ કેવી રીતે રહ્યો છે તેનું વર્ણન. ૫૬૭

૫ માહાત્મ્ય વિનાની પ્રાકૃત બુદ્ધિએ કરીને ભક્તિ કરે તો તેમાં વિઘ્ન આવે ◆ મોટાપુરુષની સેવા ને પ્રસંગ તેમાંથી માહાત્મ્યે યુક્ત ભક્તિ આવે છે ◆ ભગવાન વિના બીજા સુખનો ઘાટ થાય ને તેની મનમાં દાઝ થાય તો તે નિષ્કામ ભક્ત કહેવાય અને તેને મોટા સુખની પ્રાપ્તિ થાય - સકામ ભક્તની વાત. ૫૬૯

૬ ઈર્ષ્યાએ રહિત ભક્તિ કરવી ◆ દૂધ અને પાણીના દૃષ્ટાંત દ્વારા જીવ અને મનની મિત્રતા - મનનો વાંક ન કાઢવો ◆ કંઈક અપરાધ થઈ જાય તો તેનો દોષ બીજાને માથે ધરવો નહિ. ૫૭૧

૭ **અંતરનો સિદ્ધાંત** - ભગવાન ને સંતને વિશે આત્મબુદ્ધિ ◆ ભગવાનના ભક્તનો પક્ષ ◆ ભગવાનના ભક્ત જેવા દેહ ને દેહના સંબંધીને વહાલા રાખવા નહિ એવી રીતે વર્તે તેને અતિ બળવાન એવા જે કામ-ક્રોધાદિક શત્રુ તે પણ પરાભવ કરી શકતા નથી ◆ ભગવાનના ભક્તનું નિશ્ચે કલ્યાણ થાય - બીજી કોઈ બીક મનમાં રાખવી નહિ ◆ છતી દેહે જ ધામમાં. ૫૭૩

૮ સદા સુખી રહેવાનો ઉપાય ◆ ભગવાનની ભક્તિમાં અતિ મોટું વિઘ્ન ⇨ પોતાના દોષ દેખાય નહિ - ભગવાન ને ભગવાનના ભક્ત થકી જેનું મન નોખું પડી જાય - ભગવાનના ભક્ત થકી જેને બેપરવાઈ થઈ જવાય. ૫૭૪

૯ જાણપણારૂપી દરવાજે ઉભા રહેવું - પનિહારી અને ઘોડેસવારનું દૃષ્ટાંત. ૫૭૫

૧૦ માધ્વી સંપ્રદાયના વિદ્વાન સાથે ચર્ચા ◆ જીવ, માયા, ઈશ્વર ને પરમેશ્વર એ સર્વે અનાદિ છે ◆ જીવની ધામમાં જવાની ગતિ ◆ શ્રીજીમહારાજનો સિદ્ધાંત. ૫૭૭

૧૧ ઈન્દ્રિયો અને મન જીતવાનો ઉપાય ◆ ભગવાનના ભક્તને વિશે દૃઢ આત્મબુદ્ધિ અને પ્રીતિ એ જ સમાધિ વિના શાંતિનો ઉપાય ◆ સીતાજીના દૃષ્ટાંત દ્વારા ભગવાનનો કે ભક્તનો અવગુણ ન લેવાની વાત. ૫૭૯

૧૨ માન ન રાખવું - દાસાનુદાસ થઈને રહેવું ◆ અવગુણીયો સ્વભાવ - હડકાયા કૂતરાની લાળ સમાન ૫૮૧

◆ દ્રોહથી જીવનો નાશ ◆ દેહનાં સગાં-સંબંધીમાં હેત તે સર્પની લાળ સમાન.
૧૩ ભગવાનની મોટપ જાણી હોય તેનાં લક્ષણ - વૈરાગ્યની રુચિ - ધ્યાનની રુચિ - ભગવાન ને ભગવાનના ભક્તમાં અતિશે પ્રીતિની રુચિ ◆ ભગવાનની ઇચ્છા તે જ આપણું પ્રારબ્ધ ◆ ભગવાનના ગમતામાં - રાજીપામાં જ વર્તવું. ૫૮૨
૧૪ પરમેશ્વરમાં પ્રીતિ ન થવાનું કારણ - વાસના - કાયસ્થનું દૃષ્ટાંત ◆ ભૂંડા તીક્ષ્ણ કર્મનો સારા તીક્ષ્ણ કર્મે કરી નાશ થાય ◆ લીંબડો, મરચાં ને સિંગડીયો વછનાગ તેના દૃષ્ટાંત દ્વારા દૈવી ને આસુરી જીવની ગતિની વાત ◆ આસુરી અને દૈવીનાં લક્ષણ ◆ નવધા ભક્તિમાં શ્રેષ્ઠ ભક્તિ - ભગવાનમાં દૃઢ સ્નેહ ◆ કેવા પુરુષનો સંગ રાખવો ◆ હેતે કરીને ભગવાનમાં મન જોડાણું છે તે શ્રેષ્ઠ છે ◆ દૃઢ હેતથી જ વૈરાગ્યને વિવેક આવે છે ◆ વિશ્વાસી ભક્ત શ્રેષ્ઠ ◆ ભગવાન ને સંતને આપણો વિશ્વાસ કેમ આવે ◆ અંતરમાં ભગવાન ને સંતનું માહાત્મ્ય અખંડ રહેવાનો ઉપાય ◆ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ હોવા છતાં તેમાં કસર જણાવાનું કારણ. ૫૮૫
૧૫ શૂરો અને ઘાનું દૃષ્ટાંત - જીવમાં પંચવિષયના ઘા વાગ્યા છે તેથી ભજન-સ્મરણમાં સુખ આવતું નથી.- ઉપાય. ૫૯૧
૧૬ પતિવ્રતાની ભક્તિ દૃઢ કર્યાનો ઉપાય. ૫૯૨
૧૭ ભરતજીનું દૃષ્ટાંત - ભગવાન વિના બીજે હેત એ મોટામાં મોટું પાપ છે. ૫૯૪
૧૮ પૂર્વ જન્મનાં કર્મની વાસનાનું પરિણામ - તેની નિવૃત્તિનો ઉપાય - સંત સમાગમ ◆ દેહાભિમાનની નિવૃત્તિ અને પંચવિષયનો અભાવ થયો હોય તે કેમ કળ્યામાં આવે ? ૫૯૫
૧૯ કામના અને કુટુંબીમાં પ્રીતિ - ત્યાગીને બે કલંક - ટાળ્યાના ઉપાય. ૫૯૬
૨૦ સ્વભાવ-પ્રકૃતિ-વાસનાનું સ્વરૂપ - ટાળ્યાનું સાધન. ૫૯૮
૨૧ ભગવાનના સંબંધે સહિત ધર્મ તે ભાગવત ધર્મ તે જ એકાંતિક ધર્મ ◆ શહેર પાટણ ગમતા નથી છતાં ભગવાનને ભગવાનના ભક્તને અર્થે લાખો માણસના ભીડામાં રહીએ છીએ ◆ ભક્તનો અવગુણ ન લેવો - સ્વાભાવિક દોષ ન જોવો ◆ અક્ષરધામના મુક્તોની સભા કરતાં આ સત્સંગી (ગોપાળાનંદ સ્વામી)ને અધિક કહ્યા એટલે અનાદિમુક્ત કહ્યા છે ◆ મીણે પાયેલા દોરાના દૃષ્ટાંત દ્વારા સત્સંગીને સમજણના દૃઢાવનો હિતોપદેશ ◆ **ભક્તના મહિમાની વાત** આખા વચનામૃતમાં મુખ્ય છે. ૫૯૮
૨૨ ઝીણાભાઈનું પ્રેમલક્ષણા ભક્તિનું અંગ ◆ ભગવાનને વિષે દૃઢ પ્રીતિ ◆ ભક્તને વિષે દોષબુદ્ધિ એ મોટામાં મોટું પાપ - દ્રોહની ભયાનકતા તથા નિવારણનો ઉપાય. ૬૦૨
૨૩ માનસીપૂજાની વિક્તિ - ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તથા કુરાજી થાય ત્યારે સવળો વિચાર. ૬૦૪
૨૪ સંતનો દૃઢ પ્રસંગ - ભાગવત ધર્મથી ન પડવાનો ઉપાય ◆ આપત્કાળે પણ ધર્મમાંથી ન ડગે તેનાં લક્ષણ ◆ કઠણ પ્રકૃતિ ટાળવાનો ઉપાય ◆ જુદા જુદા ભક્તોના જુદા જુદા અંગની પ્રશંસા ◆ જ્ઞાનાંશ વિશે સમજ ◆ કથાવાર્તામાં પ્રીતિ હોય તેનામાં રૂડા ગુણ આવે ◆ બાઈ-ભાઈએ પરસ્પર માહાત્મ્ય સમપણે સમજવું, અધિક ન સમજવું. ૬૦૬
૨૫ ભગવાન સંબંધી કોઈ પણ સાધનમાં બીજી ઇચ્છા ન રાખવી પણ રાજીપાની ઇચ્છા તો રાખવી ◆ દેહમાં દીર્ઘ રોગ આવી પડે,ખાવા અન્ન ન મળે, વસ્ત્ર ન મળે, ગમે તેવું દુઃખ આવી પડે તો પણ રંચ માત્ર મોળો ન પડે તે ખરો ભક્ત કહેવાય ◆ મહારાજ કયા કયા ગુણે રાજી થાય અને કયા દોષે કુરાજી થાય તે વિગતવાર વાત... **બહુ સુંદર છે.** ૬૦૯
૨૬ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંતના અને સાધુગુણે યુક્ત બાઈનાં લક્ષણો ◆ દેશકાળને યોગે કરી સત્સંગમાંથી બહાર નીસરી જાય છતાં જેને પંચવિષય બંધન ન કરી શકે તેવા પુરુષનાં લક્ષણો ◆ ધર્મ પાળવાનો આગ્રહ ◆ શ્રીજીમહારાજ કહે આ અમને બહુ ગમે - આ ન ગમે. દા.ત. અહંકાર ન ગમે - દંભ ન ગમે - નિયમમાં શિથિલતા લાવે તે ન ગમે વગેરે. ૬૧૧

૨૭ ભગવાનની મૂર્તિમાં પાંચે પ્રકારના વિષયનું સુખ એકી હારે ◆ જેને ભગવાનની ભક્તિનો અને સત્સંગનો ખપ હોય તે ગમે તેવા સ્વભાવને ટાળી નાખે ◆ વર્તમાનની આંટી ન મૂકવા અને તુચ્છ સ્વભાવની આંટી મૂકવા વિષે ◆ માની તો કામી કરતાંય ભૂંડો - ભગવાનનું માહાત્મ્ય સમજી માનને ટાળવું ◆ પંચવર્તમાને યુક્ત સંતના વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો ◆ ભક્તના સંબંધીનું કલ્યાણ થવાની રીતિ ◆ સાક્ષાત્કારનું રૂપ અને તેના ઉપાય. ૬૧૩

૨૮ ભગવાનમાંથી જીવને પડવાના બે પ્રકાર ◆ પોતાનામાં જે કાચપ હોય તેને સંત ખોદે ત્યારે તેણે કરીને પાછો પડી જાય છે ◆ માન અને માન ટાળ્યાનો ઉપાય - માહાત્મ્ય ◆ નિષ્કામ ભક્ત - શૂળીના કષ્ટથી પણ મુકાવાની ઈચ્છા ન થાય ◆ માછલી ને જળ જીવન છે તેમ ભગવાનને વિષે જીવનપણું. ૬૧૬

૨૯ મંદ વૈરાગ્યવાળાનો ત્યાગ ટકે નહિ - પણ મોટા સંત સાથે હેત કરે તો ત્યાગ પાર પડે ◆ ભગવાનને અંતર્યામી જાણી પોતપોતાના નિયમમાં વર્તવું તો ધર્મ રહે. ૬૧૯

૩૦ ભગવાનને કેવો ભક્ત ગમે, કેવો ન ગમે ◆ પાંચ વાર્તાનું નિરંતર અનુસંધાન રાખવાનો આદેશ. ૬૨૧

૩૧ સર્વોપરીપણાની વાત ◆ ધામનું સ્વરૂપ અને પ્રત્યક્ષ ભગવાનના મનુષ્ય સ્વરૂપમાં લગાર પણ ભેદ ન સમજવા વિશે હિતવચન ◆ પ્રતિલોમપણે ધ્યાનની રીત. ૬૨૨

૩૨ ધીમે ધીમે આહારને નિયમમાં કરી ઈન્દ્રિયો નિયમમાં કરવી તો સત્સંગ પાર પડે ◆ ભગવાનનું માહાત્મ્ય સમજી ધર્મમર્યાદામાં પ્રસન્નતાને અર્થે નિરંતર વર્તે તેનો સંગ કરવો ◆ માહાત્મ્યની ઓથ લઈ પાપ કરવા થકી ડરે નહિ એવાનો સંગ ન કરવો. ૬૨૫

૩૩ સ્ત્રી, ધનાદિકમાં ન બંધાય તેનાં લક્ષણો ◆ દારૂ આદિક વ્યસનના બંધાણીની પેઠે ભગવાનની કથા-કીર્તન, નામ-સ્મરણ ઈત્યાદિક જે દશ પ્રકારની ભક્તિનું બંધાણ રાખવું ◆ સ્ત્રી, ધન, દેહાભિમાન અને સ્વભાવ એ ચાર વાનાંમાં કાચપ રાખવી નહિ. ૬૨૬

૩૪ જ્ઞાને સહિત વૈરાગ્ય ને પ્રીતિ હોય તેને વાસના ટાળવાનો ઉપાય - નિયમમાં રહેવું તે ◆ ક્રોધ કરવા ન કરવા વિષે વિવેક. ૬૨૯

૩૫ પોતાની ગમે તેવી કઠણ પ્રકૃત્તિ હોય તેને ભગવાન ને સંત મરોડે છતાં મૂંઝાય નહિ - કચવાય નહિ ને જેમ કહે તેમ સરળપણે વર્તે તેને ગમે તેવો આપત્કાળ પડે તો પણ ભગવાનનો આશ્રય ટળે નહિ ◆ પ્રકૃતિ મરોડે ત્યારે મૂંઝવણ તો થાય પણ પોતાનો અવગુણ લેવો ◆ પોતે વિચારનું બળ રાખવું ◆ ભગવાનના ભક્તનો દ્રોહ ન કરવો - રાજી કરવા ◆ સંતની સેવા ભગવાનની સેવા કરવા તુલ્ય અને સંતનો દ્રોહ ભગવાનનો દ્રોહ કર્યા તુલ્ય હોય તેવા સંતનાં લક્ષણો. ૬૩૧

૩૬ કલ્યાણનું અસાધારણ સાધન - પુરુષોત્તમ ભગવાનને બ્રહ્મજ્યોતિના સમૂહને વિશે અનાદિ સાકાર મૂર્તિ સમજવા ◆ વેદાંતી મહાદુષ્ટ છે તેનો સંગ ક્યારેય ન કરવો ◆ ઉપાસના ને ધ્યાન વિના આત્મા ને બ્રહ્મ ન જ દેખાય. ૬૩૪

૩૭ પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપના જ્ઞાને કરીને ભગવાનના સુખનો અનુભવ એક વાર થયો હોય તો તેની વિસ્મૃતિ ક્યારેય ન થાય એ વિષે કૃપાવચન. ૬૩૬

૩૮ ભગવાન ને મુક્તના આકાર સત્ય છે, દિવ્ય છે - ભગવાનના સર્વોપરીપણાની, પ્રત્યક્ષપણાની વાત ◆ છ વાનાં હોય તેને જીવતે કે મરીને ક્યારેય સુખ ન થાય. ૬૩૯

૩૯ દેહમાં અહંબુદ્ધિ અને દેહ સંબંધી પદાર્થમાં મમત્વબુદ્ધિ એ જ માયા - એ માયાને તરવાનો ઉપાય ◆ આત્મનિષ્ઠાનું બળ તથા ભગવાનના માહાત્મ્યનું બળ - આત્મા ને પરમાત્માનો વેગ લગાડવો ◆ ભગવાનના સુખનું માહાત્મ્ય ◆ અમે એક જ ભગવાન છીએ પણ અમારા જેવો કોઈ થયો નથી, આવી દૃઢતાવાળાનો સંગ કરવો ◆ સત્પુરુષને મિષે પોતાની વાત. **(અંતિમ મંગલાચરણ)** ૬૪૧

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

# અથ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણમ્

## વચનામૃત ગઢડા મધ્યનું - ૧

❖સંવત ૧૮૭૭ના જ્યેષ્ઠ સુદિ ૧૫ પૂર્ણમાસીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો અને ધોળી ચાદર ઓઢી હતી અને માથે ધોળી પાઘ બાંધી હતી અને ધોળાં પુષ્પનો હાર પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

અને પોતાની આગળ પરમહંસ ઝાઝ-મૃદંગ લેઈને ગાવતા હતા. પછી શ્રીજી મહારાજે કીર્તનીયાને કહ્યું જે, હમણાં કીર્તન રાખો ને પ્રશ્ન-ઉત્તર કરો. પછી મુક્તાનંદ સ્વામીએ હાથ
૧ જોડીને નમસ્કાર કરીને શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! મોહનું શું રૂપ છે ? અને મોહની નિવૃત્તિ થયાનો શો ઉપાય છે ? પછી શ્રીજીમહારાજ થોડીક વાર વિચારી રહીને પછી બોલ્યા જે, મોહનું રૂપ તો મનને વિષે વિભ્રાંતિ જેવું થઈ જાય એ જ જણાય છે. અને જ્યારે પુરુષના હૃદયમાં મોહ વૃદ્ધિ પામે છે ત્યારે મનમાં વિભ્રાંતિ વિશેષ થાય છે. પછી આ કરવા યોગ્ય અને આ ન કરવા યોગ્ય એવો વિવેક રહેતો નથી, ને તે મોહ થયાનું કારણ તો આજ જ અમે વિચાર્યું છે જે આજ અર્ધ રાત્ય હતી ત્યારે અમારે નિદ્રા ઊડી ગઈ હતી પછી અમે ઉતરાદિ દિશ સામું મુખ કરીને સૂતા હતા પછી ધ્રુનો તારો દીઠો ત્યારે એમ વિચાર થયો જે, આ તો ઉત્તર ધ્રુ છે પણ શાસ્ત્રમાં દક્ષિણ ધ્રુ કહ્યો છે તે ક્યાં હશે ? પછી અમે દક્ષિણ ધ્રુ જોયો ત્યારે તે પણ દીઠો અને જેમ કૂવા ઉપર પાણી સિંચવાનો ફાળકો હોય તેવી રીતે બે ધ્રુને વચ્ચે મોટો ફાળકો દીઠો ને તે ફાળકાના મેરના બે ઠેબા તે બે કોરે ધ્રુને અડી રહ્યા છે જેમ લાકડાના સ્તંભ હોય ને તેમાં લોઢાની આરું ખૂંતીને રહી હોય તેમ છે અને તે ફાળકા ઉપર જેમ સૂતરની ફેલ્ય વીંટી હોય ને તે ફાળકા સંગાથે જેમ પિત્તળની ફૂદડીઓ જડી હોય તેમ સર્વે તારા ને દેવતા ને નવગૃહાદિક તેનાં જે સ્થાનક તે ફાળકા સંગાથે જડાણાં છે તે સર્વેને જોયા ને પછી સૂર્ય ને ચંદ્રમાનો ઉદય ને અસ્ત તે એક જ ઠેકાણેથી થાય છે તે પણ જોયા. પછી અંતર્દષ્ટિ કરીને જોયું ત્યારે જેટલું ધ્રુ આદિ દઈને બ્રહ્માંડમાં છે તેટલું સર્વે પિંડમાં પણ દીઠું પછી આ દેહને વિષે જે ક્ષેત્રજ્ઞ છે તેને પણ દીઠો પછી તે ક્ષેત્રજ્ઞમાં પુરુષોત્તમ ભગવાન રહ્યા છે તેને પણ દીઠા તે ભગવાનને જોઈને ભગવાનના સ્વરૂપને વિષે અતિશે વૃત્તિ જોડાઈ ગઈ પછી સમાધિમાંથી કોઈ પ્રકારે નીકળાણું નહિ પછી તો કોઈક ભક્તજને આવીને અમારી સ્તુતિ બહુ કરી તેની દયાએ કરીને અમારે પાછું દેહમાં અવાણું. **(૧)** પછી અમારા હૃદયમાં ૧

વિચાર થયો જે, અમારે જે સમાધિમાંથી નીસરાણું તે તો દયાએ કરીને નીસરાણું પણ બીજાને સમાધિમાંથી નીસરાતું હશે તેનું શું કારણ હશે ? પછી અમને એમ જણાણું જે એને કોઈક વિષયમાં આસક્તિ રહે છે તેણે કરીને પાછું નીકળાય છે. અને મોહનું જે કારણ તે પણ પંચવિષય જ છે તે વિષય પણ ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના છે તેમાં જ્યારે ઉત્તમ વિષયની પ્રાપ્તિ થાય અને તેમાંથી કોઈ અંતરાય કરનારો આવે ત્યારે તે ઉપર ક્રોધ થાય પછી ક્રોધ થકી મોહ થાય છે અને સામાન્યપણે તો શ્રોત્રને ને શબ્દને સદા સંબંધ છે અને ત્વચાને ને સ્પર્શને સદા સંબંધ છે એવી રીતે પંચ જ્ઞાન-ઈન્દ્રિયોને પંચવિષયનો સંબંધ છે માટે જે પદાર્થને સામાન્યપણે જોયું હોય ને તે પદાર્થમાંથી વૃત્તિને તોડીને ભગવાનના સ્વરૂપમાં રાખવી હોય તો તેમાં કાંઈ દાખડો પડે નહીં. સહેજે જ તે રૂપ વિષયમાંથી વૃત્તિ તૂટીને ભગવાનના સ્વરૂપમાં રહે અને જો સ્ત્રી આદિકનું અતિશે રમણીક રૂપ દીઠામાં આવી ગયું હોય ને તેમાં વૃત્તિ જોડાણી હોય ને પછી જો ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવા જાય તો રહે નહિ અને ચિત્ત પણ એક ઠેકાણે રહે નહિ, **માટે જ્યાં સુધી રમણીક પંચવિષયમાં ચિત્ત લોભાય છે ત્યાં સુધી મોહ ટળે નહિ અને જ્યારે એને ગમતો વિષય હોય ને તેમાં ચિત્ત તણાણું હોય ને સંત તથા ગુરુ તથા પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તે જો નિષેધ કરે તો તે ઉપર રીસ ચડે અને તેનો દ્રોહ થાય પણ તેનું વચન મનાય નહિ, એવું જેના અંતરમાં વર્તતું હોય તેને મોહ કહીએ.** તે ભગવાને ગીતામાં કહ્યું છે જે :-

ધ્યાયતે: વિષયાન્ પુંસ: સંગસ્તેષૂપજાયતે ।
સંગાત્સંજાયતે કામ: કામાત્ક્રોધોઽભિજાયતે ॥
ક્રોધાદ્ભવતિ સંમોહ:સંમોહાત્સ્મૃતિ-વિભ્રમ: ।
સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ ॥

માટે આ વચન જે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યાં છે તે પરમ સિદ્ધાંત છે જે જ્યારે શબ્દાદિક કોઈ વિષયમાં ચિત્ત લોભાણું ત્યારે ગમે તેવો બુદ્ધિવાન હોય પણ તેની બુદ્ધિનું કાંઈ ઠેકાણું રહે નહિ ને પશુ જેવો થઈ જાય છે માટે મોહને ઉદય થયાનું કારણ તે વિષયમાં આસક્તિ તે જ છે. **(૨)** અને જેને એ વિષયમાંથી ચિત્તને ઉખેડવું હોય તેને પ્રથમ તો આત્મનિષ્ઠા અતિ **૨**
દૃઢ કરીને રાખવી જે હું આત્મા છું પણ દેહ તે હું નહિ એક તો એ વિચાર દૃઢ કરવો, અને બીજું જે પ્રકારે જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય થાય છે તે વાર્તા પણ સારી પેઠે સમજવી, અને ત્રીજું ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય અતિશેપણે સમજવું, તે એમ વિચારવું જે, પંચવિષય છે તે તો ભગવાનના કર્યા થયા છે માટે ભગવાનમાં તો એથી અતિ ઝાઝું સુખ છે, શા માટે જે શબ્દ હોય તેમાં એકલું શબ્દ સંબંધી જ સુખ હોય પણ બીજા જે ચાર વિષય રહ્યા તેનું સુખ શબ્દમાં ન હોય, એવી જ રીતે સ્પર્શમાં સ્પર્શનું જ સુખ હોય પણ બીજું ન હોય, તેમ જ રૂપમાં રૂપ સંબંધી જ સુખ હોય, તેમ જ રસ ને ગંધ તેમાં પણ પોતપોતા સંબંધી

જે સુખ હોય પણ **એક વિષયમાં પંચવિષયનું સુખ ભેળું ન આવે અને ભગવાનનું જે સ્વરૂપ છે તેમાં તો સર્વે સુખ ભેળાં રહ્યાં છે તે એક દર્શન કરે તો પણ તે ભક્ત પૂર્ણકામ થઈ જાય,** એવી રીતે ભગવાનના સ્પર્શાદિક પણ પોતાના ભક્તને પૂર્ણકામ કરે છે અને માયિક જે વિષય સંબંધી સુખ છે તે તો સર્વે નાશવંત છે અને ભગવાન સંબંધી સુખ છે તે તો અખંડ છે, એવો જે ભગવાનના સ્વરૂપના માહાત્મ્યનો વિચાર તે પણ અતિ દૃઢ કરવો, એ જે ત્રણ વિચાર કહ્યાં તેણે કરીને વિષયમાંથી આસક્તિ ટળી જાય છે. અને **જ્યારે વિષયમાંથી આસક્તિ ટળે ત્યારે વિષય સારા કે નરસા તેનો ભેદ રહે નહિ. જેવી રૂપવાન સ્ત્રી તેવી જ કુરૂપવાન સ્ત્રી ભાસે અને તેવી જ રીતે પશુ, પક્ષી, લાકડાં, છાણાં, પથરા, સુવર્ણ એ સર્વેને તુલ્યપણે જુએ પણ સારું પદાર્થ દેખીને તેમાં મોહ ન પામે, એવી રીતે પંચવિષયને વિષે વર્તે પણ સારો કે નરસો એવો બુદ્ધિને વિષે ભેદ રહે નહિ એવું જેને વર્તે તેને નિર્મોહી કહીએ** તે શ્રીકૃષ્ણ ભગવાને પણ ગીતામાં કહ્યું છે જે **॥ समलोष्टाश्म-कांचनः ॥** એવાં જેનાં લક્ષણ હોય તેણે ભગવાનનું સ્વરૂપ તત્ત્વે કરીને જાણ્યું છે, અને એને જ **અનન્ય ભક્ત કહીએ અને પતિવ્રતાનું અંગ પણ તેનું જ જાણવું અને જ્ઞાની પણ તેને જ જાણવો** અને ભગવાન પણ તેની ઉપર જ રાજી થાય છે અને **ભગવાનને એવો ભક્ત અતિશે વહાલો છે** તે ભગવાને ગીતામાં કહ્યું છે જે :-

प्रियो हि ज्ञानिनोऽत्यर्थ-महं स च मम प्रियः ॥

માટે એવા જે પતિવ્રતાના અંગવાળા ભગવાનના ભક્ત છે તે જ ભગવાનને અતિશે વહાલા છે. અને તે પતિવ્રતાનું અંગ ડાહ્યાને જ આવે એમ નથી; જેને ખપ હોય તેને સૌને આવે, **જેમ આ સંસારમાં ભોળી સ્ત્રીઓ હોય ને તે પતિવ્રતા હોય અને ડાહી સ્ત્રીઓ હોય ને તે વ્યભિચારિણી હોય માટે ડાહ્યા-ભોળાનો કાંઈ મેળ નથી;** એ તો જેને કલ્યાણનો ખપ હોય તે પતિવ્રતાનું અંગ રાખીને ભગવાનની ભક્તિ કરે છે અને જે **એવી રીતે સારા-નરસા વિષયમાં સમાનબુદ્ધિ થાવી તે તો જાણે જે એક દિવસે જ એમ કરી લેઉં ને નિર્મોહી થાઉં એમ ઉતાવળે એ કામ થાતું નથી; એ તો હળવે હળવે આદર રાખે તેને થાય છે, જેમ કૂવાના કાંઠા ઉપર પથરો નાખ્યો હોય તેમાં પાણી સિંચતાં સિંચતાં દોરડી નરમ હોય તો પણ ઘણે કાળે કરીને તે પાણામાં કાપા પડે છે અને જો લોઢાની સાંકળે કરીને સિંચે તો પણ ઉતાવળો એવો કાપો ન પડે માટે કલ્યાણને અર્થે જેને યત્ન કરવું હોય તેને વિષયમાંથી આસક્તિ ટાળવી; એને વિષે આકળા થઈને અકળાઈ જાવું નહિ,** એવી રીતે ગીતામાં પણ કહ્યું છે જે :- **॥ अनेक जन्म संसिद्धस्ततो याति परां गतिम् ॥** માટે એમ વિચારવું જે, આ જન્મે જેટલી વિષયમાંથી આસક્તિ ટળશે તેટલી ટાળવી છે અને એમ કરતાં જો કાંઈક રહી ગઈ તો બીજે જન્મે કરીને ટાળવી છે પણ ભગવાનના ભક્ત છીએ તે નરક ચોરાશીમાં તો જાવું નથી, એવી રીતે ભગવાનના ભક્તને હિંમત રાખીને ધીરે ધીરે મોહનું મૂળ ઉખાડ્યાનો આદર રાખવો. અને **જ્યાં સુધી સારા ને નરસા એ બે વિષય તુલ્ય ન જણાય**

**ત્યાં સુધી એ ભગવાનનો ભક્ત સાધનદશામાં કહેવાય અને જ્યારે સારા-નરસા વિષય તુલ્ય ભાસે ત્યારે એ ભક્ત સિદ્ધદશાને પામ્યો જાણવો** અને જ્યારે વિષયમાંથી આસક્તિ મૂકીને સિદ્ધદશાને પામે છે ત્યારે એને કૃતાર્થ થયો જાણવો અને વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ એ સર્વે ગ્રંથોનો એ જ ગલિતાર્થ છે. આ જે અમે વાત કરી છે તે સર્વે શાસ્ત્રનું રહસ્ય છે માટે આ વાર્તાને સર્વે હરિભક્ત દૃઢ કરીને રાખજ્યો. **(૩)** ઈતિ વચનામૃતમ્ **॥૧॥ (૧૩૪)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦** - આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં વિષયની આસક્તિએ ને દયાએ કરીને સમાધિમાંથી પાછું અવાય છે. **(૧)** અને રમણીક વિષયમાં આસક્તિ એ મોહ થવાનો હેતુ છે, તેને સંત, ગુરુ તથા ઈષ્ટદેવ પાછો વાળે તો દ્રોહ કરે પણ વળે નહિ. **(૨)** અને આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને અમારું માહાત્મ્ય જાણવાથી મોહ ટળે ત્યારે સિદ્ધદશા આવી જાણવી ને કૃતાર્થ માનવું એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં જેની સ્તુતિ સાંભળીને તેના ઉપર દયા કરીને શ્રીજીમહારાજ સમાધિમાંથી પાછા પધાર્યા તે એવા બળવાન હરિભક્ત કોણ હશે ? અને શ્રીજીમહારાજ તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે તેમને સમાધિ કરીને શું જોવાનું હશે ?

૧ **ઉ૦** સ્તુતિ પર્વતભાઈએ કરી હતી. અને શ્રીજીમહારાજને સમાધિ કહી તે તો કથન માત્ર જ છે; એ તો પોતાના ભક્તને શીખવવા સારું એવું બતાવ્યું હતું પણ સાધનિકની પેઠે સમાધિ નહોતી; દેખાવા માત્ર જ છે.

૨ **પ્ર૦** સંત, ગુરુ ને ઈષ્ટદેવ કહ્યા તે કોને જાણવા ?

૨ **ઉ૦** * (**છે૦ ૩૫**ના ૫/૬ પાંચમા પ્રશ્નમાં) છ લક્ષણ સંતનાં કહ્યાં છે તેણે યુક્ત હોય એવા એકાંતિકને સંત જાણવા. અને શ્રીજીમહારાજના ધામમાંથી આવેલા પરમએકાંતિક તથા મૂર્તિમાં રહેલા અનાદિમુક્તને ગુરુ જાણવા. તેમનાં લક્ષણ (**વ૦ ૩**ના ત્રીજા પ્રશ્નોત્તરમાં તથા **જે૦ ૧**ના આઠમા પ્રશ્નોત્તરમાં) કહ્યાં છે. અને શ્રીજીમહારાજને ઈષ્ટદેવ જાણવા. **॥૧॥ (૧૩૪)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૨

❖સંવત ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૩ ત્રીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ રેશમના ચાકળા ઉપર બિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને મુનિ ઝાઝ-મૃદંગ લેઈને કીર્તન ગાતા હતા.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે કીર્તન રાખો; અમે વાત કરીએ છીએ, એમ કહીનેશ્રીજી
૧ મહારાજ બોલ્યા જે, **(૧)** જેને **આત્યંતિક કલ્યાણ** પામવું હોય ને નારદ-સનકાદિક જેવા સાધુ થાવું હોય તેને એમ વિચાર કરવો જે આ દેહ છે તેને વિષે જીવ રહ્યો છે અને ઈન્દ્રિયો-અંતઃકરણ છે તે જીવ સાથે વળગી રહ્યાં છે અને બાહેર પણ પંચવિષયમાં વળગી રહ્યાં છે તે અજ્ઞાને કરીને જીવ ઈન્દ્રિયો-અંતઃકરણને પોતાનું રૂપ માને છે પણ વસ્તુગતે જીવ ઈન્દ્રિયો-અંતઃકરણથી નોખો છે અને પંચવિષય છે તે અંતઃકરણ થકી નોખા છે પણ એ તો વિષયને અભ્યાસે કરીને અંતઃકરણને વિષે પંચવિષયની એકતા જણાય છે અને વિષયની જે ઉત્પત્તિ તે તો ઈન્દ્રિયો થકી થાય છે પણ અંતઃકરણમાંથી નથી થાતી, જેમ અતિશે તડકો હોય અથવા

* વચનામૃતના અંક નીચે અથવા પ્રશ્નના અંક નીચે જે અંક હોય તે બાબતનો જાણવો.

ટાઢ્ય હોય તેનો પ્રથમ બહાર ઇન્દ્રિયોને સંબંધ થાય છે પછી ઇન્દ્રિયોદ્વારે કરીને શરીરને માંહીલી કોરે તેનો પ્રવેશ થાય છે પણ એની ઉત્પત્તિ માંહીલી કોરેથી નથી; એ તો બહારથી ઉત્પન્ન થઈને માંહીલી કોરે પ્રવેશ કરે છે તેમ પંચવિષય છે તે પ્રથમ અંતઃકરણમાંથી ઊપજતા નથી; એ તો પ્રથમ ઇન્દ્રિયોને બહાર વિષયનો સંબંધ થાય છે ને પછી અંતઃકરણમાં પ્રવેશ કરે છે, માટે જેમ બહાર ગૂમડું થયું હોય તેને ઔષધ ચોપડે ત્યારે જ કરાર થાય પણ કેવળ વાર્તા સાંભળે કરાર થાય નહિ, અને જેમ ક્ષુધા-પિપાસા લાગી હોય તે ખાધે-પીધે જ નિવૃત્તિ થાય પણ અન્નજળની વાત કર્યે નિવૃત્તિ ન થાય તેમ પંચવિષયરૂપી જે રોગ છે તે તો તેનું જ્યારે ઔષધ કરીએ ત્યારે જ નિવૃત્તિ થાય તે ઔષધની રીત એમ છે જે, જ્યારે ત્વચાને સ્ત્રીઆદિક વિષયનો સ્પર્શ થાય છે ત્યારે ત્વચાદ્વારે થઈને અંતઃકરણમાં તેનો પ્રવેશ થાય છે ને અંતઃકરણદ્વારે થઈને જીવમાં પ્રવેશ કરે છે પણ મૂળ થકી વિષયની ઉત્પત્તિ જીવમાંથી પણ નથી અને અંતઃકરણમાંથી પણ નથી અને જે જે વિષય અંતઃકરણમાંથી સ્ફુરતા હશે તે પણ પૂર્વજન્મને વિષે બહારથી જ ઇન્દ્રિયોદ્વારે કરીને આવ્યા છે માટે વિષય ટાળ્યાનું એ જ ઔષધ છે જે, ત્વચાએ કરીને સ્ત્રીઆદિક પદાર્થનો સ્પર્શ તજવો ને નેત્રે કરીને તેનું રૂપ ન જોવું અને જિહ્વાએ કરીને તેની વાત ન કરવી અને કાને કરીને તેની વાત ન સાંભળવી અને નાસિકાએ કરીને તેનો ગંધ ન લેવો, એવી રીતે પંચઇન્દ્રિયોદ્વારે વિષયનો ત્યાગ દૃઢ રાખે તો બહારથી વિષયનો પ્રવાહ માંહીલી કોરે પ્રવેશ કરે નહિ, **જેમ કૂવામાં પાણીની સેર્ય આવતી હોય પછી તેને ગોદડાના ગાભા ભરીને બંધ કરે ત્યારે તે કૂવો ગળાય તેમ બાહ્ય ઇન્દ્રિયોને નિયમમાં રાખવે કરીને બાહ્ય વિષયનો અંતઃકરણમાં પ્રવેશ ન થાય,** અને જેમ ઉદરમાં રોગ થયો હોય તે તો ઉદરમાં ઔષધ જાય ત્યારે જ ટળે તેમ પ્રથમથી જે ઇન્દ્રિયદ્વારે કરીને વિષય અંતઃકરણમાં ભરાણા હોય તે તો આત્મવિચારે કરીને ટાળવા તે આત્મવિચાર એમ કરવો જે, હું આત્મા છું ને મારે વિષે ઇન્દ્રિયો-અંતઃકરણનો સંબંધ જ નથી **એમ દૃઢ વિચાર કરીને અને તે ચૈતન્યને વિષે ભગવાનની મૂર્તિ ધારીને અને પોતાના આત્મસુખ વતે કરીને પૂર્ણ રહેવું, જેમ કૂવો જળે કરીને પૂર્ણ ભરાણો હોય ત્યારે જે બહારથી પોતામાં સેર્યો આવતી હોય તેને પોતાનું પાણી ઠેલી રાખે છે પણ માંહીલી કોરે તે સેર્યના પાણીનો પ્રવેશ કરવા દે નહિ અને જો ઉલેચાઈને ઠાલો થાય તો સેર્યનું પાણી બહારથી માંહી આવે એવી રીતે આત્મસુખે કરીને માંહીલી કોરે પૂર્ણ રહેવું અને બહાર પંચઇન્દ્રિયોદ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો એ જ કામાદિકને જીત્યાનો દૃઢ ઉપાય છે, પણ એ વિના એકલા ઉપવાસે કરીને કામાદિકનો પરાજય થાતો નથી,** માટે આ વિચાર દૃઢ કરીને રાખજ્યો. **(૧)** ઇતિ વચનામૃતમ્ **॥૨॥ (૧૩૫)** ૧

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે જેને આત્યંતિક કલ્યાણ પામવું હોય ને મુક્ત થવું હોય તેને ઇન્દ્રિયોદ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો અને આત્મસુખ વતે પૂર્ણ રહેવું ને પોતાને બ્રહ્મ જે અમારું તેજ તે રૂપ માનીને તે ચૈતન્યને વિષે અમારી મૂર્તિ ધારવી, તો ઇન્દ્રિયોદ્વારે થઈને અંતઃકરણમાં આવેલા વિષય નિવૃત્ત થાય છે ને તેનું કલ્યાણ થાય છે; આમાં નારદ, સનકાદિક નામે પોતાના મુક્તોને કહ્યા છે. **(૧)** બાબત છે. **॥૨॥ (૧૩૫)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૩

❖સંવત ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ ચાકળા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પોતાની આગળ પરમહંસ ઝાઝ-મૃદંગ લેઈને કીર્તન ગાતા હતા.

પછી શ્રીજીમહારાજ નેત્રકમળની સાને કરીને સૌને છાના રાખીને બોલ્યા જે, મોટેરા મોટેરા પરમહંસ હો તે આગળ આવો; વાત કરવી છે. એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા
૧ જે, **(૧)** જે ભગવાનને ભજતા હોય તેને મોટી પદવી પામ્યાના બે ઉપાય છે અને પડ્યાના પણ બે ઉપાય છે તે કહીએ છીએ જે, એક તો રસિક માર્ગે કરીને ભગવાનની ભક્તિ કરવી અને બીજો આત્મજ્ઞાન એ બે મોટ્યપ પામ્યાના પણ માર્ગ છે અને પડ્યાના પણ છે, તેમાં રસિક માર્ગે તો હજારો ને લાખો પડી ગયા છે અને ભગવાનને તો કોઈક પામ્યો હશે અને મોટા મોટા આચાર્ય થયા તેણે પણ રસિક માર્ગે કરીને ભક્તિ કરાવી છે પણ તેમાં બગાડ ઘણાને થયો છે ને સારું તો કોઈકનું થયું છે. કાં જે રસિકપણે કરીને જ્યારે ભગવાનનું વર્ણન કરે ત્યારે ભગવાન ભેળું રાધિકાજી તથા લક્ષ્મીજી તથા તેની સખીઓ તેનું પણ વર્ણન આવે અને જ્યારે સ્ત્રીઓનું વર્ણન આવે ત્યારે તો તેનાં અંગોઅંગનું વર્ણન થાય ત્યારે વર્ણનના કરનારાઓનું મન નિર્વિકાર કેમ રહે ? અને ઇન્દ્રિયોનો તો એ જ સ્વભાવ છે જે, સારો વિષય હોય તે ઉપર જ પ્રીતિ હોય અને રાધિકાજી ને લક્ષ્મીજી તેના જેવું તો ત્રિલોકીમાં કોઈ સ્ત્રીનું રૂપ હોય નહિ અને એના જેવી કોઈની બોલી પણ મીઠી ન હોય અને એના દેહનો સુગંધ પણ અતિશે હોય માટે એવા રૂપને દેખીને અથવા સાંભળીને કિયે પ્રકારે મોહ ન થાય ? એ તો થાય જ. અને લેશમાત્ર જો મન વિકાર પામે તો તે કલ્યાણના માર્ગમાંથી પડ્યો માટે રસિકની રીતે જે ભગવાનને ભજે તેને એ મોટું વિઘ્ન છે, અને બ્રહ્મજ્ઞાનમાં તો આવી રીતે અવળું સમજાય છે જે, જે બ્રહ્મ છે તે જ પ્રકૃતિપુરુષરૂપે થાય છે, અને પછી તે જ બ્રહ્મ બ્રહ્મા, વિષ્ણુ, શિવરૂપે થાય છે, ને પછી તે જ બ્રહ્મ સ્થાવર-જંગમરૂપે થાય છે, અને તે સ્થાવર-જંગમરૂપ જે આકાર તેને વિષે રહ્યા જે જીવ તે રૂપે પણ બ્રહ્મ થાય છે, એવી રીતે બ્રહ્મજ્ઞાનને અવળું સમજીને પછી સમજનારો પોતાના જીવને પણ ભગવાન જાણે છે. ત્યારે એમ સમજનારાને ઉપાસનાનો ભંગ થયો માટે એ પણ ભગવાનના માર્ગ થકી પડ્યો, એવી રીતે બ્રહ્મજ્ઞાનમાં પણ ઉપાસનાનું ખંડન થાય એ મોટું વિઘ્ન છે, કાં જે સમજી-સમજીને સર્વના કારણ અને સર્વના સ્વામી એવા જે ભગવાન તેનું જ ખંડન થયું; માટે એમ સમજનારો પણ કલ્યાણના માર્ગ થકી પડ્યો જાણવો, અને એ બે માર્ગ છે તે કલ્યાણના છે અને એ બેમાં વિઘ્ન પણ અતિ મોટાં છે માટે જે કલ્યાણને ઇચ્છતો હોય તેને કેમ કરવું ? એ પ્રશ્ન છે તેનો ઉત્તર

કરો. પછી સર્વ પરમહંસ વિચારી રહ્યા પણ કોઈથી ઉત્તર ન થયો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો ઉત્તર તો એ છે **જે, જેમ પોતાની માતા હોય અથવા બહેન હોય તથા દીકરી હોય તે ઘણી રૂપવાન હોય તો પણ તેને દેખીને મનને વિષે વિકાર થાતો નથી, તેમ જ તેની સાથે બોલે છે, સ્પર્શ કરે છે તો પણ મનને વિષે લેશમાત્ર વિકાર થાતો નથી, એવી રીતે ભગવાનના ભક્ત જે બાઈઓ હોય તેને વિષે મા, બહેન ને દીકરી તેની બુદ્ધિ રહે તો કોઈ રીતે વિકાર થાય નહિ અને રસિક માર્ગે કરીને ભગવાનને ભજીને અભયપદને પામે;** અને જ્યારે એમ ન સમજે અને કોઈ મોટા ભગવાનના ભક્ત બાઈઓ હોય તેને દેખીને અવળું સમજે ત્યારે એને મોટો દોષ લાગે અને જે અન્ય સ્ત્રીને દેખવે કરીને દોષ લાગ્યો હોય તે તો ભગવાનના ભક્તને દર્શને કરીને ટળે છે અને ભગવાનના ભક્તને જોઈને જે દોષ લાગ્યો હોય તેને ટાળ્યાનો ઉપાય શાસ્ત્રમાં કહ્યો જ નથી તેમ જ ભગવાનનો ભક્ત જે પુરુષ હોય તેને દેખીને જે સ્ત્રી અવળું સમજે તેને પણ એ પાપ થકી કોઈ કાળે છુટાય નહિ ત્યાં શ્લોક :-

**अन्य क्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनष्यति ।**
**तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्योति ॥**

એ શ્લોકનો અર્થ એ છે જે બીજે ઠેકાણે પાપ કર્યું હોય તે તો ભગવાન કે ભગવાનના ભક્ત પાસે ગયે છૂટે અને ભગવાન ને ભગવાનના ભક્ત પાસે જઈને જે પાપ કરે તે તો તીર્થક્ષેત્રનું પાપ છે તે વજ્રલેપ થાય છે. માટે જેને રસિક માર્ગે કરીને ભગવાનને ભજવા હોય તેને તો જે રીતે અમે વાત કરી તેવી રીતે નિર્દોષ બુદ્ધિ રાખવી. **(૧)** હવે જે બ્રહ્મજ્ઞાનનો માર્ગ છે ૧
તેમાં તો એમ સમજવું જે, જે બ્રહ્મ છે તે તો નિર્વિકાર છે ને નિરંશ છે માટે એ વિકારને પામે નહિ ને એના અંશ પણ થાય નહિ, અને બ્રહ્મને જે સર્વરૂપે કહે છે તેનું તો એમ છે જે, એ બ્રહ્મ જે તે પ્રકૃતિપુરુષ આદિક સર્વેનું કારણ છે ને આધાર છે, માટે જે કારણ ને આધાર હોય તે કાર્ય થકી પૃથક્ હોય નહિ એ સમજણને લેઈને એ બ્રહ્મને શાસ્ત્ર જે તે સર્વરૂપ કહે છે, પણ એ બ્રહ્મ જ વિકાર પામીને ચરાચર જીવરૂપે થઈ ગયું એમ ન સમજવું. અને એ બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમનારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે એમ સમજીને પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી, એવી રીતે સમજે ત્યારે બ્રહ્મજ્ઞાન છે તે પણ પરમપદને પામ્યાનો નિર્વિઘ્ન માર્ગ છે. **(૨)** ઇતિ વચનામૃતમ્ **॥૩॥ (૧૩૬)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦** - આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, રસિક માર્ગવાળો ભક્ત બાઈઓને વિષે મા, બહેન, દીકરીનો ભાવ રાખે તો વિકાર ન થાય અને અમને ભજીને મોક્ષ પામે અને અવળું સમજે તો મોક્ષના માર્ગ થકી પડી જાય છે. **(૧)** અને પ્રકૃતિપુરુષાદિક સર્વેનું કારણ ને આધાર ને નિર્વિકાર ને નિરંશ ને વ્યાપક એવું જે બ્રહ્મ તે અમારું તેજ છે એમ સમજે અને એ બ્રહ્મના પણ કારણ ને આધાર ને મૂર્તિમાન અમને સમજે અને એ બ્રહ્મરૂપ થઈને અમારી સ્વામી-સેવકભાવે ઉપાસના કરે તો નિર્વિઘ્ન થકો પરમપદ જે અમારી હજૂર સેવા તેને પામે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં બાઈઓને વિષે મા, બહેન, દીકરીનો ભાવ રાખે તો વિકાર ન થાય એમ કહ્યું અને (**લો૦ ૧૦**ના ૫/૭ પાંચમા પ્રશ્નમાં) પોતાની મા-બહેનને વિષે વિકાર પામે એમ કહ્યું છે તે કેમ સમજવું ?

૧ **ઉ૦** (**લો૦ ૧૦**માં) અશુભ દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દીક્ષા, ઉપદેશ ને દેવતા તેને યોગે મલિન બુદ્ધિ થઈ ગઈ હોય તેનાં ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ એ ત્રણે ભળે ત્યારે તે પોતાની મા, બહેન, દીકરીને વિષે વિકાર પામે એમ કહ્યું છે, અને આમાં તો જ્ઞાનીની વાત છે માટે વિરોધ નથી એમ સમજવું.

૨ **પ્ર૦** બીજી બાબતમાં પરબ્રહ્મને બ્રહ્મથી પર ને નોખા કહ્યા તે બ્રહ્મ તો પરબ્રહ્મનું તેજ છે, તે તેજથી પરબ્રહ્મને નોખા શી રીતે સમજવા ?

૨ **ઉ૦** (**પ્ર૦ ૪૫**માં) શ્રીજી મહારાજે પોતાના તેજને સચ્ચિદાનંદ બ્રહ્મ નામે કહ્યું છે તથા (**મ૦ ૧૦**માં) બ્રહ્મ છે તે તો પુરુષોત્તમ ભગવાનની કિરણ છે તથા (**૧૩**/૨માં) પોતાના તેજને બ્રહ્મ નામે કહ્યું છે અને (**પ્ર૦ ૬૪**/૧માં) અશરીરી જે પ્રકાશ તેના સૂર્ય-અગ્નિ જેમ આત્મા છે તેમ અશરીરી જે બ્રહ્મ તેના પુરુષોત્તમ ભગવાન આત્મા છે, તથા (**પ્ર૦ ૬૬**/૧માં) બ્રહ્મસત્તારૂપ કોટી સૂર્ય જેવો પ્રકાશ છે તે તો પુરુષોત્તમ ભગવાનની મૂર્તિનો છે તથા (**પં. ૧૧**/૧માં) પોતાના અંગ એટલે મૂર્તિના પ્રકાશને અક્ષરબ્રહ્મ નામે કહ્યું છે માટે પોતાનો જ પ્રકાશ છે પણ શરીર-શરીરી, આધાર-આધેય ને કાર્ય-કારણભાવે નોખા કહ્યા છે. **॥૩॥ (૧૩૬)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૪

❖સંવત ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર મેડીની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પરમહંસ દુકડ, સરોદા, સતાર વજાડીને મલાર રાગના કીર્તન ગાતા હતા.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે કીર્તન ગાવવાં રે'વા દ્યો, હવે તો પરમેશ્વરની વાર્તા કરીએ.
૧ પછી પરમહંસે કહ્યું જે સારુ મહારાજ. પછી શ્રીજીમહારાજે પ્રશ્ન કર્યો જે, **(૧)** શાસ્ત્રમાં કહ્યા એવા ધર્મ પાળતો હોય અને ભગવાનની ભક્તિ પણ કરતો હોય ને તેને એવો આપત્કાળ આવે જે ભક્તિ રાખવા જાય તો ધર્મ જાય ને ધર્મ રાખવા જાય તો ભક્તિ જાય ત્યારે કેને રાખવો ને કેનો ત્યાગ કરવો ? પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, જો ભગવાન ભક્તિ રાખ્યે રાજી હોય તો ભક્તિ રાખવી અને જો ધર્મ રાખ્યે રાજી હોય તો ધર્મ રાખવો. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, જેને **પ્રગટ ભગવાન** મળ્યા હોય તેને તો જેમ ભગવાન રાજી હોય તેમ જ કરવું એ ઠીક છે, પણ જ્યારે ભગવાનનું પરોક્ષપણું હોય ત્યારે કેમ કરવું ? પછી મુક્તાનંદ સ્વામી એનો ઉત્તર કરવા લાગ્યા પણ થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્યારે ભગવાન પરોક્ષ હોય ને આપત્કાળ પડે ને કાંઈ ન રહે ત્યારે તો ભગવાનનું એક અખંડ ચિંતવન કરવું તો એ ભગવાનના માર્ગ થકી પડે નહિ. **(૧)** ૧

૨ પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** જે ભગવાનનો મહિમા અતિશે સમજતો હોય તેણે કરીને એમ જાણે જે ગમે તેટલાં પાપ કર્યાં હોય ને જો ભગવાનનું એક નામ લીધું હોય

તો સર્વે પાપ બળીને ભસ્મ થઈ જાય એવું માહાત્મ્ય સમજતો હોય તેને કેઈ રીતે સમજે ત્યારે ધર્મમાંથી ડગાય નહિ ? પછી મુક્તાનંદ સ્વામીએ એ પ્રશ્નનો ઉત્તર કરવા માંડ્યો પણ થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે ભગવાનનો મહિમા અતિશે જાણતો હોય તેને તો આવી રીતે સમજાય ત્યારે ધર્મમાં રહેવાય જે મારે તો અખંડ ભગવાનનું ચિંતવન કરીને એકાંતિક ભક્ત થાવું છે અને જો કામ, ક્રોધ-લોભાદિક વિકારને વિષે મારી વૃત્તિ જાશે તો મારે ભગવાનના ચિંતવનમાં એટલો વિક્ષેપ થાશે એમ જાણીને કુમાર્ગ થકી અતિશે જ ડરતો રહે અને અધર્મને વિષે કોઈ કાળે પ્રવર્તે જ નહિ, એવી રીતે સમજે તો ભગવાનનું માહાત્મ્ય અતિશે સમજતો હોય તો પણ ધર્મમાંથી કોઈ કાળે પડે નહિ અને ભગવાનનું જે અખંડ ચિંતવન થાવું તે કાંઈ થોડી વાત નથી ને ભગવાનનું ચિંતવન કરતાં કરતાં જો દેહ મૂકે તો તે અતિ મોટી પદવીને પામે છે. **(૨)** ૨

૩ પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** એમ જાણીએ છીએ તો પણ અખંડ ચિંતવન રહેતું નથી એનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એક તો અખંડ ચિંતવન થાય એવી શ્રદ્ધા જોઈએ અને જ્યારે એવી શ્રદ્ધા ન હોય ત્યારે તેટલું માહાત્મ્ય જાણ્યામાં પણ ઓછ્યપ છે અને જ્યારે માહાત્મ્ય જાણ્યામાં ઓછ્યપ છે ત્યારે **ભગવાનના સ્વરૂપના નિશ્ચયમાં પણ એટલી ઓછ્યપ છે માટે જો ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય તથા શ્રદ્ધા હોય તો અખંડ ચિંતવન થાય.** તે માહાત્મ્ય એમ જાણવું જે, ભગવાન તો જેવા પ્રકૃતિપુરુષ થકી પર છે તેવા ને તેવા જ પ્રકૃતિપુરુષમાં આવ્યા છે તો પણ પ્રતાપે યુક્ત છે, અને પ્રકૃતિપુરુષનું કાર્ય જે બ્રહ્માંડ તેને વિષે આવ્યા છે તો પણ ભગવાન તેવા ને તેવા પ્રતાપે યુક્ત છે, પણ ભગવાનની મૂર્તિને વિષે કોઈ રીતે માયાનો લેશ અડતો નથી, જેમ અન્ય ધાતુ છે ને સોનું પણ છે તેને ભેળાં કરીને પૃથ્વીમાં દાટે તો સોના વિના અન્ય ધાતુ છે તે સર્વે ઘણે કાળે કરીને ધૂડ્ય ભેળાં ધૂડ્ય થઈ જાય અને સોનું હોય તે તો જેમ પૃથ્વીમાં રહે તેમ વૃદ્ધિ પામે પણ ઘટે નહિ તેમ ભગવાન અને બીજા જે બ્રહ્માદિક દેવ તથા મુનિ તે કાંઈ સરખા નથી, કેમ જે જ્યારે વિષયરૂપી ધૂડ્યનો યોગ થાય ત્યારે ભગવાન વિના બીજા ગમે તેવા મોટા હોય તો પણ વિષયમાં એકરસ થઈ જાય અને ભગવાન તો મનુષ્ય જેવા જણાતા હોય તો પણ એને માયિક પદાર્થ બાધ કરવા સમર્થ થાય નહિ અને ગમે તેવા વિષય હોય તો તેમાં કોઈ દિવસ લોપાય નહિ એવું ભગવાનનું અલૌકિક સામર્થ્ય છે, એમ ભગવાનનું માહાત્મ્ય જાણે તો તેને ભગવાનનું અખંડ ચિંતવન થાય અને જ્યાં સુધી વિષયનો લીધો લેવાય ત્યાં સુધી એ ભક્તે ભગવાનનો અલૌકિક મહિમા જાણ્યો નથી અને જો ઉદ્ધવજી હતા તેને ભગવાને એમ કહ્યું જે, ઉદ્ધવ હું થકી અણુ માત્ર ન્યૂન નથી તે શા માટે જે ઉદ્ધવજીએ અલૌકિક ભગવાનનું માહાત્મ્ય જાણ્યું હતું ને પંચવિષયના લીધા લેવાતા નહોતા અને **જેને ભગવાનનો મહિમા સમજાય છે તેને રાજ્ય હોય અથવા ભીખ માગી ખાય તે બેય સરખું વર્તે અને બાળક સ્ત્રી અને સોળ વર્ષની સ્ત્રી અને**

**એંશી વર્ષની સ્ત્રી તે સર્વેમાં સરખો ભાવ વર્તે અને જે જે સંસારમાં સારું-નરસું પદાર્થ હોય તે સર્વેમાં સરખી ભાવના રહે પણ સારા પદાર્થમાં પતંગિયાની પેઠે અંજાઈ જાય નહિ અને ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં લોભાય નહિ; એક ભગવાનની મૂર્તિમાં જ લોભાય ને એવી રીતે વર્તતો હોય તે ભક્ત ગમે તેવા મોટા વિષય હોય તેમાં બંધાય નહિ અને જો એવો મર્મ ન સમજાણો હોય તો ફાટેલ ગોદડી તથા તુંબડી તેમાંથી પણ મનને ઉખેડવું મહામુશ્કેલ છે, માટે આવી રીતે ભગવાનની મૂર્તિનું માહાત્મ્ય જાણ્યા વિના બીજા કોટી સાધન કરે તો પણ ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન થાતું નથી અને જે ભગવાનના સ્વરૂપનો મહિમા જાણે છે તેને જ ભગવાનનું અખંડ ચિંતવન થાય છે. (૩)** ઇતિ વચનામૃતમ્ **॥૪॥ (૧૩૭) ૩**

**રહસ્યાર્થ પ્રદી૦ -** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમે પ્રત્યક્ષ હોઈએ ત્યારે અમે ભક્તિ રાખ્યે રાજી હોઈએ તો ભક્તિ રાખવી અને ધર્મ રાખ્યે રાજી હોઈએ તો ધર્મ રાખવો અને અમે મનુષ્યરૂપે વિચરતા ન હોઈએ ને આપત્કાળ પડે ત્યારે અમારું અખંડ ચિંતવન કરવું. તો મોક્ષના માર્ગમાંથી પડાય નહિ. **(૧)** બીજામાં અમારું સ્વામિનારાયણ એવું નામ એક વાર લીધું હોય તો સર્વ પાપ બળીને ભસ્મ થઈ જાય એવું અતિશે માહાત્મ્ય જાણતો હોય તે એમ વિચારે જે હું કામાદિકમાં પ્રવર્તીશ તો મારે શ્રીજીમહારાજના ચિંતવનમાં વિક્ષેપ થશે અને તેથી એકાંતિક નહિ થવાય એમ ડરતો રહે તો તે ધર્મમાંથી પડે નહિ અને મોક્ષને પામે. **(૨)** ત્રીજામાં અમારું માહાત્મ્ય ને શ્રદ્ધા એ બે હોય તો અમારું અખંડ ચિંતવન થાય ને વિષયમાં લેવાય નહિ ને જેટલો અમારો મહિમા જણાય તેટલો જ નિશ્ચય થાય છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં ભક્તિ રાખવા જાય તો ધર્મ જાય ને ધર્મ રાખવા જાય તો ભક્તિ જાય એમ કહ્યું તે એવો આપત્કાળ શો હશે ?

૧ **ઉ૦** શરીરમાં રોગાદિક ઉપદ્રવ હોય તથા વૃદ્ધાવસ્થા હોય તથા આંખે થોડું દેખાતું હોય એ આપત્કાળ કહેવાય. તે આપત્કાળમાં વહેલું ઊઠીને નાવા-ધોવાનું બની શકે નહિ, ને મોડું નવાય, તે વખતે કથા થાતી હોય ને પૂજા કરવી હોય તે પૂજા કરવા રહે તો કથા જાતી રહે ને કથા સાંભળવા જાય તો પૂજા રહી જાય, ત્યારે પહેલી કથારૂપી શ્રવણભક્તિ કરવી અને પછી પૂજા, મંત્ર, જપ તે કરવા તો બેય રહે; અને દીર્ઘરોગ આવે કે રાજા બંદીખાને નાખે ત્યારે કર્મકાંડરૂપી ધર્મ તથા સેવા-શ્રવણરૂપી ભક્તિ એ કાંઈ ન રહે ત્યારે શ્રીજીમહારાજનું અખંડ ચિંતવન કરવું તો કલ્યાણના માર્ગથી પડે નહિ.

૨ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં માહાત્મ્ય કહ્યું તેમાં જેવા પ્રકૃતિપુરુષથી પર છીએ તેવા ને તેવા જ પ્રકૃતિપુરુષમાં આવ્યા છીએ તો પણ પ્રતાપે યુક્ત છીએ, ને તેવા ને તેવા જ બ્રહ્માંડને વિષે આવ્યા છીએ તો પણ પ્રતાપે યુક્ત છીએ, એમ શ્રીજીમહારાજે કહ્યું તે પ્રકૃતિપુરુષમાં કેવી રીતે આવ્યા છે ? અને બ્રહ્માંડમાં કેવી રીતે આવ્યા છે ?

૨ **ઉ૦** પ્રકૃતિપુરુષાદિકને વિષે અંતર્યામીપણે અન્વય સ્વરૂપે રહ્યા છે તો પણ તે તે ઉપાધિએ રહિત છે પણ કોઈની ઉપાધિ અડતી નથી, અને બ્રહ્માંડને વિષે કલ્યાણ કરવા મનુષ્યરૂપે દર્શન આપે છે તો પણ જેવા અક્ષરધામમાં દિવ્ય છે તેવા ને તેવા દિવ્ય છે પણ માયિક વિકાર કોઈ અડતો નથી એમ સમજવું.

૩ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં અમારું માહાત્મ્ય તથા નિશ્ચય જાણવામાં ઓછ્યપ છે તેથી અમારું ચિંતવન થતું નથી એમ શ્રીજીમહારાજે કહ્યું તેમાં ઓછ્યપ શી હશે ?

૩ **ઉ૦** મનુષ્યભાવે સહિત મહિમા જાણ્યો છે, પણ દિવ્યભાવે સહિત મહિમા જાણ્યામાં આવ્યો નથી એ કસર છે, તેથી અખંડ ચિંતવન થતું નથી.

૪ **પ્ર૦** દિવ્યભાવે સહિત મહિમા ન જાણ્યો હોય તેનું આ દેહે કલ્યાણ થાય કે જન્મ ધરવો પડે ?

૪ **ઉ૦** જ્યાં સુધી દિવ્યભાવે સહિત મહિમા ન સમજાય ત્યાં સુધી જન્મ ધરવો પડે ખરો. **॥૪॥ (૧૩૭)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૫

❖સંવત ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૭ સાતમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ ઓટા ઉપર ચાકળો નખાવીને વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને મુનિ તાળ-મૃદંગ લેઈને કીર્તન ગાવતા હતા.

૧ પછી શ્રીજીમહારાજ નેત્રકમળની સાને કરીને તે કીર્તન રખાવીને બોલ્યા જે, **(૧)** સર્વે સાંભળો એક વાત કરીએ છીએ જે, **જે ભગવાનના ભક્ત હોય તેને એકપતિવ્રતાનો ધર્મ રાખવો અને બીજું શૂરવીરપણું રાખવું, જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાનો પતિ વૃદ્ધ હોય તથા રોગી હોય તથા નિર્ધન હોય તથા કુરૂપ હોય, પણ પતિવ્રતા સ્ત્રીનું મન કોઈ બીજા પુરુષના રૂડા ગુણ દેખીને ડોલે જ નહિ અને જો રાંકની સ્ત્રી હોય ને તે જો પતિવ્રતા હોય તો મોટો રાજા હોય તો પણ તેને દેખીને તે પતિવ્રતાનું મન ચળે જ નહિ, એવી રીતે ભગવાનના ભક્તને પતિવ્રતાનો ધર્મ ભગવાનને વિષે રાખવો અને પોતાના પતિનું કોઈ ઘસાતું બોલે તે ઠેકાણે કાયર થઈને ગળી જાવું નહિ; અતિશે શૂરવીર થઈને જવાબ દેવો પણ પાજીપલાવની છાયામાં ભગવાનના ભક્તને દબાવું નહિ એવી રીતે શૂરવીરપણું રાખવું. (૧)** અને લોકમાં ૧
એમ કહે છે જે, સાધુને તો સમદૃષ્ટિ જોઈએ પણ એ શાસ્ત્રનો મત નથી કેમ જે નારદ-સનકાદિક ને ધ્રુવ-પ્રહ્‌લાદાદિક તેમણે ભગવાનનો ને ભગવાનના ભક્તનો જ પક્ષ રાખ્યો છે, પણ વિમુખનો પક્ષ કોઈએ રાખ્યો નથી અને જે વિમુખનો પક્ષ રાખતો હશે તે આ જન્મે અથવા બીજા જન્મે જાતો જરૂર વિમુખ થાશે, માટે જે ભગવાનના ભક્ત હોય તેને જરૂર ભગવદિનો પક્ષ રાખ્યો જોઈએ અને વિમુખનો પક્ષ ત્યાગ્યો જોઈએ, આ અમારી વાર્તાને સર્વે અતિ દૃઢ કરીને રાખજ્યો. **(૨)** ઈતિ વચનામૃતમ્ **॥૫॥ (૧૩૮)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦ -** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં અમારે વિષે પતિવ્રતાપણું ને શૂરવીરપણું રાખવું ને તમારા પતિ એવા જે અમે તે અમારું કોઈ ઘસાતું બોલે એવા પાજીપલાવની છાયામાં દબાવું નહિ. **(૧)** અને અમારો ને અમારા ભક્તનો પક્ષ રાખવો ને વિમુખનો પક્ષ રાખે તે વિમુખ થાય એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૨)** બાબતો છે. **॥૫॥ (૧૩૮)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૬

❖❖સંવત ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૮ અષ્ટમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ વેદી ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પરમહંસ તાળ, મૃદંગ લેઈને કીર્તન ગાતા હતા.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, કીર્તન રાખો, હવે ભગવદ્વાર્તા કરીએ. પછી સર્વે મુનિ હાથ

૧ જોડીને બેઠા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** આ સંસારમાં કેટલાક યવન સરખા જીવ હોય તે એમ કહે છે જે, ગંગાજીનું પાણી ને બીજું પાણી એ બેય સરખાં જણાય છે ને શાલગ્રામ ને બીજા પાણા તે સરખા જણાય છે ને તેમ જ તુળસી ને બીજાં ઝાડ તે સરખાં જણાય છે ને બ્રાહ્મણ ને શૂદ્ર છે તે પણ સરખાં જણાય છે અને ઠાકોરજીની પ્રસાદી અન્ન ને બીજું અન્ન તે બેય સરખાં જણાય છે ને એકાદશીને દિવસ ભૂખ્યા રહ્યા ને બીજે દિવસ ભૂખ્યા રહ્યા તે બેય સરખાં જણાય છે ને સાધુ ને અસાધુ બેય સરખા જણાય છે, તે માટે આ વિધિ-નિષેધનો જે વિભાગ તે મોટાપુરુષ કહેવાણા તેણે શા સારુ શાસ્ત્રમાં કહ્યો હશે ? એમ દુષ્ટ મતિવાળા જે જીવ છે તે કહે છે માટે સર્વે સંતને અમે આ પ્રશ્ન પૂછીએ છીએ જે, એ વિધિ-નિષેધનો વિભાગ મોટાપુરુષે શાસ્ત્રમાં કહ્યો છે તે સાચો છે કે કલ્પિત છે ? તે પ્રશ્નનો ઉત્તર નાના નાના પરમહંસ હોય તે કરો. પછી નાના નાના પરમહંસ હતા તે બોલ્યા જે, વિધિ-નિષેધનો ભેદ તો સત્ય છે ને એમ ન હોય તો સ્વર્ગ-નરક કેને માથે કહેવાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, નાના છે પણ સારી દિશ ઉપર સમજે છે, એમ કહીને શ્રીજીમહારાજે એનો ઉત્તર કરવા માંડ્યો જે, મોટાપુરુષે જે શાસ્ત્રમાં પ્રતિપાદન કર્યું છે તે સર્વે સત્ય છે ત્યાં દૃષ્ટાંત છે જે, જેમ કોઈક મોટો શાહુકાર હોય ને તે કોઈને હૂંડી લખી આપે ત્યારે કાગળમાં તો એકે રૂપિયો જણાતો નથી પણ રૂપિયા સાચા છે તે જ્યારે એ હૂંડી જે શાહુકાર ઉપર લખી હોય તેને આપે ત્યારે એ હૂંડીમાંથી જ રૂપિયાનો ઢગલો થાય છે તેમ મોટાપુરુષની આજ્ઞાએ કરીને જે ધર્મ પાળે ત્યારે હમણાં તો કાંઈ વિધિ-નિષેધમાં વિશેષ જણાતું નથી પણ અંતે **મોટાપુરુષની આજ્ઞા પાળનારાનું કલ્યાણ થાય છે,** જેમ હૂંડીમાંથી રૂપિયા નીસરે છે તેમ. અને જે સમર્થ શાહુકારે હૂંડી લખી હોય અને તેનો વિશ્વાસ ન કરે તેને મૂર્ખ જાણવો અને તેને તે શાહુકારના પ્રતાપની ખબર જ નથી તેમ નારદ, સનકાદિક, વ્યાસ, વાલ્મિક ઈત્યાદિક જે મોટાપુરુષ તેના વચનનો જેને વિશ્વાસ નથી તેને નાસ્તિક જાણવો ને મહા પાપીષ્ઠ જાણવો અને વળી જે નાસ્તિક મતિવાળા હોય તેને એમ સમજાય છે જે બીજા પાણામાં ને ઠાકોરજીની મૂર્તિમાં શો ફેર છે ? સર્વે પાણા એકસરખા છે, ને પરણેલ સ્ત્રી ને ન પરણેલ સ્ત્રી તેમાં શો ફેર છે ? સર્વે સ્ત્રી સરખી છે, અને ઘરની સ્ત્રી ને મા-બહેન તેમાં શો ફેર છે ? સર્વેનો સરખો જ આકાર છે, અને રામકૃષ્ણાદિક જે ભગવાનની મૂર્તિઓ તે પણ સર્વે મનુષ્ય જેવી છે માટે અધિક-ન્યૂન ભાવ તો માણસે કલ્પીને ઊભો કર્યો છે, પણ શું કરીએ માણસ ભેળું રહેવું તે માણસની હા એ હા કહી જોઈએ પણ વિધિ-નિષેધનો માર્ગ છે તે ખોટો છે એમ પાપી એવા જે નાસ્તિક તે પોતાના મનમાં સમજે છે માટે જેની આવી જાતની બોલી સાંભળીએ તેને પાપીષ્ઠ જાણવો ને નાસ્તિક જાણવો અને એને ચાંડાળ જાણીને એનો કોઈ પ્રકારે સંગ રાખવો નહિ. **(૧)** ૧

૨ અને વળી શ્રીજીમહારાજે બીજી વાર્તા કરી જે, **(૨)** મનુષ્ય માત્રનું ચિત્ત કેવું છે તો, જેમ

મધ હોય અથવા ગોળ, સાકર, ખાંડ તેનું ઘાટું પાણી હોય તે સરખું છે, મધમાં કે ગોળ, સાકર, ખાંડના પાણીમાં માખી, કીડી, મંકોડો જે આવે તે ચોંટી રહે અને મનુષ્ય જો હાથ અડાડે તો માણસને આંગળીએ પણ ચોંટી જાય, તેમ ચિત્તનો સ્વભાવ એવો છે જે, જે જે પદાર્થ સાંભરે તે તે પદાર્થમાં ચોંટી જાય છે તે જો પથરો તથા કચરો તથા કૂતરાનો મળ એ આદિક જે નકારી વસ્તુ હોય તેમાં તો લેશમાત્ર સુખ નથી તો પણ એ નકારી વસ્તુમાં પણ ચિત્ત વળગે છે અને તે સાંભરી આવ્યું હોય તો તેનું પણ ચિંતવન કરે છે એવો એનો વળગવાનો સ્વભાવ છે, જેમ મોટું કાચનું દર્પણ હોય તેમાં મોટા સાધુ આવે તો તેનું પણ પ્રતિબિંબ દેખાય તથા કૂતરાં, ગધેડાં, ચંડાળાદિક જે જે આવ્યાં હોય તો તેનું પણ પ્રતિબિંબ તેમ જ દેખાય તેમ ચિત્તને વિષે અતિ નિર્મળપણું છે તે જે પદાર્થ સાંભરે તે દેખાઈ આવે છે એમાં સારા-નરસાનો કાંઈ મેળ નથી, માટે જે મુમુક્ષુ હોય તેને એમ ન વિચારવું જે મારે વૈરાગ્ય નથી તે માટે સ્ત્રીઆદિક પદાર્થ મારા ચિત્તમાં સ્ફુરે છે; એ તો જે વૈરાગ્યવાન હોય તેના ચિત્તમાં પણ જે સમે જે પદાર્થ આવ્યું તે સહેજે સ્ફુરી આવે છે માટે વૈરાગ્ય-અવૈરાગ્યનું કાંઈ કારણ નથી, એ તો ચિત્તનો સ્વભાવ જ એવો છે જે, ભલું અથવા ભૂંડું જે સાંભર્યું તેને ચિંતવે અને જ્યારે જે પદાર્થનું ચિંતવન કરે ત્યારે તે પદાર્થ જેમ દર્પણમાં દેખાય તેમ દેખાઈ આવે તે માટે એમ જાણવું જે, હું તો એ ચિત્ત થકી જુદો છું અને હું તો એનો જોનારો આત્મા છું, એમ જાણીને ચિત્તના સારા-ભૂંડા ઘાટે કરીને ગ્લાનિ પામવી નહિ; પોતાને ચિત્ત થકી જુદો જાણીને ભગવાનનું
ભજન કરવું અને સદાય આનંદમાં રહેવું. **(૨)** ઈતિ વચનામૃતમ્ ॥૬॥ **(૧૩૯)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦** - આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં બીજું કૃપાવાક્ય છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે કે વિધિ-નિષેધ સત્ય છે અને મોટાપુરુષની આજ્ઞા પાળનારાનું કલ્યાણ થાય છે ને મોટાપુરુષના વચનનો વિશ્વાસ ન હોય ને વિધિ-નિષેધને ખોટા કહે તે પાપીષ્ઠ, નાસ્તિક ને ચંડાળ છે ને એનો સંગ રાખવો નહિ. **(૧)** બીજામાં ઘાટ-સંકલ્પમાં ચિત્તથી પોતાના જીવાત્માને જુદો માનીને અમારું ભજન કરવું એમ નવા આદરવાળાને હિંમત આપી છે. **(૨)** બાબતો છે. ॥૬॥ **(૧૩૯)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૭

❖ સંવત ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૧૧ એકાદશીને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** ભગવાનનો ભક્ત હોય તેના મનમાં તો એમ હોય જે ભગવાનના ભજનમાં અંતરાય કરે એવો એકે સ્વભાવ રાખવો નથી, તો ય પણ અયોગ્ય સ્વભાવ રહી જાય તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને વૈરાગ્યની દુર્બળતા હોય તેને ટાળ્યાની શ્રદ્ધા હોય તો ય સ્વભાવ ટળે નહિ, જેમ દરિદ્રી હોય તે ઘણો સારાં સારાં ભોજન ને સારાં સારાં વસ્ત્રને ઈચ્છે પણ તે ક્યાંથી મળે ? તેમ

વૈરાગ્યહીન હોય તેના હૃદયમાં ઈચ્છા તો હોય પણ સાધુતાના ગુણ આવવા ઘણા દુર્લભ છે. **(૧)** ૧

૨ પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** જેને વૈરાગ્ય ન હોય તે શો ઉપાય કરે ત્યારે વિકાર ટળે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જે વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય તેની અતિશે સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે પછી પરમેશ્વર તેને કૃપાદૃષ્ટિએ કરીને જુએ જે, આ બિચારો વૈરાગ્ય રહિત છે તેને કામ-ક્રોધાદિક બહુ પીડે છે, માટે એના એ સર્વે વિકાર ટળો, તો તત્કાળ ટળી જાય અને સાધને કરીને તો બહુ કાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે અને તરત જે વિકાર માત્ર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે. (૨)** ઈતિ વચનામૃતમ્ ॥૭॥ **(૧૪૦)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦** – આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં વૈરાગ્ય ન હોય તો અયોગ્ય સ્વભાવ ટળે નહિ. **(૧)** બીજામાં અમારી આજ્ઞામાં વર્તનારા અને અમારી મૂર્તિમાં નિમગ્ન એવા સંતની સેવા કરે ને અમારી આજ્ઞામાં વર્તે તો અમારી કૃપા થાય ને તત્કાળ વિકાર ટળી જાય અને સાધને કરીને તો બહુ કાળે ટળે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં વૈરાગ્ય નથી તેથી વિકાર ટળતા નથી એમ કહ્યું અને (**મ૦ ૬**ના બીજા પ્રશ્નમાં) વૈરાગ્ય હોય તો પણ પદાર્થ સ્ફુરી આવે છે એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૧ **ઉ૦** (**મ૦ ૬**માં) નવા આદરવાળાને હિંમત દેવા સારુ એમ કહ્યું છે પણ વૈરાગ્ય હોય તો બીજા પદાર્થ સાંભરે જ નહિ. ॥૭॥ **(૧૪૦)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૮

❖સંવત ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૧૨ દ્વાદશીને દિવસ પ્રાતઃકાળને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ ચાકળા ઉપર બિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પરમહંસ તાળ-મૃદંગ લેઈને કીર્તન ગાતા હતા.

૧ પછી શ્રીજીમહારાજ સંતો પ્રત્યે બોલ્યા જે, **(૧)** એકાદશીનું વ્રત કરવું તેની તો એમ વિગતિ છે જે, પૂર્વે ભગવાન દશ ઈન્દ્રિયો ને અગિયારમું મન તેને અંતર સન્મુખ કરીને પોઢ્યા હતા તે સમયમાં નાડિજંઘનો દીકરો જે મુરદાનવ તે યુદ્ધ કરવા આવ્યો પછી ભગવાનના એકાદશ ઈન્દ્રિયોના તેજમાંથી એક કન્યા ઉત્પન્ન થઈ ત્યારે મુરદાનવ કન્યા પ્રત્યે બોલ્યો જે, તું મને વર્ય. પછી કન્યા બોલ્યાં જે, મારે તો એવી પ્રતિજ્ઞા છે જે, જે મને યુદ્ધમાં જીતે તેને હું વરું. પછી મુરદાનવને ને કન્યાને યુદ્ધ થયું ત્યારે કન્યાએ મુરદાનવનું મસ્તક ખડ્ગે કરીને કાપી નાખ્યું, પછી ભગવાને પ્રસન્ન થઈને તે કન્યાને કહ્યું જે, તું વર માગ્ય. ત્યારે તે કન્યાએ વર માગ્યો જે, મારા વ્રતને દિવસ કોઈ અન્ન ન ખાય અને હું તમારા એકાદશ ઈન્દ્રિયોના તેજમાંથી પ્રગટ થઈ માટે મારું નામ એકાદશી છે અને હું તપસ્વી છું માટે મારા વ્રતને દિવસ મન આદિક જે અગિયાર ઈન્દ્રિયો તેનો જે આહાર તે કોઈ કરે નહિ, એવું એકાદશીનું વચન સાંભળીને ભગવાને તે વર આપ્યો એવી રીતે પુરાણની કથા છે. અને વળી

ધર્મશાસ્ત્રમાં પણ એમ કહ્યું છે જે, **એકાદશીનું વ્રત કરવું તે દિવસ કામ, ક્રોધ, લોભાદિક સંબંધી ભૂંડા ઘાટ મનમાં થાવા દેવા નહિ અને દેહે કરીને કાંઈ ભૂંડું આચરણ કરવું નહિ** એમ શાસ્ત્રમાં વચન છે અને તે શાસ્ત્ર પ્રમાણે જ અમે પણ કહીએ છીએ જે, **એકાદશીને દિવસ ઢોરલાંઘણ કરવી નહિ અને એકાદશ ઇન્દ્રિયોના આહારનો ત્યાગ કરે ત્યારે તે એકાદશી સાચી ને તે વિના તો ઢોરલાંઘણ કહેવાય, અને જેમ પ્રાણને અન્નનો આહાર છે તેમ જ શ્રોત્રને શબ્દનો આહાર છે અને ત્વચાને સ્પર્શનો આહાર છે અને નેત્રને રૂપનો આહાર છે અને જિહ્વાને રસનો આહાર છે ને નાસિકાને ગંધનો આહાર છે અને મનને સંકલ્પ-વિકલ્પનો આહાર છે, એવી રીતે અગિયારે ઇન્દ્રિયોના જુદા જુદા આહાર છે તે સર્વે આહારનો ત્યાગ કરે તેનું નામ એકાદશી વ્રત કહેવાય પણ અગિયારે ઇન્દ્રિયો કુમાર્ગે દોડે અને પોતપોતાના અન્નને ખાય તે એકાદશીનું વ્રત શાસ્ત્ર પ્રમાણે ન કહેવાય.** માટે એકાદશીનું વ્રત કરવું ત્યારે તો અગિયારે ઇન્દ્રિયોને આહાર કરવા દેવા નહિ એવું વ્રત પંદર દિવસમાં એક વાર આવે છે તે ખબડદાર થઈને કરવું તો તેની ઉપર ભગવાન પ્રસન્ન થાય છે, પણ તે વિના જે ઢોરલાંઘણ તેણે કરીને ભગવાન પ્રસન્ન થાતા નથી અને શ્વેતદ્વીપમાં જે નિરન્ન મુક્ત કહેવાય છે તે તો સદાય એ વ્રત રાખે છે; ક્યારેય પણ એ વ્રતનો ભંગ થાવા દેતા નથી માટે નિરન્ન કહેવાય છે અને આપણે પણ ઇચ્છા તો એમ રાખવી જે જેવા શ્વેતદ્વીપમાં નિરન્ન મુક્ત છે તેવું જ થાવું છે પણ એ વાતમાં હિંમત હારવી નહીં, એવી રીતે જે હિંમત રાખીને જેવું મોરે કહ્યું તેવું એકાદશીનું વ્રત કરે અને ભગવાનની કથા-કીર્તનાદિકને કરે ને સાંભળે ને રાત્રિએ જાગરણ કરે તો તે વ્રત સાચું છે અને શાસ્ત્રમાં એનું જ નામ એકાદશી કહી છે. **(૧)** ૧

એટલી વાત કરીને શ્રીજીમહારાજ મૌન રહ્યા ને સંતે કીર્તન ગાવા માંડ્યા. પછી વળી
૨ શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૨)** જ્યારે બ્રહ્માએ પ્રથમ સૃષ્ટિ કરી ત્યારે સર્વે પ્રજાને કહ્યું જે, તમો સર્વે યજ્ઞ કરજ્યો ને તે યજ્ઞે કરીને તમારે સર્વે પુરુષાર્થની સિદ્ધિ થાશે અને સૃષ્ટિની પણ વૃદ્ધિ થાશે માટે યજ્ઞ તો જરૂર કરજો. પછી વેદમાં બહુ પ્રકારના જે યજ્ઞ હતા તે સર્વે બ્રહ્માએ વિધિ સોતા બતાવ્યા તેમાં જે પ્રવૃત્તિમાર્ગવાળા હતા તેને તો રાજસી-તામસી એવા પ્રવૃત્તિમાર્ગના યજ્ઞ બતાવ્યા અને જે નિવૃત્તિમાર્ગવાળા હતા તેને તો સાત્ત્વિક યજ્ઞ બતાવ્યા, તે યજ્ઞ શ્રીકૃષ્ણ ભગવાને ભગવદ્‌ગીતાને વિષે પણ કહ્યા છે માટે આપણે તો નિવૃત્તિમાર્ગવાળા છીએ તે આપણે તો સાત્ત્વિક યજ્ઞ કરવા પણ જેમાં પશુ મરતા હોય એવા જે રાજસી-તામસી યજ્ઞ તે આપણે કરવા નહિ. તે સાત્ત્વિક યજ્ઞની રીત જે દશ ઇન્દ્રિયો ને અગિયારમું મન એ સર્વે જે જે વિષયમાં ચોંટે ત્યાંથી પાછા ખેંચીને બ્રહ્મઅગ્નિને વિષે હોમવા એનું નામ યોગયજ્ઞ કહેવાય, અને એવી રીતે હોમતા હોમતા જેમ યજ્ઞ કરનારાને ભગવાન દર્શન આપે છે, તેમજ એ યોગયજ્ઞના કરનારાના અંતરને પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ જે શ્રી પુરુષોત્તમ તે પ્રગટ થઈ આવે છે એ યોગયજ્ઞનું ફળ છે. **(૨)** અને **અંતર્દષ્ટિએ કરીને** ૨

**જે ભગવાનના ભક્તને વર્તવું તે જ્ઞાનયજ્ઞ કહેવાય છે.** હવે કોઈ એમ પૂછે જે અંતર્દષ્ટિ તે શું ? તો તેનો ઉત્તર એ છે જે બહાર અથવા માંહીલી કોરે ભગવાનની મૂર્તિ સામે જે વૃત્તિ કરવી એ જ અંતર્દષ્ટિ છે અને તે વિના તો અંતર્દષ્ટિ કરીને બેઠો છે પણ બાહ્યદષ્ટિ જ છે, માટે બહાર ભગવાનનું દર્શન તથા પૂજન તથા ભગવાનનાં કથા-કીર્તન એ આદિક જે જે ભગવાન સંબંધી ક્રિયાઓ હોય તે સર્વે અંતર્દષ્ટિ છે અને એ સર્વે જ્ઞાનયજ્ઞ થાય છે અને તે જ ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને તેનું પૂજન-વંદનાદિક જે જે કરવું તે પણ અંતર્દષ્ટિ છે ને જ્ઞાનયજ્ઞ છે. માટે સત્સંગી માત્રને તો એવો અખંડ જ્ઞાનયજ્ઞ થાય છે અને સમાધિ તો કોઈકને થાય છે ને કોઈકને નથી થાતી તે તો પરમેશ્વરની ઈચ્છાએ કરીને એમ રહ્યું છે અથવા કોઈક ઠેકાણે ભક્તની કચાઈ વતે કરીને એમ રહ્યું છે અને કોઈક મૂર્ખ લોક છે તે એમ કહે છે જે, ગોપિકાના અંગનાં કીર્તન હોય તે રહેવા દ્યો ને નિર્ગુણ કીર્તન હોય તે ગાઓ તથા જે ઉઘાડા થઈને ફરતા હોય તેને મૂર્ખ હોય તે નિર્ગુણ પુરુષ કહે છે પણ જો ઉઘાડા ચાલે નિર્ગુણ થવાતું હોય તો કૂતરાં, ગધેડાં ઈત્યાદિક સર્વે નિર્ગુણ કહેવાય, માટે એ તો મૂર્ખની સમજણ છે, અને જ્ઞાની ભક્ત હોય તે તો એમ જાણે જે, ભગવાનનું સ્વરૂપ છે તે જ નિર્ગુણ છે અને જેને જેને તે ભગવાનનો સંબંધ થયો તે સર્વે નિર્ગુણ માર્ગવાળા છે અને જે જે કથા-કીર્તનને વિષે ભગવાનના સ્વરૂપનો સંબંધ છે તે સર્વે નિર્ગુણ કહેવાય અને જે કથા-કીર્તનને વિષે ભગવાનનો સંબંધ ન હોય તે માયિક ગુણે યુક્ત છે, માટે સગુણ કહેવાય અને જો ભગવાનની પ્રાપ્તિ ન થઈ હોય ને તે ઉઘાડા ફરે તો પણ નિર્ગુણ ન કહેવાય અને જેને ભગવાનની પ્રાપ્તિ થઈ છે અને ગૃહસ્થાશ્રમી છે તો પણ તે નિર્ગુણ કહેવાય અને ત્યાગી હોય તે પણ નિર્ગુણ કહેવાય, માટે ભગવાનને પામ્યાનો જે માર્ગ તે જ નિર્ગુણ માર્ગ છે અને તે જે જે ભગવાન સંબંધી ક્રિયા કરે તે સર્વે નિર્ગુણ છે. અને જેને ભગવાનનો સંબંધ થયો છે તેના ભાગ્યનો પાર આવે નહિ અને તે ભગવાનનો સંબંધ એક જન્મને પુણ્યે કરીને થાતો નથી; એ તો શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે જે :- **॥ अनेक जन्म संसिद्धस्ततो याति परां गतिम् ॥** એ શ્લોકનો એ અર્થ છે જે અનેક જન્મનું સુકૃત ભેળું થાય છે તેણે કરીને જે સંસિદ્ધ થયો તે પરમપદને પામે છે તે પરમપદ તે શું ? **જે પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ તે જ પરમપદ છે.** અને વળી શ્રીકૃષ્ણ ભગવાને એમ પણ કહ્યું છે જે :-

**ममैवांशो जीवलोके जीवभूतः सनातनः । मनः षष्ठानींद्रियाणि प्रकृतिस्थानि कर्षीति ॥**

એ શ્લોકનો અર્થ એ છે જે આ સંસારને વિષે ભગવાનના અંશ જે જીવ છે તે તો મને સહિત જે પંચ જ્ઞાન ઈન્દ્રિયો તેને પંચવિષય થકી ખેંચીને પોતાને વશ રાખે છે અને જે ભગવાનના અંશ નથી તેને તો ઈન્દ્રિયો ખેંચીને જ્યાં પોતાની ઈચ્છા હોય ત્યાં લેઈ જાય છે, માટે આપણ સર્વે ઈન્દ્રિયોના દોર્યા દોરાતા નથી તો જો ભગવાનના અંશ છીએ, એવું જાણીને અતિશે આનંદમાં રહીને ભગવાનનું ભજન કરવું અને સર્વે ઈન્દ્રિયોની વૃત્તિઓને ભગવાનના

સ્વરૂપમાં હોમવી અને સદા જ્ઞાનયજ્ઞ કર્યા કરવો અને યજ્ઞ રહિતનું કોઈ રીતે કલ્યાણ થાતું નથી; અને ચાર વેદ, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અઢાર પુરાણ, ભારત, રામાયણ ને નારદ પંચરાત્ર એ આદિક સર્વે સત્શાસ્ત્રનો એ જ સિદ્ધાંત છે જે, યજ્ઞ રહિતનું કલ્યાણ થાતું નથી, માટે અમારી પણ એ જ આજ્ઞા છે જે સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી જ્ઞાનયજ્ઞ કરતા રહેજ્યો અને એમ ને એમ જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ ભગવાન સાક્ષાત્કાર દેખાય એ જ જ્ઞાનયજ્ઞનું ફળ છે, એવી રીતે જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે શ્વેતદ્વીપમાં નિરન્ન મુક્ત છે એવું થવાય ત્યારે જ્ઞાનયજ્ઞના વિધિનો અવધિ આવી રહ્યો; અને જ્યાં સુધી એવું ન થવાય ત્યાં સુધી એટલું અધૂરું જાણવું, અને નિરન્ન મુક્ત જેવા થાવાની અતિશે ઇચ્છા રાખવી પણ શ્રદ્ધા રહિત થાવું નહિ અને પોતાને વિષે અપૂર્ણપણું માનવું નહિ ને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેણે કરીને પોતાને કૃતાર્થ માનીને સાવધાન થઈને જ્ઞાનયજ્ઞ કર્યા કરવો. **(૩)** ઇતિ વચનામૃતમ્ ॥૮॥ **(૧૪૧)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે એકાદશીનું વ્રત કરવાની વિક્તિ કહી છે. **(૧)** બીજામાં ઇન્દ્રિયોને પાછા વાળીને આત્માને વિષે રાખે તે યોગયજ્ઞ છે અને આત્મામાં મૂર્તિ દેખાય એ યોગયજ્ઞનું ફળ છે. **(૨)** અને બ્રહ્મરૂપ જે પોતાનો આત્મા તેને વિષે પરબ્રહ્મ એવા જે અમે તે અમારો સાક્ષાત્કાર થાય તે જ્ઞાનયજ્ઞનું ફળ છે અને પોતાના આત્માને વિષે અમારું દર્શન થાય ત્યારે જ જ્ઞાનયજ્ઞના વિધિનો અવધિ પૂરો જાણવો એમ કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** ( **૨**/૩ બીજા પ્રશ્નમાં ) અમારી મૂર્તિ ધાર્યા વિના અંતર્દષ્ટિ કરીને બેઠો છે તો પણ બાહ્યદૃષ્ટિ જ છે એમ શ્રીજીમહારાજે કહ્યું તે મૂર્તિ વિના અંતરવૃત્તિએ બીજું શું જોતો હશે ? અને બહાર અથવા માંહી મૂર્તિ સામું જોઈ રહેવું એ અંતર્દષ્ટિ કહી તે બહાર માંહી કેવી રીતે મૂર્તિ જોવી ?

૧ **ઉ૦** ઉપાસના વિનાનો કેવળ આત્મનિષ્ઠ હોય તે આત્માને જોવાની ઇચ્છાથી ધ્યાન કરતો હોય તે પણ બાહ્યદષ્ટિવાળો છે, કેમ જે મૂર્તિની ઉપાસના વિના આત્મા પણ દેખાય નહિ અને મૂર્તિથી બહાર રહીને મૂર્તિ જોવી અથવા મૂર્તિને અંદર રહીને જોવી એ પરભાવની અંતર્દષ્ટિ છે. અને આત્માને માંહી ને આત્માથી બહાર મૂર્તિ જોવી તે અવરભાવની અંતર્દષ્ટિ છે.

૨ **પ્ર૦** ઇન્દ્રિયોના દોર્યા ન દોરાય તેને ભગવાનના અંશ કહ્યા તે અંશ કેવી રીતે જાણવા ?

૨ **ઉ૦** ભગવાન સ્વતંત્ર છે તે સ્વતંત્રપણાનો અંશ જેમાં આવે તે ઇન્દ્રિયો-અંતઃકરણને વશ રાખે એવા ભક્ત થાય માટે અંશ કહ્યા છે.

૩ **પ્ર૦** જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે શ્વેતદ્વીપમાં નિરન્ન મુક્ત છે તેવું થવાય ત્યારે જ્ઞાનયજ્ઞના વિધિનો અવધિ આવી રહ્યો એમ કહ્યું અને વળી નિરન્ન મુક્ત જેવા થવાની ઇચ્છા રાખવી એમ કહ્યું તે નિરન્ન મુક્ત તો વાસુદેવના ભક્ત છે અને આપણે તો તેથી પર જે અક્ષરકોટી ને તેથી પર જે શ્રીજીમહારાજના મુક્ત છે તેવું થાવું છે અને શ્વેતદ્વીપના મુક્ત જેવું થાવું એમ કહ્યું તે કેમ સમજવું ?

૩ **ઉ૦** જે શ્વેતદ્વીપનાં મુક્ત વાસુદેવ ભગવાનની મૂર્તિને સદાય દેખે છે તેમ તમે સર્વે તમારા આત્માને વિષે અમારી મૂર્તિ દેખો ત્યારે તમારું પૂરું થયું એમ માનજ્યો એમ કહ્યું છે. **॥૮॥ (૧૪૧)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૯

❖સંવત ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ મશરૂના

ચાકળા ઉપર વિરાજમાન હતા ને તે સમે આનંદાનંદ સ્વામીએ પૂજા કરી હતી તે રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો તથા રાતા કિનખાબની ડગલી પહેરી હતી તથા મસ્તક ઉપર સોનેરી ફરતા છેડાનો કસુંબી રેંટો બાંધ્યો હતો તથા કમરે જરકશી શેલું બાંધ્યું હતું તથા ગૂઢો આસમાની રંગનો રેંટો ખભા ઉપર નાખ્યો હતો અને હાથે રાખડીઓ બાંધી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, કીર્તન બોલીએ. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, લ્યો
૧ પરમેશ્વરની વાર્તા કરીએ. પછી **શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) જ્ઞાનમાર્ગ તો એવો સમજવો જે, કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ ને કોઈક કાળે ભગવાનના વચનનો લોપ થાતો હોય તો તેની ચિંતા નહિ પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાવા દેવો નહિ ને જો ભગવાનનું વચન કાંઈક લોપાણું હોય તો તે ભગવાનની પ્રાર્થના કરીને પણ છૂટકો થાય, પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ કર્યો હોય તો તેનો કોઈ રીતે છૂટકો થાય નહિ, માટે જે સમજુ હોય તેને ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું પણ ભગવાનની મૂર્તિનું બળ અતિશે રાખવું જે, સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મુને પ્રાપ્ત થયું છે અને જે એમ જાણતો હોય ને તેથી જો કદાચિત્ સત્સંગથી બહાર નીસરી જવાણું તો ય પણ તેને ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું નથી ને તે હમણાં તો સત્સંગથી બહાર છે પણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિષે ભગવાનને સમીપે જાશે. (૧)** અને હમણે **સત્સંગમાં** ૧
**રહેતો હશે અને શાસ્ત્રના વચનમાં પણ રહેતો હશે ને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જાશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જાશે પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય. (૨)** તે માટે ૨
**પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.** અને જેમ અર્જુન હતા તેને તો ભગવત્સ્વરૂપનું બળ હતું અને યુધિષ્ઠિર રાજાને તો શાસ્ત્રના વચનનું બળ હતું પછી જ્યારે ભારતની લડાઈ થઈ ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું જે :-

**સર્વ ધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।**
**અહં ત્વાં સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ: ॥**

એ શ્લોકનો અર્થ છે જે હે અર્જુન ! સર્વ ધર્મને તજીને તું એક મારા જ શરણને પામ્ય, તો હું તુંને સર્વ પાપ થકી મુકાવીશ; તું કાંઈ શોક કરીશ મા, એ વચનને માનીને અર્જુન જે તે લડાઈને વિષે અનંત દોષ થયા તો પણ લેશમાત્ર મનમાં ઝાંખા થયા નહિ અને ભગવાનના આશ્રયનું બળ રાખી રહ્યા, અને યુધિષ્ઠિરે કાંઈ પાપ કર્યું નહિ તો પણ શાસ્ત્રના વચનનો

વિશ્વાસ હતો તેણે કરીને એમ જાણ્યું જે, મારું કોઈ કાળે કલ્યાણ નહિ થાય, પછી સર્વે ઋષિએ સમજાવ્યા તથા વ્યાસજીએ સમજાવ્યા તથા શ્રીકૃષ્ણ ભગવાને પોતે સમજાવ્યા તો ય પણ શોક મૂક્યો નહિ. પછી શ્રીકૃષ્ણ ભગવાને ભીષ્મ પાસે લેઈ જઈને શાસ્ત્ર સંબંધી કથા સંભળાવી ત્યારે કાંઈક વિશ્વાસ આવ્યો તો ય પણ અર્જુન જેવા નિઃસંશય થયા નહિ, માટે બુદ્ધિમાનને તો ભગવત્સ્વરૂપનું બળ અતિશે રાખ્યું જોઈએ એ બળ જો લેશમાત્ર પણ હોય તો મોટા ભયથી રક્ષા કરે તે પણ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે જે, ॥ **સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્** ॥ એ શ્લોકનો એ અર્થ છે જે ભગવત્સ્વરૂપના બળનો લેશમાત્ર હોય તે પણ મોટા ભય થકી રક્ષાને કરે છે, જેમ અર્જુને ભારતની લડાઈ કરી ત્યારે તેને વિષે કેટલીક જાતના અધર્મરૂપી મોટા મોટા ભય આવ્યા પણ તે ભય થકી જે અર્જુનની રક્ષા થઈ તે ભગવત્સ્વરૂપના બળને પ્રતાપે થઈ, માટે **જેને સર્વથી ભગવત્સ્વરૂપનું બળ અધિક હોય એ જ એકાંતિક ભક્ત કહેવાય ને તે જ પાકો સત્સંગી કહેવાય** અને શ્રીમદ્ ભાગવતમાં પણ એ જ વાત પ્રધાન છે જે, શ્રુતિ-સ્મૃતિના ધર્મને કાંઈક તજાય તો તેની ચિંતા નહિ, પણ ભગવાનનો આશ્રય તજવો નહિ અને કોઈક એમ જાણે જે, આવી વાત કરીએ તો ધર્મ ખોટા થઈ જાય પણ આ વાર્તા કાંઈ ધર્મને ખોટા કર્યા સારુ નથી; આ તો એટલાં સારુ છે જે દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, ઉપદેશ ને દેવતા એટલા વાનાં શુભ ને અશુભ એ બે પ્રકારનાં છે તેમાંથી જો અશુભનો યોગ થાય ને એને કાંઈક વિઘ્ન પડે તો પણ **જો ભગવાનના સ્વરૂપમાં નિષ્ઠા પાકી હોય તો તે કલ્યાણના માર્ગમાંથી કોઈ કાળે પડે નહિ. (૩)** અને **જો ભગવત્સ્વરૂપની નિષ્ઠામાં કાચ્યપ** ૩
**હોય તો જે દિવસે ધર્મમાંથી ચળી જવાય તે દિવસે તે એમ જાણે જે હું નરકમાં પડી ચૂક્યો, માટે જેને ભગવત્સ્વરૂપનું બળ હોય તે જ પાકો સત્સંગી છે અને એ વિના બીજા તો ગુણબુદ્ધિવાળા કહેવાય અને જેને ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી હોય તેને જ શાસ્ત્રમાં પણ એકાંતિક ભક્ત કહ્યો છે. (૪)** અને આ સમામાં જેવી સત્સંગમાં વાર્તા થાય છે તેને જો નારદ- ૪
સનકાદિક ને બ્રહ્માદિક દેવતા સાંભળે તો સાંભળીને એમ કહે જે આવી વાર્તા કોઈ કાળે સાંભળી પણ નથી અને સાંભળીશું પણ નહિ; આ વાર્તા તો ॥ **ન ભૂતો ન ભવિષ્યતિ** ॥ એવી છે અને અતિશે ઝીણી વાર્તા થાય છે તો પણ અતિશે સ્થૂળ બુદ્ધિવાળા હોય તેને પણ સમજાય છે એવી મૂર્તિમાન વાર્તા થાય છે માટે આ સમે જેને સત્સંગમાં પ્રતીતિ આવી છે તેના પુણ્યનો પાર આવે એમ નથી, એવું જાણીને સત્સંગી હોય તેને પોતાને વિષે કૃતાર્થપણું માન્યું જોઈએ અને જેને ભગવાનને વિષે અતિશે પ્રીતિ હોય તેને તો આ વાર્તા સમજાય અથવા ન સમજાય તો પણ તેને તો કાંઈ કરવું રહ્યું નથી પણ જેને પરમેશ્વરને વિષે અતિશે પ્રીતિ તો ન હોય તેને તો જરૂર ભગવાનના સ્વરૂપનો મહિમા સમજ્યો જોઈએ, માટે જે ડાહ્યો હોય તેને તો આ વાર્તા સમજી વિચારીને અતિ દૃઢ ભગવાનનો આશરો કરવો એ જ મત અતિ સારમાં સાર છે. **(૫)** ઇતિ વચનામૃતમ્ **॥૯॥ (૧૪૨)** ૫

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, સર્વેથી પર એવા જે અમે તે તમને મળ્યા છીએ માટે અમારી મૂર્તિનું બળ અતિશે રાખવું અને અમારું સર્વોપરીપણાનું બળ હોય તો તેથી સત્સંગ બહાર જવાણું હોય તો પણ અમારે વિષેથી હેત ટળે નહિ ને તે અંતે અક્ષરધામને વિષે અમારે સમીપે રહેશે. **(૧)** અને હમણાં સત્સંગમાં રહેતો હોય ને શાસ્ત્રના વચનમાં પણ રહેતો હોય તો પણ અમારા સ્વરૂપની પાકી નિષ્ઠા ન હોય તો તે અમારા ધામ વિના બીજા લોકમાં જાય. **(૨)** અને જેને અમારા સ્વરૂપનું બળ હોય તે જ એકાંતિક ને પાકો સત્સંગી છે, અને એ અશુભ દેશકાળાદિકને યોગે કદાપિ ધર્મમાંથી ચળી જાય તો પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થાય, પણ કલ્યાણના માર્ગથી પડે નહિ. **(૩)** અને અમારા સ્વરૂપની નિષ્ઠામાં કાચ્યપ હોય ને ધર્મથી ચળી જાય તો નરકમાં પડી ચૂક્યો એમ જાણીને કલ્યાણને માર્ગે ચાલી શકે નહિ. **(૪)** અને જેને અમારે વિષે અતિશે પ્રીતિ હોય તેને કાંઈ કરવું રહ્યું નથી અને જેને અમારે વિષે અતિશે પ્રીતિ ન હોય તેને તો અમારો મહિમા સમજવો. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં જે અમને સર્વોપરી જાણે તેને કદાચિત્ સત્સંગ બહાર જવું પડે તો પણ તેનું કલ્યાણ થાય એમ કહ્યું તે એને શા કારણથી સત્સંગ બહાર જવું પડતું હશે ? અને ત્યાગીમાંથી નીકળીને ગૃહસ્થાશ્રમમાં જાય તે સત્સંગ બહાર કહેવાય કે ત્યાગીના વેશે એકલો ફરે ને માગી ખાય તે સત્સંગ બહાર કહેવાય ? અને તે શાસ્ત્રનું કેટલું વચન લોપે તો પણ અક્ષરધામને પામે ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજને સદા સાકાર દિવ્ય મૂર્તિ ને સર્વ અવતારના અવતારી ને સર્વના કારણ જાણે પણ મૂંઝવણિયો સ્વભાવ હોય તે સત્સંગમાં રહેવા દે નહિ તેણે કરીને સત્સંગ બહાર જાવું પડે પણ શ્રીજીમહારાજનો નિશ્ચય સર્વોપરી હોય ને શ્રીજીમહારાજને વિષે અચળ હેત હોય ને શ્રીજીમહારાજને તથા સંતને કલ્યાણના દાતા જાણે અને તેમના ગુણ ગ્રહણ કરે ને પોતાને વિષે દોષ પરઠે ને માગી ખાઈને પોતાનું ગુજરાન ચલાવે ને શ્રીજીમહારાજની બાંધેલી મર્યાદા પ્રમાણે વર્તે ને નિયમમાં કુશળ રહે તે અક્ષરધામને પામે. અને ત્યાગીમાંથી ગૃહસ્થમાં જાય તે સત્સંગ બહાર ન કહેવાય; જે એકડમલ થઈ જાય તે સત્સંગ બહાર કહેવાય. તે એકલો હોય માટે તે ભિક્ષા માગવા જાય ત્યારે બાઈઓ સાથે બોલવું પડે, એટલું જ શાસ્ત્રનું વચન લોપાય પણ તેથી અધિક ન લોપે તો અક્ષરધામમાં જાય અને બોલવા સિવાયની બીજી આજ્ઞા લોપે તો અક્ષરધામને ન પામે અને ગૃહસ્થને અશુભ દેશકાળાદિકને યોગે સત્સંગના નિયમ-ધર્મ પાળી શકે નહિ તે સત્સંગ બહાર કહેવાય તો પણ શ્રીજીમહારાજના સ્વરૂપની નિષ્ઠા પાકી હોય તો તેનું જન્માંતરે કલ્યાણ થાય એટલે કલ્યાણના માર્ગમાં રહે પણ કલ્યાણનો માર્ગ બંધ થાય નહિ.

૨ **પ્ર૦** બીજી બાબતમાં અમારા સ્વરૂપની નિષ્ઠા પાકી ન હોય તો તે બ્રહ્માના તથા બીજા દેવતાના લોકમાં જાશે એમ શ્રીજીમહારાજે કહ્યું, તે નિષ્ઠા કેવી જાણવી ? ને બ્રહ્મા તથા દેવતા કિયા જાણવા ?

૨ **ઉ૦** છપૈયા ધામને વિષે મનુષ્યરૂપે પ્રગટ થઈને મળ્યા જે સાક્ષાત્ શ્રીજીમહારાજ તેમને દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વે અવતારના કારણ ને અવતારી જાણે તે પાકી નિષ્ઠા કહેવાય અને નિરાકાર કે બીજા અવતાર જેવા જાણે તો દ્રોહ કર્યો કહેવાય. અને બ્રહ્મા એટલે મૂળપુરુષ જાણવા અને પ્રધાનપુરુષને દેવતા કહ્યા છે તે લોકને પામે.

૩ **પ્ર૦** ત્રીજી બાબતમાં અર્જુને શાસ્ત્રનું વચન ન માન્યું તેને વખાણ્યા ને યુધિષ્ઠિરને ન્યૂન કહ્યા તેનું શું કારણ હશે ? કેમ જે (**પ્ર૦ ૭૮**ના ચૌદમા પ્રશ્નમાં) પંચવર્તમાન સંપૂર્ણ રાખે તો અમે પ્રસન્ન થઈએ એમ કહ્યું છે તથા (**લો૦ ૬**ના ૧૩/૧૬ તેરમા પ્રશ્નમાં) અમારું વચન અધર્મ જેવું જણાય તો ન માનવું તથા (**છે૦ ૨૭**ના બીજા પ્રશ્નમાં) વર્તમાનની આંટી મૂકવી નહિ એમ કહ્યું છે. તે પ્રમાણે તો યુધિષ્ઠિરને વખાણ્યા જોઈએ એ માટે તે કેવી રીતે સમજવું ? અને સ્વરૂપનિષ્ઠા શી સમજવી ?

૩ **ઉ૦** જેમ અર્જુને શ્રીકૃષ્ણના વચનની પ્રતીતિ રાખી અને શાસ્ત્રના વચનની શાખ્ય ન લીધી તેમ અમે સર્વોપરી, સર્વના કારણ, સર્વનિયંતા, સર્વોપાસ્ય છીએ એવા જાણવા તે અમારા વચનથી જ જાણજ્યો પણ તેમાં શાસ્ત્રની શાખ્ય લેશો નહિ એમ શ્રીજીમહારાજે કહ્યું છે તે (**મ૦ ૩૧**ના ૨/૫ બીજા પ્રશ્નમાં) આવી વાત અમે ઘણીક વાર કરી છે પણ શાસ્ત્રનાં વચન સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી એમ કહ્યું છે, માટે શ્રીજીમહારાજને સર્વોપરી સમજવા તેમાં બીજા શાસ્ત્રની વા શ્રીજીમહારાજને સર્વોપરી ન કહેતાં હોય તેવાં વાક્યોની શાખ્ય લેવા જાય તેને યુધિષ્ઠિરની પેઠે સંશયાત્મક જાણવો અને જે શ્રીજીમહારાજના સ્વરૂપને જાણવામાં બીજી શાખ્ય ન ગોતે તેને અર્જુનની પેઠે પરિપક્વ નિશ્ચય જાણવો અને જેમ અર્જુનને

શ્રીકૃષ્ણ ભગવાનને વિષે જ નિષ્ઠા હતી તેમ જ શ્રીજીમહારાજને વિષે જ નિષ્ઠા હોય તે જ સ્વરૂપનિષ્ઠા જાણવી પણ સ્વરૂપ-સ્વરૂપીભાવ જુદો ન સમજવો અને વચનામૃતમાં જ્યાં સંત કે અવતાર અમારું સ્વરૂપ છે એમ કહ્યું હોય ત્યાં જ સ્વરૂપ-સ્વરૂપી જુદાં સમજવાં પણ તે વિના ન સમજવા. **॥૯॥ (૧૪૨)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૧૦

❖સંવત ૧૮૭૮ના શ્રાવણ વદિ ૩ તૃતીયાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાંથી ઘોડીએ અસવાર થઈને શ્રી લક્ષ્મીવાડીએ પધાર્યા હતા. પછી તે ફૂલવાડીને મધ્યે આંબાના વૃક્ષની હેઠે વેદી છે તે ઉપર ઉત્તરાદુ મુખારવિંદ કરીને વિરાજમાન હતા ને શ્રીજીમહારાજે સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં તથા પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** શ્રીમદ્ ભાગવતમાં સાકાર બ્રહ્મનું પ્રતિપાદન છે પણ જે વાંચનારા હોય તેને જો પરમેશ્વરની ભક્તિ ન હોય તો ભગવાનનું સ્વરૂપ શ્રીમદ્ ભાગવતમાંથી પણ નિરાકાર સમજાય છે અને દ્વિતીય સ્કંધમાં જ્યાં આશ્રયનું રૂપ કર્યું છે ત્યાં પણ ભગવાનનું સ્વરૂપ ભક્તિહીન હોય તેને નિરાકાર સમજાય છે પણ ભગવાનનું સ્વરૂપ નિરાકાર નથી, કાં જે ભગવાન થકી જ સર્વે સ્થાવર-જંગમ સૃષ્ટિ થાય છે તે જો ભગવાન નિરાકાર હોય તો તે થકી સાકાર સૃષ્ટિ કેમ થાય ? જેમ આકાશ નિરાકાર છે તો તે થકી જેવા પૃથ્વી થકી ઘટાદિક આકાર થાય છે તેવા થાતાં નથી તેમ બ્રહ્માદિક જે સૃષ્ટિ તે સાકાર છે તો તેના કરનારા જે પરમેશ્વર તે પણ સાકાર જ છે અને ભાગવતમાં અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ એ ત્રણનો જે આધાર તે ભગવાનનું સ્વરૂપ છે એમ કહ્યું છે તેની વાત કરીએ તે સાંભળો : અધ્યાત્મ જે વિરાટપુરુષનાં ઇન્દ્રિયો ને અધિભૂત જે તેનાં પંચમહાભૂત અને અધિદૈવ જે વિરાટના ઇન્દ્રિયોના દેવતા એ સર્વે વિરાટને વિષે આવ્યા તો પણ વિરાટ ઊભો ન થયો પછી વાસુદેવ ભગવાને પુરુષરૂપે થઈને જ્યારે વિરાટપુરુષને વિષે પ્રવેશ કર્યો ત્યારે વિરાટપુરુષ ઊભા થયા તે ભગવાન વિરાટપુરુષનાં જે અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ તેને વિષે તદાત્મકપણે કરીને વર્તે છે ને સ્વરૂપે તો વિરાટ થકી ન્યારા છે તેને જ આશ્રય કરવા યોગ્ય સ્વરૂપ કહ્યું છે, અને જેમ અગ્નિ છે તે પ્રકાશ સ્વરૂપે તો અરૂપ છે ને અગ્નિ પોતે તો મૂર્તિમાન છે તે જ્યારે અગ્નિને અજીર્ણ થયું હતું ત્યારે મૂર્તિમાન અગ્નિ શ્રીકૃષ્ણ ભગવાન ને અર્જુન પાસે આવ્યો હતો પછી જ્યારે ઇન્દ્રનું ખાંડવવન બાળવા ગયો ત્યારે તે જ અગ્નિ જ્વાળારૂપ થઈને સમગ્ર વનમાં વ્યાપ્યો **તેમ જ પુરુષોત્તમ ભગવાન છે તે બ્રહ્મરૂપ જે પોતાની શક્તિ તેણે કરીને સર્વેને વિષે વ્યાપક છે ને મૂર્તિમાન થકા સર્વથી જુદા છે અને બ્રહ્મ છે તે તો પુરુષોત્તમ ભગવાનની કિરણ છે** ને પોતે ભગવાન તો સદા સાકાર મૂર્તિ જ છે, માટે જેને કલ્યાણને ઇચ્છવું તેને તો ભગવાનને મૂર્તિમાન સમજીને તેનો આશ્રય દૃઢ રાખવો અને વાત પણ એવી કરવી જે, કોઈને ભગવાનનો આશ્રય હોય તે ટળે નહિ, અને **જેમ સ્ત્રીના ઉદરમાં ગર્ભ હોય પછી તેમાંથી પુત્રરૂપ ફળ ઉદય થાય છે તેમ જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચયરૂપ**

**ગર્ભ હોય તેને ભગવાનનું જે અક્ષરધામ તે રૂપ ફળની પ્રાપ્તિ થાય છે માટે એવો ઉપાય કરવો જેણે કરીને એ ગર્ભને વિઘ્ન ન થાય ને બીજાને પણ એવી વાત કરવી જેણે કરીને ભગવાનના નિશ્ચયરૂપ ગર્ભનો પાત ન થાય. (૧)** ૧

પછી શ્રીજીમહારાજ વાડી થકી દાદાખાચરના દરબારમાં પધાર્યા ને ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી શ્રીજીમહારાજે નાના નાના પરમહંસને બોલાવીને પરસ્પર ચર્ચા કરાવી પછી અચિંત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો
૨ જે, **(૨)** જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ત્રણને વિષે ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ થયાનું વિશેષ કારણ કોણ છે ? પછી એ પ્રશ્નનો ઉત્તર તો કોઈથી થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ ને જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તેનું રૂપ જુદું જુદું કરીએ જે, જીવમાત્રનો એવો સ્વભાવ છે જે, સારું પદાર્થ દેખે ત્યારે તેથી ઊતરતું જે પદાર્થ હોય તેમાંથી સ્હેજે જ પ્રીતિ ટળી જાય છે માટે ભગવાનનું જે અક્ષરધામ છે ને તેને વિષે જે સુખ છે તેની આગળ જે આ માયિક સુખ છે તે તો નકલ જેવું છે ને અચળ સુખ તો ભગવાનના ધામને વિષે જ છે, માટે પરમેશ્વરની વાત સાંભળતાં સાંભળતાં જો ભગવાન સંબંધી સુખ ઓળખાય તો જેટલું માયા થકી ઉત્પન્ન થયું છે તે સર્વે તુચ્છ જણાય, **જેમ ત્રાંબાનો પૈસો કોઈક પુરુષના હાથમાં હોય તેને જ્યારે તે પૈસા સાટે સોનામહોર કોઈ આલે ત્યારે ત્રાંબાના પૈસામાંથી હેત ઊતરી જાય છે, એવી રીતે જ્યારે ભગવાન સંબંધી સુખમાં દૃષ્ટિ પહોંચે ત્યારે જેટલું માયિક સુખ છે તે સર્વે થકી વૈરાગ્ય પામે છે, ને એક ભગવાનની મૂર્તિમાં જ હેત થાય છે** એ વૈરાગ્યનું સ્વરૂપ કહ્યું છે. હવે જ્ઞાનનું સ્વરૂપ કહીએ છીએ જે, જ્ઞાનનિરૂપણને વિષે બે શાસ્ત્ર છે, એક સાંખ્યશાસ્ત્ર ને બીજું યોગશાસ્ત્ર, તેમાં સાંખ્યશાસ્ત્રનો મત એ છે જે, જેમ આકાશ જે તે પૃથ્વી, જળ, તેજ, વાયુ તેમાં વ્યાપક છે અને આકાશ વિના એક અણુ પણ ક્યાંઈ ખાલી નથી તો પણ પૃથ્વી આદિકના જે વિકાર તે આકાશને અડતા જ નથી તેમ પુરુષોત્તમ ભગવાન છે તેને આકાશની પેઠે માયિક વિકાર કોઈ અડતો જ નથી. એ વાર્તા કૃષ્ણતાપની ઉપનિષદ્‌માં કહી છે જે, જ્યારે દુર્વાસાઋષિ વૃન્દાવનને વિષે આવ્યા ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓને કહ્યું જે, દુર્વાસા ભૂખ્યા છે માટે સર્વે થાળ લઈને જાઓ. પછી ગોપીઓએ પૂછ્યું જે, આડાં યમુનાજી છે તે કેમ ઊતરાશે ? ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું જે, યમુનાજીને તમે એમ કહેજો જે, શ્રીકૃષ્ણ સદા બાળ બ્રહ્મચારી હોય તો માગ દેજો. પછી ગોપીઓ હસતી હસતી યમુનાજીને કાંઠે જઈને એમ કહ્યું ત્યારે યમુનાજીએ તત્કાળ માગ દીધો પછી ગોપીઓએ ઋષિને જમાડ્યા તે ઋષિ સર્વના થાળ જમી ગયા. પછી ગોપીઓએ કહ્યું જે, અમે ઘેર કેમ કરીને જઈએ ? આડાં યમુનાજી છે. ત્યારે ઋષિએ પૂછ્યું જે, આવ્યાં ત્યારે કેમ કરીને આવ્યાં હતાં ? પછી ગોપીઓએ કહ્યું જે, શ્રીકૃષ્ણે એમ કહ્યું હતું જે, અમે સદા

બાળ બ્રહ્મચારી હોઈએ તો યમુનાજીને કહેજ્યો જે માગ દેજ્યો. પછી યમુનાજીએ માગ દીધો તે તમ પાસે આવ્યાં છીએ, એ વાત સાંભળીને ઋષિ બોલ્યા જે, હવે યમુનાજીને એમ કહેજ્યો જે, દુર્વાસા સદા ઉપવાસી હોય તો માગ દેજ્યો. પછી ગોપીઓ હસતી હસતી જઈને એમ કહ્યું ત્યારે યમુનાજીએ તત્કાળ માગ દીધો. ત્યારે ગોપીઓ સર્વે એ બે વાત જોઈને અતિશે આશ્ચર્ય પામી, માટે ભગવાનનું સ્વરૂપ તો એવું આકાશની પેઠે નિર્લેપ છે ને સર્વ ક્રિયાઓને કરતા થકા ભગવાન અકર્તા છે અને સર્વના સંગી થકા પણ અત્યંત અસંગી છે, એવી રીતે સાંખ્યશાસ્ત્ર ભગવાનના સ્વરૂપને નિર્લેપપણે કરીને કહે છે એવું સમજવું એ સાંખ્યને મતે જ્ઞાન છે. હવે યોગશાસ્ત્રનો મત કહીએ તે સાંભળો : યોગનો મત એમ છે જે, જેને ભગવાનનું ધ્યાન કરવું હોય તેને પ્રથમ દૃષ્ટિ સ્થિર કરવી. તે દૃષ્ટિ સ્થિર કરવા સારુ ભગવાનની પ્રતિમા અથવા બીજું કાંઈ પદાર્થ હોય તેમાં પ્રથમ દૃષ્ટિને ઠરાવવી. પછી એક ને એક આકાર જોતા થકા દૃષ્ટિ સ્થિર થઈ જાય ત્યારે તે ભેળું અંતઃકરણ પણ સ્થિર થાય છે, ને જ્યારે અંતઃકરણ સ્થિર થાય ત્યારે ભગવાનની મૂર્તિ હૃદયમાં ધારવી. તેમાં ધારણા કરનારા યોગીને પ્રયાસ ન પડે; સુખે ધરાય છે, અને જો પ્રથમથી અભ્યાસ કરીને અંતઃકરણ સ્થિર ન કરે તો જ્યારે ભગવાનનું ધ્યાન કરે ત્યારે બીજા પણ કેટલાંક ટીખળ આડાં આવીને ઊભાં રહે, માટે યોગશાસ્ત્રનો એ સિદ્ધાંત છે જે, પ્રથમ અભ્યાસ કરીને વૃત્તિ સ્થિર કરવી, ને પછી ભગવાન સંગાથે જોડવી એમ જાણવું, એ યોગશાસ્ત્ર સંબંધી જ્ઞાન છે. એવી રીતે એ બે શાસ્ત્રને મતે કરીને જે સમજણ દૃઢ કરવી તેનું જ નામ જ્ઞાન છે. હવે ભક્તિની રીત તો એમ છે જે જ્યારે સમુદ્રમંથન કર્યું ત્યારે સમુદ્રમાંથી લક્ષ્મીજી નીસર્યાં પછી લક્ષ્મીજીએ હાથમાં વરમાળા લઈને વિચાર કર્યો જે, વરવા યોગ્ય કોણ છે, તેને હું વરું. પછી જ્યાં તપાસીને જોયું ત્યાં તો જેમાં રૂપ તેમાં રૂડા ગુણ નહિ ને જેમાં કાંઈક ગુણ તેમાં રૂપ નહિ એવી રીતે ઘણાકને વિષે મોટાં મોટાં કલંક દીઠાં. પછી દેવતા માત્ર તથા દૈત્ય માત્ર તેને કલંકના ભર્યા દેખીને સર્વે ગુણે કરીને સંપૂર્ણ અને સર્વે દોષે રહિત ને સર્વ સુખના નિધાન એવા એક ભગવાનને જ દીઠા, ત્યારે લક્ષ્મીજીને ભગવાનને વિશે દૃઢ ભક્તિ થઈ, પછી અતિ પ્રેમે કરીને ભગવાનને વરમાળા પહેરાવીને ભગવાનને વર્યાં, માટે એવા કલ્યાણકારી ગુણને જે જાણવા ને પરમેશ્વરનો દૃઢ આશ્રય કરવો તેનું જ નામ ભક્તિ છે. **(૨)** ૨

૩ એ વાર્તા સાંભળીને મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પૂછ્યું જે, **(૩)** હે મહારાજ ! જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ત્રણમાંથી પરમેશ્વરને વિષે પ્રીતિ થાવાનું કેને વિષે અધિક દૈવત આવ્યું તે સમજાણું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભક્તિને વિષે દૈવત ઘણું છે. ને જ્ઞાન-વૈરાગ્યમાં દૈવત તો છે પણ ભક્તિ જેટલું નથી, અને ભક્તિ તો અતિ દુર્લભ છે, તે ભક્તિવાળાનાં લક્ષણ આવા હોય છે જે, જ્યારે જીવના કલ્યાણને અર્થે ભગવાન મનુષ્ય જેવી મૂર્તિ ધરીને પૃથ્વીને વિષે વિચરે છે ત્યારે ભગવાનનાં કેટલાંક ચરિત્ર તો દિવ્ય હોય ને કેટલાંક

ચરિત્ર તો માયિક જેવાં હોય તે જ્યારે ભગવાને કૃષ્ણાવતાર ધર્યો ત્યારે દેવકી-વાસુદેવને ચતુર્ભુજ દર્શન દીધું તથા ગોવર્ધન તોળ્યો, તથા કાળીનાગને કાઢીને યમુનાજીનું જળ નિર્વિષ કર્યું, તથા બ્રહ્માનો મોહ નિવારણ કર્યો, તથા અક્રૂરજીને યમુનાના જળને વિષે દર્શન દીધું, તથા મલ્લ, હસ્તી, કંસાદિકને મારીને સર્વ યાદવનું કષ્ટ નિવારણ કર્યું, તેમ જ રામાવતારને વિષે ધનુષ ભાંગ્યું, તથા રાવણાદિક દુષ્ટને મારીને સર્વે દેવતાનું કષ્ટ નિવારણ કર્યું, ઇત્યાદિક જે પરાક્રમ તે ભગવાનના દિવ્ય ચરિત્ર કહેવાય. અને સીતાહરણ થયું ત્યારે રઘુનાથજી રોતા રોતા ઘેલા જેવા થઈ ગયા, તથા કૃષ્ણાવતારમાં કાળયવનની આગળ ભાગ્યા તથા જરાસંધની આગળ હાર્યા, ને પોતાની રાજધાની જે મથુરાં તેને તજીને સમુદ્રના બેટમાં જઈ વસ્યા, ઇત્યાદિક જે ભગવાનનાં ચરિત્ર તે પ્રાકૃત જેવા જણાય છે. માટે દિવ્ય ચરિત્ર હોય તેમાં તો પાપી હોય તેને પણ દિવ્યપણું જણાય. પણ જ્યારે ભગવાન પ્રાકૃત ચરિત્ર કરે તેને વિષે પણ જેને દિવ્યપણું જણાય, ત્યારે તે પરમેશ્વરનો ભક્ત સાચો. અને ભગવાને ગીતામાં કહ્યું છે જે :-

**જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ ।**
**ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુન ॥**

એ શ્લોકનો એમ અર્થ છે જે, હે અર્જુન ! મારા જન્મ ને કર્મ તે દિવ્ય છે તેને જે દિવ્ય જાણે તે દેહને મૂકીને ફરી જન્મને નથી પામતો; મુને જ પામે છે, માટે **જે ભગવાન દિવ્ય ચરિત્ર કરે તે તો ભક્ત ને અભક્ત બેયને દિવ્ય જણાય પણ જ્યારે ભગવાન મનુષ્યના જેવા પ્રાકૃત ચરિત્ર કરે તો પણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય, પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રોમાં અભાવ આવે નહિ, એવી જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય ને એવી ભક્તિ કરે તે જ ભક્ત કહેવાય.** અને એ શ્લોકમાં કહ્યું જે, ફળ તે આવા ભક્તને જ થાય છે અને જેમ ગોપીઓ ભગવાનનાં ભક્ત હતાં તો કોઈ રીતે ભગવાનનો અવગુણ લીધો જ નહિ, અને રાજા પરીક્ષિતે તો ગોપીઓની વાત સાંભળી એટલામાં જ ભગવાનનો અવગુણ લીધો. પછી શુકજીએ ભગવાનનું સમર્થપણું દેખાડીને તે અવગુણને ખોટો કરી નાખ્યો માટે જે જે ભગવાન ચરિત્ર કરે તે સર્વેને ગોપીઓની પેઠે દિવ્ય જાણે પણ કોઈ રીતે પ્રાકૃત જાણીને અભાવ તો આવે જ નહિ, એવી જે ભક્તિ તે તો મહા દુર્લભ છે અને એક-બે જન્મને સુકૃતે કરીને એવી ભક્તિ ન આવે; એ તો અનેક જન્મના જ્યારે શુભ સંસ્કાર ભેળા થાય છે ત્યારે તેને ગોપીઓના સરખી ભક્તિ ઉદય થાય છે. અને એવી ભક્તિ છે તે જ પરમપદ છે. માટે આવી રીતની જે ભક્તિ તે જ્ઞાન-વૈરાગ્ય થકી અધિક છે અને જેના હૃદયને વિષે આવી રીતની ભક્તિ હોય તેને ભગવાનને વિષે પ્રીતિમાં શું બાકી છે ? કાંઈ બાકી નથી. **(૩)** ઇતિ **૩** વચનામૃતમ્ **॥૧૦॥ (૧૪૩)**

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે, બ્રહ્મરૂપ જે અમારી શક્તિ તેણે કરીને અમે મૂળઅક્ષરાદિક સર્વેને વિષે વ્યાપક છીએ અને તે બ્રહ્મ અમારી કિરણ છે અને મૂર્તિમાન સર્વેથી જુદા

છીએ એવા અમને જાણીને અમારો આશ્રય કરે તે આત્યંતિક કલ્યાણને પામે છે. **(૧)** બીજામાં અમારા સુખને સર્વેથી અધિક જાણે તે વૈરાગ્યનું સ્વરૂપ છે. અને અમને સર્વ ક્રિયાને કરતા થકા અકર્તા ને નિર્લેપ જાણે તે સાંખ્ય સંબંધી જ્ઞાન છે, અને વૃત્તિઓ સ્થિર કરીને અમારે વિષે જોડે તે યોગ સંબંધી જ્ઞાન છે, અને અમારા મનુષ્યચરિત્રને દિવ્ય ને કલ્યાણકારી જાણીને દૃઢ આશ્રય કરે તે ભક્તિનું સ્વરૂપ છે. **(૨)** ત્રીજામાં જ્ઞાન, વૈરાગ્યથી અમારે વિષે પ્રીતિ થવાનું દૈવત ભક્તિને વિષે અધિક છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં વાસુદેવ ભગવાને પુરુષરૂપે થઈને વૈરાજપુરુષને વિષે પ્રવેશ કર્યો ત્યારે વૈરાજ ઊભા થયા એમ કહ્યું તે વાસુદેવ કોને કહ્યા હશે ? અને પ્રવેશ કેવી રીતે જાણવો ?

૧ **ઉ૦** વૈરાજને વિષે મૂળપુરુષ દ્વારાએ વાસુદેવે પ્રવેશ કર્યો છે તે શ્વેતદ્વીપપતિ વાસુદેવબ્રહ્મને આ ઠેકાણે વાસુદેવ નામે કહ્યા છે.

૨ **પ્ર૦** ગોપીઓ અને દુર્વાસાને દૃષ્ટાંતે સિદ્ધાંત શો સમજવો ?

૨ **ઉ૦** જેમ દુર્વાસા શ્રીકૃષ્ણ ભગવાનને વિષે એકાત્મતાને પામ્યા હતા તેની સેવાથી ગોપીઓને યમુનાનું આવરણ ટળી ગયું તેમ શ્રીજીમહારાજને વિષે એકાત્મતાને પામ્યા હોય એવા સત્પુરુષની સેવાથી માયારૂપી આવરણ ટળી જાય છે, અને જેમ શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓને આજ્ઞા કરી હતી તેમ શ્રીજીમહારાજે મુમુક્ષુઓને એવા સત્પુરુષની સેવા કરવી એમ આજ્ઞા કરી છે અને તેમની સેવાથી અમારી સેવા થાય છે એમ જણાવ્યું છે અને અમે તથા એવા સત્પુરુષ અકર્તા, નિર્લેપ, અસંગી ને નિર્વિકાર છીએ એમ જણાવ્યું છે.

૩ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં જ્ઞાન-વૈરાગ્યથી ભક્તિમાં અધિક દૈવત કહ્યું તેનું શું કારણ હશે ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજ મનુષ્યચરિત્ર કરે તે ચરિત્ર જોઈને પણ કાંઈ સંશય થાય નહિ ને સદા નિર્દોષ બુદ્ધિ ને દિવ્ય બુદ્ધિ રહે તેને જ ભક્તિ કહી છે. એ ભક્તિ જ્ઞાન-વૈરાગ્યથી અધિક છે. આ ભક્તિ અસાધારણ કહી છે.

૪ **પ્ર૦** આમાં જ્ઞાનથી ભક્તિ અધિક કહી અને (**લો૦ ૭**ના પહેલા પ્રશ્નમાં) અમારું સાક્ષાત્ જ્ઞાન થાય ત્યારે જ કલ્યાણ થાય એમ જોતાં તો જ્ઞાન અધિક થયું તે કેવી રીતે સમજવું ?

૪ **ઉ૦** આમાં શ્રીજીમહારાજના મનુષ્ય સ્વરૂપને વિષે દિવ્ય બુદ્ધિ થાય અને કોઈ કાળે શ્રીજીમહારાજના પ્રાકૃત ચરિત્રમાં સંશય થાય જ નહિ એવી નિર્દોષ ભક્તિ કહી છે. માટે આ ભક્તિ જ્ઞાને સહિત ને અસાધારણ છે માટે આ ભક્તિની ને સાક્ષાત્ જ્ઞાનની સરખી ગૌરવતા છે. **॥૧૦॥ (૧૪૩)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૧૧

❖સંવત ૧૮૭૮ના શ્રાવણ વદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર આગળ લીંબડાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** જેટલા ગ્રંથ છે તે સર્વે ગ્રંથોને સાંભળીને કેટલાક જે જીવ છે તે એ ગ્રંથોને ધર્મ, અર્થ ને કામ પર જાણે છે પછી એમ જાણીને પોતે પણ ધર્મ, અર્થ ને કામ તેને જ અર્થે યજ્ઞ-વ્રતાદિક શુભ કર્મ કરે છે. પછી તે કર્મનું ફળ દેવલોક અથવા બ્રહ્મલોક અથવા મર્ત્યલોક તેને વિષે ભોગવીને પછી ત્યાંથી પડે છે ને નરક ચોરાશીમાં જાય છે, માટે જે જીવ ધર્મ, અર્થ ને કામને વિષે પ્રીતિ રાખીને જે જે સુકૃત કરે છે તે સર્વે સાત્ત્વિકી, રાજસી ને તામસી થાય છે. ને તે કર્મનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રણ લોકમાં રહીને ભોગવાય છે, પણ ગુણાતીત જે ભગવાનનું ધામ તેને પામે નહિ. અને જ્યારે મોક્ષ ન થાય

ત્યારે જન્મ મરણ ને નરકનું દુઃખ તે મટે નહીં. **(૧)** અને જો ધર્મ, અર્થ ને કામ સંબંધી જે **૧**
ફળની ઇચ્છા તેનો ત્યાગ કરીને તેના તે શુભ કર્મ જો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે, તો એ જ શુભ કર્મ છે તે ભક્તિરૂપ થઈને કૈવલ્ય મોક્ષને અર્થે થાય છે. ત્યાં શ્લોક છે જે :-

**આમયો યેન ભૂતાનાં જાયતે યશ્ચ સુવ્રત । તદેવ હ્યામયં દ્રવ્યં ન પુનાતિ ચિકિત્સિતં ॥**
**એવં નૃણાં ક્રિયાયોગાઃ સર્વે સંસૃતિહેતવઃ । ત એવાત્મવિનાશાય કલ્પંતે કલ્પિતાઃ પરે ॥**

એ શ્લોકનો પૂર્વે વાત કરી એ જ ભાવ છે, માટે એ વાર્તા છે તે સુધી અટપટી છે તે જો પૂરી સમજાણી ન હોય તો ભગવાનના ભક્ત હોય તેનો પણ સર્વ અજ્ઞાની જીવના સરખો દેહનો વ્યવહાર જોઈને ભગવાનના ભક્તનો અવગુણ લે તેણે કરીને અવગુણનો લેનારો નારકી થાય છે. **(૨) ને ભગવાનના ભક્તની ને વિમુખ જીવની ક્રિયામાં તો ઘણો ફેર છે, કેમ જે વિમુખ** **૨**
**જે જે ક્રિયા કરે છે તે પોતાનાં ઇન્દ્રિયોને લડાવવાને અર્થે કરે છે ને ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે તો કેવળ ભગવાન ને ભગવાનના ભક્ત તેની સેવાને અર્થે કરે છે માટે હરિજનની જે સર્વે ક્રિયા તે તો ભક્તિરૂપ છે ને જે ભક્તિ છે તે તો નૈષ્કર્મ્ય જે જ્ઞાન તે રૂપ છે માટે હરિજનની ક્રિયા છે તે તો સર્વે નૈષ્કર્મ્યરૂપ છે.** ત્યાં શ્લોક ભગવદ્‌ગીતાનો છે :-

**કર્મણ્યકર્મ યઃ પશ્યેદકર્મણિ ચ કર્મ યઃ । સ બુદ્ધિમાન્મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્ ॥**

એ શ્લોકનો એમ અર્થ છે જે ભગવાનનો ભક્ત હોય તે ભગવાનની પ્રસન્નતાને અર્થે જે જે કર્મ કરે છે તે કર્મને વિષે અકર્મ જે જ્ઞાન તેને જ દેખે છે ને વિમુખ હોય તે નિવૃત્તિમાર્ગ પકડીને અકર્મપણે રહેતો હોય તો પણ તેને કર્મમાં બૂડ્યો છે એમ જે દેખે છે તે દેખનારો સર્વે મનુષ્યને વિષે બુદ્ધિમાન છે ને જ્ઞાની છે. **(૩) માટે ભગવાનની આજ્ઞાએ કરીને ભગવાનની પ્રસન્નતાને** **૩**
**અર્થે ભગવાનના ભક્ત જે જે કર્મ કરે છે તેનો કોઈ રીતે અવગુણ જો લે તો તેના હૃદયને વિષે કુટુંબે સહિત અધર્મ આવીને નિવાસ કરે છે. (૪)** ઇતિ વચનામૃતમ્ **॥૧૧॥ (૧૪૪) ૪**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, ધર્મ, અર્થ ને કામને વિષે પ્રીતિ રાખીને સુકૃત કરે તેનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળમાં ભોગવીને નરક ચોરાશીમાં જાય છે. **(૧)** અને તેનાં તે કર્મ અમારી પ્રસન્નતાને અર્થે કરે તો ભક્તિરૂપ થઈને મોક્ષને અર્થે થાય છે અને અમારા ભક્તના દેહનો વ્યવહાર અજ્ઞાની જીવના જેવો જોઈને અવગુણ લેનારો નારકી થાય છે. **(૨)** અને અમારા ભક્તની ક્રિયા અમારી તથા અમારા ભક્તની સેવાને અર્થે છે માટે તે નૈષ્કર્મ્યરૂપ ને ભક્તિરૂપ છે એમ જાણે તે જ્ઞાની છે. **(૩)** અને અમારા ભક્તની સેવારૂપ ક્રિયામાં અવગુણ લે તેને વિષે અધર્મ નિવાસ કરે છે. **(૪)** બાબતો છે.

(પહેલી બાબતમાં ગુણાતીત ધામ કહ્યું તે ધામનો ખુલાસો **પ્ર૦ ૧૨**ના ૧૬મા પ્રશ્નોત્તરમાં છે) **॥૧૧॥ (૧૪૪)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૧૨

❖સંવત ૧૮૭૮ના શ્રાવણ વદિ ૬ છઠને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બારણે ઓરડાની ઓસરીએ શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના

મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** એક વાત કરીએ છીએ તે સર્વે સાંભળો અને આ જે વાર્તા કહેશું તેમાં એક જ સાધન કલ્યાણને અર્થે કહેશું. તે એકને વિષે સર્વે સાધન આવી જાય એવું એક બળવાન કલ્યાણનું સાધન છે, તે કહીએ છીએ જે, દેહને વિષે જે જીવ છે તે એમ જાણે છે જે કામ-ક્રોધાદિક ભૂંડી પ્રકૃતિઓ છે તે મારા જીવ સાથે જડાણી છે, એવી રીતે કામાદિક જે જે પ્રકૃતિ જેને વિષે મુખ્ય હોય તે પ્રકૃતિને યોગે કરીને પોતાના જીવને કામી, ક્રોધી, લોભી ઈત્યાદિક કુલક્ષણે યુક્ત માને છે પણ જીવને વિષે તો એ એકે કુલક્ષણ છે નહિ. એ તો જીવે મૂર્ખાઈએ કરીને પોતાને વિષે માની લીધા છે, માટે જેને પરમપદ પામવા ઈચ્છવું તેને કાંઈક પોતાને વિષે પુરુષાતન રાખવું પણ છેક નાદાર થઈને બેસવું નહિ. ને એમ વિચાર કરવો જે, જેમ આ દેહમાં ચાર અંતઃકરણ છે, દશ ઈન્દ્રિયો છે, પંચ પ્રાણ છે, તેમ હું જીવાત્મા છું તે પણ આ દેહને વિષે છું તે એ સર્વેથી અધિક છું ને એ સર્વેનો નિયંતા છું. પણ એમ ન માનવું જે, હું તો તુચ્છ છું ને અંતઃકરણ-ઈન્દ્રિયો તો બળવાન છે, જેમ કોઈક રાજા હોય ને તે બુદ્ધિહીન હોય પછી એના ઘરના મનુષ્ય હોય તે પણ તેનું વચન માને નહિ, પછી એ વાર્તાની જ્યારે ગામના મનુષ્યને ખબર પડે ત્યારે ગામમાં પણ કોઈ હુકમ માને નહિ, પછી દેશના મનુષ્યને વાત સાંભળે ત્યારે દેશના મનુષ્ય પણ કોઈ એનો હુકમ માને નહીં. પછી તે રાજા ગ્લાનિ પામીને અસમર્થ થઈને બેસી રહે; અને કોઈ ઉપર હુકમ ચલાવે નહિ. તેમ રાજાને ઠેકાણે જીવ છે અને ઘરના મનુષ્યને ઠેકાણે અંતઃકરણ છે. ને ગામના ને દેશના મનુષ્યને ઠેકાણે ઈન્દ્રિયો છે તે જ્યારે એ જીવ નાદાર થઈને બેસે, ને પછી અંતઃકરણ ઉપર હુકમ કરીને પરમેશ્વર સન્મુખ રાખવાને ઈચ્છે ત્યારે અંતઃકરણ એનું કહ્યું કરે નહિ, ને ઈન્દ્રિયોને વશ રાખવા ઈચ્છે તો ઈન્દ્રિયો પણ એને વશ રહે નહિ, પછી એ જીવ કાયાનગરને વિષે રાજા છે તો પણ રાંકની પેઠે ઓશિયાળો થઈ રહે છે, અને જ્યારે રાજા નાદાર થાય ત્યારે તેના નગરને વિષે મનુષ્ય હોય તે સાંઢ થઈને બેસે છે, ને રાજાનું લેશમાત્ર ચાલવા દે નહિ, તેમ આ જીવના કાયાનગરને વિષે પણ જે કામાદિક રાજા નથી તે રાજા થઈને બેસે છે, અને એ જીવનું લેશમાત્ર ચાલવા દેતા નથી, માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને એવું નાદારપણું રાખવું નહિ. ને જે પ્રકારે પોતાનાં ઈન્દ્રિયો ને અંતઃકરણ તે સર્વ પોતાના હુકમમાં વર્તે એવો ઉપાય કરવો, જેમ રાજા હોય તે રાજનીતિના ગ્રંથ ભણીને પોતાના રાજ્યમાં પોતાનો હુકમ ચલાવે, પણ રૈયતનો દાબ્યો દબાય નહિ, અને જો રાજનીતિ ન જાણતો હોય તો તે વસ્તી હુકમ ન માને ને તેને મારવા જ માંડે પછી પોતાનો દેશ હોય તે ઉજ્જડ થઈ જાય અને કાં તો કોઈ હુકમ જ માને નહિ તેણે કરીને પોતે દુઃખિયો થકો વર્તે, એવી રીતે રાજનીતિ જાણ્યા વિના બે વાતે બગાડ થાય છે તેમ જીવ પણ જો રાજનીતિને જાણ્યા વિના કાયાનગરમાં હુકમ કરવા જાય તો એમાંથી સુખ થાય નહિ. **(૧)** ૧

૨ પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પૂછ્યું જે, (૨) કલ્યાણને ઇચ્છે તેને કેમ રાજનીતિ ભણવી ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **રાજનીતિ એમ ભણવી જે, પ્રથમ તો ભગવાનનું માહાત્મ્ય સારી પેઠે જાણવું. પછી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીને મનને વશ કરવું, ને ભગવાનની કથા સાંભળીને શ્રોત્રને વશ કરવા, પણ ગ્રામ્ય વાર્તા હોય તે સાંભળવા દેવી નહિ, તેમ જ ત્વચા તે ભગવાન ને ભગવાનના જન તેનો જ સ્પર્શ કરે, ને નેત્ર તે પરમેશ્વર ને તેના દાસ તેનું જ દર્શન કરે, ને રસના તે અખંડ ભગવદ્‌ગુણને જ ગાય ને ભગવાનનો પ્રસાદ હોય તેનો જ સ્વાદ લે, ને નાસિકા તે ભગવાનના પ્રસાદી જે પુષ્પાદિક તેનો જ સુગંધ લે પણ કુમાર્ગે કોઈ ઇન્દ્રિયને ચાલવા દે નહિ, એવી રીતે જે વર્તે તેનો દેહરૂપી નગરને વિષે હુકમ કોઈ ફેરવે નહિ અને એવી રીતે પુરુષપ્રયત્ને યુક્ત જે વર્તે તે નાદારપણાનો સારી પેઠે ત્યાગ કરે એ જ કલ્યાણને માર્ગે ચાલ્યો તેને સ્વભાવ જીત્યાનો અતિશે મોટો ઉપાય છે** ને એ પુરુષપ્રયત્ન રૂપ જે ઉપાય છે તેને સાવધાન થઈને કરે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તે સર્વે પુરુષપ્રયત્નરૂપી સાધનને વિષે આવે છે માટે પુરુષપ્રયત્ન છે તે જ કલ્યાણને અર્થે સર્વે સાધન થકી મોટું સાધન છે. (૨) ઇતિ વચનામૃતમ્ ॥૧૨॥ (૧૪૫) ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન (૨) છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે, તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, ઇન્દ્રિયો-અંતઃકરણને દાબીને વર્તવું પણ તેથી દબાવું નહિ. (૧) બીજામાં અમારું માહાત્મ્ય જાણીને ધ્યાન કરે અને ઇન્દ્રિયોને નિયમમાં રાખીને વશ કરે તેનું આત્યંતિક કલ્યાણ થાય છે. (૨) બાબતો છે. ॥૧૨॥ (૧૪૫)

## વચનામૃત ગઢડા મધ્યનું - ૧૩

❖સંવત ૧૮૭૮ના શ્રાવણ વદિ અમાવાસ્યાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની ઓસરીએ ચાકળા ઉપર વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો તથા ધોળી ચાદર ઓઢી હતી ને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે પોતાના બે ભુજ ઊંચા ઉપાડીને સર્વેને છાના રાખ્યા ને પછી પોતાના મુખારવિંદની આગળ સ્તુતિ કરીને બેઠા એવા જે સંત તે પ્રત્યે શ્રીજીમહારાજ એમ બોલતા
૧ હવા જે, (૧) હે સંતો ! જે મોટેરા હો ને વાતમાં સમજતા હોય તે આગળ બેસો ને આ એક વાત કરું છું તે સર્વે ચિત્ત દઈને સાંભળજ્યો, અને આ જે મારે વાત કરવી છે તે કાંઈ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટપ વધાર્યા સારુ નથી કરવી; એ તો એમ જાણીએ છીએ જે, આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી એ વાત કોઈને સમજાઈ જાય તો તેના જીવનું અતિ રૂડું થાય તે સારુ કરીએ છીએ, અને આ જે વાત છે તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે, ને એ વાત સભામાં કર્યા જેવી નથી; તો પણ સભામાં કરીએ છીએ જે, મારે સહજ

સ્વભાવે એમ વર્તે છે જે, આ સંસારને વિષે જે અતિ રૂડો શબ્દ તથા અતિ રૂડો સ્પર્શ તથા અતિ રૂડો ગંધ તથા અતિ રૂડો રસ તથા અતિ રૂડું રૂપ એ જે પંચવિષય તેમાં હું મારા જીવને બાંધવાને ઇચ્છું તો પણ નથી બંધાતો ને એમાં અતિશે ઉદાસ રહે છે. અને એ જે સારા પંચવિષય તથા નરસા પંચવિષય તે બેય સમ વર્તે છે, અને રાજા તથા રંક તે પણ સમ વર્તે છે, અને ત્રિલોકીનું રાજ્ય કરવું તથા ઠીકરું લેઈને માગી ખાવું તે પણ સમ વર્તે છે, અને હાથીને હોદ્દે બેસવું તથા પગપાળા ચાલવું તે પણ સમ વર્તે છે, અને કોઈક ચંદન તથા પુષ્પ તથા સારાં વસ્ત્ર તથા ઘરેણાં ચડાવે તથા ધૂળ નાખે તે બેય સમ વર્તે છે, ને કોઈક માન આપે તથા કોઈક અપમાન કરે તે બે પણ સમ વર્તે છે, તથા સોનું, રૂપું, હીરો તથા કચરો તે બેય સમ વર્તે છે, અને આ હરિભક્ત બહુ મોટો છે ને આ હરિભક્ત નાનો છે એમ પણ નથી જણાતું; બધાય હરિભક્ત સરખા જણાય છે, અને મારા અંતઃકરણને વિષે અતિ તીવ્ર વૈરાગ્ય વર્તે છે તેનો પણ ભાર નથી જણાતો, જેમ કોઈક માથે પાણો ઉપાડ્યો હોય તથા રૂપૈયા ને સોનામહોરની વાંસળી કેડે બાંધી હોય તેનો ભાર જણાય છે તેમ ભાર નથી જણાતો, ને મારે વિષે સદ્ધર્મ છે તેનો પણ ભાર નથી જણાતો, તથા મારે વિષે જ્ઞાન છે જે, હું બ્રહ્મ છું; કોઈ દિવસ જીવ નથી તેનો પણ ભાર નથી જણાતો, અને આ જે હું ઉપર થકી કોઈક પદાર્થને વખાણું છું ને કોઈક પદાર્થને કુવખાણું છું તે તો જાણી જાણીને કરું છું, અને જે જે પદાર્થને વિષે ઇન્દ્રિયોની વૃત્તિને બળાત્કારે જોડું છું તે માંડ માંડ તે પદાર્થ સન્મુખ રહે છે, અને જ્યારે ઢીલી મેલુ છું ત્યારે તરત પાછી વળી આવે છે, જેમ આકાશને વિષે પથરો ફગાવીએ તે જ્યાં સુધી હાથને જોરે કરીને ઠેલાય ત્યાં સુધી જ આકાશને વિષે રહે ને પછી પાછો પૃથ્વીને વિષે આવીને પડે છે, અને જેમ પૂંછલેલ ઢોર હોય તેને માણસ બળાત્કારે કરીને જ્યાં સુધી ઊંચું ઝાલી રાખે ત્યાં સુધી રહે ને જ્યારે મૂકી દે ત્યારે ધબ લેઈને પડી જાય, અને જેમ કોઈક પુરુષ સૂઝે એટલો બળિયો હોય ને દાંતે આખી સોપારી ભાંગી નાખતો હોય, અને તે પુરુષને દશવીશ કાગદી લીંબુ ચુસાવ્યાં હોય પછી તે શેકેલ ચણા પણ માંડમાંડ ચાવે, તેમ વિષય સન્મુખ બળાત્કારે વૃત્તિને જોડીએ છીએ તો માંડ માંડ જોડાય છે, તે આજે એમ મુને વર્તે છે તેનું શું કારણ છે, તો મારી ઇન્દ્રિયોની જે વૃત્તિ છે તે પાછી વળીને સદા હૃદયને વિષે જે આકાશ છે તેને વિષે વર્તે છે. અને તે હૃદયાકાશને વિષે અતિશે તેજ દેખાય છે, જેમ ચોમાસાને વિષે આકાશમાં વાદળાં છાઈ રહ્યાં હોય તેમ મારા હૃદયને વિષે એકલું તેજ વ્યાપી રહ્યું છે, અને **તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે. તે અતિ પ્રકાશમય છે ને તે મૂર્તિ ઘનશ્યામ છે** તો પણ અતિશે તેજે કરીને શ્યામ નથી જણાતી; અતિશે શ્વેત જણાય છે, ને તે મૂર્તિ દ્વિભુજ છે, અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશે મનોહર છે પણ ચાર ભુજા કે અષ્ટ ભુજા કે સહસ્ર ભુજા તે એ મૂર્તિને નથી; એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે ને કિશોર છે, તે મૂર્તિ ક્યારેક તો એ તેજમાં ઊભી  દેખાય છે ને ક્યારેક

બેઠી દેખાય છે ને ક્યારેક હરતી-ફરતી દેખાય છે ને એ મૂર્તિને ચારે કોરે મુક્તના મંડળ ભરાઈને બેઠાં છે તે સર્વ મુક્ત છે તે એક નજરે તે ભગવાનની મૂર્તિ સામું જોઈ રહ્યા છે, તે મૂર્તિને અમે પ્રગટ પ્રમાણ હમણાં પણ દેખીએ છીએ અને સત્સગમાં નહોતા આવ્યા ત્યારે પણ દેખતા અને માતાના ગર્ભમાં હતા તે દિવસ પણ દેખતા અને ગર્ભમાં આવ્યા મોરે પણ દેખતા, અને અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ, અને તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું, પણ **આ ગઢડું શહેર કે આ ઓસરી એ કાંઈ દેખાતું નથી. અને જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી તેમ તે પુરુષને પણ ક્યાંય આસક્તિ રહે જ નહિ અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ-ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થાશે નહિ; સહેજે જિતાઈ જશે. (૧)** અને **એ જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ, તથા બ્રહ્મ કહીએ, ને** ૧
**અક્ષરધામ કહીએ. અને એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે, તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ, તથા પુરુષોત્તમ કહીએ.** તે જ ભગવાન રામકૃષ્ણાદિક રૂપે કરીને પોતાની ઈચ્છાએ જીવોના કલ્યાણને અર્થે યુગ યુગને વિષે પ્રગટ થાય છે. તે ભગવાન ક્યારેક તો બે તત્ત્વને ગ્રહણ કરીને પ્રગટ થાય છે ને ક્યારેક ચાર તત્ત્વને ગ્રહણ કરીને પ્રગટ થાય છે અને ક્યારેક પાંચ તત્ત્વને ગ્રહણ કરીને પ્રગટ થાય છે અને ક્યારેક ચોવીશ તત્ત્વને ગ્રહણ કરીને પ્રગટ થાય છે ને ક્યારેક તો **કૈવલ્યપણે પ્રગટ** થાય છે, માટે આ લોકને વિષે મનુષ્ય જેવા જણાય છે તો પણ મનુષ્ય જેવા નથી ને અક્ષરધામના પતિ છે તે શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે જે :-

न तद्भासयते सूर्यो न शशांको न पावकः ।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥

માટે શ્રી કૃષ્ણ ભગવાન મનુષ્ય જેવા જણાતા હતા તો પણ અક્ષરાતીત કૈવલ્ય મૂર્તિ જ છે અને ભગવાન જે મનુષ્યદેહ ધરે છે તે ભગવાનની મૂર્તિનું જે ધ્યાન કરે ત્યારે એ ધ્યાનના કરનારાને એ મૂર્તિ તેજોમય એવી અક્ષરધામને વિષે કૈવલ્યસ્વરૂપે ભાસે છે ને ધ્યાનના કરનારાનો જે જીવ તે માયાને તરે છે અને પરમપદને પામે છે, માટે ભગવાન તો મનુષ્યદેહ ધારણ કરે છે તો પણ કૈવલ્યરૂપે જ છે અને **તે ભગવાન જે જગ્યામાં વિરાજતા હોય તે જગ્યા પણ નિર્ગુણ છે અને તે ભગવાનનાં વસ્ત્ર, અલંકાર તથા વાહન તથા પરિચર્યાના કરનારા સેવક તથા ખાનપાનાદિક જે જે પદાર્થ ભગવાનના સંબંધને પામે છે તે સર્વે નિર્ગુણ છે.** એવી રીતે જેણે ભગવાનનું સ્વરૂપ જાણ્યું તેને અમારી પેઠે જ પંચવિષયમાં ક્યાંય પ્રીતિ રહેતી નથી ને તે સ્વતંત્ર થાય છે. અને એ **અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વ અવતારનું કારણ છે અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય**

**છે;** તે જ્યારે ભગવાન મૂર્તિ ધરીને પાછા અંતર્ધાન થાય છે ત્યારે તે જે ભગવાનની મૂર્તિ તે ક્યારેક તો મનુષ્યની પેઠે આ પૃથ્વીને વિષે પડી રહે છે, તે જેમ શ્રીકૃષ્ણની મૂર્તિને ખોળામાં લેઈને રુક્મણીજી બળી મૂઆં, તથા ઋષભદેવનો દેહ હતો તે દાવાનળને વિષે બળી ગયો, એમ પણ થાય. અને ક્યારેક તો હાડ-માંસ સહિત દિવ્યભાવ પામીને કાંઈ રહે નહિ; અંતર્ધાન થઈ જાય. અને જ્યારે પ્રગટ થાય ત્યારે પણ ક્યારેક તો સ્ત્રી થકી જન્મ ધરે, ને ક્યારેક તો પોતાની ઈચ્છામાં આવે ત્યાં થકી પ્રગટ થઈ આવે છે, એમ એ ભગવાનના જન્મ ને દેહ મૂક્યાની રીતિ તો અલૌકિક છે. અને જ્યારે **એવું ભગવાનનું સ્વરૂપ છે તેને દૃઢ કરીને સમજશો ત્યારે તમને કોઈ પ્રકારનું વિઘ્ન કલ્યાણના માર્ગને વિષે નહિ થાય. (૨) ને એ** ૨
**ભગવાનના સ્વરૂપની દૃઢતા વિના તો ગમે તેટલો ત્યાગ રાખો ને ગમે તેટલા ઉપવાસ કરો પણ કોઈ રીતે ખામી ભાંગશે નહિ અને તમે એમ કહેશો જે, અમને તો એ સ્વરૂપની તમે જેમ કહો છો તેમ દૃઢતા છે તો પણ પ્રાણ-ઈન્દ્રિયો કેમ લીન નથી થાતા ? તો એ તો પરમેશ્વરની ઈચ્છાએ કરીને એમ રહ્યું છે એમ સમજવું, પણ તેને કાંઈ કરવું રહ્યું નથી; એ તો કૃતાર્થ છે અને એ તો સર્વ સાધનના અંતને પામ્યો છે અને જો ભગવાનના સ્વરૂપની આવી રીતે દૃઢતા હોય ને કદાચિત્ જો નિર્માન, નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ ને નિઃસ્નેહ એમાં કાંઈક થોડી ઘણી કાચ્યપ રહી જાય તો તેની કાંઈ ચિંતા નથી, પણ ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ.** માટે દેહ છતે જે પ્રકારે આવું રહસ્ય સમજાય તેવો ઉપાય કરવો ને આ વાર્તા યથાર્થ સમજાણી હોય ને કોઈક પ્રારબ્ધ કર્મને વશ થઈને જો કોઈક નીચ-ઊંચ દેહની પ્રાપ્તિ થાય તો પણ વૃત્રાસુરની પેઠે જ્ઞાન જાય નહિ, તથા જેમ ભરતજીને મૃગનો દેહ આવ્યો તો પણ પૂર્વજન્મનું જ્ઞાન ટળ્યું નહિ એવું આ જ્ઞાનનું અતિશે માહાત્મ્ય છે. અને નારદ-સનકાદિક ને બ્રહ્માદિક દેવ તેમની સભામાં પણ નિરંતર આ જ વાર્તા થાય છે **અને આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ, અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ આ વાત સમજ્યામાં આવે છે; પણ પોતાની બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી** અને જેને આવી રીતે યથાર્થ ભગવાનનું સ્વરૂપ સમજ્યામાં આવ્યું છે તેને જો ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ ત્રણે કાળને વિષે દૃષ્ટિ પહોંચતી હોય તો પણ તેને એ વાતનો કાંઈ ગર્વ હોય નહિ, અને કોઈને વર કે શાપ દે નહિ ને કોઈ ઠેકાણે વર કે શાપ દે પણ ખરા, ને કોઈ ઠેકાણે નિર્ભય રહે ને કોઈ ઠેકાણે બીએ પણ ખરા, પણ તેણે કરીને પોતે કાંઈ હર્ષ-શોક મનમાં લાવે નહિ. અને જેને ભગવાનનો આ કહ્યો એવી રીતે દૃઢ આશ્રય હોય તે જાણીને તો ભૂંડું કર્મ કરે જ નહિ પણ કદાચિત ભૂંડા દેશ-કાળાદિકને યોગે કરીને જો કાંઈક અવળું કર્મ થઈ જાય, તો પણ તે દૃઢ આશ્રયવાળો કલ્યાણના માર્ગ થકી પડી જાય નહિ, માટે એ જે ભગવાનનો દૃઢ આશ્રય છે એવો નિર્વિઘ્ન માર્ગ કોઈ નથી. એ વાત

જેને સમજાણી હોય તેનો તો અતિ મોટો આશય હોય; જુઓને અમારે પરમહંસ તથા સત્સંગી સમસ્ત પાસેથી કાંઈ સ્વાર્થ સાધવો નથી, તો પણ કોઈને બોલાવીએ છીએ, કોઈને વઢીએ છીએ ને કોઈને કાઢી મૂકીએ છીએ, તેનું એ જ પ્રયોજન છે જે કોઈ રીતે આ વાત સમજાય તો બહુ સારું થાય, **માટે આ વાર્તા છે તે સર્વે દૃઢ કરીને રાખજ્યો. અને જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજ્યો,** ને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજ્યો જે, અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે એમ જાણશો, તો પણ તમારે મારે વિષે હેત રહેશે તેણે કરીને તમારું પરમ કલ્યાણ થાશે અને આ **વાતને નિત્યે નવી ને નવી રાખજ્યો પણ ગાફલપણે કરીને વિસારી દેશો મા, આજ છે તેવી જ કાલ નવી ને નવી રાખજ્યો અને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિન દિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો, અને જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિષે આ વાતનું બીજ લાવજ્યો,** એમ અમારી આજ્ઞા છે, અને આ વાર્તા એવી જીવનદાર છે જે દેહ રહે ત્યાં સુધી પણ નિત્ય પ્રત્યે કરવી, અને દેહ મૂકીને ભાગવતી તનુએ કરીને પણ આ જ વાર્તા કરવી છે, ને આ જે અમે તમને વાત કહી તે સર્વે શાસ્ત્રનો સિદ્ધાંત છે, ને અનુભવમાં પણ એમ જ દૃઢ છે, અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કહી છે. ને જો પ્રત્યક્ષ જોઈને ન કહી હોય તો અમને સર્વે પરમહંસના સમ છે, એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે પરોક્ષપણે પોતાના પુરુષોત્તમપણાની વાર્તા કરી તેને સાંભળીને સર્વે સાધુ તથા હરિભક્ત તે એમ જ માનતા હવા જે, જે તેજને વિષે મૂર્તિ કહી તે જ આ શ્રીજીમહારાજ પ્રત્યક્ષ પ્રમાણ છે. **(૩)** ઈતિ વચનામૃતમ્ **॥૧૩॥ (૧૪૬)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે પોતાને મિષે પોતાના મુક્તની સ્થિતિ કહી છે જે અમારા મુક્તને સારા-નરસા વિષય, માન-અપમાન, કચરો-કંચન સમ વર્તે છે અને વૈરાગ્યાદિક સાધનનો ભાર નથી રહેતો અને બળાત્કારે વૃત્તિને વિષય સન્મુખ જોડે તો માંડમાંડ જોડાઈને પાછી વળી આવે છે તેનું કારણ એ છે જે, અમારા તેજમાં દિવ્ય તેજોમય દ્વિભુજ મૂર્તિ, સૌમ્ય ને કિશોર એવા અમને સદા ય દેખે છે, એવી રીતે અમને જાણે ને દેખે તેને પણ ક્યાંય આસક્તિ રહે નહિ. **(૧) અને એ અમારા પ્રકાશનાં આત્મા, બ્રહ્મ ને અક્ષરધામ એ ત્રણ નામ છે અને અમારા પરમાત્મા, પરબ્રહ્મ ને પુરુષોત્તમ એ ત્રણ નામ છે,** અને અમે જીવોના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ, અને ક્યારેક તત્ત્વને ગ્રહણ કરીને પ્રગટ થઈએ છીએ અને કયારેક કૈવલ્યપણે પ્રગટ થઈએ છીએ, અને આ લોકને વિષે મનુષ્ય જેવા દેખાઈએ છીએ, પણ અક્ષરધામના પતિ છીએ, અને શ્રીકૃષ્ણને દૃષ્ટાંતે કહ્યું છે કે અમે અક્ષરાતીત કહેતાં અમારા તેજરૂપ અક્ષરધામ તેથી અતીત એટલે પર છીએ ને કૈવલ્યમૂર્તિ છીએ ને અમારું ધ્યાન કરનારાને કૈવલ્યરૂપે દર્શન આપીએ છીએ ને તે પરમપદને પામે છે અને અમારા સંબંધને પામે તે જગ્યા, પદાર્થ ને સેવક તે સર્વે નિર્ગુણ થાય છે. અમને આવા જાણે છે તે સ્વતંત્ર થાય છે. અને અમે સર્વ અવતારના કારણ છીએ, ને સર્વ અવતાર અમારામાંથી પ્રગટ ને અમારામાં લીન થાય છે. અને અમારી પ્રગટ થવાની તથા અંતર્ધાન થવાની રીત અલૌકિક છે. ત્યાં શ્રીકૃષ્ણ ભગવાનના દેહ ત્યાગ કર્યાનું દૃષ્ટાંત આપ્યું છે અને આવા અમને સમજે તેને કલ્યાણના માર્ગમાં વિઘ્ન થાય નહિ. **(૨)** અને આ વાર્તા સદ્‌ગ્રંથોમાં હોય પણ અમારા ધામમાંથી આવેલા મુક્તના મુખ થકી જ સમજાય છે અને આવું અમારું સ્વરૂપ સમજ્યામાં આવે તેને ત્રિકાળદૃષ્ટિનો ગર્વ કે હર્ષ-શોક હોય નહિ ને આવો નિર્વિઘ્ન માર્ગ બીજો નથી, માટે આ વાર્તા દૃઢ કરીને રાખજ્યો. અને તેજમાં મૂર્તિ કહી તે અમે પોતે જ છીએ એમ જાણજ્યો ને આ વાતનું બીજ લાવજો, એટલે જે જે વાત કરો તેમાં અમે સર્વેથી પર ને સર્વેના કારણ છીએ અને

અમારા તેજરૂપ અક્ષરધામમાં સદાય વિરાજમાન છીએ એ વાત લાવજ્યો. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** મોટેરા હોય તે આગળ બેસો એમ કહ્યું તે મોટેરા કોને જાણવા ?

૧ **ઉ૦** પોતાના સિદ્ધમુક્તો જે આ વાતમાં સમજે છે તેમને આ ઠેકાણે મોટેરા કહ્યા છે.

૨ **પ્ર૦** પહેલી બાબતમાં આ વાત સભામાં કર્યા જેવી નથી એમ કહ્યું તેનું શું કારણ હશે ?

૨ **ઉ૦** પોતે પોતાનાં વખાણ સભામાં ન કરવાં એમ પોતાના આશ્રિતોને સૂચવ્યું છે.

૩ **પ્ર૦** અમારા જીવને બાંધવાને ઇચ્છીએ તો પણ નથી બંધાતો એમ કહ્યું તે શ્રીજીમહારાજ તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે તેમણે પોતાને જીવ કેમ કહ્યા હશે ?

૩ **ઉ૦** જે આધાર, વ્યાપક ને પ્રકાશક હોય તે જીવ કહેવાય તે જેમ આ દેહનો પ્રકાશક ને હલાવનાર-ચલાવનાર ચૈતન્ય છે તેને જીવ કહેવાય છે, તેમ શ્રીજીમહારાજ જીવ, ઈશ્વર, બ્રહ્મ, અક્ષરાદિક સર્વના આધાર, આત્મા, વ્યાપક ને પ્રકાશક છે, એવી રીતે સર્વને જિવાડનારા હોવાથી જીવ કહ્યા છે.

૪ **પ્ર૦** સર્વે હરિભક્ત સરખા જણાય છે પણ નાનામોટા નથી જણાતા એમ કહ્યું તેનું શું કારણ હશે ?

૪ **ઉ૦** જે ભક્ત અંતરવૃત્તિ કરીને શ્રીજીમહારાજની મૂર્તિને દેખે ત્યારે તે ભક્તને સારા-નરસા વિષય તથા નાના-મોટા, રાજા-રંક, માન-અપમાન, કચરો-કંચન એ સર્વે સમ થઈ જાય છે તે એવા ભક્તને ભેદ રહેતો નથી એમ કહ્યું છે પણ નાના-મોટા એવો ભેદ નથી એમ નથી કહ્યું; ભેદ તો સદાય છે જ અને જ્ઞાન-વૈરાગ્યાદિક સાધનોનો ભાર એટલે મહત્તા રહેતી નથી પણ સાધન મૂકી દે છે એમ ન જાણવું.

૫ **પ્ર૦** જ્ઞાન-વૈરાગ્યાદિકનાં રૂપ શાં હશે ?

૫ **ઉ૦** શ્રીજીમહારાજની મૂર્તિ વિના શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામને વિષે પણ પ્રીતિ નહિ તે વૈરાગ્યનું રૂપ છે. અને સ્થૂળ દેહે કરીને શ્રીજીમહારાજનાં નાનાં-મોટાં વચન પાળવાં તથા અંતઃકરણમાં શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ ન થાય તે સદ્ધર્મનું રૂપ છે. અને શ્રીજીમહારાજના તેજરૂપ જે બ્રહ્મ તે રૂપ પોતાને માનવું તે આંહીં જ્ઞાનનું સ્વરૂપ છે.

૬ **પ્ર૦** મૂર્તિ ઘનશ્યામ છે પણ અતિશે તેજે કરીને શ્વેત જણાય છે એમ કહ્યું તે મૂર્તિને ઘનશ્યામ કહી ને તેજને શ્વેત કહ્યું તે ઘનશ્યામ મૂર્તિનું તેજ શ્વેત શી રીતે હોવું જોઈએ ?

૬ **ઉ૦** અમે આંહીં મનુષ્યભાવે ઘનશ્યામ દેખાઈએ છીએ પણ જેને અમારે વિષે સ્થિતિ થાય છે તે અમને અમારા તેજમાં જેવા શ્વેતમૂર્તિ છીએ તેવા જ દેખે છે, માટે મનુષ્યભાવે શ્યામ જણાઈએ છીએ એમ કહ્યું છે.

૭ **પ્ર૦** અમે માતાના ઉદરને વિષે ભગવાનની મૂર્તિ દેખતા એમ કહ્યું અને (**અ૦ ૭**/૧માં) અમે એક જ ભગવાન છીએ એમ કહ્યું છે તે પરસ્પર વિરોધ આવે છે તે કેવી રીતે સમજવું ?

૭ **ઉ૦** આ ઠેકાણે શ્રીજીમહારાજે પોતાના મુક્તની સ્થિતિ કહી છે જે અમારા મુક્ત હોય તે અમારી મૂર્તિને સદાય દેખે છે એમ કહ્યું છે.

૮ **પ્ર૦** બીજી બાબતમાં રામકૃષ્ણાદિકરૂપે અમે પ્રગટ થઈએ છીએ એમ કહ્યું તે રામકૃષ્ણાદિકરૂપે કેવી રીતે પ્રગટ થાતા હશે ?

૮ **ઉ૦** રામકૃષ્ણાદિક અવતારોને વિષે પોતાની અંતર્યામી શક્તિદ્વારે રહ્યા છે તેથી એ રૂપે થાય છે એમ જાણવું તે (**પ્ર૦ ૩૩**ના સાતમા પ્રશ્નોત્તરમાં) કહ્યું છે અને તે અવતારો તેમના ધામમાં લઈ જાય એટલું કલ્યાણ કરે છે પણ આત્યંતિક કલ્યાણ તો શ્રીજીમહારાજ તથા એમના મુક્ત જ કરે પણ બીજાથી ન થાય.

૯ **પ્ર૦** ક્યારેક બે તત્ત્વનું, ક્યારેક ચાર તત્ત્વનું, ક્યારેક પાંચ તત્ત્વનું ને ક્યારેક ચોવીશ તત્ત્વનું ગ્રહણ કરીને પ્રગટ થઈએ છીએ અને ક્યારેક કૈવલ્યપણે પ્રગટ થઈએ છીએ એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૯ **ઉ૦** શ્રીજીમહારાજ પ્રકૃતિપુરુષ થકી સૃષ્ટિ કરે છે તે સૃષ્ટિમાં અનુક્રમે તથા કૈવલ્યપણે અવતાર ધારે છે એમ (**પ્ર૦ ૬૩**ના ચોથા પ્રશ્નમાં) કહ્યું છે તે જ્યારે અનુક્રમે અવતાર ધારે છે ત્યારે પ્રકૃતિપુરુષદ્વારે ધારે છે તે એક તત્ત્વ પુરુષ ને બીજું તત્ત્વ પ્રકૃતિ એમ બે તત્ત્વ કહ્યાં છે અને પ્રધાનપુરુષદ્વારે ધારે ત્યારે તે પ્રધાનપુરુષમાં પ્રકૃતિ અને પુરુષ બેનો પ્રવેશ હોય છે, માટે એ બે

તત્ત્વ ને પ્રધાન ને પુરુષ એ બે તત્ત્વ મળીને ચાર તત્ત્વ કહ્યા છે અને મહત્તત્ત્વદ્વારે અવતાર ધારે ત્યારે તે મહત્તત્ત્વ મળીને પાંચ કહ્યા છે અને વૈરાજરૂપે ધારે ત્યારે ચોવીશ તત્ત્વનું ગ્રહણ કરીને પ્રગટ થાય છે એમ કહ્યું છે એવી રીતે તત્ત્વનું ગ્રહણ કરે છે એમ જાણવું, અને જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવા સારુ પોતે આવે તે કૈવલ્યરૂપે પ્રગટ થાય છે એમ કહ્યું છે.

**૧૦ પ્ર૦** સર્વ અવતાર અમારે વિષેથી પ્રગટ થાય છે ને પાછા અમારે વિષે લીન થાય છે એમ કહ્યું તે પ્રગટ ને લીન કેવી રીતે થાતા હશે ?

**૧૦ ઉ૦** શ્રીજીમહારાજની મૂર્તિમાં અનાદિમુક્તો રહ્યા છે તે મુક્તો જીવોના મોક્ષ કરવા શ્રીજીમહારાજના સંકલ્પથી આંહીં દર્શન આપે છે અને જીવોનો ઉદ્ધાર કરીને અંતર્ધાન થઈને શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થઈ જાય છે એવી રીતે મુક્તદ્વારે પ્રગટ થાય છે અને જેમ લોઢામાં અગ્નિ જ્વાળાદ્વારે આવે છે ને પાછો નીકળી જાય છે તેમ બીજા અવતારોમાં પોતાનું ઐશ્વર્ય મૂકે છે ને પાછું લઈ લે છે એમ પ્રગટ ને લીન સમજવું.

**૧૧ પ્ર૦** આવી રીતે અમારા સ્વરૂપની દૃઢતા હોય તેને કદાચિત્ નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ, નિઃસ્નેહ એમાં થોડી-ઘણી કાચ્યપ રહી જાય તેની કાંઈ ચિંતા નથી એમ કહ્યું તે કાચ્યપ કેટલી હોય તો વાંધો ન રહે ?

**૧૧ ઉ૦** શ્રીજીમહારાજને સર્વેના કારણ ને અવતારી ને સદા દિવ્ય તેજોમય સાકાર મૂર્તિ સમજે તે સ્થૂળ દેહે તો નાનાં-મોટાં વચન શિક્ષાપત્રી, નિષ્કામશુદ્ધિ તથા ધર્મામૃતમાં કહ્યા પ્રમાણે યથાર્થ પાળે પણ સંકલ્પ ટાળી નાખ્યા ન હોય તે કાચ્યપ કહી છે તે કાચ્યપ હશે તો પણ તેનું અંતે પૂરું કરીશું એમ શ્રીજીમહારાજે કહ્યું છે.

**૧૨ પ્ર૦** ત્રીજી બાબતમાં નારદ-સનકાદિક ને બ્રહ્માદિકની સભામાં નિરંતર આ વાર્તા થાય છે એમ કહ્યું અને (**મ૦ ૯**/૫માં) નારદ, સનકાદિક ને બ્રહ્માદિક તે આ વાર્તા સાંભળે તો એમ કહે જે આવી વાર્તા અમે કોઈ દિવસ સાંભળી નથી એમ કહ્યું છે તે પરસ્પર વિરોધ આવ્યો તે કેમ સમજવું ?

**૧૨ ઉ૦** (**મ૦ ૯**માં) શ્રીજીમહારાજ તથા મુક્ત પધાર્યા પહેલાંની વાત કરી છે જે અમે મનુષ્યરૂપે દર્શન નહોતા આપ્યા ત્યારે એમણે આ વાત સાંભળી નહોતી અને આજ અમે ને અમારા મુક્ત પધાર્યા ત્યારથી નિરંતર એમની સભામાં આ વાર્તા થાય છે તે (**જે૦ ૫**/૩માં) અમારા ને આ સભાનાં દર્શન કરવા નિરંતર આવે છે તે શ્રીજીમહારાજ તથા મુક્ત પધાર્યા ત્યારથી નિરંતર સમજવું, માટે નવમામાં પોતે પધાર્યા પહેલાંની વાત છે ને આમાં પોતે પધાર્યા પછીની વાત કહી છે.

**૧૩ પ્ર૦** સદ્ગ્રંથમાં વાત હોય તે સત્પુરુષના મુખ થકી સમજાય છે એમ કહ્યું ને તમે ધામમાંથી આવેલા મુક્તથી સમજાય છે એમ કેમ કહ્યું ?

**૧૩ ઉ૦** સત્પુરુષ **'પ્રગટ થાય છે'** ત્યારે સમજાય છે એમ કહ્યું, તે સાધનિકને **'પ્રગટ થાય'** એમ કહેવાય નહિ; ધામમાં રહેતા હોય તેને જ **'પ્રગટ થાય'** એમ કહેવાય. માટે પ્રગટ થાય એમ કહેવાથી જ મુક્તને જ કહ્યા છે એમ જાણવું માટે મહાપ્રભુ વિના કે તેમના મુક્ત વિના આ વાત સમજાતી નથી.

**૧૪ પ્ર૦** તેજમાં મૂર્તિ છે તેને અમે દેખીએ છીએ એમ જાણશો તો પણ તમારું પરમ કલ્યાણ થાશે એમ શ્રીજીમહારાજે કહ્યું તે એમ જાણવાથી પરમ કલ્યાણ શી રીતે થાય ?

**૧૪ ઉ૦** શ્રીજીમહારાજે અમે ભગવાન છીએ એમ કહ્યું તેમાં કેટલાકને સંશય થયો, તેથી શ્રીજીમહારાજે કહ્યું જે અમને ભગવાન ન જાણો તો મુક્ત જાણજ્યો એટલે તમારે મુક્તપણાનું હેત થશે તેણે કરીને વિશ્વાસ આવશે ત્યારે અમારે વિષે ભગવાનપણાની દૃઢતા થાશે ને તમારું પરમ કલ્યાણ થાશે એમ સમજવાનું છે.

**૧૫ પ્ર૦** દૃઢ આશ્રયવાળાને ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને અવળું કર્મ થઈ જાય તો પણ કલ્યાણના માર્ગથી પડી જાય નહિ એમ કહ્યું તે અવળું કર્મ કિયું જાણવું ?

**૧૫ ઉ૦** પંચવર્તમાન માંહીલું કોઈક વર્તમાન લોપાઈ જવાય અથવા કાંઈક પાપ થઈ જાય, એ કર્મ અવળું જાણવું. તો પણ શ્રીજીમહારાજનો દૃઢ આશરો હોય તો કલ્યાણના માર્ગમાં રહે પણ પડી જાય નહિ પણ પાપનો દંડ ભોગવાવીને મોક્ષ કરે ને આ દેહે પ્રાયશ્ચિત્ત ન કરે તો બીજે દેહે પણ પાપનો દંડ ભોગવાવીને મોક્ષ કરે પણ દંડ ભોગવાવ્યા વિના મોક્ષ ન થાય. **॥૧૩॥ (૧૪૬)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૧૪

❖સંવત ૧૮૭૮ના ભાદરવા સુદિ ૧ પ્રતિપદાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર પાસે ઉતરાદે બારણે ઓરડાની ઓસરી ઉપર વિરાજમાન હતા ને શ્વેત ખેસ પહેર્યો હતો ને શ્વેત ચાદર ઓઢી હતી ને મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો ને તે ફેંટા પર રાતા કર્ણિકારના પુષ્પનું છોગું વિરાજમાન હતું અને સુંદર કુંકુમનો ચાંદલો ભાલને વિષે વિરાજમાન હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧)** ભગવાનના સ્વરૂપને વિષે જે સંત તદાત્મકપણાને પામે છે તે સમાધિએ કરીને પામે છે કે એનો કોઈ બીજો પણ પ્રકાર છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેણે ભગવાનનું સ્વરૂપ જેવું કાલ્યે અમે કહ્યું તેવું યથાર્થ જાણ્યું હોય ને તેમાં કોઈ જાતનું ઉત્થાન રહ્યું ન હોય, **જેમ આ લીંબડાનું વૃક્ષ છે તે એક વાર જાણી લીધું છે પછી કોઈ રીતે મનમાં સંકલ્પ થાતો નથી જે લીંબડો હશે કે નહિ હોય ? એવી રીતે ગમે તેનો સંગ થાય અને ગમે તેવાં શાસ્ત્ર સાંભળે પણ કોઈ રીતે કરીને ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય કર્યો હોય તેમાંથી મન ડગમગે નહિ એવો જે નિરુત્થાનપણે ભગવાનનો નિશ્ચય એને અમે તદાત્મકપણું કહીએ છીએ; અને એને જ નિર્વિકલ્પ સમાધિ કહીએ છીએ, ને એવી જાતની જેને નિર્વિકલ્પ સમાધિ થઈ હોય તે સંતનું સ્વરૂપ પણ નિર્ગુણ બ્રહ્મ જ છે, અને એવા અડગ નિશ્ચયવાળા જે સંત તે નિવૃત્તિમાર્ગને વિષે વર્તે અથવા પ્રવૃત્તિમાર્ગને વિષે વર્તે તો પણ એનું નિર્ગુણ જ સ્વરૂપ છે.** જેમ નારદ ને સનકાદિક એ સર્વે નિવૃત્તિમાર્ગને વિષે પ્રવર્ત્યા અને સપ્તઋષિ તથા જનકાદિક રાજા એ સર્વે પ્રવૃત્તિમાર્ગને વિષે પ્રવર્ત્યા પણ એ સર્વેને ભગવાનના નિશ્ચયે કરીને નિર્ગુણ જાણવા. **(૧)** અને જે નિવૃત્તિમાર્ગને વિષે પ્રવર્ત્યા હોય ને જો ૧
ભગવાનનો નિશ્ચય ન હોય તો તેને માયિક ગુણે કરીને સગુણ જાણવા. અને એમ જાણવું જે, **આ અતિશે ત્યાગી જણાય છે પણ એને ભગવાનનો નિશ્ચય નથી માટે એ અજ્ઞાની છે તે જરૂર નરકમાં જાશે; અને જેને ભગવાનના સ્વરૂપનો એવો નિશ્ચય છે ને જો તેમાં કાંઈક થોડી ઘણી ખોટ રહી ગઈ હશે તો પણ તે ભૂંડી ગતિને નહિ પામે; તે તો અંતે જાતો નિર્ગુણપણાને જ પામશે. અને જેને ભગવાનના સ્વરૂપનો તો એવો નિશ્ચય નથી ને તે સુધો ત્યાગી રહેતો હોય, ને કામ, ક્રોધ, લોભાદિકને ટાળ્યામાં સાવધાન વર્તતો હોય, તો પણ એના ટાળ્યા કામાદિક નહિ ટળે અને તે અંતે ખરાબ થઈને નરકમાં જ જાશે, અને આવું જે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન તે જેને થયું હોય ને તેને થોડી બુદ્ધિ હોય તો પણ એને મોટી બુદ્ધિવાળો જાણવો. અને આવું ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જેને ન હોય ને તેને જો ઝાઝી બુદ્ધિ હોય તો પણ તેને બુદ્ધિહીન જાણવો. (૨)** ઇતિ વચનામૃતમ્ ॥૧૪॥ **(૧૪૭)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, નિરુત્થાનપણે અમારો નિશ્ચય હોય તે જ

તદાત્મકપણું છે ને એ જ નિર્વિકલ્પ સમાધિ છે, ને એ સંતનું સ્વરૂપ પણ નિર્ગુણ બ્રહ્મ જ છે, ને એવા અડગ નિશ્ચયવાળા નિવૃત્તિમાર્ગને વિષે અથવા પ્રવૃત્તિમાર્ગને વિષે વર્તે તો પણ તે નિર્ગુણ જ છે. **(૧)** અને જેને આવો નિશ્ચય ન હોય ને તે નિવૃત્તિમાર્ગમાં પ્રવર્ત્યા હોય તો પણ તે સગુણ ને અજ્ઞાની છે ને નરકમાં જાશે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** અમારા સ્વરૂપનો નિશ્ચય કર્યો હોય તેમાંથી મન ડગે નહિ તેને શ્રીજીએ તદાત્મકપણું કહ્યું તે નિશ્ચય કેવી રીતનો જાણવો ?

૧ **ઉ૦** (**મ૦ ૧૩**માં) શ્રીજીમહારાજે વાત કરી હતી એવી રીતે જેની ઇન્દ્રિયોની વૃત્તિ પાછી વળીને હૃદયને વિષે તેજમાં શ્રીજીમહારાજની મૂર્તિ દેખે, એવા નિશ્ચયને તદાત્મકપણું કહ્યું છે; ને તેને જ નિર્વિકલ્પ સમાધિ કહે છે. અને એવી રીતે મહાતેજરૂપ થઈને શ્રીજીમહારાજની મૂર્તિને દેખે તે સંતને નિર્ગુણ બ્રહ્મ કહ્યા છે. તે મુક્ત આ પૃથ્વીને વિષે નિવૃત્તિમાર્ગમાં એટલે ત્યાગીના આશ્રમમાં અને પ્રવૃત્તિમાર્ગમાં એટલે ગૃહસ્થાશ્રમમાં રહ્યા હોય તો પણ નિર્ગુણ જ છે.

૨ **પ્ર૦** પહેલી બાબતમાં એ સંતનું સ્વરૂપ નિર્ગુણ બ્રહ્મ જ છે એમ કહ્યું ને બીજીમાં અંતે નિર્ગુણપણાને પામશે એમ કહ્યું તેનું શું કારણ હશે ? અને ભૂંડી ગતિ નહિ થાય તે શું સમજવું ?

૨ **ઉ૦** પહેલી બાબતમાં સ્થિતિએ સહિત નિશ્ચયવાળાને નિર્ગુણ બ્રહ્મ કહ્યા છે, અને બીજી બાબતમાં જ્ઞાને કરીને નિશ્ચય કર્યો હોય પણ સ્થિતિ ન થઈ હોય તેની વાત કહી છે તે જેને સ્થિતિએ સહિત નિશ્ચય ન હોય તેને ખોટ રહી જાય તે ખોટ કઈ તો મહાતેજરૂપ માનીને શ્રીજીમહારાજની મૂર્તિને ધારતો હોય તેમાં માયિક સંકલ્પ કોઈક વખતે સ્ફુરી આવે ને વિક્ષેપ કરે એટલી જ ખોટ કહી છે. એને શ્રીજીમહારાજનો વિયોગ થાય ને ફેર જન્મ ધરવો પડે તેવી ભૂંડી ગતિ નહિ થાય; એનું દેહને અંતે કલ્યાણ થાશે એમ કહ્યું છે. **॥૧૪॥ (૧૪૬)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૧૫

❖સંવત ૧૮૭૮ના ભાદરવા સુદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની ઓસરીએ ચાકળો નખાવીને વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે સર્વે પરમહંસને પ્રશ્ન પૂછ્યો જે, **(૧) ગમે તેવો કઠણ સ્વભાવ હોય ને જો એક વિચાર કરીએ તો તે સ્વભાવનો નાશ થઈ જાય અને એ વિચારને મૂકીને બીજા હજારો વિચાર કરે તોય પણ તે ભૂંડા સ્વભાવ હોય તે ટળે નહિ એવો તે કિયો વિચાર છે તે જેને જેમ સમજાતું હોય તે તેમ કહો ?** પછી પરમહંસમાં જેમ જેને સમજાતું હતું તેમ તેણે કહ્યું પણ યથાર્થ કોઈથી કહેવાણું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો અમે કહીએ જે, **જેમ બહાર કોઈક પોતાનો શત્રુ હોય તે આપણું કાંઈક કામ થાતું હોય તેને બગાડી દે અથવા પોતાની મા-બોન સામી ગાળો દે પછી તેનો જેમ અતિશે અભાવ આવે છે, અને જે ઉપાયે કરીને તેનું ભૂંડું થાય તે ઉપાય કરાય છે અથવા કોઈક બીજો તે શત્રુનું ભૂંડું કરે તો પણ અતિશે રાજી થવાય છે, તેમ જે મોક્ષને અર્થે યત્ન કરતા હોય ને તેમાં જે કામ, ક્રોધાદિક માંહેલા શત્રુ વિઘ્ન કરે તો તેની ઉપર પણ તેવી જ વૈરબુદ્ધિ થાય, અને તેનો ખટકો ક્યારેય પણ ટળે નહિ, એવો વિચાર જેને હાથ આવે તે એ વિચારે કરીને શત્રુ માત્રને ટાળે, અને જ્યારે કોઈક સંત એ કામાદિક શત્રુની નિંદા કરે તથા તે શત્રુને ખોદે તેમાં જેને મોરે કહ્યો એવો વિચાર હોય તેને તે સાધુનો અભાવ આવે નહિ ને સામો તે સાધુનો અતિશે ગુણ લે ને એમ જાણે**

**જે, આ સાધુ મારા શત્રુને માર્યાનો ઉપાય કરે છે માટે મારા પરમહેતુ છે. આવી જાતનો વિચાર જેના હૃદયને વિષે પ્રાપ્ત થયો હોય તે શત્રુ માત્રનો નાશ કરી નાખે અને કોઈ ભૂંડો સ્વભાવ તેના હૃદયને વિષે રહી શકે નહિ. અને એ વિના બીજા ગમે તેટલી જાતના વિચાર કરે પણ કામાદિક સ્વભાવરૂપી શત્રુ નાશ પામે નહિ, માટે એ સ્વભાવ ઉપર જે શત્રુપણું રાખવું એ જ સર્વ વિચારમાં શ્રેષ્ઠ વિચાર છે. (૧)** ૧

૨ પછી શ્રીજીમહારાજે વળી પ્રશ્ન કર્યો જે, **(૨)** ધર્મ, વૈરાગ્ય, આત્મજ્ઞાન ને માહાત્મ્યે સહિત પરમેશ્વરની ભક્તિ એ ચાર વાનાંમાંથી કોઈ કાળે પડે નહિ એવો જે હોય તેને શે લક્ષણે કરીને ઓળખવો ? પછી સર્વે સંતે જેવું જેને સમજાણું તેમણે તેવું કહ્યું પણ કોઈથી યથાર્થ કહેવાણું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેનો બાળકપણાથી જ એવો સ્વભાવ હોય જે કોઈની છાયામાં તો દબાય જ નહિ, અને એ જ્યાં બેઠો હોય ત્યાં કોણેય હાંસી-મશ્કરી થાય નહિ, અને તેને કોણેય હળવું વેણ પણ કહેવાય નહિ, એવાં જેનાં લક્ષણ હોય તે કોઈ દિવસ ધર્મ, વૈરાગ્ય, જ્ઞાન ને ભગવાનની ભક્તિ તેમાંથી પડે જ નહિ. અને તેનો માનીના જેવો સ્વભાવ હોય તો પણ તેને કલ્યાણનો ખપ હોય માટે તે સત્સંગમાંથી કોઈ પ્રકારે જાય નહિ. **(૨)** ઈતિ વચનામૃતમ્ **॥૧૫॥ (૧૪૮)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં સ્વભાવ ઉપર શત્રુપણું રાખે અને સ્વભાવને ખોદે તેનો ગુણ લે તો સર્વે શત્રુ નાશ પામે. **(૧)** બીજામાં કોઈની છાયામાં દબાય નહિ એવો હોય તે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિમાંથી પડે નહિ એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૨)** બાબતો છે. **॥૧૫॥ (૧૪૮)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૧૬

❖સંવત ૧૮૭૮ના ભાદરવા સુદિ ૧૦ દશમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિર પાસે પાટ ઉપર વિરામજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** એક તો અર્જુનની પેઠે જે સ્વરૂપનિષ્ઠા અને બીજી યુધિષ્ઠિર રાજાની પેઠે જે ધર્મનિષ્ઠા એ બે નિષ્ઠા છે તેમાંથી જે સ્વરૂપનિષ્ઠાનું બળ રાખે તેને ધર્મનિષ્ઠા મોળી પડી જાય છે અને જે ધર્મનિષ્ઠાનું બળ રાખે તેને સ્વરૂપનિષ્ઠા મોળી પડી જાય છે માટે એવો શો ઉપાય છે જે, જેણે કરીને એ બેમાંથી એકે નિષ્ઠા મોળી ન પડે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પૃથ્વીનો ને ધર્મનો શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધને વિષે સંવાદ છે તેમાં એમ કહ્યું છે જે, સત્ય-શૌચાદિક જે કલ્યાણકારી એવા ઓગણચાળીશ ગુણ તેણે યુક્ત ભગવાનનું સ્વરૂપ છે માટે સર્વ ધર્મ ભગવાનની મૂર્તિને આધારે રહે છે તે સારુ ભગવાનને ધર્મધુરંધર કહ્યા છે, અને વળી શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધને વિષે શૌનકાદિક ઋષિએ સુતપુરાણીને પૂછ્યું છે જે, ધર્મના બખ્તરરૂપ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન

તે અંતર્ધ્યાન થયા પછી ધર્મ કેને શરણે રહ્યો ? માટે ધર્મ તે ભગવાનની મૂર્તિને જ આશરે રહે છે, તે સારુ જે ભગવાનની મૂર્તિને વિષે નિષ્ઠા રાખે તેને ભગવાનનું સ્વરૂપ હૃદયમાં રહે એટલે તેના હૃદયમાં ધર્મ પણ રહે માટે જે સ્વરૂપનિષ્ઠા રાખે તેને ધર્મનિષ્ઠા સહેજે જ રહે અને એકલી ધર્મનિષ્ઠા રાખે તો સ્વરૂપનિષ્ઠા મોળી પડી જાય છે, તે કારણપણા માટે બુદ્ધિવાન હોય તેને સ્વરૂપનિષ્ઠા જ દૃઢ કરીને રાખવી તો તે ભેળી ધર્મનિષ્ઠા પણ દૃઢપણે રહેશે. **(૧)** ૧

૨ પછી મુક્તાનંદ સ્વામીએ બીજો પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** પંચવિષય જિતાય તે વૈરાગ્યે કરીને જિતાય છે કે કોઈ બીજો ઉપાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **વૈરાગ્ય હોય અથવા ન હોય પણ જો પરમેશ્વરે કહ્યા એવા જે નિયમ તેને વિષે ખબડદાર રહે તો પંચવિષય જિતાય છે** અને જો શબ્દથકી વૈરાગ્યે કરીને વૃત્તિ પાછી વાળે તો ઘણો પ્રયાસ કરે તો પણ શબ્દ સંભળાય ખરો અને કાનને બીડી લે તો સહેજે શબ્દ સંભળાય નહિ, તેમ જ અયોગ્ય પદાર્થને ત્વચાએ કરીને અડે નહિ તો સહેજે સ્પર્શ જિતાય, તેમ જ અયોગ્ય વસ્તુ હોય તેને નેત્રે કરીને જુએ નહિ તો સહેજે રૂપ જિતાય, તેમ જ જે સ્વાદુ ભોજન હોય તેને મેળાવી પાણી નાખીને જમે તથા યુક્ત આહાર કરે એટલે સહેજે જ રસ જિતાય, તેમ જ અયોગ્ય ગંધ હોય ત્યાં નાકને બીડી લે તો સહેજે ગંધ જિતાય, એવી રીતે નિયમે કરીને પંચવિષય જિતાય છે અને જો નિયમમાં ન રહે તો ગમે તેવો વૈરાગ્યવાન હોય તથા જ્ઞાની હોય પણ તેનો ઠા રહે નહિ, માટે વિષય જીત્યાનું કારણ તો પરમેશ્વરના બાંધેલ જે નિયમ તે જ છે, તેમાં પણ મંદ વૈરાગ્યવાળાને તો નિયમમાં રહેવું એ જ ઊગર્યાનો ઉપાય છે, જેમ માંદો હોય તે કરી પાળીને ઔષધ ખાય તે જ નીરોગી થાય. **(૨)** ૨

૩ પછી અખંડાનંદ સ્વામીએ પૂછ્યું છે, **(૩)** માંદાને તો કરીનો નિયમ હોય જે આટલા દિવસ જ કરી રાખવી તેમ કલ્યાણના સાધનનો કોઈ નિયમ છે કે નથી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને શ્રદ્ધા મંદ હોય તેને તો ઘણેક જન્મે કરીને સાધનની સમાપ્તિ થાય છે તે ભગવદ્‌ગીતામાં કહ્યું છે જે, **अनेक जन्म संसिद्धस्तो याति परां गतिम् ॥** એ શ્લોકમાં એમ કહ્યું છે જે, અનેક જન્મે કરીને સંસિદ્ધ થયો જે યોગી તે જે તે પરમપદને પામે છે એ મંદ શ્રદ્ધાવાળાનો પક્ષ છે. અને જેને બળવાન શ્રદ્ધા હોય તે તો તત્કાળ સિદ્ધ થાય છે. તે પણ ગીતામાં કહ્યું છે :-

**श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेंद्रियः । ज्ञानं लब्ध्वा परां शांतिमचिरेणाधिगच्छति ॥**

એ શ્લોકનો એમ અર્થ છે જે, નિયમમાં છે ઇન્દ્રિયો જેનાં ને શ્રદ્ધાવાન એવો જે પુરુષ તે જ્ઞાનને પામે છે ને જ્ઞાનને પામીને તત્કાળ પરમપદને પામે છે. માટે જે અતિશે શ્રદ્ધાવાન હોય તેને વહેલી સાધનની સમાપ્તિ થાય છે. અને જેને મંદ શ્રદ્ધા હોય તેને તો અનેક જન્મે કરીને સાધનની સમાપ્તિ થાય છે, જેમ કોઈક પુરુષ કાશીએ જાતો હોય ને તે આખા દિવસમાં બે

ડગલા ચાલતો હોય તેને તો કાશીએ જાતાં બહુ દિવસ લાગે અને જે વીશવીશ ગાઉ ચાલવા માંડે તે તો આંહીંથી કાશીએ થોડા દિવસમાં પહોંચે તેમ જેને શ્રદ્ધા બળવાન છે તે તો હમણાં તરત સત્સંગી થયો હોય તો પણ અતિશે સરસ થઈ જાય છે અને જેને શ્રદ્ધા મંદ હોય તે તો ઘણા કાળ થયાં સત્સંગી થયો હોય તો ય પણ લોચોપોચો રહે છે. **(૩)** ૩

૪ પછી શ્રી ગુરુચરણરતાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૪)** જ્યારે મંદ શ્રદ્ધાવાળાનું અનેક જન્મે કલ્યાણ થાય ત્યારે ત્યાં સુધી તે ક્યાં રહેતો હશે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સુંદર દેવલોક હોય ત્યાં જઈને રહે છે. અને જ્યારે એ ભગવાનનું ધ્યાન કરતો હોય ત્યારે એ ભક્ત ભગવાન સામું જોતો ત્યારે ભગવાન પણ તે ભક્ત સામું જોતા, પછી ભગવાનનું ધ્યાન કરતાં થકાં જે જે વિષયનું એણે ચિંતવન કર્યું હતું અને જે જે વિષયમાં એ ભક્તને હેત હતું, તે ભગવાન સર્વે નજરે જોઈને અને એ દેહ મૂકે ત્યારે એને જેવા ભોગ વહાલા છે તેવા ભોગ જે લોકમાં છે તે લોકમાં એ ભક્તને પહોંચાડે છે, અને કાળને એમ આજ્ઞા કરે છે જે, એ ભક્તના ભોગને તું ખંડન કરીશ મા, માટે તે નિરંતર દેવલોકમાં રહ્યો થકો ભોગને ભોગવે છે પછી મર્ત્યલોકમાં આવીને અનેક જન્મે કરીને મોક્ષને પામે છે. **(૪)** ૪

૫ પછી અખંડાનંદ સ્વામીએ બીજો પ્રશ્ન પૂછ્યો જે, **(૫)** તીવ્ર શ્રદ્ધાવાન પુરુષનાં લક્ષણ શાં છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને તીવ્ર શ્રદ્ધા હોય તેને જ્યારે ભગવાનને દર્શને આવવું હોય અથવા ભગવત્‌કથા-વાર્તા સાંભળવી હોય તથા ભગવાનની માનસીપૂજા કરવી હોય ઇત્યાદિક જે જે ભગવાન સંબંધી ક્રિયા તેને કર્યા સારુ સ્નાનાદિક જે પોતાની દેહક્રિયા તેને અતિશે ઉતાવળો થઈને કરે; અને કાગળ લખીને અમે કોઈક વર્તમાન ફેરવ્યું હોય તો તેને કરવાને અર્થે પણ આકળો થઈ જાય અને મોટું માણસ હોય તો પણ ભગવાનનાં દર્શન સારુ બાળકની પેઠે આકળાઈ કરવા માંડે; એવાં જેનાં લક્ષણ હોય તેને તીવ્ર શ્રદ્ધાવાન જાણવો. અને જે એવી શ્રદ્ધાવાળો હોય તે સર્વે ઇન્દ્રિયોને પણ તત્કાળ વશ કરે છે. અને જેને ભગવાનના માર્ગમાં મંદ શ્રદ્ધા હોય તેનાં ઇન્દ્રિયો વિષય સન્મુખ અતિ તીક્ષ્ણપણે યુક્ત હોય તે ગમે તેટલો સંતાડવા જાય પણ સૌને જણાઈ જાય જે આની ઇન્દ્રિયોનો વિષય સન્મુખ તીક્ષ્ણ વેગ છે, અને ઇન્દ્રિયોનું રૂપ તો વાયુના વેગ જેવું છે; જેમ વાયુ દેખાય નહિ પણ વૃક્ષને હલાવે તેણે કરીને જણાય છે જે વાયુ વાય છે; તેમ ઇન્દ્રિયોની વૃત્તિઓ દેખાતી નથી પણ વિષય સન્મુખ દોડે તે સૌને જણાય છે; અને જો કપટે કરીને તે ઢાંકવા જાય તો કપટી જાણી ને તેનો સૌને અતિશે અવગુણ આવે છે; માટે જેનાં ઇન્દ્રિયોમાં વિષય ભોગવ્યાની તીક્ષ્ણતા હોય તે કોઈ પ્રકારે છાની રહે નહિ. **(૫)** ૫

૬ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૬)** વિષય સન્મુખ ઇન્દ્રિયોની જે તીક્ષ્ણતા તેને ટાળ્યાનો શો ઉપાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે ઇન્દ્રિયોની તીક્ષ્ણતાને મટ્યાનો એ

જ ઉપાય છે જે, પરમેશ્વરે ત્યાગીના ને ગૃહસ્થના જે નિયમ બાંધ્યા છે તેમાં સર્વે ઇન્દ્રિયોને મરડીને રાખે તો સહેજે જ ઇન્દ્રિયોની તીક્ષ્ણતા મટી જાય અને શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના ને ઘ્રાણ એ પાંચે ઇન્દ્રિયોને જ્યારે કુમાર્ગમાં ન જાવા દે ત્યારે ઇન્દ્રિયોના આહાર શુદ્ધ થાય છે, તે કેડે અંતઃકરણ પણ શુદ્ધ થાય છે; માટે **વૈરાગ્યનું બળ હોય અથવા ન હોય તો પણ જો ઇન્દ્રિયોને વશ કરીને પરમેશ્વરના નિયમમાં રાખે તો જેમ તીવ્ર વૈરાગ્યે કરીને વિષય જિતાય છે તે થકી પણ તે નિયમવાળાને વિશેષે વિષય જિતાય છે. માટે પરમેશ્વરના બાંધેલ જે નિયમ છે તેને અતિ દઢ કરીને રાખવા. (૬)** ૬

૭ પછી વળી અખંડાનંદ સ્વામીએ પૂછ્યું જે; **(૭)** જેને મંદ શ્રદ્ધા હોય તેને શ્રદ્ધા વૃદ્ધિ કેમ પામે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જો ભગવાનનું માહાત્મ્ય જણાય તો મંદ શ્રદ્ધા હોય તે પણ વૃદ્ધિને પામે, જેમ પાણી પીવાનું વાસણ મૃત્તિકાનું હોય તેમાં સહેજે જ પ્રીતિ થાય નહિ અને તે પાત્ર જો સુવર્ણનું હોય તો તેમાં સહેજે જ પ્રીતિ થાય, તેમ ભગવાનનું તથા ભગવાનની કથા-કીર્તનાદિકનું માહાત્મ્ય જણાય તો સહજ સ્વભાવે જ ભગવાનમાં તથા કથા-કીર્તનાદિકમાં શ્રદ્ધા વૃદ્ધિ પામે છે, માટે જે પ્રકારે ભગવાનનું માહાત્મ્ય સમજાય તે ઉપાય કરવો ને જો એ ઉપાય કરે તો શ્રદ્ધા ન હોય તો પણ શ્રદ્ધા થાય છે અને જો મંદ શ્રદ્ધા હોય તો તે વૃદ્ધિને પામે છે. **(૭)** ઇતિ વચનામૃતમ્ **॥૧૬॥ (૧૪૯)** ૭

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૭)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારા સ્વરૂપની દઢ નિષ્ઠા હોય તો તે ભેળી ધર્મનિષ્ઠા રહે. **(૧)** બીજામાં નિયમે કરીને વિષય જિતાય છે. **(૨)** ત્રીજામાં અતિશે શ્રદ્ધાવાન હોય તેને વહેલી સાધનની સમાપ્તિ થાય છે. **(૩)** ચોથામાં મંદ શ્રદ્ધાવાળો અનેક જન્મે મોક્ષને પામે. **(૪)** પાંચમામાં તીવ્ર શ્રદ્ધાવાન પુરુષનાં લક્ષણ કહ્યાં છે. **(૫)** છઠ્ઠામાં ઇન્દ્રિયોને વશ કરીને અમે કહેલા નિયમમાં રાખે તો વિષય જિતાય છે. **(૬)** સાતમામાં અમારું માહાત્મ્ય જાણે તો શ્રદ્ધા વૃદ્ધિ પામે એમ કહ્યું છે. **(૭)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં સ્વરૂપનિષ્ઠા કહી તે સ્વરૂપનિષ્ઠાનું શું રૂપ હશે ? અને ધર્મનિષ્ઠાનું શું રૂપ હશે ?

૧ **ઉ૦** પોતે અક્ષરધામરૂપ થઈને તેને વિષે શ્રીજીમહારાજની મૂર્તિનો અખંડ સાક્ષાત્કાર થાય તે સ્વરૂપનિષ્ઠા જાણવી. અને શ્રીજીમહારાજે ત્યાગી-ગૃહીના જે જે ધર્મ કહ્યા છે તેને આપત્કાળમાં પણ સ્થૂળ-સૂક્ષ્મ દેહે કરીને યથાર્થ પાળે તે ધર્મનિષ્ઠા જાણવી.

૨ **પ્ર૦** ચોથા પ્રશ્નમાં સુંદર દેવલોક કહ્યા તે કિયા જાણવા ?

૨ **ઉ૦** પ્રધાનપુરુષ તથા પ્રકૃતિપુરુષના લોકને આ ઠેકાણે સુંદર દેવલોક કહ્યા છે.

૩ **પ્ર૦** જેવા ભોગ વહાલા છે તે લોકમાં એ ભક્તને પહોંચાડે છે એમ કહ્યું તે ધ્યાનમાં ઘાટ તો થાય પણ જે ભોગના ઘાટ થતા હોય ને તે ભોગની ઇચ્છા ન હોય, તેની દાઝ્ય થતી હોય ને ટાળવાની ઇચ્છા હોય તેની શી ગતિ થાય ?

૩ **ઉ૦** આવી સમજણવાળો યોગભ્રષ્ટ કહેવાય માટે તેને એકાદો જન્મ ધરવો પડે અથવા શ્રીજીમહારાજ કૃપા કરે તો અંતે નિર્વાસનિક કરીને ધામમાં લઈ જાય. **॥૧૬॥ (૧૪૯)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૧૭

❖સંવત ૧૮૭૮ના આસો વદિ ૧૧ એકાદશીને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રી સહજાનંદજી

મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની સમીપે ઓરડાની ઓસરીએ સિંહાસન ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાની આગળ મશાલ બે બળતી હતી અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને કીર્તન ગવાતાં હતાં.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, કીર્તન ગાવા રહેવા દો, પ્રશ્ન-ઉત્તર કરીએ. પછી સર્વે
૧ મુનિ બોલ્યા જે, ઘણું સારું મહારાજ. પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** ભગવાનનું સ્વરૂપ છે તેને કોઈક ભક્ત તો માયાનાં ચોવીશ તત્ત્વે સહિત સમજે છે અને કોઈક ભક્ત તો માયાના તત્ત્વે રહિત કેવળ ચૈતન્યમય ભગવાનનું સ્વરૂપ સમજે છે એ બે પ્રકારના ભક્ત છે તેમાં કેની સમજણ ઠીક છે ને કેની સમજણ ઠીક નથી ? પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, જે ભગવાનને વિષે માયિક ચોવીશ તત્ત્વ સમજે એની સમજણ ઠીક નથી અને ભગવાનનું સ્વરૂપ માયાના તત્ત્વે કરીને રહિત કેવળ ચૈતન્યમય સમજે તેની સમજણ ઠીક છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સાંખ્યવાળે ચોવીશ જ તત્ત્વ કહ્યા છે તે સાંખ્યને મતે ત્રેવીશ તત્ત્વ ને ચોવીશમો ક્ષેત્રજ્ઞ જે જીવ-ઈશ્વરરૂપ ચૈતન્ય તે છે એ રીતે ચોવીશ તત્ત્વ કહ્યા છે, કેમ જે ક્ષેત્ર, ક્ષેત્રજ્ઞને તો અન્યોન્ય આશ્રયપણું છે તે ક્ષેત્રજ્ઞ વિના ક્ષેત્ર કહેવાય નહિ ને ક્ષેત્ર વિના ક્ષેત્રજ્ઞ કહેવાય નહિ તે માટે તત્ત્વ ભેળાં જ જીવ-ઈશ્વરને કહ્યા છે અને ભગવાન છે તે તો ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બેયના આશ્રય છે માટે ભગવાન થકી માયિક તત્ત્વ જુદા કેમ કહેવાય ? અને જેમ આકાશ છે તેને વિષે ચાર તત્ત્વ રહ્યાં છે તો પણ આકાશને કોઈનો દોષ અડતો નથી તેમ પરમેશ્વરના સ્વરૂપને પણ માયિક તત્ત્વનો એકેય દોષ અડતો નથી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તેમાં ચોવીશ તત્ત્વ કહીએ તેમાં શો બાધ છે ? અને તત્ત્વે રહિત કહેવું તેમાં શું નિર્બાધપણું આવી ગયું ? **(૧)** ૧

૨ પછી દીનાનાથ ભટ્ટે પૂછ્યું જે, **(૨)** જેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું હોય તેને ભગવાનનું સ્વરૂપ તત્ત્વે સહિત સમજવું કે તત્ત્વે રહિત સમજવું ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનના સ્વરૂપને જે તત્ત્વે સહિત સમજે છે તે પણ પાપી છે અને જે તત્ત્વે રહિત ભગવાનના સ્વરૂપને સમજે છે તે પણ પાપી છે. ભગવાનના સ્વરૂપમાં તો ભગવાનના ભક્ત હોય તેને તત્ત્વ છે કે નથી એવું ચૂંથણું કરવું ગમે જ નહિ; ભક્ત હોય તે તો એમ જાણે જે, **ભગવાન તે ભગવાન એને વિષે ભાગ-ત્યાગ કર્યાનો માગ નથી.** એ ભગવાન તો અનંત બ્રહ્માંડના આત્મા છે અને જેને ભગવાનના સ્વરૂપમાં કોઈ રીતનું ઉત્થાન નથી તેને નિર્વિકલ્પ સ્થિતિવાળો જાણવો. અને જેને એવી એક મતિ હોય તેને સ્થિતપ્રજ્ઞ જાણવો. અને જે પુરુષને ભગવાનને વિષે એવી દૃઢ મતિ છે તેને ભગવાન સર્વે પાપ થકી મુકાવે છે, તે ભગવાને ભગવદ્‌ગીતામાં અર્જુન પ્રત્યે કહ્યું છે જે :-

**સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।**
**અહં ત્વાં સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥**

અને આ સંસારમાં પણ એ રીત છે જે, જે થકી પોતાનો મોટો સ્વાર્થ સરતો હોય તેનો બુદ્ધિવાન હોય તે દોષ ગ્રહણ કરે નહિ, જેમ સ્ત્રી હોય તે પોતાના સ્વાર્થ સારુ પતિનો દોષ ગ્રહણ કરતી નથી તથા બીજા પણ ગૃહસ્થ હોય તે પોતાના ભાઈ, ભત્રીજા, દીકરા ઇત્યાદિક જે સંબંધી તેને વિષે જો પોતાનો અતિશે સ્વાર્થ હોય તો દોષનું ગ્રહણ નથી કરતા તેમ ભગવાન થકી જેણે મોટો સ્વાર્થ જાણ્યો હોય જે ભગવાન તો પાપ થકી ને અજ્ઞાન થકી મુકાવીને પોતાના ભક્તને અભયપદ આપે છે એવો મોટો સ્વાર્થ જાણ્યો હોય તો કોઈ રીતે ભગવાનનો અવગુણ આવે જ નહિ, જેમ શુકજીએ રાસપંચાધ્યાયીનું વર્ણન કર્યું ત્યારે રાજા પરીક્ષિતને સંશય થયો જે ભગવાને પરસ્ત્રીનો સંગ કેમ કર્યો ? પણ શુકજીને લેશમાત્ર સંશય થયો નહિ અને જે ગોપીઓ સંગે ભગવાને વિહાર કર્યો તે ગોપીઓને પણ સંશય ન થયો જે, ભગવાન હોય તો આમ કેમ કરે ? એવો કોઈ રીતે સંશય થયો નહિ અને જ્યારે ભગવાન કુબજ્યાને ઘેર ગયા ત્યારે ઉદ્ધવજીને ભેળા તેડી ગયા હતા તો પણ ઉદ્ધવજીને કોઈ રીતે સંશય થયો નહિ, અને જ્યારે ઉદ્ધવજીને વ્રજમાં મોકલ્યા ત્યારે ગોપીઓની વાણી સાંભળીને પણ કોઈ રીતે સંશય ન થયો, અને સામું ગોપીઓનું માહાત્મ્ય અતિશે સમજ્યા, માટે જેને ભગવાનનો અચળ આશ્રય થયો હોય ને તે અતિશે શાસ્ત્રવેત્તા હોય અથવા ભોળો જ હોય પણ તેની મતિ ભમે નહિ, અને ભગવાનના જે દૃઢ ભક્ત હોય તેનું જે માહાત્મ્ય તે પણ ભગવાનનો ભક્ત હોય તે જ જાણે પછી શાસ્ત્રવેત્તા હોય અથવા ભોળો હોય પણ જેની ભગવાનને વિષે દૃઢ મતિ હોય તે જ ભગવાનનાં ભક્તનું માહાત્મ્ય જાણે, અને દૃઢ મતિવાળા ભક્ત હોય તેને ઓળખે પણ ખરા અને તે વિના જે જગતના વિમુખ જીવ હોય તે તો પંડિત હોય અથવા મૂર્ખ હોય પણ ભગવાનને વિષે દૃઢ મતિ પણ કરી શકે નહિ અને જે દૃઢ મતિવાળા ભક્ત હોય તેને પણ ઓળખે નહિ અને હરિજનનું માહાત્મ્ય પણ જાણે નહીં માટે ભગવાનનો ભક્ત હોય તે જ ભગવાનના ભક્તને ઓળખે અને માહાત્મ્ય પણ તે જ જાણે, જેમ ઉદ્ધવજીએ ગોપીઓનું અતિશે માહાત્મ્ય જાણ્યું, તેમ ગોપીઓએ પણ ઉદ્ધવજીનું માહાત્મ્ય જાણ્યું. અને પુરુષોત્તમ ભગવાન છે તે સર્વે ક્ષેત્રજ્ઞના ક્ષેત્રજ્ઞ છે તો પણ નિર્વિકાર છે ને માયા આદિક જે વિકારવાન પદાર્થ તેનો વિકાર પુરુષોત્તમ ભગવાનને અડતો નથી અને જે આત્મનિષ્ઠ પુરુષ છે તેને પણ સ્થૂળ, સૂક્ષ્મ ને કારણના વિકાર નથી અડતા તો પુરુષોત્તમ ભગવાનને ન અડે એમાં શું કહેવુ ? ભગવાન તો નિર્વિકારી ને નિર્લેપ જ છે, એવી રીતે જે ભગવાનના સ્વરૂપને સમજે તે ભગવાનનો ભક્ત સ્થિતપ્રજ્ઞ જાણવો, જેમ પોતાના આત્માને વિષે જેને સ્થિતિ હોય તે પણ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે, તેમ જેને ભગવાનના સ્વરૂપને વિષે કોઈ જાતનો ઘાટ ન હોય અને જેમ ભગવાનનું સમર્થપણું હોય તેનું ગાન કરે તેમ જ અસમર્થપણું હોય તેનું પણ

ગાન કરે, અને જેમ ભગવાનનું યોગ્ય ચરિત્ર હોય તેનું ગાન કરે તેમ જ જે અયોગ્ય જેવું ચરિત્ર જણાતું હોય તેનું પણ ગાન કરે, પણ ભગવાનના ચરિત્રને વિષે યોગ્ય-અયોગ્ય એવો ઘાટ ઘડે નહિ, એવો જે ભગવાનનો ભક્ત હોય તેને પુરુષોત્તમના સ્વરૂપને વિષે સ્થિતપ્રજ્ઞ જાણવો. અને જેને એવી **પુરુષોત્તમના સ્વરૂપને વિષે દૃઢ નિષ્ઠા થઈ તેને એથી ઉપરાંત બીજું કાંઈ સમજવાનું રહ્યું નથી. (૨)** ઇતિ વચનામૃતમ્ ॥૧૭॥ **(૧૫૦)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે સાંખ્યમત કહેવાપૂર્વક પોતાનો સિદ્ધાંત કહ્યો છે જે, અમે સર્વને વિષે અંતર્યામીપણે રહ્યા છીએ પણ આકાશની પેઠે નિર્લેપ છીએ. **(૧)** બીજામાં અમને તત્ત્વે સહિત અને રહિત સમજનાર પાપી છે અને અમારે વિષે ભાગ-ત્યાગ નથી ને અનંત બ્રહ્માંડના આત્મા છીએ અને અમારા સ્વરૂપને વિષે ઉત્થાને રહિત ભક્ત નિર્વિકલ્પ સમાધિવાળો ને સ્થિતપ્રજ્ઞ છે એને અમે સર્વ પાપ થકી મુકાવીએ છીએ, જેમ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને મુકાવ્યા તેમ. અને જેમ સાંસારિક સ્વાર્થવાળા સંબંધીનો અવગુણ લેતા નથી, તેમ અમારા થકી અભયપદરૂપી સ્વાર્થ જાણ્યો હોય તેની અમારો અવગુણ આવે નહિ, જેમ શુકજી આદિકને ન આવ્યો તેમ. અને જેને અમારો અચળ આશ્રય હોય તેને મતિ ભ્રમે નહિ ને અમારા દૃઢ ભક્તને ઓળખે ને પરસ્પર માહાત્મ્ય જાણે, જેમ ઉદ્ધવજી તથા ગોપીઓએ જાણ્યું તેમ. અને મૂળઅક્ષરાદિક સર્વે ક્ષેત્રજ્ઞના ક્ષેત્રજ્ઞ છીએ તો પણ નિર્વિકાર છીએ અને આત્મનિષ્ઠને વિકાર નથી અડતો તો પુરુષોત્તમ એવા જે અમે તે અમને તો અડે જ કેમ ? એમ સમજનાર ભક્તને સ્થિતપ્રજ્ઞ જાણવો અને આત્માને વિષે સ્થિતિવાળો સ્થિતપ્રજ્ઞ કહેવાય, તેમ અમારા યોગ્ય-અયોગ્ય ચરિત્રમાં સંશય ન કરે તેને અમારે વિષે સ્થિતપ્રજ્ઞ જાણવો. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં તત્ત્વે સહિત ને તત્ત્વે રહિત સમજે તે બેયને પાપી કહેવાનો શો હેતુ હશે ?

૧ **ઉ૦** તત્ત્વે સહિત સમજનારા શ્રીજીમહારાજને માયિક સમજે અને તત્ત્વે રહિત સમજનારા નિરાકાર સમજે, પણ શ્રીજીમહારાજની મૂર્તિને વિષે ભાગ-ત્યાગ નથી; સદાય દિવ્યમૂર્તિ જ છે, એમ ન સમજે તેથી પાપી કહ્યા છે.

૨ **પ્ર૦** આમાં આત્મનિષ્ઠ પુરુષને વિકાર અડતા નથી એમ કહ્યું તે આત્મનિષ્ઠા કેવી જાણવી ? અને વિકાર કેવી રીતે નહિ અડતા હોય ?

૨ **ઉ૦** ત્રણ દેહથી નોખો જે પોતાનો આત્મા તેમાં સ્થિતિ તે આત્મનિષ્ઠા આ ઠેકાણે કહી છે. અને વિકાર અડતા નથી એટલે એના વિકાર ટળી જાય છે એમ જાણવું, પણ આજ્ઞા વિરુદ્ધ ક્રિયા કરે ને પાપ ન લાગે તથા વિકાર ન ઊપજે એમ કહ્યું નથી, માટે આત્મનિષ્ઠ પુરુષ તો આજ્ઞા પ્રમાણે વર્તે તેને જ (**મ૦ ૫૧**ના બીજા પ્રશ્નમાં) કહ્યો છે માટે આજ્ઞા વિરુદ્ધ વર્તે તેને આત્મનિષ્ઠ ન જાણવો. **॥૧૭॥ (૧૫૦)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૧૮

❖સંવત ૧૮૭૮ના માગશર વદિ ૬ છઠ્ઠને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા અને ધોળો ખેસ પહેર્યો હતો અને ધોળી ચાદર ઓઢીને તે ઉપર બુટ્ટાદાર રજાઈ ઓઢી હતી અને મસ્તક ઉપર ધોળો ફેંટો વિરાજમાન હતો અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ અને પોતાની આગળ પ્રાગજી દવે કથા કરતા હતા, પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** અમે તો સર્વ પ્રકારે વિચારીને જોયું જે, આ સંસારમાં જેટલા કુસંગ કહેવાય છે તે સર્વ કુસંગથી અધિક કુસંગ તે કિયો છે તો જેને પરમેશ્વરની ભક્તિ નહિ ને ભગવાન સર્વેના સ્વામી છે, ભક્તવત્સલ છે, પતિતપાવન છે, અધમઉદ્ધારણ છે, એવો પણ ભગવાનની કોરનો જેના

હૃદયમાં વિશ્વાસ નહિ, તે એવા તો આ સંસારમાં બે મત છે : **એક તો નાસ્તિકનો ને બીજો વેદાંતિનો - એ બે અતિ કુસંગ છે,** અને પંચમહાપાપે યુક્ત હોય ને તેને જો ભગવાનનો વિશ્વાસ હોય તો તેનો કોઈ કાળે છૂટકો થાય તથા બાળહત્યા, ગૌહત્યા, સ્ત્રીહત્યા ઈત્યાદિક જે મોટાં પાપ તેના કરનારાનો પણ કોઈ કાળે છૂટકો થાય ખરો પણ એ બે મતની જેને પ્રતીતિ આવી તેનો કોઈ કાળે છૂટકો થાય નહિ, શા માટે જે એની સમજણ વેદ શાસ્ત્ર ને પુરાણ તે થકી ઊંધી છે. તેમાં નાસ્તિક તો એમ સમજે છે જે, રામચંદ્રજી ને શ્રીકૃષ્ણ ભગવાન એ તો રાજા હતા ને શ્રીકૃષ્ણે દૈત્ય માર્યા તથા પરસ્ત્રીના સંગ કીધા માટે ત્રીજા નરકમાં પડ્યા છે, એવી રીતે અધમઉદ્ધારણ ને પતિતપાવન એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને વિષે પરમેશ્વરની બુદ્ધિ જ નથી અને કર્મે કરીને પોતાનું કલ્યાણ માન્યું છે જે, જ્યારે કર્મ કરતાં કરતાં કેવળ જ્ઞાન પ્રગટે ત્યારે તે ભગવાન થાય, એવી રીતે અનંત ભગવાન માન્યા છે પણ **અનાદિ પરમેશ્વર** નાસ્તિકને મતે કોઈ નથી જેને ભજને કરીને જીવ ભવના બંધન થકી છૂટે, માટે એ મત છે તે અતિ ભૂંડો છે અને વેદાંતી છે તે તો એમ સમજે છે જે, બ્રહ્મ છે તે જ જીવરૂપ થયા છે, ને જેમ સૂર્યનું પ્રતિબિંબ છે તેમ બ્રહ્મ તે જીવરૂપ છે માટે જ્યારે એમ સમજ્યા જે, હું બ્રહ્મ છું ત્યારે એને કાંઈ સાધન કરવું રહ્યું નહિ. અને જ્યારે પોતે પરમેશ્વર થયા ત્યારે હવે ભજન પણ કોઈનું કરવું રહ્યું નહિ, એમ માનીને પછી પાપ કરતાં પણ બીએ નહિ અને મનમાં એમ સમજે જે, આપણ નિર્ગુણ માર્ગને પામ્યા છીએ માટે આપણે ફરીને જન્મ નહિ ધરવો પડે પણ મૂર્ખા વેદાંતી એટલો તપાસ કરતા નથી જે, માયા પર જે નિર્ગુણ બ્રહ્મ તેને પણ એની સમજણે કરીને જન્મ-મરણ ઠેરાણું, કેમ જે એ મૂર્ખા એમ કહે છે જે, બ્રહ્મ છે તે જ સ્થાવર જંગમરૂપ થયા છે ત્યારે જે જીવ હોય તેને માથે તો જન્મ-મરણ હોય તે જન્મ-મરણ બ્રહ્મને માથે આવ્યું ને એ મૂર્ખા તો એમ જાણે છે જે અમે જન્મ-મરણથી છૂટશું પણ એમ વિચારતા નથી જે આપણે મતે કરીને બ્રહ્મને માથે જન્મ-મરણ સાચું થયું, ત્યારે આપણ પણ ઘણું સમજશું તો પોતાને બ્રહ્મરૂપ માનશું તો પણ જન્મ-મરણ નહિ ટળે, માટે એને જ મતે કરીને એણે જે મોક્ષ માન્યો છે તે ખોટો થઈ જાય છે તો પણ કાંઈ તપાસીને જોતા નથી અને જીભે તો એમ બકે છે જે આપણ તો બ્રહ્મ સ્વરૂપ છીએ તે કેનું ભજન કરીએ ? અને કેને નમસ્કાર કરીએ ? એમ માનીને અતિશે અહંકારી થઈ જાય છે અને સમજ્યામાં તો કાંઈ આવ્યું નથી ને મૂર્ખ છે માટે જ્ઞાનીનું માન લઈને બેઠા છે પણ એમ વિચારતા નથી જે, પોતાને મતે કરીને પોતાનો મોક્ષ ખોટો થઈ ગયો અને જે એનો સંગ કરે તેને પણ એવા ને એવા મૂર્ખ કરીને મૂકે છે; અને સાચા જ્ઞાની જે નારદ-સનકાદિક-શુકજી તે તો નિરંતર ભગવાનનું ધ્યાન, નામ, રટન ને કીર્તન તેને કરે છે અને **શ્વેતદ્વીપને વિષે જે નિરન્ન મુક્ત છે તે તો બ્રહ્મસ્વરૂપ છે અને કાળના પણ કાળ છે** તોય પણ પરમેશ્વરનું ધ્યાન, નામ, રટન, કીર્તન, પૂજન, અર્ચન, વંદન તેને કરતા રહે છે અને પોતે અક્ષરસ્વરૂપ છે તો પણ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન તેના દાસ થઈને વર્તે છે અને બદરિકાશ્રમને વિષે જે ઉદ્ધવ ને તનુઋષિ

આદિક મુનિ રહ્યા છે તે પણ તપ કરે છે ને નિરંતર ભગવાનની ભક્તિ કર્યા કરે છે અને એ વેદાંતી તો કેવળ દેહાભિમાની જીવ છે તો પણ ભગવાનનું ધ્યાન, સ્મરણ કે વંદન કરતા નથી અને નારદ, સનકાદિક ને શુકજી તેમની જેવી સામર્થી છે ને જેવું જ્ઞાન છે તથા શ્વેતદ્વીપવાસી જે નિરન્ન મુક્ત તેને વિષે જેવી સામર્થી છે ને જેવું જ્ઞાન છે તથા બદરિકાશ્રમવાસી જે ઋષિ તેમાં જેવી સામર્થી છે ને જેવું જ્ઞાન છે તેના કોટીમા ભાગની પણ એ વેદાંતીને વિષે સામર્થી પણ નથી ને જ્ઞાન પણ નથી તો પણ પરમેશ્વરના સામાવડિયા થઈને બેઠા છે માટે એ પાકા મૂર્ખ છે અને જેટલા મૂર્ખ કહેવાય છે તેના રાજા છે અને એ તો કોટી કોટી કલ્પ સુધી નરકના કુંડમાં પડશે ને યમના માર ખાશે તો પણ એનો છૂટકો નહિ થાય અને એવા દુષ્ટનો જે સંગ તેનું જ નામ કુસંગ છે, ને જેમ સત્પુરુષનો જે સંગ તેથી કોઈ મોટું પુણ્ય નથી તેમ ચાંડાળ એવા જે શુષ્ક વેદાંતી તેના સંગથી કોઈ મોટું પાપ નથી, માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને નાસ્તિક તથા વેદાંતીનો સંગ કરવો જ નહિ. **(૧)** ઈતિ વચનામૃતમ્ **॥૧૮॥ (૧૫૧)** ૧

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે નાસ્તિક ને શુષ્કવેદાંતી એ બે મતને અતિશે દુષ્ટ ને મહાપાપી કહ્યા છે ને તેમનો કોઈ કાળે નરકમાંથી છૂટકો નહિ થાય ને એના સંગ કરનારાને પણ અતિ પાપી કહ્યા છે. (૧) બાબત છે.

૧ **પ્ર૦** શ્વેતદ્વીપને વિષે નિરન્ન મુક્ત છે તેને બ્રહ્મસ્વરૂપ તથા અક્ષરસ્વરૂપ કહ્યા અને અક્ષરાતીત પુરુષોત્તમના દાસ કહ્યા તે પુરુષોત્તમ કિયાં જાણવાં ? ને તે નિરન્નમુક્ત કોને કહ્યા હશે ?

૧ **ઉ૦** આ ઠેકાણે વાસુદેવબ્રહ્મને પુરુષોત્તમ કહ્યા છે તે મૂળપુરુષોના પુરુષોત્તમ છે ને એમના તેજને અક્ષર કહ્યું છે ને તે અક્ષરથી તેમને અતીત એટલે પર કહ્યા છે. અને તેમના સાધિનક મુક્તોને કાળના કાળ ને અક્ષરસ્વરૂપ કહ્યા છે.

૨ **પ્ર૦** કોના કોના તેજને અક્ષર નામે કહેવાતું હશે ?

૨ **ઉ૦** મૂળપુરુષ, બ્રહ્મ, મૂળઅક્ષર તથા શ્રીજીમહારાજ એ સર્વેના તેજને અક્ષર તથા અક્ષરધામ કહેવાય. **॥૧૮॥ (૧૫૧)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૧૯

❖સંવત ૧૮૭૮ના માગશર વદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પરમહંસને ઉતારે દિવસ ઊગ્યા સમે પધાર્યા હતા પછી ત્યાં આવીને ગાદી-તકિયા ઉપર ઉદાસ થઈને બેઠા, તે કોઈને બોલાવે પણ નહિ અને કોઈના સામું પણ જુએ નહિ અને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો તે છૂટીને શિથળ થઈ ગયો તેને પણ સંભારે નહિ, એવી રીતે એક ઘડી સુધી અતિશે ઉદાસ થઈને બેસી રહ્યા અને નેત્રમાંથી જળ પડવા લાગ્યાં.

૧ પછી શ્રીજીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, (૧) અમે વેદાંત શાસ્ત્રનો મત જાણવા સારુ વેદાંત શાસ્ત્રનું શ્રવણ કર્યું તે શ્રવણ માત્રે કરીને જ અમારા અંતરમાં આવો ઉદ્વેગ થઈ આવ્યો, કેમ જે, **જે વેદાંત શાસ્ત્રને શ્રવણે કરીને જીવની બુદ્ધિમાંથી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈ જાય છે અને હૈયામાં સમભાવ આવી જાય છે એટલે અન્ય દેવની પણ ઉપાસના થઈ જાય છે અને તે વેદાંતીના વચનને જે સાંભળે તેની બુદ્ધિ અતિશે ભ્રષ્ટ થઈ જાય છે.**

(૧) અને અમે તો કાંઈક પ્રયોજન સારુ વેદાંતની વાત સાંભળી હશે તેણે કરીને પણ હવે ૧
અમારે શોક ઘણો થાય છે, એમ કહીને શ્રીજીમહારાજ સૂધા ઉદાસ થઈ ગયા. પછી ઘણી વાર સુધી દિલગીર થઈને પછી પોતાને હાથે નેત્રમાંથી જળ લૂઈને એમ બોલ્યા જે, ભગવદ્‌ગીતા ઉપર જે રામાનુજ ભાષ્ય છે તેની કથા સાંભળીને અમે આજ રાત્રિએ સૂતા હતા પછી અમને સ્વપ્ન થયું જે અમે ગોલોકમાં ગયા, ત્યાં ભગવાનના અનંત પાર્ષદ દીઠા તેમાં કેટલાક તો ભગવાનની સેવામાં રહ્યા છે તે તો સ્થિર સરખા જાણાણા અને કેટલાક તો પરમેશ્વરનાં કીર્તન ગાય છે તે કીર્તન પણ મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીનાં ગાય છે અને તે કીર્તન ગાતા જાય અને ડોલતા જાય, જેમ કેફે કરીને ગાંડા થયા હોય ને તે ડોલે ને ગાય તેમ કીર્તન ગાય ને ડોલે પછી અમે પણ એ ગાવતા હતા તે ભેળા જઈને ભળ્યા ને કીર્તન ગાવા લાગ્યા તે ગાવતાં ગાવતાં એવો વિચાર થયો જે આવી જે પરમેશ્વરની પ્રેમભક્તિ અને આવી જે પરમેશ્વરની ઉપાસના તેનો ત્યાગ કરીને જે બ્રહ્મજ્ઞાની થાય છે અને એમ જાણે છે જે અમે જ ભગવાન છીએ તે મહાદુષ્ટ છે; એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, જે પ્રકારે ધર્મ થકી તથા ભગવાનની ભક્તિ થકી કોઈ રીતે પાછો ન પડે અને પોતાના ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ નારાયણ તેમાંથી કોઈ રીતે બુદ્ધિ ડગે નહિ એવો લાવો એક કાગદ લખીને દેશદેશના સત્સંગી પ્રત્યે મોકલીએ. :- "લિખાવિતં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજના સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી બાઈ-ભાઈ નારાયણ વાંચજો. બીજું અમારી આજ્ઞા એમ છે જે, શ્રીકૃષ્ણ નારાયણ એવા જે પુરુષોત્તમ ભગવાન તેના જે અવતાર તે ધર્મના સ્થાપનને અર્થે તથા બ્રહ્મચર્ય-અહિંસાદિક ધર્મ, આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિ એ ચાર ગુણે સંપન્ન એવા જે પોતાના એકાંતિક ભક્ત તેને દર્શન દેવાને અર્થે ને તેમની રક્ષા કરવાને અર્થે તથા અધર્મનો ઉચ્છેદ કરવાને અર્થે દેવ-મનુષ્યાદિકને વિષે થાય છે તે અવતારને વિષે પતિવ્રતાના જેવી અનન્યપણે નિષ્ઠા રાખવી, જેમ સીતાજીને શ્રી રામચંદ્રજીને વિષે નિર્દોષપણે નિષ્ઠા હતી તેમ નિષ્ઠા રાખવી. અને એવા જે ભગવાન તેની હેતે કરીને માનસીપૂજા કરવી તથા દેહે કરીને નવ પ્રકારે ભક્તિ કરવી અને જો એ શ્રીકૃષ્ણ નારાયણના અવતાર પૃથ્વીને વિષે પ્રગટ ન હોય તો તેની જે પ્રતિમા તેની પૂજા મને કરીને તથા દેહે કરીને ચંદન, પુષ્પ, તુળસી આદિક સામગ્રી વતે કરવી પણ ભગવાન વિના બીજા દેવની ઉપાસના ન કરવી અને બીજા દેવની ઉપાસના કરીએ તો તેમાં મોટો દોષ લાગે છે ને પતિવ્રતાપણું જાય છે ને વેશ્યાના જેવી ભક્તિ થાય છે, માટે ભગવાનને વિષે સીતા ને રુક્મણીના જેવી ભક્તિ કરવી ને તે **ભગવાનનું જ ધ્યાન કરવું અને તે વિના બીજા કોઈ દેવનું ધ્યાન ન કરવું.** બીજું જે સાધુ સિદ્ધગતિને પામ્યા હોય ને સમાધિનિષ્ઠ હોય તેનું પણ ધ્યાન ન કરવું. અને સર્વને પોતપોતાના વર્ણાશ્રમધર્મને વિષે દઢપણે વર્તવું. બીજું આ જે અમારી આજ્ઞા છે તેને જે પુરુષ દઢપણે પાળશે તેને શ્રીકૃષ્ણ નારાયણને વિષે નારદના જેવી દઢ ભક્તિ થાશે અને આ અમારી આજ્ઞાને જે સ્ત્રી માનશે તેને શ્રીકૃષ્ણ નારાયણને વિશે લક્ષ્મીજી તથા રાધિકાજી આદિક જે ગોપીઓ તેના જેવી ભક્તિ

થાશે અને આ અમારા વચનને જે નહિ માને તેની ભક્તિ વેશ્યાના જેવી થાશે. સંવત ૧૮૭૮ના માગશર વદિ ૧૪ ચૌદશને દિવસ લખ્યો છે. એવી રીતે કાગળ લખીને દેશદેશના સત્સંગી પ્રત્યે મોકલાવ્યો. **(૨)** ઇતિ વચનામૃતમ્ **॥૧૯॥ (૧૫૨)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે વેદાંતશાસ્ત્રના શ્રવણથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે ને પોતાને ભગવાન મનાય છે ને અમારી ઉપાસનાનું ખંડન થઈ જાય છે માટે તેનું શ્રવણ ન કરવું. **(૧)** અને અમારા એકાંતિક ભક્તને દર્શન દેવા ને તેમની રક્ષા કરવા ને અધર્મનો નાશ કરવા મનુષ્યરૂપે થયા છીએ, એવી અમારે વિષે નિષ્ઠા રાખીને માનસીપૂજા તથા ભક્તિ કરવી અને જ્યારે અમે આ મનુષ્ય સ્વરૂપ અદૃશ્ય કરીએ ત્યારે અમારી પ્રતિમાની પૂજા, ભક્તિ, ઉપાસના તથા ધ્યાન કરવું, પણ બીજા કોઈ દેવનું ધ્યાન કરવું નહિ ને સાધને કરીને સિદ્ધગતિને પામ્યા હોય એવા સાધુનું પણ ધ્યાન કરવું નહિ, તો અમારે વિષે દૃઢ ભક્તિ થશે અને આ અમારા વચનથી બીજી રીતે વર્તશે તેની ભક્તિ વેશ્યાના જેવી થશે. (૨) બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં શુષ્ક વેદાંતશાસ્ત્રના શ્રવણે કરીને ભગવાનની ઉપાસનાનું ખંડન થઈ જાય છે એમ કહ્યું અને પછી અન્ય દેવની ઉપાસના થઈ જાય છે એમ કહ્યું તે ભગવાનની ઉપાસના ટળીને અન્ય દેવની ઉપાસના થવાનો શો હેતુ હશે ?

૧ **ઉ૦** શુષ્ક વેદાંતશાસ્ત્રના શ્રવણથી સર્વ દેવને વિષે સમભાવ થઈ જાય છે પણ એ શ્રવણ કરનાર પાકો વેદાંતી થયો ન હોય તેને જ્યારે કાંઈક સંકટ આવે ત્યારે પોતાની રક્ષાને માટે કોઈક દેવની ઉપાસના કરે એમ અન્ય દેવની ઉપાસના આપત્કાળે કરે.

૨ **પ્ર૦** બીજી બાબતમાં શ્રીજીમહારાજે કહ્યું જે અમો ગોલોકમાં ગયા ત્યાં અનંત પાર્ષદ દીઠા તે ગોલોક કોને કહ્યું હશે ?

૨ **ઉ૦** પોતાના તેજરૂપ અક્ષરધામને આ ઠેકાણે ગોલોક નામે કહ્યું છે તે (**અ૦ ૬**ના બીજા પ્રશ્નમાં) ગોલોક અમે એને જ કહીએ છીએ એમ કહ્યું છે.

૩ **પ્ર૦** ભગવાનના અવતાર દેવ-મનુષ્યાદિકને વિષે થાય છે એમ કહ્યું તે દેવલોકમાં એકાંતિક ભક્ત હશે અને ત્યાં ભગવાન એકાંતિક ધર્મ સ્થાપન કરતા હશે કે નહિ ?

૩ **ઉ૦** દેવલોકમાં એકાંતિક ધર્મનું સ્થાપન થાતું નથી અને ત્યાં એકાંતિક ભક્ત પણ નથી; એકાંતિક ભક્ત તો મર્ત્યલોકમાં જ છે અને એકાંતિક ધર્મ પણ મર્ત્યલોકમાં સ્થાપન થાય છે કેમ જે આ કર્મભૂમિ છે ને એ ભોગભૂમિ છે માટે દેવલોકમાં શ્રીજીમહારાજ પ્રગટ થતા નથી; બીજા અવતારો કોઈક પ્રયોજન માટે દેવલોકમાં પ્રગટ થાય છે તે બીજા અવતારોને વિષે પોતે અંતર્યામી શક્તિએ રહ્યા છે માટે અવતારોના અભેદપણે કરીને દેવલોકને વિષે પ્રગટ થાય છે એમ કહ્યું છે.

૪ **પ્ર૦** ધ્યાન કરવાનું કહ્યું તે ધ્યાન કેવી રીતે કરવું ?

૪ **ઉ૦** દેહાત્મબુદ્ધિ સોતો શ્રીજીમહારાજને સન્મુખ ધારીને ધ્યાન કરે તે અવરભાવનું ધ્યાન છે; અને સદા દિવ્ય સાકાર મૂર્તિમાન સર્વોપરી પુરુષોત્તમ એવા જે શ્રી સ્વામિનારાયણ તેમનાં તેજરૂપ થઈને એ તેજરૂપ જે અક્ષરબ્રહ્મ તેમાં મૂર્તિ ધારવી તે પરભાવનું ધ્યાન છે અને મૂર્તિના તદાકારભાવને પામીને ધ્યાન કરવું તે પરભાવમાં ઉત્તમ ધ્યાન છે.

**૫ પ્ર૦બીજા કોઈ દેવનું ધ્યાન કરવું નહિ એમ કહ્યું તે દેવ કિયા જાણવા ?**

**૫ ઉ૦તે ટાણે પ્રત્યક્ષ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે વિરાજમાન હતા તેમણે પોતાનું જ ધ્યાન કરવાનું કહ્યું છે જે અમારા આશ્રિતોએ અમારું જ ધ્યાન કરવું પણ બીજા કોઈ દેવનું એટલે કોઈ અવતાર માત્રનું ધ્યાન કરવું નહિ એમ પતિવ્રતાપણે નિષ્ઠા રાખવી તે (લો૦ ૧૧ના ૨/૪ના બીજા પ્રશ્નમાં) પણ કહ્યું છે અને સિદ્ધગતિને પામ્યા એવા સાધુનું પણ ન કરવું એમ કહ્યું છે.**

૬ **પ્ર૦** આ અમારી આજ્ઞા પાળશે તેને શ્રીકૃષ્ણ નારાયણને વિષે નારદ, લક્ષ્મી, રાધિકા તથા ગોપીઓના જેવી ભક્તિ થશે એમ શ્રીજીમહારાજે કહ્યું તે શ્રીકૃષ્ણ નારાયણ કોને કહ્યા હશે ? અને નારદાદિકના જેવી ભક્તિ થાશે એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૬ ઉ૦ શ્રીકૃષ્ણ નારાયણ પોતાને કહ્યા છે અને જેવી ભક્તિ નારદને તથા લક્ષ્મી આદિકને એમના ઈષ્ટદેવને વિષે હતી તેવી ભક્તિ અમારી આજ્ઞા પાળશે એવા જે અમારા આશ્રિત તેમને અમારે વિષે થાશે એમ કહ્યું છે. ॥૧૯॥ (૧૫૨)

## વચનામૃત ગઢડા મધ્યનું - ૨૦

❖સંવત ૧૮૭૮ના પોષ વદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવ નારાયણના મંદિરની આગળ વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો અને ધોળો ચોફાળ ઓઢીને તે ઉપર છીંટની રજાઈ ઓઢી હતી ને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને પરમહંસ તાળ-મૃદંગ વજાડીને કીર્તન બોલતા હતા.

પછી શ્રીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, આજ તો અમારા ઉતારામાં અમારી પાસે રહેનારા જે સોમલાખાચર આદિક હરિભક્ત તેમને અમે એક પ્રશ્ન પૂછ્યો છે તેનો સર્વે પરમહંસ મળીને ઉત્તર કરો. પછી પરમહંસે કહ્યું જે, હે મહારાજ ! એ પ્રશ્ન અમને
૧ સંભળાવો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** સમાધિનિષ્ઠ પુરુષ થાય છે તેને તો માયા થકી પર સ્થિતિ થાય છે અને ભગવાનના સ્વરૂપનો પણ દૃઢ સંબંધ રહે છે માટે એ સમાધિનિષ્ઠને તો જ્ઞાનશક્તિ તથા દેહ-ઈન્દ્રિયોની શક્તિ તે વૃદ્ધિ પામી જોઈએ, શા માટે જે માયા થકી જે ચોવીશ તત્ત્વ થયાં છે તે જડ-ચૈતન્યરૂપ છે પણ એકલાં જડ ન કહેવાય, તેમ એકલાં ચૈતન્ય પણ ન કહેવાય, અને તે તત્ત્વમાં શક્તિ પણ સરખી ન કહેવાય, ઈન્દ્રિયો થકી અંતઃકરણમાં જાણપણું વિશેષ છે અને અંતઃકરણ થકી ઈન્દ્રિયો-અંતઃકરણનો દ્રષ્ટા જે જીવ તેમાં જ્ઞાન વિશેષ છે તે જીવને જ્યારે સમાધિ થાય છે ત્યારે ઈન્દ્રિયો-અંતઃકરણના દ્રષ્ટાપણાનો ત્યાગ કરીને માયા પર જે બ્રહ્મ તે સરખો એ જીવ ચૈતન્ય થાય છે અને ભગવાનના સ્વરૂપનો સંબંધ રહે છે તે સમાધિવાળાને કેટલાક એમ સમજે છે જે જેને સમાધિ થાય છે તેને તો મોરે સમજણ હતી તેટલી પણ રહેતી નથી, માટે એ સમાધિવાળાને જ્ઞાન તથા દેહ-ઈન્દ્રિયોની શક્તિ વૃદ્ધિ પામે છે કે નથી પામતી ? એ પ્રશ્ન છે, પછી પરમહંસે જેવી જેની બુદ્ધિ પૂગી તેણે તેવો ઉત્તર કર્યો પણ શ્રીજીમહારાજના પ્રશ્નનો ઉત્તર થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો અમે ઉત્તર કરીએ. એ પ્રશ્નનો તો એમ ઉત્તર છે જે, સાક્ષી જે બ્રહ્મ તે તો માયામાંથી ઉત્પન્ન થયું એવું જે ચોવીશ તત્ત્વાત્મક બ્રહ્માંડ તેને વિષે પ્રવેશ કરીને તેને ચૈતન્યમય કરે છે અને તેને સર્વે ક્રિયા કરવાની સામર્થી આપે છે અને તે બ્રહ્મનો એવો સ્વભાવ છે જે, કાષ્ઠ તથા પાષાણ જેવું જડ હોય તેને વિષે પ્રવેશ કરે ત્યારે તે ચાલે
હાલે એવું થઈ જાય છે. **(૧)** તે બ્રહ્મ સંગાથે સમાધિએ કરીને તુલ્યભાવને પામે ત્યારે એ ૧
જીવ પણ બ્રહ્મરૂપ કહેવાય છે અને તેને જ્ઞાનની વૃદ્ધિ થાય છે. અને ઈન્દ્રિયોની શક્તિ તો જ્યારે તપ ને નિવૃત્તિ ધર્મ ને વૈરાગ્ય તેણે યુક્ત હોય તેને શુકજીના જેવી સિદ્ધદશા પ્રાપ્ત થાય

છે અને જેને તપ તથા નિવૃત્તિધર્મ તથા વૈરાગ્ય તેનું સામાન્યપણું હોય અને ધર્મ, અર્થ ને કામ રૂપ જે પ્રવૃત્તિમાર્ગ તેને વિષે રહ્યો હોય તેને તો સમાધિ થાય તો ય પણ એકલું જ્ઞાન જ વૃદ્ધિ પામે પણ ઈન્દ્રિયોની શક્તિ વૃદ્ધિ પામીને સિદ્ધદશા ન આવે, ને જેમ જનકરાજા જ્ઞાની હતા તેવો જ્ઞાની થાય પણ પ્રવૃત્તિમાર્ગવાળાને નારદ-સનકાદિક-શુકજીના જેવી સિદ્ધદશા ન પમાય અને જે સિદ્ધ હોય તે તો શ્વેતદ્વીપાદિક જે ભગવાનના ધામ તેને વિષે એ ને એ જ શરીરે કરીને જાય અને લોક-અલોક સર્વે ઠેકાણે એની ગતિ હોય, અને પ્રવૃત્તિમાર્ગવાળાને જનકની પેઠે કેવળ જ્ઞાનની જ વૃદ્ધિ થાય છે પણ જ્ઞાન ઘટતું નથી, અને જેમ શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું તેમ તો થાય છે, ત્યાં શ્લોક છે :-

**યા નિશા સર્વ ભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી ।**
**યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ॥૬॥**

એ શ્લોકનો એ અર્થ છે જે, જેને વિષે ભૂતપ્રાણીમાત્ર સૂતા છે તેને વિષે સંયમી પુરુષ જાગ્યા છે અને જેને વિષે ભૂતપ્રાણીમાત્ર જાગ્યા છે તેની કોરે સંયમી પુરુષ સૂતા છે, માટે જે પુરુષની અંતરાત્મા સન્મુખ દૃષ્ટિ વર્તતી હોય તેને દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણની કોરે શૂન્યભાવ વર્તે છે તેને દેખીને અણસમજુ હોય તે એમ જાણે જે, સમાધિવાળાને જ્ઞાન ઓછું થઈ જાય છે પછી રજોગુણ, તમોગુણ તથા મલિન સત્ત્વગુણમાં રહીને આ પ્રશ્નનો ઉત્તર કરવા જાય તેને એમ જ સૂઝે જે, સમાધિવાળાને જ્ઞાન ઓછું થઈ જાય છે, પણ એમ નથી જાણતો જે હું દેહાભિમાની છું તે મૂર્ખાઈમાંથી કહું છું. માટે સમાધિવાળો તો દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણથી જુદો પડીને વર્તે છે તો પણ જ્ઞાનની વૃદ્ધિ થાય છે અને પાછો ઈન્દ્રિયો-અંતકરણમાં આવીને વર્તે તો પણ પોતાને સમાધિને વિષે જે જ્ઞાન થયું છે તેનો નાશ થાય નહિ અને તપ, નિવૃત્તિધર્મ ને વૈરાગ્ય તેને ગ્રહણ કરીને પ્રવૃત્તિમાર્ગનો ત્યાગ કરે તો જેમ જ્ઞાન વૃદ્ધિ પામ્યું છે તેમ ઈન્દ્રિયો-અંતઃકરણની શક્તિઓ પણ વૃદ્ધિ પામે અને નારદ-સનકાદિક-શુકજીના જેવી સિદ્ધગતિને પણ પામે. **(૨)** ઈતિ વચનામૃતમ્ **॥૨૦॥ (૧૫૩)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે તેમાં સાક્ષી જે બ્રહ્મ, કહેતાં અમે લોઢાને વિષે અગ્નિની પેઠે, બ્રહ્માંડને વિષે પ્રવેશ કરીને સર્વેને સર્વ ક્રિયા કરવાની સામર્થી આપીએ છીએ. **(૧)** અને સમાધિએ કરીને અમારી સાથે તુલ્યભાવને પામે ત્યારે તે જીવ બ્રહ્મરૂપ કહેવાય છે ને તેને જ્ઞાનની વૃદ્ધિ થાય છે અને તપ, નિવૃત્તિધર્મ ને વૈરાગ્ય તેણે યુક્ત હોય તેને શુકજીના જેવી સિદ્ધદશા આવે છે ને સર્વત્ર ગતિ થાય છે અને દેહાભિમાની જીવ હોય તે એમ જાણે છે જે, સમાધિવાળાને જ્ઞાન ઓછું થઈ જાય છે પણ સમાધિવાન ઈન્દ્રિયો-અંતઃકરણથી જુદો પડીને વર્તે છે તો પણ જ્ઞાન વૃદ્ધિ પામે છે અને પાછો તેમાં મળીને વર્તે તો પણ સમાધિમાં થયેલું જ્ઞાન નાશ થતું નથી અને એ સમાધિવાન પ્રવૃત્તિમાર્ગનો ત્યાગ કરીને તપાદિકે યુક્ત થાય તો અમારા મુક્તના જેવી સિદ્ધદશા પામે, જેમ પૂર્વે નારદ-સનકાદિક-શુકજી પામ્યા છે તેમ. **(૨)** બાબતો છે. **॥૨૦॥ (૧૫૩)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૨૧

❖સંવત ૧૮૭૮ના ફાગણ સુદિ ૧૫ પૂન્યમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ વિરાજમાન

હતા અને શ્વેત ખેસ પહેર્યો હતો ને શ્વેત ચાદર ઓઢી હતી તથા શ્વેત પાઘ બાંધી હતી અને શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ પ્રેમાનંદ સ્વામી આદિક સર્વે પરમહંસ વિષ્ણુપદ બોલતા હતા.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** કીર્તન રહેવા દો ને સર્વે સૂરત દઈને સાંભળો એક વાર્તા કરીએ છીએ જે, જેટલા કલ્યાણને અર્થે વ્યાસજીએ ગ્રંથ કર્યા છે તે સર્વે સૂરત રાખીને અમે સાંભળ્યા તે સર્વે શાસ્ત્રમાં એ જ સિદ્ધાંત છે અને જીવના કલ્યાણને અર્થે પણ એટલી જ વાત છે જે આ સર્વ જગત છે તેના કર્તા-હર્તા એક ભગવાન છે અને એ સર્વે શાસ્ત્રને વિષે ભગવાનનાં ચરિત્ર છે કાં ભગવાનના સંતનાં ચરિત્ર છે અને **વર્ણાશ્રમના ધર્મની જે વાર્તા છે અને તેનું ફળ જે ધર્મ, અર્થ ને કામ છે તેણે કરીને કાંઈ કલ્યાણ થાતું નથી અને કેવળ વર્ણાશ્રમના ધર્મ વતે તો સંસારમાં કીર્તિ થાય ને દેહે કરીને સુખિયો રહે એટલું જ ફળ છે.**
**(૧)** અને **કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વ કર્તા-હર્તા જાણવા એ જ છે.** **(૨)** અને જેવું **૧,૨**
પરોક્ષ ભગવાનના રામ-કૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઈત્યાદિક જે **પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈ સમજવું બાકી રહ્યું નહિ તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજે જ છૂટકો છે** અને નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્મા, શિવ એમને પૂછો તો પણ ડાહ્યા છે તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેને જ કલ્યાણના દાતા બતાવે અને **જેવું પરોક્ષ ભગવાન ને પરોક્ષ સંતનું માહાત્મ્ય છે તેવું જ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય બતાવે અને એટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહિ,** જેમ બ્રહ્મા, શિવ, બૃહસ્પતિ ને પરાશરાદિક તે કામાદિકે કરીને ધર્મથકી પડ્યા તો પણ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેનો પરોક્ષના જેવો જો માહાત્મ્યે યુક્ત નિશ્ચય હતો તો કલ્યાણના માર્ગમાંથી પડ્યા નહિ, માટે સર્વે શાસ્ત્રનું રહસ્ય આ વાર્તા છે. **(૩)** અને તે જ દિવસ સાંઝને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ **૩**
શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાંથી ઘોડીએ ચડીને શ્રી લક્ષ્મીવાડીએ પધાર્યા હતા ને ત્યાં આંબાના વૃક્ષ હેઠે ઓટા ઉપર ઢોલિયે વિરાજમાન હતા અને શ્વેત ખેસ પહેર્યો હતો ને શ્વેત ચાદર ઓઢી હતી ને શ્વેત પાઘ માથે બાંધી હતી અને તે પાઘને વિષે પીળાં પુષ્પનો તોરો વિરાજમાન હતો ને કાન ઉપર મોગરાનાં પુષ્પના ગુચ્છ વિરાજમાન હતા અને કંઠને વિષે મોગરાના પુષ્પનો હાર વિરાજમાન હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૨ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સાંભળો એક તમને પ્રશ્ન પૂછીએ જે, **(૨)** જીવને સ્વપ્ન

અવસ્થાને વિષે જે જે સ્વપ્નમાં સૃષ્ટિ દેખાય છે અને તે સ્વપ્નની સૃષ્ટિના જે ભોગ તેને જીવ ભોગવે છે તે એ સૃષ્ટિરૂપે તે જીવ પોતે થાય છે કે એ જીવ પોતાના સંકલ્પે કરીને સ્વપ્નને વિષે એ સૃષ્ટિને સ્રજે છે ? અને જેમ જીવને છે તેમજ સર્વે બ્રહ્માદિક ઈશ્વર છે તેને પણ સ્વપ્નસૃષ્ટિ છે તે પોતે એ સૃષ્ટિરૂપે થાય છે કે સંકલ્પે કરીને સ્રજે છે કે એ જીવ-ઈશ્વર થકી પર જે પરમેશ્વર તે જ સ્વપ્નની સૃષ્ટિને સ્રજી આપે છે ? એ પ્રશ્નનો ઉત્તર કરો પછી જેવી જેની બુદ્ધિ તેવું તેણે કહ્યું પણ કોણેય યથાર્થ ઉત્તર થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જીવ તથા ઈશ્વર એમાંથી કોઈ સ્વપ્નસૃષ્ટિને સ્રજતા નથી અને પોતે પણ સ્વપ્ન સૃષ્ટિરૂપે થાતા નથી; એ તો જીવ-ઈશ્વર થકી પર જે પરમેશ્વર કર્મફળપ્રદાતા છે તે એ જીવ-ઈશ્વરના કર્મને અનુસારે કરીને એ સ્વપ્નસૃષ્ટિને સ્રજે છે. **(૪)** અને એ સ્વપ્નસૃષ્ટિને વિષે જે અસ્થિરપણું ૪
છે ને ભ્રાંતપણું છે તે તો દેશને યોગે કરીને પ્રવર્તે છે, કેમ જે કંઠ દેશ છે તે એવો જ છે જે એ સ્થળમાં અનંત ભાતની એવી સૃષ્ટિ દેખાઈ આવે, જેમ કાચનું મંદિર હોય તેમાં એક દિશે દીવો કર્યો હોય તો અનેક દીવા દેખાઈ આવે તેમ કંઠ દેશને યોગે કરીને એક સંકલ્પ હોય તે અનંત રીતે દેખાય છે અને જે જ્ઞાની હોય તે તો જ્યાં દેશનું પ્રધાનપણું હોય ત્યાં દેશનું જ સમજે અને કાળનું પ્રધાનપણું હોય ત્યાં કાળનું જ સમજે અને કર્મનું પ્રધાનપણું હોય ત્યાં કર્મનું જ સમજે અને પરમેશ્વરનું પ્રધાનપણું હોય ત્યાં પરમેશ્વરનું જ સમજે અને મૂર્ખ હોય તે તો જે કોઈક એક વાત સમજાઈ ગઈ તેને જ મુખ્ય જાણે. જો કાળની વાત સમજાણી હોય તો કાળને જ મુખ્ય જાણે અને કર્મની વાત સમજાણી હોય તો કર્મને મુખ્ય જાણે અને માયાની વાત સમજાણી હોય તો માયાને મુખ્ય જાણે પણ જ્યાં જેનું પ્રધાનપણું તેને ત્યાં જુદું જુદું મૂર્ખને સમજતાં ન આવડે અને જ્ઞાની હોય તે તો જે ઠેકાણે જેનું પ્રધાનપણું હોય તે ઠેકાણે તેનું જ પ્રધાનપણું લે અને પરમેશ્વર છે તે તો દેશ, કાળ, કર્મ, માયા એ સર્વેના પ્રેરક છે અને પોતાની ઈચ્છાએ કરી દેશકાળાદિકનું પ્રધાનપણું રહેવા દે છે, પણ સર્વે પરમેશ્વરને આધારે છે, જેમ શિશુમાર ચક્ર છે તે ધ્રુમંડળને આધારે છે, અને જેમ પ્રજા સર્વે રાજાને આધારે છે તેમાં દિવાન હોય તથા વજીર હોય તેનું રાજા ચાલવા દે તેટલું ચાલે પણ ન ચાલવા દે ત્યારે એક અણુમાત્ર પણ ન ચાલે તેમ દેશ, કાળ, કર્મ, માયા તેનું પરમેશ્વર ચાલવા દે તેટલું ચાલે, પણ પરમેશ્વરના ગમતા બહાર અણુમાત્ર પણ ન ચાલે, માટે સર્વ કર્તા તે પરમેશ્વર જ છે. એટલી વાર્તા કરીને શ્રીજીમહારાજ પાછા દરબારમાં પધારતા હવા. **(૫)** ૫

પછી વળી **તે જ દિવસે અર્ધરાત્રિએ શ્રીજીમહારાજ પોતે સાધુની જાયગાએ પધાર્યા હતા,** પછી સર્વ સાધુ શ્રીજીમહારાજને નમસ્કાર કરીને પાસે બેઠા. પછી તે મુનિ પ્રત્યે શ્રીજીમહારાજ
૩ એમ બોલ્યા જે, **(૩)** અમને એક વિચાર ઊપજ્યો તે સારુ આ ટાણે તમ પાસે આવ્યા છીએ જે **અમારા મનમાં એમ સમજાય છે જે આ સંસારને વિષે જેને ગામ-ગરાસ હોય વા ધન-દોલત હોય એ જ અતિશે દુઃખિયો છે. અને જેને ધન, દોલત, રાજ ન હોય તે જ સુખિયો**

**છે. (૬)** માટે આપણે પણ શ્રી નરનારાયણનું મંદિર શ્રીનગરને વિષે કરાવ્યું છે અને બીજાં ૬
પણ થાવાનાં છે, માટે તે નિમિત્ત શ્રદ્ધા વિના કોઈને પ્રેરવું નહિ ને શ્રી નરનારાયણદેવની ઈચ્છા હશે તો મંદિર થાશે અને ઈચ્છા નહિ હોય તો નહિ થાય પણ તે સારુ આપણે તો કોઈ પ્રકારનો કલેશ ન થાય તેમ કરવું ને સમૈયો આવે ત્યારે જન્માષ્ટમી આદિક ઉચ્છવને દિવસ શ્રી નરનારાયણની ઈચ્છાએ કરીને કોઈ વાર હજારું ને લાખું રૂપૈયાની સામગ્રીએ કરીને ઉચ્છવ થાય ને કોઈ ફેરે તુળસીનું પત્ર મૂકીને ઉચ્છવ થાય પણ જે સહેજે થાય તે ખરું પણ આગ્રહ કરીને કોઈ વાત કરવી નહિ, અને એ શ્રી નરનારાયણદેવને પોતાની શ્રદ્ધાએ કરીને ધરતી, વાડી, ગામ, ગરાસ આપે તે સુખે આપે પણ આપણે કોઈને બળાત્કારે પ્રેરવું નહિ. **(૭)** ૭

૪ પછી શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને સાધુને પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** એકાંતિક પ્રભુનો ભક્ત કેને કહીએ ? પછી મુક્તાનંદ સ્વામીએ આવડ્યો એવો ઉત્તર કર્યો પણ સમાધાન થયું નહિ, પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **એકાંતિક ભક્ત તો તે ખરો જે પોતાને બ્રહ્મરૂપ માનીને, સ્વધર્માદિક અંગે યુક્ત જે ભક્તિ તેણે યુક્ત થકો પરબ્રહ્મ એવા જે શ્રી પુરુષોત્તમ તેમનું ધ્યાન, સ્મરણ ને ઉપાસના તેને કર્યા કરે અને દેહે કરીને જેટલાં ઈશ્વરે વર્તમાન કહ્યાં હોય તેમાં ફેર પડવા દે નહિ, એવો હોય તે એકાંતિક ભક્ત જાણવો.** **(૮)** એવી એકાંતિક ભક્તિની પ્રવૃત્તિ ૮
ક્યારેક તો સૃષ્ટિમાં ન હોય તો શ્રી નરનારાયણને વિષે રહે છે અને શ્રી નરનારાયણ પોતે એકાંતિક ભક્તની પેઠે વર્તીને પોતાના શરણાગત એવા જે ભક્ત તેને શિખવાડે છે ને એવા એકાંતિક તો સત્સંગ વિના બીજે નથી. **(૯)** અને બીજે તો કોઈ મતમાં ઉપાસના છે તો ૯
આત્મજ્ઞાન ને ત્યાગ નથી અને કોઈ મતમાં આત્મજ્ઞાન છે તો ત્યાગ ને ઉપાસના નથી ને કોઈ મતમાં ત્યાગ છે તો આત્મજ્ઞાન ને ઉપાસના નથી અને આ સમામાં સત્સંગમાં તો સર્વે અંગે સંપૂર્ણ એકાંતિક ભક્ત ઘણા છે, એમ વાત કરીને શ્રીજીમહારાજ પોતાને ઉતારે પધાર્યા.
**(૧૦)** ઇતિ વચનામૃતમ્ **॥૨૧॥ (૧૫૪)** ૧૦

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન (૪) છે. તેમાં ત્રણ કૃપાવાક્ય છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, કેવળ વર્ણાશ્રમ ધર્મે કરીને સંસારમાં કીર્તિ થાય ને દેહે કરીને સુખિયો રહે. **(૧)** અને અમને સર્વ કર્તા-હર્તા જાણે તો જ કલ્યાણ થાય. **(૨)** અને જેમ રામકૃષ્ણાદિક પરોક્ષ અવતાર થયા છે તેમને વૈકુંઠ-ગોલોકના પતિ જાણે છે અને તેમના ભક્તોને તે તે ધામના પાર્ષદો જાણે છે, તેમ અમને અક્ષરધામના ધામી સમજે અને અમારા ભક્તોને અમારા ધામના પાર્ષદો જાણે અને અમને સર્વકર્તા-હર્તા જાણે તો કોઈ કાળે કલ્યાણના માર્ગેથી પડે જ નહિ. **(૩)** બીજામાં જીવ, વૈરાજપુરુષ ને પ્રધાનપુરુષ એ સર્વેને સ્વપ્નસૃષ્ટિ તથા સ્વપ્નસૃષ્ટિનાં ભોગ તે મૂળપુરુષ દ્વારે અમે સ્રજી આપીએ છીએ. **(૪)** અને દેશકાળાદિકનું અમે ચાલવા દઈએ તેટલું જ ચાલે. **(૫)** ત્રીજામાં જેને ગામ, ગરાસ, ધન, દોલત હોય તે દુઃખિયો છે અને ન હોય તે સુખિયો છે. **(૬)** અને દેવને શ્રદ્ધાએ કરીને ધરતી, વાડી, ગામ, ગરાસ કોઈ આપે તો ભલે પણ આગ્રહપૂર્વક બળાત્કારે પ્રેરણા ન કરવી. **(૭)** ચોથા પ્રશ્નમાં જે પોતાને બ્રહ્મરૂપ માનીને પરબ્રહ્મ એવા જે અમે તે અમારી સ્વધર્માદિક અંગે યુક્ત ભક્તિ તથા ધ્યાન, સ્મરણ ને ઉપાસના કરે અને જેટલાં વર્તમાન અમે કહ્યાં છે તેમાં ફેર પડવા દે નહિ તે અમારો એકાંતિક ભક્ત છે. **(૮)** અને જ્યારે અમે પ્રગટ થઈએ ત્યારે એકાંતિક ભક્તિ પ્રવર્તાવીએ છીએ. **(૯)** અને બીજા મતોમાં તો એકાંતિક ભક્તિ નથી. **(૧૦)** બાબતો છે.

૧ **પ્ર૦** (૧/૨ પહેલા પ્રશ્નમાં) અમને સર્વ કર્તા-હર્તા જાણવાથી કલ્યાણ થાય, એમ શ્રીજીમહારાજે કહ્યું તે શ્રીજીમહારાજને કર્તા-હર્તા જાણે અને વર્ણાશ્રમના ધર્મ ન પાળે તો કલ્યાણ થાય કે નહિ ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજને સર્વ કર્તા-હર્તા જાણે અને વર્ણાશ્રમના ધર્મ પણ દઢ કરીને પાળે તો જ કલ્યાણ થાય પણ એ બેમાંથી એક ન હોય તો કલ્યાણ ન થાય તે (**મ૦ ૩૫**/૪માં) અમારી ઉપાસના હોય પણ જો તેમાં ધર્મ ન હોય તો તેનું કલ્યાણ ન થાય અને તેને ચંડાળ કહ્યો છે માટે ઉપાસના તથા ધર્મ બેય રાખવાં તો જ કલ્યાણ થાય.

૨ **પ્ર૦** (૧/૩ પહેલા પ્રશ્નમાં) નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્મા, શિવને પૂછો તો તે પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય બતાવે એમ કહ્યું તે એ નારદાદિક તો દૃષ્ટિગોચર નથી માટે એમને શી રીતે પુછાય અને એ શ્રીજીમહારાજનું માહાત્મ્ય શી રીતે બતાવી શકે ?

૨ **ઉ૦** જેમ નારદાદિકને જે જે અવતારો મળ્યા હતા તેમનું માહાત્મ્ય તેમણે બતાવ્યું હતું તેમ જ આજ અમારા સંત તથા અમારા હરિભક્ત છે તેમને પૂછો તો પ્રત્યક્ષ ભગવાન એવા જે અમે તે અમારો તથા અમારા મુક્તનો મહિમા બતાવે, એમ નારદાદિકના દૃષ્ટાંતે પોતાના સંત-હરિજનોને કહ્યા છે.

૩ **પ્ર૦** કેવી રીતે પ્રેરણા કરે તે બળાત્કારે પ્રેર્યા કહેવાય ?

૩ **ઉ૦** દેવની સેવા હરિજનની શ્રદ્ધાથી વિશેષ કરાવવાનો આગ્રહ કરે તે બળાત્કારે પ્રેર્યા કહેવાય.

૪ **પ્ર૦** (૪/૯ ચોથા પ્રશ્નમાં) નરનારાયણ પોતે વર્તીને શરણાગતને એકાંતિક ભક્તિ શિખવાડે છે તે કિયા જાણવા ?

૪ **ઉ૦** આ ઠેકાણે શ્રીજીમહારાજે પોતાને જ નરનારાયણ નામે કહ્યા છે તે પોતાના ભક્તોને એકાંતિક ભક્તિ શીખવે છે આ નામનો ખુલાસો (**પ્ર૦ ૮**ના સાતમા પ્રશ્નોત્તરમાં) કર્યો છે. **॥૨૧॥ (૧૫૪)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૨૨

❖સંવત ૧૮૭૮ના ફાગણ વદિ ૧૦ દશમીને દિવસ શ્રીજીમહારાજ **અર્ધરાત્રિને** સમે જાગ્યા ને શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ દક્ષિણાદે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને તે સમે સર્વે સાધુ તથા હરિભક્તને તેડાવ્યા પછી પોતાના મુખારવિંદની આગળ તે સર્વેની સભા ભરાઈને બેઠી હતી.

૧ ત્યારે શ્રીજીમહારાજ સાધુ પ્રત્યે બોલ્યા જે, **(૧)** એક વાર્તા કરીએ તે સાંભળો જે, જેમ બે સેના હોય ને તે પરસ્પર લડવાને તૈયાર થઈ હોય ને બેયનાં નિશાન સામસામાં રોપ્યાં હોય પછી બેયના મનમાં એમ હોય જે આપણું નિશાન છે તે એના નિશાનને ઠેકાણે માંડીએ ને એનું નિશાન લઈ લઈએ પણ એવો વિચાર નથી થાતો જે, એના નિશાન લગી જાશું તેમાં તો કેટલાકનાં માથાં પડશે ને લોહીની નદી ચાલશે તેનો તો એને ભય નથી, કાં જે શૂરવીર હોય તેને મરવાની બીક હોય નહિ અને જે કાયર છે તે તો ભાગ્યાના હજારો વિચાર કરે છે અને એમ પણ વિચાર કરે છે જે આપણી ફોજ જીતશે તો કોઈકનું ધન-હથિયાર હશે તે લૂંટી લેશું, અને તે બેય રાજાના જે શૂરવીર છે તેને તો મરવાનો પણ ભય નથી તે લૂંટવાનો પણ લોભ નથી પણ તેનું નિશાન લેવું ને પોતાની જીત કરવી એવો જ એક સંકલ્પ છે. એ તો દૃષ્ટાંત છે ને એનું સિદ્ધાંત તો એ છે જે, નિશાનને ઠેકાણે તો ભગવાનનું ધામ છે ને રાજાના શૂરવીરને ઠેકાણે તો ભગવાનના દઢ ભક્ત છે તેને તો આ સંસારને વિષે માન થાઓ અથવા

અપમાન થાઓ, દેહને સુખ થાઓ અથવા દુઃખ થાઓ, શરીર રોગી રહો અથવા નીરોગી રહો, દેહ જીવો અથવા મરો પણ એને કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી જે આપણે આટલું દુઃખ થાશે કે આપણે આટલું સુખ થાશે એ બેમાંથી કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી. એ ભક્તજનના હૈયામાં તો એ જ દૃઢ નિશ્ચય છે જે આ દેહે કરીને ભગવાનના ધામમાં નિવાસ કરવો છે પણ વચમાં ક્યાંઈ લોભાવું નથી. અને કાયરને ઠેકાણે જે **દેહાભિમાની એવા ભગવાનના ભક્ત છે તેને તો પ્રભુ ભજ્યામાં હજાર જાતના ઘાટ થાય છે જે, જો કરડાં વર્તમાન થાશે તો નહિ નભાય ને સુગમ વર્તમાન થાશે તો નભાશે, અને વળી એવો પણ વિચાર કરે જે આવો ઉપાય કરીએ તો સંસારમાં પણ સુખિયા થઈએ અને નભાશે તો હળવા હળવા સત્સંગમાં નભશું, એવો ભક્ત હોય તે કાયરને ઠેકાણે જાણવો.** અને શૂરવીર જે ભગવાનના દૃઢ ભક્ત હોય તેને તો પિંડ-બ્રહ્માંડ સંબંધી કોઈ જાતનો ઘાટ ન થાય. **(૧)** ૧

૨ પછી શ્રીજીમહારાજે પોતાના વૃત્તાંતની વાર્તા કરવા માંડી જે, **(૨)** અમે અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા ગયા હતા ત્યારે હજારો માણસોનો મેળો ભરાણો હતો પછી જ્યારે શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા થઈ રહી અને અમદાવાદના બ્રાહ્મણ ચોરાશી જમી રહ્યા પછી અમે સાબદા થઈને ચાલી નીસર્યા તે જેતલપુરમાં જઈને રાત રહ્યા. પછી ત્યાં જઈને એવો વિચાર કરવા માંડ્યો જે, જેટલા માણસ દેખ્યા છે ને જેટલી પ્રવૃત્તિ દેખી છે તેને ટાળી નાખવી, પછી તેને વિસાર્યાને અર્થે હૈયામાં અતિશે દુઃખ થયું તેણે કરીને શરીરે પણ માંદા થઈ ગયા. પછી ત્યાં થકી ધોળકે જઈને રાત રહ્યા. અને ધોળકાના ચાલ્યા એ ને એ વિચારમાં ગામ કોઠને પાસે ગણેશ ધોળકાની રાણ્યોમાં જઈને રાત રહ્યા તે વિચાર એવો કરવા માંડ્યો જે, દેહની સ્મૃતિ ન રહી પછી વિચારતાં વિચારતાં સર્વે પ્રવૃત્તિને વિસારી મેલી ને જેવા અમે કાંકરિયે તલાવ ઊતર્યા નહોતા ને મેળો પણ ભરાણો નહોતો ને ત્યારે કોઈ જાતનો ઘાટ નહોતો તેવી રીતે સર્વે ઘાટ ટાળી નાખ્યા. **(૨)** અને જ્યારે લૌકિક ઘાટ મટી ગયા ત્યારે ૨
અંતર્દૃષ્ટિ રહેવા માંડી પછી અલૌકિક આશ્ચર્ય દેખાવા માંડ્યાં અને દેવતા સંબંધી જે ભોગ છે તે દેખાવા માંડ્યાં ને અનંત પ્રકારના વિમાન ને અનંત પ્રકારની અપ્સરા અને અનંત પ્રકારના વસ્ત્ર ને અનંત પ્રકારના અલંકાર, તે જેમ આંહીં મર્ત્યલોકને વિષે છે તેમ જ ત્યાં દેખાવા લાગ્યા પણ અમારા અંતરમાં તો એક શ્રી નરનારાયણ વિના બીજું કાંઈ ગમ્યું નહિ, ને જેમ આંહીંના પંચવિષય તે અમને તુચ્છ ભાસ્યા ને તેમાં અમારું મન લોભાણું નહિ તેમ જ દેવલોક-બ્રહ્મલોક પર્યંત અમારું મન ક્યાંઈ લોભાણું નહિ તેને દેખીને દેવતા સર્વે અમારાં વખાણ કરવા મંડ્યા જે તમે શ્રી નરનારાયણના એકાંતિક ભક્ત ખરા, કેમ જે તમારું મન ભગવાનને મૂકીને કયાંઈ લોભાતું નથી. પછી તેમનાં વચન સાંભળીને અમારા હૈયાને વિષે સુધી હિંમત આવી પછી અમે મનને કહ્યું જે તારું જેવું રૂપ છે તેવું હું જાણું છું. જો ભગવાન વિના બીજા પદાર્થનો ઘાટ ઘડ્યો તો તારા ભૂકા કરી નાખીશ, તેમ જ બુદ્ધિને કહ્યું જે, ભગવાન

વિના બીજો નિશ્ચય કર્યો તો તારી વાત છે. તેમ જ ચિત્તને કહ્યું જે, ભગવાન વિના બીજું ચિંતવન કર્યું તો તારા પણ ભૂકા કરી નાખીશ, તેમ જ અહંકારને કહ્યું જે, ભગવાનના દાસત્વપણા વિના બીજું અભિમાન ધર્યું તો તારો નાશ કરી નાખીશ. પછી તો અમારે જેમ આ લોકના પદાર્થની અત્યંત વિસ્મૃતિ થઈ હતી તેમ જ દેવલોક-બ્રહ્મલોકના પદાર્થની પણ અત્યંત વિસ્મૃતિ થઈ ગઈ, અને જ્યારે એ સર્વે સંકલ્પ ટળી ગયા ત્યારે સંકલ્પનો મંદવાડ હતો તે પણ ટળી ગયો; એવી રીતે ભગવાનનો ભક્ત હોય તેને વર્તવું. એમ શ્રીજીમહારાજે પોતાનું વૃત્તાંત ભક્તજનના કલ્યાણને અર્થે કહ્યું ને પોતે તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ પુરુષોત્તમનારાયણ છે. **(૩)** ૩

૩ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૩)** વાસુદેવ માહાત્મ્યને વિષે **એકાંતિક ભક્ત**ના ધર્મ કહ્યા છે જે એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહિ ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે ને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહિ. **(૪)** અને જ્યારે એ ભગવાનને ભજીને આવી ૪
રીતનો સાધુ થયો ત્યારે **સાધુ થકી કાંઈ બીજી મોટી પદવી નથી. જેમ રાજા હોય ને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો એ સાધુનો પણ પ્રતાપ છે. માટે તુચ્છ એવાં જે સંસારનાં સુખ તે સાધુને ઈચ્છવાં નહિ,** કાં જે એ સાધુ જ્યારે ભગવાનના ધામને પામે છે ત્યારે અનંતકોટી બ્રહ્માંડનાં પતિ જે બ્રહ્માદિક ઈશ્વર તે ભગવાનને અર્થે જેમ અનંત પ્રકારની ભેટ, સામગ્રીઓ લાવે છે તેમ એ સાધુને અર્થે પણ લાવે છે ને ભગવાનને પ્રતાપે કરીને એ સાધુ અલૌકિક ઐશ્વર્ય-સામર્થીને પામે છે એવો મોટો વિચાર હૈયામાં રાખીને એક ભગવાન વિના બીજું કાંઈ પણ મનમાં ઈચ્છવું નહિ, અને જેમ હાથમાં ચિંતામણિ આવી ત્યારે તે ચિંતામણિને યત્ન કરીને રાખવી, કેમ જે જો હાથમાં ચિંતામણિ છે તો જે પદાર્થને ઈચ્છશે તે પદાર્થને આપશે તેમ ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિરૂપી ચિંતામણિને ઝાલી રાખવી પણ તેને મૂકવી જ નહિ તો એને સર્વે વાતની સિદ્ધિ થાશે. **(૫)** ઈતિ વચનામૃતમ્ **॥૨૨॥ (૧૫૫)** ૫

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૩)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે શૂરવીર ને કાયર ભક્તનાં લક્ષણ કહ્યાં છે. **(૧)** બીજામાં પોતાને મિષે કરીને પોતાના ભક્તને પ્રવૃત્તિ ટાળવાનો ઉપાય બતાવ્યો છે. **(૨)** અને અક્ષરાદિક કોઈ ઐશ્વર્યમાં લોભાવું નહિ. **(૩)** ત્રીજામાં પોતાના એકાંતિક ભક્તનાં લક્ષણ કહ્યાં છે. **(૪)** ને રાજા ને રાણીને દૃષ્ટાંતે પોતાના મુક્તોનો મહિમા પોતાના જેવો જ કહ્યો છે. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી તથા કાંકરિયાની ચોરાશી કરી તે લીલાને પ્રવૃત્તિ કહી અને તેને ટાળી નાખવાનું કહ્યું અને (**પ્ર૦ ૩**માં) લીલા સંભારી રાખવી એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૧ **ઉ૦** (**પ્ર૦ ૩**માં) અંતરમાં મૂર્તિ દેખાતી હોય તેને મૂર્તિ ભૂલી જવાય માટે લીલા સંભારી રાખવાનું કહ્યું છે અને આમાં આત્માને વિષે મૂર્તિ સિદ્ધ કરવાનો ઉપાય બતાવ્યો છે જે, અમારી લીલાને પણ વિસારી દઈને એકાંતમાં રહીને પોતાના આત્માને

બ્રહ્મરૂપ માનીને તેને વિષે અમારી મૂર્તિ ધારીને મૂર્તિ સિદ્ધ કરો તો મુક્ત થવાય એમ કહ્યું છે.

૨ **પ્ર૰** શ્રીજીમહારાજ તો પોતે ભગવાન છે, એમને પ્રવૃત્તિ વિસારી મૂકી એમ કહેવાનો શો હેતુ હશે ?

૨ **ઉ૰** પોતાને ઉદ્દેશે કરીને પોતાના ભક્તોને પ્રવૃત્તિ વિસારવાની રીત બતાવી છે.

૩ **પ્ર૰** ( ૨/૩ બીજા પ્રશ્નમાં) દેવતા કહ્યા તે કિયા જાણવા ? અને શ્રીજીમહારાજ તો પોતે ભગવાન છે તેમને દેવતાએ ભક્ત કેમ કહ્યા હશે ?

૩ **ઉ૰** આ ઠેકાણે ઇંદ્ર તથા બ્રહ્માને દેવતા કહ્યા છે. અને શ્રીજીમહારાજ એમના વૈભવમાં લોભાણા નહિ તેથી દેવોએ અનુમાન કર્યું જે આપણા વૈભવમાં લોભાતા નથી માટે ભગવાનના એકાંતિક ભક્ત હશે એમ જાણીને ભક્ત કહ્યા છે પણ ભગવાન છે એમ જાણી શક્યા નહિ.

૪ **પ્ર૰** (૩/૪ ત્રીજા પ્રશ્નમાં) વાસના કહી તે વાસના કેટલા પ્રકારની હશે ?

૪ **ઉ૰** માયિક ભોગની ઇચ્છા તે માયિક વાસના છે; અને મૂળપુરુષ, બ્રહ્મ, મૂળઅક્ષર આદિકના ઐશ્વર્યની ઇચ્છા તે ઐશ્વર્યરૂપી વાસના છે. એ બે પ્રકારની વાસના છે તેને ટાળે ત્યારે સાધુ એટલે મુક્ત થાય, તેવા મુક્તને શ્રીજીમહારાજે રાણીને ઠેકાણે કહ્યા છે.

૫ **પ્ર૰** (૩/૫ ત્રીજા પ્રશ્નમાં) અનંતકોટી બ્રહ્માંડના પતિ બ્રહ્માદિક ભેટ-સામગ્રી લાવે છે ને અમારી તથા અમારા સાધુની પ્રાર્થના કરે છે એમ કહ્યું તે કિયા જાણવા ?

૫ **ઉ૰** આ ઠેકાણે મૂળપુરુષ તથા બ્રહ્મ તથા અક્ષર તેમને બ્રહ્માદિક ઈશ્વર કહ્યા છે.

૬ **પ્ર૰** અમારા સાધુ જ્યારે અમારા અક્ષરધામને પામે છે ત્યારે અનંતકોટી બ્રહ્માંડના પતિઓ તેમની પ્રાર્થના કરે છે એમ શ્રીજીમહારાજે કહ્યું અને (**સા૰ ૫**ના પહેલા પ્રશ્નોત્તરમાં) શ્રીજીમહારાજના મુક્ત વિના કોઈને શ્રીજીમહારાજની વ્યતિરેક મૂર્તિનો સંબંધ નથી એમ કહ્યું છે તે જો સંબંધ ન હોય તો ભેટ તથા પ્રાર્થના શી રીતે કરતા હશે ?

૬ **ઉ૰** આમાં શ્રીજીમહારાજે પોતપોતાના ભક્તની મોટ્યપ કહી છે જે, જેમ અમારી પ્રાર્થના સર્વે કરે છે તેમ જ અમારા મુક્તની પણ કરે છે તે પ્રાર્થના આંહીં જ કરે છે પણ અક્ષરધામમાં જઈને કરે છે એમ નથી કહ્યું અને અક્ષરધામને અમારા સાધુ પામે છે એમ કહ્યું છે તે તો જ્યારે પોતાના આત્માને વિષે શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય ત્યારે તે અક્ષરધામને પામી રહ્યો છે માટે જ્યારે પોતાના આત્માને વિષે શ્રીજીમહારાજનું દર્શન થાય ત્યારે અક્ષરાદિક પણ પ્રાર્થના કરે છે એમ સમજવું. **॥૨૨॥ (૧૫૫)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૨૩

❖સંવત ૧૮૭૮ના જ્યેષ્ઠ સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ વિરાજમાન હતા ને મસ્તક ઉપર ધોળી પાઘ બાંધી હતી ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧) આજ તો અમે મનનું રૂપ વિચારી જોયું તે મન જીવ થકી જુદું ન દેખાણું; મન તો જીવની જ કોઈક કિરણ છે** પણ જીવ થકી જુદું નથી. અને મનનું રૂપ તો એવું દેખાણું જે, જેમ ઉનાળામાં લૂક હોય તથા જેમ શિયાળામાં હિમ હોય તેવું મનનું રૂપ દેખાણું. અને જેમ માણસના દેહમાં લૂક પેસે તથા હિમ પેસે ત્યારે તે માણસ મરી જાય છે, તેમ એ મન ઇન્દ્રિયોદ્વારે થઈને જ્યારે વિષય સન્મુખ જાય છે, ત્યારે તે વિષય જો

દુઃખદાયી હોય તો મન તપીને ઉનાળાની લૂક જેવું થાય છે, અને તે વિષય જો સુખદાયક હોય તો તેને વિષે મન શિયાળાના હિમ જેવું થાય છે, તે જ્યારે દુઃખદાયી વિષયને ભોગવીને લૂક સરખું ઊનું થઈને જીવના હૃદયમાં પેસે છે, ત્યારે જીવને અતિશે દુઃખિયો કરીને કલ્યાણના માર્ગમાંથી પાડી નાખે છે, એ તે લૂક લાગીને મરે તેમ જાણવું; અને જ્યારે એ મન સુખદાયી વિષયમાં સુખને ભોગવે ત્યારે ટાઢું હિમ સરખું થઈને જીવના હૃદયમાં પેસે છે, અને જીવને સુખિયો કરીને કલ્યાણના માર્ગથી પાડી નાખે છે, એ તે હિમાળાનો વા આવે ને મરે તેમ જાણવું. માટે **જેનું મન ભૂંડા વિષયને દેખીને તપે પણ નહિ અને સારા વિષયને દેખીને ટાઢું પણ થાય નહિ, એવી રીતે જેનું મન અવિકારી રહેતું હોય તેને પરમ ભાગવત સંત જાણવા.** અને એવું મન થાવું એ કાંઈ થોડી વાત નથી અને મનનો તો કેવો સ્વભાવ છે તો જેમ બાળક હોય તે સર્પને, અગ્નિને તથા ઉઘાડી તરવારને ઝાલવા જાય તે જો ઝાલવા ન દઈએ તો પણ દુઃખિયો થાય અને જો ઝાલવા દઈએ તો પણ દુઃખિયો થાય તેમ જો મનને વિષય ભોગવવા ન દઈએ તો પણ દુઃખિયું થાય ને જો ભોગવવા દઈએ તો પણ વિમુખ થઈને અતિશે દુઃખિયું થાય, **માટે જેનું મન ભગવાનને વિષે આસક્ત થયું છે ને વિષયને યોગે કરીને ટાઢું-ઊનું થાતું નથી તેને જ સાધુ જાણવા. (૧)** ઈતિ વચનામૃતમ્ **॥૨૩॥ (૧૫૬)** ૧

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં જેનું મન દુઃખદાયી વિષયમાં તપે નહિ અને સુખદાયી વિષયમાં ટાઢું ન થાય; એક અમારે વિષે જ આસક્ત થાય તે જ પરમ ભાગવત સંત છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** આમાં મનને જીવથી જુદું ન કહ્યું, અને (**લો૦ ૧૪**/૧માં) મનનો વિશ્વાસ ન કરવો એમ કહ્યું છે તથા (**છે૦ ૬**/૨માં) મનને જીવનું મિત્ર કહ્યું છે એમ જોતાં તો મન જીવથી જુદું થયું તે કેવી રીતે સમજવું ?

૧ **ઉ૦** મન આદિક ઈન્દ્રિયો દ્વારે જીવની વૃત્તિ આવીને વિષયને ભોગવે છે એમ (**જે૦ ૨**ના બીજા પ્રશ્નમાં) કહ્યું છે અને (**લો૦ ૧૫**ના પહેલા પ્રશ્નમાં) પણ દેવતા ને ઈન્દ્રિયોરૂપે કરીને જીવ વિષયને ભોગવે છે એમ કહ્યું છે ને (**મ૦ ૬૩**/૧માં) ઈન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિઓને જીવની વૃત્તિ કહી છે, અને મનને વિષે કર્તાપણું જીવનું છે તેથી જીવની વૃત્તિની ને મનની એક્તાએ કરીને આ ઠેકાણે મનને કિરણ કહેલ છે. **॥૨૩॥ (૧૫૬)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૨૪

❖સંવત ૧૮૭૯ના શ્રાવણ સુદિ ૮ અષ્ટમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાંથી ઘોડીએ ચઢીને શ્રી લક્ષ્મીવાડીએ પધાર્યા હતા ને ત્યાં ચોતરા ઉપર ઉતરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે મોગરાના પુષ્પનો હાર પહેર્યો હતો ને પાઘને વિષે મોગરાનાં પુષ્પનો તોરો ધારણ કર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! ભગવાનને વિષે અચળ નિષ્ઠાવાળો જે ભક્ત હોય તેને કોઈ જાતનો વિક્ષેપ આડો આવે કે ન આવે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એક યોગનિષ્ઠા છે ને બીજી સાંખ્યનિષ્ઠા છે તેમાં

યોગનિષ્ઠાવાળો જે ભગવાનનો ભક્ત તે ભગવાનના સ્વરૂપમાં પોતાની અખંડ વૃત્તિ રાખે અને સાંખ્યનિષ્ઠાવાળો જે ભગવાનનો ભક્ત તે તો મનુષ્યના સુખ તથા સિદ્ધ, ચારણ, વિદ્યાધર, ગંધર્વ, દેવતા એ સર્વેનાં જે સુખ તેને સમજી રાખે તથા ચૌદ લોકની માંહીલી કોરે જે જે સુખ છે તે સર્વેને પ્રમાણ કરી રાખે જે આ સુખ તે આટલું જ છે અને એ સુખની કેડે જે દુઃખ રહ્યું છે તેનું પણ પ્રમાણ કરી રાખે પછી દુઃખે સોતાં એવાં જે સુખ તે થકી વૈરાગ્ય પામીને પરમેશ્વરને વિષે જ દૃઢ પ્રીતિ રાખે, એવી રીતે સાંખ્યનિષ્ઠાવાળાને તો સમજણનું બળ હોય અને યોગનિષ્ઠાવાળાને તો ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેનું જ બળ હોય પણ કોઈક વિષમ દેશકાળાદિકને યોગે કરીને કોઈક વિક્ષેપ આવે તો ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રહેતી હોય તે કાંઈક બીજે પણ ચોંટી જાય, કેમ જે યોગનિષ્ઠાવાળાને સમજણનું બળ થોડું હોય માટે ક્યાંક વિઘ્ન થઈ જાય ખરું; અને સાંખ્યનિષ્ઠા ને યોગનિષ્ઠા એ બે ય જો એકને વિષે હોય તો પછી કાંઈ વાંધો જ ન રહે. અને એવો જે **ભગવાનનો ભક્ત હોય તે તો ભગવાનની મૂર્તિ વિના બીજા કોઈ પદાર્થમાં લોભાય જ નહિ અને એમ સમજે જે, ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહી એવી જે ભગવાનની મૂર્તિ ને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના જે જે લોક છે ને તે લોકને વિષે રહ્યા એવા જે દેવ છે ને તે દેવના જે વૈભવ છે તે સર્વે નાશવંત છે એમ જાણીને એક ભગવાનને વિષે જ દૃઢ પ્રીતિ રાખે છે માટે એવા ભક્તને કોઈ જાતનો વિક્ષેપ આવતો નથી. (૧)** ઇતિ વચનામૃતમ્ **॥૨૪॥ ૧ (૧૫૭)**

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાકય **(૧)** છે. તેમાં સાંખ્યનિષ્ઠાવાળા ભક્ત સર્વના સુખ-દુઃખનું પ્રમાણ કરી રાખે ને તેમાંથી વૈરાગ્ય પામીને અમારે વિષે પ્રીતિ રાખે એવું સમજણનું બળ હોય; અને યોગનિષ્ઠાવાળાને વિષમ દેશકાળે કરીને અમારી મૂર્તિમાંથી બીજે વૃત્તિ ચોંટી જાય અને એ બે નિષ્ઠા ભેળી હોય તો અમારા વિના બીજે લોભાય નહિ, કેમ જે અમે તથા અમારા મુક્ત ને અમારું અક્ષરધામ તે વિના બીજા દેવોના વૈભવ તે સર્વને તે નાશવંત જાણે ને અમારે વિષે જ પ્રીતિ રાખે માટે તેને વિક્ષેપ આવે જ નહિ, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** અમે ને અમારા મુક્ત ને ધામ તે વિના બીજા લોક, દેવ ને વૈભવ સર્વે નાશવંત જાણે એમ કહ્યું ત્યારે તો ઈશ્વર, બ્રહ્મ ને અક્ષર તે સર્વે દેવ સંજ્ઞામાં ભેળા આવી ગયા તે તો અવિનાશી છે તેને નાશવંત કેમ કહેવાય ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજે નાશવંત છે એમ નથી કહ્યું એ તો જેની શ્રીજીમહારાજને આકારે વૃત્તિ થઈ હોય તે ભક્ત એમ સમજે, કેમ કે એની દૃષ્ટિ શ્રીજીમહારાજને આકારે થઈ ગઈ હોય તેથી તેને બીજું કાંઈ ભાસે જ નહિ. તે (**પ્ર૦ ૫૧**માં) પુરુષોત્તમ વિના બીજું કાંઈ ભાસે જ નહિ તેની દૃષ્ટિએ કહ્યું છે અને પ્રકૃતિપુરુષનું કાર્ય તો નાશવંત છે જ. **॥૨૪॥ (૧૫૭)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૨૫

❖સંવત ૧૮૭૯ના શ્રાવણ વદિ ૬ છઠને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં દક્ષિણાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે સર્વે પરમહંસને કહ્યું જે સાંભળો અમે એક પ્રશ્ન પૂછીએ છીએ જે
૧ **(૧)** એક તો ભગવાનનો ભક્ત ત્યાગી છે ને દેહે કરીને તો સર્વ વર્તમાન દઢ રાખે છે ને અંતરમાં તો વિષય ભોગવવાની વાસના અતિશે તીખી છે તો પણ દેહે કરીને તો ભ્રષ્ટ થાતો નથી એવો તો ત્યાગી છે ને બીજો ભક્ત છે તે તો ગૃહસ્થાશ્રમી છે ને તેને તો દેહે કરીને ધન, સ્ત્રીનો પ્રસંગ છે ને અંતરમાં તો સર્વે પ્રકારે નિર્વાસનિક છે એ બેય જણા જ્યારે દેહ મૂકશે ત્યારે એ બેય શી ગતિને પામશે ? એ બેય તે સરખી ગતિને પામશે કે અધિક ન્યૂન થાશે, એ બેયનો વિક્તિએ કરીને જુદો જુદો ઉત્તર આપો ? પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, એ ત્યાગી જ્યારે દેહ મૂકશે ત્યારે એને વિષય ભોગવવાની અંતરમાં તીખી વાસના છે માટે એને તો ભગવાન મર્ત્યલોકને વિષે અથવા દેવલોકને વિષે મોટો ગૃહસ્થ કરશે અને અતિશે વિષયભોગ પ્રાપ્ત થાશે તે જેવા ભગવદ્‌ગીતામાં યોગભ્રષ્ટને ભોગ કહ્યા છે તેવા ભોગને દેવલોકમાં ભોગવશે. અને એ ગૃહસ્થ હરિભક્ત છે તે તો દેહ મૂકશે ત્યારે નિર્વાસનિક છે માટે ભગવાનનું જે બ્રહ્મપુરધામ તેને પામશે ને ભગવાનના ચરણારવિંદમાં નિવાસ કરીને રહેશે. અને પ્રથમ કહ્યો જે ત્યાગી તે તો વિષય ભોગવીને જ્યારે તૃપ્ત થાશે ત્યારે તે વિષય થકી વૈરાગ્યને પામીને ને મનમાં પશ્ચાત્તાપ કરીને ભગવાનનું ભજન કરશે પછી
નિર્વાસનિક થઈને ભગવાનના ધામમાં જાશે. **(૧)** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે ઠીક કહ્યું એનો ૧
ઉત્તર એ જ છે.

૨ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** એવી દઢ વાસના હોય ને તેની જેને ટાળવાની ઈચ્છા હોય તો તે શો ઉપાય કરે ત્યારે ટળે ? **પછી શ્રીજીમહારાજ બોલ્યા જે જેવું ઉકાખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણ માત્ર પણ રહેવાય નહિ તો એના અંતઃકરણની જે મલિન**
**વાસના તે સર્વે નાશ પામી જાય છે. (૨)** ૨

૩ પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૩) હે મહારાજ ! જેણે કરીને ભગવાન અતિશે રાજી થાય એવું કિયું સાધન છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્યારે ઘરમાં એક મણ અન્ન મળતું હોય ને ત્યારે જેવી સંતની ઉપર પ્રીતિ હોય ને જેવું દીનપણું હોય અને પછી તેને એક ગામનું રાજ્ય આવે અથવા પાંચ ગામનું રાજ્ય આવે અથવા પચાસ ગામનું રાજ્ય આવે અથવા સો ગામનું રાજ્ય આવે અથવા સર્વે પૃથ્વીનું રાજ્ય આવે તો પણ સંતની આગળ જેવો કંગાલ હતો ને દીન-આધીન રહેતો તેવો ને તેવો જ પ્રીતિએ યુક્ત થકો દીન-આધીન રહે તેમ જ ઈંદ્રલોક તથા બ્રહ્મલોકનું રાજ્ય પામે તો પણ સંતની આગળ તેવો ને તેવો જ દીન-આધીન રહે અને જે ત્યાગી હોય ને તે જેવો પ્રથમ ગરીબ હોય ને જેમ સૌ સંતની ટેલ-ચાકરી કરતો હોય તેવી ને તેવી જ પોતામાં ભગવાનનાં જેવાં ઐશ્વર્ય આવે તો પણ કરતો રહે પણ સાધુ સાથે પિતરાઈ દાવો બાંધે નહિ ને બરોબરિયાપણું કરે નહિ એવાં જેનાં લક્ષણ હોય તેની**

**ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે. (૩)** ઇતિ વચનામૃતમ્ **॥૨૫॥ (૧૫૮)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં વાસના રહિત ગૃહસ્થ દેહ મૂકીને અક્ષરધામને પામે અને વાસનાવાળા ત્યાગીને દેહ ધરવો પડે. **(૧)** બીજામાં સંતની સેવા કરવાનું વ્યસન હોય તેની વાસના નાશ પામી જાય. **(૨)** ત્રીજામાં ગૃહસ્થને ચક્રવર્તી રાજ્ય મળે કે બ્રહ્માદિકની પદવી મળે તો પણ સંતની આગળ દીન-આધીન રહે અને ત્યાગીને અમારા જેવાં ઐશ્વર્ય આવે તો પણ દીન-આધીન રહે તેના ઉપર અમારી અતિશે પ્રસન્નતા થાય છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં ગૃહસ્થ ઇંદ્ર-બ્રહ્માનું રાજ્ય પામે એમ કહ્યું તે કેવી રીતે પામતા હશે ? અને ત્યાગીને વિષે અમારાં જેવાં ઐશ્વર્ય આવે એમ ક્હ્યું તે ઐશ્વર્ય કિયાં જાણવાં ?

૧ **ઉ૦** આ ને આ દેહે નહુષ ને અર્જુનની પેઠે ઇંદ્ર-બ્રહ્માના લોકમાં જાય ને તેનું સ્થાન ભોગવે એવી સામર્થી આવે તે ઇંદ્ર-બ્રહ્માનું રાજ્ય પામ્યો કહેવાય; અને શ્રીજીમહારાજનાં જેવાં ઐશ્વર્ય આવે ત્યારે તે ભક્ત અનંત જીવોનો ઉદ્ધાર કરે એવો સમર્થ થાય એટલે સિદ્ધ મુક્તના જેવો થાય તથા નિર્લેપ, અસંગી, નિર્વિકારપણું ઇત્યાદિક ઐશ્વર્ય જાણવાં. **॥૨૫॥ (૧૫૮)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૨૬

❖સંવત ૧૮૭૯ના માગશર સુદિ ૧૧ એકાદશીને દિવસ રાત્રિને સમે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧) જે ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનને તથા ભગવાનના ભક્તને જે ન ગમતું હોય તે ન જ કરવું અને પરમેશ્વરને ભજ્યામાં અંતરાય કરતા હોય ને તે પોતાનાં સગાં-વહાલાં હોય તેનો પણ ત્યાગ કરવો, અને ભગવાનને ન ગમે એવો કોઈક પોતામાં સ્વભાવ હોય તો તેનો** પણ **શત્રુની પેઠે ત્યાગ કરવો, પણ** ભગવાનથી જે
વિમુખ હોય તેનો પક્ષ લેવો નહિ, જેમ ભરતજીએ પોતાની માતાનો પક્ષ ન લીધો. **(૧)** અને ૧
**ભગવાનનો ભક્ત હોય તેને તો સૌથી વિશેષે પોતામાં જ અવગુણ ભાસે, અને જે બીજામાં**
**અવગુણ જુએ અને પોતામાં ગુણ પરઠે તે તો સત્સંગી છે તો પણ અર્ધો વિમુખ છે. (૨)** ૨
અને ભગવાનના ભક્તને તો ભગવાનની ભક્તિ કરતાં આત્મજ્ઞાન તથા વૈરાગ્ય તથા ધર્મ તે જો અંતરાય કરતા હોય તો તેને પણ પાછા પાડીને ભગવાનની ભક્તિનું જ મુખ્યપણું રાખવું અને જો ભક્તિને વિષે સહાયરૂપ થાતા હોય તો તો એ ઠીક છે એમ સમજે તે જ ભગવાનનો
પૂરો ભક્ત કહેવાય. **(૩)** અને જેને બીજાનો અવગુણ આવે ને પોતામાં ગુણ પરઠે તે તો ૩
ગમે તેવો મોટો હોય તો પણ તેને કલ્યાણના માર્ગમાં વિઘ્ન થાય છે, જેમ રાધિકાજી ઘણાં મોટાં હતાં અને ભગવાનને વિષે અવગુણ માન્યો ત્યારે પોતાના પ્રેમમાં તમોગુણનો ભાગ આવ્યો પછી શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીદામા સાથે વઢવેડ કરી પછી શ્રીદામાનો શાપ થયો તેણે કરીને ગોલોકમાંથી પડીને ગુજરને ઘેર અવતાર લીધો અને ભગવાન વિના અન્ય પુરુષ હતો તેને ધણી કર્યો, એવા મહા મોટા લાંચ્છનને પામ્યા, અને શ્રીદામા હતો તેણે પણ પોતામાં

ગુણ માન્યો અને રાધિકામાં અવગુણ પરઠ્યો તો રાધિકાનો શાપ પામીને દૈત્ય થાવું પડ્યું અને એ ધામમાંથી તો પડવાની રીત નથી ને જે પડ્યા તે તો ભગવાનની ઈચ્છા એવી હતી, તો પણ ભગવાને એમ જણાવ્યું જે, રાધિકાજી જેવો મોટો હોય ને તે પોતામાં ગુણ માનીને ભગવાનના ભક્તનો અવગુણ લે, તો તે પણ પડી જાય તો બીજાની શી ગણતરી ? માટે **ભગવાનનો ભક્ત હોય તેને તો સર્વે સત્સંગીનો ગુણ જ લેવો ને પોતાનો તો અવગુણ જ લેવો, એવી રીતે સમજતો હોય ને થોડી બુદ્ધિ હોય તો પણ તેનો સત્સંગ દિવસે દિવસે વૃદ્ધિ પામતો જાય અને તે વિના તો ઝાઝી બુદ્ધિ હોય તો પણ દિવસ દિવસ પ્રત્યે સત્સંગમાંથી પાછો હઠતો જાય અને અંતે જાતાં નિશ્ચે વિમુખ થાય. (૪)** અને વળી એ રીત તો સર્વ ઠેકાણે ૪
છે જે, જે ચાકર હોય અથવા શિષ્ય હોય તેને રાજા હોય અથવા ગુરુ હોય તે જેમ વઢીને કહેવા માંડે તેમાં જે **સવળું** લે તો તે ઉપર રાજા તથા ગુરુને અતિશે હેત થાય છે, અને જેને શિખામણની વાત કહે ને **અવળું** લે તો તે ઉપર હેત થાતું નથી. તેમ જ ભગવાનની પણ રીત છે જે, જેને શિખામણની વાત કહે ને સવળું લે તો તે ઉપર હેત થાય છે, પણ જે અવળું લે તે ઉપર થાતું નથી. **(૫)** ઈતિ વચનામૃતમ્ **॥૨૬॥ (૧૫૯)** ૫

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમને ભજતાં અંતરાય કરે એવા સંબંધીનો તથા અમને તથા અમારા ભક્તને ન ગમે એવા સ્વભાવનો ત્યાગ કરવો. **(૧)** અને પોતામાં ગુણ જુએ ને બીજામાં અવગુણ પરઠે તે સત્સંગી છે તો પણ અર્ધો વિમુખ છે. **(૨)** અને અમારી ભક્તિમાં આત્મજ્ઞાન, વૈરાગ્ય ને ધર્મ તે અંતરાય કરે તો તેને પાછા પાડીને અમારી ભક્તિ મુખ્ય રાખે તે અમારો પૂરો ભક્ત છે. **(૩)** અને અમારા ભક્ત સર્વે સત્સંગીના ગુણ લેવા અને પોતાનો અવગુણ લેવો તો સત્સંગ વૃદ્ધિ પામે અને અવગુણ લે તે વિમુખ થાય. **(૪)** અને શિખામણની વાત સવળી લે તેના ઉપર અમારે હેત થાય છે અને અવળું લે તેના ઉપર નથી થતું. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** ત્રીજી બાબતમાં ભક્તિમાં આત્મજ્ઞાન, વૈરાગ્ય ને ધર્મ અંતરાય કરનારા કહ્યા તે કેવી રીતે અંતરાય કરતા હશે ?

૧ **ઉ૦** ભગવાનની તથા ભક્તની સેવારૂપી પ્રવૃત્તિ ન ગમે તથા ભગવાનને ભૂખ, તરસ, ટાઢ, તડકો નથી માટે જમાડવા, પોઢાડવા, પંખો નાખવો એની કાંઈ જરૂર નથી, એવી રીતે આત્મજ્ઞાન ભક્તિમાં અંતરાય કરનારું છે. અને વૈરાગ્યવાનને દેહનો અનાદર હોય તેથી ભગવાનને થાળ કરીને જમાડવા તથા માંદાને રુચિ પ્રમાણે જમવાનું કરી આપવું તેમાં રુચિ ન રહે, એવી રીતે વૈરાગ્ય ભક્તિમાં અંતરાય કરે અને ધર્મવાળાથી ભગવાનને અર્થે તુળસી-પુષ્પ-શાકભાજી લાવવાં તથા બાગ-બગીચા કરાવવા, મંદિરો કરાવવાં તેમાં ધર્મ અંતરાય કરે તેમને પાછા પાડીને શ્રીજીમહારાજની ભક્તિ કરવી. **॥૨૬॥ (૧૫૯)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૨૭

❖સંવત ૧૮૭૯ના કાર્તિક સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં દક્ષિણાદે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે ગુલદાવદીનાં ધોળાં ને પીળાં પુષ્પના હાર વિરાજમાન હતા અને પાઘમાં બે કોરે તોરા લટકતા હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** તમારે ક્રોધ થાય છે ત્યારે

શે નિમિત્તે થાય છે ? અને કેટલું નિમિત્ત હોય ત્યારે ક્રોધ થાય છે ? અને અમારે તો એકથી લાખ રૂપિયા સુધી બગાડ કરે, તો પણ પોતા સારુ તો ક્રોધ આવે નહિ, અને જ્યારે ધર્મ લોપ કરે, અથવા બળિયો હોય તે ગરીબને પીડે, અથવા અન્યાયનો પક્ષ લે ત્યારે તેની ઉપર અમારે કોઈકને અર્થે લગારેક ક્રોધની ચટકી આવે છે, પણ પોતા સારુ તો લેશમાત્ર ક્રોધ આવતો નથી અને કોઈક સારુ આવે છે તે પણ ક્ષણ માત્ર પણ નથી રહેતો ને આંટી બંધાતી નથી, તેમ તમારે કેઈ રીતે આવે છે ? ને કેઈ રીતે ટળે છે ? પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, કોઈક પદાર્થને યોગે તથા કોઈકની અવળાઈ દેખાય તેને ઉપર ક્રોધ થાય, પણ તત્કાળ શમી જાય છે.

૨ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૨)** એવું તમારે વિચારનું બળ રહે છે તે શાને યોગે રહે છે ? ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, એક તો ભગવાનનું માહાત્મ્ય વિચારીને એમ સમજાય છે જે, જે રીતે ભગવાનનો કુરાજીપો થાય તે સ્વભાવ રાખવો નથી, અને બીજો શુકજી ને જડભરત જેવા સંતનો માર્ગ જોઈને એમ વિચાર રહે છે જે, સાધુમાં એવો અયોગ્ય સ્વભાવ ન જોઈએ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, કામ-ક્રોધાદિકના જોરને હઠાવે એવો જે વિચાર તે તો ગુણ થકી પર છે તે એ તમારા જીવમાં રહ્યો છે અને એવી રીતે કામ-ક્રોધાદિકને હઠાવે એવું જે જોર છે તે પૂર્વજન્મનો સંસ્કાર છે અને તમારું એટલું તો અમને જણાય છે જે, તમારે જે જે માયિક પદાર્થનો યોગ થાય તેની આંટીમાં પ્રથમ તો આવી જવાય પણ અંતે જાતા એના બંધનમાં રહેવાય નહિ; બંધન તોડીને નીકળાય ખરું. **(૧)** ૧

૩ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** પ્રથમ આવરણ થઈ જાય એવી કાચ્યપ રહે છે તે શાને યોગે રહે છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, દેશ-કાળાદિક જે આઠ છે તેમાં જેવું પૂર્વના સંસ્કારમાં જોર છે તેવું જ એક એકમાં છે માટે જ્યારે એનો યોગ થાય ત્યારે જરૂર બંધન થાય છે અને પૂર્વના સંસ્કારનું જોર રહેવા દેતા નથી અને જો સંસ્કારમાં લખ્યું એટલું જ સુકૃત-દુષ્કૃત થાય તો વેદ, શાસ્ત્ર ને પુરાણ તેને વિષે વિધિ-નિષેધના ભેદ કહ્યા છે જે, આ કરવું ને આ ન કરવું તે સર્વે ખોટું થઈ જાય તે એ મોટાનાં કરેલાં શાસ્ત્ર તો ખોટાં થાય જ નહિ. અને જય-વિજય હતા તેણે જો અયોગ્ય ક્રિયા કરી તો જે ઠેકાણે કાળ, કર્મ ને માયા નથી એવું જે ભગવાનનું ધામ ત્યાંથી પડી ગયા, અને જો નારદજીને રાજી કર્યા તો પ્રહ્‌લાદને દેશકાળાદિક અશુભ હતા તો પણ નડી શક્યા નહીં અને જો સનકાદિકને કોપાયમાન કર્યા તો દેશ-કાળાદિક શુભ હતા તો પણ જય-વિજય પડી ગયા, **માટે જેને કલ્યાણને ઇચ્છવું તેને તો જેમ મોટાપુરુષ રાજી થાય તેમ કરવું. (૨)** અને તે મોટાપુરુષ પણ ત્યારે રાજી થાય જ્યારે ૨
કોઈ પ્રકારે અંતરમાં મલિન વાસના ન રહે, અને જેને ગરીબ ઉપર ક્રોધાદિકનો સંકલ્પ થાતો હોય તો તેને મોટા ઉપર પણ થાય અને પોતાના ઈષ્ટદેવ ઉપર પણ ક્રોધાદિકનો મલિન ઘાટ થાય, માટે જેને કલ્યાણને ઇચ્છવું તેને કોઈ ઉપર મલિન ઘાટ કરવો નહિ, અને જો કોઈ ઉપર મલિન ઘાટ કરે તો તેને ભગવાનના ભક્ત તથા ભગવાન ઉપર પણ મલિન ઘાટ થઈ જાય,

અને અમથી તો જો એક ગરીબ પણ દુબાણો હોય તો અમારા અંતરમાં એવો વિચાર આવે છે જે, ભગવાન સર્વાંતર્યામી છે તે એક ઠેકાણે રહીને સર્વેના અંતરને જાણે છે, માટે જેને અમે દુબ્યો તેના જ અંતરમાં વિરાજતા હશે, તો અમે ભગવાનનો અપરાધ કર્યો એમ જાણીને તેને પગે લાગીએ, ને તેને કાંઈ જોઈતું હોય તે આપીએ પણ જે પ્રકારે તે રાજી થાય તેમ કરીએ છીએ. **(૩)** અને વળી અમે વિચારી જોયું જે, જે અતિશે ત્યાગ રાખે અથવા દયા રાખે તેથી ૩
ભગવાનની ભક્તિ થાય નહિ, ત્યારે ઉપાસનાનો ભંગ થાય છે અને **પૂર્વે જે જે અતિશે ત્યાગી થયા છે તેના માર્ગમાં ઉપાસનાનો નાશ થઈ ગયો છે, માટે અમે વિચારીને પરમેશ્વરની ઉપાસના રહેવા સારુ ત્યાગનો પક્ષ મોળો કરીને ભગવાનનાં મંદિર કરાવ્યાં છે તેમાં જો થોડો ત્યાગ રહેશે તો પણ ઉપાસના રહેશે તો તેણે કરીને ઘણાક જીવનાં કલ્યાણ થાશે.** અને જેને ભગવાનની ભક્તિ કરવી તેને તો ઢૂંઢિયાની પેઠે દયા રાખે પણ કેમ ઠીક પડે ? એને તો પરમેશ્વરને વાસ્તે પુષ્પ લાવ્યાં જોઈએ, તુળસી લાવ્યાં જોઈએ, ભાજી-તરકારી લાવી જોઈએ, ઠાકોરજીને વાસ્તે બાગ-બગીચા કરાવ્યા જોઈએ, મંદિર કરાવ્યાં જોઈએ, માટે જે અતિશે ત્યાગ રાખીને ને અતિશે દયા રાખીને મૂઠી વાળીને બેસી રહે તેને ભગવાનની ભક્તિ થાતી નથી, અને જ્યારે ભક્તિએ રહિત થાય ત્યારે ભગવાનની ઉપાસનાનો નાશ થઈ જાય એટલે પછવાડેથી અંધ પરંપરા ચાલે તે સારુ **અમે મંદિર કરાવ્યાં છે તે અખંડ ભગવાનની ઉપાસના રાખ્યા સારુ કરાવ્યાં છે.** અને જે ઉપાસક હોય તે પોતાના ધર્મમાંથી ભ્રષ્ટ થાય જ નહિ, માટે પોતપોતાના ધર્મમાં રહીને ભગવાનની ભક્તિ, ઉપાસના કરવી એ અમારો સિદ્ધાંત છે. **(૪)** ૪
ઈતિ વચનામૃતમ્ **॥૨૭॥ (૧૯૦)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલામાં તથા બીજામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારું માહાત્મ્ય વિચારે તથા સંતનો માર્ગ વિચારે તો કામ-ક્રોધાદિકને હઠાવી દે, અને એ વિચાર ગુણથી પર છે અને એવો વિચાર પૂર્વના સંસ્કારે કરીને આવે છે તે વિચાર માયિક પદાર્થનું બંધન રહેવા દે નહિ. **(૧)** ત્રીજામાં ભૂંડા દેશ-કાળાદિકને યોગે કરીને પ્રથમ આવરણ થઈ જાય એવી કાચ્યપ રહે છે તે મોટાપુરુષને રાજી કરે તો નડી શકે નહિ. **(૨)** અને કોઈ ઉપર મલિન ઘાટ ન કરે તો મોટાપુરુષ રાજી થાય અને અમારા ભક્તને દુઃખવ્યા હોય તો રાજી કરવા. **(૩)** અને ત્યાગનો પક્ષ મોળો પાડીને પોતપોતાના ધર્મમાં રહીને અમારી ભક્તિ-ઉપાસના કરવી એ અમારો સિદ્ધાંત છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** (૨/૧ બીજા પ્રશ્નમાં) મુક્તાનંદ સ્વામીને પ્રથમ માયિક પદાર્થની આંટીમાં આવી જવાય એમ કહ્યું તે મુક્તાનંદ સ્વામીને તો (**મ૦ ૬૨**ના ત્રીજા પ્રશ્નમાં) દાસત્વ ભક્તિમાં ગોપાળાનંદ સ્વામીના જેવા જ કહ્યા છે તથા (**કા૦ ૩**ના પહેલા પ્રશ્નમાં) શુકમુનિની પ્રશંસા કરી છે તેમાં પણ તેમને મુક્તાનંદ સ્વામીની ઉપમા દીધી છે માટે મુક્તાનંદ સ્વામી તો શ્રીજીમહારાજના હજૂરી મુક્ત હતા તે એવા મોટાને આવરણ થઈ જાય એમ કહ્યું તેનું શું કારણ હશે ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજનો મહિમા તથા સંતનો માર્ગ વિચારે તેને કદાપિ માયિક પદાર્થના બંધનમાં આવી જવાયું હોય તો તેનું બંધન તોડીને નીકળી જવાય એમ મુક્તાનંદ સ્વામીના ઉદ્દેશે કરીને સાધનિકને સમજાવવા સારુ કહ્યું છે. પણ મુક્તાનંદ સ્વામીને બંધન થાય એમ ન સમજવું.

૨ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં જય-વિજય પડ્યા તે ધામ તો આ પૃથ્વીના ગોળાની અંદર છે ત્યાં કાળ-કર્મ-માયા નથી એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** જેવા પ્રહ્લાદજીને દેશ, કાળ, માયા અશુભ હતા તેવા અશુભ વૈકુંઠમાં નથી એમ કહ્યું છે પણ શુભ દેશાદિક તો છે, તે

આ બાબતમાં જય-વિજયને દેશકાળાદિક શુભ હતા એમ કહ્યું છે અને માયા નથી એમ કહ્યું છે તે ત્યાં કપટરૂપ માયા નથી એમ કહ્યું છે.

૩ **પ્ર૦** (૩/૪ ત્રીજા પ્રશ્નમાં) ઉપાસક પોતાના ધર્મમાંથી ભ્રષ્ટ થાય જ નહિ એમ કહ્યું તે કેવી ઉપાસનાવાળો હોય તે ધર્મથી ભ્રષ્ટ ન થાય ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજને સદાય સાકાર ને અક્ષરાદિક સર્વેથી પર ને સર્વેના કર્તા, નિયંતા ને પોતાના આત્માને વિષે સદાય વિરાજમાન છે એવી રીતે સદા સર્વત્ર પ્રત્યક્ષ જાણે ને દેખે તો તે ધર્મમાંથી ન પડે **॥૨૭॥ (૧૬૦)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૨૮

❖સંવત ૧૮૭૯ના ફાગણ સુદિ ૨ દ્વિતીયાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે વેદી ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો અને ધોળી ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી દવે પ્રાગજીએ કહ્યું જે, શ્રીમદ્ ભાગવત જેવો કોઈ ગ્રંથ નથી. પછી શ્રીજીમહારાજ
૧ બોલ્યા જે, **(૧)** શ્રીમદ્ ભાગવત તો સારું જ છે પણ સ્કંદપુરાણને વિષે શ્રી વાસુદેવમાહાત્મ્ય છે તે જેવો કોઈ ગ્રંથ જ નથી, કાં જે એ ગ્રંથને વિષે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તથા અહિંસાપણું એમનું અતિશે પ્રતિપાદન કર્યું છે, એમ કહીને પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, વાલ્મીકિ રામાયણને વિષે અને હરિવંશને વિષે અતિશે હિંસાનું પ્રતિપાદન કર્યું છે અને રઘુનાથજી પણ ક્ષત્રિયની પ્રકૃતિએ વર્ત્યા છે અને રઘુનાથજીને વિષે શરણાગત-વત્સલપણું તો ખરું પણ જે શરણાગત હોય ને તે જો જરાય વાંકમાં આવ્યો હોય તો તેનો તત્કાળ ત્યાગ કરી દે, જો સીતાજીને માથે લગારેક લોકાપવાદ આવ્યો તો અતિ વહાલાં હતાં, પણ તત્કાળ ત્યાગ કરી દીધો. પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, એવી તો રામાનંદ સ્વામીની પ્રકૃતિ હતી. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અમારી પ્રકૃતિ તો એવી નથી; અમારે તો પરમેશ્વરના ભક્ત ઉપર અતિશે દયા વર્તે છે અને પાંડવોને વિષે પણ અર્જુનની પ્રકૃતિ બહુ દયાળુ હતી અને પુરુષ માત્રને વિષે તો રામચંદ્રજી તથા અર્જુન એ જેવો કોઈ પુરુષ નથી અને સીતાજી ને દ્રૌપદી એવી કોઈ સ્ત્રી માત્રમાં સ્ત્રીઓ નથી. હવે અમે અમારી જે પ્રકૃતિ છે તે કહીએ છીએ જે, **અમારો દયાળુ સ્વભાવ છે, તો પણ જે હરિભક્તનો દ્રોહી હોય તેનો તો અમારે અભાવ આવે છે. અને હરિભક્તનું ઘસાતું જો કોઈ બોલ્યો હોય અને એને જો હું સાંભળું તો તે સાથે હું બોલવાને ઘણો ઈચ્છું પણ બોલવાનું મન થાય જ નહિ, અને જે ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરે તે ઉપર તો અમારે અતિશે રાજીપો થઈ જાય છે. (૧)** અને અમારી પ્રકૃતિ એમ ૧
છે જે, **થોડીક વાતમાં કુરાજી પણ ન થાઉં, અને થોડી વાતમાં રાજી પણ ન થાઉં ને જ્યારે જેમાં રાજી થયાનો કે કુરાજી થયાનો સ્વભાવ બહુ દિવસ સુધી જોઉં છું ત્યારે રાજીપો ને કુરાજીપો થાય છે, પણ કોઈના કહ્યા-સાંભળ્યા થકી કોઈની ઉપર રાજીપો કે કુરાજીપો થાતો**

**નથી, અને જેટલો જેનો ગુણ અમારા મનમાં જણાઈ જાય છે તેટલો તેનો ગુણ આવે છે. (૨)** ૨
અને અમારે તો એ જ અંગ છે **જે જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું, એ જ મારે વિષે મોટો ગુણ છે અને એટલો ગુણ જેમાં ન હોય તો તેમાં કોઈ જાતની મોટ્યપ શોભે નહિ. (૩)** અને ૩
**ભગવાનના ભક્તનો જેને જેને અભાવ આવ્યો છે તે અતિશે મોટા હતા તો પણ પોતાની પદવી થકી પડી ગયા છે, અને જેનું રૂડું થાય છે, તે પણ ભગવાનના ભક્તની સેવામાંથી જ થાય છે, અને જેનું ભૂંડું થાય છે તે પણ ભગવાનના ભક્તના દ્રોહમાંથી જ થાય છે. અને વળી જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન-કર્મ-વચને ભગવાનના ભક્તની સેવા કરવી એ જ છે અને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એ જ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે.**
**(૪)** માટે અમારો તો એ જ સિદ્ધાંત છે જે ભગવાનનો રાજીપો હોય ને ભગવાનના ભક્તનો ૪
સંગ હોય, તો ભગવાનથી અનંત વર્ષ સુધી છેટે રહીએ તો પણ કાંઈ મનમાં શોક ન થાય અને ભગવાનની પાસે રહેતા હોઈએ ને જો ભગવાનનો રાજીપો ન હોય તો તેને હું સારું નથી જાણતો અને સર્વ શાસ્ત્રનો પણ એ જ સાર છે જે, ભગવાનનો જેમ રાજીપો હોય તેમ જ કરવું અને જેમ ભગવાનનો રાજીપો હોય તેમ જે ન કરે તેને ભગવાનના માર્ગ થકી પડ્યો જાણવો અને જેને ભગવાનના ભક્તનો સંગ છે ને ભગવાનનો રાજીપો છે, ને તે જો મર્ત્યલોકમાં છે તો પણ ભગવાનના ધામમાં જ છે, કેમ જે, જે સંતની સેવા કરે છે ને ભગવાનના ગમતામાં છે તે ભગવાનને સમીપે જાઈને જ નિવાસ કરશે અને જો ભગવાનના ધામમાં છે ને ભગવાનનો રાજીપો નથી ને ભગવાનના ભક્ત ઉપર ઈર્ષ્યા છે તો તે ભક્ત ભગવાનના ધામમાંથી પણ જરૂર હેઠો પડશે, માટે અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે, અને જેમ અમારો નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો. પછી મુક્તાનંદ સ્વામી આદિક જે સર્વે હરિભક્ત હતા તેમણે હાથ જોડીને કહ્યું જે, હે મહારાજ ! અમારે પણ એ જ નિશ્ચય રાખવો છે, એમ કહીને સર્વે હરિભક્ત વિનંતીએ સહિત શ્રીજીમહારાજને પગે લાગ્યા. પછી વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દ માત્ર છે તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે તે **પરમ રહસ્ય છે** ને **સારનું પણ સાર છે** અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરી રૂપ છે. **(૫)** ઈતિ વચનામૃતમ્ **॥૨૮॥ (૧૬૧)** ૫

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમે દયાળુ છીએ, પણ અમારા ભક્તનો દ્રોહ કરે તેનો અભાવ આવે છે. **(૧)** અને રાજી થયાનો ને કુરાજી થયાનો તપાસ કરીને રાજી-કુરાજી થઈએ છીએ. **(૨)** અને અમારા ભક્તની ભક્તિ એટલે સેવા કરવી એ ગુણ જેમાં ન હોય તેની મોટ્યપ શોભે નહિ. **(૩)** અને અમારા ભક્તની સેવાથી રૂડું થાય છે ને દ્રોહથી ભૂંડું થાય છે ને અમારા ભક્તની સેવા કરે તેના ઉપર અમે રાજી થઈએ છીએ અને દ્રોહ કરે

તે ઉપર કુરાજી થઈએ છીએ. **(૪)** અને જેના ઉપર અમારો રાજીપો હોય તે મર્ત્યલોકમાં છે તો પણ અમારા ધામમાં જ છે અને જેના ઉપર અમારો રાજીપો નથી તે અમારા ધામમાંથી પણ પડશે. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** ત્રીજી બાબતમાં અમે અમારા ભક્તની ભક્તિ કરીએ છીએ એમ કહ્યું તે શ્રીજીમહારાજ શી ભક્તિ કરતા હશે ?

૧ **ઉ૦** પોતાના ભક્તની કાળ, કર્મ, માયા થકી રક્ષા કરીને પોતાના ધામમાં લઈ જઈને પોતાનું સુખ આપે છે એ ભક્તિ કહી છે.

૨ **પ્ર૦** અમારા ભક્તની ભક્તિ કરવી એ ગુણ જેમાં ન હોય તેની મોટ્યપ શોભે નહિ એમ કહ્યું તે ભક્તિ કઈ જાણવી ?

૨ **ઉ૦** આ ઠેકાણે ભક્તિ એટલે સેવા કહી છે તે સેવા કઈ તો જેમ શ્રીજીમહારાજને અર્થે થાળ કરીને જમાડે તેમ શ્રીજીમહારાજના ઉત્તમ ભક્તને અર્થે પણ થાળ કરીને તેમને જમાડે અને શ્રીજીમહારાજને અર્થે જેમ પાંચ રૂપિયાનું ખર્ચ કરે તેમ તે ભક્તને અર્થે પણ કરે ને સંત માંદા હોય તો તેનું માથું દાબે, પગ દાબે, નવરાવે, તે ભક્તિ જેમાં ન હોય તેને વિષે કોઈ જાત્યની મોટ્યપ શોભે નહિ.

૩ **પ્ર૦** પાંચમી બાબતમાં જેના ઉપર અમારો રાજીપો છે તે મર્ત્યલોકમાં છે તો પણ ધામમાં જ છે અને ધામમાં છે તો પણ અમારો રાજીપો નથી તો તે ધામમાંથી પડશે એમ કહ્યું તે શ્રીજીમહારાજના ધામમાંથી પડવાની રીત નથી માટે તે મર્ત્યલોક અને ધામ શું સમજવું ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજ મનુષ્યરૂપે જ્યાં વિરાજમાન હોય ત્યાં સદાય સેવામાં ભેળો રહેતો હોય તે સ્થળને આ ઠેકાણે ધામ કહ્યું છે અને શ્રીજીમહારાજથી જુદું રહેવું પડતું હોય તેને મર્ત્યલોક કહ્યું છે. અને જે શ્રીજીમહારાજથી જુદો રહીને સંતની સેવા કરતો હોય ને તેના ઉપર શ્રીજીમહારાજનો રાજીપો હોય તો તે અક્ષરધામમાં જાય; અને ભેળો રહેતો હોય પણ શ્રીજીમહારાજનો રાજીપો ન હોય તો પડી જાય એમ કહ્યું છે.

૪ **પ્ર૦** આ વાર્તા સારનું સાર ને જીવનદોરીરૂપ છે એમ કહ્યું તે વાત કઈ જાણવી ?

૪ **ઉ૦** સર્વ કારણના કારણ અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમની પ્રાપ્તિ કોટી સાધને ને કોટી કલ્પે પણ તેમના ધામમાંથી આવેલા સંત વિના થાય તેમ નથી, તે સંતની સેવા કરવી ને મન-કર્મ-વચને અનુવૃત્તિમાં રહેવું ને તેમનો દ્રોહ થવા દેવો નહિ, કેમ જે આવા ભગવાન ને આવા મુક્ત તે સર્વને અગમ્ય છે ને ફેર મળવા દુર્લભ છે, માટે આ વાત સારનું સાર છે ને જીવનદોરીરૂપ એટલે પોતાના પ્રાણથી પણ અધિક વહાલી કરી રાખવા જેવી છે ને જાણવા જેવી છે માટે જીવનદોરીરૂપ કહી છે. અને જો એવા મોટા સંતનો દ્રોહ થાય તો આત્યંતિક મોક્ષ બંધ થઈ જાય માટે સેવા કરવી ને દ્રોહ ન કરવો એમ કહ્યું છે. **॥૨૮॥ (૧૬૧)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૨૯

❖સંવત ૧૮૭૯ના ફાગણ સુદિ ૮ અષ્ટમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** શ્રીકૃષ્ણ **ભગવાનના સ્વરૂપને વિષે જે ભક્તનું ચિત્ત અતિ આસક્ત થયું હોય તેનાં આવા લક્ષણ હોય જે પોતે માર્ગે ચાલીને અતિશે થાકી રહ્યો હોય ને બેઠું થાવાની પણ શરીરમાં શક્તિ ન રહી હોય ને તેવા સમામાં કાંઈક ભગવાનની વાર્તાનો પ્રસંગ નીસરે તો જાણીએ એકે ગાઉ પણ ચાલ્યો નથી એવો સાવધાન થઈને તે વાર્તાને કરવા-સાંભળવામાં અતિશે તત્પર થઈ જાય, અથવા ગમે તેવા રોગાદિકે કરીને પીડાને પામ્યો હોય, અથવા ગમે તેવું અપમાન થયું હોય, ને તેવામાં જો એ ભગવાનની વાર્તા સાંભળે તો**

**તત્કાળ સર્વે દુઃખ થકી રહિત થઈ જાય, અને વળી ગમે તેવી રાજ્ય સમૃદ્ધિને પામીને અવરાઈ ગયો એવો જણાતો હોય, અને જે ઘડીએ એ ભગવાનની વાર્તા સાંભળે તો તે ઘડીએ જાણીએ એને કોઈનો સંગ જ નથી થયો. એવો થકો તે ભગવાનની વાર્તા સાંભળવામાં સાવધાન થઈ જાય, એવી જાતનાં જેને વિષે લક્ષણ હોય તેને એ ભગવાનને વિષે દઢ આસક્તિ થઈ જાણવી. (૧)** ૧

૨ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** એ ભગવાનને વિષે એવી દઢ આસક્તિ શા થકી થાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, કાં તો પૂર્વજન્મનો એવો અતિ બળિયો સંસ્કાર હોય અથવા જે સંતને ભગવાનને વિષે એવી દઢ આસક્તિ હોય તેને સેવાએ કરીને રાજી કરે એ બેયે કરીને જ ભગવાનને વિષે એવી દઢ આસક્તિ થાય છે, પણ એ વિના બીજો ઉપાય નથી. **(૨)** ઈતિ વચનામૃતમ્ **॥૨૯॥ (૧૬૨)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે થાકી રહ્યો હોય, પીડાને પામ્યો હોય, અપમાન થયું હોય તથા સમૃદ્ધિમાં અવરાઈ ગયો હોય, તોપણ અમારી વાત સાંભળવામાં સાવધાન થઈ જાય તે ભક્તને અમારે વિષે દઢ આસક્તિ જાણવી. **(૧)** બીજામાં પૂર્વનો બળિયો સંસ્કાર હોય અથવા એવી આસક્તિવાળા સંતની સેવાથી દઢ આસક્તિ થાય છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપને વિષે જે ભક્તનું ચિત્ત અતિ આસક્ત થયું હોય એમ કહ્યું તે શ્રીકૃષ્ણ કોને જાણવા ?

૧ ઉ૦ શ્રીકૃષ્ણ નામે શ્રીજીમહારાજે પોતાને કહ્યા છે તે 'હરિવાક્ય-સુધાસિંધુ'ના તરંગ (૧૬૮)માં કહ્યું છે જે :-

**સાંપ્રતં ત્વિહ સર્વેષાં ભવતાં સુદૃઢામતિઃ । મય્યેવ કૃષ્ણોઽયમિતિ તત્કાર્યા મદુપાસના ॥૨૩॥**
**મચ્ચરિત્રાણિ જ્ઞેયાનિ શ્રોતવ્યાનિ ચ સાદરમ્ । મમ ધ્યાનં વિધાતવ્યં સ્મર્ત્તવ્યા મત્કૃતોત્સવાઃ ॥૨૪॥**
**મહાસભાસુ મદ્વાર્તાઃ કૃતં ભક્તૈર્યમર્દર્ચનમ્ । સાધુસંતર્પણં ચાપિ સ્મર્ત્તવ્યં મત્કૃતં મુહુઃ ॥૨૫॥**
**એવં વિદધતો યૂયં મદ્ભક્તેસ્તુ પ્રતાપતઃ । દેહાંતે પરમં ધામ મદીયં પ્રાપ્સ્યથ ધ્રુવમ્ ॥૨૬॥**
**સ્વરુપાનંદનામાસીત્ પુરા સાધુમદાશ્રિતઃ । આત્મદર્શી સ દેહાંતે પ્રારબ્ધાદતિ-દુઃખ્યઙ્ભૂત્ ॥૨૭॥**
**તતસ્તદગ્રે વાર્ત્તેયં મયા સ્થિત્વા સ્વયં કૃતા । તદા મ હિત્વાત્મધ્યાનં મમ ધ્યાનરતોઽભવત્ ॥૨૮॥**
**સદ્યઃ શાંતિ તતઃ પ્રાપ્ય દેહં હિત્વા સ ભૌતિકમ્ । મદ્ધામ પ્રાપ પરમં યૂયં ભજત માં તતઃ ॥૨૯॥**

આ સમયમાં તો આ લોકને વિષે આ શ્રીજીમહારાજ શ્રીકૃષ્ણ છે એ પ્રકારે તમારે સર્વેને અમારે વિષે અત્યંત દઢ મતિ કરવી ત્યાર પછી અમારી ઉપાસના કરવી. **(૨૩)** અને અમારાં ચરિત્ર આદર સહિત સાંભળવાં, ગાવવાં, જાણવાં અને અમારું ધ્યાન કરવું અને અમે કરેલા ઉત્સવ સંભારવા. **(૨૪)** અને મોટી સભાને વિષે અમોએ કરેલી વાર્તાઓ તથા ભક્તોએ કરેલી અમારી પૂજા અને અમોએ વારંવાર સંતોને જમાડ્યા એ આદિ અમારી લીલા તેને વારંવાર સંભારવી. **(૨૫)** આ પ્રકારે કરતા એવા તમો અમારી ભક્તિના પ્રતાપથી દેહને અંતે સર્વોત્કૃષ્ટ એવું અમારું ધામ તેને નિશ્ચય પામશો. **(૨૬)** અને અમારા આશ્રિત સ્વરૂપાનંદ સ્વામી તે પ્રથમ આત્મદર્શી હતા તે દેહના અંત સમે અતિ દુઃખી હોતા હવા. **(૨૭)** ત્યાર પછી તેમના પાસે બેસીને અમોએ ઉપર કહેલી અમારા ચરિત્ર સંબંધી સર્વ વાર્તા કરી ત્યારે તે આત્માનું ધ્યાન ત્યાગ કરીને અમારું ધ્યાન કરવું તેમાં પ્રીતિવાળા હોતા હવા. **(૨૮)** ત્યાર પછી તત્કાળ શાંતિ પામીને ભૌતિક જણાતા દેહનો ત્યાગ કરીને અમારું સર્વોત્તમ અક્ષરધામ તેને પામતા હવા તે જ હેતુ માટે તમે સર્વે પણ અમારું ભજન કરો તો અમારા ધામને પામશો. **(૨૯) ॥૧૬૨॥**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૩૦

❖સંવત ૧૮૭૯ના દ્વિતીય ચૈત્ર સુદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની ઓસરીએ ગાદી-તકિયા ઉપર વિરાજમાન હતા ને શ્વેત ખેસ પહેર્યો હતો ને શ્વેત ચાદર ઓઢી હતી ને કાળા છેડાની ધોતલી મસ્તકે બાંધી હતી ને ધોળાં પુષ્પનો હાર પહેર્યો હતો ને ધોળાં પુષ્પનો તોરો પાઘમાં લટકતો હતો ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** શ્રીમદ્ ભાગવત આદિક જે સત્‌શાસ્ત્ર તે સત્ય છે ને એ શાસ્ત્રમાં જે કહ્યું હોય તે તેવી જ રીતે થાય છે પણ બીજી રીતે થાતું નથી; જુઓને શ્રીમદ્ ભાગવતમાં **સુવર્ણને વિષે કળિનો નિવાસ કહ્યો છે તો તે સુવર્ણ અમને દીઠું પણ ગમતું નથી અને જેવું બંધનકારી સુવર્ણ છે તેવું જ બંધનકારી રૂપ પણ છે, કેમ જે જ્યારે રૂપવાન સ્ત્રી હોય ને તે સભામાં આવે ત્યારે ગમે તેવો ધીરજવાન હોય તેની પણ દૃષ્ટિ તેના રૂપને વિષે તણાયા વિના રહે નહિ, માટે સોનું ને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે** ને એ બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય જ્યારે પ્રકૃતિપુરુષ થકી પર એવું જે **શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ** તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને, ને તે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ભજન કરે, અને એ બ્રહ્મ થકી ઓરું જે પ્રકૃતિ ને પ્રકૃતિનું કાર્ય માત્ર તેને અસત્ય જાણે ને નાશવંત જાણે ને તુચ્છ સમજે ને માયિક જે નામરૂપ તેને વિષે અતિશે દોષ દૃષ્ટિ રાખે ને તે સર્વ નામરૂપને વિષે અતિશે વૈરાગ્ય પામે, તેને સોનું ને સ્ત્રી બંધન ન કરે અને બીજાને તો જરૂર બંધન કરે. **(૧)** ઇતિ વચનામૃતમ્ ॥૩૦॥ **(૧૬૩)** ૧

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ જે અમારું તેજ તે રૂપ થઈને પરબ્રહ્મ જે અમે તે અમારું ભજન કરે અને અમારા વિના બીજેથી વૈરાગ્ય પામે, તેને સોનું ને સ્ત્રી બંધન કરે નહિ એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ કહ્યું તેને તમે રહસ્યાર્થમાં શ્રીજીમહારાજનું તેજ કહ્યું તે શ્રીજીમહારાજના તેજને શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ કહેવાનો શો હેતુ હશે ?

૧ **ઉ૦** મૂળપુરુષ ઈશ્વર, વાસુદેવબ્રહ્મ તથા મૂળઅક્ષર એમના તેજને ચૈતન્ય બ્રહ્મ કહેવાય છે પણ એ ત્રણને વિષે એકબીજાના ઉપરીનું શક્તિદ્વારે અન્વયપણું છે અને શ્રીજીમહારાજનું તેજ એ સર્વનું આધાર ને કારણ ને પ્રેરક છે ને એમાં પરાન્વય નથી, માટે આ ઠેકાણે શ્રીજીમહારાજના તેજને શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ કહ્યું છે એમ સમજવું. ॥૩૦॥ **(૧૬૩)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૩૧

❖ સંવત ૧૮૮૦ના શ્રાવણ સુદિ ૪ ચોથને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે વેદિકા ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા અને શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કાળા છેડાની ધોતલી મસ્તકે બાંધી હતી અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને

પ્રાગજી દવે પાસે શ્રીમદ્ ભાગવતમાં કપિલગીતાની કથા વંચાવતા હતા.

૧ પછી કથાની સમાપ્તિ થઈ ત્યારે શ્રીજીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, **(૧)** સર્વ કારણના પણ કારણ ને અક્ષરાતીત ને પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તે પુરુષરૂપે કરીને માયાને વિષે વીર્યને ધરે છે તે પુરુષ અક્ષરાત્મક છે, મુક્ત છે ને એને બ્રહ્મ કહે છે અને એ પુરુષે માયામાં વીર્ય ધર્યું ત્યારે તે માયાથકી વૈરાજપુરુષ ઉત્પન્ન થયા ત્યારે એ વૈરાજપુરુષ તે તો પુરુષના પુત્ર કહેવાય, જેમ આ જગતમાં કોઈક બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યાદિક જે પ્રાકૃત માણસ હોય ને તેની સ્ત્રીમાંથી તેનો દીકરો થાય તેમ એ વૈરાજપુરુષ થાય છે એવા જે વૈરાજપુરુષ તે આ વ્યષ્ટિ પુરુષ જેવા જ છે ને એની ક્રિયા પણ આ વ્યષ્ટિ જીવના જેવી જ
છે ને તે વૈરાજપુરુષની દ્વિપરાર્ધ કાળની આવરદા છે. **(૧)** અને આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, ૧
પ્રલયરૂપ એની ત્રણ અવસ્થા છે, જેમ આ જીવની જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થા છે તેમ. અને એ વૈરાજપુરુષનાં વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત એ ત્રણ દેહ છે ને તે દેહ અષ્ટાવરણેયુક્ત છે ને તે દેહ મહત્તત્ત્વાદિક જે ચોવીસ તત્ત્વ તે દ્વારે થયાં છે તે વિરાટને વિષે ઈન્દ્રિયો, અંતઃકરણ ને દેવતાએ પ્રવેશ કર્યો ને એને ઉઠાડવા માંડ્યું ને વિરાટનો જીવ પણ માંહી હતો, તો પણ એ વિરાટ ઊઠ્યું નહિ ને જ્યારે ક્ષેત્રજ્ઞ એવા જે વાસુદેવ ભગવાન તે પુરુષરૂપે કરીને એમાં આવ્યા ત્યારે એ વિરાટ દેહ ઊઠ્યું અને એ વૈરાજપુરુષ પોતાની ક્રિયાને વિષે સમર્થ થયા. અને એ જ જે ભગવાન તે આ જીવને પ્રકાશ્યાને અર્થે સુષુપ્તિરૂપ માયા થકી પર રહ્યા થકા એ જીવને વિષે સાક્ષીરૂપે રહ્યા છે તો પણ જીવને દેહ, ઈન્દ્રિયો ને વિષય તેનો સંગ ઘણો થયો છે, માટે સંગદોષે કરીને એ જીવ દેહાદિકરૂપ થઈ ગયો છે તે એના સંગને મૂકીને એ જીવ એમ સમજે જે, મારું સ્વરૂપ તો માયાથકી મુક્ત ને પર એવું જે બ્રહ્મ તે છે, એવી રીતે નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે, પણ એને આ વાર્તા સાંભળી હોય તો પણ નિરંતર સ્મૃતિ રહેતી નથી એ મોટો દોષ છે, એવી રીતે ઈશ્વર જે વૈરાજપુરુષ ને આ વ્યષ્ટિ જીવ એ સર્વેના પ્રકાશક તો પુરુષરૂપે કરીને
પુરુષોત્તમ એવા વાસુદેવ છે. **(૨)** અને એ વૈરાજપુરુષ પણ જીવની પેઠે બદ્ધ છે તે દ્વિપરાર્ધ ૨
સુધી પોતાની આવરદા ભોગવે છે ત્યાં સુધી બદ્ધ વર્તે છે ને એનો પ્રલય થાય ત્યારે એને એ પુરુષનો સંબંધ સાક્ષાત્ થાય છે, કેમ જે એનો બાપ જે પુરુષ તે સમર્થ છે તે એને એટલો જાળવે છે અને વૈરાજપુરુષને માયાનો સંબંધ રહ્યો છે માટે પ્રલયને અંતે પાછો માયામાંથી ઊપજે છે, અને આ જીવ છે તે જેવો પોતે બદ્ધ છે ને અસમર્થ છે તેવી રીતે જ એનો જે બાપ હોય તે પણ બદ્ધ ને અસમર્થ હોય માટે એ બાપ તે દીકરાને શો સહાય કરે ? માટે એને સુષુપ્તિરૂપ માયાનો સંબંધ નિરંતર રહે છે; ટળતો નથી એ તો જ્યારે પૂર્વે કહ્યો તેવી રીતે નિરંતર પોતાના પ્રકાશક જે બ્રહ્મ તેનો મનન દ્વારા સંગ કરે ત્યારે ટળે અને વળી એ વિરાટપુરુષ પણ સંકર્ષણ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્નની ઉપાસના કરે છે તેમાં પ્રલયરૂપ

અવસ્થાને વિષે સંકર્ષણની ઉપાસના કરે છે ને સ્થિતિરૂપ અવસ્થાને વિષે પ્રદ્યુમ્નની ઉપાસના કરે છે ને ઉત્પત્તિરૂપ અવસ્થાને વિષે અનિરુદ્ધની ઉપાસના કરે છે અને તે સંકર્ષણાદિક ત્રણ જે તે વાસુદેવ ભગવાનનાં સગુણ રૂપ છે ને તેની ઉપાસનાને બળે કરીને વૈરાજપુરુષ જે તે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયરૂપ ક્રિયાને વિષે સામર્થ્યને પામે છે અને જ્યાં સુધી એ ત્રણની ઉપાસના કરે છે ત્યાં સુધી એને ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયરૂપ જે માયાનો સંબંધ તે ટળતો નથી ને જ્યારે એ નિર્ગુણ એવા જે વાસુદેવ ભગવાન તેની ઉપાસના કરે છે ત્યારે એ વૈરાજપુરુષ માયાનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ થાય છે, જેમ આ જીવ છે તે બ્રહ્માદિક દેવરૂપે ભગવાનની ઉપાસના કરે છે ત્યારે ધર્મ, અર્થ, કામરૂપ ફળને પામે છે અને જ્યારે ભગવાનના અવતાર જે રામ-કૃષ્ણાદિક તેની ઉપાસના કરે ત્યારે બ્રહ્મરૂપ થાય ને એની મુક્તિ થાય તેમ એ વિરાટપુરુષને પણ છે. **(૩)** અને એ વૈરાજપુરુષ દ્વારા એ અવતાર થાય છે એમ શાસ્ત્રમાં **૩**
કહ્યું છે તે તો એમ સમજવું જે, એ જે વાસુદેવ નારાયણ તે પુરુષરૂપે કરીને વૈરાજપુરુષને વિષે આવીને વિરાજમાન હોય ત્યારે અવતાર કહ્યા છે માટે તે અવતાર તો સર્વે વાસુદેવ ભગવાનના જ છે અને એ વાસુદેવ ભગવાન જ્યારે પ્રતિલોમપણે એ વૈરાજપુરુષ થકી નોખા પડી જાય ત્યારે એ કેવળ વૈરાજપુરુષ થકી અવતાર સંભવે જ નહિ, માટે એ થકી અવતાર તો એને વિષે વાસુદેવ આવ્યા છે તે સારુ કહ્યા છે અને એને વિષે વાસુદેવ જે ક્ષેત્રજ્ઞ તેણે પ્રવેશ કર્યો નહોતો ત્યારે એ વૈરાજપુરુષ પોતાની ક્રિયા કરવી તેને વિષે પણ સમર્થ નહોતા થયા અને પૂર્વે જે પુરુષ કહ્યા તે માયામાં ગર્ભ ધરે ત્યારે એક એવો જે વૈરાજપુરુષરૂપ દીકરો તે થાય અને એ જ માયામાંથી બીજા પણ ઘણાંક એવાં વૈરાજપુરુષરૂપ બ્રહ્માંડ થાય છે અને તે પુરુષ તો નિરન્ન છે ને મુક્ત છે ને બ્રહ્મ છે ને માયાના કારણ છે તે માયાને વિષે લોમપણે વર્તે છે તો પણ એને માયાનો બાધ થાતો નથી ને માયાને વિષે એને ભોગની ઈચ્છા નથી; એ તો પોતે **બ્રહ્મ સુખે સુખિયા** છે ને પૂર્ણકામ છે અને જે વૈરાજપુરુષ ઈશ્વર છે તે માયાના ભોગને ભોગવીને પ્રલયકાળને વિષે માયાનો ત્યાગ કરે છે ને જે જીવ છે તે તો માયાના ભોગને ભોગવીને દુઃખિયો થકો માયામાં જ લીન થાય છે. **(૪)** **૪**

૨ ત્યારે શુકમુનિએ પૂછ્યું જે, **(૨)** પુરુષોત્તમ વાસુદેવ છે તે પુરુષરૂપે કરીને અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે માટે પુરુષરૂપે કરીને જ બહુધા શાસ્ત્રમાં પુરુષોત્તમને કહ્યા છે ત્યારે પુરુષમાં ને વાસુદેવમાં કેટલો ભેદ છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ આ જીવને વિષે ને વૈરાજપુરુષ ઈશ્વરને વિષે ભેદ છે ને વળી જેમ ઈશ્વરને વિષે ને પુરુષને વિષે ભેદ છે, તેમ પુરુષ ને પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેને વિષે એવો ઘણો ભેદ છે ને પુરુષોત્તમ વાસુદેવ તો સર્વના સ્વામી છે. અને **એવા અક્ષરાત્મક પુરુષ બ્રહ્મરૂપ ઘણાક છે** તે જે તે વાસુદેવના ચરણારવિંદની ઉપાસના કરે છે ને સ્તુતિ કરે છે એવી રીતે પુરુષોત્તમ, પુરુષ, ઈશ્વર ને જીવ એ ચાર ભેદ અનાદિ છે. તે **આવી રીતે વાર્તા અમે ઘણીક વાર કરી**

**છે પણ એનું મનન કરીને સારી પેઠે પોતાના અંતરમાં ઘેડ્ય બેસારતા નથી એટલે શાસ્ત્રના શબ્દને સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી ને ઠાવકી ઘેડ્ય બેસારી હોય તો એની સમજણ કોઈ દિવસ તે શબ્દને સાંભળવે કરીને ફરે નહિ માટે આ વાર્તાને સારી પેઠે વિચારજો અને લખજ્યો.** એવી રીતે વાર્તા શ્રીજીમહારાજે કરી છે તે લખી છે. **(૫)** ઇતિ વચનામૃતમ્ **॥૩૧॥ ૫ (૧૬૪)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. પહેલું કૃપાવાક્ય છે, તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમે સર્વે કારણના કારણ, અક્ષરાતીત ને પુરુષોત્તમ વાસુદેવ છીએ અને પુરુષદ્વારાએ માયાને વિષે વીર્ય ધારણ કરીએ છીએ તે પુરુષથકી વૈરાજપુરુષ થાય છે. **(૧)** અને વૈરાજપુરુષ તથા વ્યષ્ટિ જીવોના પ્રકાશક પુરુષરૂપે કરીને અમે છીએ. **(૨)** અને એ વૈરાજપુરુષ આ વ્યષ્ટિ જીવની પેઠે બદ્ધ છે અને વૈરાજપુરુષ તથા જીવ તે જ્યારે અમારી ઉપાસના કરે ત્યારે માયાનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ થાય ને મોક્ષને પામે. **(૩)** અને અમારું ઐશ્વર્ય પુરુષદ્વારે વૈરાજમાં આવ્યું હોય ત્યારે એ વૈરાજપુરુષ થકી અવતાર કહ્યા છે. **(૪)** બીજામાં જીવમાં ને વૈરાજમાં ભેદ છે અને વૈરાજમાં ને પુરુષમાં ભેદ છે તેમ પુરુષને વિષે ને અમારે વિષે તો એવો ઘણો ભેદ છે અને પુરુષ ઘણા છે અને એ ચાર ભેદ અનાદિ છે. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં અમે સર્વે કારણના પણ કારણ ને અક્ષરાતીત ને પુરુષોત્તમ વાસુદેવ છીએ એમ શ્રીજીમહારાજે કહ્યું તે સર્વ શબ્દ વડે કરીને કોને જાણવા ? અને તે સર્વના કારણ કોને જાણવા ? અને કિયા અક્ષરથી અતીત કહ્યા ? અને વાસુદેવ એવું નામ તો મૂળપુરુષના ઉપરી જે બ્રહ્મ તેમનું છે અને આ ઠેકાણે શ્રીજીમહારાજે પોતાને વાસુદેવ નામે કહ્યા તેનું શું કારણ હશે ?

૧ **ઉ૦** જીવકોટી, મૂળપુરુષરૂપ ઈશ્વરકોટી, બ્રહ્મકોટી તથા મૂર્તિમાન મૂળઅક્ષરકોટી તે સર્વેને સર્વ શબ્દ વડે કરીને જાણવા અને તે સર્વનું કારણ શ્રીજીમહારાજનું તેજ છે તે અક્ષરાદિક સર્વેનું કારણ જાણવું અને એ તેજને જ અક્ષર નામે કહ્યું છે તે તેજથી શ્રીજીમહારાજ અતીત એટલે પર છે ને તે તેજ પોતાનું છે માટે તેના કારણ છે. અને શ્રીજીમહારાજ પોતાના તેજરૂપે મૂળ અક્ષરાદિકને વિષે વ્યાપક છે તેથી વાસુદેવ કહ્યા છે.

૨ **પ્ર૦ શ્રીજીમહારાજના તેજને મૂળઅક્ષરનું કારણ કિયા વચનામૃતમાં કહ્યું છે ?**

૨ **ઉ૦** (**પ્ર૦ ૬૪**/૧માં) શ્રીજીમહારાજના તેજને અક્ષરનું આત્મા, દ્રષ્ટા ને વ્યાપક કહ્યું છે તથા (**કા૦ ૮**/૧માં) મૂર્તિમાન અક્ષરનું આત્મા કહ્યું છે અને (**પ્ર૦ ૬૩**ના ૩/૪ ત્રીજા પ્રશ્નમાં) અક્ષરને વિષે અમે કાંતિએ કરીને અન્વયપણે રહ્યા છીએ, તથા (**૭૨**ના ૨/૪ બીજા પ્રશ્નમાં) ક્ષર-અક્ષરને અમારી શક્તિએ કરીને ધરી રહ્યા છીએ, માટે મૂર્તિમાન મૂળઅક્ષરનું કારણ, આધાર, વ્યાપક ને પ્રેરક શ્રીજીમહારાજનું તેજ છે અને તે તેજના કારણ પોતે શ્રીજીમહારાજ મૂર્તિમાન છે.

૩ **પ્ર૦** મૂળપુરુષાદિક સર્વેને પ્રેરણા તો અક્ષરદ્વારે શ્રીજીમહારાજ કરાવે છે એમ (**પ્ર૦ ૪૧**માં તથા **સા૦ ૫** ના ૨/૩ બીજા પ્રશ્નમાં) કહ્યું છે અને (આમાં ૧/૨ પહેલા પ્રશ્નમાં) શ્રીજીમહારાજ પાધરા જ પુરુષદ્વારે વૈરાજને વિષે આવ્યા એમ કહ્યું તેનું શું કારણ હશે ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજના આપેલા ઐશ્વર્ય વડે કરીને મૂળઅક્ષર વાસુદેવબ્રહ્મને પ્રેરણા કરે છે ને તે બ્રહ્મ મૂળપુરુષને પ્રેરણા કરે છે અને મૂળપુરુષ પોતાથી ઓરા રહ્યા તે સર્વેને પ્રેરણા કરે છે પણ તે શ્રીજીમહારાજના ઐશ્વર્ય વડે કરીને કરે છે, માટે સર્વેના મૂળ પ્રેરક શ્રીજીમહારાજ છે, માટે સૂઝે તે દ્વારે પ્રેરણા કરે તો પણ પોતે જ કરે છે એમ જાણવું. આનો વિસ્તાર (**પ્ર૦ ૪૧**ના ત્રીજા પ્રશ્નોત્તરમાં) છે.

૪ **પ્ર૦** (૧/૨ પહેલા પ્રશ્નમાં) મનન દ્વારાએ બ્રહ્મનો સંગ કરવાનું કહ્યું તે બ્રહ્મ કિયું જાણવું ?

૪ **ઉ૦** માયા થકી મુક્ત કહેતાં રહિત અને પર એવું બ્રહ્મ કહ્યું છે માટે સર્વથી પર તો શ્રીજીમહારાજના તેજરૂપ બ્રહ્મ છે તે બ્રહ્મ સાથે એકતા કરવી એમ કહ્યું છે.

૫ **પ્ર૦** શ્રીજીમહારાજના તેજને ને શ્રીજીમહારાજને સ્વામી-સેવકભાવ નથી એમ (**પ્ર૦ ૨૧**ના ચોથા પ્રશ્નોત્તરમાં) કહ્યું છે ત્યારે એ તેજરૂપ જે બ્રહ્મ તેનો મનન દ્વારા સંગ કરવાથી શ્રીજીમહારાજને વિષે સ્વામી-સેવકપણું કેમ આવે ?

૫ ઉ૦ શ્રીજીમહારાજના તેજને વિષે એકતા કરવાથી શ્રીજીમહારાજની ને ભક્તની વચ્ચે આવરણ રહેતું નથી ને શ્રીજીમહારાજનું દર્શન થાય છે, જેમ સૂર્યનો પ્રકાશ આપણા નેત્રમાં આવે છે તેણે કરીને સૂર્યનું દર્શન થાય છે, પણ ચંદ્રનો પ્રકાશ નેત્રમાં આવે તેણે કરીને સૂર્ય દેખાય નહિ, તેમ શ્રીજીમહારાજના તેજને ને ભક્તના ચૈતન્યને એકતા થાય છે ત્યારે જ શ્રીજીમહારાજનું દર્શન ને સમીપપણું થાય છે તે હેતુ માટે શ્રીજીમહારાજના તેજ સાથે એકતા કરવી તે (**મ૦ ૫૦**/૧માં) કહ્યું છે અને જ્યારે સમીપપણું થાય ત્યારે સ્વામી-સેવકપણું અતિશે દૃઢ થાય છે તે (**સા૦ ૧૭**/૧માં) દાસપણું અતિ દૃઢ થાય છે એમ કહ્યું છે. માટે શ્રીજીમહારાજનું સમીપપણું કરવા સારુ શ્રીજીમહારાજના તેજ સાથે એકતા કરવી, અને સ્વામી-સેવકપણું તો સાધનકાળમાંથી જ છે માટે જ્યારે શ્રીજીમહારાજનું દર્શન થાય ત્યારે સ્વામી-સેવકપણું તો અતિ દૃઢ થાય છે, માટે શ્રીજીમહારાજનું સમીપપણું થવા વાસ્તે શ્રીજીમહારાજના તેજ સાથે એકતા કરવી, કેમ જે મૂળઅક્ષરાદિકના તેજ અથવા મૂર્તિ સાથે એકતા કરવાથી શ્રીજીમહારાજનું દર્શન થાતું નથી; દર્શન તો જે જેના તેજરૂપ થાય તેનું જ થાય માટે આપણે તો શ્રીજીમહારાજના તેજરૂપ બ્રહ્મ સાથે એકતા કરવી.

૬ **પ્ર૦** (૧/૩ પહેલા પ્રશ્નમાં) વૈરાજપુરુષને એનો બાપ જે પુરુષ તે જાળવે છે તે બાપ કિયા જાણવા ? અને તે કેટલો જાળવે છે ?

૬ ઉ૦ વૈરાજપુરુષની સો વર્ષની આયુષ્ય પૂરી થાય છે ત્યારે તેના કાર્યનો તથા પંચભૂતનો તથા અહંકાર, મહત્તત્ત્વ એ સર્વેનો નાશ થાય છે તે વખતે પ્રધાનપુરુષની સાંઝ પડે છે ત્યારે પ્રધાનપુરુષ તે વૈરાજપુરુષને પોતાના લોકમાં રાખે છે. અને સૃષ્ટિ સમે પ્રધાનદ્વારે ઉપજાવે છે ને એના સ્થાનમાં રાખે છે એટલો જાળવે છે.

૭ **પ્ર૦** (૧/૪ પહેલા પ્રશ્નમાં) મૂળપુરુષને મુક્ત કહ્યા અને બ્રહ્મસુખે સુખિયા કહ્યા તે મુક્ત કોના હશે ? ને કિયા બ્રહ્મના સુખે સુખિયા હશે ?

૭ ઉ૦ શ્વેતદ્વીપપતિ વાસુદેવબ્રહ્મના એ મૂળપુરુષ મુક્ત છે અને વાસુદેવ બ્રહ્મને સુખે સુખિયા છે તે (**લો૦ ૧૨**ના પહેલા પ્રશ્નમાં) નિર્વિકલ્પ નિશ્ચયમાં શ્રીકૃષ્ણ જેવા જાણે તેને કનિષ્ઠ કહ્યા છે અને વાસુદેવની ઉપાસના કરે તેને મધ્યમમાં ગણ્યા છે માટે તે વાસુદેવના મુક્ત છે.

૮ **પ્ર૦** (૨/૫ બીજા પ્રશ્નમાં) બહુધા શાસ્ત્રમાં પુરુષને જ પુરુષોત્તમ કહ્યા છે એમ કહ્યું તે શાસ્ત્ર કિયાં જાણવાં ?

૮ ઉ૦ ભાગવત, ગીતા આદિક શાસ્ત્રને વિષે મૂળપુરુષને પુરુષોતમ તથા શ્રીકૃષ્ણ વાસુદેવ નામે કહ્યા છે.

૯ **પ્ર૦** મૂળપુરુષને અક્ષરાત્મક કહ્યા તે કિયા અક્ષરરૂપ કહ્યા હશે ?

૯ ઉ૦ શ્રીજીમહારાજ તથા મૂર્તિમાન મૂળઅક્ષર તથા વાસુદેવબ્રહ્મ તથા મૂળપુરુષ એ સર્વેને પુરુષોત્તમ કહેવાય છે ને સર્વેના તેજને અક્ષર કહેવાય છે. અને મૂળપુરુષનું આત્મા તે વાસુદેવબ્રહ્મનું તેજ છે તે વાસુદેવબ્રહ્મના તેજને આ ઠેકાણે અક્ષર નામે કહ્યું છે તે મૂળપુરુષનું આત્મા કહેતાં અંતર્યામી છે માટે તેને અક્ષરાત્મક કહ્યા છે.

૧૦ **પ્ર૦** જીવમાં ને વૈરાજપુરુષમાં ભેદ કહ્યો તે ભેદ કિયો જાણવો ? અને વૈરાજમાં ને મૂળપુરુષમાં ભેદ કહ્યો તે ભેદ કિયો જાણવો ? અને મૂળપુરુષમાં ને શ્રીજીમહારાજમાં ઘણો ભેદ કહ્યો તે કેવી રીતે જાણવો ?

૧૦ ઉ૦ એક જીવનો, બીજો દેવનો, ત્રીજો બ્રહ્મા, વિષ્ણુ, શિવનો ને ચોથો વૈરાજનો આવી રીતે ભેદ છે. અને વૈરાજથી પર ચોવીશ તત્ત્વ તેથી પર અહંકાર તેથી પર મહત્તત્ત્વ તેથી પર પ્રધાનપુરુષ ને તેથી પર મૂળપુરુષ છે એવી રીતે વૈરાજપુરુષ ને મૂળપુરુષની વચ્ચે ચાર ભેદ છે. ને મૂળપુરુષથી પર મહાકાળ, નરનારાયણ, વાસુદેવબ્રહ્મ તેથી પર મૂળઅક્ષરના મુક્ત ને તેથી પર મૂળઅક્ષર ને તેથી પર શ્રીજીમહારાજના મુક્ત ને તેથી પર શ્રીજીમહારાજ છે. માટે એવી રીતે મૂળપુરુષની ને શ્રીજીમહારાજની વચ્ચે એવો ઘણો ભેદ છે તેમાં જીવ તથા વૈરાજ તે તો સજાતિ છે પણ વૈરાજને વિષે સામર્થી વિશેષ છે એટલો જ ભેદ છે અને વૈરાજ જીવ સંજ્ઞામાં છે અને પુરુષ ઈશ્વર છે ને એવા અનંત વૈરાજના ઉપરી છે ને તેથી સામર્થી ઘણી વિશેષ છે ને વૈરાજથી વિજાતિ છે અને પુરુષમાં ને શ્રીજીમહારાજમાં તો એવો અતિશે ઘણો ભેદ છે જે એવા **અનંતકોટી પુરુષના ઉપરી વાસુદેવબ્રહ્મ છે** ને તે બ્રહ્મ સંજ્ઞામાં છે ને પુરુષનાં કારણ છે ને એવા **અનંતકોટી વાસુદેવબ્રહ્મ તેના ઉપરી મૂળઅક્ષર છે** તે અક્ષર સંજ્ઞામાં છે ને બ્રહ્મના કારણ છે અને એવા **અનંતકોટી મૂળઅક્ષરના કારણ શ્રીજીમહારાજ છે** ને તે પુરુષોત્તમ છે તેથી પર કોઈ નથી માટે પુરુષમાં ને પુરુષોત્તમ જે શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમાં ઘણો ભેદ છે.

૧૧ પ્ર० શાસ્ત્રના શબ્દને સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી એમ કહ્યું તે ઠા કેવી રીતે નહિ રહેતો હોય ?

૧૧ ઉ० સર્વોપરી પુરુષોત્તમ ભગવાન એક શ્રીજીમહારાજ છે પણ શ્રીજીમહારાજ વિના બીજો કોઈ ભગવાન નથી, એવી સમજણ શ્રીજીમહારાજ થકી અથવા મોટા મુક્ત થકી થઈ હોય અને તેવી જ રીતે બીજાં શાસ્ત્રે બીજા અવતારોને સર્વોપરી પુરુષોત્તમ કહ્યા હોય તેને સાંભળીને સમજણ ફરી જાય તે ઠા ન રહ્યો એમ જાણવું. ॥૩૧॥ **(૧૬૪)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૩૨

❖સંવત ૧૮૮૦ના શ્રાવણ સુદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે વિરાજમાન હતા, અને શ્રીજીમહારાજે અંગને વિષે સર્વે શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં ને મસ્તકને ઉપર કાળા છેડાની ધોતલી બાંધી હતી અને કંઠને વિષે પુષ્પના હાર વિરાજમાન હતા તથા કર્ણને ઉપર પુષ્પના ગુચ્છ વિરાજમાન હતા તથા મસ્તક ઉપર પુષ્પના તોરા વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ સર્વે હરિભક્ત પ્રત્યે બોલતા હવા જે, **(૧) આ સંસારને વિષે પોતાના કુટુંબીનો સંબંધ છે તે તો જેમ થોરનું ઝાડ હોય અથવા વડનું કે પીપરનું ડાળ હોય તે એક ઠેકાણેથી કાપીને બીજે ઠેકાણે રોપીએ તો ઊગીને ઝાડ થાય અને આંબો તથા લીંબડો હોય ને તેને એક વાર કાપ્યો એટલે ફરીને ચોંટે નહિ, તેમ કુટુંબી વિના બીજાનો જે સંબંધ છે તે તો આંબાના ઝાડ જેવો છે તે એક વાર કાપ્યો એટલે ફરીને ચોંટે નહિ, અને કુટુંબીનો સંબંધ છે તે તો થોરના અને વડના ઝાડ જેવો છે તે કાપી નાખ્યો હોય તો પણ ધરતીમાં પડ્યો પડ્યો પણ પાલવ્યા વિના રહે નહિ, માટે એ કુટુંબીનો સંબંધ તો, તો ટળે જો સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણે દેહ થકી નોખો એવો જે આ દેહને વિષે જીવાત્મા તેને પોતાનું રૂપ જાણીને, ને તેને વિષે ભગવાનની મૂર્તિને ધારીને, ને જાતિ, વર્ણ, આશ્રમ, તેના માનને મૂકીને, ને કેવળ ભગવાનના સ્મરણને વિષે તત્પર થાય તો કુટુંબીનો સંબંધ ચોખો ટળે તે વિના બીજો ઉપાય કોઈ નથી. (૧)** અને વળી જીવનું જે કલ્યાણ થાય અને જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય ૧
તેનું કારણ તો પુરુષોત્તમ એવા શ્રી વાસુદેવ ભગવાન તેના પ્રત્યક્ષ સ્વરૂપનું ધ્યાન, સ્મરણ, કીર્તન, કથા એ જ છે ને એણે કરીને જ એ જીવ છે તે માયાને તરે છે અને અતિ મોટાઈને પામે છે અને ભગવાનનું જે અક્ષરધામ તેને પામે છે. **(૨)** અને આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ધર્મ ૨
તે તો ભગવાનની ભક્તિનાં સહાયરૂપ ઉપકરણ છે પણ ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય તથા આત્મનિષ્ઠા તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી; અને જો અતિશે આત્મનિષ્ઠા ને વૈરાગ્ય ન હોય, ને એકલી ભગવાનની ભક્તિ હોય તો પણ એ જીવનું કલ્યાણ થાય અને માયાને તરે માટે જીવને કલ્યાણનું કારણ તો ભગવાનની ભક્તિ જ છે ને જ્યારે ભગવાનનો ભક્ત દેહને મેલીને નીસરે છે ત્યારે આત્મનિષ્ઠા ને વૈરાગ્ય એ બેને ભગવાન પોતે જ જીવને વિષે પ્રવેશ કરાવે છે માટે ભગવાનની ભક્તિ તે જ જીવને તર્યાનું કારણ છે.

(૩) પણ જો ભૂંડા દેશ, કાળ, ક્રિયા ને સંગ છે તેને વિષે પ્રવર્તાય તો ભગવાનનો ભક્ત હોય તેનું પણ અંતર ડોળાઈ જાય ને તેના સ્વભાવનો ઠા ન રહે, માટે ભૂંડો દેશ, ભૂંડો કાળ, ભૂંડી ક્રિયા ને ભૂંડો સંગ તેનો ત્યાગ કરીને રૂડો દેશ, રૂડો કાળ, રૂડો સંગ, રૂડી ક્રિયા તેને વિષે સદા પ્રવર્તવું, પણ ભૂંડા દેશાદિકનો સંગ કરવો જ નહિ. (૪) ઈતિ વચનામૃતમ્ ॥૩૨॥ (૧૬૫) ૩ ૪

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે ત્રણ દેહથી નોખો પોતાના જીવાત્માને જાણીને તેને વિષે વાસુદેવ જે અમે તે અમારી મૂર્તિને ધારીને અમારું સ્મરણ કરે તો કુટુંબીનો સંબંધ ટળી જાય. **(૧)** અને પ્રત્યક્ષ કહેતાં તમારી દૃષ્ટિને આગળ દેખાતા એવા પરબ્રહ્મ જે અમે તે અમારા સ્વરૂપનું એટલે અમારું ધ્યાન, સ્મરણ, કીર્તન ને કથા કરે તો માયાને તરીને અમારા અક્ષરધામને પામે. **(૨)** ને આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ધર્મ એ ત્રણ ભક્તિનાં સહાયરૂપ ઉપકરણ છે ને કલ્યાણ તો અમારી ભક્તિએ કરીને જ છે ને અમારો ભક્ત દેહ મેલે છે ત્યારે અમારા વિના બીજે પ્રીતિ ન રહે તે સારુ આત્મનિષ્ઠા ને વૈરાગ્ય તે ભક્તને વિષે પ્રેરીએ છીએ. **(૩)** અને રૂડા દેશાદિક સેવવા ને ભૂંડા ન સેવવા. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં કુટુંબી કહ્યાં તે કિયાં જાણવાં ?

૧ **ઉ૦** દેહનાં સંબંધી તથા ઈન્દ્રિયો-અંતઃકરણ તે સર્વે કુટુંબી જાણવાં.

૨ **પ્ર૦** પહેલી બાબતમાં જે ઉપાય બતાવ્યો તેણે કરીને કેવળ કુટુંબીનો સંબંધ ટળે એમ કહ્યું અને કલ્યાણનો ઉપાય તો બીજી બાબતમાં ભક્તિ વડે બતાવ્યો તે પહેલો જે ઉપાય કહ્યો તેમાં શી ન્યૂનતા આવી તે કૃપા કરીને સમજાવો ?

૨ **ઉ૦** પોતાને ત્રણ દેહથી નોખો જીવાત્મા તે રૂપ માનીને ભગવાનનું સ્મરણ કરે પણ તેને કથા, કીર્તન ને ધ્યાન તે રૂપ ભક્તિ ન હોય તો બ્રહ્મરૂપ ન થવાય, એટલે શ્રીજીમહારાજના તેજરૂપ પોતાનું સ્વરૂપ સમજાય નહિ એ ન્યૂનતા રહે છે.

૩ **પ્ર૦** ત્રીજી બાબતમાં આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ધર્મ તે વિના એકલી ભક્તિએ કરીને કલ્યાણ થાય છે એમ કહ્યું, તે એકલી ભક્તિએ કલ્યાણ થાય ત્યારે આત્મનિષ્ઠા ને વૈરાગ્ય તેને પ્રવેશ કરાવવાની શી જરૂર રહેતી હશે ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજનું ધ્યાન, સ્મરણ, કથા, કીર્તન ને ભક્તિ કરી હોય, અને આત્મનિષ્ઠા ને વૈરાગ્ય દૃઢ ન કર્યા હોય તેથી તે ભક્તને અંત સમે દેહ-ગેહાદિકમાં પ્રીતિ રહી ગઈ હોય, તેને વિષે આત્મજ્ઞાન ને વૈરાગ્ય શ્રીજીમહારાજ પ્રેરે છે તેણે કરીને બીજે હેત રહ્યું હોય તે ટળી જાય છે ॥૩૨॥ **(૧૬૫)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૩૩

❖સંવત ૧૮૮૦ના શ્રાવણ વદિ ૧૩ તેરશને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે ઢોલિયા ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ સર્વે સંત તથા સર્વે હરિભક્ત પ્રત્યે એમ બોલતા હવા જે, **(૧)** પ્રથમ અમે અમારા અંગની વાત કહીએ પછી તમે સર્વે પોતપોતાનો જે રીતે મોક્ષ માન્યો હોય તથા અમે આવી રીતે વર્તશું તો આ લોકમાં ને પરલોકમાં ભગવાન અમ ઉપર રાજી રહેશે એમ જે માન્યું હોય તે કહેજ્યો, એમ સર્વેને કહીને પછી શ્રીજીમહારાજે પોતના અંગની વાત કહેવા માંડી જે, અમને તો જે પદાર્થમાં હેત જણાય તો તેનો ત્યાગ કરીએ ત્યારે સુખ થાય,

અને ભગવાનના ભક્ત વિના જે મનુષ્યમાત્ર અથવા પદાર્થમાત્ર તેની જો મનમાં સ્મૃતિ થઈ હોય તો તેથી અતિશે છેટું કરીએ ત્યારે સુખ થાય, અને જો ભગવાનના ભક્ત હોય તો તેનો કોઈ રીતે કરીને હૈયામાં અભાવ આવે જ નહિ, અને અમારે વગર ઇચ્છે પંચવિષય છે તે જોરાવરીએ આવીને પ્રાપ્ત થાય છે તો પણ તેને અમે ઇચ્છતા નથી અને પગે કરીને ઠેલી નાખીએ છીએ, અને જે દિવસ થકી અમે જન્મ્યા છીએ તે દિવસથી કરીને આજ દિવસ પર્યંત કોઈ દિવસ જાગ્રતમાં અથવા સ્વપ્રમાં દ્રવ્યનો કે સ્ત્રીનો ભૂંડો ઘાટ થયો હોય તો આ સમગ્ર પરમહંસના સમ છે, અને એવી રીતે અમે સદાય નિર્દોષપણે છીએ ને જે **અમારે વિષે દોષબુદ્ધિ કરશે તો તેને જાગ્રતમાં તથા સ્વપ્રમાં ભૂંડા ઘાટ થાશે ને તેને દેહ મૂક્યા સમે બહુ કષ્ટ થાશે. (૧)** અને અમારા અંતરમાં તો એક ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન રહે છે, ૧
અને ઉપરથી તો ભગવાનના ભક્ત હોય તેના જીવનું સારું થાય તે સારુ હળીમળીને રહીએ છીએ અને જે દિવસ અમારા હૈયામાં ભગવાન ને ભગવાનના ભક્ત વિના બીજે ક્યાંય હેત જણાશે તો અમે એમ માનશું જે અમે અમારી સ્થિતિમાંથી ડગ્યા, પણ અમને એવો નિશ્ચય છે જે અમે એ સ્થિતિમાંથી ડગીએ જ નહિ એ અમે અમારું અંગ હતું તે કહ્યું, હવે તમે સૌ પોતપોતાનું અંગ હોય તે કહો ? પછી સર્વે સંતે તથા સર્વે હરિભક્તે જેવાં જેનાં અંગ હતાં તેવાં કહ્યાં જે આ લોકને વિષે ને પરલોકને વિષે આવી રીતના અંગમાં અમે રહીએ તો અમારા ઉપર ભગવાન રાજી રહે એવી રીતે કહ્યું. તે સર્વે હરિભક્તના અંગની વિક્તિ જે, કોણેક તો ભગવાન વિના બીજે ઠેકાણે વૈરાગ્યનું કહ્યું, અને કોણેક આત્મનિષ્ઠાનું કહ્યું ને કોણેક ભગવાનને વિષે પ્રીતિનું કહ્યું ને કોણેક ધર્મમાં રહેવાનું કહ્યું, એવી રીતે બહુ પ્રકારે કહ્યું પણ શ્રીજીમહારાજે મનમાં ધારી રાખ્યું હતું તે કોણેય ન કહ્યું. પછી **શ્રીજીમહારાજ બોલ્યા જે, એક નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તેને આ લોકમાં તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહે નહિ અને અમારે પણ તે ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થાય નહિ. અને અમે અહીંયાં ટક્યા છીએ તે પણ અહીંયાંના હરિભક્તને અતિ નિષ્કામી વર્તમાનનો દૃઢાવ દેખીને ટક્યા છીએ અને જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જાઈએ તો પણ તેની પાસે જ છીએ અને જેને નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમ પાસે રહે છે તો ય પણ તે લાખ ગાઉ છેટે છે અને અમને નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે, માટે આ મૂળજી બ્રહ્મચારી છે તે અતિશે દૃઢ નિષ્કામી છે તો અમને એની કરેલી સેવા અતિશે ગમે છે, અને બીજો કોઈ સેવા-ચાકરી કરે તો તે એવી ગમતી નથી અને અમે જે જે વાર્તા કરીએ છીએ તેને વિષે પણ નિષ્કામી વર્તમાનનું જ અતિશે પ્રતિપાદન થાય છે અને અમે જે દિવસ થકી પ્રગટ થયા છીએ તે દિવસ થકી નિષ્કામી વર્તમાનને જ અતિશે દૃઢ કરતા આવીએ છીએ અને સભા બેઠી હોય ત્યાં કોઈક સ્ત્રી અથવા પુરુષ તેને જોયામાં ફેર પડે ત્યારે એ ગમે તેટલી યુક્તિ કરીને સંતાડે તો પણ અમને જણાયા વિના રહે જ નહિ ત્યારે અમારો તે મનુષ્ય ઉપર અતિશે કુરાજીપો થઈ જાય છે અને અમારું મુખ પણ શ્યામળું**

**થઈ જાય છે અને તેનું દુઃખ તો અતિશે લાગે છે પણ મોબત જાણીને ઝાઝું કહેવાય નહિ અને વળી સાધુ દાવો છે માટે હૈયામાં સમજી રહીએ છીએ પણ જો રાજાના જેવી રીત હોય તો તેને માથે ઝાઝો દંડ થાય, માટે સર્વે મોટા મોટા પરમહંસ તથા મોટી મોટી બાઈઓ તેને અમે મોરથી જ કહી રાખ્યું છે જે, સત્સંગમાં કોઈ પુરુષને તથા કોઈ સ્ત્રીને કદાચિત્ જો નિષ્કામી વર્તમાનમાં ફેર પડે તો અમને સંભળાવશો મા, શા માટે જે જ્યારે અમે એવી વાર્તા સાંભળીએ ત્યારે જેમ વાંઝિયાને ઘેર દીકરો આવ્યો હોય ને તે મરી જાય ને તેને જેવો શોક થાય તેવો અમારે પણ શોક થાય છે તથા મનમાં એમ વિચાર થઈ જાય છે જે બધા સત્સંગને મૂકીને જાતા રહીએ, માટે જે નિષ્કામી વર્તમાન રાખે તે જ અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક, પરલોકમાં દૃઢ મેળાપ રહે છે. (૨)** ૨

૨ પછી હરજી ઠક્કરે પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** એ નિષ્કામી વર્તમાન શે ઉપાયે કરીને અતિશે દૃઢ થાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો એક પ્રકારનો ઉપાય નથી એના તો ત્રણ પ્રકારના ઉપાય છે, જેમ હાંકનારો, બળધિયા, પૈડાં, ધૂંસરી, ઊધ્ય, માંચડો એવા ઘણાક સામાને કરીને એક ગાડું કહેવાય છે તેમ નિષ્કામી વ્રત દૃઢ રાખવાની પણ ઘણીક સામગ્રી જોઈએ છીએ. તેમાં પણ ત્રણ ઉપાય છે તે તો અતિશે મુખ્ય છે, **તેમાં એક તો મનને વશ કરવું જે, મનને વિષે અખંડ એવું મનન કરવું જે હું આત્મા છું; દેહ નથી ને ભગવાનની કથા-શ્રવણાદિક જે નવધા ભક્તિ તેને વિષે મનને અખંડ જોડી મેલવું, પણ ક્ષણ માત્ર મનને નવરું રહેવા દેવું નહિ,** જેમ કોઈક પુરુષને ભૂત વશ થયો હતો તે જ્યારે કામ ન બતાવે ત્યારે તેને ખાવા તૈયાર થાય, તેમ આ મન છે તે પણ ભૂત જેવું છે તે જ્યારે ભગવદ્ ભક્તિમાં ન રાખે ત્યારે અધર્મના ઘાટ ઘડે ત્યારે એ ભૂતની પેઠે જીવને ખાવા તૈયાર થયું કહેવાય, માટે મનને અખંડ ભગવાનની કથા-કીર્તનાદિકમાં જોડી રાખવું એટલે એ મન વશ થયું કહેવાય. અને **બીજો ઉપાય** એ છે જે, પ્રાણને નિયમમાં રાખવો તે જેમ ભગવાને ગીતામાં કહ્યું છે જે, આહાર-વિહાર યુક્ત રાખવો પણ અતિશે ખાધાની લોલુપતા ન રાખવી એવી રીતે વર્તે ત્યારે પ્રાણ નિયમમાં થયો કહેવાય અને પ્રાણ નિયમમાં ન કર્યો હોય તો ખાધાની બહુ મનમાં તૃષ્ણા રહે, પછી અનંત પ્રકારના જે રસ તેને વિષે રસના ઈન્દ્રિય છે તે દોડતી ફરે ત્યારે બીજી ઈન્દ્રિયો વશ કરી હોય તે પણ સર્વે મોકળી થઈ જાય, માટે આહારને નિયમમાં રાખીને પ્રાણને નિયમમાં કરવો. અને **ત્રીજો ઉપાય** એ છે જે, આ સત્સંગને વિષે જેને જેને જે જે નિયમ કહ્યા છે તેમાં દેહને રાખીને દેહને નિયમમાં કરવો, એવી રીતે એ ત્રણ ઉપાયને જે દૃઢ રાખે તેને નિષ્કામી વર્તમાન અતિશે દૃઢ થાય છે. અને એને વિષે એમ ન જાણવું જે એવી રીતે રાખવું ઘણું કઠણ છે, કેમ જે, જે સાધુ જ હોય તેને તો એમ રાખવું કાંઈ કઠણ છે નહિ અને સાધુ હોય તે તો કામ, ક્રોધ, લોભાદિક શત્રુનું બળ હોય તો પણ ભગવાનને રાજી કર્યા સારુ તેનો ત્યાગ કરે ત્યારે જ એ પાકો સાધુ કહેવાય. અને **મનુષ્યદેહે કરીને ન થાય એવું શું**

**છે ? જે નિત્યે અભ્યાસ રાખીને કરે તે થાય છે, જેમ કૂવાના કાંઠા ઉપર મહાકઠણ પથ્થરો હોય છે તેને વિષે નિત્યે પાણીને સિંચવું તેણે કરીને નરમ દોરડી છે તે પણ કાપા પાડે છે તેમ જે સાધુ જ છે ને તે જે સ્વભાવને ટાળવાનો નિત્ય અભ્યાસ રાખશે તો તે સ્વભાવ ક્યાં લગી રહેશે ? એ તો નિશ્ચે જ નાશ પામશે.** માટે જેને નિષ્કામ વ્રત રાખવું હોય તેને કહ્યા એવા જે ત્રણ ઉપાય તે દૃઢ કરીને રાખવા **(૩)** ઇતિ વચનામૃતમ્ **॥૩૩॥ (૧૬૬)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે, તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારા ભક્તોએ અમારા વિના બીજે હેત ને સ્મૃતિ ન રાખવાં અને અમારા ભક્તનો અભાવ આવવા દેવો નહિ ને વિષયનો ત્યાગ કરવો. **(૧)** અને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તે જ અમને વહાલો છે ને અમે તેના ભેળા જ છીએ ને તેની જ સેવા ગમે છે ને વર્તમાન દૃઢ ન હોય તેના ઉપર કુરાજી છીએ ને તેની સેવા ગમતી નથી અને સત્સંગમાં કોઈ સ્ત્રી વા પુરુષને નિષ્કામી વર્તમાનમાં ફેર પડે તો અમને સંભળાવશો નહિ અર્થાત્ અમને સંભળાવ્યા વિના જ તેને સત્સંગ બહાર કાઢી મૂકજ્યો એમ સૂચવ્યું છે. તે (**પ્ર૦ ૧૮**/૩માં) કુપાત્રને સત્સંગ બહાર કાઢી મેલવો એમ આજ્ઞા આપી છે. **(૨)** બીજામાં નિષ્કામી વર્તમાન દૃઢ કરવાના ઉપાય બતાવ્યા છે જે, અમારી કથા-કીર્તનાદિક ભક્તિએ કરીને મનને વશ કરવું અને આહાર નિયમમાં કરીને પ્રાણને નિયમમાં કરવો અને નિયમમાં વર્તીને દેહને નિયમમાં કરવો, એ ત્રણ ઉપાયે નિષ્કામી વર્તમાન દૃઢ થાય છે. અને સ્વભાવ ટાળવાનો અભ્યાસ રાખે તો તે નાશ થઈ જાય છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** (૧ /૨ પહેલા પ્રશ્નમાં) વૈરાગ્ય, આત્મનિષ્ઠા, ભગવાનને વિષે પ્રીતિ ને ધર્મમાં રહેવું એવી રીતે સર્વ હરિજનોએ સૌ સૌનાં અંગ કહ્યાં તેથી પણ નિષ્કામ વ્રત ઉપર શ્રીજીમહારાજે વધારે પ્રસન્નતા કહી તે ઉપર કહ્યાં જે અંગ તેમાં નિષ્કામ વર્તમાન પણ આવી જાય છે તો પણ નોખી વિક્તિ કરી તેનું શું પ્રયોજન હશે ?

૧ **ઉ૦** આમાં વૈરાગ્ય, આત્મનિષ્ઠા, પ્રીતિ અને ધર્મ તે સામાન્ય કહ્યા છે તે સામાન્ય વૈરાગ્યાદિકે કરીને બ્રહ્મચર્ય દૃઢ રહે નહિ અને બ્રહ્મચર્ય દૃઢ કર્યા વિના આત્યંતિક મોક્ષ થાય નહિ તે (**જે૦ ૪**ના ૧/૨ પહેલા પ્રશ્નમાં) જે વર્તમાનમાં કસરવાળો એટલે આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ થઈ જતો હોય તેનાથી પણ એકાંતિક ભક્ત થવાય નહિ અને અમારા નિર્ગુણ ધામને પામે નહિ અને સત્સંગમાં પણ બેસાય નહિ એટલે બ્રહ્મચર્યાદિક વર્તમાને યુક્ત એવા સત્પુરુષ તેના ભેળું રહેવાય નહિ એમ કહ્યું છે, માટે બ્રહ્મચર્યવ્રત દૃઢ કર્યા વિના સામાન્ય વૈરાગ્ય-આત્મનિષ્ઠાદિક સાધને કરીને મોક્ષ થતો નથી એટલા સારુ જ શ્રીજીમહારાજે પોતે તપ તથા ગોરખ આસનાદિક દૃઢ કરીને બ્રહ્મચર્ય સિદ્ધ કરી બતાવ્યું તે શ્રીજીમહારાજ તો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે તેમને તો કાંઈ કરવું બાકી હોય જ નહિ પણ પોતાના ભક્તને ઉપદેશ કર્યો છે કે અમને બ્રહ્મચર્યવ્રત વહાલું છે, માટે જે બ્રહ્મચર્ય દૃઢ કરે તે જ અમને પ્રિય છે, ને એનું જ કલ્યાણ કરશું. પણ જે બ્રહ્મચર્ય દૃઢ નહિ કરે તેનું કલ્યાણ નહિ કરીએ એમ કહ્યું છે એ સિદ્ધાંત વાત છે, માટે જેણે બ્રહ્મચર્ય વ્રત અતિ દૃઢ કરેલું હોય એવા મુક્તનો યોગ કરીને, આમાં (૨/૩ બીજા પ્રશ્નમાં) ત્રણ ઉપાય કહ્યા છે તે દૃઢ કરીને વિષય સંબંધી સંકલ્પ ટાળે તો જ કલ્યાણ થાય, તે આ દેહે અથવા બીજે દેહે અથવા અનેક દેહે કરીને પણ બ્રહ્મચર્ય દૃઢ કરવું; અને જે સ્થૂળદેહે બ્રહ્મચર્ય લોપે તે તો યમપુરમાં જ જાય ને તેનું ફળ ભોગવે ને પછી મનુષ્યદેહ આવે ત્યારે પણ બ્રહ્મચર્ય સિદ્ધ કરે તો જ અક્ષરધામને પામે. **॥૩૩॥ (૧૬૬)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૩૪

❖સંવત ૧૮૮૦ના ભાદરવા સુદિ ૧ પડવાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને ધોળું ધોતિયું પહેર્યું હતું ને ધોળી ચાદર ઓઢી હતી ને કાળા છેડાની ધોતલી મસ્તકે બાંધી હતી ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પરમહંસ દુકડ, સરોદા લઈને ગાવતા હતા.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે કીર્તન રાખો, પ્રશ્ન-ઉત્તર કરીએ તો આળસ મટે. એમ
૧ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, પ્રથમ હું એક પ્રશ્ન પૂછું છું જે, **(૧)** આ જીવને વિષે માયાનાં કાર્ય એવાં જે ઇન્દ્રિયો, અંતઃકરણ આદિક ચોવીશ તત્ત્વ તે રહ્યાં છે તે તત્ત્વ જડ છે કે ચૈતન્ય છે ? પછી પરમહંસે કહ્યું જે એ તત્ત્વ ચૈતન્ય તો ખરાં; પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્યારે એ તત્ત્વ ચૈતન્ય છે ત્યારે આ શરીરને વિષે જીવ છે તે ભેળા ચોવીશ તત્ત્વના પણ ચોવીશ જીવ થયા ત્યારે આ જીવનું જે કલ્યાણ થાશે તે પણ સર્વને વહેંચાતું ભાગે આવશે ત્યારે સુખ-દુઃખનું જે ભોક્તાપણું તે એક જીવને વિષે જ નહિ કહેવાય ને **સંચિત, પ્રારબ્ધ ને ક્રિયમાણ** એ ત્રણ પ્રકારનાં જે કર્મ તે પણ એક જીવને જ નહીં કહેવાય ને નારદ, સનકાદિક જે પૂર્વે મુક્ત થયા છે તેમનો એક પોતપોતાનો જીવ જ મુક્ત થયો છે, પણ તે ભેળા ચોવીશ તત્ત્વના જીવ તો મુક્ત થયા કહ્યા નથી, એવી રીતે આશંકા કરીને તત્ત્વને નિર્જીવ કરી દેખાડ્યાં. પછી તેમાં જે જે રીતે પરમહંસે ઉત્તર કર્યા તેને તેને આશંકા કરીને ખોટા કરી નાખ્યા તે કોઈ રીતે પરમહંસથી ઉત્તર થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે લ્યો એનો ઉત્તર અમે કરીએ જે, આ જીવ છે તે પોતે વિશેષ સત્તાએ કરીને હૃદયને વિષે રહ્યો છે, ને પોતાની સામાન્ય સત્તાએ કરીને દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણમાં તદાત્મકપણે મળ્યો છે તેણે કરીને એ દેહાદિક ચૈતન્ય જેવાં જણાય છે, પણ એ તો જડ જ છે અને જ્યારે એ જીવ ભગવાનનો ભક્ત થઈને ભગવાનના ધામમાં જાય છે ત્યારે જડ એવાં જે તત્ત્વ છે તે પડ્યાં રહે છે અને એ ચોવીશ તત્ત્વ છે તે માયામાંથી થયાં છે માટે માયારૂપ છે ને જડ છે, ને દેહ, ઇન્દ્રિયો ને અંતઃકરણરૂપે જુદાં જુદાં જણાય છે તે તો જે એક પૃથ્વી છે તે જ ત્વચા, માંસ, મજ્જા, અસ્થિ ને સ્નાયુ એ પાંચ રૂપે થઈ છે ને કાચરૂપે પણ કરનારાની કિંમતે થઈ છે, તેમ એ માયા છે તે પરમેશ્વરની ઇચ્છાએ કરીને એ દેહાદિક રૂપે જુદે જુદે પ્રકારે જણાય છે.

૨ પછી શુકમુનિએ પૂછ્યું જે, **(૨)** તત્ત્વ જડ હોય ત્યારે તેમણે ભગવાનની સ્તુતિ કેમ કરી ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે એ તત્ત્વને વિષે કોઈક મુક્ત હતા તેમણે પ્રવેશ કરીને એક એક તત્ત્વને દેહે સ્તુતિ કરી, જેમ પૃથ્વીનો જીવ હતો તે પૃથ્વીના ખોખામાંથી નીસરીને બ્રહ્મા પાસે ગયો, ત્યારે કશ્યપઋષિ હતા તેણે તે ખોખામાં પ્રવેશ કરીને તેને જિવાડ્યું, પછી પૃથ્વીએ આવી, પ્રાર્થના કરી જે, મારું દેહ પાછું આપો ત્યારે કશ્યપઋષિ પૃથ્વીના ખોખામાંથી નીસરીને પૃથ્વીને પૃથ્વીનું દેહ પાછું આપ્યું, તેણે કરીને પૃથ્વીનું કાશ્યપી એવું નામ પડ્યું તેમ માયાનું કાર્ય જે નામરૂપ માત્ર તે સર્વે જડ દ્રવ્ય છે ને તે માયાનો પ્રકાશનારો જે પુરુષ તે
ચૈતન્ય દ્રવ્ય છે, તે એ માયાને વિષે પ્રવેશ કરીને ચૈતન્ય કરે છે. **(૧)** અને પરમેશ્વર છે ૧
તે તો એ પ્રકૃતિ ને પુરુષ બેય થકી ન્યારા છે, તે પરમેશ્વરનો આ જીવ જ્યારે આશ્રય કરે છે ત્યારે એ માયા ને માયાનાં કાર્ય તેને તરીને બ્રહ્મરૂપ થાય છે. ને ભગવાનના ધામને પામે
છે, પણ તે વિના બીજો જીવને માયાનાં બંધન ટળ્યાનો ઉપાય નથી. **(૨)** ઇતિ વચનામૃતમ્ ૨

॥૩૪॥ (૧૬૭)

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે.તે બેમાં માયાનાં કાર્યને જડ તત્ત્વ કહ્યાં છે, અને માયાના પ્રકાશક મૂળપુરુષને ચૈતન્ય તત્ત્વ કહ્યાં છે. **(૧)** અને અમે માયાથી ને પુરુષથી ન્યારા છીએ, અને જે જીવ અમારો આશરો કરે તે માયાને તરીને અમારું તેજ જે બ્રહ્મ તે રૂપ થઈને અમારા ધામને પામે છે, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૨)** બાબતો છે. ॥૩૪॥ **(૧૬૭)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૩૫

❖સંવત ૧૮૮૦ના ભાદરવા સુદિ ૧૧ એકાદશીને દિવસ **રાત્રિ પાછલી છો ઘડી** રહી ત્યારે શ્રીજીમહારાજ સૂતા ઊઠીને શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં જારની ખાણ ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા હતા ને ધોળો ખેસ પહેર્યો હતો અને ધોળી પછેડી ઓઢી હતી ને શ્યામ છેડાની ધોતલી મસ્તકે બાંધી હતી.

૧ પછી પરમહંસ તથા હરિભક્તને તેડાવીને તે પ્રત્યે બોલ્યા જે, **(૧)** આજ તો અમને નિદ્રા બહુ આવી તે ઘણું ઊઠવાનું કર્યું પણ ઊઠાય નહિ ને તે નિદ્રામાં અમે વિચાર ઘણો કર્યો છે ને તે વિચારે કરીને જે નિરધાર કર્યો છે તે કહું છું જે, હું રામાનંદ સ્વામી પાસે આવ્યા મોર પણ આત્માને સાક્ષાત્ દેખતો ને હમણાં પણ દેખું છું તે આત્મા સૂર્યના જેવો પ્રકાશે યુક્ત છે ને આ મારી સર્વે ઈન્દ્રિયોની ક્રિયાને વિષે મુને આત્માનું ક્ષણ માત્ર પણ વિસ્મરણ થાતું નથી, પણ એ આત્મદર્શન થાવું બહુ કઠણ છે એવું આત્મદર્શન તો પૂર્વના ઘણાક જન્મના સત્ સંસ્કારવાળો કોઈક વિરલો હોય તેને થાય છે, ને બીજો તો એ આત્માનો વિચાર સો વર્ષ પર્યંત કરે તો પણ આત્માનું દર્શન થાય નહિ. એ તો ક્યારે થાય તો જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે ત્યારે એ આત્માને દેખવો એ કાંઈ કઠણ નથી અને ભગવાનના ધ્યાન વિના કેવળ આત્માને વિચારે કરીને આત્મા જણાય છે કે દેખાય છે એવી તો આશા કોઈને રાખવી નહિ. **(૧)** અને ભગવાનની ઉપાસના કરવી, અને ભગવાનનાં ચરિત્ર ૧
ગાવવાં સાંભળવાં,ને ભગવાનનું નામ-સ્મરણ કરવું, ને પોતપોતાના ધર્મમાં રહેવું, એવી રીતે પોતાના જીવનું કલ્યાણ થાવું તે કાંઈ કઠણ નથી; એ તો જેમ વહાણમાં બેસીને સમુદ્રને તરવો એવો સુગમ માર્ગ છે અને આત્મદર્શને કરીને કલ્યાણ કરવું તે તો જેમ તુંબડાં બાંધીને સમુદ્ર તરવો એવો કઠણ માર્ગ છે. અને અમે જે આત્મજ્ઞાનની વાર્તા કરીએ છીએ તેમાં તો એટલું જ પ્રયોજન છે જે જો પોતાના આત્માને દેહથી જુદો માને તો દેહને વિષે પ્રીતિ ન રહે તથા દેહના સંબંધીને વિષે હેત ન રહે તથા ભગવાનની ભક્તિને વિષે કોઈ વિઘ્ન ન થાય એટલું જ પ્રયોજન છે પણ કેવળ એણે કરીને જ કલ્યાણ થાય એમ તો માનવું જ નહિ. **(૨)** ૨
અને **વળી જગતમાં એમ વાર્તા છે જે, 'મન હોય ચંગા તો કથરોટમાં ગંગા' એ વાર્તા ખોટી છે એ તો ગમે તેવો સમાધિનિષ્ઠ હોય અથવા વિચારવાન હોય, ને તે પણ જો સ્ત્રીઓના પ્રસંગમાં રહેવા માંડે તો એનો ધર્મ કોઈ રીતે રહે જ નહિ, ને ગમે તેવી ધર્મવાળી સ્ત્રી હોય ને તેને જો પુરુષનો સહવાસ થાય તો તેનો પણ ધર્મ રહે જ નહીં. અને એવી રીતે સ્ત્રી-પુરુષને**

**પરસ્પર સહવાસ થાય ને એનો ધર્મ રહે એવી તો આશા જ રાખવી નહિ, તે આ વાર્તા તે એમ જ છે પણ એમાં કાંઈ સંશય રાખવો નહિ તે માટે ધર્મમાં તો ક્યારે રહેવાય તો પરમહંસ હોય તથા બ્રહ્મચારી હોય ને તે જો પોતપોતાના બ્રહ્મચર્યાદિક નિયમ કહ્યા છે તેમાં રહે તો એને ધર્મમાં રહેવાય, અને સ્ત્રી હોય ને તે પણ જો પોતપોતાના નિયમ કહ્યા છે તેમાં વર્તે તો તેને ધર્મમાં રહેવાય, અને બીજા જે સત્સંગી ગૃહસ્થ હોય તે પણ જો પોતપોતાના નિયમ કહ્યા છે તેમાં રહે ને યુવાન અવસ્થાવાળી જે પોતાની મા, બોન, ને દીકરી તે ભેળે પણ એકાંતમાં ન બેસે ને તેની સામું પણ દૃષ્ટિ માંડીને ન જુએ તો એને ધર્મમાં રહેવાય.** એવી રીતે ધર્મમાં રહેવું, તથા ભગવાનના સ્વરૂપની ઉપાસના કરવી તથા ભગવાનના અવતાર ચરિત્રનું શ્રવણ-કીર્તન કરવું તથા ભગવાનનું નામ-સ્મરણ કરવું, એ ચાર વાનાં જ જીવના અતિશે કલ્યાણને અર્થે છે. **(૩) અને આ તમે સર્વે છો તે મુને ભગવાન જાણો છો** તે અમે **૩**
જ્યાં જ્યાં ઉચ્છવ-સમૈયા કર્યા હોય ને જે જે ઠેકાણે પરમહંસ, બ્રહ્મચારી, હરિભક્ત-સત્સંગી, બાઈ-ભાઈ સર્વે ભેગા થયા હોય ને અમે કીર્તન ગવરાવ્યાં હોય ને વાર્તા કરી હોય ને અમારી પૂજા થઈ હોય એ આદિક જે અમારાં ચરિત્ર-લીલા તેને કહેવાં ને સાંભળવાં, ને તેનું મનમાં ચિંતવન કરવું, અને જેને એવું ચિંતવન અંતકાળે જો થઈ આવ્યું હોય તો તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે, માટે એવાં જે અમારાં સર્વે ચરિત્ર-ક્રિયા તથા નામ-સ્મરણ તે કલ્યાણકારી છે. અને આવી રીતે અમે સ્વરૂપાનંદ સ્વામીને વાર્તા કરી હતી તે વાર્તાને ધારી ત્યારે દેહમાં જે મંદવાડનું ઘણુંક દુઃખ હતું તે સર્વે નિવૃત્તિ પામી ગયું ને પરમ શાંતિ થઈ, પણ એ ઘણાય આત્માને દેખતા હતા તો પણ તેને કરીને કાંઈ સિદ્ધિ થઈ નહિ અને વળી પરોક્ષ જે શ્રીકૃષ્ણ-રામચંદ્રાદિક ભગવાનનાં અવતાર તેનાં જે ચરિત્ર તે જ્યાં જ્યાં કહ્યાં હોય તેને પણ સાંભળવાં ને ગાવવાં અને એ ચાર વાનાંની દૃઢતા થાય તેને અર્થે અમે શ્રીમદ્ ભાગવત આદિક આઠ ગ્રંથનું અતિશે પ્રતિપાદન કર્યું છે માટે એ ગ્રંથને સાંભળવા ને ભણવા ને એ ચાર વાનાંની જ વાર્તા કરવી અને વળી ભગવાનની મૂર્તિની ઉપાસના, ને ભગવાનના ચરિત્ર, ને ભગવાનનું નામ-સ્મરણ, એ ત્રણ વાનાં વિના કેવળ ધર્મે કરીને કલ્યાણ થાવું તે તો તુંબડાં બાંધીને સમુદ્ર તરવો તેવું કઠણ છે, અને ભગવાનની મૂર્તિનો આશ્રય હોય, ને ભગવાનનાં ચરિત્રને ગાતો-સાંભળતો હોય, ને ભગવાનનું નામ-સ્મરણ કરતો હોય ને જો તેમાં ધર્મ ન હોય તો તે માથે પાણો લેઈને સમુદ્રને તરવાને ઇચ્છે એવો જાણવો, ને તેને **ચાંડાળ** જેવો જાણવો. માટે એ ચાર વાનાંએ કરીને જ જીવનું કલ્યાણ જરૂર થાય છે પણ એ વિના બીજું કોઈ એવું સાધન નથી, જે જેણે કરીને કલ્યાણ થાય. **(૪)** અને મુક્તાનંદ સ્વામી **૪**
આદિક સાધુનાં જે કાવ્ય-કીર્તન તે ગાવવાં ને સાંભળવાં તથા ભગવાનના અવતાર ચરિત્રે યુક્ત એવાં કાવ્ય-કીર્તન બીજા કવિનાં હોય તો તેને પણ ગાવવાં ને સાંભળવાં. પણ **કબીર ને અખાનાં** જે કાવ્ય-કીર્તન હોય તથા એ જેવાં જેનાં જેનાં કાવ્ય-કીર્તન હોય તેને ગાવવાં નહિ ને સાંભળવાં પણ નહિ અને તમારે સર્વેને મારે વિષે વિશ્વાસ છે ને હું તમને જેવી તેવી અવળી

વાતે ચડાવી દેઉં, તો જેમ સર્વેને કૂવામાં નાખીને ઉપરથી પાણાની શિલા ઢાંકે ત્યારે તેને નીકળવાની આશા જ નહિ, તેમ તમે પણ અમારા વચનને વિશ્વાસે કરીને અવળે માર્ગે ચડી જાઓ તો એમાં અમારે શું સારું થાય ? માટે આ વાર્તા તમારા કલ્યાણની છે તે અમે તમને હેતે કરીને કહી છે તે સારુ તમો સર્વે હવે આવી જ રીતે સમજીને દૃઢપણે વર્તજો એમ કહીને પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જો તમે સર્વે આ અમે વાર્તા કરી એવી રીતે વર્તવાનો નિશ્ચય કર્યો હોય તો એક એક આવીને અમારે પગે અડીને સમ ખાઓ ને એવી પ્રતિજ્ઞા કરો, જે અમારે દૃઢપણે એમ જ વર્તવું છે. પછી સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી રાજી થકા ઊઠીને શ્રીજીમહારાજના ચરણકમળનો સ્પર્શ કરીને નમસ્કાર કરીને પાછા બેઠા, પછી સર્વે બાઈઓને પણ એવી રીતે કહ્યું ત્યારે બાઈઓએ પણ છેટે ઊભી રહીને એમ વર્તવાનો નિશ્ચય કરીને સમ ખાધા. પછી શ્રીજીમહારાજ પ્રસન્ન થકા પોતાને ઉતારે પધાર્યા. **(૫)** ઇતિ વચનામૃતમ્ **૫**
**॥૩૫॥ (૧૬૮)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે શ્રીકૃષ્ણ જે અમે તે અમારી મૂર્તિના ધ્યાન વિના કેવળ આત્માને વિચારે કરીને આત્મા દેખાતો નથી. **(૧)** અને અમારી ઉપાસના ને અમારાં ચરિત્ર કહેવાં ને સાંભળવાં ને અમારું નામ-સ્મરણ કરવું ને પોતપોતાના ધર્મમાં રહેવું તેણે કરીને કલ્યાણ થાય છે ને આત્મદર્શને કરીને તો અમારી ભકિતમાં વિઘ્ન ન થાય એ પ્રયોજન છે. **(૨)** ને સ્ત્રી-પુરુષ તે ગમે તેવાં ધર્મવાળા ને સમાધિનિષ્ઠ હોય તો પણ સહવાસ રાખે તો તેમનો ધર્મ રહે જ નહિ માટે અમે નિયમ કહ્યા છે તે પ્રમાણે રહેવું. **(૩)** અને અમારી ઉપાસના, ચરિત્ર ને નામ-સ્મરણ એ ત્રણ વિના એકલા બ્રહ્મચર્યાદિક ધર્મે કરીને કલ્યાણ થાતું નથી અને જો એ ત્રણે હોય પણ ધર્મ ન હોય તો પણ કલ્યાણ ન થાય. **(૪)** અને અમારા ચરિત્રના કાવ્ય સાંભળવાં પણ કબીર ને અખા આદિનાં કાવ્ય-કીર્તન કહેવાં, સાંભળવાં નહિ. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં પૂર્વના ઘણાક જન્મના સત્ સંસ્કારવાળાને આત્માનું દર્શન થાય છે એમ કહ્યું અને વળી અમારી મૂર્તિનું ધ્યાન કરે તો આત્માને દેખવો તે કઠણ નથી એમ કહ્યું તે મૂર્તિના ધ્યાન વિના બીજા કિયા સંસ્કારે કરીને આત્મા દેખતો હશે ?

૧ **ઉ૦** મૂર્તિની ઉપાસના વિના બીજા કોઈ પણ સંસ્કારે કરીને આત્મા કે બ્રહ્મ દેખાય જ નહિ, એમ (છે૦ ૩૬ના બીજા પ્રશ્નમાં) કહ્યું છે, માટે આ ઠેકાણે ઉપાસક ભક્તને જ સત્સંસ્કારી કહ્યો છે. તે (અ૦ ૧ના બીજા પ્રશ્નમાં) એકાંતિક ભક્તને જ અમારું ધ્યાન સિદ્ધ થાય છે પણ બીજાથી તો એ માર્ગે ચલાતું જ નથી એમ કહ્યું છે. માટે એકાંતિક ભક્તને જ સત્સંસ્કારી કહ્યો છે. અને અમે આત્માને દેખીએ છીએ એમ કહ્યું છે તે પણ ભક્તભાવે જ બોલ્યા છે.

૨ **પ્ર૦** ચોથી બાબતમાં પરોક્ષ શ્રીકૃષ્ણ-રામચંદ્રાદિકનાં ચરિત્ર સાંભળવાં ને કહેવાં એમ કહ્યું ને આઠ ગ્રંથનું પ્રતિપાદન કર્યું તથા (**મ૦ ૩૯**ના બીજા પ્રશ્નમાં) ભાગવતના બે સ્કંધનું પ્રતિપાદન કર્યું છે અને (**મ૦ ૫૮**માં) અમારા ઉપાસકને અમારાં ચરિત્રનાં શાસ્ત્રથી જ પુષ્ટિ થાય, પણ બીજા ગ્રંથથી પુષ્ટિ ન થાય એવી રીતે પરોક્ષ શાસ્ત્રનો નિષેધ કર્યો છે તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** એ પરોક્ષ ગ્રંથોમાં પરોક્ષ અવતારોનાં ઘણાંક પ્રકારનાં ચરિત્ર છે તે સાંભળેલાં હોય તો શ્રીજીમહારાજના મનુષ્યચરિત્રમાં સંશય થાય નહિ માટે શ્રીજીમહારાજના મનુષ્યચરિત્રમાં સાખ્ય લેવા સારુ પ્રતિપાદન કર્યું છે. તે (**પ્ર૦ ૭૮**ના સત્તરમાં પ્રશ્નમાં) શ્રીજીમહારાજે ભગવદાનંદ સ્વામીને કહ્યું છે જે પરોક્ષ અવતારોના જેવાં મનુષ્યચરિત્ર અમે કરીએ ત્યાં સુધી સંશય કરશો નહિ. **(૧)** અને (**મ૦ ૩૯**ના ૨/૩ બીજા પ્રશ્નમાં) દશમ સ્કંધ ને પંચમ સ્કંધમાં શ્રીકૃષ્ણ ભગવાનને સર્વે અવતારોથી પર કહ્યા છે તેણે કરીને મચ્છ-કચ્છાદિક અવતારોથી શ્રીકૃષ્ણ પર સમજાય છે. અને (**પં૦ ૬**/૧માં) જેમ શ્રીકૃષ્ણ ભગવાને પોતાથી ઓરા જે સર્વ અવતારો તેનો ભાવ પોતાને વિષે જણાવ્યો છે તેણે કરીને તે શ્રીકૃષ્ણને સર્વોપરી સમજાય

છે તેમ શ્રીજીમહારાજે પરથારાની (૯મી બાબતમાં) શ્રીકૃષ્ણાદિક સર્વે અવતારોનો ભાવ પોતાને વિષે જણાવ્યો છે માટે શ્રીજીમહારાજ શ્રીકૃષ્ણાદિક સર્વે અવતારોથી પર પુરુષોત્તમ ભગવાન છે એમ સમજવાપૂર્વક એ બે ગ્રંથ સાંભળવાનું કહ્યું છે અને (**મ૦ ૫૮**માં) તો પોતાનો સિદ્ધાંત કહ્યો છે જે અમો સર્વોપરી સર્વેનાં કારણ અવતારી છીએ માટે અમારા ગ્રંથને જ માનવા કેમ જે અમારા સંપ્રદાયની પુષ્ટિ અમારા ગ્રંથે કરીને થાય છે પણ બીજા કોઈ ગ્રંથે કરીને થાતી નથી એમ કહ્યું છે.

૩ **પ્ર૦** શ્રીજીમહારાજની ઉપાસના, ચરિત્ર તથા નામસ્મરણ એ ત્રણ વિના કેવળ ધર્મે કરીને કલ્યાણ થાવું તે તુંબડા બાંધીને સમુદ્ર તરવા જેવું કહ્યું અને એ ત્રણ હોય પણ જો ધર્મ ન હોય તો માથે પાણો લઈને સમુદ્ર તરવા જેવું કહ્યું તે સમુદ્રને ઠેકાણે શું જાણવું ? અને તુંબડાં બાંધીને સમુદ્રમાં પડ્યો તે અને માથે પાણો લઈને પડ્યો તે બેમાં અધિક-ન્યૂન કોણ હશે ?

૩ **ઉ૦** સમુદ્રને ઠેકાણે માયા જાણવી. અને જેને ધર્મ ન હોય ને ઉપાસના આદિક ત્રણ હોય તેને શ્રીજીમહારાજ આ લોકને વિષે રાખે ને તેને સત્પુરુષ મળે ને તે સત્પુરુષને ઉપદેશે કરીને ધર્મ પાળીને કલ્યાણને માર્ગે ચાલે ને એક-બે જન્મે પણ તેનું કલ્યાણ થાય માટે તે અધિક છે અને ધર્મ પાળતો હોય પણ તેને ઉપાસનાદિક ત્રણ વાનાં ન હોય માટે તેને ધર્મ પાળ્યાનું ફળ મળે તેથી તે લાંબી આયુષ્યવાળાં લોકાંતરમાં જાય તે સત્પુરુષના યોગમાં ન આવે ને તેનું કલ્યાણ ન થાય માટે તે ન્યૂન છે અને ધર્મ ન પાળે તેને ચંડાળ કહ્યો તે તો એને માયારૂપી સમુદ્ર તરવાનું શ્રીજીમહારાજની ઉપાસનારૂપી વહાણ મળ્યું છતાં તેણે ધર્મ લોપ્યો ને પોતાનું કલ્યાણ કરી શક્યો નહિ તેથી તેને ધિક્કાર આપ્યો છે જે આવો અવસર મળ્યા છતાં પોતાનું કલ્યાણ કરી શક્યા નહિ માટે તેને ચંડાળ કહ્યો છે પણ જેમ બ્રહ્માદિક ધર્મ થકી પડ્યા પણ કલ્યાણના માર્ગમાંથી પડયા, નહિ તેમ તે ઉપાસનાવાળો પણ કલ્યાણના માર્ગમાંથી પડે નહિ.

૪ **પ્ર૦** પાંચમી બાબતમાં કબીર ને અખાનાં કાવ્ય-કીર્તન સાંભળવાનો નિષેધ કર્યો તેનું શું કારણ હશે ?

૪ **ઉ૦** જગત કારણ એવું જે બ્રહ્મ તેને નિરાકારવાદીઓ નિર્ગુણ ને આકૃતિ માત્રનું કારણ કહે છે માયિક આકૃતિને જેમ માયિક ગણે છે, તેમ જ પરબ્રહ્મ પરમાત્માની આકૃતિને માયિક ગણે છે, તેમ જ પરબ્રહ્મ પરમાત્માની આકૃતિને માયિક ગણીને સગુણ અવતારોની પેઠે જ તેમને પણ માયિક કહે છે પણ નિર્ગુણ બ્રહ્મથી પર ને તે બ્રહ્મના કારણ જે પરબ્રહ્મ તેને દિવ્ય સાકાર જાણી શકતા નથી અને સગુણ અવતારની પેઠે જ નિર્ગુણ બ્રહ્મથી પર જે પરબ્રહ્મ તે પૃથ્વી ઉપર જીવના આત્યંતિક કલ્યાણ કરવા મનુષ્યાકૃતિ દેખાય છે તેમને દિવ્ય સાકાર ને પરબ્રહ્મ જાણીને, અને નિર્ગુણ બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસના કરનારા એવા શુદ્ધ ચૈતન્ય બ્રહ્મરૂપ ભક્તને તથા પરબ્રહ્મને જેવા છે તેવા દિવ્ય જાણી શકતા નથી. અને પોતે જેમ સાધનકાળમાં સગુણની ઉપાસનાએ કરીને નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિ માની છે, તેમ જ પરબ્રહ્મની સાથે એકતા કરીને પરબ્રહ્મને ભજનારા જે ભક્ત તેમને પણ પોતાની પેઠે જ સગુણની ઉપાસના કરનારા માને છે. માટે એ મતમાં મોક્ષ નથી કેમ જે, નિર્ગુણ બ્રહ્મથી પર જે પરબ્રહ્મ પરમાત્મા તે સાક્ષાત્ મળ્યા વિના આત્યંતિક મોક્ષ થાય નહિ તેથી એ મતના શાસ્ત્રનો નિષેધ કર્યો છે. ॥૩૫॥ **(૧૬૮)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૩૬

❖સંવત ૧૮૮૦ના ભાદરવા સુદિ ૧૫ પૂનમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે પ્રશ્ન-ઉત્તર કરો. ત્યારે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો
૧ જે, **(૧)** જે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે તેનો શો ઉપાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો ઉપાય તો ચાર પ્રકારનો છે. તેમાં એક તો જેના **ચિત્તનો ચોંટવાનો સ્વભાવ** હોય તે જ્યાં ચોંટાડે ત્યાં ચોંટી જાય તે જેમ પુત્ર-કળત્રાદિકમાં ચોંટે છે તેમ પરમેશ્વરમાં પણ

ચોંટે માટે એક તો એ ઉપાય છે, અને બીજો ઉપાય એ છે જે અતિશે **શૂરવીરપણું,** તે શૂરવીરપણું જેના હૈયામાં હોય ને તેને જો ભગવાન વિના બીજો ઘાટ થાય તો પોતે શૂરવીર ભક્ત છે માટે તેના હૃદયમાં અતિશે વિચાર ઊપજે તે વિચારે કરીને ઘાટ માત્ર ટાળીને અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખે છે. અને ત્રીજો ઉપાય તે **ભય** છે તે જેના હૃદયને વિષે જન્મ, મૃત્યુ ને નરકચોરાશી તેની બીક અતિશે રહેતી હોય તે બીકે કરીને ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખે છે. અને ચોથો ઉપાય તે **વૈરાગ્ય** છે, તે જે પુરુષ વૈરાગ્યવાન હોય તે સાંખ્યશાસ્ત્રને જ્ઞાને કરીને દેહ થકી પોતાના આત્માને જુદો સમજીને તે આત્મા વિના બીજા સર્વ માયિક પદાર્થને અસત્ય જાણીને પછી તે આત્માને વિષે પરમાત્માને ધારીને તેનું અખંડ ચિંતવન કરે અને એ ચાર ઉપાય વિના તો જે ઉપર ભગવાન કૃપા કરે તેની તો વાત ન કહેવાય પણ તે વિના બીજા તો અનંત ઉપાય કરે તો પણ ભગવાનને વિષે અખંડ વૃત્તિ રહે નહિ અને ભગવાનને વિષે અખંડ વૃત્તિ રહેવી તે તો ઘણું ભારે કામ છે તે જેને અનેક જન્મનાં સુકૃત ઉદે થયાં હોય તેને ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે છે ને બીજાને તો અખંડ વૃત્તિ રાખવી મહા દુર્લભ છે, એવી રીતે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવાની વાત કરી. **(૧)** ૧

૨ ને પછી **શ્રીજીમહારાજ બોલ્યા જે, (૨) આ સંસારને વિષે માયા માયા કહે છે તે માયાનું રૂપ અમે જોઈ લીધું છે. જે ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત રહે છે તે જ માયા છે અને આ જીવને પોતાનો જે દેહ ને દેહનાં સગાં-સંબંધી ને દેહનું ભરણ-પોષણ કરનારો એટલાને વિષે તો જેવું પંચવિષયમાં જીવને અતિશે હેત છે તે થકી પણ વિશેષે હેત છે. માટે જેને દેહ ને દેહનાં સગાં-સંબંધી ને દેહનું ભરણ-પોષણ કરનારા એમાંથી સ્નેહ તૂટ્યો તે પુરુષ ભગવાનની માયાને તરી રહ્યો છે અને જે પુરુષને ભગવાન વિના બીજામાંથી હેત તૂટે છે તેને જ ભગવાનને વિષે હેત થાય છે અને જ્યારે ભગવાનને વિષે હેત થયું ત્યારે તેની ભગવાનમાં અખંડ વૃત્તિ રહે છે ને જ્યારે ભગવાનમાં અખંડ વૃત્તિ રહી ત્યારે તેને બીજું કાંઈ કરવું રહ્યું નથી; તે તો કૃતાર્થ થયો છે. (૨)** ઇતિ વચનામૃતમ્ **॥૩૬॥ (૧૬૯)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. બીજું કૃપાવાક્ય છે, તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે જેના ચિત્તનો ચોંટવાનો સ્વભાવ, શૂરવીરપણું, ભય ને વૈરાગ્ય હોય તેઓને તથા જેના ઉપર અમે કૃપા કરીએ તથા પૂર્વનો સંસ્કારી હોય તે સર્વને અમારી મૂર્તિમાં અખંડ વૃત્તિ રહે છે. **(૧)** બીજામાં અમારા વિના બીજે હેત રહે તે માયા છે ને બીજેથી હેત તૂટીને અમારે વિષે હેત થાય તે માયાને તરી રહ્યો છે. **(૨)** બાબતો છે. **॥૩૬॥ (૧૬૯)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૩૭

❖સંવત ૧૮૮૦ના ભાદરવા વદિ ૧ પડવાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** ગીતામાં કહ્યું છે જે જ્ઞાની હોય તે પણ પોતાની પ્રકૃતિ સરખું આચરણ કરે, અને શાસ્ત્રે કહ્યો એવો જે નિગ્રહ તેનું જોર ચાલે નહિ. માટે એ સ્વાભાવિક પ્રકૃતિ છે તે શે ઉપાયે કરીને ટળે ? પછી સર્વે જે મુનિમંડળ તેણે વિચારી જોયું, પણ શ્રીજીમહારાજના પ્રશ્નનો ઉત્તર થાય એમ જણાણું નહિ, પછી શ્રીજીમહારાજ બોલ્યા જે એનો ઉત્તર એમ છે જે, **એ સ્વભાવ મુકાવ્યા સારુ જે સત્પુરુષ ઉપદેશ કરતા હોય, તેના વચનને વિષે અતિશે વિશ્વાસ હોય અને ઉપદેશના કરનારાની ઉપર સાંભળનારાને અતિશે પ્રીતિ હોય, અને ઉપદેશનો કરનારો હોય તે ગમે તેટલાં દુઃખવીને કઠણ વચન કહે તો પણ તેને હિતકારી જ માનતો જાય, તો સ્વાભાવિક જે પ્રકૃતિ છે તે પણ નાશ થઈ જાય, પણ એ વિના બીજો કોઈ ઉપાય નથી,** માટે **જેને પોતાની પ્રકૃતિ ટાળ્યાની ઈચ્છા હોય, તેને પરમેશ્વર તથા સત્પુરુષ તે સ્વભાવ ટાળ્યા સારુ ગમે તેટલા તિરસ્કાર કરે, ને ગમે તેવાં કઠણ વચન કહે તો પણ કોઈ રીતે દુઃખાવું નહિ, ને કહેનારાનો ગુણ જ લેવો એવી રીતે વર્તે તો કોઈ રીતે ન ટળે એવી પ્રકૃતિ હોય તો ય પણ ટળી જાય છે. (૧)** ઈતિ વચનામૃતમ્ **॥૩૭॥(૧૭૦)** ૧

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમે ને અમારા સંત તિરસ્કાર કરીએ તો પણ ગુણ લે, ને દુઃખાય નહિ તો ન ટળે એવી પ્રકૃતિ હોય તે પણ ટળી જાય. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** આમાં જ્ઞાની હોય તે પણ પોતાની પ્રકૃતિ સરખું આચરણ કરે એમ કહ્યું, અને (**વ૦ ૧૭**ના પહેલા પ્રશ્નમાં) ઈન્દ્રિયોને જીતે તેને જ્ઞાની કહ્યો છે, માટે આમાં કહ્યું તે જ્ઞાન કેવું જાણવું ? અને એમાં કહ્યું તે કેવું જાણવું ?

૧ **ઉ૦** આમાં સાર-અસારને જાણે પણ દેહાદિક સર્વે પદાર્થને દુઃખદાયી જાણીને તેમાં દોષબુદ્ધિ થઈ ન હોય, તેથી પ્રકૃતિ વશ ન રહે માટે તે અપક્વ જ્ઞાન જાણવું, અને (**વ૦ ૧૭**માં) શ્રીજીમહારાજ વિના બીજું સર્વે અસત્ય ને દુઃખદાયી જાણીને તેને વિષે દોષદૃષ્ટિ થઈ હોય અને તે પદાર્થનો અતિશે અભાવ થઈ ગયો હોય તેવું જ્ઞાન કહ્યું છે, માટે તે પરિપક્વ જ્ઞાન જાણવું. **॥૩૭॥ (૧૭૦)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૩૮

❖સંવત ૧૮૮૦ના ભાદરવા વદિ ૬ છઠ્ઠને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ **પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) સંસારી જીવ છે તેને તો કોઈ ધન દેનારો મળે કે દીકરો દેનારો મળે તો ત્યાં તુરત પ્રતીતિ આવે અને ભગવાનના ભક્ત હોય તેને તો જંત્ર-મંત્ર, નાટક-ચેટકમાં ક્યાંય પ્રતીતિ આવે જ નહિ અને જે હરિભક્ત હોય ને જંત્ર-મંત્રમાં પ્રતીતિ કરે તે સત્સંગી હોય તો પણ અર્ધો વિમુખ જાણવો અને જે સાચા ભગવાનના ભક્ત હોય તે ઘણા હોય નહિ;** યથાર્થ ભગવાનના ભક્ત તો કારિયાણી ગામમાં **માંચો ભક્ત** હતા તે સત્સંગ થયા મોર માર્ગીના પંથમાં હતા તો પણ નિષ્કામી વર્તમાનમાં ફેર પડ્યો નહિ અને પોતે બાળબ્રહ્મચારી રહ્યા અને કોઈક કીમિયાવાળો પોતાને ઘેર આવીને ઊતર્યો હતો તેણે

ત્રાંબામાંથી રૂપું કરી દેખાડ્યું ને પછી એ ભક્તને કહ્યું જે તમે સદાવ્રતી છો માટે તમને આ બુટી બતાવીને રૂપું કરતાં શીખવું પછી એ ભક્તે લાકડી લઈને તેને ગામ બહાર કાઢી મૂક્યો અને તેને એમ કહ્યું જે અમારે તો ભગવાન વિના બીજા પદાર્થની ઇચ્છા નથી પછી એ ભક્તને સત્સંગ થયો ત્યારે ભગવાનના એકાંતિક ભક્ત થયા. **(૧)** માટે જે એકાંતિક ભક્ત હોય તેને **૧**
એક તો આત્મનિષ્ઠા હોય ને બીજો વૈરાગ્ય હોય ને ત્રીજો પોતાનો ધર્મ દૃઢપણે હોય ને ચોથી શ્રીકૃષ્ણ ભગવાનને વિષે અત્યંત ભક્તિ હોય ને તે એકાંતિક ભક્ત જ્યારે દેહ મૂકે ત્યારે તેનો શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રવેશ થાય છે. **(૨)** અને જે એકાંતિક ન હોય તેનો તો બ્રહ્માદિકમાં **૨**
પ્રવેશ થાય છે અથવા સંકર્ષણાદિકને વિષે પ્રવેશ થાય છે, પણ એકાંતિક થયા વિના શ્રીકૃષ્ણ વાસુદેવમાં પ્રવેશ થાતો નથી તે પ્રવેશ તે એમ સમજવો જે, જેમ અતિશે લોભી હોય તેનો ધનમાં પ્રવેશ થાય છે અને જેમ અતિ કામી હોય તેનો મનગમતી સ્ત્રીમાં પ્રવેશ થાય છે ને જેમ ઘણીક દોલતવાળો હોય ને તે વાંઝિયો હોય ને તેને દીકરો આવે તેનો દીકરામાં પ્રવેશ થાય છે તેમ એવી રીતે જેનો જીવ જે સંગાથે બંધાણો હોય તેને વિષે તેનો પ્રવેશ જાણવો પણ જેમ જળમાં જળ મળી જાય છે ને અગ્નિમાં અગ્નિ મળી જાય છે તેમ પ્રવેશ નથી થાતો; એ તો જેનો જેને વિષે પ્રવેશ હોય તેને પોતાના ઇષ્ટદેવ વિના બીજા કોઈ પદાર્થને વિષે હેત ઊપજે નહિ ને એક તેની જ રટના લાગી રહે ને તે વિના જીવે તે મહાદુઃખના દિવસ ભોગવીને જીવે પણ સુખ ન થાય. **(૩)** ઇતિ વચનામૃતમ્ **॥૩૮॥ (૧૭૧)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે જંત્ર-મંત્રમાં પ્રતીતિ કરે તે સત્સંગી અર્ધો વિમુખ છે. **(૧)** અને આત્મનિષ્ઠા, વૈરાગ્ય ધર્મ ને અમારે વિષે અત્યંત ભક્તિ એ ચાર વાનાં હોય તે અમારો એકાંતિક ભક્ત છે અને તે ભક્ત દેહ મૂકે ત્યારે તેનો અમારે વિષે પ્રવેશ થાય છે અને એકાંતિક ન હોય તેનો બ્રહ્મા અથવા સંકર્ષણાદિકને વિષે પ્રવેશ થાય છે. **(૨)** અને એવા એકાંતિક ભક્તને દેહમાં હોય ત્યાં સુધી લોભી, કામી ને વાંઝિયાની પેઠે અમારી જ રટના રહે છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજી બાબતમાં એકાંતિક ભક્તનો અમારે વિષે પ્રવેશ થાય છે એમ કહ્યું અને ત્રીજીમાં જળમાં જળ ને અગ્નિમાં અગ્નિ મળે તેમ પ્રવેશ નથી થતો એમ કહ્યું ત્યારે કેવી રીતે થતો હશે ?

૧ **ઉ૦** ભક્તનો ચૈતન્ય શ્રીજીમહારાજને ધ્યાને કરીને કીટભ્રમરવત્ તદાકારભાવને પામી જાય છે તો પણ શ્રીજીમહારાજ તથા ભક્ત તે એક થઈ જતા નથી; શ્રીજીમહારાજની મૂર્તિમાં એ ભક્ત વસ્તુતાએ જુદા રહે છે ને શ્રીજીમહારાજને વિષે સ્વામી-સેવકભાવ રહે છે. પણ જળમાં જળ ને અગ્નિમાં અગ્નિ એક થઈ જાય ને તેમાં જેમ જુદાપણું રહેતું નથી એવી રીતે પ્રવેશ નથી થતો અને એવો જે એકાંતિક ભક્ત તે દેહમાં રહ્યો હોય ત્યાં સુધી તેને કામી, લોભી ને વાંઝિયાની પેઠે શ્રીજીમહારાજની જ રટના રહે છે.

૨ **પ્ર૦** શ્રીજીમહારાજનો ભક્ત શ્રીજીમહારાજને વિષે લીન થાય છે એવું આ વિના બીજા કિયા વચનામૃતમાં કહ્યું છે ?

૨ **ઉ૦** (**સા૦ ૧૧**ના ૧/૨ પહેલા પ્રશ્નમાં તથા **છે૦ ૩૩**ના ૨/૩ બીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજને વિષે લીન થાય છે એમ કહ્યું છે તે જેને સાધનકાળમાં અનાદિમુક્તના યોગે કરીને મૂર્તિમાં લીન રહેવાની સમજણ થઈ હોય તે શ્રીજીમહારાજની મૂર્તિમાં રહે છે અને જેને પરમએકાંતિકનો યોગ મળ્યો હોય તેને શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામમાં રહેવાની સમજણ થઈ હોય તે અક્ષરધામમાં શ્રીજીમહારાજને સન્મુખ રહે છે.

૩ **પ્ર૦** આ વર્તમાનકાળે તો શ્રીજીમહારાજની ઇચ્છાથી આપ અનાદિમુક્ત મનુષ્યરૂપે પ્રત્યક્ષ બિરાજો છો પણ જ્યારે આપ

જેવા અનાદિમુક્ત તથા પરમએકાંતિક મુક્ત આ સત્સંગમાં મનુષ્યરૂપે વિચરતા ન હોય ત્યારે આ ગ્રંથમાંથી તેવી સમજણ થાય કે કેમ ? અને એવી સ્થિતિ ને પામે કે કેમ ? કેમ જે (**પ્ર૦ ૬૦**ના ૨/૩ બીજા પ્રશ્નમાં) જેને અમારે વિષે સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને પમાતો નથી તથા (**૬૪**/૫માં) જેને અમારા સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય તે થકી આ વાર્તા પમાય છે તથા (**મ. ૧૩**/૩માં) જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી આ વાત સમજ્યામાં આવે છે પણ બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી એમ કહ્યું છે, માટે તેવી સમજણ ને તેવી સ્થિતિ વચનામૃતની આ રહસ્યાર્થ-પ્રદીપિકામાંથી પમાય કે કેમ ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજને જેવા છે તેવા સમજી શકાય તે સારુ અમે આ ટીકા કરી છે, માટે આ ટીકામાંથી શ્રીજીમહારાજને સર્વના કારણ, સર્વના કર્તા, સદા સાકાર દિવ્ય મૂર્તિમાન ને બ્રહ્મકોટી, મૂળઅક્ષરકોટી તેથી પર શ્રીજીમહારાજના પરમએકાંતિકમુક્ત તથા અનાદિમુક્ત તે સર્વેથી પર ને તે સર્વેના આધાર ને તે સર્વના સ્વામી ને સર્વને સુખના દાતા ને સર્વ સુખમય મૂર્તિ એવા જાણે ને તે જ આ પ્રત્યક્ષ શ્રીજીમહારાજ પ્રતિમારૂપે સાક્ષાત્ વિરાજમાન છે એવી રીતે સમજીને શ્રીજીમહારાજની મૂર્તિની મર્યાદા રાખીને (**લો૦ ૧૧**ના ચોથા પ્રશ્નોત્તરમાં) કહ્યું છે તેવી રીતે શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરશે ને સત્સંગીજીવનમાં, ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ, શિક્ષાપત્રી, જનશિક્ષા, બૃહદ્‌ધર્મ, નારાયણગીતા આદિકમાં જેના જેના ધર્મ જેવી જેવી રીતે કહ્યા છે તથા આ ગ્રંથમાં ત્યાગી-ગૃહી આદિક સર્વેના ધર્મ તથા જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ઉપાસના, મહિમા સમજવાના ઉપાય કહ્યા છે તે પ્રમાણે સમજશે ને તે વર્તશે તે સર્વે એવી સ્થિતિને પામશે.

૪ **પ્ર૦** ત્રીજી બાબતમાં એકાંતિક ન હોય તેનો બ્રહ્માદિકમાં અથવા સંકર્ષણાદિકને વિષે પ્રવેશ કહ્યો તે બ્રહ્મા તથા સંકર્ષણાદિક કિયાં જાણવાં ?

૪ **ઉ૦** એકાંતિકપણામાં ન્યૂનતા છે માટે વૈરાજબ્રહ્મા ને તેથી પર સગુણ જે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ તેમના લોકને પામે. તે જ્યારે શ્રીજીમહારાજ આ લોકને વિષે પધારે ત્યારે તે પણ તે તે લોકોમાંથી સત્સંગમાં આવે ને જ્યારે એકાંતિક થાય ત્યારે આત્યંતિક કલ્યાણ થાય. **॥૩૮॥ (૧૭૧)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૩૯

❖સંવત ૧૮૮૦ના ભાદરવા વદિ ૧૦ દશમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાંથી ઘોડીએ ચડીને શ્રીલક્ષ્મીવાડીએ પધાર્યા હતા, પછી ત્યાં ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને તે ઉપર વિરાજમાન થયા હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** દેશ, કાળ, ક્રિયા, સંગાદિકે કરીને પણ જે પોતામાં એવો ગુણ હોય જે જાય જ નહિ એવો જેને જે સ્વાભાવિક ગુણ હોય તે કહો. એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, લો અમે અમારામાં એવા સ્વાભાવિક ગુણ રહ્યા છે તે કહીએ જે, **એક તો** અમારે એમ વર્તે છે જે પંચ પ્રકારના વિષય સંબંધી જે જે પદાર્થ છે તેનો દેહે કરીને સૂઝે એટલો યોગ થાય તો પણ તેનો મનમાં ઘાટ ન થાય તથા સ્વપ્નમાં પણ ન આવે. અને **બીજો** એમ જે બહારથી સૂઝે એટલી પ્રવૃત્તિમાં રહ્યા હોઈએ, પણ જ્યારે અંતર્દષ્ટિ કરીને પોતાના આત્મા સામું જોઈએ તો કાચબાના અંગની પેઠે સર્વે વૃત્તિ સંકોચાઈને આત્મસ્વરૂપને પામી જાય ને પરમસુખરૂપે વર્તાય. અને **ત્રીજો** એમ જે ચૈતન્યરૂપ ને તેજોમય એવું જે ભગવાનનું અક્ષરધામ છે તેમાં સદા સાકાર મૂર્તિ એવા શ્રીકૃષ્ણ વાસુદેવ વિરાજમાન છે ને તે સાકાર થકા જ સર્વના કર્તા છે, પણ નિરાકાર થકી તો કાંઈ થાતું નથી એવી રીતે સાકારની

દૃઢ પ્રતીતિ છે, તે કેટલાક વેદાંતના ગ્રંથ વંચાવ્યા ને સાંભળ્યા તો પણ એ પ્રતીતિ ટળી નહિ. અને **ચોથો** એમ જે, જે **કોઈ બાઈ-ભાઈ હોય ને તેની કોરનું એમ અમારે જાણ્યામાં આવે જે આ તો ઉપરથી દંભે કરીને ભગવાનની ભક્તિ કરે છે, પણ એ સાચો ભગવાનનો ભક્ત નથી તો તેને દેખીને મન રાજી ન થાય ને તેની સાથે સુવાણ પણ ન થાય ને જે ખરેખરો ભગવાનનો ભક્ત હોય તેને દેખીને જ મન રાજી થાય ને તેની સાથે જ સુવાણ થાય.** એ ચાર ગુણ અમારે વિષે સ્વાભાવિકપણે રહ્યા છે તે કહ્યા ને હવે તમે સર્વે કહો. પછી જે મોટેરા પરમહંસ તથા મોટેરા હરિભક્ત હતા તેમણે જેમાં જે ગુણ એવો હતો તે કહી દેખાડ્યો. **(૧)** ૧
પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **જે મોટેરો હોય તેને વિષે નિષ્કામરૂપ ધર્મ છે તે અવશ્ય જોઈએ ને બીજી વાતમાં તો કાંઈક કાચ્યપ હોય તો ચાલે પણ એની તો દૃઢતા અતિશે જોઈએ કેમ જે એ મોટેરો છે તેની સારપે સર્વેની સારપ કહેવાય. (૨)** ૨

એવી રીતે વાર્તા કરીને પાછા દાદાખાચરના દરબારમાં પધારીને સંધ્યા આરતી, નારાયણ ધૂન, સ્તુતિ કરીને પછી સર્વે સાધુ તથા હરિભક્તની સભા થઈ, પછી શ્રીજીમહારાજે મોટેરા
૨ પરમહંસને પૂછ્યું જે, **(૨)** અમે પંચમસ્કંધ તથા દશમસ્કંધનું અતિશે પ્રતિપાદન કર્યું છે માટે એ બે ગ્રંથનું જે રહસ્ય તે જેમ તમને સમજ્યામાં આવ્યું હોય તે કહો ત્યારે મોટેરા સર્વે પરમહંસે પોતપોતાની સમજણ પ્રમાણે જેમ જણાણું તેમ કહી દેખાડ્યું. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો હવે અમે એ બે ગ્રંથનું રહસ્ય કહીએ જે, રહસ્ય તે શું તો ગમે એવો શાસ્ત્રી હોય, પુરાણી હોય, અતિશે બુદ્ધિવાળો હોય તે પણ સાંભળીને તે વાર્તાને નિશ્ચે સત્ય માને ને હા પાડે, પણ તેને કોઈ રીતે સંશય ન રહે જે એ વાર્તા એમ નહિ હોય એવી રીતે જે કહી દેખાડવું તેનું નામ રહસ્ય કહેવાય. અને એ બે ગ્રંથમાં દશમસ્કંધનું તો એ રહસ્ય છે જે ઉપનિષદ્, વેદાંત ને શ્રુતિ, સ્મૃતિ તેમાં જેને બ્રહ્મ કહ્યા છે, જ્યોતિસ્વરૂપ કહ્યા છે, જ્ઞાનરૂપ કહ્યા છે, તત્ત્વ કહ્યા છે, સૂક્ષ્મ કહ્યા છે, ને નિરંજન, ક્ષેત્રજ્ઞ, સર્વે કારણ, પરબ્રહ્મ, પુરુષોત્તમ, વાસુદેવ, વિષ્ણુ, નારાયણ, નિર્ગુણ એવે એવે નામે કરીને જેને પરોક્ષપણે કહ્યા છે, તે તે આ પ્રત્યક્ષ વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણવાસુદેવ છે. એવી રીતે જ્યાં જ્યાં સ્તુતિ ભાગ છે ત્યાં ત્યાં એવા એવા સ્તુતિના શબ્દને લઈને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનને જ કહ્યા છે, પણ શ્રીકૃષ્ણ ભગવાનથી અધિક કાંઈ નથી કહ્યું. તથા સર્વે જગતની ઉત્પતિ, સ્થિતિ, પ્રલયના કર્તા તે પણ શ્રીકૃષ્ણ ભગવાન જ છે એમ કહ્યું છે. અને પંચમસ્કંધને વિષે તો એ શ્રીકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય કહ્યું છે તથા એ શ્રીકૃષ્ણ ભગવાન જે તે આ જગતની સ્થિતિને અર્થે પોતાના ભક્તજનને સુખ આપવાને અર્થે અનેક પ્રકારની મૂર્તિઓને ધારીને ખંડ ખંડ પ્રત્યે રહ્યા છે એમ કહ્યું છે અને પોતે બાંધી જે મર્યાદાઓ તેને વિષે જે રહે તે અતિશે મોટપને પામે ને જે ન રહે તે મોટા હોય તો પણ પોતાની સ્થિતિ થકી પડી જાય અને જે સાધારણ જીવ હોય ને તે મર્યાદાને લોપે તો તેને અધોગતિ થાય છે એમ કહ્યું છે. અને એ જ જે શ્રીકૃષ્ણવાસુદેવ

તેણે વાસુદેવ દેવકીને પ્રત્યક્ષ ચતુર્ભુજરૂપે અદ્‌ભુત બાળક થકા દર્શન દીધું એ અનાદિ વાસુદેવરૂપ છે અને એ શ્રીકૃષ્ણ ભગવાન ધર્મ, અર્થ, કામને વિષે વર્ત્યા છે તે ધર્મ, અર્થ, કામ સારુ જે જે ભગવાને ચરિત્ર કર્યાં તેનું જે ગાન કરે અથવા શ્રવણ કરે તે સર્વે જીવ સર્વ પાપ થકી મુકાઈને પરમપદને પામે છે. અને એ વાસુદેવ ભગવાનનાં જન્મ, કર્મ ને મૂર્તિ એ સર્વે દિવ્ય સ્વરૂપ છે અને એ જે વાસુદેવ શ્રીકૃષ્ણ તે જ સર્વોપરી છે એવી રીતે એ બે ગ્રંથનું રહસ્ય છે. અને જે શુકજી જેવા બ્રહ્મસ્થિતિને પામ્યા હોય તેને પણ એ શ્રીકૃષ્ણ પરબ્રહ્મની ઉપાસના-ભક્તિ કરવી. ને દશમમાં કહ્યાં જે શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્ર તે શુકજી જેવાને પણ ગાવવાં ને સાંભળવાં, તે શુકજીએ જ કહ્યું છે જે :-

**પરિનિષ્ઠિતોઽપિ નૈર્ગુણ્યે ઉત્તમશ્લોકલીલયા ।**
**ગૃહીત ચેતા રાજર્ષે આખ્યાનં યદધીતવાન્ ॥૧॥**

અને એવા જે વાસુદેવ ભગવાન તેના આકારને વિષે દૃઢ પ્રતીતિ રાખવી અને જો ભગવાનના આકારને વિષે દૃઢ પ્રતીતિ હશે ને કદાચિત્ એ જીવ કાંઈક પાપ કરશે તો પણ એનો ઉદ્ધાર થાશે કેમ જે પાપ કરે તેનું તો પ્રાયશ્ચિત્ત કહ્યું છે પણ ભગવાનને જે નિરાકાર સમજે એ તો પંચમહાપાપ કરતાં પણ અતિ મોટું પાપ છે; એ પાપનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી. અને ભગવાનને સાકાર જાણીને નિષ્ઠા રાખી હોય ને કદાચિત્ તેથી કાંઈક પાપ થઈ ગયું હોય તો એનો શો ભાર છે ? એ પાપ તો ભગવાનને પ્રતાપે કરીને સર્વે બળી જાશે ને એનો જીવ ભગવાનને પામશે. માટે ભગવાનના આકારને વિષે દૃઢ પ્રતીતિ રાખીને એની દૃઢ ઉપાસના કરવી એમ અમે તમને સર્વેને કહીએ છીએ તે વાર્તાને સર્વે દૃઢ કરીને રાખજો. એવી રીતે શ્રીજીમહારાજ સર્વેને શિક્ષાવચન કહીને ભોજન કરવા સારુ પધાર્યા. **(૩)** ઇતિ વચનામૃતમ્ **૩ ॥૩૯॥ (૧૭૨)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારા એકાંતિક ભક્તને અમારા વિના બીજા પદાર્થનો ઘાટ થાતો નથી ને સ્વપ્નમાં પણ આવતાં નથી ને પ્રવૃત્તિમાં રહ્યા હોય. પણ અંતર્દૃષ્ટિ કરે ત્યારે આત્મસ્વરૂપને પામીને પરમસુખરૂપે વર્તાય ને અમને સદા સાકાર જાણે અને જે દંભે કરીને અમારી ભક્તિ કરતો હોય તેના ઉપર રાજી ન થાય ને સાચા ભક્તને દેખીને જ રાજી થાય એવા સ્વાભાવિક ગુણ અમારા એકાંતિક ભક્તને વિષે રહ્યા છે. **(૧)** અને મોટેરા હોય તેને નિષ્કામ વ્રતની અતિશે દૃઢતા કરવી. **(૨)** બીજામાં પરોક્ષ શ્રીકૃષ્ણને દૃષ્ટાંતે કરીને પોતાનો મહિમા કહ્યો છે જે જેમ દશમ સ્કંધમાં અનેક નામે કરીને વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણને જ કહ્યા છે અને સર્વ કર્તા કહ્યા છે તેમ વચનામૃત, સત્સંગીજીવન, સત્સંગીભૂષણ, હરિલીલાકલ્પતરુ, હરિદિગ્વિજય આદિક સાંપ્રદાયિક ગ્રંથોમાં નારાયણ, વિષ્ણુ, પરમાત્મા, પુરુષોત્તમ, વાસુદેવ, નરનારાયણ, નીલકંઠ, હરિ, હરિકૃષ્ણ, શ્રીકૃષ્ણ, ઘનશ્યામ, સહજાનંદ, નારાયણમુનિ, બ્રહ્મ, પરબ્રહ્મ, પૂર્ણબ્રહ્મ ઇત્યાદિક વિશેષણોએ કરીને સાક્ષાત્ દિવ્યવિગ્રહ સદા સાકાર મૂર્તિ શ્રી સ્વામિનારાયણ ભગવાન જે અમે તે અમને જ કહ્યા છે એમ જાણવું અને પંચમસ્કંધમાં જેમ એ શ્રીકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય કહ્યું છે તેમ અમારા સાંપ્રદાયિક સર્વે ગ્રંથોમાંથી અમને સર્વ કર્તા સમજવા અને સર્વેને આત્યંતિક મોક્ષરૂપી સુખ દેવાને અર્થે અનેક પ્રકારે અનંત બ્રહ્માંડમાં મૂર્તિઓ ધારણ કરીને ધર્મ-મર્યાદા બાંધીએ છીએ. તેમાં જે રહે તે અતિ મોટપ પામે ને તે મર્યાદા લોપે તો અતિ મોટો હોય તે પોતાની સ્થિતિમાંથી પડી જાય છે ને સાધારણ હોય તે અધોગતિને પામે છે. અને અમારાં જન્મ-કર્મ દિવ્ય છે

તે અમારા ચરિત્રનું ગાન શ્રવણ કરે તે સર્વ પાપથી મુકાઈને પરમપદ જે અમારું અક્ષરધામ તેને પામે છે. અને સર્વ નામના નામી, સર્વ અવતારોના કારણ અવતારી અને મૂળપુરુષ જે ઈશ્વરકોટી, બ્રહ્મકોટી, મૂળઅક્ષરકોટી, ને તેથી પર જે અમારા મુક્ત તે સર્વેથી પર ને તે સર્વેના નિયંતા પ્રત્યક્ષ ભગવાન છીએ. આવી રીતે અમારો મહિમા જાણીને નિષ્ઠા રાખે તે અંતે અક્ષરધામને પામે છે. **(૩)** બાબતો છે. ॥૩૯॥ **(૧૭૨)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૪૦

❖ સંવત ૧૮૮૦ના આસો વદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાનાને ઉતારાના વિષે વિરાજમાન હતા પછી સ્નાન કરીને શ્વેત વસ્ત્ર ધારણ કરીને પોતાના આસન ઉપર વિરાજમાન થયા ને પોતાનું દેવાર્ચનાદિક જે નિત્ય કર્મ તેને કરીને ઉત્તરાદે મુખે શ્રીકૃષ્ણ ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હવા તે પ્રતિદિન જેટલા દંડવત્ પ્રણામ કરતા તેથી તે દિવસે તો પોતે એક દંડવત્ પ્રણામ અધિક કર્યો;
૧ તેને જોઈને શુક મુનિએ પૂછ્યું જે, **(૧)** હે મહારાજ ! આજ તમે એક પ્રણામ અધિક કેમ કર્યો ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, નિત્ય પ્રત્યે તો અમે શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર કરીને એમ કહેતા જે, હે મહારાજ ! આ દેહાદિકને વિષે અહંમમત્વ હોય તેને તમે ટાળજ્યો અને **આજ તો અમને એવો વિચાર થયો જે ભગવાનના ભક્તનો મને, વચને ને દેહે કરીને જે કાંઈક જાણ્યે-અજાણ્યે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુઃખ થાય છે તેવું બીજે કોઈ પાપે કરીને થાતું નથી. માટે જાણે-અજાણે મને-વચને-દેહે કરીને જે કાંઈ ભગવાનના ભક્તનો દ્રોહ બણી આવ્યો હોય તેનો દોષ નિવારણ કરાવ્યા સારુ એક પ્રણામ અધિક કર્યો.** ૧
**(૧) અને અમે તો એમ જાણ્યું છે જે ભગવાનના ભક્તના દ્રોહે કરીને જેવું આ જીવનું ભૂંડું થાય છે ને એ જીવને કષ્ટ થાય છે તેવું કોઈ પાપે કરીને થાતું નથી. અને ભગવાનના ભક્તની મને-વચને-દેહે કરીને જે સેવા બણી આવે ને તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે ને એ જીવને સુખ થાય છે તેવું બીજે કોઈ સાધને કરીને થાતું નથી. (૨) અને એ ભગવાનના** ૨
**ભક્તનો જે દ્રોહ થાય છે તે લોભ, માન, ઈર્ષ્યા ને ક્રોધ એ ચારે કરીને થાય છે. અને ભગવાનના ભક્તનું જે સન્માન થાય છે તે જેમાં એ ચાર વાનાં ન હોય તેથી થાય છે. માટે જેને આ દેહે કરીને પરમ સુખિયા થાવું હોય ને દેહ મૂક્યા કેડે પણ પરમ સુખિયા થાવું હોય તેને ભગવાનના ભક્તનો મને-વચને-દેહે કરીને દ્રોહ ન કરવો, અને જો ભગવાનના ભક્તનો કાંઈક દ્રોહ થઈ જાય તો તેની વચને કરીને પ્રાર્થના કરવી ને મને કરીને ને દેહે કરીને તેને દંડવત્ પ્રણામ કરવા ને ફરીને દ્રોહ ન થાય એવી રીતે વર્ત્યાનો આદર કરવો, પણ એકવાર દ્રોહ કરીને દંડવત્ પ્રણામ કર્યા ને વળી ફરીને દ્રોહ કરીને દંડવત્ પ્રણામ કરવા એવી રીતે વર્તવું નહિ. અને આ વાર્તા દાડી સાંભરતી રહે તે સારુ આજથી સર્વે સંત તથા સર્વે હરિભક્ત માત્ર એવો નિયમ રાખજ્યો જે, ભગવાનની પૂજા કરીને પોતાના નિત્ય નિયમના જે દંડવત્ પ્રણામ હોય તે કરવા ને તે પછી બધા દિવસમાં જે કાંઈ જાણે-અજાણે મને-વચને-દેહે કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થયો હોય તેનું નિવારણ કરાવવા સારુ**

**એક દંડવત્ પ્રણામ નિત્યે કરવો એમ અમારી આજ્ઞા છે તેને સર્વે પાળજ્યો. (૩)** ઇતિ ૩ વચનામૃતમ્ ॥૪૦॥ (૧૭૩)

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન (૧) છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે જાણે-અજાણે અમારા ભક્તનો દ્રોહ થઈ ગયો હોય તેના નિવારણ સારુ અમારી પૂજા કરતી વખતે અમને એક પ્રણામ અધિક કરવો. (૧) અને અમારા ભક્તના દ્રોહે કરીને ભૂંડું થાય છે અને સેવાએ કરીને રૂડું થાય છે. (૨) અને લોભ, માન, ઈર્ષા ને ક્રોધ એ ચાર વડે કરીને અમારા ભક્તનો દ્રોહ થાય છે. (૩) બાબતો છે.

૧. **પ્ર૦** પહેલી બાબતમાં શ્રીજીમહારાજ નિત્ય કર્મ કરતા હવા એમ કહ્યું તેનો શો હેતુ હશે ?

૧ ઉ૦ પોતાના આશ્રિતોને શીખવવાને અર્થે શ્રીજીમહારાજની સર્વે ક્રિયાઓ છે. ॥૪૦॥ (૧૭૩)

## વચનામૃત ગઢડા મધ્યનું - ૪૧

❖સંવત ૧૮૮૦ કાર્તિક વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે પીળાં પુષ્પના હાર પહેર્યા હતા ને પાઘને વિષે પીળાં પુષ્પના તોરા ખોસ્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ કૃપા કરીને પોતાના ભક્તજનને ઉપદેશ કરતા થકા બોલ્યા જે, (૧) **જેને પરમેશ્વર ભજવા હોય તેને ભગવાનની અથવા ભગવાનના ભક્તની સેવા-ચાકરી મળે ત્યારે પોતાનું મોટું ભાગ્ય માનીને તે સેવા કરવી તે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ને પોતાના કલ્યાણને અર્થે ભક્તિએ કરીને જ કરવી, પણ કોઈક વખાણે તે સારુ ન કરવી. અને જીવનો તો એવો સ્વભાવ છે જે જેમાં પોતાને માન જડે તે જ કરવું સારું લાગે, પણ માન વિના એકલી તો ભગવાનની ભક્તિ કરવી પણ સારી લાગે નહિ, અને જેમ શ્વાન હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે, પછી તેણે કરીને પોતાનું મોઢું છોલાય ને તે હાડકું લોહિયાળું થાય, તેને ચાટીને રાજી થાય છે, પણ મૂર્ખ એમ નથી જાણતો જે મારા જ મોઢાનું લોહી છે તેમાં હું સ્વાદ માનું છું, તેમ ભગવાનનો ભક્ત હોય તો પણ માનરૂપી હાડકાને મૂકી શકતો નથી અને જે જે સાધન કરે છે તે માનને વશ થઈને કરે છે, પણ કેવળ ભગવાનની ભક્તિ જાણીને ભગવાનની પ્રસન્નતાને અર્થે કરતો નથી અને ભગવાનની ભક્તિ કરે છે તેમાં પણ માનનો સ્વાદ આવે છે, ત્યારે કરે છે પણ કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે નથી કરતો અને માન વિના કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ તો રતનજી તથા મિયાંજી જેવા કોઈક જ કરતા હશે પણ સર્વેથી તો માનનો સ્વાદ મૂકી શકાતો નથી.** પછી તે ઉપર મુક્તાનંદ સ્વામીએ તુલસીદાસની સાખી કહી જે :-

**કનક તજ્યો કામની તજ્યો, તજ્યો ધાતુકો સંગ;**
**તુલસી લઘુ ભોજન કરી, જીવે માનકે રંગ.**

એ સાખીને સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, **જેવો જીવને માનમાંથી સ્વાદ આવે છે તેવો તો કોઈ પદાર્થમાંથી આવતો નથી માટે માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે હરિભક્તમાં અતિશે મોટો જાણવો. (૧)** ઇતિ વચનામૃતમ્ ॥૪૧॥ (૧૭૪) ૧

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારા ભક્તની સેવા મળે તો મોટું ભાગ્ય માનીને કલ્યાણ તથા પ્રસન્નતાને અર્થે ભક્તિએ કરીને કરવી, પણ માને કરીને કરવી નહિ. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** માન વિના કેવળ અમારી પ્રસન્નતાને અર્થે અમારી ભક્તિ તો રતનજી તથા મિયાંજી જેવા કોઈક જ કરતા હશે એમ શ્રીજીમહારાજે કહ્યું તે શ્રીજીમહારાજની સાથે આવેલા મુક્તો તો માયાથી પર ને ચૈતન્યમૂર્તિ છે, તેમાં તો માયાનો ગુણ હોય જ નહિ ને કોઈક જ માન રહિત ભક્તિ કરતા હશે એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૧ **ઉ૦** એ તો રતનજી તથા મિયાંજીને મિષે સાધનિકને ઉપદેશ કર્યો છે, અને કોઈક જ કરતા હશે એમ કહ્યું છે, તે પણ સાધનદશાવાળા મુમુક્ષુઓમાંથી કોઈક જ કરતા હશે એમ કહ્યું છે, પણ આવેલા સિદ્ધમુક્તોને કહ્યું નથી, અને રતનજી તથા મિયાંજી પણ સાથે આવેલા મુક્ત હતા તેમને મિષે વાત કરી હોય તેણે કરીને એમને જ કહ્યું છે એમ ન જાણવું. ॥૪૧॥ (૧૭૪)

## વચનામૃત ગઢડા મધ્યનું - ૪૨

❖સંવત ૧૮૮૦ના માગશર વદિ ૧૨ દ્વાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી ભગવદાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, (૧) હે મહારાજ ! ભગવાનના એક એક રોમને વિષે અનંતકોટી બ્રહ્માંડ રહ્યાં છે તે કેઈ રીતે રહ્યાં છે ? અને બ્રહ્માંડમાં કિયે કિયે ઠેકાણે ભગવાનના અવતાર થાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પુરુષોત્તમ ભગવાનનું જે અક્ષરધામ તેના બે ભેદ છે : એક સગુણપણું ને બીજું નિર્ગુણપણું અને પુરુષોત્તમનારાયણ છે તેને તો સગુણે ન કહેવાય ને નિર્ગુણે ન કહેવાય, ને સગુણ નિર્ગુણ ભેદ તો અક્ષરને વિષે છે, તે અક્ષર નિર્ગુણપણે તો અણુ થકી પણ અતિ સૂક્ષ્મ સ્વરૂપે છે, અને સગુણ સ્વરૂપે તો જેટલું મોટું પદાર્થ કહેવાય તે થકી પણ અતિશે મોટું છે, તે અક્ષરના એક એક રોમને વિષે અણુની પેઠે અનંતકોટી બ્રહ્માંડ રહ્યાં છે; તે કાંઈ એ બ્રહ્માંડ અક્ષરને વિષે નાનાં થઈ જાતાં નથી; એ તો અષ્ટાવરણે સહવર્તમાન હોય પણ અક્ષરની અતિશે મોટપ છે, તે આગળ બ્રહ્માંડ અતિશે નાનાં દેખાય છે, જેમ ગિરનાર પર્વત છે તે મેરુ આગળ અતિશે નાનો દેખાય અને લોકાલોક પર્વતની આગળ મેરુ પર્વત અતિશે નાનો દેખાય, તેમ બ્રહ્માંડ તો આવડાં ને આવડાં હોય પણ અક્ષરની અતિશે મોટપ છે તેની આગળ અતિ નાનાં દેખાય છે માટે અણુ સરખાં કહેવાય છે. **(૧)** અને અક્ષરબ્રહ્મ તો જેમ સૂર્યનું મંડળ છે તેમ છે તે ૧
સૂર્ય જ્યારે માથે આવે ત્યારે સૂર્યને યોગે કરીને દશે દિશું કળાય છે તેમ અક્ષરધામ છે અને તે અક્ષરને ઉપર ને હેઠે ને ચારે પડખે સર્વ દિશુંમાં બ્રહ્માંડની કોટીઓ છે અને **ભગવાન જે પુરુષોત્તમ તે તો અક્ષરધામને વિષે સદાય વિરાજમાન રહે છે** ને તે સત્ય સંકલ્પ છે ને

અક્ષરધામને વિષે રહ્યા થકા જ જે જે બ્રહ્માંડમાં જે જે રૂપ પ્રકાશ્યાં જોઈએ તેવા તેવા રૂપને પ્રકાશ કરે છે. જેમ એ શ્રીકૃષ્ણ ભગવાને રાસક્રીડા કરી ત્યારે પોતે એક હતા, તે જેટલી ગોપાંગનાઓ હતી તેટલા રૂપે થયા, તેમ જ **પુરુષોત્તમ ભગવાન બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા રૂપને અક્ષરધામમાં રહ્યા થકા પ્રકાશે છે અને પોતે તો સદાય અક્ષરધામમાં રહે છે. અને જ્યાં આ પુરુષોત્તમની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે.** **(૨)** ઈતિ વચનામૃતમ્ **॥૪૨॥ (૧૭૫)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે મૂળઅક્ષરકોટી આદિકને વિષે વ્યાપકપણું તે અમારા તેજરૂપ અક્ષરધામનું નિર્ગુણપણું છે, અને એ અક્ષરકોટી આદિકને ધારવાપણું તે અક્ષરધામનું સગુણપણું છે. **(૧)** અને સૂર્યને ઠેકાણે અમારી મૂર્તિ છે, અને સૂર્યના તેજના ગોળાને ઠેકાણે અમારા તેજરૂપ અક્ષરધામ છે, અને એ અક્ષરધામને અડખે-પડખે, હેઠે-ઉપર સર્વે દિશુંમાં બ્રહ્માંડની કોટીઓ રહી છે, અને એ અક્ષરધામને વિષે અમે સદાય રહ્યા થકા જ્યાં જેવું રૂપ દેખાડ્યું જોઈએ ત્યાં તેવા રૂપને દેખાડીએ છીએ અને જ્યાં અમારી મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે, એટલે અમારા તેજરૂપ અક્ષરધામને મધ્યે અમે રહ્યા છીએ એમ કહ્યું છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** શ્રીજીમહારાજને ભગવદાનંદ સ્વામીએ તમારા એક એક રોમમાં અનંત કોટી બ્રહ્માંડ કેવી રીતે રહ્યા છે ? ને કિયે કિયે ઠેકાણે તમે પ્રગટ થાઓ છો ? એમ પૂછ્યું છે, પણ તમે સગુણ છો કે નિર્ગુણ છો એવો પ્રશ્ન પૂછ્યો નથી તો પણ શ્રીજીમહારાજે અમને સગુણ કે નિર્ગુણ ન કહેવાય એમ કહ્યું તેનું શું કારણ હશે ?

૧ **ઉ૦** (**પ્ર૦ ૭૨**ના ૧/૪ પહેલા પ્રશ્નમાં) અમારા એક એક રોમના છિદ્રમાં અનંતકોટી બ્રહ્માંડ પરમાણુની પેઠે રહ્યાં છે, એમ શ્રીજીમહારાજે કહ્યું છે તે ઉપર ભગવદાનંદ સ્વામીએ પૂછ્યું જે હે મહારાજ ! તમારા એક એક રોમમાં અનંતકોટી બ્રહ્માંડ રહ્યાં છે તે બ્રહ્માંડથી તો તમારાં રોમ મોટાં થયાં, અને તમારાં રોમથી તમારી મૂર્તિ મોટી થઈ, માટે તમે જ્યારે બ્રહ્માંડમાં પધારો ત્યારે તમારી મૂર્તિ બ્રહ્માંડમાં શી રીતે માય, એવા અભિપ્રાયથી પૂછ્યું છે. તે ઉપર શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારા પ્રકાશરૂપી અક્ષરધામ છે તે અક્ષરધામની કિરણોને અમારાં રોમ જાણવાં, તે રોમ સગુણ એટલે અતિશે મોટાં ને સર્વાધાર છે અને નિર્ગુણ એટલે સર્વત્ર વ્યાપક ને સૂક્ષ્મ તથા બીજાને સૂક્ષ્મપણાને પમાડે તેવાં છે અને અમારી મૂર્તિ તો સદાય મનુષ્યના જેવડી છે અને એ જે અમારા તેજરૂપ અક્ષરધામની કિરણોમાં અસંખ્ય બ્રહ્માંડ રહ્યાં છે, તે બ્રહ્માંડમાં અમે મનુષ્યરૂપે દર્શન આપીએ છીએ એમ કહ્યું છે.

૨ **પ્ર૦** પહેલી બાબતમાં અક્ષરધામને વિષે અષ્ટાવરણે યુક્ત બ્રહ્માંડ રહ્યાં છે એમ કહ્યું તે બ્રહ્માંડો તો મૂળપુરુષના તેજમાં રહ્યાં છે અને તેથી પર તો વાસુદેવબ્રહ્મ છે ને તેથી પર મૂળઅક્ષર છે. ને તેથી પર શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામ છે, તે ધામનો સંબંધ અષ્ટાવરણે યુક્ત બ્રહ્માંડને કેવી રીતે હશે ?

૨ **ઉ૦** અષ્ટાવરણે યુક્ત બ્રહ્માંડ તો મૂળપુરુષના તેજમાં જ રહ્યાં છે, પણ મૂળપુરુષ, બ્રહ્મ તથા મૂળઅક્ષરાદિક સર્વે શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામને આધારે છે, માટે સર્વાધાર હોય તેને જ આધારે રહ્યાં છે એમ કહેવાય, અને મૂળપુરુષની દૃષ્ટિએ પ્રધાનપુરુષરૂપી બ્રહ્માંડ કહેવાય, અને વાસુદેવબ્રહ્મની દૃષ્ટિએ મૂળપુરુષરૂપી બ્રહ્માંડ કહેવાય ને મૂળઅક્ષરની દૃષ્ટિએ વાસુદેવબ્રહ્મરૂપી બ્રહ્માંડ કહેવાય ને શ્રીજીમહારાજની દૃષ્ટિએ મૂળઅક્ષરરૂપી બ્રહ્માંડ કહેવાય, માટે શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામની કિરણોમાં મૂળઅક્ષરરૂપી બ્રહ્માંડ રહ્યાં છે એમ જાણવું.

૩ **પ્ર૦** બીજી બાબતમાં અક્ષરબ્રહ્મ તો જેમ સૂર્યનું મંડળ હોય તેમ છે એમ કહ્યું તે કેમ સમજવું ?

૩ **ઉ૦** સૂર્યને ઠેકાણે શ્રીજીમહારાજ છે, અને સૂર્યના મંડળ એટલે તેજના ગોળાને ઠેકાણે અક્ષરધામ છે એમ જાણવું.

૪ **પ્ર૦** સૂર્ય માથે આવે ત્યારે દશે દિશું કળાય છે એમ કહ્યું તે માથે કેવી રીતે સમજવું ?

૪ **ઉ૦** જ્યારે સૂર્ય માથે આવે ત્યારે સર્વ દિશાઓ કળાય છે એટલે સરખી દેખાઈ આવે છે, અને તે દિશાઓમાં રહેલાં સર્વ

સ્થાનકો સૂર્યના ફરતાં દેખાય છે તેમ શ્રીજીમહારાજના તદાકારપણાને પામે ત્યારે તેને શ્રીજીમહારાજની મૂર્તિ ધામને મધ્યે દેખાય છે, અને તે મૂર્તિને યોગે કરીને અક્ષરધામના ફરતી સર્વ દિશામાં મૂળઅક્ષરાદિકની તથા બ્રહ્મની તથા મૂળપુરુષાદિકની કોટીઓ તથા સર્વ બ્રહ્માંડ તે કળાય છે એટલે દેખાઈ આવે છે.

૫ **પ્ર૦** શ્રીજીમહારાજ સદાય અક્ષરધામમાં રહ્યા થકા જ જ્યાં જેવું રૂપ પ્રકાશવું જોઈએ ત્યાં તેવા રૂપને પ્રકાશે છે એમ કહ્યું તે જે રૂપ અનંત ઠેકાણે દેખાડે છે, તે રૂપમાં ને અક્ષરધામમાં જે મૂર્તિ છે તેમાં કાંઈ ફેર હશે કે કેમ ?

૫ **ઉ૦** શ્રીજીમહારાજ પોતે અક્ષરધામમાં રહ્યા થકા જ પોતાની ઇચ્છાએ કરીને અનંત ઠેકાણે અનંતરૂપે દર્શન આપે છે, તો પણ એની એ મૂર્તિ છે માટે એક મૂર્તિ જ સર્વ ઠેકાણે દેખાય છે. અને એ મૂર્તિ જ્યાં દર્શન આપે ત્યાં અક્ષરધામનું મધ્ય સમજવું, કેમ જે મૂર્તિ અક્ષરધામમાં છે તે જ મૂર્તિ સર્વ ઠેકાણે દર્શન આપે છે, માટે પોતાનું તેજરૂપ ધામ તે એ મૂર્તિ ભેળું જ હોય પણ જુદું ન હોય, માટે જ્યાં શ્રીજીમહારાજ દર્શન આપે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે એમ જાણવું. **॥૪૨॥ (૧૭૫)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૪૩

❖સંવત ૧૮૮૦ના પોષ સુદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં અયોધ્યાવાસીને ઘેર ગાદી, તકિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને પ્રેમાનંદ સ્વામી સરોદો લઈને કીર્તન ગાવતા હતા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે લ્યો પ્રશ્ન-ઉત્તર કરીએ એમ કહીને શ્રીજીમહારાજે પૂછ્યું,
૧ જે **(૧)** જે ભગવાનનો ભક્ત ગુણાતીત હોય ને કેવળ સત્તારૂપે વર્તતો હોય ને તેને વિષે વૈરાગ્યરૂપ જે સત્ત્વગુણ અને વિષયમાં પ્રીતિરૂપ જે રજોગુણ અને મૂઢપણારૂપ જે તમોગુણ એ ત્રણે ગુણના ભાવ તો ન હોય અને તે તો કેવળ ઉત્થાને રહિત શૂન્ય-સમતા ધરી રહે ને સુષુપ્તિ જેવી અવસ્થા વર્તે એવી રીતે સત્તારૂપે રહ્યો જે નિર્ગુણ ભક્ત તેને ભગવાનને વિષે પ્રીતિ હોય કે ન હોય ? એ પ્રશ્ન છે. પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, જે સત્તારૂપે વર્તે તેને ભગવાનને વિષે તો પ્રીતિ હોય. **(૧)** ૧

૨ ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું જે, **(૨)** સત્તારૂપે રહ્યો એવો જે એ ભક્ત તેને ભગવાનને વિષે પ્રીતિ છે તે આત્માને સજાતિ છે કે વિજાતિ છે ? પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે એ પ્રીતિ તો આત્માને સજાતિ છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે મધ્વાચાર્ય, નિંબાર્ક ને વલ્લભાચાર્ય એમણે આત્મારૂપે રહીને જે ભગવાનને વિષે પ્રીતિ કરવી એ પ્રીતિને બ્રહ્મસ્વરૂપ કહી છે માટે ગુણાતીત થઈને જે ભગવાનને વિષે પ્રીતિ કરે છે એ જ બ્રહ્મનું સ્વરૂપ છે એમ મોટા મોટા આચાર્યનો સિદ્ધાંત છે. **(૨)** ઇતિ વચનામૃતમ્ **॥૪૩॥ (૧૭૬)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦**– આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે કે નિર્ગુણ ભક્તને અમારે વિષે પ્રીતિ હોય; **(૧)** બીજામાં આચાર્યોને દૃષ્ટાંતે એ પ્રીતિને બ્રહ્મરૂપ કહી છે. (૨) બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં ગુણાતીત થઈને પ્રીતિ કરવાનું કહ્યું તે ગુણાતીતનો શો અર્થ સમજવો ?

૧ **ઉ૦** ગુણાતીત એટલે ત્રણ ગુણથી પર, બ્રહ્મ જે શ્રીજીમહારાજનું તેજ તે રૂપ થઈને શ્રીજીમહારાજને ભજે તે ભક્ત ગુણાતીત

કહેવાય ને એવી રીતે ગુણથી પર થઈને શ્રીજીમહારાજને વિષે પ્રીતિ કરે એ પ્રીતિ બ્રહ્મરૂપ કહેવાય.

૨ **પ્ર૦** ઉત્થાને રહિત શૂન્ય-સમતા ધરી રહે ને સુષુપ્તિ જેવી અવસ્થા વર્તે એમ કહ્યું તે શૂન્ય-સમતા એટલે શું જાણવું ? અને સુષુપ્તિ જેવી એટલે કેવી જાણવી ?

૨ **ઉ૦** જેમ આકાશ નિર્લેપ છે તેને ચાર ભૂતના વિકાર અડતા નથી તેમ એ ભક્તને દેહના વિકાર અડતા નથી; કેવળ આત્મસત્તારૂપે વર્તે છે તે શૂન્ય-સમતા કહી છે, અને તે નિર્ગુણ છે ને સત્તારૂપે વર્તે છે માટે સિદ્ધદશાવાળો છે તેથી જેમ સુષુપ્તિમાં વિસ્મૃતિ વર્તે તેમ શ્રીજીમહારાજ વિના બીજે વિસ્મૃતિ વર્તે છે એમ કહ્યું છે પણ સુષુપ્તિ અવસ્થા કહી નથી માટે સુષુપ્તિને દૃષ્ટાંતે કરીને તેની સ્થિતિ કહી છે એમ જાણવું ॥૪૩॥ **(૧૭૬)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૪૪

❖સંવત ૧૮૮૦ના પોષ સુદિ ૮ અષ્ટમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું જે, **(૧)** જ્યારે કોઈક હરિભક્તનો અવગુણ આવે ત્યારે મોરે જેટલા તેમાં દોષ સૂઝતા હોય એટલા ને એટલા સૂઝે કે કાંઈ વધુ સૂઝે ? પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા, જે અટકળે તો એમ જણાય છે જે મોરે સૂઝતા એટલા ને એટલા સૂઝે છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ વાતમાં તમારી નજર પડી નહિ. એટલા ને એટલા અવગુણ સૂઝતા હોય તો અવગુણ આવ્યો એમ કેમ કહેવાય ? માટે એ તો ભૂંડા દેશ, કાળ, ક્રિયા, સંગ આદિકને યોગે કરીને બુદ્ધિ પલટાઈને બીજી રીતની થઈ જાય છે, તેણે કરીને અવગુણ વધુ સૂઝે છે ત્યારે એમ જાણવું જે બુદ્ધિને વિષે ભૂંડા દેશ-કાળાદિકનું દૂષણ લાગ્યું છે. **(૧)** અને અમે તો એમ જાણીએ છીએ જે જેને પૂર્વે મોટાપુરુષનો સંગ હશે અથવા **૧**
ભગવાનનું દર્શન થયું હશે તેને તો પોતાના જ અવગુણ ભાસે પણ બીજા હરિભક્તના અવગુણ ભાસે જ નહિ ને એવાં જેનાં લક્ષણ હોય તેને દૈવી જીવ જાણવા. **(૨)** અને જે **૨**
આસુરી જીવ હોય તેને તો પોતામાં એકે અવગુણ ભાસે નહિ અને બીજા જે હરિભક્ત હોય તેને વિષે જે કેવળ અવગુણ ભાસે એવી જેની બુદ્ધિ હોય તેને આસુરી જીવ જાણવો ને તે આસુરી જીવ સત્સંગીમાં રહ્યો હોય અથવા સંતના મંડળમાં રહ્યો હોય પણ જેવા કાળનેમી, રાવણ ને રાહુ હતા તે સરખો રહે, પણ એને સંતનો સંગ લાગે નહિ માટે **પાકો હરિભક્ત હોય તેને પોતાના જ અવગુણ સૂઝે પણ બીજા હરિભક્તના દોષને તો દેખે જ નહિ.** (૩) **૩**
ઇતિ વચનામૃતમ્ ॥૪૪॥ **(૧૭૭)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં જેને ભૂંડા દેશાદિકને યોગે કરીને બુદ્ધિ દૂષિત થાય છે તેને કરીને અવગુણ વધુ સૂઝે છે. **(૧)** અને પૂર્વે મોટાપુરુષનો યોગ થયો હોય અથવા અમારું દર્શન થયું હોય તેને પોતાના જ અવગુણ સૂઝે પણ બીજા હરિભક્તના અવગુણ દેખે જ નહિ. **(૨)** ને આસુરી હોય તેને પોતાના અવગુણ ન ભાસે ને બીજા હરિભક્તમાં કેવળ અવગુણ પાસે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૩)** બાબતો છે. **॥૧૭૭॥**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૪૫

❖સંવત ૧૮૮૦ના પોષ વદિ ૧ પડવાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** તમે સર્વે મુનિમંડળ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ સત્સંગી તથા પાળા તથા અયોધ્યાવાસી એ તમે સર્વે અમારા કહેવાઓ છો તે જો હું તમને ખટકો રાખીને વર્તાવું નહિ અને તમે કાંઈક ગાફલપણે વર્તો તે અમ થકી દેખાય નહિ. માટે **જે જે અમારા કહેવાણા છો તેમાં અમારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી માટે તમે પણ સુધા સાવધાન રહેજ્યો. જો જરાય ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહિ અને અમારે તો જે તમે ભગવાનના ભક્ત છો તેના હૃદયમાં કોઈ જાત્યની વાસના તથા કોઈ જાતનો અયોગ્ય સ્વભાવ તે રહેવા દેવો નથી.** અને માયાના ત્રણ ગુણ, દશ ઇન્દ્રિયો, દશ પ્રાણ, ચાર અંતઃકરણ, પંચભૂત, પંચવિષય ને ચૌદ ઇન્દ્રિયોના દેવતા એમાંથી કોઈનો સંગ રહેવા દેવો નથી ને એ સર્વે માયિક ઉપાધિ થકી રહિત સત્તામાત્ર એવો જે આત્મા તે રૂપે થઈને ભગવાનની ભક્તિ કરો એવા સર્વેને કરવા છે, પણ કોઈ જાતનો માયાનો ગુણ રહેવા દેવો નથી. અને આ જન્મમાં સર્વે કસર ન ટળી તો બદરિકાશ્રમમાં જઈને તપ કરીને સમગ્ર વાસના બાળીને ભસ્મ કરવી છે તથા શ્વેતદ્વીપમાં જઈને નિરન્ન મુક્ત ભેળાં તપ કરીને સમગ્ર વાસના બાળીને ભસ્મ કરી નાખવી છે, પણ ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ રહે એવું રહેવા દેવું નથી. માટે સર્વે હરિભક્ત તથા સર્વે મુનિમંડળ સાવધાન રહેજ્યો. એટલી વાર્તા કરીને શ્રીજીમહારાજ પોતાના ઉતારામાં પધાર્યા. **(૧)** ૧

પછી તે જ દિવસ સાયંકાળે વળી સભા કરીને વિરાજમાન થયા પછી આરતી થઈ રહી
૨ ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૨)** સાત્ત્વિક કર્મે કરીને દેવલોકમાં જાય છે અને રાજસી કર્મે કરીને મધ્યલોકની પ્રાપ્તિ થાય છે અને તામસી કર્મે કરીને અધોગતિને પામે છે. **(૨)** ૨
તેમાં કોઈ એમ આશંકા કરે જે રાજસી કર્મે કરીને મનુષ્યલોકની પ્રાપ્તિ થાય છે ત્યારે તો સર્વ મનુષ્યને સુખ-દુઃખ સરખું જોઈએ તો એનો ઉત્તર એમ છે જે, એક રજોગુણ છે. તેના દેશકાળાદિકને યોગે કરીને અનંત પ્રકારના ભેદ થાય છે, માટે રાજસી કર્મનો એકસરખો નિરધાર રહેતો નથી; એ તો જેવા દેશ, કાળ, સંગ ને ક્રિયાનો યોગ આવે તેવું કર્મ થાય છે.
**(૩)** તેમાં પણ ભગવાનના ભક્ત સંત અને ભગવાનના અવતાર તે કુરાજી થાય એવું કાંઈક ૩
કર્મ થઈ જાય તો આ ને આ દેહે મર્ત્યલોકમાં યમપુરીના જેવું દુઃખ ભોગવે અને ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય એવું કર્મ કરે તો આ ને આ દેહે પરમપદ પામ્યા જેવું સુખ ભોગવે. અને ભગવાન ને ભગવાનના સંતને કુરાજી કરે ને તેણે જો સ્વર્ગમાં ગયા જેવું કર્મ

કર્યું હોય તો પણ તેનો નાશ થઈ જાય ને નરકમાં પડવું પડે, અને ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એવું કર્મ કર્યું હોય ને તેને જો નરકમાં જાવાનું પ્રારબ્ધ હોય તો પણ તે ભૂંડા કર્મનો નાશ થઈ જાય ને પરમપદને પામે માટે જે સમજુ હોય તેને તો ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તેમ જ વર્તવું અને પોતાના સંબંધી જે માણસ હોય તેને પણ એમ ઉપદેશ કરવો જે ભગવાન ને ભગવાનના સંત જે જે પ્રકારે આપણી ઉપર રાજી થાય ને કૃપા કરે તેમ જ આપણે વર્તવું અને ભગવાન ને ભગવાનના સંતને અગ્નિએ જ્યારે રાજી કર્યા હશે ત્યારે અગ્નિને એવો પ્રકાશ પ્રાપ્ત થયો છે અને સૂર્ય, ચંદ્રાદિક જે પ્રકાશમાન છે તેણે પણ ભગવાન ને ભગવાનના સંતને શુભ કર્મે કરીને રાજી કર્યા હશે ત્યારે એવા પ્રકાશને પામ્યા છે અને દેવલોક, મર્ત્યલોકને વિષે જે જે સુખિયા છે તે સર્વે ભગવાન ને ભગવાનના સંતને રાજી કર્યા હશે તે પ્રતાપે કરીને સુખિયા છે, માટે જે પોતાના આત્માનું રૂડું થાવાને ઇચ્છે તેને તો સદ્‌ગ્રંથને વિષે કહ્યા જે સદ્ધર્મ તેને વિષે રહીને ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એ જ ઉપાય કરવો. **(૪)** ઇતિ વચનામૃતમ્ **॥૪૫॥ (૧૭૮)** ૪

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે તમે સર્વે અમારા કહેવાઓ છો, માટે તમારે વિષે કાંઈ કસર રહેવા દેવી નથી અને તમે પણ અમારી આજ્ઞામાં તત્પર રહેજો ને જો ગાફલાઈ રાખશો એટલે દેહરૂપે વર્તશો તો અમારી આજ્ઞા પાળી શકાશે નહિ, તથા અમારા સંત-હરિજનના સમુદાયમાં રહી શકાશે નહિ. અને અમારે તો આત્મારૂપ થઈને અમારી ભક્તિ કરો એવા સર્વેને કરવા છે ને જો તેમાં કસર રહેશે તો બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપમાં જવું પડશે માટે સાવધાન એટલે આત્મસત્તારૂપે રહેજ્યો. **(૧)** બીજામાં રાજસ્, તામસ્ ને સાત્ત્વિક કર્મે કરીને સ્વર્ગ, મર્ત્ય ને પાતાળને પામે છે. **(૨)** અને દેશકાળાદિકને યોગે કરીને રાજસ્ કર્મના અનંત પ્રકારના ભેદ થાય છે. **(૩)** અને અમે તથા અમારા સંત કુરાજી થાઈએ એવું કર્મ કરે તો સ્વર્ગમાં ગયા જેવું કર્મ કરેલું હોય તે નાશ પામે અને મર્ત્યલોકમાં દેહે કરીને યમપુરીના જેવું દુઃખ ભોગવે. અને અમે તથા સંત રાજી થાઈએ એવું કર્મ કરે તો આ દેહે પણ અમારા ધામના જેવું સુખ ભોગવે. ને નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તે નાશ પામે ને અમારા અક્ષરધામને પામે. અને સૂર્ય-ચંદ્રાદિક જે જે સુખિયા છે તે અમને ને અમારા સંતને રાજી કર્યા હશે તે પ્રતાપે સુખિયા છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં આ ઠેકાણે વાસના ન ટળી તો બદરિકાશ્રમમાં તથા શ્વેતદ્વીપમાં જઈને વાસના ટાળવાનું કહ્યું અને (**છે૦ ૨**/૩માં) એ બે ધામ કરતાં આ સત્સંગીની સભાને અધિક કહી છે, માટે આ સભામાં વાસના ન ટળે તો ત્યાં કેમ ટળે ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજે કહ્યું છે જે તમને અમે દયા કરીને આ સત્સંગમાં અમારા તથા અમારા મુક્તના સમીપમાં રાખ્યા છે, માટે જો તમે ગાફલાઈએ કરીને વાસના નહિ ટાળો તો તમને બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપમાં મેલશું ને ત્યાં ઘણાક કાળપર્યંત મહાતપ કરવું પડશે અને અમારું કે અમારા મુક્તનું દર્શન નહિ થાય એમ બીક બતાવી છે, પણ એ સ્થાનોને આ સભા કરતાં વખાણ્યાં નથી ત્યાં તો શ્રીજીમહારાજના ને મુક્તના વિયોગરૂપી દુઃખ છે. **॥૪૫॥ (૧૭૮)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૪૬

❖સંવત ૧૮૮૦ના પોષ વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પીળી છીંટની રજાઈ ઓઢી હતી ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને ઝાઝ-મૃદંગ લેઈને સંત કીર્તન ગાવતા હતા.

૧ પછી કીર્તન ગાઈ રહ્યા ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧) આ સંસારને વિષે જે સત્પુરુષ હોય તેને તો કોઈક જીવને લૌકિક પદાર્થની હાણ્ય-વૃદ્ધિ થાતી દેખીને તેની કોરનો હર્ષ-શોક થાય નહિ, અને જ્યારે કોઈકનું મન ભગવાનના માર્ગમાંથી પાછું પડે ત્યારે ખરખરો થાય છે કાં જે થોડાક કાળ જીવવું ને એનો પરલોક બગડશે માટે એને મોટી હાણ્ય થાય છે. (૧)** અને ભગવાનના જે અવતાર પૃથ્વીને વિષે થાય છે તે ધર્મના સ્થાપનને અર્થે થાય છે ૧
તે કેવળ વર્ણાશ્રમના ધર્મ સ્થાપન કરવાને અર્થે જ નથી થાતા, કેમ જે વર્ણાશ્રમના ધર્મ તો સપ્તર્ષિ આદિક જે પ્રવૃત્તિધર્મના આચાર્ય છે, તે પણ સ્થાપન કરે છે. માટે એટલા સારુ જ ભગવાનના અવતાર નથી થાતા; ભગવાનના અવતાર તો પોતાના એકાંતિક ભક્તના જે ધર્મ તેને પ્રવર્તાવવાને અર્થે થાય છે. **(૨)** અને વળી જે એકાંતિક ભક્ત છે તેને દેહે કરીને મરવું ૨
એ મરણ નથી; એને તો એકાંતિકના ધર્મમાંથી પડી જવાય એ જ મરણ છે, તે **જ્યારે ભગવાન કે ભગવાનના સંત તેનો હૈયામાં અભાવ આવ્યો ત્યારે એ ભક્ત એકાંતિકના ધર્મમાંથી પડ્યો જાણવો, અને તે જો ક્રોધે કરીને પડ્યો હોય તો તેને સર્પનો દેહ આવ્યો જાણવો,** અને કામે કરીને પડ્યો હોય તો યક્ષ-રાક્ષસનો અવતાર આવ્યો જાણવો માટે જે એકાંતિકના ધર્મમાંથી પડીને એવા દેહને પામ્યા છે, ને જો તે ધર્મવાળા હોય અથવા તપસ્વી હોય તો પણ તે ધર્મે કરીને તથા તપે કરીને દેવલોકમાં જાય, **પણ જેણે ભગવાનનો ને ભગવાનના સંતનો અભાવ લીધો તે તો ભગવાનના ધામને તો ન જ પામે. (૩)** અને **વળી જે પંચમહાપાપે યુક્ત હોય** ૩
**ને તેને જો ભગવાન ને ભગવાનના સંતને વિષે અવગુણ ન આવ્યો હોય, તો એનાં પાપ નાશ થઈ જાય ને એનો ભગવાનના ધામમાં નિવાસ થાય, માટે પંચમહાપાપ થકી પણ ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ લેવો એ મોટું પાપ છે. (૪)** ઈતિ વચનામૃતમ્ ૪
**॥ ૪૬॥ (૧૭૯)**

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં જેને કોઈક જીવને લૌકિક પદાર્થની હાણ્ય-વૃદ્ધિ થતી દેખીને હર્ષ-શોક ન થાય, અને મોક્ષના માર્ગમાંથી પાછો પડે ત્યારે ખરખરો થાય તેને સત્પુરુષ કહ્યા છે. **(૧)** અને અમે એકાંતિક ભક્તના ધર્મ પ્રવર્તાવવાને અર્થે પૃથ્વીને વિષે પ્રગટ થઈએ છીએ. **(૨)** અને અમારો કે અમારા સંત એટલે સિદ્ધ મુક્તનો અભાવ આવે તે એકાંતિક ધર્મમાંથી પડ્યો જાણવો, ને એ જ એનું મરણ છે. તે જો અમારે વિષે ને અમારા મુક્તને વિષે ક્રોધ પરઠીને અભાવ લે, તો તેને સર્પ જાણવો; અને જો અમારે કે અમારા મુક્તને વિષે કામ પરઠીને અભાવ લે તો તેને યક્ષ-રાક્ષસ જાણવો, અને તે ધર્મવાળો કે તપસ્વી હોય તો દેવલોકને પામે, પણ અમારા ધામને તો ન જ પામે. **(૩)** અને પંચ મહાપાપીને પણ જો અમારો કે અમારાં બત્રીશ લક્ષણે યુક્ત સંતનો અવગુણ ન આવ્યો હોય તો એનાં પાપ નાશ થાય, ને અમારા અક્ષરધામને પામે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** ત્રીજી બાબતમાં અમારો કે અમારા ભક્તનો અવગુણ આવે એમ કહ્યું તે ભક્તનો અવગુણ તો આવે ખરો પણ ભગવાનનો અવગુણ શી રીતે આવતો હશે ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજ જ્યારે મનુષ્યરૂપે વિરાજતા હોય ત્યારે વાંક વિના વારંવાર વઢે, અથવા કોઈકને વારંવાર બોલાવે, પ્રસાદી આપે, વખાણે ને એને બોલાવે નહિ ને વખાણે નહિ, તે જોઈને એના મનમાં એમ થાય જે મને તો વારંવાર વઢ્યા કરે છે, ને બોલાવતા કે વખાણતા નથી એમ અવગુણ આવે. અને મનુષ્યરૂપે વિચરતા ન હોય, ત્યારે પણ શ્રીજીમહારાજે મંદિરો કરાવીને મૂર્તિઓ પધરાવી છે તથા ત્યાગી-ગૃહી, બાઈ-ભાઈના જે જે ધર્મ કહ્યા છે, ને ધોરણ બાંધ્યા છે તેમાં આશંકા

થાય જે આ ઠીક નથી કર્યું, તે શ્રીજીમહારાજનો અવગુણ આવ્યો જાણવો.

૨ **પ્ર૦** કેવી રીતે પડે તે ક્રોધે કરીને ને કામે કરીને પડ્યો કહેવાય ? અને સર્પ ને રાક્ષસનો અવતાર તે આ દેહે આવ્યો જાણવો કે દેહ પડ્યા કેડે આવતો હશે ? ને દેવલોક કિયા જાણવા ?

૨ **ઉ૦** મોટા સંતમાં ક્રોધ ન હોય ને પરઠે તે ક્રોધે કરીને પડ્યો જાણવો, અને મોટા સંતમાં કામ ન હોય ને પરઠે તે કામે કરીને પડ્યો જાણવો. અને છતી દેહે જ જે વખતે ક્રોધ આવે તે વખતે જ સર્પનો દેહ જાણવો, એટલે તેને તે વખતે સર્પ જેવો જાણવો અને જે વખતે મોટાને વિષે કામ પરઠે તે વખતે યક્ષ-રાક્ષસના જેવો જાણવો. અને આ ઠેકાણે ઇંદ્ર તથા બ્રહ્માના લોકને દેવલોક જાણવા.

૩ **પ્ર૦** ભગવાન કે ભગવાનના ભક્તનો અવગુણ લેવો તે પંચમહાપાપથી મોટું પાપ કહ્યું ને વળી તેને દેવલોકની પ્રાપ્તિ કહી, તે એવા પાપીને દેવલોકની પ્રાપ્તિ શાથી થતી હશે ?

૩ **ઉ૦** કિંચિત્ અભાવ આવ્યો હોય ને તે માફ ન કરાવ્યો હોય તેને દેવલોકની પ્રાપ્તિ થાય, અને જેનો અભાવ આવ્યો હોય તેને રાજી કરે તો મોક્ષ થાય, અને ઝાઝો અવગુણ આવે તેનો તો જીવ પણ નાશ પામે એમ (**છે૦ ૧૨** ૧/૨માં) કહ્યું છે.

૪ **પ્ર૦** જેને ભગવાનનો કે સંતનો અવગુણ ન આવ્યો હોય તેના પંચમહાપાપ બળી જાય, ને તે ધામને પામે એમ કહ્યું તે આ જન્મે જ પામે કે બીજો જન્મ ધરવો પડે ?

૪ **ઉ૦** શ્રીજીમહારાજનો ને સંતનો અવગુણ ન આવે તેણે કરીને તે સત્સંગમાં આવીને ભગવાન ભજીને ધર્મ પાળીને ધામમાં જાય, અને કદાપિ એ ને એ દેહે સત્સંગમાં ન આવે તો બીજે જન્મે એને શ્રીજીમહારાજ સત્સંગમાં લાવે, ને પોતાના મુક્તનો યોગ આપે તે મુક્તનો યોગ ને સેવા કરે, પછી મુક્ત થઈને ધામને પામે પણ યથાર્થ જ્ઞાન થયા વિના ધામને પામે નહિ, માટે ધામને પામે એમ કહ્યું છે તે આવી રીતે પામે એમ કહ્યું છે પણ જે સત્સંગમાં આવીને પાપ કરે તેને તો (**પ્ર૦ ૭૭**ના ૧/૨ પહેલા પ્રશ્નમાં) જ્ઞાનનું કે ભક્તિનું બળ લઈને ધર્મને ખોટા કરે તેને અસુર, ગુરુદ્રોહી, વચનદ્રોહી ને વિમુખ કહ્યો છે. તથા (**મ૦ ૩૫**/૪માં) ધર્મ ન પાળે તે તો મહાદુષ્ટ છે ને તેનું કલ્યાણ ન થાય એ સિદ્ધાંત કહ્યો છે. **॥૪૬॥ (૧૭૯)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૪૭

❖સંવત ૧૮૮૦ના મહા વદિ ૧૦ દશમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પીળી છીંટની રજાઈ ઓઢી હતી ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** જે સંતની પાસે ચાર સાધુ રહેતા હોય તેને જો મન દેઈને માણસાઈએ રાખતાં આવડતું હોય તો તેની પાસે સાધુ રાજીપે રહે અને જેને સાધુને રાખતાં આવડે નહિ તેની પાસે સાધુ રહે પણ નહિ અને જે સાધુને મોક્ષનો ખપ હોય તેને તો જેમ દુઃખવીએ ને વિષયનું ખંડન કરીએ તેમ અતિ રાજી થાય. જેમ આ મુક્તાનંદ સ્વામીને **ક્ષયરોગ** થયો છે તે દહીં-દૂધ, ગળ્યું-ચીકણું કાંઈ ખાવા દેતો નથી. તેમ જે **સમજુ હોય તેને એમ જણાય જે આ રોગે સારું સારું ખાવા-પીવાનું સર્વે ખંડન કરી નાખ્યું માટે આ તો ક્ષયરોગરૂપે જાણીએ કોઈક મોટા સંતનો સમાગમ થયો હોય ને શું ? એમ ભાસે છે.** શા માટે જે શિશ્ન ને ઉદર એ બેને વિષે જે જીવને આસક્તિ છે એ જ અસત્પુરુષપણું છે તે ક્ષયરોગ એ બે ય પ્રકારની ખોટને કાઢે એવો છે તેમ એ રોગની પેઠે જે સત્પુરુષ હોય તે વિષયનું ખંડન

કરતા હોય ત્યારે જે મુમુક્ષુ હોય તેને તેમાં દુખાઈ જાવું નહિ અને જે ખાધાપીધાની લાલચે કે લૂગડાની લાલચે અથવા પોતાને મનગમતા પદાર્થની લાલચે કોઈ મોટેરા સંત ભેગો રહેતો હોય તેને તો સાધુ જ ન જાણવો; તેને તો લબાડ જાણવો ને કૂતરા જેવો જાણવો ને એવો મલિન આશયવાળો હોય તે અંતે જાતાં વિમુખ થાય અને વળી સંતને કોઈ સારું પદાર્થ આપે તેમાં જે ઈર્ષ્યા કરે તથા જે પંચવિષયનો લાલચી હોય એ બે તો પંચમહાપાપીથી પણ અતિ ભૂંડા છે, માટે જે સમજુ હોય તેને સંતના સમાગમમાં રહીને આવો મલિન આશય અંતરમાં રાખ્યો
ન જોઈએ. **(૧)** કેમ જે આ સભા તો બદરિકાશ્રમમાં તથા શ્વેતદ્વીપમાં હોય તેવી છે. તેમાં ૧
બેસીને જ્યારે મલિન વાસના ન ટળી ત્યારે બીજું ટાળ્યાનું ઠેકાણું ક્યાં મળશે. અને પંચવિષય છે તે તો પૂર્વે દેવ-મનુષ્યાદિકને વિષે અનંત દેહે કરીને આપણે જીવે ભોગવ્યા છે તો પણ હજુ લગણ એ વિષયની તૃપ્તિ થઈ નથી તો હવે ભગવાનના ભક્ત થઈને વર્ષ, કે બે વર્ષ, કે પાંચ વર્ષ વિષય ભોગવીને પૂર્ણ થવાશે નહિ. જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીએ કરીને ભરવા માંડીએ તે ક્યારેય ભરાય નહિ તેમ ઈન્દ્રિયો છે તેને ક્યારેય વિષયથકી તૃપ્તિ થઈ નથી ને થાશે પણ નહિ માટે હવે તો વિષયની આસક્તિને ત્યાગ કરીને અને સાધુ જેમ વઢીને કહે તેમ ગુણ લેવો પણ અવગુણ લેવો નહિ તે મુક્તાનંદ સ્વામીના કીર્તનમાં કહ્યું છે જે, **"શૂળી ઉપર શયન કરાવે તો ય સાધુને સંગે રહીએ રે;"** માટે આવો અવસર પામીને તો અશુભ વાસના ટાળીને જ મરવું પણ અશુભ વાસના સોંતા મરવું નહિ અને આ દેહમાંથી નીસરીને નારદ, સનકાદિક, શુકજી જેવા બ્રહ્મરૂપ થઈને ભગવાનની ભક્તિ કરવી છે એવી
વાસના રાખવી. **(૨)** ને એમ કરતા થકા જો બ્રહ્મલોકમાં કે ઇંદ્રલોકમાં નિવાસ થઈ જાશે તો ૨
પણ કાંઈ ચિંતા નથી જેમ ઝાડે ફરવા ગયા ને પાયખાનામાં માથાભર પડી ગયા તો નાઈ-ધોઈને પવિત્ર થાવું, પણ એમાં પડી ન રહેવું. તેમ શુભ વાસના રાખતાં રાખતાં બ્રહ્મલોકમાં કે ઇંદ્રલોકમાં જવાણું તો એમ જાણવું જે માથાભર નરકના ખાડામાં પડ્યા છીએ એમ જાણીને શુભ વાસનાને બળે કરીને બ્રહ્મલોક-ઇંદ્રલોકના ભોગને ત્યાગ કરીને ભગવાનના ધામમાં
પૂગવું, પણ વચમાં ક્યાંઈ ન રહેવું એમ નિશ્ચય રાખવો. **(૩)** અને વળી **જેમ પોતાની સેવા** ૩
**ગૃહસ્થ કરે છે અથવા ત્યાગી સેવા કરે છે તેમ આપણે પણ હરિભક્તનું માહાત્મ્ય જાણ્યું જોઈએ, જેમ અમારી ચાકરી મૂળજી બ્રહ્મચારી માહાત્મ્ય જાણીને કરે છે, તેમ અમે પણ બ્રહ્મચારીનું માહાત્મ્ય જાણીએ છીએ, તેમ આપણી ગૃહસ્થ અન્ન-વસ્ત્રે કરીને ચાકરી કરે છે, તેમ આપણે પણ એમનું માહાત્મ્ય સમજીને એમની વાતેચીતે કરીને ચાકરી કરવી એમ અરસપરસ**
**માહાત્મ્ય સમજીને હરિભક્તની સોબત રાખવી. (૪)** ઇતિ વચનામૃતમ્ ॥૪૭॥ **(૧૮૦)** ૪

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે, તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે મોટેરા સંતોએ સાધુને મન દઈને રાખવા અને મુમુક્ષુઓએ સત્પુરુષ દુઃખવે ને વિષયનું ખંડન કરે તેમાં રાજી થાવું ને કોઈ પદાર્થની લાલચ રાખવી નહિ. **(૧)** ને આ સંતની સભાને દિવ્ય જાણીને તેનો સંગ કરીને અશુભ વાસના ટાળીને અમારા ધામમાં જાવાની વાસના રાખવી. **(૨)** અને અશુભ વાસના રહી જાય ને ઇંદ્ર કે બ્રહ્માના લોકમાં જાવું પડે તો તે લોકને નરક જેવા જાણીને એમાંથી નીકળીને અમારા

ધામમાં જવાનો નિશ્ચય રાખવો. **(૩)** અને ગૃહસ્થોએ અન્ન-વસ્ત્રે કરીને ત્યાગીની સેવા કરવી ને ત્યાગીએ ગૃહસ્થની વાતેચીતે કરીને સેવા કરવી. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં સાધુને માણસાઈએ રાખવા એમ કહ્યું તે સાધુને કેવી રીતે રાખે તે માણસાઈએ રાખ્યા કહેવાય ?

૧ **ઉ૦** ઉપદેશ આપીને તેના જીવમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તથા શ્રીજીમહારાજનો મહિમા દઢ કરાવે તો તે સાધુ જીવંત પર્યંત સત્સંગમાં રહે તે માણસાઈએ રાખ્યા કહેવાય. અને આવું જ્ઞાન દઢ ન કરાવ્યું હોય ને પદાર્થ આપીને તથા ખવરાવી-પિવરાવીને પંપોળીને રાખ્યો હોય તો તે સત્સંગમાં રહીને જીવંત પર્યંત ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ ને શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે કહેલી જે આજ્ઞા તે પ્રમાણે વર્તી શકે નહિ તે માણસાઈએ રાખતાં ન આવડ્યું કહેવાય. અને બીજો અર્થ એ છે જે શ્રીજીમહારાજની મૂર્તિને પોતાના ચૈતન્યને વિષે અખંડ દેખતા હોય ને પંચ વર્તમાન પાળતા-પળાવતા હોય એવા સાધુની અનુવૃત્તિમાં રહીએ તો તે રાજી થઈને આપણા ભેળા રહે અને જો અનુવૃત્તિમાં ન રહીએ તો તે આપણા ભેળા ન રહે માટે સાધુની અનુવૃત્તિમાં રહીએ તો સાધુને રાખતાં આવડ્યા કહેવાય.

૨ **પ્ર૦** બીજી બાબતમાં બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપની સભા જેવી આ સત્સંગીની સભા કહી અને (**છે૦ ૨**/૨ માં) એ બે ધામની સભાથી આ સત્સંગીની સભાને અધિક કહી છે તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** નિર્વાસનિકપણામાં સરખી કહી છે, પણ ઉપાસનામાં તથા પ્રાપ્તિમાં સરખી નથી કહી; માટે આવી નિર્વાસનિક સભામાં આવીને મલિન વાસના ન ટળી તો બીજું ટાળ્યાનું ઠેકાણું ક્યાં મળશે એમ કહ્યું છે.

૩ **પ્ર૦** આમાં વિષય ભોગવીને તૃપ્ત થવાશે નહિ એમ કહ્યું ને (**મ૦ ૨૫**ના પહેલા પ્રશ્નમાં) વિષય ભોગવીને તૃપ્ત થાશે ત્યારે વૈરાગ્ય પામશે એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** આમાં વિષયની આસક્તિવાળાને વિષયની વાસના મુકાવવા સારુ ઉપદેશ કર્યો છે અને (**મ૦ ૨૫**માં) મોક્ષના માર્ગમાં વિષયને બંધનકારી જાણીને ઘર મૂકીને ત્યાગી થયો હોય ને શ્રીજીમહારાજની આજ્ઞા યથાર્થ પાળતો હોય ને અંતરમાંથી વિષયભોગની ઇચ્છા ન ટળી હોય તેને દેહ મૂક્યા પછી ભગવાન વિષય આપે ને તેના ભેળું જ્ઞાન પણ આપે તેથી તે એમ વિચાર કરે જે મારે ભગવાનના ધામમાં જવું છે ને હું આવા તુચ્છ ને દુઃખદાયી વિષયમાં બંધાઈ રહ્યો છું, એમ પશ્ચાત્તાપ કરીને શ્રીજીમહારાજનું ભજન કરીને નિર્વાસનિક થાય ત્યારે ધામમાં જાય એમ કહ્યું છે.

૪ **પ્ર૦** નારદ-સનકાદિકને તો પરોક્ષ ભગવાનની ઉપાસના છે અને તે કાંઈ શ્રીજીમહારાજના તેજરૂપ જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ તે રૂપ થયા નથી માટે નારદ, સનકાદિક ને શુકજી જેવા બ્રહ્મરૂપ થવાનું કહ્યું તે કેમ સમજવું ?

૪ **ઉ૦** પોતાની સાથે લાવેલા મુક્તાનંદ સ્વામી આદિક સિદ્ધમુક્તોનાં નારદ, શુક, સનકાદિક એવાં ઉપનામ પાડ્યાં હતાં તે નામ કહ્યાં છે. તે મુક્તના જેવા બ્રહ્મરૂપ થવું એમ કહ્યું છે. **॥૪૭॥ (૧૮૦)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૪૮

❖સંવત ૧૮૮૦ના મહા વદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને તુળસીની નવી શ્વેત કંઠીઓ કંઠને વિષે ધારણ કરી હતી ને પાઘને વિષે પીળાં પુષ્પનો તોરો વિરાજમાન હતો ને કંઠને વિષે પુષ્પના હાર ધારણ કર્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને સાધુ પ્રેમાનંદસ્વામી ભગવાનના ધ્યાનના અંગની ગરબીઓ જે **'વંદું સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ'** એ ગાવતા હતા.

૧ પછી જ્યારે ગાઈ રહ્યા ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** બહુ સારાં કીર્તન ગાયાં,

આ કીર્તનને સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે આવી રીતે એને **ભગવાનની
મૂર્તિનું ચિંતવન છે, માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ.** અને જેને આવી
રીતે અંતઃકરણમાં ભગવાનનું ચિંતવન થાતું હોય, ને એવી વાસનાએ યુક્ત જો દેહ મૂકે તો
તેને ફરીને ગર્ભવાસમાં આવવું પડે જ નહિ, અને એવી રીતે ભગવાનનું ચિંતવન કરતાં
જીવતો હોય તો પણ એ પરમપદને પામ્યો જ છે, અને જેવા શ્વેતદ્વીપમાં નિરન્ન મુક્ત છે તેવો
જ એ પણ નિરન્ન મુક્ત થઈ રહ્યો છે, અને દેહક્રિયા તો યોગ્ય હોય એટલી સહેજે જ થાય
છે અને જેને ભગવાનના સ્વરૂપનું એવી રીતે ચિંતવન થાય છે તે તો કૃતાર્થ થયો છે, ને તેને
કાંઈ કરવું બાકી રહ્યું નથી. **(૧)** અને **જેને ભગવાન વિના બીજા પદાર્થનું ચિંતવન કરતે થકે** ૧
**દેહ પડ્યો તેને કોટી કલ્પે દુઃખનો અંત આવતો નથી, માટે આવો અવસર આવ્યો છે તેને
પામીને ભગવાન વિના બીજા પદાર્થનું ચિંતવન મૂકીને એક ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન
કરવું. (૨) અને જો ભગવાનના સ્વરૂપનું ચિંતવન થઈ ન શકે તો પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય** ૨
**ને ભક્તિ તેણે યુક્ત એવા જે આ સાધુ તેને મધ્યે પડી રહેવું. (૩) અને અમારે પણ એ જ** ૩
**અંતરમાં વાસના છે જે આ દેહને મૂકશું પછી કોઈ રીતનો જન્મ થાવાનું નિમિત્ત તો નથી,
પણ અંતરમાં એમ વિચારીએ છીએ જે જન્મ ધર્યાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના
મધ્યમાં જન્મ ધરવો એમ ઇચ્છીએ છીએ. (૪)** અને જેને એ કીર્તનમાં કહ્યું એવી રીતનું ૪
ચિંતવન થતું હોય તે તો કાળ, કર્મ ને માયાના પાસ થકી મુકાણો છે અને જેને ઘેર એવા
પુરુષે જન્મ ધર્યો તેનાં માબાપ પણ કૃતાર્થ થયાં જાણવાં. **(૫)** અને ભગવાન વિના બીજા ૫
વિષયનું જે ચિંતવન કરે છે તે તો અતિશે ભૂલ્યો જાણવો. **(૬)** અને સ્ત્રી, પુત્ર ને ધનાદિક ૬
પદાર્થ તો જે જે યોનિમાં જાય છે તે સર્વેમાં મળે છે, પણ આવા બ્રહ્મવેત્તા સંતનો સંગ ને
શ્રી વાસુદેવ ભગવાનનું સાક્ષાત્કાર દર્શન ને ચિંતવન તે તો અતિશે દુર્લભ છે. માટે જેમ
વિષયી જનને પંચવિષયનું ચિંતવન અંતઃકરણમાં થયા કરે છે તેમ **જેના અંતરમાં અખંડ
ભગવાનનું ચિંતવન થયા કરે એથી ઉપરાંત મનુષ્યદેહનો બીજો લાભ નથી, અને એ તો સર્વે
હરિભક્તમાં મુખિયો છે** અને એ ભક્તને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પંચવિષય હોય
તો પણ ભગવાન સંબંધી જ હોય ને તેના શ્રવણ તે અખંડ ભગવાનની કથા સાંભળવાને ઇચ્છે
છે ને ત્વચા તે ભગવાનનો સ્પર્શ કરવા ઇચ્છે, ને નેત્ર તે ભગવાન ને ભગવાનના સંતના
દર્શન કરવાને ઇચ્છે ને રસના તે ભગવાનના મહાપ્રસાદના સ્વાદને ઇચ્છે, અને નાસિકા તે
ભગવાનને ચડ્યાં જે પુષ્પ-તુળસી તેના સુગંધને ઇચ્છે, પણ પરમેશ્વર વિના અન્ય વસ્તુને
સુખદાયી જાણે જ નહિ, એવી રીતે જે વર્તે તે ભગવાનનો એકાંતિક ભક્ત કહેવાય. **(૭)** ૭
ઇતિ વચનામૃતમ્ **॥૪૮॥ (૧૮૧)**

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે જેને અંતઃકરણમાં અમારું ચિંતવન રહે, તેને ફરીને ગર્ભવાસમાં જવું પડે નહિ, અને દેહમાં રહ્યો થકો પણ મુક્ત થઈ રહ્યો છે, ને તેને કાંઈ પણ બાકી રહ્યું નથી. **(૧)** અને જેને બીજા પદાર્થનું ચિંતવન કરતાં દેહ પડે તેને દુઃખનો અંત આવતો નથી. **(૨)** અને જેને અમારું ચિંતવન થઈ ન

શકે તેને ધર્મ-જ્ઞાનાદિક સાધને યુક્ત એવા અમારા સાધુના સંગમાં એટલે મન-કર્મ-વચને અનુવૃત્તિમાં રહેવું એમ સંતમાં પડી રહેવું. તેણે કરીને એ સંતના જેવા ગુણ આવે ને મોક્ષ થાય. **(૩)** અને અમારે ફેર જન્મ ધરવાનું નિમિત્ત નથી તો પણ કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવા ઈચ્છીએ છીએ. **(૪)** અને જેને અમારું ચિંતવન થાય તેનાં માબાપ પણ કૃતાર્થ છે. **(૫)** અને જે અમારા વિના બીજું ચિંતવન કરે છે તે તો અતિશે ભૂલ્યો છે. **(૬)** અને અમારા બ્રહ્મવેત્તા સાધુનો સંગ ને અમારું સાક્ષાત્ દર્શન તે તો મહા દુર્લભ છે, માટે અમારા વિના અન્ય વસ્તુને સુખદાયી જાણે જ નહિ, એ અમારો એકાંતિક ભક્ત છે. **(૭)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં જે અમારું ચિંતવન કરે તે શ્વેતદ્વીપમાં નિરન્ન મુક્ત છે તેવો છે એમ કહ્યું તે જે શ્રીજીમહારાજનું ચિંતવન કરે તે તો શ્રીજીમહારાજનો મુક્ત થાય તેને નિરન્ન મુક્ત જેવો કહેવાનું શું કારણ હશે ?

૧ **ઉ૦** આમાં શ્રીજીમહારાજે પોતાના તેજરૂપ અક્ષરધામને શ્વેતદ્વીપ નામે કહ્યું છે. જે શ્વેત એવું તેજ તેનો દ્વીપ એટલે સમૂહ માટે તેજનો સમૂહ જે અક્ષરધામ તેને આ ઠેકાણે શ્વેતદ્વીપ નામે કહ્યું છે, અને પોતાના મુક્તને નિરન્ન મુક્ત નામે કહ્યા છે, પણ વાસુદેવબ્રહ્મના સાધનિક મુક્તોનું ધામ છે તે નથી કહ્યું, કેમ જે એ શ્વેતદ્વીપ તો પ્રલય સમે નાશ પામે છે, અને સાતમી બાબતમાં વાસુદેવ નામે કહ્યા છે તે પણ પોતાને જ કહ્યા છે.

૨ **પ્ર૦** ચોથી બાબતમાં શ્રીજીમહારાજે સંતના મધ્યમાં જન્મ ધર્યાનું કહ્યું તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** વૈરાજપુરુષની આયુષ્યમાં એક વાર આ બ્રહ્માંડમાં દર્શન દેવાં એવું નિમિત્ત છે, તેથી હવે આ વૈરાજની આયુષ્યમાં ફેર આવવાનું નિમિત્ત તો નથી પણ કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં એટલે સત્પુરુષરૂપે ફેર આવવાની ઈચ્છા જણાવી છે. અને મુમુક્ષુને ઉપદેશ કર્યો છે જે અમે અમારા પરમએકાંતિક તથા અનાદિમુક્ત ભેળા સદાય વિચારીએ છીએ, પણ એક ક્ષણમાત્ર એવા સંતથી જુદા રહેતા નથી, માટે તમારે પણ એવા સંત ભેળું સદા રહેવું એમ સૂચવ્યું છે. ॥૪૮॥ **(૧૮૧)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૪૯

❖સંવત ૧૮૮૦ના ફાગણ સુદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણે બાર મેડીની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદી, તકિયા બિછાવીને વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પાઘમાં ધોળાં પુષ્પનો હાર લટકતો મૂક્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧) પ્રત્યક્ષ ભગવાનની જે મૂર્તિ ને બીજા જે માયિક આકાર એ બેયને વિષે તો ઘણો ફેર છે, પણ જે અજ્ઞાની છે ને અતિશે મૂર્ખ છે તે તો ભગવાનને ને માયિક આકારને સરખા જાણે છે કેમ જે માયિક આકારના જે જોનારા છે ને માયિક આકારના જે ચિંતવન કરનારા છે તે તો અનંતકોટી કલ્પ સુધી નરક ચોરાશીને વિષે ભમે છે. (૧) અને જે ભગવાનના સ્વરૂપનાં દર્શન કરનારા છે ને ભગવાનના સ્વરૂપના** ૧
**ચિંતવન કરનારા છે તે તો કાળ, કર્મ ને માયા એ સર્વેના બંધન થકી છૂટીને અભયપદને પામે છે ને ભગવાનના પાર્ષદ થાય છે,** માટે **અમારે તો ભગવાનની કથા, કીર્તન, વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થાતી જ નથી, ને તમારે પણ સર્વેને એવી રીતે કરવું. (૨)** ઈતિ વચનામૃતમ્ ॥૪૯॥ **(૧૮૨)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારી આ પ્રત્યક્ષ મૂર્તિમાં ને બીજા માયિક

આકારમાં ઘણો ફેર છે, પણ જે અજ્ઞાની ને અતિશે મૂર્ખ છે તે અમને ને માયિક આકારને સરખા જાણે છે, ને માયિક આકારનું ચિંતવન કરનારા નરક ચોરાશીમાં ભમે છે. **(૧)** અને જે અમારા સ્વરૂપનું દર્શન ને ચિંતવન કરનારા છે તે અમારા મુક્ત થાય છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં પ્રત્યક્ષ એવા જે અમે તે અમારી મૂર્તિમાં ને માયિક આકારમાં ઘણો ફેર છે એમ શ્રીજીમહારાજે કહ્યું તે શ્રીજીમહારાજે જ્યારે વાત કરી ત્યારે તો પ્રત્યક્ષ હતા, પણ આજ મનુષ્યરૂપે પ્રત્યક્ષ કેવી રીતે જાણવા ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજે સંકલ્પ કર્યો જે અમને મનુષ્યરૂપે દેખો ત્યારે મનુષ્યરૂપે દર્શન આપ્યું, અને પછી સંકલ્પ કર્યો જે હવે અમને પ્રતિમારૂપે દેખો માટે જેમ મનુષ્યરૂપે દેખાતા તેમ આજ પ્રતિમારૂપે દર્શન આપે છે, માટે આજ પ્રતિમારૂપે પ્રત્યક્ષ છે.

૨ **પ્ર૦** ત્યારે એકાંતિકને વિષે પણ ભગવાન રહ્યા છે તે એકાંતિકને ભગવાનરૂપ માનીએ તો એ મનુષ્યરૂપે પ્રત્યક્ષ ભગવાન કહેવાય કે નહિ ?

૨ **ઉ૦** એકાંતિકમાં ભગવાન રહ્યા છે પણ એક તો એનો દેહ ને બીજો એનો જીવ ને ત્રીજા શ્રીજીમહારાજ રહ્યા છે, માટે શ્રીજીમહારાજની મૂર્તિની અને મુમુક્ષુની વચ્ચે એકાંતિકના દેહનો ને ચૈતન્યનો એ બે પડદા રહ્યા, માટે એકાંતિકને ભગવાન માનવાથી ભગવાનની પ્રાપ્તિ થાતી નથી.

૩ **પ્ર૦** જેમ શ્રીજીમહારાજ મનુષ્યરૂપે વિચરતા તેમાંથી મનુષ્યભાવ ટાળવાનો છે, ને જેમ પ્રતિમામાંથી પ્રતિમાભાવ ટાળવાનો છે તેમ એકાંતિકમાંથી મનુષ્યભાવ ટાળીએ તો પછી એકાંતિકને ભગવાન માનવામાં શો વાંધો છે ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજને વિષેથી મનુષ્યભાવ ને પ્રતિમાભાવ ટાળીએ એટલે સાક્ષાત્કાર થાય, અને એકાંતિકને વિષેથી દેહભાવ ટાળીએ તો પણ એના ચૈતન્યનો પડદો રહ્યો તેથી ભગવાનની પ્રાપ્તિ ન થાય, માટે મોક્ષમાં વાંધો આવે છે કેમ જે એકાંતિક તો સાધનદશામાં છે, માટે એનો દેહ તો માયિક છે તે દેહનો નિષેધ કરીએ તેણે કરીને દેહભાવ ટળી જાતો નથી, અને શ્રીજીમહારાજ તો કૈવલ્ય મૂર્તિ છે, માટે એકાંતિકને ભગવાન માનવા એ તો ઘણું ભૂલભરેલું છે.

૪ **પ્ર૦** (**પ્ર૦ ૫૧**માં) ભક્તના દેહ-ઇન્દ્રિયોને પુરુષોત્તમરૂપ કહ્યાં છે અને (**કા૦ ૧**ના પાંચમા પ્રશ્નમાં) ભક્તના દેહ-ઇન્દ્રિયો ભગવાનને જ્ઞાને કરીને ભગવાનને આકારે થાય છે એમ કહ્યું છે એમ જોતાં તો એકાંતિકમાં ને શ્રીજીમહારાજમાં કાંઈ ભેદ રહેતો નથી માટે તે કેમ સમજવું ?

૪ **ઉ૦** શ્રીજીમહારાજના મુક્તને યોગે કરીને શ્રીજીમહારાજનો યથાર્થ મહિમા સમજીને પછી શ્રીજીમહારાજના તેજરૂપ પોતાને માનીને શ્રીજીમહારાજનું ધ્યાન કરે ત્યારે તે ધ્યાને કરીને શ્રીજીમહારાજને આકારે થઈ જાય છે, એટલે દેહમાં રહ્યો થકો મૂર્તિમાન થઈ જાય છે, અને ઇયળની ભમરી થાય છે એમ કહ્યું છે તે પણ ઇયળના ખોખામાં ભમરીનો દેહ બંધાય છે, તેમ શ્રીજીમહારાજના જ્ઞાને તથા ધ્યાને કરીને જીવ પોતાના દેહમાં રહ્યો થકો મૂર્તિમાન થાય છે, પણ માયિક દેહ-ઇન્દ્રિયો ભગવાનરૂપ થાય છે એમ નથી કહ્યું, શ્રીજીમહારાજ તો કૈવલ્યમૂર્તિ છે, અને એકાંતિક ભક્તનો દેહ તો માયિક છે તે દેહ ચૈતન્ય થતો જ નથી, અને શ્રીજીમહારાજને જ્ઞાને તથા ધ્યાને કરીને જીવ શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામીને શ્રીજીમહારાજના જેવો સાકાર થાય છે, ને દેહ તો માયામાં પડ્યો રહે છે તે (**મ૦ ૩૪**ના પહેલા પ્રશ્નમાં) જીવ અમારો ભક્ત થઈને અમારા ધામમાં જાય છે ત્યારે જડ એવાં જે તત્ત્વ તે પડ્યાં રહે છે એમ કહ્યું છે, માટે તત્ત્વ તો જડ છે તે ચૈતન્ય થાય જ નહિ.

૫ **પ્ર૦** ત્યારે કેટલાક એમ કહે છે કે અમારે વિષે ભગવાન રહ્યા છે તે માટે અમારું ધ્યાન ને સેવા કરો, એટલે તમને શ્રીજીમહારાજ મળશે એમ કહે છે તે શું શ્રીજીમહારાજની મરજીથી જુદું કહેતા હશે ?

૫ **ઉ૦** જે શ્રીજીમહારાજને મૂકીને પોતાનું ધ્યાન કરાવે અને પ્રતિમાને ન્યૂન કહીને પ્રતિમાને વિષેથી લુખા કરે તે એકાંતિક નથી, ને એને શ્રીજીમહારાજનો સંબંધ પણ નથી, ને અનાદિમુક્તનો કે પરમએકાંતિકનો યોગ પણ એને થયો નથી. માટે શ્રીજીમહારાજનું રહસ્ય એના જાણ્યામાં આવ્યું નથી, એ તો જ્યારે સિદ્ધદશાવાળા પરમએકાંતિકનો કે અનાદિનો યોગ થાય ને શ્રીજીમહારાજની આજ્ઞા યથાર્થ પાળીને શ્રીજીમહારાજને તથા મુક્તોને પ્રસન્ન કરે ત્યારે તે મુક્તોની કૃપા થાય ને શ્રીજીમહારાજનું રહસ્ય યથાર્થ સમજાવે ત્યારે એકાંતિક થવાય છે.

૬ **પ્ર૦** એકાંતિકથી પરમએકાંતિક મુક્ત તથા અનાદિમુક્ત જુદા કહ્યા તે કિયાં જાણવાં ?

૬ **ઉ૦** શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામમાં સન્મુખ રહ્યા છે તે પરમએકાંતિક કહેવાય છે, અને જે શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા છે તે અનાદિ કહેવાય છે, તે મુક્ત શ્રીજીમહારાજની ઇચ્છાથી અનંત જીવોનો ઉદ્ધાર કરવાને અર્થે પૃથ્વીને વિષે દર્શન આપતા હોય, તેમનો સમાગમ ને સેવા કરીને શ્રીજીમહારાજનો ને એ મુક્તનો મહિમા યથાર્થ સમજે અને સર્વે વાસનાથી રહિત થાય, ત્યારે તે એકાંતિક કહેવાય, તો પણ એનો દેહ તો માયિક છે.

૭ **પ્ર૦** પરમએકાંતિકના તથા અનાદિમુક્તના સમાગમે કરીને દેહ છતાં જ એમના જેવી સ્થિતિ થાય કે કેમ ?

૭ **ઉ૦** એવા મુક્તનો સમાગમ કરીને શ્રીજીમહારાજનું યથાર્થ જ્ઞાન સમજે ને શ્રીજીમહારાજનું ધ્યાન કરે તો દેહ છતાં જ એમના જેવી સ્થિતિ થાય.

૮ **પ્ર૦** પરમએકાંતિક તથા અનાદિમુક્તનો દેહ કેવો જાણવો ?

૮ **ઉ૦** જેમ શ્રીજીમહારાજ કૈવલ્યમૂર્તિ છે તેમજ મુક્ત પણ કૈવલ્યમૂર્તિ છે પણ તેમાં દેહ-દેહીભાવ નથી.

૯ **પ્ર૦** ત્યારે તો જેવા શ્રીજીમહારાજ છે તેવા જ તે મુક્ત થયા ત્યારે તે મુક્ત પૃથ્વીને વિષે પધારે તે મુક્તદ્વારે શ્રીજીમહારાજ પ્રત્યક્ષ કહેવાય કે નહિ, ને એ મુક્તનું ધ્યાન થાય કે નહિ ?

૯ **ઉ૦** પરમએકાંતિક તથા અનાદિમુક્ત છે તે તો મુક્ત છે, ને શ્રીજીમહારાજ તો મુક્તના સ્વામી છે, ને પ્રતિમા પણ સ્વામી જ છે, ને મુક્ત દાસ છે માટે મુક્તનું ધ્યાન થાય નહિ ને એ મુક્તોને પ્રત્યક્ષ ભગવાન પણ કહેવાય નહિ; શ્રીજીમહારાજની પ્રતિમાને જ પ્રત્યક્ષ ભગવાન કહેવાય ને પ્રતિમાનું જ ધ્યાન થાય, પણ મુક્તનું ધ્યાન થાય નહિ. તો મૂળઅક્ષર તથા મૂળપુરુષાદિકનું તો થાય જ કેમ ? ન જ થાય. તે (**મ૦ ૧૯**/૨માં) અમારા વિના કોઈ અવતારનું ધ્યાન કરવું નહિ એમ કહ્યું છે.

૧૦ **પ્ર૦** ત્યારે (**વ૦ ૧૦**/૨માં) શ્રીજીમહારાજની પ્રતિમાથી મુક્તને ઊંચે નંબરે કહ્યા છે તેનું શું કારણ હશે ?

૧૦ **ઉ૦** જ્ઞાન-ઉપદેશ કરવાની બાબતમાં મુક્તને શ્રેષ્ઠ કહ્યા છે પણ મુક્તની ભક્તિ એટલે ભજન-સ્મરણ કરવું એમ કહ્યું નથી; ભક્તિ તો પ્રતિમાની કરવી એમ કહ્યું છે, અને મુક્તનો તો જ્ઞાન લેવાને માટે આશ્રય કરવો એમ કહ્યું છે, માટે ફક્ત ઉપદેશ દેવામાં જ મુક્તને શ્રેષ્ઠ કહ્યા છે, પણ ધ્યાન-ભજન તો મુક્તનું થાય જ નહિ, અને જે મુક્ત હોય તે પ્રતિમાનો મહિમા સમજાવીને પ્રતિમાને વિષે જ વળગાડે, ને પ્રતિમાનું જ ધ્યાન કરાવે માટે જે પોતાનું ધ્યાન કરાવે તેને મુક્ત ન જાણવા, ને એકાંતિક પણ ન જાણવા, તેને તો આધુનિક જાણીને તેનો ત્યાગ કરવો કેમ જે તેનો સંગ કરવાથી મોક્ષ થતો નથી.

૧૧ **પ્ર૦** ત્યારે શ્રીજીમહારાજનો ને એમના મુક્તોનું રહસ્ય શું હશે ?

૧૧ **ઉ૦** (**મ૦ ૫૦**/૧માં) શ્રીજીમહારાજે પોતાનું રહસ્ય કહ્યું છે જે અમારી મૂર્તિનાં તેજમાં તમારા આત્માને લીન કરીને એ તેજમાં અમે ને અમારા મુક્ત રહ્યા છીએ તે અમારે વિષે ને અમારા મુક્તને વિષે પ્રીતિ જોડી રાખવી એ પરમએકાંતિકની સ્થિતિ કહી છે અને (**જે૦ ૧**માં) સંતને વિષે આપોપું કરવાનું કહ્યું છે એ અનાદિમુક્તની સ્થિતિ કહી છે તે શ્રીજીમહારાજનું ને મોટા મુક્તોનું રહસ્ય છે, માટે એવી રીતે નિરંતર વર્તવું.

૧૨ **પ્ર૦** માયિક આકારનું ચિંતવન કરનારા નરક ચોરાશીને વિષે ભમે છે એમ કહ્યું તે માયિક આકાર કિયાં જાણવાં ને નરક ચોરાશી કઈ જાણવી ?

૧૨ **ઉ૦** શ્રીજીમહારાજ પૃથ્વીને વિષે મનુષ્યરૂપે વિચરતા હોય તે મનુષ્યરૂપ મૂર્તિને વિષે મનુષ્યભાવ પરઠે, પણ દિવ્ય ન જાણે તે માયિક આકારના ચિંતવન કરનારા કહેવાય, તે નરક ચોરાશીને વિષે ભમે છે એમ કહ્યું છે તે માયારૂપી નરક જાણવું, ને જન્મ-મરણ તે ચોરાશી જાણવી. એટલે શ્રીજીમહારાજની મનુષ્યરૂપ મૂર્તિને અથવા પ્રતિમાને માયિક જાણીને ચિંતવન કરનારા તે માયા થકી અને જન્મ-મરણ થકી મુકાય નહિ એમ કહ્યું છે. **॥૪૯॥ (૧૮૨)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૫૦

❖સંવત ૧૮૮૦ના ચૈત્ર વદિ ૨ દ્વિતીયાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી

ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણે બાર મેડીની ઓસરી ઉપર રાત્રિને વિષે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧) આજ તો અમારું જે રહસ્ય છે તે તમને સર્વેને અમારા જાણીને કહીએ છીએ** જે જેમ નદીઓ સમુદ્રને વિષે લીન થાય છે, ને જેમ સતી ને પતંગ તે અગ્નિને વિષે બળી જાય છે ને જેમ શૂરો રણને વિષે ટુકટુક થઈ જાય છે, **તેમ એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મસ્વરૂપ** તેને વિષે અમે અમારા જીવાત્માને લીન કરી રાખ્યો છે, અને **તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ તેને વિષે મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન ને તે ભગવાનના જે ભક્ત તે સંગાથે અખંડ પ્રીતિ જોડી રાખી છે** અને તે વિના કોઈ પદાર્થમાં પ્રીતિ નથી
એવું અમારે અખંડ વર્તે છે. **(૧)** અને ઉપરથી તો અમે અતિશે ત્યાગનો ફૂંફાડો જણાવતા ૧
નથી પણ જ્યારે અમે અમારા અંતર સામું જોઈને બીજા હરિભક્તના અંતર સામું જોઈએ છીએ ત્યારે મોટા મોટા પરમહંસ તથા મોટી મોટી સાંખ્યયોગી બાઈઓ એ સર્વેને કાંઈક જગતની કોરનો લોચો જણાય, પણ અમારા અંતરને વિષે તો ક્યારેય સ્વપ્રમાં પણ જગતની કોરનો ઘાટ થાતો નથી, અને ભગવાન ને ભગવાનના ભક્તની ભક્તિમાંથી અમને પાડવાને અર્થે
કોઈ સમર્થ નથી એમ જણાય છે. **(૨)** અને જે દિવસ ભગવાનની પ્રાપ્તિ નહોતી થઈ તે ૨
દિવસ પણ ભગવાનની શક્તિ જે કાળ તે પણ આ જીવનો નાશ કરી શક્યો નથી અને કર્મ પણ નાશ કરી શક્યાં નથી અને માયા પણ પોતાને વિષે લીન કરી શકી નથી ને હવે તો
ભગવાન મળ્યા છે માટે કાળ-કર્મ-માયાનો શો ભાર છે ? **(૩)** એમ જાણીને એવી હિંમત ૩
બાંધી છે જે હવે તો ભગવાન ને ભગવાનના ભક્ત વિના કોઈને વિષે પ્રીતિ રાખવી નથી, અને **જે અમારી સોબત રાખશે તેના હૃદયમાં પણ કોઈ જાતનો લોચો રહેવા દેવો નથી** શા માટે જે **જેને અમારા જેવો અંતરનો દૃઢાવ હોય તે સાથે જ અમારે બને છે અને જેના હૃદયમાં જગતના સુખની વાસના હોય તે સંગાથે તો અમે હેત કરીએ તો પણ થાય નહિ, માટે જે નિર્વાસનિક ભગવાનના ભક્ત હોય તે જ અમને વહાલા છે, એ અમારા અંતરનું રહસ્ય છે**
તે કહ્યું, એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે વાર્તા કરી. **(૪)** ઇતિ ૪
વચનામૃતમ્ **॥૫૦॥ (૧૮૩)**

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે સર્વથી પર એકરસ પરિપૂર્ણ એવું જે અમારા તેજરૂપ અક્ષરબ્રહ્મ તેને વિષે તમારા આત્માને લીન કરીને તેમાં અમે તથા અમારા મુક્ત સદા દિવ્ય સાકાર મૂર્તિમાન રહ્યા છીએ તેમાં અખંડ પ્રીતિ જોડી રાખો. **(૧)** અને મોટા મોટા પરમહંસ તથા મોટી મોટી સાંખ્યયોગી બાઈઓ તેને વિષે પણ જગતની કોરનો લોચો જણાય છે. **(૨)** અને જીવને અમારી પ્રાપ્તિ નહોતી થઈ ત્યારે પણ કાળ-કર્મ નાશ કરી શક્યાં નથી, ને માયા લીન કરી શકી નથી તો હવે તો અમે મળ્યા છીએ માટે કાળ-કર્મ-માયાનો ભાર રાખવો નહિ. **(૩)** અને જગતસુખની વાસનાવાળા સાથે અમારે હેત થાતું નથી, ને નિર્વાસનિક ભક્ત વહાલા છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** નદી, સતી ને શૂરાના દૃષ્ટાંતમાં કોઈ અધિક-ન્યૂન હશે કે સરખાં હશે ? અને શ્રીજીમહારાજના તેજરૂપ બ્રહ્મમાં આત્માને

લીન કરીને અમારે વિષે ને મુક્તને વિષે પ્રીતિ જોડી રાખવી એમ કહ્યું તે આત્માને કેવી રીતે લીન કરવો ? અને શ્રીજીમહારાજ તો ભગવાન છે તેમણે અમે અમારા જીવાત્માને લીન કરી રાખ્યો છે એમ કેમ કહ્યું હશે ?

૧ **ઉ૦** એ દૃષ્ટાંતમાં અધિક-ન્યૂન નથી; એ તો જેમ નદીને સમુદ્રમાં મળવાનો વેગ છે તો મોટા મોટા પર્વતોને તોડીને પણ સમુદ્રમાં જાય છે, અને સતીને પતિમાં પ્રીતિ છે તો દેહસંબંધી વૈભવનો ને સર્વ સુખનો ત્યાગ કરીને ને બળવાની બીક તજીને પણ અગ્નિમાં બળી મરે છે, અને શૂરો પોતાનાં સ્ત્રી-છોકરામાંથી તથા સુખમાંથી તથા દેહમાંથી સ્નેહ તોડીને કોઈનો રોક્યો ન રોકાતાં રણમાં ટુક ટુક થઈ જાય છે, તે એમને જેવો વેગ છે તેમ તમારે અમારા વિના સર્વમાંથી પ્રીતિ ટાળીને અમારા તેજરૂપ બ્રહ્મને વિષે એકતા કરવી તેણે કરીને એ બ્રહ્મના સાધર્મ્યપણાને પમાય, પછી અમારું દર્શન થાય ત્યારે તે અમારા જેવો જ સાકાર થઈ જાય અને અમારા સાધર્મ્યપણાને પામીને અમારી હજૂર સેવામાં રહે છે એમ શ્રીજીમહારાજે પોતાના ભક્તને શીખવવાને વાસ્તે કહ્યું છે અને જીવ શબ્દે કરીને જીવને, આત્માને તથા પરમાત્માને કહેવાય છે.

૨ **પ્ર૦** પહેલી બાબતમાં સર્વેથી પર એકરસ પરિપૂર્ણ બ્રહ્મસ્વરૂપ કહ્યું તે સર્વેથી એટલે કોનાથી પર સમજવું ?

૨ **ઉ૦** સર્વે શબ્દવડે કરીને જીવકોટી, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી ને મૂળઅક્ષરકોટી એ આદિથી પર સમજવું.

૩ **પ્ર૦** બીજી બાબતમાં મોટા મોટાને વિષે જગતની કોરનો લોચો જણાય છે એમ કહ્યું ને (**પ્ર૦ ૫૮**ના બીજા પ્રશ્નમાં) મોટાપુરુષનો રાજીપો થાય તો ગમે તેવા મલિન સંસ્કાર હોય તે પણ નાશ પામે, તથા (**મ૦ ૭**ના બીજા પ્રશ્નમાં) મોટા સંતને રાજી કરે તો સર્વે વિકાર ટળી જાય, તથા (**પ્ર૦ ૫૯**ના ચોથા પ્રશ્નમાં) મોટાપુરુષને પ્રતાપે ભૂંડા દેશાદિક પણ સારા થઈ જાય એમ કહ્યું છે, તે પરસ્પર વિરોધ આવે છે તે કેવી રીતે સમજવું ? અને અમારે જગતની કોરનો ઘાટ થાતો નથી એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** આ ઠેકાણે માયાનું બળ બતાવીને મોટાને મિષે કરીને સાધનિકને ઉપદેશ કર્યો છે, પણ મોટા સિદ્ધદશાવાળા મુક્તોની દૃષ્ટિમાં માયા છે જ નહિ તો જગતની કોરનો ઘાટ તો હોય જ ક્યાંથી ? તે તો સદાય શ્રીજીમહારાજની મૂર્તિમાં જ નિમગ્ન રહેલા છે, અને એમની કૃપાથી મહાઅધમ જીવ પણ મુક્ત થઈ જાય એવા સમર્થ છે. અને અમારા અંતરને વિષે ઘાટ નથી એમ કહ્યું છે તે પણ પોતાને મિષે કરીને પોતાના સાધર્મ્યપણાને પામ્યા એવા જે સિદ્ધમુક્તો તેને વિષે કોઈ જાતનો ઘાટ નથી, એમ કહ્યું છે, અને ભગવાન ને ભગવાનના ભક્તની ભક્તિમાંથી અમને પાડવાને અર્થે કોઈ સમર્થ નથી, એમ કહ્યું છે. તે પણ પોતાને મિષે કરીને પોતાના મુક્તને પાડવાને કોઈ સમર્થ નથી, એમ કહ્યું છે કેમ જે શ્રીજીમહારાજ તો પોતે જ ભગવાન છે, માટે એમને પાડવા કોઈ સમર્થ હોય જ નહિ; એ તો સર્વોપરી, સર્વ નિયંતા, સર્વ કર્તા પરમેશ્વર છે.

૪ **પ્ર૦** ત્રીજી બાબતમાં કાળ-કર્મ જીવનો નાશ કરી શક્યાં નથી અને માયા લીન કરી શકી નથી એમ કહ્યું તે નાશ ને લીન તે કેવી રીતે સમજવું ?

૪ **ઉ૦** જીવ ચૈતન્ય વસ્તુ છે તેને કાળ-કર્મ મળીને નાશ એટલે જડવત્ કરી શક્યાં નથી, અને માયા પોતામાંથી નીકળીને જુદો ન પડી શકે એવી રીતે લીન કરી શકી નથી. **॥૫૦॥ (૧૮૩)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૫૧

❖સંવત ૧૮૮૦ના ચૈત્ર વદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં દક્ષિણાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે પરમહંસને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** કોઈક સમામાં તો જીવ સુષુપ્તિમાં જાય છે ત્યારે અતિશે સુખ થાય છે અને કોઈક સમામાં તો સુષુપ્તિમાં જાય છે તો પણ ઉદ્વેગ મટતો નથી તેનું શું કારણ છે ? એ પ્રશ્ન છે. પછી મોટા મોટા સંત હતા તેમણે એ પ્રશ્નનું

સમાધાન કરવા માંડ્યું, પણ યથાર્થ સમાધાન થયું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ તો રજોગુણનું બળ વૃદ્ધિ પામી જાય છે તે સુષુપ્તિમાં પણ તમોગુણ ભેળો રજોગુણનો વિક્ષેપ રહે છે, માટે સુષુપ્તિમાં પણ અસુખ રહે છે **માટે ગુણનો સંગ જ્યાં સુધી રહે ત્યાં સુધી કોઈ જીવ સુખિયો રહે નહિ ને જ્યારે આત્મસત્તારૂપે રહે ત્યારે જ સુખી રહે છે. (૧)** ૧

૨ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** આત્મસત્તારૂપે રહે તેનાં શાં લક્ષણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે શિવ-બ્રહ્મા જેવા કોઈ સમર્થ કહેવાય નહિ; એ તો નારદ જેવાના પણ ગુરુ છે અને એ જેવા બ્રહ્મસ્વરૂપે વર્તે છે તેવું તો બીજાને વર્તવું કઠણ છે તો પણ દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, દીક્ષા ને દેવતા એ આઠે જો ભૂંડાં થયાં તો તેને યોગે કરીને એ શિવ-બ્રહ્મા જેવાને પણ અંતરમાં અતિશે દુઃખ થયું. માટે ગમે તેવો નિર્ગુણ હોય ને આત્મસત્તારૂપે રહેતો હોય ને જો તેને ભૂંડા દેશકાળાદિકનો યોગ થાય તો તેને જરૂર અંતરમાં દુઃખ થાય, **માટે મોટાપુરુષની બાંધેલ જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થાતો નથી, માટે જેટલા ત્યાગી છે તેને તો ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલા ગૃહસ્થ હરિભક્ત છે તેમણે ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલી બાઈઓ હરિભક્ત છે તેને બાઈઓના ધર્મ પ્રમાણે વર્તવું અને જો તે થકી ઓછું વર્તે તોપણ સુખ ન થાય અને જો તે થકી અધકું વર્તે તો પણ સુખ ન થાય** શા માટે જે પરમેશ્વરના કહેલ જે ધર્મ તે પ્રમાણે જ ગ્રંથમાં લખ્યું હોય તેમાં કોઈ રીતે બાધ આવે એવું ન હોય ને સુખે પળે એવું હોય ને તેથી ઓછું-અધકું કરવા જાય તે કરનારો જરૂર દુઃખી થાય, **માટે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે તે જ રૂડા દેશકાળાદિકને વિષે રહ્યો છે અને જે સત્પુરુષની આજ્ઞાથી બહાર પડ્યો તે જ એને ભૂંડા દેશકાળાદિકનો યોગ થયો છે, માટે સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે. (૨)** ઇતિ વચનામૃતમ્ **॥૫૧॥ (૧૮૪)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં ગુણનો સંગ ટાળીને આત્મારૂપે થાય ત્યારે જ સુખી થાય. **(૧)** બીજામાં અમારી બાંધેલી મર્યાદા પાળે તે આત્મસત્તારૂપે વર્તે છે ને ન પાળે તે ભૂંડા દેશકાળમાં રહ્યો છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં ગુણનો સંગ હોય ત્યાં સુધી કોઈ સુખી રહે નહિ એમ કહ્યું અને (**લો૦ ૧૦**ના ૭/૯ સાતમા પ્રશ્નમાં) માયાના સત્ત્વગુણને સુખરૂપ કહ્યો છે તે કેમ સમજવું ?

૧ **ઉ૦** આમાં રજોગુણને દુઃખદાયી કહ્યો છે પણ સત્ત્વગુણને દુઃખદાયી કહ્યો નથી, માટે વિરોધ નથી, પણ યથાર્થ સુખિયો તો જ્યારે નિર્ગુણ સત્તારૂપ થાય ત્યારે જ થાય.

૨ **પ્ર૦** બીજા પ્રશ્નમાં શિવ-બ્રહ્માને સમર્થ ને નારદજીના ગુરુ કહ્યા અને બ્રહ્મસ્વરૂપે વર્તે છે એમ કહ્યું અને વળી ભૂંડા દેશાદિક નડ્યા, એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** ઇંદ્ર તથા પ્રજાપતિ આદિકથી શિવ-બ્રહ્માનું ઐશ્વર્ય અધિક છે માટે તેથી સમર્થ કહ્યા છે, અને બ્રહ્મા નારદજીના પિતા હતા ને તે શિવથકી વર પામ્યા હતા તેથી ગુરુ કહ્યા છે, અને તે સગુણ છે ને ઉપાસના પણ વૈરાજની છે તે પણ સગુણ છે અને એમના જેવું બીજાથી બ્રહ્મરૂપે ન વર્તાય એમ કહ્યું છે, તે બીજા એટલે ઋષિ તથા પ્રજાપતિથી એમના જેવું વર્તી શકાય નહિ, એમ કહ્યું છે. અને શુકજીના જેવી સ્થિતિ એમની નહોતી તેથી ભૂંડા દેશાદિક નડ્યા છે તે જ્યારે પરબ્રહ્મની ઉપાસના થાય

ને પોતે બ્રહ્મરૂપ થાય ને પોતાના ચૈતન્યને વિષે પરબ્રહ્મની મૂર્તિને સાક્ષાત્ દેખે ત્યારે ભૂંડા દેશાદિક નડી શકે નહિ તે (**પ્ર૦ ૨૩**/૧માં) કહ્યું છે. **॥૫૧॥ (૧૮૪)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૫૨

❖સંવત ૧૮૮૦ના ચૈત્ર વદિ ૧૧ એકાદશીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાંથી ઘોડીએ અસવાર થઈને શ્રી લક્ષ્મીવાડીએ પધાર્યા હતા ને ત્યાં વેદિકા ઉપર વિરાજમાન થયા હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે પુષ્પનો હાર પહેર્યો હતો ને પાઘને વિષે ફૂલનો તોરો વિરાજમાન હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

અને પોતાની આગળ મુનિમંડળ ઝાંઝ-મૃદંગ લેઈને કીર્તન ગાવતા હતા તે જ્યારે કીર્તન
૧ ગાઈ રહ્યાં ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** લ્યો હવે વાર્તા કરીએ તે સાંભળો જે, આ સંસારને વિષે ગૃહસ્થાશ્રમી ને ત્યાગી એ બેના માર્ગ જુદા જુદા છે તે જે ગૃહસ્થને શોભા હોય તે ત્યાગીને દૂષણરૂપ હોય ને જે ત્યાગીને શોભા હોય તે ગૃહસ્થને દૂષણરૂપ હોય તેને બુદ્ધિમાન હોય તે જાણે પણ બીજો જાણી શકે નહિ, માટે તેની વિક્તિ કહીએ છીએ જે, જે ગૃહસ્થાશ્રમી છે તેને ધન, દોલત, હાથી, ઘોડા, ગાય, ભેંસ, મેડી, હવેલી, સ્ત્રી, છોકરાં ભારે ભારે વસ્ત્ર-આભૂષણ એ સર્વે પદાર્થ શોભારૂપ છે અને એ જ જે સર્વે પદાર્થ તે જે ત્યાગી હોય તેને દોષરૂપ છે. અને ત્યાગી છે તેને વનમાં રહેવું, વસ્ત્ર વિના ઉઘાડું એક કૌપિનભર રહેવું, માથામાં ટોપી ઘાલવી, દાઢી, મૂંછ મુંડાવી નખાવવી, ભગવાં વસ્ત્ર રાખવાં, અને કોઈ ગાળ્યું દે, ને કોઈ ધૂળ નાખે, તે અપમાનને સહન કરવું એ જ ત્યાગીને પરમ શોભારૂપ છે. અને એ ત્યાગીની જે શોભા તે ગૃહસ્થને પરમ દોષરૂપ છે. માટે આ સંસારમાંથી જે નીસર્યો ને ત્યાગી થયો તેને તો એમ વિચારવું જે હું કિયા આશ્રમમાં રહ્યો છું. એમ બુદ્ધિમાન હોય તેને વિચાર કરવો પણ મૂર્ખની પેઠે વિચાર્યા વિના કોઈ ચાળે ચડી જાવું નહિ. **(૧) અને જે સમજુ** ૧
**હોય તેને કોઈક વઢીને કહે ત્યારે સામો ગુણ લે, અને જે મૂર્ખ હોય તેને કોઈક હિતની વાત કહે ત્યારે તે મૂંઝાઈ જાય.** અને મુકુંદ બ્રહ્મચારી તથા રતનજી એ બે મૂંઝાતા નથી તો એમની સાથે અમારે ઘણું બને છે. **(૨) અને વળી જે શ્રદ્ધાએ સહિત સેવા-ચાકરી કરે તે અમને ગમે** ૨
**અને શ્રદ્ધા વિના તો કોઈ જમ્યાનું લાવે તો તે જમ્યાનું ગમે નહિ ને વસ્ત્ર લાવે તો તે વસ્ત્ર ઓઢવું ગમે નહિ અને પૂજા લાવે તો પૂજા ગમે નહિ અને શ્રદ્ધાએ કરીને કરે તે અતિશે ગમે અને શ્રદ્ધાએ કરીને ભક્તિ કરતા હોય ને બીજો કોઈક તેમાં ભક્તિ કરવા આવે તેની ઉપર ઈર્ષ્યા કરે તો તે અમને ન ગમે માટે શ્રદ્ધાએ સહિત ને ઈર્ષ્યાએ રહિત જે ભક્તિ કરે તે અમને અતિશે ગમે છે. (૩)** ઇતિ વચનામૃતમ્ **॥૫૨॥ (૧૮૫)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦**– આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે ગૃહસ્થની શોભા ત્યાગીને દોષરૂપ કહી છે ને ત્યાગીની શોભા ગૃહસ્થને દોષરૂપ કહી છે. **(૧)** અને હિતની વાત વઢીને કહે ત્યારે સમજુ ગુણ લે ને મૂર્ખ મૂંઝાય. **(૨)** અને શ્રદ્ધાએ

સહિત ને ઈર્ષ્યાએ રહિત અમારી ભક્તિ કરવી એમ કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં મૂર્ખની પેઠે વિચાર કર્યા વિના કોઈ ચાળે ચડી જાવું નહિ એમ કહ્યું તે કેવી રીતે વર્તે તો ચાળે ન ચડ્યા કહેવાય ? અને કેવી રીતે વર્તે તો ચાળે ચડ્યા કહેવાય ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજે ત્યાગીને વનમાં એટલે સ્ત્રીઓના પ્રવેશે રહિત સ્થળ તે વન કહેવાય માટે તેવાં મંદિરોમાં રહેવાની આજ્ઞા કરી છે. તેમાં રહેવું તે વન જાણવું. ને ધર્મામૃતમાં કહ્યાં **જે અગિયાર વસ્ત્ર તેથી વિશેષ ન રાખવાં તે વસ્ત્ર વિના રહ્યા સમજવું.** અને કૌપીન હંમેશાં પહેરવી તે કૌપીનભર રહ્યા સમજવું. ને ટોપી ઘાલવી ને દાઢીમૂછ ન રાખવાં ને અગિયારમાં એકે વસ્ત્ર ધોળું ન રાખવું ને માન-અપમાન સહન કરવું, આ પ્રમાણે વર્તે તો ચાળે ચડ્યા ન કહેવાય. અને એમાં ફેર પડે તો ચાળે ચડ્યા જાણવું, અને ત્યાગી દ્રવ્ય રાખે, રખાવે કે પોતાથકી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ રાખી હોય તે મૂર્તિને જરિયાની વસ્ત્ર કે સાચાં-ખોટાં ઘરેણાં રાખે તો અધિક ચાળે ચડ્યા જાણવું.

૨ **પ્ર૦** હાલમાં નોટો ચાલે છે તેને સાધુ-બ્રહ્મચારીથી અડાય કે નહિ ?

૨ **ઉ૦** જેવા પૈસા છે તેવી જ નોટ છે, માટે પૈસાને જેમ ન અડાય તેમ નોટને પણ ન અડાય ને રખાય-રખાવાય પણ નહિ. **॥૫૨॥ (૧૮૫)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૫૩

❖સંવત ૧૮૮૦ના વૈશાખ સુદિ ૫ પંચમીને દિવસ શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે ગાદી-તકિયા બિછાવીને વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** શાસ્ત્રને વિષે જે મોહ કહ્યો છે તે મોહનું એ રૂપ છે જે **જ્યારે હૃદયને વિષે મોહ વ્યાપે ત્યારે એ જીવને પોતાનો અવગુણ તો સૂઝે જ નહિ માટે પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહનું રૂપ છે. (૧)** અને વળી જીવમાત્રને પોતાના ૧
ડહાપણનું અતિશે માન હોય પણ એમ વિચારે નહિ જે મુને મારા જીવની ખબર નથી જે **આ શરીરમાં જીવ રહ્યો છે તે કાળો છે કે ગોરો છે કે લાંબો છે કે ટૂંકો છે એની કાંઈ ખબર નથી, તો પણ મોટાપુરુષ હોય અથવા ભગવાન હોય તેને વિષે પણ ખોટ કાઢે અને એમ સમજે જે આ મોટાપુરુષ છે અથવા ભગવાન છે, પણ આટલું ઠીક કરતા નથી એમ ખોટ કાઢે છે, પણ એ મૂર્ખો એમ નથી જાણતો જે એ ભગવાન તો અનંતકોટી બ્રહ્માંડને વિષે રહ્યા એવા જે જીવ ને ઈશ્વર તેને જેમ હથેળીમાં જળનું ટીપું હોય ને તેને દેખે તેમ દેખે છે.** અને અનંતકોટી બ્રહ્માંડના આધાર છે, ને લક્ષ્મીના પતિ છે, અને અનંતકોટી બ્રહ્માંડના કર્તા-હર્તા છે, અને શેષ, શારદા ને બ્રહ્માદિક દેવ તે પણ જેના મહિમાના પારને પામતા નથી અને નિગમ પણ જેના મહિમાને નેતિ નેતિ કહે છે, માટે એવા જે પરમેશ્વર તેનાં ચરિત્રને વિષે ને તે ભગવાનની જે સમજણ તેને વિષે જે દોષ દેખે છે તેને વિમુખ ને અધર્મી જાણવો, અને સર્વ મૂર્ખનો રાજા જાણવો, અને ભગવાન ને ભગવાનના ભક્ત તેની તો અલૌકિક સમજણ હોય તેને દેહાભિમાની જીવ ક્યાંથી સમજી શકે ? માટે પોતાની મૂર્ખાઈએ કરીને ભગવાન ને ભગવાનના જે ભક્ત તેનો અવગુણ લઈને વિમુખ થઈ જાય છે. અને એ ભગવાનના

ખરેખરા ભક્ત જે સત્પુરુષ હોય તે તો અલૌકિક દૃષ્ટિએ યુક્ત વર્ત્યા કરે છે. **(૨)** ઇતિ **૨** વચનામૃતમ્ **॥૫૩॥ (૧૮૬)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં જેને પોતાના અવગુણ ન સૂઝે તે મોહનું રૂપ કહ્યું છે. **(૧)** અને મૂર્ખ જીવને પોતાની ખબર ન હોય જે હું કેવો છું તો પણ મોટાપુરુષને વિષે તથા અમારે વિષે ખોટ કાઢે, પણ અમે સર્વેના અંતર્યામી ને સર્વેના આધાર ને સર્વેના કર્તા છીએ એવો અમારો મહિમા સમજે નહિ ને અમારાં ને અમારાં ભક્તનાં ચરિત્રમાં દોષ દેખે છે તેણે કરીને વિમુખ થઈ જાય છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજી બાબતમાં જીવ કાળો છે કે ગોરો છે કે લાંબો છે કે ટૂંકો છે એમ કહ્યું તે કાળો, ગોરો, લાંબો, ટૂંકો કેવી રીતે જાણવો ?

૧ **ઉ૦** માયિક વિષયમાં રાગ હોય ત્યાં સુધી કાળો કહેવાય અને માયિક વિષયમાંથી રાગ ટળી જાય, પણ ઐશ્વર્યમાં રાગ હોય ત્યાં સુધી ગોરો કહેવાય. અને એ બે ય પ્રકારની વાસના ટાળીને શ્રીજીમહારાજના તેજ સાથે એકતા કરીને શ્રીજીમહારાજની મૂર્તિને ધારતાં ધારતાં પોતાના આત્માને વિષે શ્રીજીમહારાજની મૂર્તિ દેખે તે લાંબો કહેવાય. અને શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામીને સાકાર દિવ્ય મૂર્તિમાન થઈને શ્રીજીમહારાજની હજૂરમાં રહે અથવા શ્રીજીમહારાજના તદાકારપણાને પામીને મૂર્તિમાં રહ્યો થકો મૂર્તિના સુખને ભોગવે, તે ટૂંકો કહેવાય. **॥૫૩॥ (૧૮૬)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૫૪

❖સંવત ૧૮૮૦ના જ્યેષ્ઠ સુદિ ૭ સપ્તમીને દિવસ ત્રીજા પહોરને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાંથી ઘોડીએ અસવાર થઈને શ્રી લક્ષ્મીવાડીએ પધાર્યા હતા ત્યાં ઘણીવાર સુધી તો ઘોડી ફેરવી, પછી તે વાડી મધ્યે વેદી ઉપર વિરાજમાન થયા હતા અને સર્વે શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને મસ્તક ઉપર કાળા છેડાની ધોતલી બાંધી હતી ને કંઠને વિષે મોગરાનાં પુષ્પનો હાર વિરાજમાન હતો ને પાઘને વિષે તોરો વિરાજમાન હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** એકાદશ સ્કંધના બારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રત્યે કહ્યું છે **જે, અષ્ટાંગયોગ, સાંખ્ય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ ને દાનાદિક એણે કરીને હું તેવો વશ થાતો નથી જેવો સત્સંગે કરીને વશ થાઉં છું, એમ ભગવાને કહ્યું છે, માટે સર્વ સાધન કરતાં સત્સંગ અધિક થયો તે જેને સર્વે સાધન થકી સત્સંગ અધિક જણાતો હોય તે પુરુષનાં કેવાં લક્ષણ હોય ? પછી જેને જેવું સમજાણું તેવું તેણે કહ્યું પણ યથાર્થ ઉત્તર થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને ભગવાનના સંતને વિષે જ આત્મબુદ્ધિ છે, જેમ કોઈક રાજા હોય ને તે વાંઝિયો હોય ને પછી તેને ઘડપણમાં દીકરો આવે પછી તે છોકરો તેને ગાળો દે, મૂછો તાણે તો પણ અભાવ આવે નહિ અને કોઈકના છોકરાને મારે તથા ગામમાં અનીતિ કરી આવે તો પણ કોઈ રીતે તેનો અવગુણ આવે જ નહિ; શા માટે જે એ રાજાને પોતાના દીકરાને વિષે આત્મબુદ્ધિ થઈ ગઈ છે, એવી જેને ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ થાય છે તેણે જ સર્વ સાધન થકી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે.** એ વાર્તા ભાગવતમાં કહી છે જે :-

યસ્યાત્મબુદ્ધિઃ કુણપે ત્રિધાતુકે સ્વધીઃ કલત્રાદિષુ ભૌમ ઈજ્યધીઃ ।
યત્તીર્થબુદ્ધિઃ સલિલ ન કર્હિચિજ્જનેષ્વિભિજ્ઞેષુ સ એવ ગોખરઃ ॥

એ શ્લોકને વિષે એ વાર્તા યથાર્થ કહી છે. **(૧)** ઈતિ વચનામૃતમ્ ॥૫૪॥ (૧૮૭) ૧

**રહસ્યાર્થ પ્રદી૦**– આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે તથા સ્ત્રીપુત્રાદિકને વિષે પોતાપણાની બુદ્ધિ છે અને દેવની જે મૂર્તિઓ તેને વિષે જેવી પૂજ્યબુદ્ધિ છે, કહેતાં દેવને ચંદન-પુષ્પ, ધૂપ-દીપ, આરતી-થાળ અનેક પ્રકારની પૂજા-સેવા કરવામાં કોઈ પ્રકારે સંશય થતો નથી તેવી જ 'અભિજ્ઞજન' કહેતાં ભગવાનની મૂર્તિના સાક્ષાત્કારવાળા સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ તથા પોતાપણાની બુદ્ધિ તથા દેવતાબુદ્ધિ હોય; અને તીર્થના જળને વિષે જેમ પવિત્ર કરવાપણાની બુદ્ધિ છે તેવી જ સત્પુરુષના પ્રસાદી જળને વિષે પવિત્ર કરવાપણાની બુદ્ધિ છે તેણે સર્વ સાધનથી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે અને એવી રીતે સત્પુરુષને વિષે બુદ્ધિ નથી તે 'ગો' કહેતાં બળદ અને 'ખર' કહેતાં ગર્દભ તુલ્ય છે. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ અને પોતાપણાની બુદ્ધિ અને પૂજ્યબુદ્ધિ અને તીર્થબુદ્ધિ કરવાનું કહ્યું તે કેવી રીતે કરવાં ?

૧ **ઉ૦** વાત, પિત્ત ને કફે યુક્ત એવા દેહને ખાનપાનાદિક હરકોઈ પ્રકારે કરીને જેમ સુખ ઊપજે તેમ કરે છે તેવી રીતે સત્પુરુષને સુખ ઊપજે એવી શુશ્રૂષા કરે, ને તેમને દુઃખે દુઃખી ને તેમને સુખે સુખી થાય તે સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ કહેવાય. અને સ્ત્રી-પુત્રને અન્નવસ્ત્ર, ઘરેણાં, ખાનપાન, વૈભવ આદિકે કરીને સુખી રાખે છે, ને તેમને અર્થે દેશ-પરદેશ જઈને, દુઃખને ન ગણીને તેમને અર્થે પૈસા પેદા કરી લાવે છે ને તેમના ઉપયોગમાં વાપરે છે તેમ જ સત્પુરુષને અર્થે વાપરે તે સત્પુરુષને વિષે પોતાપણું કહેવાય. અને જેમ ધાતુ, કાષ્ઠ, પાષાણાદિકની મૂર્તિઓને થાળ જમાડવા, પોઢાડવા, જગાડવા, ધૂપદીપ, આરતી, દંડવત્, પ્રદક્ષિણા થાય છે એવી પૂજ્યબુદ્ધિ ને દેવતાબુદ્ધિ છે તેવી પૂજ્યબુદ્ધિ ને દેવતાબુદ્ધિ સત્પુરુષને વિષે થાય. અને તીર્થ જે ગંગા, યમુના, સાભ્રમતિ, ઉન્મત્તગંગા આદિકના જળને વિષે ન્હાવે તથા પીવે કરીને પવિત્ર થવાપણાની બુદ્ધિ છે તેવી જ સત્પુરુષના ચરણોદકનું પાન કરવે કરીને પવિત્ર થવાય તેવી બુદ્ધિ થાય તેણે સર્વ સાધનથી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે અને એમ ન થાય તો તે બળદ ને ગધેડા જેવો છે. **॥૫૪॥ (૧૮૭)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૫૫

❖સંવત ૧૮૮૦ના જ્યેષ્ઠ સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર નવાનગરનું સોનેરી કોરે યુક્ત શ્વેત મોળિયું બાંધ્યું હતું અને શ્વેત પછેડી ઓઢી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

અને તે સભાને વિષે મુનિ ઝાંઝ-મૃદંગ લેઈને કીર્તન ગાવતા હતા. પછી તે મુનિ કીર્તન-
૧ ભક્તિ કરી રહ્યા ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** જેનું આજ જેવું અંગ હોય તેવું સત્સંગ થયા મોરે પણ કાંઈક હોય ખરું, તે માટે આજ તો સર્વે જેનું જેવું અંગ હોય તે તેવું કહો, તેમાં પ્રથમ તો અમે અમારું જેવું અંગ છે તેવી વાર્તા કહીએ છીએ તે સાંભળો જે, જ્યારે અમારે બાળઅવસ્થા હતી ત્યારે પણ દેવમંદિર હોય ત્યાં દર્શને જાવું, કથા-વાર્તા સાંભળવી, સાધુનો સમાગમ કરવો, તીર્થ કરવા જાવું, એવી વાર્તા ગમતી અને જ્યારે ઘર મૂકીને નીસર્યા ત્યારે તો વસ્ત્ર રાખવું પણ ગમતું નહિ, અને વનમાં જ રહેવું ગમતું અને બીક તો લેશમાત્ર

લાગતી જ નહિ, અને વનને વિષે મોટા મોટા સર્પ, સિંહ, હાથી ઇત્યાદિક અનંત જનાવર દીઠામાં આવ્યાં, પણ કોઈ પ્રકારે હૈયામાં મરવાની તો બીક જ લાગતી નહિ, એવી રીતે મહાવનને વિષે સદા નિર્ભય રહેતા. પછી તીર્થને વિષે ફરતાં ફરતાં શ્રી રામાનંદ સ્વામી પાસે આવ્યા. અને પછી શ્રી રામાનંદ સ્વામી જ્યારે અંતર્ધાન થયા તે કેડે સત્સંગનું રૂડું થાવાને અર્થે કાંઈક બીક રાખવા માંડી, પણ અંતરમાં અખંડ વિચાર એવો રહે છે જેમ મનુષ્યને મૂઆ ટાણે પથારી ઉપર સુવાર્યું હોય ત્યારે તે મનુષ્યમાંથી સૌને પોતાના સ્વાર્થની વાસના ટળી જાય છે અને તે મરનારાને પણ સંસાર થકી મન ઉદાસ થઈ જાય છે, તેમનું તેમ અમારે પોતાની કોરનું અને બીજાની કોરનું અંત અવસ્થા જેવું સદા વર્તે છે. અને જેટલું માયિક પદાર્થ માત્ર છે તે સર્વે નાશવંત ને તુચ્છના સરખું જણાયા કરે છે, પણ એમ વિક્તિ નથી જણાતી જે આ સારું પદાર્થ છે ને આ ભૂંડું પદાર્થ છે; **જેટલાં માયિક પદાર્થ છે તે તો એકસરખાં જણાય છે જેમ કાખના મુવાળા છે તેમાં સારો કિયો ને નરસો કિયો ?** તે તો સારો-નરસો સૌ એકપાડમાં છે તેમ માયિક પદાર્થ પણ સર્વે સરખાં છે. અને કાંઈક સારું-નરસું જે કહીએ છીએ તે તો ભગવાનના ભક્તને સારું લગાડવાને અર્થે કહીએ છીએ જે આ સારું ભોજન છે, આ સારું વસ્ત્ર છે, આ સારું ઘરેણું છે, આ સારું ઘર છે, આ સારું ઘોડું છે, આ સારાં પુષ્પ છે, તે ભક્તને સારું લાગે તે સારુ કહીએ છીએ અને અમારી સર્વે ક્રિયા છે તે ભગવાનના ભક્તને અર્થે છે, પણ પોતાના સુખને અર્થે એકે ક્રિયા નથી. **(૧)** અને ભગવાનના જે એકાંતિક ભક્ત ૧
હોય તેનું જે મન તે ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરે અને વાણી તે ભગવાનના યશને જ ગાય અને હાથ તે ભગવાન કે ભગવાનના ભક્તની સેવા-પરિચર્યાને જ કરે અને કાન તે અખંડ ભગવાનના યશને જ સાંભળે, એમ ભગવાનની ભક્તિ જાણીને જે જે ક્રિયા કરીએ છીએ તે થાય છે, પણ એ ભગવાનની ભક્તિ વિના તો અમે સર્વ પદાર્થથી ઉદાસી છીએ, જેમ કોઈક મોટો રાજા હોય ને તેને એક જ દીકરો હોય અને તે રાજા સાઠ-સિત્તેર વર્ષનો થાય ને પછી તેનો દીકરો મરી જાય ત્યારે તે રાજાનું મન સર્વ પદાર્થમાંથી ઉદાસ થઈ જાય તેમ અમારે પણ ખાતાં, પીતાં, ઘોડે ચડતાં, રાજી-કુરાજીપણામાં સર્વે કાળે મન ઉદાસી જ રહે છે.
**(૨)** અને અંતરમાં એમ વિચાર રહે છે જે આપણ તો દેહ થકી પૃથક્ આત્મા છીએ પણ દેહ ૨
જેવા નથી અને વળી અંતરમાં એમ વિચાર રહ્યા કરે છે જે આત્માને વિષે રખે રજોગુણ, તમોગુણ આદિક કોઈક માયાનો ભેગ ભળી જાય નહિ તેને ઘડીએ ઘડીએ તપાસતા રહીએ છીએ. જેમ સાડા સોળવલું કંચન હોય ને તેને સોનીની પેઢીએ લઈ જાય અને જો ધણીની લગારેક નજર ચૂકે તો સોની સોનું કાઢી લઈને તેમાં ત્રાંબું ભેળી દે તેમ આ હૃદયરૂપી તો સોનીની પેઢી છે અને તેમાં માયારૂપી સોની છે તે પોતે બેઠો થકો સંકલ્પરૂપી જે હથોડો તેના અખંડ ટચ ટચ ટચકા મારતો રહે છે અને જેમ સોનીનાં છોકરાં, સ્ત્રી, હોય તે **પારસી** કરીને તેને હાથ આવે તો કાંઈક સોનું ચોરી જાય, તેમ ઇન્દ્રિયો-અંતઃકરણ એ સર્વે માયારૂપી જે સોની તેનાં છોકરાં-સ્ત્રી છે તે કંચનરૂપ જે ચૈતન્ય તેને વિષે ત્રણ ગુણ તથા પંચવિષયમાં આસક્તિ

તથા દેહાભિમાન તથા કામ, ક્રોધ, લોભાદિકરૂપ જે ત્રાંબું તેને ભેળીને જ્ઞાન, વૈરાગ્યાદિક ગુણરૂપ જે સોનું તેને કાઢી લે છે, અને જે સોનામાંથી સોનું કાઢીને ત્રાંબું ભેળવે તો તે સોનું બારવલું થઈ જાય છે અને પછી તે સોનાને તાવી તાવીને પાછું સોળવલું કરે તો થાય છે, તેમ આ જીવને વિષે રજ, તમ આદિક જે ત્રાંબું ભળ્યું છે તેને ગાળીને કાઢી નાખવું ને પછી કંચનરૂપ જે એક આત્મા તે જ રહે પણ બીજો માયિક ભેગ કાંઈ રહે નહિ એવી રીતના વિચારમાં અમે રાત-દિવસ મંડ્યા છીએ એ અમે અમારું અંગ છે તે કહ્યું; હવે એવી રીતે જેને જે અંગ હોય તે કહો. પછી સંતમડળે એમ કહ્યું જે હે મહારાજ ! તમારે વિષે તો માયિક ગુણનો ભેગ હોય જ નહિ; તમે તો કૈવલ્ય મૂર્તિ છો, પણ એ જે સર્વે તમે વાત કરી તે તો અમારા અંગની છે અને તમે કહ્યો જે વિચાર તે અમારે સર્વેને રાખ્યા જોઈએ. પછી શ્રીજીમહારાજ જય સચ્ચિદાનંદ કહીને પોતાના ઉતારાને વિષે પધાર્યા. **(૩)** ઇતિ વચનામૃતમ્ **૩ ॥૫૫॥ (૧૮૮)**

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે પોતાના ઉદ્દેશે કરીને દેવદર્શન, કથાવાર્તા, સાધુસમાગમ, તીર્થ, ત્યાગ-વૈરાગ્યની રુચિ રાખવી એમ પોતાના આશ્રિતોને શીખવ્યું છે. **(૧)** અને પોતાના એકાંતિક ભક્તનાં લક્ષણ કહ્યાં છે. **(૨)** અને પોતાના ભક્તને આત્મવિચાર કરવાનું કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં સત્સંગનું રૂડું થવાને અર્થે કાંઈક બીક રાખવા માંડી એમ શ્રીજીમહારાજે કહ્યું તે બીક શી રાખી હશે ?

૧ **ઉ૦** સત્સંગનું રૂડું એટલે આત્યંતિક મોક્ષ કરવા સારુ મનુષ્યરૂપે દર્શન આપવાં પણ અદૃશ્ય ન થવું એવો સંકલ્પ કર્યો, માટે બીક રાખવા માંડી એટલે સત્સંગમાં મનુષ્યરૂપે દેખાવું એવો સંકલ્પ કર્યો એમ જાણવું. **॥૫૫॥ (૧૮૮)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૫૬

❖સંવત ૧૮૮૧ના અષાઢ સુદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદી-તકિયા બિછાવીને વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી, ને સાધુ દુકડ-સરોદા લેઈને કીર્તન બોલતા હતા.

૧ તે કીર્તનભક્તિ થઈ રહ્યા પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, **(૧)** આ કીર્તન સાંભળ્યામાંથી તો અમારો જીવ વિચારમાં જાતો રહ્યો, પછી તેમાં એમ જણાણું જે ભગવાનને વિષે જે અતિશે પ્રીતિ એ ઘણી મોટી વાત છે, પછી તો ગોપાળાનંદ સ્વામી આદિક જે ભગવાનને વિષે પ્રીતિવાળા હરિભક્ત તે સર્વે સાંભરી આવ્યા, અને એ સર્વેનાં અંતઃકરણ ને એ સર્વેના જીવ ને એમની જે ભગવાનને વિષે પ્રીતિ તે સર્વે જોયામાં આવ્યાં પછી અમે અમારા જીવને પણ તપાસીને જોયો, ત્યારે અમારે જેવી ભગવાનને વિષે પ્રીતિ જણાણી તેવી બીજાની પ્રીતિ જણાણી નહિ શા માટે જે કોઈક ભૂંડા દેશકાળાદિકનો જ્યારે યોગ થાય છે ત્યારે એ સર્વે મોટા છે, તો પણ કાંઈક એમની બુદ્ધિને વિષે ફેર પડી જાય છે ત્યારે એમ જણાય

જે અંતે પાયો કાચો દેખાય છે, તે સારી પેઠે જો કોઈક ભૂંડા દેશકાળાદિકનો યોગ થાય તો ભગવાનમાં પ્રીતિ છે તેનું કાંઈ ઠેકાણું રહે નહિ. **(૧)** માટે એ સર્વેને જોતાં અમને અમારી ૧
કોરનું ઠીક ભાસે છે જે ગમે તેવા ભૂંડા દેશકાળાદિકનો યોગ થાય પણ કોઈ રીતે અમારું અંતઃકરણ ફરે નહિ, અને **ભગવાનને વિષે પ્રીતિ તો તેની જ સાચી જે જેને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ જ ન થાય, અને સર્વે સદ્‌ગ્રંથનું પણ એ જ રહસ્ય છે જે ભગવાન છે એ જ પરમ સુખદાયક છે, ને પરમ સાર વસ્તુ છે, ને તે પ્રભુ વિના જે જે બીજા પદાર્થ છે તે અતિશે તુચ્છ છે અને અતિ અસાર છે, અને જેને ભગવાન જેવી બીજા પદાર્થમાં પણ પ્રીતિ હોય તેનો ઘણો જ પાયો કાચો છે,** જેમ **કસુંબલ વસ્ત્ર હોય તે ઘણું સારું જણાતું હોય પણ જ્યારે તે ઉપર પાણી પડે ને પછી તેને તડકામાં સૂકવીએ ત્યારે સૂધું નકારું થઈ જાય, ને ધોળા વસ્ત્ર જેવું પણ ન રહે. તેમ જેને પંચવિષયમાં પ્રીતિ હોય તેને જ્યારે કુસંગનો યોગ થાય ત્યારે કાંઈ ઠેકાણું રહે નહિ. માટે જે ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનને રાજી કર્યા સારુ પંચવિષયનો અતિશે ત્યાગ કર્યો જોઈએ, પણ ભગવાનને વિષે જે પ્રીતિ તેમાં વિઘ્ન કરે એવું કોઈ પદાર્થ વહાલું રાખવું નહિ. (૨)** ઈતિ વચનામૃતમ્ ॥**૫૬**॥ **(૧૮૯)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે પ્રીતિને વખાણી છે અને અનાદિમુક્તરાજ શ્રી ગોપાળાનંદ સ્વામી આદિક સિદ્ધ મુક્તને મિષે કરીને સાધનિકને પ્રીતિમાં ભૂંડા દેશ-કાળાદિકે કરીને ફેર પડી જાય અને પોતાને મિષે કરીને પોતાના સિદ્ધ મુક્તોને પોતાના વિષે પ્રીતિ છે, તેમાં ભૂંડા દેશ-કાળાદિકને યોગે પણ ફેર પડતો નથી, એમ કહ્યું છે. **(૧)** અને અમે પરમ સુખદાયી છીએ ને અમારા વિના બીજા પદાર્થો અતિશે તુચ્છ ને અસાર છે, માટે અમારા ભક્તોએ પંચવિષયનો ત્યાગ કરવો. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં અમારો જીવ વિચારમાં જતો રહ્યો એમ કહ્યું તે જીવ તો માયાબદ્ધ છે, ને શ્રીજીમહારાજ તો સર્વ જીવ, ઈશ્વર, બ્રહ્મ, અક્ષર અને મુક્ત એ સર્વેથી પર સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે, તેમણે પોતાને જીવ શબ્દે કરીને કેમ કહ્યા હશે ?

૧ **ઉ૦** જિવાડે તે જીવ કહેવાય, માટે જીવ દેહને ચલાવે-હલાવે છે ને દેહનો પ્રકાશનારો છે એમ દેહને જિવાડે છે તેથી તેને જીવ કહેવાય છે, તે (**લો૦ ૧૭**ના ૩/૫ ત્રીજા પ્રશ્નમાં) અંતઃકરણ-ઈન્દ્રિયોનો પ્રકાશક ને જેણે કરીને દેહ ચાલે-હાલે છે એમ કહ્યું છે, માટે તે જીવ કહેવાય છે. તેમ જ મૂળપુરુષ, બ્રહ્મ, અક્ષર તે પણ પોતપોતાના કાર્યમાં પ્રવેશ કરીને તેને સચેતન કરે છે, ને હલાવે-ચલાવે છે; ને પ્રકાશ કરે છે ને ધારણ કરે છે, માટે તેમની પણ જીવ સંજ્ઞા કહેવાય, તે (**લો૦ ૭**ના ૨/૪ બીજા પ્રશ્નમાં)

**अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम्। जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत्॥**

'જીવભૂતાં' કહેતાં અક્ષરરૂપી ચૈતન્ય પ્રકૃતિ જે અક્ષર જેણે કરીને આ જગત ધારણ કરાય છે ત્યાં અક્ષરને જીવ શબ્દેથી કહેલ છે. અને જીવકોટી, માયાકોટી, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી, મૂળઅક્ષરકોટી ને મુક્તકોટી એ સર્વના પ્રકાશક ને ધારણ કરનારા ને સચતેન કરનારા શ્રીજીમહારાજ છે, માટે સર્વને જિવાડનારા શ્રીજીમહારાજ પોતે જ છે, તેથી અમારો જીવ એમ પોતાને જીવ શબ્દેથી કહ્યા છે.

૨ **પ્ર૦** પહેલી બાબતમાં ગોપાળાનંદ સ્વામીની પ્રીતિ કરતાં શ્રીજીમહારાજે પોતાની પ્રીતિને વખાણી તે શ્રીજીમહારાજ તો પોતે ભગવાન છે, તેમને કોની સાથે પ્રીતિ કરવાની હશે તે પોતાની પ્રીતિ વખાણી હશે ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજ તો પોતે સાક્ષાત્ ભગવાન પુરુષોત્તમ નારાયણ છે, પણ પોતાને મિષે કરીને પોતાના સિદ્ધ મુક્તની

પ્રીતિને અધિક કહી છે, અને અનાદિ મુક્તરાજ શ્રીગોપાળાનંદ સ્વામીને મિષે કરીને પોતાના સાધનદશાવાળા ભક્તોની પ્રીતિ કહી છે, પણ ગોપાળાનંદ સ્વામીને પ્રીતિ ઓછી છે એમ કહ્યું નથી; ગોપાળાનંદ સ્વામીને તો (**છે૦ ૨૧**/ ૬માં) ધામમાં સન્મુખ રહેલા પરમએકાંતિક મુક્તોથી અધિક એટલે મૂર્તિમાં રહેલા અનાદિમુક્ત કહ્યા છે, અને જો ગોપાળાનંદ સ્વામીને સાધનિક કહ્યા હોય તો શ્રીજીમહારાજે અમારે ભગવાનને વિષે પ્રીતિ છે એમ કહ્યું છે, ત્યારે તો શ્રીજીમહારાજ પણ મુક્ત ઠર્યા, ને ભગવાન કોઈક બીજા ઠર્યા માટે એમ નથી; એ તો શ્રીજીમહારાજે પોતાને મિષે કરીને સિદ્ધમુક્તની પ્રીતિ કહી છે, અને ગોપાળાનંદ સ્વામીને મિષે કરીને સાધનદશામાં ઉત્તમ ભક્તોની પ્રીતિ કહી છે. **॥૫૬॥ (૧૮૯)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૫૭

❖ સંવત ૧૮૮૧ના અષાઢ સુદિ ૬ છઠ્ઠને દિવસ સંધ્યા-આરતીને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર શ્વેત પાઘ પુષ્પને તોરે યુક્ત વિરાજમાન હતી અને શ્વેત ચાદર ઓઢી હતી ને શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને મશાલનો પ્રકાશ થઈ રહ્યો હતો અને મુનિમંડળ દુકડ-સરોદા લઈને ભગવાનના કીર્તનનું ગાન કરતા હતા.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** સાંભળો એક વાર્તા કરીએ જે, જ્યારે તમે કીર્તન ગાતા હતા ત્યારે અમે કીર્તન સાંભળતાં જેમ વિચાર કર્યો છે તે વિચાર કહીએ છીએ જે ભગવાનમાં પ્રીતિ કરવી તે એક સત્તારૂપે રહીને જ કરવી ને તે સત્તારૂપ આત્મા કેવો છે તો જેને વિષે માયા ને માયાનાં કાર્ય જે ત્રણ ગુણ ને દેહ-ઇન્દ્રિયો-અંતઃકરણ તેનું કોઈ આવરણ નથી અને કાંઈક જે આત્માને વિષે આવરણ જેવું જણાય છે તે અજ્ઞાને કરીને વૃથા ભ્રાંતિ જણાય છે, પણ જેણે જ્ઞાન-વૈરાગ્યે કરીને એનો સર્વ પ્રકારે નિષેધ કરી નાખ્યો છે તેને તો એ આત્માને વિષે કોઈ જાતનું આવરણ નથી અને એ આત્મારૂપે જે વર્તવું તે કેવળ બ્રહ્મ થઈને મસ્ત થાવું તેને અર્થે નથી; એ તો પોતાને આત્મારૂપે રહેવું તેનું એ પ્રયોજન છે જે હું આત્મા છું તે મારે વિષે કોઈ જાતનું માયાનું આવરણ નથી, તો આત્મા થકી પર જે પરમાત્મા નારાયણ વાસુદેવ તેને વિષે તો માયાનો લેશ પણ કેમ હોય ? એવી રીતે ભગવાનમાં કોઈ રીતનો દોષ ન આવે તે સારુ આત્મનિષ્ઠા દૃઢ કરીને રાખવી અને એ આત્માના પ્રકાશને વિષે વિચારને રાખીને સત્તારૂપમાં જે પેસવા આવે તેનો નાશ કરી નાખવો. જેમ દીવાના પ્રકાશમાં ગરોળી આવીને જે જે જંતુ આવે તેનો નાશ કરે છે, તેમ આત્માનો જે પ્રકાશ તેમાં રહ્યો જે વિચાર તે આત્મા વિના બીજા પદાર્થનો નાશ કરી નાખે છે. **(૧)** અને વળી જેને ૧
પરમેશ્વરને વિષે પ્રીતિ હોય તેને પરમેશ્વર વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ ન હોય અને પરમેશ્વર વિના બીજું જે જે પદાર્થ અધિક જણાય તેનો જે અતિશે ત્યાગ કરે તે ત્યાગ ખરો છે અને તે પદાર્થ નાનું હોય અથવા મોટું હોય પણ તેનો જે ત્યાગ કરવો તેનું જ નામ ત્યાગ કહેવાય, અને જે પદાર્થ ભગવાનના ભજનમાં આડું આવતું હોય તેને તો ન તજી શકે ને

બીજો ઉપરથી તો ઘણો ત્યાગ કરે પણ તેનો તે ત્યાગ વૃથા છે અને એમ કાંઈ જાણવું નહિ જે સારું પદાર્થ હોય તે જ ભગવાનના ભજનમાં આડ્ય કરે ને નરસું પદાર્થ હોય તે ન કરે; એ તો જીવનો એવો સ્વભાવ છે જે જેમ કોઈકને ગળ્યું ભાવે, કોઈકને ખારું ભાવે, કોઈકને ખાટું ભાવે, કોઈકને કડવું ભાવે, તેમ જીવની તો એવી તુચ્છ બુદ્ધિ છે તે અલ્પ પદાર્થ હોય તેને પણ ભગવાન કરતાં અધિક વહાલું કરી રાખે છે. **(૨)** અને જ્યારે ભગવાનની મોટ્યપ **૨**
સામું જોઈએ ત્યારે તો એવું કોઈ પદાર્થ છે નહિ જે તેની કોટીમા ભાગના પાસંગમાં પણ આવે એવા ભગવાનને યથાર્થ જાણીને જો હેત કર્યું હોય તો માયિક પદાર્થ જે પિંડ-બ્રહ્માંડાદિક તેમાં ક્યાંય પણ પ્રીતિ રહે નહિ; માયિક પદાર્થ સર્વે તુચ્છ જ થઈ જાય. અને એ ભગવાનનો જ્યારે યથાર્થ મહિમા જણાણો ત્યારે ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રીઓનો ત્યાગ કર્યો અને સર્વે પૃથ્વીનું ચક્રવર્તી રાજ્ય હતું તે રાજ્યનો પણ ત્યાગ કર્યો. ને તે એમ સમજ્યા જે એ ભગવાનના સુખ આગળ એ સો લાખ સ્ત્રીઓનું સુખ તે શી ગણતીમાં ? અને ચક્રવર્તી રાજ્યનું સુખ પણ શી ગણતીમાં ? અને તેથી ઇંદ્રના લોકનું ને બ્રહ્માના લોકનું સુખ પણ શી ગણતીમાં ? અને એવા જે ભગવાન તે વિના જે બીજા પદાર્થને વિષે પ્રીતિ કરે છે તે તો અતિશે તુચ્છ બુદ્ધિવાળા છે. જેમ કૂતરું હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ જાઈને કરડે ને તેમાં સુખ માને છે તેમ મૂર્ખ જીવ છે તે દુઃખને વિષે સુખને માનીને તુચ્છ પદાર્થને વિષે પ્રીતિ કરે છે. અને જે **ભગવાનનો ભક્ત કહેવાતો હોય ને તેને ભગવાન થકી બીજા પદાર્થમાં તો હેત વધુ હોય તે તો કેવળ મીનડિયો ભક્ત છે, અને જે યથાર્થ ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનથી બીજું કોઈ પદાર્થ અધિક હોય જ નહિ.** (૩) અને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ને ધર્મ **૩**
તેણે યુક્ત એવો જે ભગવાનનો ભક્ત તે તો એમ જાણે જે, જે શૂરવીર હોય તે લડવા સમે શત્રુ સન્મુખ ચાલે પણ બીએ નહીં તે શૂરવીર સાચો. અને શૂરવીર હોય ને લડાઈમાં કામ ન આવ્યો ને ગાંઠે ધન હોય ને તે ખરચ્યા-વાપર્યામાં કામ ન આવ્યું તે વૃથા છે. તેમ **મુને ભગવાન મળ્યા છે તે જે જીવ મારો સંગ કરે તેની આગળ હું કલ્યાણની વાત ન કરું ત્યારે મારું જ્ઞાન તે શા કામમાં આવ્યું એમ વિચારીને ઉપદેશ કર્યા નિમિત્ત કાંઈક થોડી ઘણી ઉપાધિ રહે તો પણ પરમેશ્વરની વાત કર્યામાં કાયરપણું રાખે નહિ. (૪)** એમ કહીને શ્રીજીમહારાજે **૪**
તુળસીદાસનાં ત્રણ પદ ગવરાવ્યાં. તે ત્રણ પદનાં નામ એક તો "જ્યાકી લગન રામ સો નાંહિ" તથા બીજું "એહિ કહ્યો સુનુ વેદ ચહુ" તથા ત્રીજું "જ્યાકુ પ્રિય ન રામ વૈદેહી" એ ત્રણ પદ ગવરાવીને પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેવી રીતે આ પદમાં કહ્યું છે તેવી રીતે આપણે રહેવું છે. તે કરતાં કરતાં જો કાંઈક અધૂરું રહ્યું અને એટલામાં જો દેહ પડ્યો તો પણ મરીને નરક ચોરાશીમાં જાવું નથી કે કોઈ ભૂત-પ્રેત થાવું નથી; સૂધો ભૂંડામાં ભૂંડો દેહ આવશે તો પણ ઇંદ્રના જેવો કે બ્રહ્માના જેવો તો આવશે પણ એથી ઊતરતો તો નહિ આવે, માટે નિર્ભે રહીને ભગવાનનું ભજન કરવું. એમ કહીને શ્રીજીમહારાજને મુકુંદ બ્રહ્મચારી તેડવા આવ્યા તે ભેળે જમવા પધાર્યા. **(૫)** ઇતિ વચનામૃતમ્ **॥૫૭॥ (૧૯૦)** **૫**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે સત્તારૂપ એવો જે આત્મા તેને માયાનું આવરણ નથી તો પરમાત્મા નારાયણ વાસુદેવ જે અમે તે અમારે વિષે તો કોઈ જાતનું આવરણ હોય જ કેમ ? એવો અમારો મહિમા જાણીને અમારે વિષે પ્રીતિ કરવી. **(૧)** અને જે પદાર્થ અમારાથી અધિક જણાય અને અમારા ભજનમાં આડું આવે તેનો ત્યાગ કરવો. **(૨)** અને અમારા કરતાં બીજું પદાર્થ વહાલું રાખે તે મીનડિયો ભક્ત છે. **(૩)** અને અમારા સ્વરૂપનું જ્ઞાન કહેવામાં ઉપાધિ રહે તો પણ અમારી વાત કરવામાં કાયરપણું રાખવું નહિ. **(૪)** અને અમારે વિષે પ્રીતિ કરવામાં અધૂરું રહે ને દેહ પડે તો પણ ઇંદ્ર કે બ્રહ્માના જેવો તો દેહ આવશે જ એમ નિર્ભય રહીને અમારું ભજન કરવું. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં આત્માને સત્તારૂપ કહ્યો તે સત્તારૂપ એટલે કેવો જાણવો ? અને આત્માને વિષે આવરણ નથી એમ કહ્યું અને (**કા૦ ૧૨**ના પહેલા પ્રશ્નમાં) કારણ શરીરરૂપ જીવની માયા તે કોઈ રીતે જુદી પડતી નથી એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૧ **ઉ૦** જીવને આંબલિયાની છાલની પેઠે માયાનો દૃઢ સંબંધ છે, પણ જીવ ભેળી ભળીને એકરસ થઈ ગઈ નથી એમ સત્તારૂપ કહ્યો છે તે એને શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન થાય ને શ્રીજીમહારાજનું ધ્યાન કરે ને આજ્ઞા પાળે એટલે માયાનું આવરણ નાશ પામે, ને પોતે શ્રીજીમહારાજના તેજરૂપ થાય ત્યારે તે આત્મસત્તારૂપ કહેવાય.

૨ **પ્ર૦** ચોથી બાબતમાં મને ભગવાન મળ્યા છે, માટે હું કલ્યાણની વાત ન કરું ત્યારે મારું જ્ઞાન શા કામમાં આવ્યું ? એમ કહ્યું તે જ્યારે વાત કરી તે વખતે તો મનુષ્યરૂપે મળ્યા હતા, પણ આજ કેવી રીતે મળ્યા જાણવા ?

૨ **ઉ૦** જ્યારે શ્રીજીમહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય ને યથાર્થ મહિમા સમજાય ત્યારે એને સદાય ભેળા જ છે અને જો મહિમા યથાર્થ ન જાણ્યો હોય ને મનુષ્યરૂપે રાત-દિવસ ભેળા રહેતા હોય તો પણ તેને પરોક્ષ જ છે; એ તો જ્યારે શ્રીજીમહારાજનું યથાર્થ જ્ઞાન થાય ત્યારે જ મળ્યા સમજવા. માટે જ્ઞાને કરીને મળ્યા એ જ મળ્યા કહેવાય કેમ જે જ્ઞાનીને ભગવાન આવતા જતા નથી; સદાય છે, છે ને છે જ. તે મનુષ્યરૂપે અથવા પ્રતિમારૂપે મળે, પણ જ્યારે મનુષ્યરૂપમાંથી મનુષ્યભાવ ટળે અને પ્રતિમાને વિષેથી પ્રતિમાભાવ ટળે ને દિવ્યભાવ સમજાય તો જ મળ્યા કહેવાય. પણ જ્યાં સુધી દિવ્યભાવ ન આવે ત્યાં સુધી મનુષ્યરૂપે મળે તો પણ યથાર્થ મળ્યા ન કહેવાય અને પ્રતિમારૂપે મળે તો પણ યથાર્થ મળ્યા ન કહેવાય, માટે જ્યારે દિવ્યભાવે સહિત સાક્ષાત્ જ્ઞાન થાય ત્યારે જ મળ્યા કહેવાય.

૩ **પ્ર૦** અમારી વાત કરવામાં ઉપાધિ રહે તો પણ વાત કરવી એમ શ્રીજીમહારાજે કહ્યું તે ઉપાધિ શી સમજવી ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજનો મહિમા કહેતાં જેને ઉપાસના પૂરી ન હોય તે ઉપાધિ કરે જે તમે આવી વાતો કરશો નહિ કેમ જે શાસ્ત્રમાં બાધ આવે છે, માટે તમારે ઝાઝો મહિમા કહેવો નહિ એવી રીતે ઉપાધિ કરે તે ઉપાધિને સહન કરીને પણ શ્રીજીમહારાજની ઉપાસનાની વાતો કરવી. **॥૫૭॥ (૧૯૦)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૫૮

❖સંવત ૧૮૮૧ના શ્રાવણ સુદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદી-તકિયા બિછાવીને વિરાજમાન હતા અને શ્રીજીમહારાજે સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** જે જે આચાર્ય થયા છે તેના સંપ્રદાયની પુષ્ટિ ઘણાક કાળ સુધી શે ઉપાયે કરીને રહે છે ? પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે એક તો સંપ્રદાય સંબંધી ગ્રંથ હોય, અને બીજો શાસ્ત્રે કહ્યો એવો વર્ણાશ્રમનો ધર્મ હોય, અને ત્રીજી પોતાના ઇષ્ટદેવને વિષે અતિશે દૃઢતા હોય, એ ત્રણને યોગે કરીને પોતાના સંપ્રદાયની પુષ્ટિ રહે

છે. પછી શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીને પણ પૂછ્યું ત્યારે એમણે પણ એવી જ રીતે કહ્યું. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે લ્યો એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ **જે સંપ્રદાયની પુષ્ટિ તો એમ થાય છે જે, જે સંપ્રદાયના ઈષ્ટદેવ હોય તેનો જે હેતુ માટે પૃથ્વીને વિષે જન્મ થયો હોય, અને જન્મ ધરીને તેમણે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને તે ઈષ્ટદેવનો મહિમા પણ આવી જાય. માટે પોતાના ઈષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે,** તે શાસ્ત્ર સંસ્કૃત હોય અથવા ભાષા હોય પણ તે જ ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ કરે, પણ તે વિના બીજો ગ્રંથ પોતાના સંપ્રદાયની પુષ્ટિ ન કરે. જેમ રામચંદ્રના ઉપાસક હોય તેને વાલ્મીકિ રામાયણે કરીને જ પોતાના સંપ્રદાયની પુષ્ટિ થાય, અને શ્રીકૃષ્ણ ભગવાનના જે ઉપાસક હોય તેને દશમસ્કંધ અને એકાદશસ્કંધ એ બે જે ભાગવતના સ્કંધ તેણે કરીને જ પોતાના સંપ્રદાયની પુષ્ટિ થાય, **પણ રામચંદ્રના ઉપાસક તથા શ્રીકૃષ્ણના ઉપાસક તેને વેદે કરીને પોતાના સંપ્રદાયની પુષ્ટિ ન થાય. માટે પોતાના સંપ્રદાયની રીતનું જે શાસ્ત્ર હોય તે જ પાછલે દા'ડે પોતાના સંપ્રદાયને પુષ્ટ કરે છે એમ કહીને શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી ને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે જ દેહ પર્યંત કર્યા કરજો ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એ જ આજ્ઞા છે પછી એ જે શ્રીજીમહારાજનું વચન તેને મુક્તાનંદ સ્વામીએ અતિ આદર કરીને માથે ચડાવ્યું અને શ્રીજીમહારાજને બે હાથ જોડીને નમસ્કાર કર્યાં. (૧)** ઇતિ **૧** વચનામૃતમ્ **॥૫૮॥ (૧૯૧)**

**રહસ્યાર્થ પ્રદી૦**– આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે જે સંપ્રદાયમાં જે ઈષ્ટદેવ હોય તે જે હેતુ માટે પૃથ્વી ઉપર પ્રગટ તથા હોય તેના ચરિત્રના શાસ્ત્રથી જ તેના સંપ્રદાયની પુષ્ટિ થાય છે પણ બીજા ગ્રંથે કરીને થતી નથી માટે અમારા સંપ્રદાયની પુષ્ટિને અર્થે અમારા ચરિત્રનાં શાસ્ત્ર કરવાં એમ મુક્તાનંદ સ્વામી આદિક સંતોને આજ્ઞા કરી છે. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦ શ્રીજીમહારાજને પ્રગટ થાવાનો હેતુ શો હશે ?**

૧ **ઉ૦ પોતાના એકાંતિક ભક્તને સુખ આપવા તથા તેમના મનોરથ પૂર્ણ કરવા અને તેમને લાડ લડાવવાં એ એક હેતુ. (૧) અને અધર્મી તથા અસુરોથી કષ્ટ પામતાં એવાં ભક્તિ-ધર્મ તેમનું રક્ષણ કરવું અને તેમની પૃથ્વીને વિષે પ્રવૃત્તિ કરવી તે બીજો હેતુ. (૨) અને પોતાનું સર્વોપરી જ્ઞાન તથા સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવી અને જીવોને પોતાના મુક્ત ભેળા ભેળવવા એ ત્રીજો હેતુ. (૩) અને પોતાના અવતારોને તથા અવતારોના ભક્તોને પૃથ્વીને વિષે મનુષ્યરૂપ ધરાવીને પોતાનું જ્ઞાન તથા ઉપાસના સમજાવીને તેમને પોતાના ધામમાં લઈ જવા એ ચોથો હેતુ. (૪) અને એકાંતિક ધર્મને સ્થાપન કરવો તથા દુષ્ટ જનનો નાશ કરવો તથા સત્પુરુષનું રક્ષણ કરવું એ પાંચમો હેતુ. (૫) અને મુમુક્ષુને મુક્ત કરવા તથા પોતાના અને પોતાના મુક્તોનાં દર્શન-સ્પર્શાદિક સંબંધે કરીને નવા મુમુક્ષુ કરીને તેમનો આત્યંતિક મોક્ષ કરવો એ છઠ્ઠો હેતુ. (૬) એવી રીતે શ્રીજીમહારાજને પ્રગટ થવાના આ છો હેતુ છે.**

૨ **પ્ર૦** કેવી ક્રિયા કરે તે ચરિત્ર કહેવાય ?

૨ **ઉ૦** ચરિત્ર બે પ્રકારનાં છે : પ્રાકૃત ને દિવ્ય; તેમાં ક્યાંઈક ભાગે, ક્યાંઈક હારે ઇત્યાદિક પ્રાકૃત ચરિત્ર કહેવાય, અને સમાધિઓ કરાવીને તેમાં સર્વ અવતારોને પોતાની વંદના કરતા દેખાડે ને પોતાને વિષે સર્વે અવતારોને લીન કરી દેખાડે,

ઈત્યાદિક આશ્ચર્ય જણાવે તે દિવ્ય ચરિત્ર કહેવાય. એવા ચમત્કારમાં મહિમા આવી જાય એવાં પોતાનાં ચરિત્ર તેના ગ્રંથ કરવાની મુક્તાનંદ સ્વામી આદિકને આજ્ઞા કરી તેથી મોટા સંતોએ ગ્રંથો કર્યા છે તે ગ્રંથોએ કરીને આ સંપ્રદાયની પુષ્ટિ થાય, પણ પરોક્ષના ગ્રંથોથી પુષ્ટિ ન થાય. આમાં શ્રીજીમહારાજનો અભિપ્રાય એવો છે જે અમારા ચરિત્ર સંબંધી ગ્રંથને જ વાંચવા ને સાંભળવા. ને કરવા તેણે કરીને અમારે વિષે સર્વોપરીપણાની દઢતા થશે એમ કહ્યું છે. માટે આપણા ઈષ્ટદેવ સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમનાં ચરિત્ર સંબંધી ગ્રંથ વાંચવા ને સાંભળવા. તે ગ્રંથોનાં નામ :- વચનામૃત (હરિવાક્ય-સુધાસિંધુ), **(૧)** સત્સંગીજીવન, **(૨)** સત્સંગીભૂષણ, **(૩)** હરિદિગ્વિજય, **(૪)** હરિલીલાકલ્પતરુ, **(૫)** ભક્તચિંતામણિ, **(૬)** પુરુષોત્તમપ્રકાશ, **(૭)** ઘનશ્યામલીલામૃતસાગર, **(૮)** પુરુષોત્તમ લીલામૃતસુખસાગર, **(૯)** પુરુષોત્તમચરિત્ર, **(૧૦)** હરિચરિત્રામૃત, **(૧૧)** ઈત્યાદિક સંપ્રદાય સંબંધી ગ્રંથે કરીને આ સંપ્રદાયની પુષ્ટિ થાય.

૩ **પ્ર૦** કેવી રીતની ક્રિયા કરે તે આચરણ કહેવાય ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજે નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળ્યું, તપ કર્યું, ત્યાગ-વૈરાગ્ય રાખ્યો, ભિક્ષા માગી, તુંબડીએ પાણી પીધું, પત્તરમાં જમ્યા તથા દેવની સેવા કરી ઈત્યાદિક ક્રિયાઓ પોતાના ભક્તજનને શીખવવા સારુ કરી તે આચરણ કહેવાય, તે આચરણમાં ધર્મ આવી જાય. **।।૫૮।। (૧૯૧)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૫૯

❖સંવત ૧૮૮૧ના શ્રાવણ સુદિ ૧૨ દ્વાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની ઓસરીએ ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧) ચાર વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે જે ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે અને ભગવાનના જે સાધુ છે તે તો ભવ-બ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે. તે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી; એ જ પરમ કલ્યાણ છે અને ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી, માટે ભગવાનના સંત સાથે તો એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી ઉપર છે કે પુત્ર ઉપર છે કે માબાપ ને ભાઈ ઉપર છે તેવું હેત રાખવું તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. (૧) અને પોતાનાં જે સ્ત્રી-પુત્રાદિક હોય તે તો કુપાત્ર હોય ને કુલક્ષણવાળાં હોય તો પણ** ૧ **કોઈ રીતે તેનો અવગુણ એ જીવને આવતો નથી અને જે ભગવાનના ભક્ત હોય તે તો સર્વે રૂડે ગુણે કરીને યુક્ત હોય, પણ જો તેણે લગારેક કઠણ વચન કહ્યું હોય તો તેની આંટી જીવે ત્યાં સુધી મૂકે નહિ. એવી જેની વૃત્તિ છે તેને તો જેવું પોતાના સંબંધી ઉપર હેત છે તેવું તે ભગવાનના ભક્ત ઉપર કહેવાય જ નહિ, ત્યારે એનું કલ્યાણ પણ થાય નહિ. (૨)** અને ૨ સંતનો મહિમા તો પ્રથમ કહ્યો એવો મોટો છે તે સંતની ને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તો પણ કોઈકને એમ ડગમગાટ રહે છે જે મારું કલ્યાણ થાશે કે નહિ થાય, તેનું શું કારણ છે ? તો એ જીવને પૂર્વજન્મને વિષે ભગવાન કે ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ નથી ને તેમની સેવા પણ તેણે કરી નથી; એને તો આ જન્મમાં જ નવો આદર છે તે આગલા જન્મમાં

ફળશે અને જેને પૂર્વજન્મમાં ભગવાનની કે ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ હશે તથા તેમની સેવા કરી હશે તેને તો આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહિ અને નિશ્ચયમાં પણ ડગમગાટ થાય નહિ, અને કામ, ક્રોધ, લોભ સંબંધી ઘાટ તો કદાચિત્ રહે. પણ ભગવાનનો નિશ્ચય તો કોઈ રીતે મટે નહિ. તે કોઈકને વચને કરીને ન મટે એમાં શું કહેવું ? એને તો જો પોતાનું મન ડગમગાટ કરાવે તો પણ ડગમગાટ થાય નહિ, અને તેની દૃઢતા તો જેવી નાથ ભક્તની છે કે જેવી વિષ્ણુદાસની હતી કે જેવી હિમરાજશાની હતી કે જેવી કાશીદાસને છે કે જેવી ભાઈચંદશેઠને હતી કે જેવી દામોદરને છે એવી દૃઢતા હોય ત્યારે જાણવું. જે આ પૂર્વજન્મનો ભગવાનનો ભક્ત છે. **(૩)** ઈતિ વચનામૃતમ્ **॥૫૯॥ (૧૯૨) ૩**

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમે તથા અમારા સંત કલ્યાણકારી છીએ અને અમારા સાધુ ભવ-બ્રહ્માદિક દેવથી અધિક છે અને અમારી કે અમારા સંતની પ્રાપ્તિ થાય એ જ પરમ કલ્યાણ છે ને અમારા સંતની સેવા ને તેમાં હેત કરવાથી જીવ કૃતાર્થ થાય છે. **(૧)** અને અમારા સંત કોઈકને કઠણ વચન કહે તેની આંટી મૂકે નહિ તેને અમારા ભક્ત ઉપર હેત છે જ નહિ. **(૨)** અને જેને પૂર્વજન્મમાં અમારી કે અમારા સંતની પ્રાપ્તિ થઈ હશે અને તેમની સેવા કરી હશે તેને આ જન્મમાં અમારે ને અમારા સંતને વિષેથી હેત મટે જ નહિ; અને અમારા નિશ્ચયમાં પણ ડગમગાટ થાય જ નહિ; ત્યાં ભક્તોનાં નામ આપ્યાં છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં અમારા સાધુ ભવ-બ્રહ્માદિકથી અધિક છે એમ કહ્યું તે ભવબ્રહ્મા તો વૈરાજ થકી ઉત્પન્ન થયા છે, તેથી અધિક જાણીએ તો વૈરાજ જેવા થયા, અને (**છે૦ ૨**/૨ માં) આ સત્સંગીની સભા જેવી કોઈ ધામમાં સભા જ નથી એમ કહ્યું છે તે એમ જોતાં તો મૂળઅક્ષરાદિક સર્વ થકી સંતનો મહિમા વિશેષ થયો અને (**મ૦ ૨૨**ના ૩/૫ ત્રીજા પ્રશ્નમાં) રાણીની ઉપમા આપી છે અને (**પં. ૭**માં) પણ અમે ને અમારા મુક્તો અમારા ધામને વિષે અતિશે પ્રકાશે યુક્ત છીએ અને (**પ્ર૦ ૬૩**ના ૩/૪ ત્રીજા પ્રશ્નમાં) પણ એમ જ કહ્યું છે અને (**મ૦ ૬૭**માં) પોતાના સરખા કહ્યા છે તે પરસ્પર વિરોધ આવે છે માટે આ ભવ-બ્રહ્મા કિયા સમજવા ?

૧ **ઉ૦** આ ઠેકાણે મૂળપુરુષને બ્રહ્મા કહ્યા છે અને મહાકાળને ભવ કહ્યા છે અને તેથી બ્રહ્મકોટી ને મૂળઅક્ષરકોટી તેમને આદિ શબ્દથી જાણવા તે સર્વેથી અમારા સંત અધિક છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે.

૨ **પ્ર૦** અમારા સંતની સેવા બહુ મોટા પુણ્યવાળાને મળે છે એમ કહ્યું તે પુણ્ય કિયું જાણવું ? અને હરિભક્તોની દૃઢતા વખાણી તે કિયા કિયા ગામના હતા ?

૨ **ઉ૦** ત્રીજી બાબતમાં પૂર્વજન્મને વિષે શ્રીજીમહારાજની અથવા સંતની એટલે મુક્તની સેવા કરી હોય તેને જ બીજે જન્મે એમની સેવા મળે છે, પણ બીજે કોઈ સાધને કરીને સેવા મળતી નથી એમ કહ્યું છે માટે પૂર્વની સેવા તે પુણ્ય જાણવું અને નાથભક્ત કણભાના પાટીદાર હતા અને વિષ્ણુદાસ ડભાણના પાટીદાર હતા. હિમરાજશા સુંદરિયાણાના વણિક હતા. કાશીદાસ બોચાસણના પાટીદાર હતા. ભાઈચંદશેઠ સુરતના વણિક હતા. દામોદરભાઈ અમદાવાદના પાટીદાર હતા. **॥૫૯॥ (૧૯૨)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૬૦

❖સંવત ૧૮૮૧ના શ્રાવણ વદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઉગમણી ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી અને શ્વેત પછેડી ઓઢી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના

હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી, પછી શ્રીજીમહારાજે કહ્યું જે પ્રશ્ન-ઉત્તર કરો.

૧ ત્યારે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! આ સંસારને વિષે તો કેટલીક જાતના વિક્ષેપ આવે છે તેમાં કેઈ રીતે ભગવાનનો ભક્ત સમજે તો અંતરે સુખ રહે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો ઉત્તર તો જેમ અમને વર્તાય છે તેમ કહીએ જે જ્યારે કોઈ જાતના વિક્ષેપનો યોગ આવે ત્યારે ઉપરથી તો ચિત્તનો ધર્મ છે તે વિક્ષેપ જેવું જણાય, પણ તે વિક્ષેપનો પોતાના ચૈતન્યમાં તો ડંસ બેસતો નથી તે કેમ જણાય જે જ્યારે સૂઈએ છીએ ત્યારે બહારલ્યો જે વિક્ષેપ તે કોઈ દિવસ સ્વપ્રમાં દેખાતો જ નથી, અને જે ચૈતન્યમાં વિક્ષેપ પેઠો હોય તે તો ત્રણે અવસ્થામાં જણાય છે, માટે સ્વપ્રમાં કોઈ રીતે વિક્ષેપ જણાતો નથી તે થકી એમ જાણીએ છીએ જે ચૈતન્યમાં વિક્ષેપ કોઈ રીતે વળગતો નથી. **(૧)** ૧
અને જે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈક પ્રકારના દુઃખનો વિક્ષેપ થયો હોય એ તો સારી પેઠે અંતરમાં જણાય છે, પણ ન જણાય એમ નથી અને એ તો રઘુનાથદાસ સરખો વિમુખ હોય તેને તો ન જણાય તે જ્યારે રામાનંદ સ્વામીએ દેહ મૂક્યો ને સર્વે સત્સંગી રોવા લાગ્યા ત્યારે પણ રઘુનાથદાસને તો જરાય શોક થયો નહિ અને હસતો જાય ને બીજાને આગળ વાત કરતો જાય, માટે ભગવાનના ભક્તને દુઃખ આવી પડે ત્યારે તો જે ચાંડાળ ને વિમુખ હોય તેને દુઃખ ન થાય. **(૨)** પણ **જે ભગવાનનો ભક્ત હોય તે તો હરિભક્તને દુઃખે કરીને જરૂર** ૨
**દુઃખિયો થાય અને જે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈક મારી નાખતો હોય અથવા તેને કોઈક દુઃખ દેતો હોય ને તે ભગવાનના ભક્ત આડો જાઈને જો મરે કે ઘાયલ થાય, તો શાસ્ત્રમાં એમ કહ્યું છે જે તેના બ્રહ્મહત્યાદિક જે પંચમહાપાપ તે સર્વે મટી જાય છે એવો ભગવાનના ભક્તનો પક્ષ રાખ્યાનો પ્રતાપ છે. (૩) અને જેને ભગવાનના ભક્તનું વચન** ૩
**બાણની પેઠે હૈયામાં વસમું લાગે, અને તેની વૈરભાવે આંટી પડી જાય તે જીવે ત્યાં સુધી ટળે નહિ એવો જે ચાંડાળ જેવો જીવ હોય, તે ધર્મે યુક્ત હોય, ત્યાગે યુક્ત હોય, તપે યુક્ત હોય, તે સર્વે વૃથા છે અને બીજાં પણ કોટીક સાધન કરે પણ તેના જીવનું કોઈ કાળે કલ્યાણ થાય નહિ. (૪) અને આ સંસારને વિષે જેમ કોઈક સ્ત્રી હોય તે પોતાના પતિ ઉપર ને બીજા** ૪
**પુરુષ ઉપર સરખું હેત રાખે તે વેશ્યા સરખી ભૂંડી કહેવાય, તેમ આ સંસારને વિષે જે એવો પુરુષ હોય જે આપણે તો બધાય સાધુ સરખા છે, કેને સારોનરસો કહીએ ? તો તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને વિમુખ જાણવો. અને જે પુરુષ એમ જાણે જે આપણ કાંઈક અવળું-સવળું બોલીએ તો આપણો માણસ અવગુણ લેશે, એવી રીતે પોતાની સારપ્ય રાખ્યા સારુ ભગવાનનું કે ભગવાનના ભક્તનું કોઈક ઘસાતું બોલે ને તેને સાંભળી રહે તો તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને વિમુખ જાણવો. (૫) અને જેવો પોતાનાં સગાંવહાલાં હોય અથવા** ૫
**માબાપ હોય તેનો પક્ષ રહે છે તેવો ભગવાનના ભક્તનો દૃઢ પક્ષ રાખવો, અને ભગવાનના ભક્ત સાથે કોઈ રીતનો વિક્ષેપ થાય તો જળમાં લીટાની પેઠે ફેર એક થઈ જાય પણ આંટી**

**રાખે નહિ, તે જ ભગવાનનો યથાર્થ ભક્ત કહેવાય. (૬)** એટલી વાર્તા કરીને પછી ૬
શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, હું તો દત્તાત્રેય, જડભરત, નારદ ને શુકજી તે સરખો દયાવાળો છું અને પૂર્વ દેશમાં એક સમે નાગડા વૈરાગીની જમાત ભેળો હતો તે મુને સર્વે વૈરાગીએ કહ્યું જે, તાંદળજાની લીલી ભાજી તોડો, ત્યારે મેં કહ્યું જે, એમાં તો જીવ છે તે અમે નહિ તોડીએ, પછી એક જણે તરવાર ઉઘાડી કરીને ડારો કર્યો તો પણ અમે લીલી ભાજી ન તોડી, એવો અમારો દયાવાળો જીવ છે તો પણ **જો કોઈક ભગવાનના ભક્તને ક્રૂર દૃષ્ટિએ કરીને જોતો હોય ને તે જો પોતાનો સગો-વહાલો હોય તો પણ જાણીએ જે તેની આંખ્ય ફોડી નાખીએ અને હાથે કરીને જો ભગવાનના ભક્તને દુબે તો તે હાથને કાપી નાખીએ, એવો તેનો અભાવ આવે છે, પણ ત્યાં દયા નથી રહેતી, અને એવો જેને ભગવાનનો ને ભગવાનના ભક્તનો પક્ષ હોય તેને જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય. (૭)** ઇતિ ૭
વચનામૃતમ્ ॥૬૦॥ (૧૯૩)

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન (૧) છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે વિક્ષેપ સ્વપ્નમાં આવે તો જ તે વિક્ષેપ ચૈતન્યમાં પેઠો છે એમ જાણવું. (૧) અને જે અમારા ભક્તને દુઃખે દુખી ન થાય તે ચંડાળને વિમુખ છે. (૨) અને જે અમારો ભક્ત હોય તે તો અમારા ભક્તને દુઃખે જરૂર દુઃખી થાય અને અમારા ભક્તને કોઈક મારતો હોય તેને આડો પડીને મરે કે ઘાયલ થાય, તો તેનાં સર્વ પાપ નાશ પામી જાય. (૩) અને જેને અમારા ભક્તનું વચન વસમું લાગે ને વૈર બંધાય તે ધર્મ, ત્યાગ, તપ તેણે યુક્ત હોય તો પણ તેનું કલ્યાણ થાય નહિ. (૪) અને જે બધાય સાધુને સરખા જાણે તથા અમારું ને અમારા ભક્તનું કોઈક ઘસાતું બોલે તેને સાંભળી રહે તે વિમુખ છે. (૫) અને જે અમારા ભક્તનો પક્ષ રાખે ને તેમની સાથે વિક્ષેપ ન રાખે તે અમારો યથાર્થ ભક્ત છે. (૬) અને અમે દયાળુ છીએ પણ અમારા ભક્તને દુઃખવે તે ઉપર દયા નથી રાખતા અને જેને અમારો ને અમારા સંતનો પક્ષ હોય તે જ અમારો પૂરો ભક્ત છે. (૭) બાબતો છે.

૧ **પ્ર૦** પાંચમી બાબતમાં બધાય સાધુ સરખા જાણે તથા ભગવાનનું કે ભક્તનું કોઈક ઘસાતું બોલે તેને સાંભળી રહે તેને વિમુખ કહ્યો તે કેવી રીતે સરખા જાણે તો વિમુખ કહેવાય ?

૧ **ઉ૦** સિદ્ધદશાવાળા અને સાધનદશાવાળાને સરખા જાણે તથા શ્રીજીમહારાજનો યથાર્થ નિશ્ચય હોય ને પંચવર્તમાન યથાર્થ પાળતા હોય તેને ને નિશ્ચયમાં ને વર્તમાનમાં કસરવાળાને સરખા જાણે અને શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય હોય ને સાધુનાં બત્રીશ લક્ષણે યુક્ત હોય તેનું ને શ્રીજીમહારાજનું કોઈ ઘસાતું બોલે તેને સાંભળી રહે તેને વિમુખ જાણવો. ॥૬૦॥ (૧૯૩)

## વચનામૃત ગઢડા મધ્યનું - ૬૧

❖સંવત ૧૮૮૧ના શ્રાવણ વદિ ૭ સાતમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઉગમણી ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર શ્વેત શેલું સોનેરી છેડાનું બાંધ્યું હતું અને એક બીજું શ્વેત શેલું ઓઢ્યું હતું અને શ્વેત ખેસ પહેર્યો હતો અને મોગરાનાં પુષ્પના હાર પહેર્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશનાં હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ **પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, (૧) જેમાં ત્રણ વાનાં હોય તે પાકો સત્સંગી કહેવાય,**

**તે ત્રણ વાનાં કિયાં તો એક તો પોતાના ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યાં હોય તે પોતાના શિર સાટે દઢ કરીને પાળે, પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે, અને બીજો ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય તે અતિશે દઢપણે હોય તેમાં કોઈ સંશય નાખે તો સંશય પડે નહિ ને પોતાનું મન સંશય નાખે તો ય પણ સંશય પડે નહિ, એવો ભગવાનનો અડગ નિશ્ચય હોય, અને ત્રીજો પોતાના ઈષ્ટદેવને ભજતા હોય એવા જે સત્સંગી વૈષ્ણવ તેનો પક્ષ રાખવો તે જેમ માબાપ, દીકરા, દીકરી તેનો પક્ષ રાખે છે, ને જેમ પુત્ર હોય તે પોતાના પિતાનો પક્ષ રાખે છે, ને જેમ સ્ત્રી હોય તે પોતાના પતિનો પક્ષ રાખે છે, તેમ ભગવાનના ભક્તનો પક્ષ રાખવો એ ત્રણ વાનાં જેમાં પરિપૂર્ણ હોય તે પાકો સત્સંગી કહેવાય. (૧)** અને હરિભક્તની સભામાં ૧
મોઢા આગળ આવીને બેસતો હોય ત્યારે બીજાને એમ જણાય જે એ મોટેરો સત્સંગી છે **પણ મોટેરાની તો એમ પરીક્ષા છે, જે ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે, અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે તું પરમહંસ થા તો તે તત્કાળ પરમહંસ થાય, એવાં જેનાં લક્ષણ હોય તે હરિભક્તની સભાને આગળ બેસે અથવા વાંસે બેસે, પણ તેને જ સર્વે હરિભક્તમાં મોટેરો જાણવો અને જે ત્યાગી હોય તે જ્યારે દેશ-પ્રદેશમાં જાય ને ત્યાં કનક-કામિનીનો યોગ થાય તો ય પણ તેમાં ફેર પડે નહિ, અને પોતાના જે જે નિયમ હોય તે સર્વે દઢ કરીને રાખે તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય. (૨)** અને વળી જે કોઈક સંસારમાં રજોગુણી મોટું મનુષ્ય ૨
કહેવાતું હોય, ને તે જ્યારે સભામાં આવે ત્યારે તેને આદર કરીને સર્વે સભાને મોઢા આગળ બેસાર્યો જોઈએ, તે એ વ્યવહાર છે તે જ્ઞાની હોય, ત્યાગી હોય તેને પણ રાખ્યો જોઈએ, અને જો ન રાખે તો એમાંથી ભૂંડું થાય છે, જેમ રાજા પરિક્ષિત ઋષિના આશ્રમમાં ગયા ત્યારે ઋષિ સમાધિમાં હતા, તે રાજાનું સન્માન થયું નહિ, પછી તે રાજાને રીસ ચડી તે મરેલ સર્પ હતો તે ઋષિના ગળામાં નાખ્યો, પછી તે ઋષિના પુત્રે શાપ દીધો તેણે કરીને તે રાજાનું સાત દિવસમાં મૃત્યુ થયું, અને જ્યારે બ્રહ્માની સભામાં દક્ષ પ્રજાપતિ આવ્યા ત્યારે શિવજી ઊભા ન થયા, અને વચને કરીને પણ દક્ષનું સન્માન ન થયું, પછી દક્ષને રીસ ચડી તે શિવનો યજ્ઞમાંથી ભાગ કાઢી નાખ્યો, પછી નંદીશ્વર ને ભૃગુ ઋષિ તેને સામસામા શાપ થયા પછી તે પાપમાં સતી દક્ષના યજ્ઞમાં બળી મૂઆં, અને વીરભદ્રે દક્ષનું માથું કાપીને અગ્નિમાં હોમ્યું અને દક્ષનું મુખ બકરાનું થયું, માટે ગૃહસ્થ તથા ત્યાગી એ સૌને એ રીત રાખવી જે **સંસારવ્યવહારે જે મોટું માણસ કહેવાતું હોય તેનું સભામાં કોઈ રીતે અપમાન કરવું નહિ, ને જો અપમાન કરે તો એમાંથી જરૂર દુઃખ થાય, અને ભજન-સ્મરણમાં પણ વિક્ષેપ થાય, માટે આ વાર્તા સત્સંગી ગૃહસ્થ સર્વે તથા ત્યાગી સર્વે દઢ કરીને રાખજ્યો. (૩)** ઇતિ ૩
વચનામૃતમ્ **॥૬૧॥ (૧૯૪)**

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારા કહેલા નિયમ તથા અમારો નિશ્ચય તથા અમારા ભક્તનો પક્ષ એ ત્રણ વાનાં જેને હોય તે પાકો સત્સંગી છે. **(૧)** અને અમારે ને અમારા સંતને અર્થે પોતાનું

સર્વસ્વ કરી નાખે, ને સત્સંગને અર્થે માથું દે, અને અમે આજ્ઞા કરીએ તો પરમહંસ થાય તે સર્વે હરિભક્તમાં મોટો છે, અને ત્યાગી કનક-કામિનીમાં લેવાય નહિ, ને નિયમ દૃઢ રાખે તે ત્યાગીમાં મોટો છે. **(૨)** ને જ્ઞાની કે ત્યાગી હોય તેને પણ મોટા મનુષ્યનું સન્માન કરવું એમ કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં નિયમ કહ્યા તે કિયા જાણવા ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજે શિક્ષાપત્રી, ધર્મામૃત, નિષ્કામ શુદ્ધિ, જનશિક્ષા તથા નારાયણગીતામાં ત્યાગી-ગૃહીને જે પ્રમાણે વર્તવાનું કહ્યું છે તે નિયમ જાણવા.

૨ **પ્ર૦** શ્રીજીમહારાજનો નિશ્ચય કહ્યો તે નિશ્ચય કેવો જાણવો ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજને જીવકોટી, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી, મૂળઅક્ષરકોટી એ સર્વેના પોતાની અંતર્યામી શક્તિએ કરીને આધાર ને એ સર્વેના કર્તા ને નિયંતા ને સદા સાકાર મૂર્તિ ને એ સર્વેને અગમ્ય અને પોતાના મુક્તોને સુખના દાતા એવા જાણે તે નિશ્ચય કહેવાય.

૩ **પ્ર૦** સત્સંગીનો પક્ષ રાખવાનો કહ્યો તે કેવા સત્સંગી હોય તેનો પક્ષ રાખવો ?

૩ **ઉ૦** આમાં બીજી બાબતમાં ગૃહી-ત્યાગીનાં લક્ષણ કહ્યાં છે તે લક્ષણે યુક્ત હોય તેવાનો પક્ષ રાખવો, ને એવાને દુઃખે દુઃખી થાવું એમ કહ્યું છે. **॥૬૧॥ (૧૯૪)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૬૨

❖સંવત ૧૮૮૧ના માગશર સુદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી તથા શ્વેત ચોફાળ ઓઢ્યો હતો તથા શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી શ્રીજીમહારાજે પોતાના ભત્રીજા જે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી તેને બોલાવીને કહ્યું જે, તમે અમને પ્રશ્ન પૂછો.

૧ પછી પ્રથમ અયોધ્યાપ્રસાદજીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** આ સંસારને વિષે એવો પુરુષ હોય જે આઠ પહોર તો સંસારની વિટમનામાં રહ્યો હોય, ને ગમે એવું યોગ્ય-અયોગ્ય કર્મ પણ થઈ જાતું હોય અને તે એક ઘડી કે બે ઘડી ભગવાનનું ભજન કરતો હોય ત્યારે તે ભજને કરીને તેણે દિવસ બધામાં પાપ કર્યું તે બળે કે ન બળે ? એ પ્રશ્ન છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સારો દિવસ પ્રવૃત્તિમાર્ગમાં રહીને ગમે તેવી ક્રિયા કરી હોય ને ભગવાનનું ભજન કરવા બેસે તે સમે એ ભજનના કરનારાનાં ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ એ સર્વે એકાગ્ર થઈને જો ભજનમાં જોડાય, તે એવી રીતે એક ઘડી કે અર્ધ ઘડી પણ જો ભગવાનના ભજનમાં જોડાય, તો સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય છે. અને ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ તે એકાગ્ર થઈને જો ભગવાનના ભજનમાં ન જોડાય તો તેના ભજન થકા તો ઘડી કે અર્ધ ઘડીમાં પાપ ન બળે, અને એનું જે કલ્યાણ તે તો ભગવાનને પ્રતાપે કરીને થાય એનો એ જ ઉત્તર છે. **(૧)** ૧

૨ **પછી રઘુવીરજીએ પ્રશ્ન પૂછ્યો જે, (૨) હે મહારાજ ! આ જીવનો મોક્ષ તે કેમ કરે**

**ત્યારે થાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેને પોતાનું જે દેહ, ધન, ધામ, કુટુંબ, પરિવાર એ સર્વેને ભગવાનની સેવામાં જોડી દેવાં ને ભગવાનની સેવામાં જે પદાર્થ કામ ન આવે તો તેનો ત્યાગ કરી દેવો એવી રીતે જે ભગવાન પરાયણ વર્તે તે ગૃહસ્થાશ્રમી હોય, તો પણ મરે ત્યારે ભગવાનના ધામમાં નારદ-સનકાદિકની પંક્તિમાં ભળે, અને પરમ મોક્ષને પામે** એનો એ જ ઉત્તર છે. **(૨)** ૨

એવી રીતે શ્રીજીમહારાજે વાર્તા કરીને પછી પોતાની ઈચ્છાએ કરીને બોલતા હવા જે,
૩ **(૩)** અમે જે દિવસથી વિચારીએ છીએ તે દિવસથી અમારી નજરમાં એમ આવે છે જે જીવના કલ્યાણને અર્થે ત્રણ અંગ છે, તે અતિ સુખદાયી છે. તેમાં એક તો અતિશે **આત્મનિષ્ઠા** જે શુકજીની પેઠે આત્મારૂપ થઈને પરમેશ્વરનું ભજન કરવું. અને બીજું **પતિવ્રતાનું** અંગ જે ગોપીઓની પેઠે પતિભાવે ભગવાનનું ભજન કરવું. અને ત્રીજું **દાસપણાનું** અંગ જે હનુમાનજી તથા ઉદ્ધવજીની પેઠે દાસભાવે ભગવાનનું ભજન કરવું. એ ત્રણે અંગ વિના કોઈ રીતે કરીને જીવનું કલ્યાણ થાતું નથી, અને અમે તો એ ત્રણે અંગને દૃઢ કરીને રાખીએ છીએ, અને એ ત્રણ અંગમાંથી જેને એકે અંગ દૃઢપણે હોય તો તે કૃતાર્થ થાય છે. અને હવે એ ત્રણ અંગવાળાનાં જે લક્ષણ તે નોખાં નોખાં કરીને કહીએ છીએ. તેમાં આત્મનિષ્ઠાવાળાનું તો એ લક્ષણ છે જે, એક કોરે તો આત્મા છે, અને એક કોરે તો દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, ત્રણ ગુણ, પંચવિષય આદિક જે માયાનું ટોળું તે છે, ને એ બેના મધ્યને વિષે જે વિચાર રહે તે વિચાર જ્ઞાનરૂપી છે, તે વિચાર જેમ વાયુએ રહિત સ્થળને વિષે દીપકની શીખા અતિશે સ્થિર થઈને રહે છે તેમ સ્થિર થઈને રહે છે, ને તે વિચાર દેહ, ઈન્દ્રિયો ને અંતઃકરણ એમને આત્મા સંગાથે એક થાવા દેતો નથી, અને તે વિચાર પણ આત્મા સંગાથે એક થાતો નથી, અને જ્યારે તે વિચારને જીવ પામે છે, ત્યારે તે જીવની વૃત્તિ કાશી સુધી લાંબી હોય, તે વરતાલ જેટલામાં આવે છે, અને પછી તે વિચાર જ્યારે દૃઢ થાય ત્યારે વરતાલ થકી આ ગઢડા જેટલામાં આવે છે, ને પછી આ ગઢડા જેટલે લાંબી વૃત્તિ હોય તે સંકેલાઈને પોતાના દેહ જેટલામાં રહે છે, અને પછી દેહમાંથી વૃત્તિ ટૂંકી થઈને ઈન્દ્રિયોના ગોલકમાં જ રહે છે. ને પછી ઈન્દ્રિયોના ગોલક થકી ઈન્દ્રિયોની વૃત્તિ છે તે અંતઃકરણ સન્મુખ થઈ જાય છે, ને પછી ઈન્દ્રિયોની ને અંતઃકરણની જે વૃત્તિ છે તે આત્માને વિષે લીન થઈ જાય છે. ત્યારે એ જીવના વાસનાલિંગ દેહનો નાશ થયો કહેવાય છે, અને એ વિચાર છે તે જ્યારે આ જીવ સંગાથે મળે છે ત્યારે તે જીવના હૃદયને વિષે પ્રકાશ થાય છે, ને પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય છે, ને તે બ્રહ્મને વિષે પરબ્રહ્મ જે નારાયણ તેનું પણ દર્શન થાય છે, અને તે દર્શનના કરનારાને એમ અનુભવ થાય છે જે હું આત્મા છું, અને મારે વિષે આ પરમાત્મા છે, તે અખંડ રહ્યા છે. અને એવી રીતની અખંડ સ્થિતિ રહે એ આત્મનિષ્ઠાની અતિ ઉત્તમ

દશા છે, અને પતિવ્રતાનું જે અંગ છે તે તો વ્રજની ગોપીઓના જેવું જોઈએ. જેમ ગોપીઓએ જે દિવસ થકી શ્રીકૃષ્ણ ભગવાનના ચરણારવિંદનો સ્પર્શ કર્યો તે દિવસ થકી જેટલાં સંસાર સંબંધી જે સુખ તે સર્વે ઝેર જેવાં થઈ ગયાં, તેમ જેને પતિવ્રતાના અંગની ભક્તિ હોય તે ગમે તો ઇંદ્ર જેવો રૂપાળો પુરુષ હોય તથા દેવતા જેવો હોય તથા કોઈક રાજા હોય ને તેને જ્યારે દેખે ત્યારે જેમ સડેલ કૂતરાને દેખે અથવા વિષ્ટાને દેખે ત્યારે અતિશે ગ્લાનિ પામીને દૃષ્ટિ પાછી ખેંચી લે છે, તેમ દૃષ્ટિ પાછી ખેંચાઈ જાય તે ઉત્તમ પતિવ્રતાની રીતિ છે, તે માટે જેની એક ભગવાનને વિષે જ પતિભાવે કરીને વૃત્તિ જોડાણી છે તેનું બીજા કોઈ પુરુષને દેખીને મન રાજી થાય જ નહિ. અને ત્રીજું **જેને દાસભાવે કરીને ભક્તિનું અંગ છે તેને પણ પોતાના જે ઇષ્ટદેવ છે, તેનું જ દર્શન ગમે, અને તેની જ વાર્તા સાંભળવી ગમે, ને પોતાના ઇષ્ટદેવનો જ સ્વભાવ ગમે, અને તેની જ પાસે રહેવું ગમે, એવો પ્રીતિવાન હોય તો પણ પોતાના ઇષ્ટદેવની સેવા સારુ ને રાજીપા સારુ રાત-દિવસ એમ ઇચ્છ્યા કરે જે મુને મારા ઇષ્ટદેવ કાંઈક આજ્ઞા કરે તો હું અતિશે હર્ષે કરીને કરું પછી પોતાના ઇષ્ટદેવ છે, તે આજ્ઞા કરે તો છેટે જાઈને રહે તો પણ રાજી થકો જ રહે પણ કોઈ રીતે અંતઃકરણમાં ખેદ પામે નહિ, અને આજ્ઞાને વિષે જ પરમ આનંદ માને એ દાસત્વ ભક્તિની ઉત્તમ દશા છે એવા દાસત્વ ભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી છે અને બીજા મુક્તાનંદ સ્વામી છે. (૩)** અને ૩
એ ત્રણ અંગવાળા જે ભગવાનના ભક્ત તેમાં ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ પક્ષ છે, અને એથી જે બહાર રહ્યા તે તો કેવળ પામર કહેવાય. માટે એ ત્રણમાંથી એક અંગ પરિપૂર્ણ થાય ને તે કેડે દેહ મૂકે તે તો ઠીક છે, અને એ ત્રણમાંથી એકે અંગ જેને પરિપક્વ ન થયું હોય ને તેને જે મરવું તે ઠીક નથી, ને તે તો પાંચ દહાડા વધુ જીવે ને પોતાની અણસમજણને ટાળીને એ ત્રણ અંગમાંથી કોઈક એક અંગ દૃઢ કરીને મરે એ જ ઠીક છે. અને વળી આ જીવનો તો એવો સ્વભાવ દેખાય છે જે જ્યારે ગૃહસ્થાશ્રમમાં હોય ત્યારે સંસારનો ત્યાગ કરવો ગમે, અને જ્યારે ત્યાગ કરે છે ત્યારે પાછા સંસાર સંબંધી સુખના ઘાટ થયા કરે, એવી રીતે એ જીવનો અવળો સ્વભાવ જણાય છે. માટે જે ભગવાનના દૃઢ આશ્રિત હોય તેને તો એવા અવળા સ્વભાવનો ત્યાગ કરીને પોતાના મનનું ગમતું સર્વે મૂકીને ભગવાનને ભજવા ને ભગવાન વિના બીજી સર્વે વાસનાને ટાળીને મરવું તે જ ઠીક છે, અને જેને ભગવાનમાં અતિશે પ્રીતિ ન હોય તેને તો આત્મનિષ્ઠા જ વિચારે કરીને દૃઢ કરવી કેમ જે જે ભગવાનના ભક્ત હોય તેને કાં તો આત્મનિષ્ઠા દૃઢ જોઈએ, ને કાં તો ભગવાનને વિષે અતિશે દૃઢ પ્રીતિ જોઈએ, અને એ બે અંગમાંથી જેને એક અંગની અતિશે દૃઢતા ન હોય તેને તો જે આ સત્સંગના નિયમ છે તેમાં દૃઢપણે કરીને રહેવું તો જ સત્સંગી રહેવાય; નહિ તો સત્સંગ થકી બહાર પડી જવાય. અને **ભગવાનનો જે ભક્ત હોય તેને તો જે પ્રકારનાં દુઃખ આવે છે તે દુઃખના દેનારા કાળ, કર્મ, માયા એમાંથી કોઈ નથી; એ તો પંડે ભગવાન જ પોતાના ભક્તની**

**ધીરજ જોવાને અર્થે દુઃખને પ્રેરે છે, અને પછી જેમ કોઈક પુરુષ પડદામાં રહીને જુએ તેમ ભક્તની ધીરજને ભગવાન ભક્તના હૃદયમાં રહીને જોયા કરે છે, પણ કાળ, કર્મ, માયાનો શો ભાર છે જે ભગવાનના ભક્તને પીડી શકે ? એ તો ભગવાનની જ ઇચ્છા છે, એમ જાણીને ભગવાનનો ભક્ત હોય તેને મગ્ન રહેવું. (૪)** ૪

૪ એ વાર્તા સાંભળીને મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** હે મહારાજ ! એ ત્રણ જે અંગ તમે કહ્યાં તે વાત તો અતિ ઝીણી છે ને કઠણ છે, તે કોઈકના જ સમજ્યામાં આવે ને કોઈકના જ વર્ત્યામાં આવે, પણ સર્વેને ન આવે અને આ સત્સંગમાં તો લક્ષાવધિ મનુષ્ય છે તે સર્વેને તો આ વાર્તા સમજવી કઠણ છે માટે તે કેમ કરે ત્યારે તેનું રૂડું થાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **તે તો એ ત્રણ અંગવાળા માંહીલો જે હરિભક્ત હોય તેનો દાસાનુદાસ થઈને તેની આજ્ઞામાં રહે તો તે કાંઈ ન સમજતો હોય તો પણ છતી દેહે જ ભગવાનનો પાર્ષદ થઈ રહ્યો છે,** ને કૃતાર્થ થઈ રહ્યો છે, અને આ સંસારને વિષે ભગવાન ને ભગવાનના ભક્તનો તો મહિમા અતિશે મોટો છે, તે ગમે તેવો પામર ને પતિત જીવ હોય પણ ભગવાન કે ભગવાનના ભક્તને આશ્રિત થાય તો તે જીવ કૃતાર્થ થઈ જાય છે, એવો ભગવાન ને ભગવાનના ભક્તનો મહિમા છે, માટે જેને ભગવાનના ભક્તની સેવા પ્રાપ્ત થઈ તેને તો નિધડક રહેવું. અને આ ત્રણે અંગની જે અમે વાર્તા કરી છે તે બહુધા તો આ મુક્તાનંદ સ્વામી સારુ કરી છે, અને મુક્તાનંદ સ્વામી ઉપર અમને ઘણું હેત છે, ને એમને શરીરે મંદવાડ છે તે રખે કોઈ વાતની સમજણમાં ખામી રહી જાય નહિ, એમ જાણીને આ વાર્તા કરી છે, પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, હે મહારાજ ! મેં પણ જાણ્યું છે જે હું સારુ જ આ વાર્તા કરી છે. **(૫)** ઇતિ વચનામૃતમ્ **॥૬૨॥ (૧૯૫)** ૫

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૪)** છે. ત્રીજું કૃપાવાક્ય છે. તેમાં પહેલામાં ઇન્દ્રિયો, અંતઃકરણ ને જીવ એકાગ્ર થઈને અમારા ભજનમાં જોડાય તો સંસારની વિટમનામાં થયેલાં યોગ્ય-અયોગ્ય સર્વ પાપ ભસ્મ થઈ જાય, ને એકાગ્ર ન થાય તો પાપ ન બળે ને મોક્ષ તો અમારા પ્રતાપે કરીએ. **(૧)** બીજામાં દેહાદિક સર્વને અમારી સેવામાં જોડી દે ને જે અમારા ઉપયોગમાં ન આવે તેનો ત્યાગ કરે તો ગૃહસ્થાશ્રમી અમારા અક્ષરધામમાં મુક્તની પંક્તિમાં ભળે અને પરમ મોક્ષને પામે. **(૨)** ત્રીજામાં શુકજી આદિકને દૃષ્ટાંતે કહ્યું છે કે દેહાદિક માયાના ટોળાથી પોતાને જુદો માને ને જ્ઞાનરૂપી વિચારે કરીને વૃત્તિ પાછી વાળે તે વૃત્તિ આત્માને વિષે લીન થાય ત્યારે વાસનાલિંગ દેહ નાશ પામે, ને તેના હૃદયમાં પ્રકાશ થાય ને પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય ને તેમાં અમારું દર્શન થાય, એવી આત્મનિષ્ઠા દૃઢ કરવી. અને ગોપીઓને દૃષ્ટાંતે અમને દેખીને જ રાજી થવું, પણ અમારા વિના બીજા કોઈને દેખીને રાજી ન થવું ને તેમાંથી વૃત્તિ પાછી ખેંચી લેવી, એવું પતિવ્રતાપણું અમારે વિષે દૃઢ કરવું, અને હનુમાન-ઉદ્ધવને દૃષ્ટાંતે અમારું જ દર્શન ને અમારી જ વાત ને અમારો જ સ્વભાવ ને અમારી પાસે જ રહેવું ગમે, અને અમારો જ રાજીપો ને સેવા ઇચ્છવી ને અમારી આજ્ઞામાં પરમ આનંદ પામવો એવું દાસપણું દૃઢ કરવું તો જ સુખી થવાય. એમ કહીને શ્રી ગોપાળાનંદ સ્વામી તથા શ્રી મુક્તાનંદ સ્વામીની દાસત્વભક્તિના અંગની પ્રશંસા કરી છે. **(૩)** આ ત્રણ અંગવાળા ભક્તમાં ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ હોય અને આમાંનું એકેય અંગ ન હોય તે પામર છે. અને આ અંગ દૃઢ કરીને જ મરવું ને અવળા સ્વભાવનો ત્યાગ કરીને અમને ભજવા, અને આત્મનિષ્ઠા ને પ્રીતિ ન હોય તેણે સત્સંગના નિયમમાં રહેવું, અને ન રહે તો સત્સંગથી બહાર પડી જવાય, અને દુઃખ આવે તો અમારી ઇચ્છા

જાણવી પણ કાળ આદિકને દુઃખ આપનારા ન જાણવા. **(૪)** અને આ ત્રણ અંગવાળાનો દાસ થઈને તેમની આજ્ઞામાં રહે તે છતી દેહે જ અમારો પાર્ષદ થઈ રહ્યો છે, અને પામર કે પતિત જીવ અમારે કે અમારા સંતને આશરે આવે તો કૃતાર્થ થઈ જાય એવો અમારો ને અમારા ભક્તનો મહિમા છે, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં ઇન્દ્રિયો, અંતઃકરણ ને જીવ એ ત્રણે એકાગ્ર થઈને અમારા ભજનમાં જોડાય તો સમગ્ર પાપ ભસ્મ થઈ જાય એમ શ્રીજીમહારાજે કહ્યું તે પાપ કિયાં જાણવાં ?

૧ **ઉ૦** સંસારને વિષે રહેનારા પુરુષોને સંસાર સંબંધી પ્રવૃત્તિ હોય તેમાં જે પાપ થાય તે પાપ કહ્યું તે ખેડૂત હોય તેને ખેતીમાં જીવજતું મરે તથા વેપારી હોય તેને વેપારમાં જીવજતું મરે, એવી જ રીતે સર્વે વર્ણને પોતપોતાના ઉદ્યમમાં સહેજસાજ પાપ થાય તથા વર્તમાન બહાર સંકલ્પ થઈ જાય, તે પાપ શ્રીજીમહારાજની મૂર્તિમાં ઉપશમ કરે તો બળે એમ કહ્યું છે, પણ જે પાપનું શાસ્ત્રમાં પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે તે પાપનું તો પ્રાયશ્ચિત્ત કરવું જ પડે.

૨ **પ્ર૦** બીજા પ્રશ્નમાં નારદ-સનકાદિકની પંક્તિમાં ભળે એમ કહ્યું તે નારદ-સનકાદિક કોને કહ્યા હશે ?

૨ **ઉ૦** રઘુવીરજી મહારાજે આત્યંતિક મોક્ષ કેમ કરે તો પામે એમ શ્રીજીમહારાજને પૂછ્યું ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે સર્વને અમારી સેવામાં જોડી દે તો અમારા ધામમાં નારદ-સનકાદિકની પંક્તિમાં ભળે, ને પરમ મોક્ષને પામે એમ કહ્યું તે ત્યાં પરોક્ષ નારદ-સનકાદિક અનાદિકાળથી તો છે નહિ. માટે આ ઠેકાણે અનાદિકાળથી પોતાના ધામમાં પોતાના સિદ્ધ મુક્ત રહ્યા છે, તે મુક્તોને એ નામે કહ્યા છે. એમ જો ન કહીએ તો પૂર્વે નારદ-સનકાદિક જે સ્થાનકોમાં વિચરતા હતા તેટલી જ ગતિ થવી જોઈએ, પણ પરમ મોક્ષ પમાય નહિ, માટે આ ઠેકાણે પરમ મોક્ષ પામે એમ કહ્યું છે તે પરમ મોક્ષ તો શ્રીજીમહારાજના મુક્ત પામેલા છે, માટે નારદાદિક નામે પોતાના મુક્તોને જ કહ્યા છે.

૩ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં જીવ વિચારને પામે છે ત્યારે તેની વૃત્તિ કાશી સુધી લાંબી હોય તે વરતાલ જેટલામાં આવે છે, ને પછી ગઢડા જેટલામાં આવે છે એમ કહ્યું તે કાશી જેટલે એટલે ક્યાં સુધી જાણવી ? અને વરતાલ જેટલામાં એટલે ક્યાં સુધી સમજવી ? અને ગઢડા જેટલે એટલે ક્યાં સુધી સમજવી ? અને દેહ જેટલામાં એટલે ક્યાં સુધી સમજવી ? અને ઇન્દ્રિયોના ગોલકમાં તે ક્યાં સુધી સમજવી ? અને અંતઃકરણ સન્મુખ તે ક્યાં સુધી સમજવી ? અને આત્માને વિષે લીન તે કેવી રીતે સમજવી ?

૩ **ઉ૦** માયાના કાર્ય આકારે જે વૃત્તિ તે કાશી સુધી જાણવી. અને માયાનાં કાર્ય જે દેહાદિક તેથી પોતાનો આત્મા પૃથક્ ને સત્ય છે, એવા જ્ઞાનને પામીને મોક્ષની ઇચ્છા થાય તે વરતાલ જેટલામાં આવી એમ જાણવું, આ શુભેચ્છા નામની પહેલી ભૂમિકા જાણવી. **(૧)** અને દેહથી આત્મા જુદો છે એવું દૃઢ શ્રવણ-મનન કરીને આનંદ પામવો એ ગઢડા જેટલામાં આવી એમ સમજવું, આ વિચારણા નામની બીજી ભૂમિકા જાણવી. **(૨)** અને આત્મ-વિચારના નિદિધ્યાસે કરીને અશુભ સંકલ્પને ટાળીને આત્મસ્વરૂપને ગ્રહણ કરવામાં યોગ્યપણું તે દેહ જેટલામાં આવી એમ સમજવું, આ તનુમાનસા નામની ત્રીજી ભૂમિકા જાણવી. **(૩)** આ ત્રણ ભૂમિકાઓ જાગૃત અવસ્થાની કહી છે. અને દેહની વિસ્મૃતિ થઈને આત્માકારે વૃત્તિ થાય તે ઇન્દ્રિયોના ગોલકમાં રહી એમ જાણવું, આ સત્તાપત્તિ નામની ચોથી ભૂમિકા જાણવી. **(૪)** અને સંશય રહિત ને માહાત્મ્યે સહિત પરમાત્મા જે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય, ને મન સ્થિર થાય ને સુષુપ્તિની પેઠે જાગૃતની વિસ્મૃતિ થાય, પણ ઐશ્વર્યમાં રાગ રહે તે અંતઃકરણ સન્મુખ વૃત્તિ થઈ એમ જાણવું, આ અસંસક્તિ નામની પાંચમી ભૂમિકા જાણવી. **(૫)** અને ઐશ્વર્ય રૂપ પદાર્થની ભાવના ટાળીને પોતાના આત્માને શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરબ્રહ્મ સાથે એકતા કરવી તે આત્માને વિષે લીન થઈ જાણવી, આ પદાર્થાભાવી નામની છઠ્ઠી ભૂમિકા જાણવી. **(૬)** અને પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય, ને એ આત્માને વિષે પરમાત્મા જે શ્રીજીમહારાજ તેમની મૂર્તિનું સાક્ષાત્કાર દર્શન થાય, ને તેમાં સદા નિમગ્ન રહે તે તુર્યગા નામની સાતમી ભૂમિકા જાણવી. **(૭)**

૪ **પ્ર૦** આત્મનિષ્ઠા, પ્રીતિ ને દાસપણું એ ત્રણ અંગ કહ્યાં તે સરખાં હશે કે અધિક-ન્યૂન હશે ?

૪ **ઉ૦** આ ત્રણ અંગની ઉત્તમ દશા કહી છે માટે ત્રણે સરખાં છે પણ એમાં કોઈ અંગ અધિક-ન્યૂન નથી. આ અકેકા અંગમાં

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચારે આવી જાય છે.

૫ **પ્ર૦** દાસત્વ ભક્તિવાળા શ્રી ગોપાળાનંદ સ્વામી છે, તથા બીજા મુક્તાનંદ સ્વામી છે એમ કહ્યું તે એમને દાસત્વપણાનું એક જ અંગ હશે કે એ ત્રણે અંગ હશે ?

૫ **ઉ૦** ગોપાળાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી તે તો અનાદિ મુક્ત છે તેમને પ્રતાપે કરીને અનંત જીવો આ ત્રણે અંગે સંપન્ન થઈને શ્રીજીમહારાજની મૂર્તિને સુખે સુખિયા થઈ જાય છે, એવા મહા સમર્થ છે એ તો શ્રીજીમહારાજની સાથે આવેલા હતા, એમને વિષે સાધનિકપણાનો ભાવ લાવવો નહિ.

૬ **પ્ર૦** (૩/૪ ત્રીજા પ્રશ્નમાં) પાંચ દહાડા વધુ જીવીને અણસમજણ ટાળીને મરવું એમ કહ્યું, ને (**પં૦ ૧**/૧માં) ક્યારે દેહ પડે ને ક્યારે ભગવાનના ધામમાં જવાય એમ કહ્યું છે, તે કેવી રીતે સમજવું ?

૬ **ઉ૦** આમાં અણસમજણ ટાળવા માટે જીવવું એમ કહ્યું છે, અને (**પં૦ ૧**માં) જેને શ્રીજીમહારાજનો યથાર્થ મહિમા સમજીને શ્રીજીમહારાજના સુખમાં દૃષ્ટિ પહોંચી હોય તેની વાત કહી છે.

૭ **પ્ર૦** (૪/૫ ચોથા પ્રશ્નમાં) ગમે તેવો પામર ને પતિત જીવ હોય ને તે અમારો કે અમારા ભક્તનો આશ્રિત થાય, તો કૃતાર્થ થઈ જાય એમ કહ્યું તે શ્રીજીમહારાજના આશ્રિત તો થવાય, પણ શ્રીજીમહારાજના ભક્તના આશ્રિત કેવી રીતે થવાતું હશે ?

૭ **ઉ૦** શ્રીજીમહારાજને વિષે સ્વામી-સેવકપણે આશરો કરવો ને પંચવર્તમાને યુક્ત એવા તેમના ભક્તને વિષે શ્રીજીમહારાજનું જ્ઞાન પામવાને અર્થે ગુરુભાવે આશરો કરવો. **॥૬૨॥ (૧૯૫)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૬૩

❖સંવત ૧૮૮૧ના માગશર વદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ ભજનાનંદ સ્વામી શ્રીમદ્ ભાગવતનો પાઠ કરતા હતા ને પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! દ્રષ્ટા ને દૃશ્યના મધ્યમાં
જે વિચાર રહે છે તે દ્રષ્ટાને ને દૃશ્યને જુદા જુદા રાખે છે એમાં જીવનું જાણપણું કિયું
જાણવું ? ને ઈન્દ્રિયો-અંતઃકરણનું જાણપણું કિયું જાણવું ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,
અમને તો એમ જણાય છે જે, જેનો જીવ અતિશે બળને પામ્યો હોય તેને તો અંતઃકરણની
વૃત્તિઓ તે જીવની જ વૃત્તિ છે ને તેના ચાર ક્રિયાએ કરીને ચાર વિભાગ જણાય છે અને
તે અંતઃકરણમાં ને ઈન્દ્રિયોમાં જાણપણું છે તે જીવનું જ છે, તે ઈન્દ્રિયો-અંતઃકરણને જ્યાં
ઘટિત હોય ત્યાં ચાલવા દે અને જ્યાં ઘટિત ન હોય ત્યાં ન ચાલવા દે, અને જેનો જીવ અતિશે
બળને પામ્યો હોય તેને તો ભૂંડું સ્વપ્ન પણ આવે નહિ. **(૧)** અને જેનો જીવ નિર્બળ હોય ૧
તેને તો સાંખ્યના મતને અનુસરીને એક દ્રષ્ટા એવો જે પોતાનો આત્મા તે આત્માપણે રહેવું
પણ ઈન્દ્રિયો-અંતઃકરણ ભેળું ભળવું નહિ એવી રીતે સત્તારૂપ રહેતાં થકાં એનો જીવ બળને
પામે છે. **(૨)** અને એથી પણ બળ પામવાનો એક અતિશે મોટો ઉપાય છે જે ભગવાન ને ૨
ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય ને તેની સેવાને વિષે અતિશે શ્રદ્ધા હોય ને

ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય તેના જીવને તો તત્કાળ અતિશે બળ આવે છે, માટે
**જીવને બળ પામવાને અર્થે ભગવાન ને ભગવાનના ભક્તની સેવા બરોબર બીજો કોઈ ઉપાય
નથી.** **(૩)** અને વળી અમે અમારા અંતરની વાર્તા કહીએ જે જ્યારે અમે અગણોતેરાની ૩
સાલમાં માંદા થયા હતા ત્યારે કૈલાસ ને વૈકુંઠ તે દેખ્યામાં આવ્યાં ને નંદીશ્વરની અસવારી
ને ગરુડની અસવારી પણ અમે કરી એમ અમારા દીઠામાં આવ્યું, પણ તે સામર્થીમાં અમને
કાંઈ સારુ લાગ્યું નહિ. પછી તો અમે કેવળ સત્તારૂપે રહેવા માંડ્યું ત્યારે સર્વ ઉપાધિની શાંતિ
થઈ. **(૪)** પછી તેમાં પણ અમને એમ વિચાર થયો જે સત્તારૂપે રહેવું તેથી પણ ભગવાન ૪
ને ભગવાનના ભક્ત ભેળે દેહ ધરીને રહેવું એ શ્રેષ્ઠ છે, માટે અમને એમ બીક લાગી જે
રખે સત્તારૂપે રહીએ ને પાછો દેહ ન ધરાય, માટે દેહ ધરીને ભગવાન ને ભગવાનના ભક્તની
ભેળે રહીએ ને તેને અર્થે જે સેવા બની આવે તે જ અતિશે શ્રેષ્ઠ સાધન છે. **(૫)** અને **જ્યારે** ૫
**જીવને અંત સમો આવે છે ત્યારે અનંત જાતની આધિ ને વ્યાધિ પ્રગટ થાય છે પછી ભગવાન
કે ભગવાનના સંતનું જ્યારે દર્શન થાય છે ત્યારે સર્વે દુઃખનો નાશ થઈ જાય છે, એવો
ભગવાનનો ને ભગવાનના ભક્તનો મહિમા મોટો છે, અને ભગવાનના ભક્ત છે તે તો કેવળ
બ્રહ્મની જ મૂર્તિઓ છે; એને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહિ. (૬) અને જેમ પોતાના** ૬
**દેહનાં કુટુંબી હોય છે ને તેને તેના હિતને અર્થે આપણ વઢીને કહીએ ને આપણને તે વઢીને
કહે પણ અંતરમાં કોઈને આંટી પડતી નથી, તેમ ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે વર્ત્યું
જોઈએ. અને જેને ભગવાન કે ભગવાનના ભક્ત સંગાથે આંટી પડી જાય છે તે તો અમને
દીઠો પણ ગમતો નથી ને તે ઉપરથી રીસ પણ કોઈ દિવસ ઊતરતી નથી, અને આ સંસારમાં
પંચ મહાપાપના કરનારાનો કોઈ દિવસ છૂટકો થાય, પણ ભગવાનના ભક્તના દ્રોહના
કરનારાનો કોઈ દિવસ છૂટકો થાતો નથી. (૭) માટે ભગવાનના ભક્તની જે સેવા-ચાકરી** ૭
**કરવી તે બરોબર કોઈ પુણ્ય નથી, ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો તે બરાબર કોઈ પાપ
નથી, માટે જેને પોતાના જીવને બળવાન કરવો હોય તેને તો ભગવાન કે ભગવાનના ભક્તને
મન-કર્મ-વચને શુદ્ધ ભાવે કરીને સેવવા. (૮)** ઇતિ વચનામૃતમ્ ॥૬૩॥ (૧૯૬) ૮

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે જીવ અતિશે બળને પામ્યો હોય તો ઇન્દ્રિયો-અંતઃકરણને જ્યાં ઘટિત હોય ત્યાં ચાલવા દે એટલે અમારી આજ્ઞા વિરુદ્ધ ચાલવા દે નહિ અને તેને ભૂંડું સ્વપ્ન પણ આવે જ નહિ. **(૧)** અને આત્મસત્તારૂપે રહેવાથી એવું બળ આવે છે. **(૨)** અને અમારે ને અમારા સંતને વિષે પ્રીતિ ને સેવામાં અતિશે શ્રદ્ધા ને અમારી નવધા ભક્તિ તેણે કરીને જીવને તત્કાળ અતિશે બળ આવે છે; અને ઐશ્વર્યમાંથી રાગ ટાળીને કેવળ સત્તારૂપે રહેવું તે શ્રેષ્ઠ છે. **(૪)** અને તેથી પણ અમારી ને અમારા ભક્તની દેહે કરીને સેવા કરવી તે શ્રેષ્ઠ છે. **(૫)** અને જીવને અંત સમે અનંત પ્રકારની આધિવ્યાધિ થઈ આવે છે તે દુઃખ અમારું અથવા અમારા સંતનું દર્શન થાય ત્યારે નાશ પામે છે એવો અમારા ભક્તનો એટલે મુક્તનો મહિમા મોટો છે. અને પંચ વર્તમાને યુક્ત અમારા ભક્ત તેમને કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ સમજવા. **(૬)** અને અમારી ને અમારા ભક્તની સાથે આંટી પાડે તે તો પંચમહાપાપીથી પણ વધુ પાપી છે. **(૭)** અને અમારા ભક્તની એટલે મુક્તની સેવા જેવું કોઈ પુણ્ય નથી અને તેના દ્રોહ જેવું કોઈ પાપ નથી. **(૮)** બાબતો છે.

૧ **પ્ર૦** પાંચમી બાબતમાં સત્તારૂપે રહેવાથી પણ ભગવાન ને ભગવાનના ભક્તની ભેળા દેહ ધરીને રહેવું તે શ્રેષ્ઠ છે એમ કહ્યું તે સત્તારૂપ રહેવા કરતાં દેહ ધરવામાં શું વિશેષ હશે ?

૧ **ઉ૦** સત્તારૂપે વર્તે તેનાથી શ્રીજીમહારાજની તથા એમના મુક્તોની સેવારૂપ પ્રસન્નતાના સાધન થઈ શકે નહિ અને વનના મૃગલાની પેઠે એકલો જ ફરતો રહે એટલે મોટા સંતનો સમાગમ પણ થાય નહિ, અને શ્રીજીમહારાજનો તથા એમના મુક્તોનો મહિમા પણ યથાર્થ સમજાય નહિ, માટે તેને પ્રસન્નતામાં સાધન કરવા સારુ તથા મહિમા જાણવા સારુ ફેર જન્મ ધરવો પડે, એ ન્યૂનતા રહે છે; તે શ્રીજીમહારાજે આ બાબતમાં જ કહ્યું છે કે, સત્તારૂપે રહીએ તો રખે પાછો દેહ ન ધરાય એટલે આ દેહે કરીને પ્રસન્નતા ન કરી શકાય તો પ્રસન્નતાનાં સાધન કરવા પાછો ફરીથી બીજો દેહ ધરવો પડે, માટે દેહ ધરીને એટલે આ ધરેલો છે તે દેહે કરીને જ સત્તારૂપે રહેવા કરતાં પણ શ્રીજીમહારાજ ને તેમના મુક્તોના ભેળા રહીને તેમની સેવા કરવી તે અતિશે શ્રેષ્ઠ સાધન છે, કેમ જે શ્રીજીમહારાજની ને તેમના મુક્તોની સેવા કરે તેને આ ફેરે જ ધામમાં શ્રીજીમહારાજનું સુખ મળે અને જે સત્તારૂપે રહે તેને પ્રસન્નતાનાં સાધન કરવા સારુ બીજો દેહ ધરવો પડે એટલી ન્યૂનતા રહે છે. તે (**વ૦ ૧૭**ના બીજા પ્રશ્નમાં) કેવળ આત્મનિષ્ઠાવાળા ત્યાગી કરતાં જે અમારી ને અમારા ભક્તની સેવાને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં રહે છે તે અતિશે શ્રેષ્ઠ છે ને અમારી કૃપાનું પાત્ર છે એમ કહ્યું છે, માટે સત્તારૂપે રહેવા કરતાં શ્રીજીમહારાજની ને તેમના ભક્તની સેવા કરવી તે શ્રેષ્ઠ છે. **॥૬૩॥ (૧૯૬)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૬૪

❖સંવત ૧૮૮૧ના પોષ સુદિ ૭ સાતમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદી-તકિયા નંખાવીને ઉતરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! ભગવાનના જે અવતાર છે તે સર્વે સરખા જ છે કે તેમાં અધિક-ન્યૂન ભાવ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અમે વ્યાસજીના કરેલ જે સર્વે ગ્રંથ તે સાંભળ્યા ને પછી પૂર્વાપર વિચારીને જોયું ત્યારે તેમાંથી અમને એમ સમજાણું છે જે, મચ્છ, કચ્છ, વારાહ, નૃસિંહાદિક જે ભગવાનના અવતાર છે તે સર્વે અવતારના અવતારી શ્રીકૃષ્ણ ભગવાન છે પણ બીજા અવતારની પેઠે શ્રીકૃષ્ણ ભગવાન તે અવતાર નથી; એ તો અવતારી જ છે. એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે આપણા ઈષ્ટદેવ છે અને તે શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્ર શ્રીમદ્ ભાગવત પુરાણના દશમસ્કંધને વિષે સંપૂર્ણ કહ્યાં છે, માટે આપણા ઉદ્ધવ સંપ્રદાયને વિષે અમે દશમસ્કંધને અતિશે પ્રમાણ કર્યો છે. અને બીજા જે સર્વે અવતાર તે પણ શ્રીકૃષ્ણ ભગવાનના જ છે, માટે એ અવતાર ને એ અવતારને પ્રતિપાદન કરનારા જે ગ્રંથ તે સર્વેને આપણે માનવા પણ વિશેષ કરીને તો શ્રીકૃષ્ણ ભગવાન ને તેના પ્રતિપાદન કરનારા જે ગ્રંથ તેને જ માનવા. **(૧)** ૧

૨ પછી પુરુષોત્તમ ભટ્ટે પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** ભગવાન જીવના કલ્યાણને અર્થે આ જગતને સૃજે છે તે વિશ્વ ન રચ્યું હોય ને માયાના ઉદરમાં જીવ હોય તેનું ભગવાન કલ્યાણ કરે તો

શું ન થાય ? જે એટલો વિશ્વ સૃજવાનો ભગવાન દાખડો કરે છે એ પ્રશ્ન છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે ભગવાન શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે તે તો રાજાધિરાજ છે અને અખંડ મૂર્તિ છે અને પોતાનું અક્ષરધામરૂપી જે તખત તેને વિષે સદા વિરાજમાન છે, અને તે અક્ષરધામને આશ્રિત અનંતકોટી બ્રહ્માંડ રહ્યાં છે. તે જેમ કોઈક મોટો ચક્રવર્તી રાજા હોય ને તેને અસંખ્ય ગામડાં હોય તેમાંથી એક-બે ગામ ઉજડ થયાં હોય અથવા વસ્યાં હોય, પણ તે તો રાજાની ગણતીમાં પણ ન હોય તેમ શ્રીકૃષ્ણ ભગવાન તે અનંતકોટી બ્રહ્માંડના પતિ છે તે બ્રહ્માંડોનો કાંઈ એકસામટો પ્રલય થાતો નથી અને તેમાંથી એકાદા બ્રહ્માંડનો પ્રલય થાય તે તો ભગવાનની ગણતીમાં પણ નથી અને તે શ્રીકૃષ્ણ ભગવાનનો દેવકીજી થકી જે જન્મ તે તો કથન માત્ર છે અને એ શ્રીકૃષ્ણ તો સદા અજન્મા છે. **(૨)** અને તે શ્રીકૃષ્ણ ૨
ભગવાનનું જે અક્ષરધામ છે તે વ્યતિરેકપણે તો પ્રકૃતિપુરુષ થકી પર છે અને અન્વયપણે કરીને તો સર્વે ઠેકાણે છે. જેમ આકાશ છે તે અન્વયપણે કરીને તો સર્વત્ર છે અને વ્યતિરેકપણે ચાર ભૂત થકી પર છે, તેમ જ શ્રીકૃષ્ણ ભગવાનનું અક્ષરધામ છે અને તે ધામને વિષે ભગવાન અખંડ વિરાજમાન રહે છે. અને તે ધામમાં રહ્યા થકા અનંતકોટી જે બ્રહ્માંડ છે તેને વિષે જ્યાં જેને જેમ દર્શન દેવું ઘટે ત્યાં તેને તેમ દર્શન દે છે અને જે સાથે બોલવું ઘટે તે સાથે બોલે છે અને જેનો સ્પર્શ કરવો ઘટે તેનો સ્પર્શ કરે છે. જેમ કોઈક સિદ્ધ પુરુષ હોય તે એક ઠેકાણે બેઠો થકો હજારો ગાઉ દેખે ને હજારો ગાઉની વાર્તાને સાંભળે તેમ ભગવાન પોતાના અક્ષરધામમાં રહ્યા થકા અનંતકોટી બ્રહ્માંડને વિષે જ્યાં જેમ જણાવું ઘટે ત્યાં તેમ જણાય છે, અને પોતે તો સદા પોતાના અક્ષરધામમાં જ છે અને એક ઠેકાણે રહ્યા થકા જે અનંત ઠેકાણે જણાય છે તે તો પોતાની યોગકળા છે, જેમ રાસમંડળને વિષે જેટલી ગોપીયું તેટલા જ પોતે થયા, માટે એક ઠેકાણે રહ્યા થકા જે અનંત ઠેકાણે દેખાવું એ જ ભગવાનનું યોગકળાએ કરીને વ્યાપકપણું છે, પણ આકાશની પેઠે અરૂપપણે કરીને વ્યાપક નથી. અને જે ભગવાનની યોગમાયાએ કરીને પચાસ કરોડ યોજન જે પૃથ્વીનું મંડળ છે તે પ્રલયકાળને વિષે પરમાણુરૂપ થઈ જાય છે, અને તે પૃથ્વી પાછી સૃષ્ટિકાળને વિષે પરમાણુમાંથી પચાસ કરોડ યોજન થાય છે, અને ચોમાસું આવે છે ત્યારે ગાજવીજ ને મેઘની ઘટા થઈ આવે છે એ આદિક સર્વે આશ્ચર્ય તે ભગવાનની યોગમાયાએ કરીને થાય છે, એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે મુમુક્ષુને સર્વ પ્રકારે ભજન કરવા યોગ્ય છે. શા માટે જે બીજા અવતારને વિષે તો એક કે બે કળાનો પ્રકાશ હોય છે, અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે તો સર્વે કળાઓ છે, માટે એ શ્રીકૃષ્ણ ભગવાન તો રસિક પણ છે ને ત્યાગી પણ છે ને જ્ઞાની પણ છે ને રાજાધિરાજ પણ છે ને કાયર પણ છે ને શૂરવીર પણ છે ને અતિશે કૃપાળુ પણ છે ને યોગકળાને વિષે પ્રવીણ છે ને અતિશે બળિયા પણ છે ને અતિશે છળિયા પણ છે માટે સર્વે કળાએ સંપન્ન તો એક શ્રીકૃષ્ણ ભગવાન જ છે,

અને તે શ્રીકૃષ્ણ ભગવાનનું જે અક્ષરધામ તેને આશ્રિત જે અનંતકોટી બ્રહ્માંડ તે પણ સદાય રહે છે. તેમાંથી જે બ્રહ્માંડની સો વર્ષની આવરદા પૂરી થાય તે બ્રહ્માંડનો નાશ થાય તેણે કરીને કાંઈ સર્વે બ્રહ્માંડનો નાશ થતો નથી, માટે પ્રલયકાળમાં શા સારુ કલ્યાણ કર્યું જોઈએ ? સર્વે બ્રહ્માંડ વસે જ છે તો એવી રીતે એ પ્રશ્નનું સમાધાન છે. એવી રીતે પરોક્ષપણે પોતાના પુરુષોત્તમપણાની વાર્તા શ્રીજીમહારાજે કરી તેને સાંભળીને સર્વે હરિભક્ત એમ જાણતા હવા જે એ જ જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ તે જ આ ભક્તિ-ધર્મના પુત્ર શ્રીજીમહારાજ છે. **(૩)** ઈતિ વચનામૃતમ્ ॥૬૪॥ **(૧૯૭)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે મચ્છ-કચ્છાદિક અવતારોના અવતારી શ્રીકૃષ્ણ છે માટે એ મચ્છ-કચ્છાદિક અવતારોના ગ્રંથથી શ્રીકૃષ્ણના ગ્રંથને અધિક માનવા તેમ જ અમે સર્વ અવતારના અવતારી સર્વોપરી સાક્ષાત્ ભગવાન છીએ,માટે અમારા ગ્રંથને વિશેષ માનવા એમ જણાવ્યું છે. **(૧)** બીજામાં પરોક્ષ શ્રીકૃષ્ણના દૃષ્ટાંતે કરીને પોતાનું સર્વોપરીપણું કહ્યું છે, જે અમે રાજાધિરાજ અખંડ મૂર્તિ અક્ષરધામને વિષે વિરાજમાન છીએ. અને અમારા અક્ષરધામને આશરીને અનંતકોટી બ્રહ્માંડ રહ્યાં છે તે બ્રહ્માંડોનો એકસામટો પ્રલય થાતો નથી એમ કહ્યું છે, અને શ્રીકૃષ્ણને દૃષ્ટાંતે કરીને પોતાને અજન્મા કહ્યા છે. **(૨)** અને અક્ષરધામ જે પોતાનું તેજ તેનું અન્વય-વ્યતિરેકપણું કહ્યું છે ને એ અક્ષરધામમાં રહ્યા થકા યોગકળાએ કરીને અનેક ઠેકાણે દર્શન આપીએ છીએ એમ કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં શ્રીજીમહારાજે શ્રીકૃષ્ણને પોતાના ઈષ્ટદેવ કહ્યા અને (**લો૦ ૧૪**/૨માં) શ્રીકૃષ્ણને નારાયણના એટલે પોતાના અવતાર કહ્યા છે અને (**અ૦ ૭**/૧માં) અમારા વિના બીજો કોઈ ભગવાન નથી એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજ મનુષ્યભાવે બોલે ત્યારે પરોક્ષ અવતારોને દૃષ્ટાંતે કરીને પોતાની વાત કરે અને જ્યારે પોતે ભગવાનપણે બોલે ત્યારે અમે ભગવાન છીએ એમ કહે, માટે આ ઠેકાણે મનુષ્યભાવે બોલ્યા છે તેથી શ્રીકૃષ્ણને ઈષ્ટદેવ કહ્યા છે, અને આમાં બીજા પ્રશ્નમાં જ પોતાના ધામને પણ પ્રકૃતિપુરુષથી પર કહ્યું છે તે પ્રકૃતિપુરુષ તે જ શ્રીકૃષ્ણ છે તે જ્યારે શ્રીકૃષ્ણથી પોતાનું ધામ પર કહ્યું તો પોતે તો પર હોય જ. આનો વિસ્તાર (**પ્ર૦ ૮**ના પહેલા પ્રશ્નોત્તરમાં) કર્યો છે.

૨ **પ્ર૦** આમાં બીજા પ્રશ્નમાં એકાદા બ્રહ્માંડનો પ્રલય થાય છે, પણ સામટો થતો નથી એમ કહ્યું અને (**પ્ર૦ ૮**ના ૨/૪ બીજા પ્રશ્નમાં) જ્યારે મહાપ્રલય થાય છે ત્યારે પુરુષોત્તમ જે અમે તે અમે એક જ રહીએ છીએ તથા (**૫૬**ના ૩/૪ ત્રીજા પ્રશ્નમાં) સર્વે બ્રહ્માંડનો પ્રલય થઈ જાય છે ત્યારે પ્રગટ ભગવાન જે અમે તે અમે એક જ રહીએ છીએ તથા (**કા૦ ૭**માં) પણ ચોથા પ્રશ્નમાં આત્યંતિક પ્રલય થાય છે ત્યારે એકલું સચ્ચિદાનંદ ચિદ્‌ઘન જે અમારું તેજ તે રહે છે, અને એ તેજમાં દિવ્યમૂર્તિ એવા અમે રહીએ છીએ એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** મૂળપુરુષ અનંત છે તે સર્વે મૂળપુરુષોના કાર્યનો સાથે પ્રલય થાતો નથી અને એક મૂળપુરુષના કાર્યનો પ્રલય થાય તેને મહાપ્રલય તથા આત્યંતિક પ્રલય કહે છે માટે (**પ્ર૦ ૮** તથા **૫૬**માં) પ્રલય કહ્યો છે તથા (**કા૦ ૭**માં) આત્યંતિક પ્રલય કહ્યો છે તે એક મૂળપુરુષના કાર્યને જ કહ્યો છે અને બીજા મૂળપુરુષોનાં કાર્ય તો હોય છે તેથી આમાં સામટો પ્રલય થતો નથી એમ કહ્યું છે આનો વિસ્તાર (**પ્ર૦ ૮**ના પાંચમા પ્રશ્નોત્તરમાં) કર્યો છે.

૩ **પ્ર૦** (૨/૩ બીજા પ્રશ્નમાં) અક્ષરધામ વ્યતિરેકપણે તો પ્રકૃતિપુરુષથી પર છે, અને અન્વયપણે તો સર્વે ઠેકાણે છે એમ કહ્યું તે કેવી રીતે જાણવું ? કેમ જે, જે મૂર્તિમાન હોય તે મૂર્તિને વ્યતિરેક કહેવાય. અને તેના પ્રકાશને અન્વય કહેવાય, પણ અક્ષરધામ તો નિરાકાર એકરસ તેજ છે તેમાં અન્વય-વ્યતિરેકપણું કેવી રીતે જાણવું ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજ પોતાના તેજના સમૂહને વિષે પોતાના મુક્તોએ સહિત વિરાજમાન છે તે સમૂહને વ્યતિરેક કહેલ છે, અને એ તેજના સમૂહની અનંત કિરણો છે તે કિરણો મૂળઅક્ષર, બ્રહ્મ તથા મૂળપુરુષાદિક સર્વેને વિષે અંતર્યામીપણે વ્યાપક છે તેને અન્વય કહેલ છે. આ અન્વય સ્વરૂપને (**પ્ર૦ ૬૪**/૧માં) તથા (**કા૦ ૮**/૧માં) સાકાર મૂળઅક્ષરનું આત્મા કહ્યું છે, માટે

મૂળઅક્ષરાદિકમાં વ્યાપક છે તે તેજને અન્વય કહે છે. આનો વિસ્તાર (**પ્ર૦ ૭**ના પાંચમા પ્રશ્નોત્તરમાં, તથા **૨૧**ના સાતમા પ્રશ્નોત્તરમાં, તથા ૪૧ના પહેલા પ્રશ્નોત્તરમાં) કર્યો છે. **॥૬૪॥ (૧૯૭)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૬૫

❖સંવત ૧૮૮૧ના પોષ સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની સમીપે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી પછી શ્રીજીમહારાજ બોલ્યા જે સાંભળો ભગવાનની વાર્તા કરીએ, ત્યારે તાળ-પખાજ લઈને સંત કીર્તન ગાવતા હતા તે છાના રહ્યા અને સર્વે હાથ જોડીને સાંભળવા બેઠા.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** જીવના કલ્યાણને અર્થે ભગવાનના રામકૃષ્ણાદિક જે અવતાર થાય છે તેને તો માયાનું કાર્ય એવું જે આ જગત તેમાં કોઈ ઠેકાણે મોહ થતો નથી, અને પોતાના અલૌકિક પ્રતાપે કરીને નિઃશંક વર્તે છે અને પોતાના ભક્તજનની ભક્તિને અંગીકાર કરવાને અર્થે પંચવિષયને પણ સારી પેઠે ભોગવે છે તેને જોઈને આ સંસારને વિષે જે અખતરડાયા મનુષ્ય છે તે પરમેશ્વરને વિષે દોષ પરઠે છે, અને એમ જાણે જે આ તો પરમેશ્વર કહેવાય છે તો પણ એને આપણા કરતાં પણ વધુ સંસારને વિષે આસક્તિ છે, એમ જાણીને ભગવાનને પણ પોતા જેવા મનુષ્ય જાણે પણ ભગવાનનો જે અલૌકિક મહિમા તેને જાણતા નથી, એ જ ભગવાનની માયા છે. અને બ્રહ્મસ્થિતિને પામ્યા એવા જે આત્મદર્શી સાધુ તેને પણ આ સંસારને વિષે કોઈ પદાર્થ દેખીને મોહ થાતો નથી તો બ્રહ્મથી પર પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને માયા ને માયાના કાર્ય થકી નિર્લેપ રહેવાય એમાં તે શું કહેવું ? એ તો રહેવાય જ. **(૧)** અને આત્મનિષ્ઠાવાળા જે સંત તેને આત્મનિષ્ઠા ને ૧
તીવ્ર વૈરાગ્ય એ બે હોય તેણે કરીને કોઈ રીતનું બંધન તો ન થાય, પણ જો તેને **ભગવાનને વિષે ભક્તિ ન હોય તો જેમ બહુ પ્રકારનાં ભોજન ને બહુ પ્રકારનાં વ્યંજન કર્યાં હોય ને તેમાં જો એક લવણ ન હોય તો તે સર્વે નકારાં થઈ જાય છે, તેમ ભગવાનની ભક્તિ વિના એકલું જે બ્રહ્મજ્ઞાન છે તથા વૈરાગ્ય છે તે તો નકારું જ છે ને સદા અકલ્યાણકારી જ છે.** એમ જાણીને શુકદેવજી બ્રહ્મસ્વરૂપ થયા હતા તો પણ શ્રીમદ્ ભાગવતને ભણતા હવા અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે દૃઢ ભક્તિને કરતા હવા માટે આત્મનિષ્ઠાવાળાને જો ભગવાનને વિષે ભક્તિ ન હોય તો એ એને મોટું દૂષણ છે. **(૨)** અને જેને ભગવાનને વિષે ભક્તિ હોય તેને પણ ૨
જો આત્મનિષ્ઠા ને વૈરાગ્ય ન હોય તો જેવી ભગવાનને વિષે પ્રીતિ હોય તેવી બીજા પદાર્થને વિષે પણ પ્રીતિ થઈ જાય, માટે એ ભક્તિમાર્ગવાળાને પણ મોટું દૂષણ છે અને જે આવો પરિપક્વ ભગવાનનો ભક્ત હોય તેણે તો ભગવાનનો યથાર્થ મહિમા જાણ્યો છે, માટે તેને

તો પરમેશ્વર વિના બીજું સર્વે તુચ્છ જણાણું છે તે સારુ કોઈ પદાર્થમાં તે મોહ પામતો નથી; માટે આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ભગવાનને વિષે ભક્તિ એ ત્રણેય ભેળાં હોય ત્યારે કોઈ જાતની ખોટ્ય ન કહેવાય અને એવો જે હોય તે તો ભગવાનનો **જ્ઞાની ભક્ત** કહેવાય, **એકાંતિક ભક્ત** કહેવાય, **અનન્ય ભક્ત કહેવાય.** (૩) ઇતિ વચનામૃતમ્ ॥૬૫॥ (૧૯૮) ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમે જીવોના કલ્યાણ અર્થે પ્રગટ થઈએ છીએ ત્યારે અમારા ભક્તની ભક્તિને અંગીકાર કરવાને અર્થે પંચવિષયને ભોગવીએ છીએ તે જોઈને અખતરડાહ્યા મનુષ્યો અમારે વિષે દોષ પરઠે છે, પણ બ્રહ્મસ્થિતિને પામેલા એવા જે આત્મદર્શી સાધુ તેમને પણ મોહ થતો નથી તો અમને તો મોહ હોય જ કેમ ? અમે તો સદા નિર્લેપ છીએ. **(૧)** અને કેવળ આત્મનિષ્ઠા ને વૈરાગ્યવાળાને કોઈ જાતનું બંધન તો ન થાય, પણ અમારી ભક્તિ ન હોય તો મોક્ષોપયોગી નથી થતાં. **(૨)** અમારે વિષે ભક્તિ હોય પણ જો એ બે ન હોય તો અમારા વિના બીજા પદાર્થમાં પ્રીતિ થઈ જાય, માટે એ ત્રણેય હોય તે અમારા અનન્ય ભક્ત કહેવાય. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં બ્રહ્મસ્થિતિને પામ્યા એવા આત્મદર્શી સાધુને મોહ ન થાય એમ કહ્યું તે કિયા બ્રહ્મને વિષે સ્થિતિને પામેલા જાણવા ?

૧ **ઉ૦** પોતાના આત્માને જોવાની ઇચ્છાથી ભગવાનનું ધ્યાન કરતાં કરતાં પોતાનો આત્મા તે રૂપ બ્રહ્મને વિષે સ્થિતિ થઈ હોય તેને આત્મદર્શી કહ્યા છે.

૨ **પ્ર૦** પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાન કહ્યા તે શ્રીકૃષ્ણ કોને જાણવા ?

૨ **ઉ૦** આ પહેલી બાબતમાં પરબ્રહ્મ તથા શ્રીકૃષ્ણ નામે શ્રીજીમહારાજને કહ્યા છે, અને બીજી બાબતમાં દૃષ્ટાંતમાં જે શ્રીકૃષ્ણ કહ્યા છે તે મૂળપુરુષને કહ્યા છે. **॥૬૫॥ (૧૯૮)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૬૬

❖સંવત ૧૮૮૧ના પોષ વદિ ૧ પ્રતિપદાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદી-તકિયા બિછાવીને વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પીળાં પુષ્પના ને રાતી ગુલદાવદીનાં પુષ્પના હાર કંઠને વિષે વિરાજમાન હતા ને પીળાં પુષ્પનો તોરો પાઘને વિષે વિરાજમાન હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને પોતાની આગળ સરોદા ને દુકડ લઈને સંતમંડળ વિષ્ણુપદ ગાવતા હતા.

તે કીર્તનભક્તિ થઈ રહ્યા પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, આજ તો અમારે મોટા મોટા
૧ સંતને પ્રશ્ન પૂછવા છે. એમ કહીને પ્રથમ આનંદાનંદ સ્વામીને પૂછતા હવા જે, **(૧)** કોઈક એવો પુરુષ હોય જે તેને બુદ્ધિ થોડી હોય તો પણ પોતામાં જે દોષ હોય તેને દેખે અને બીજા હરિભક્તમાં દોષ હોય તેને ન દેખે, અને ગુણ હોય તેને જ દેખે, અને બીજો જે પુરુષ છે તેને તો બુદ્ધિ ઘણી છે તો પણ પોતાના અવગુણને દેખતો જ નથી, અને બીજા હરિભક્તને વિષે ગુણનો ત્યાગ કરીને કેવળ દોષ જ દેખે છે એનું શું કારણ હશે ? જે થોડી બુદ્ધિવાળો

હોય તે પણ પોતાના દોષને દેખે છે, અને ઝાઝી બુદ્ધિવાળો છે તેને પોતાના દોષ સૂઝતા નથી, એ પ્રશ્ન છે. પછી આનંદાનંદ સ્વામીએ જેવો સૂઝ્યો તેવો ઉત્તર કર્યો પણ પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો ઉત્તર એમ છે જે **આ જન્મે અથવા કોઈ જન્માંતરને વિષે એણે કોઈક મોટા ભગવાનના ભક્તનો અપરાધ કર્યો છે, તે પાપે કરીને એની બુદ્ધિ દોષે યુક્ત છે માટે એને હરિભક્તના દોષ સૂઝે છે, ને પોતાના દોષ સૂઝતા નથી;** એ જ એનો ઉત્તર છે. **(૧)** ૧

૨ એમ કહીને પછી શ્રીજીમહારાજ નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછતા હવા જે, **(૨)** ભગવાનને પામ્યાનું એક જ સાધન છે કે ઘણાક સાધને કરીને ભગવાન પમાય છે ? ત્યારે તમે એમ કહેશો જે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ને ધર્મ એ ચાર સાધને કરીને પમાય છે, તે જ્યારે એ ચાર સાધને કરીને ભગવાનની પ્રાપ્તિ થાય છે, ત્યારે એક ભગવાનના આશ્રયે કરીને જ કલ્યાણ થાય એવા અનન્ય ભાવનો નિરધાર રહ્યો નહિ. પછી નિત્યાનંદ સ્વામીએ બહુ પ્રકારે ઉત્તર કર્યો પણ પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, કલ્યાણ તો એક ભગવાનના આશ્રયે કરીને જ છે, **પણ ભગવાન છે તે અતિ સમર્થ છે ને તેની આજ્ઞાને બ્રહ્માદિક સમગ્ર દેવ પાળે છે, તથા કાળ-માયાદિક જે સર્વે બ્રહ્માંડના કારણ તે પણ ભગવાનના ભય થકી સાવધાન થઈને ભગવાનની આજ્ઞામાં રહે છે, માટે ભગવાનનો ભક્ત હોય તેને એ ભગવાનની આજ્ઞા છે તે દૃઢ કરીને માનવી, એ જ ભગવાનના ભક્તનું લક્ષણ છે** તે સારુ સાધન સર્વે અતિ દૃઢ કરીને રાખવાં; એટલે એક ભગવાન વતે જ કલ્યાણ છે, અને એ સાધન છે તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે છે, એ જ એ પ્રશ્નનો ઉત્તર છે. **(૨)** ૨

૩ પછી શ્રીજીમહારાજ બ્રહ્માનંદ સ્વામીને પૂછતા હવા જે, **(૩)** આ દેહને વિષે જીવ છે તે સાકાર છે કે નિરાકાર છે ? પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે જીવ તો છે તે સાકાર છે, ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, જો જીવ સાકાર હોય તો તે કર-ચરણાદિકે યુક્ત થયો. ત્યારે દશમસ્કંધને વિષે વેદસ્તુતિના અધ્યાયમાં એમ કહ્યું છે જે ભગવાન જે તે જીવના કલ્યાણને અર્થે તે જીવનાં બુદ્ધિ, ઈન્દ્રિય, મન ને પ્રાણ તેને સૃજતા હવા, તે જો જીવ સાકાર જ હોય તો તેને અર્થે બુદ્ધિ, ઈન્દ્રિય, મન, પ્રાણ સૃજ્યાનું શું કામ છે ? માટે એવી રીતનાં શાસ્ત્રનાં વચનને જોતાં એમ જ નિરધાર થાય છે જે જીવ તો સત્તામાત્ર છે, અને ચૈતન્ય વસ્તુ છે તે જેમ ચમક પાણ હોય તે લોઢાને તાણીને લોઢા સાથે ચોંટી રહે છે, તેમ એ ચૈતન્ય દ્રવ્ય છે તેનો પણ ચોંટવાનો સ્વભાવ છે તેને માયિક એવાં જે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ શરીર તેનો સબંધ વર્તે છે, અને એ જીવ અજ્ઞાને કરીને તે શરીરને વિષે પોતાપણું માને છે, પણ વસ્તુગતે તો જીવ નિરાકાર જ છે. **(૩)** ૩

૪ પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, **(૪)** વસ્તુગતે એ જીવ નિરાકાર છે તો જ્યારે એ જીવના અજ્ઞાનની નિવૃત્તિ થાય છે ત્યારે એ જીવને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ માયિક ત્રણ દેહનો સંબંધ રહેતો નથી, ત્યારે એ જીવ ભગવાનના ધામમાં જઈને નિરાકારપણે રહે છે કે સાકારપણે રહે છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્યારે એ જીવના અજ્ઞાનની નિવૃત્તિ થાય છે ત્યારે એને માયિક ત્રણ દેહનો સંગ છૂટી જાય છે, પછી **નિરાકાર જે ચૈતન્ય તે રહે છે, તેને ભગવાનની ભૂમિ આદિક જે આઠ પ્રકારની પ્રકૃતિ તે થકી જુદી જે ચૈતન્ય પ્રકૃતિ તેનો ભગવાનની ઈચ્છાએ કરીને દેહ બંધાય છે, ને તેણે યુક્ત થકો ભગવાનના અક્ષરધામને વિષે રહે છે, એવી રીતે એ પ્રશ્નનો ઉત્તર છે. (૪)** ૪

૫ પછી ગોપાળાનંદ સ્વામીને શ્રીજીમહારાજ પૂછતા હવા જે, **(૫)** અષ્ટાંગ યોગ સિદ્ધ થાય છે અથવા આત્મદર્શન થાય છે તે તો ભગવાન ને ભગવાનના સંતની કૃપા થકી થાય છે તે એ યોગ ને આત્મદર્શન સિદ્ધ થયાનું કારણ જે ભગવાન ને ભગવાનના સંત તેને વિષે વૃત્તિ ગૌણ થઈ જાય છે, અને અષ્ટાંગ યોગ ને આત્મદર્શન એને વિષે વધુ લગની થાય છે તેનું શું કારણ હશે ? પછી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે એને યોગાભ્યાસ કરતે થકે યોગ સિદ્ધ થાય છે તેનું કાંઈક માન આવે છે, તેણે કરીને ભગવાનની કોરે કાંઈક વૃત્તિ ગૌણ થઈ જાય છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્યારે સિદ્ધદશાને પામે ત્યારે એ યોગી છે તે બ્રહ્મરૂપ થાય છે, તે બ્રહ્મમાં તો કોઈ જાતનું માન હોય નહિ, માટે એ ઉત્તર સંભવે નહિ. પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ ! એ તો કાંઈ સમજાતું નથી, માટે તમે કૃપા કરીને કહો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ તો એમ સમજવું જે **જ્યારે પોતાની ખોટ કાઢવી હોય ત્યારે તેને મોટાઓના વચનની સાખ્ય લઈને કાઢવી,** જેમ કોઈક વ્યવહારિક કામ હોય ને તે કામને અતિશે સિદ્ધ કરવું હોય, ત્યારે સારા સારા માણસની સાઈદી કરવી, તેમ આંહીં પણ એ સાઈદી છે, જે શુકદેવજી બ્રહ્મસ્વરૂપ થયા હતા, તો પણ અતિ પ્રીતિએ કરીને શ્રીમદ્ ભાગવત ભણ્યા અને આજ દિવસ સુધી પણ ભગવાનની ભક્તિને જ કરે છે, અને શૌનકાદિક અઠ્યાશી હજાર ઋષિ તે બ્રહ્મસ્વરૂપ છે તો પણ સુતપુરાણીના મુખ થકી ભગવાનની કથાને સાંભળે છે એવી જાતના વચનની સાખ ભક્તિની દઢતાને અર્થે લેવી, અને **જે ખોટ્ય પોતાના જાણ્યામાં ન આવતી હોય તેની કોરની ભગવાનને આગળ પ્રાર્થના કરવી જે, હે મહારાજ ! મુંમાં જે જે ખોટ્ય હોય તે કૃપા કરીને નાશ કરજો,** જેમ કોઈક પુરુષને માથે કલંક આવ્યું હોય ને તે કલંક ટાળ્યાનો કોઈ સાઈદી ન હોય ત્યારે તે લોઢાનો ગોળો રાતોચોળ હોય તેને ઉપાડીને પોતાનું કલંક ટાળે છે, તેમ જે દોષ ન ઓળખાતો હોય ત્યારે તે દોષ ટાળવાને અર્થે ભગવાનની સ્તુતિ કરવી, એ તે લોઢાનો ગોળો ઝાલ્યા જેવી છે એમ કરીને પોતાની ખોટ્યને ટાળવી, એ તમારા પ્રશ્નનો ઉત્તર છે. **(૫)** ૫

૬ પછી શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામીને પૂછતા હવા જે, **(૬)** ભગવાનને યથાર્થ જાણ્યા હોય, ને ભગવાન તો કાંઈ ચમત્કાર ન દેખાડતા હોય ને બીજા જે જંત્ર-મંત્રવાળા હોય તે તો પરચો દેખાડતા હોય તેને દેખીને ભગવાનનો ભક્ત હોય તેનું મન ભગવાનમાંથી ક્યારેય ડગે કે ન ડગે ? પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે હે મહારાજ ! **જેને ભગવાનનો યથાર્થ નિશ્ચય હોય તેને તો ભગવાન વિના બીજે ક્યાંઈ પ્રતીતિ આવે જ નહીં, અને જો બીજે ઠેકાણે પ્રતીતિ આવે તો તેને ભગવાનનો નિશ્ચય જ નથી; એ તો ગુણબુદ્ધિવાળો હરિભક્ત કહેવાય, પણ યથાર્થ ભગવાનનો ભક્ત ન કહેવાય. પછી** શ્રીજીમહારાજ બોલ્યા જે, એ જ એનો ઉત્તર છે. **(૬)** ૬

૭ પછી શ્રીજીમહારાજે શુકમુનિને પૂછ્યું જે, **(૭)** ભગવાનનો ભક્ત હોય ને તે ભગવાન તથા ભગવાનના સંત તેને સાક્ષાત્કાર પામ્યો તેને જીવતા શી પ્રાપ્તિ થાય છે ? અને મૂઆ કેડે શી પ્રાપ્તિ થાય છે ? પછી શુકમુનિ બોલ્યા જે, હે મહારાજ ! એનો ઉત્તર તમે કરશો ત્યારે થશે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને ભગવાન ને ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ છે તેને જીવતે તો ભગવાનનાં કથા-કીર્તન કરતાં થકાં જ દિવસ ને રાત્રિ વીતે છે. અને ત્રણે અવસ્થાથી પર જે પોતાનો જીવાત્મા તેનું બ્રહ્મરૂપે સાક્ષાત્ દર્શન થાય છે, અને ભગવાન વિના અન્ય પદાર્થ માત્રને વિષે વૈરાગ્ય થાય છે, અને અધર્મનો ત્યાગ કરીને ધર્મને વિષે રહેવાય છે, અને **દેહ મૂકે ત્યારે એવા ભક્તને ભગવાન પોતા જેવો જ કરે છે,** જેમ ભગવાને બ્રહ્માને કહ્યું છે જે,'હે બ્રહ્મા ! જેવો હું છું ને જેવો મારો મહિમા છે ને જેવાં મારાં ગુણ ને કર્મ છે, તેવું મારા અનુગ્રહ થકી તુંને વિજ્ઞાન થાઓ. એવું જે બ્રહ્માને કહ્યું છે, તેમ જે પોતાના **અનન્ય ભક્ત** હોય તે સર્વને ભગવાન એવી પ્રાપ્તિ કરાવે છે, ને જેમ ભગવાન કાળ, કર્મ ને માયા થકી રહિત છે, તેમ જ ભગવાનના ભક્ત પણ કાળ, કર્મ ને માયા થકી રહિત થાય છે, ને અખંડ ભગવાનની સેવાને વિષે રહે છે એવી દેહ મૂક્યા કેડે પ્રાપ્તિ થાય છે, એ જ એ પ્રશ્નનો ઉત્તર છે. **(૭)** ઈતિ વચનામૃતમ્ **॥૬૬॥ (૧૯૯)** ૭

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૭)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે આ જન્મે અથવા જન્માંતરે અમારા મોટા ભક્તનો અપરાધ કર્યો હોય તેને હરિભક્તના દોષ સૂઝે, ને પોતાના ન સૂઝે. **(૧)** બીજામાં અમારે આશ્રયે કરીને કલ્યાણ થાય છે ને ચાર સાધને કરીને અમારી પ્રસન્નતા થાય છે. **(૨)** ત્રીજામાં જીવને નિરાકાર કહ્યો છે. **(૩)** ચોથામાં જીવ જ્યારે અમારા ધામમાં જાય છે ત્યારે સાકાર થાય છે. **(૪)** અને પાંચમામાં અમારી તથા અમારા મુક્તની કૃપાથી અષ્ટાંગયોગ ને આત્મદર્શનની સિદ્ધિ થાય છે. તે અષ્ટાંગયોગને વિષે ને આત્મદર્શનને વિષે વધુ લગની થાય તો અમારો તથા અમારા સંતનો મહિમા સમજીને અમારી ને અમારા સંતની સેવા કરવી, પણ અષ્ટાંગયોગને વિષે ને આત્મદર્શનને વિષે અમારા જેવી તથા અમારા ભક્તના જેવી લગની થવા દેવી નહિ. **(૫)** છઠ્ઠામાં અમારા વિના બીજો પરચા-ચમત્કાર જણાવે તેમાં જેને પ્રતીતિ આવે તે યથાર્થ ભક્ત નથી. **(૬)** અને સાતમામાં અમારી ને અમારા સંતની પ્રાપ્તિ થઈ હોય તેને અમારાં કથા-કીર્તન કરતાં દિવસ ને રાત્રિ વીતે, અને પોતાના જીવાત્માનું અમારા તેજરૂપ જે બ્રહ્મ તે રૂપે દર્શન થાય છે, અને અમારા વિના બીજેથી વૈરાગ્ય થાય છે, અને ધર્મમાં રહેવાય છે, અને દેહ મૂક્યા પછી અમારા જેવો જ સ્વતંત્ર થાય છે, ને અમારી

અખંડ સેવામાં રહે છે. **(૭)** બાબતો છે.

૧ **પ્ર૦** ચોથા પ્રશ્નમાં બ્રહ્માનંદ સ્વામીએ જીવને સાકાર શા કારણથી કહ્યો હશે ?

૧ **ઉ૦** ભક્તનો જીવ શ્રીજીમહારાજના ધ્યાને કરીને અજ્ઞાનથી મુકાય છે ત્યારે સાકાર થાય છે, એવા અભિપ્રાયથી સાકાર કહ્યો છે, અને શ્રીજીમહારાજે માયાબદ્ધ જીવ નિરાકાર છે એવા અભિપ્રાયથી પૂછેલું તેથી ફરીથી ઉત્તર કર્યો છે.

૨ **પ્ર૦** પાંચમા પ્રશ્નમાં ચૈતન્ય પ્રકૃતિનો દેહ બંધાય છે એમ કહ્યું તે ચૈતન્ય પ્રકૃતિ શી જાણવી ?

૨ **ઉ૦** આ ઠેકાણે ચૈતન્ય પ્રકૃતિ જીવને કહ્યો છે તે જીવ શ્રીજીમહારાજના ધામમાં સાકાર થાય છે, તે (**પ્ર૦ ૩૭**/૫માં) ચૈતન્યની મૂર્તિ થઈને અમારી હજૂરમાં રહે છે એમ કહ્યું છે.

૩ **પ્ર૦** સાતમા પ્રશ્નમાં અમારી ને અમારા સંતની સાક્ષાત્ પ્રાપ્તિ કહી, તે સાક્ષાત્ પ્રાપ્તિ તો દૃષ્ટિગોચર હોય તે જ કહેવાય, તે આજ તો દૃષ્ટિગોચર છે નહિ, માટે આજ સાક્ષાત્ પ્રાપ્તિ કેવી રીતે સમજવી ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજ મનુષ્યરૂપે દર્શન આપતા હોય ત્યારે તેમાંથી મનુષ્યભાવ ટાળીને તથા પ્રતિમારૂપે દર્શન આપતા હોય ત્યારે પ્રતિમાભાવ ટાળીને દિવ્ય સાક્ષાત્ જાણીને આશરો કરે તે સાક્ષાત્ પ્રાપ્તિ કહી છે. અને બત્રીશ લક્ષણે યુક્ત એવા જે સંત તેમને વિષેથી મનુષ્યભાવ ટાળીને દિવ્યમુક્ત જાણીને તેમનો સમાગમ ને સેવા કરે તે સંતની સાક્ષાત્ પ્રાપ્તિ કહી છે. **॥૬૬॥ (૧૯૯)**

## વચનામૃત ગઢડા મધ્યનું - ૬૭

❖સંવત ૧૮૮૧ના મહા વદિ ૩ તૃતીયાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે ગંગાજળિયા કૂવા પાસે ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને પોતાની આગળ સાધુ દુકડ-સરોદા લઈને વિષ્ણુપદ ગાવતા હતા.

તે કીર્તન ભક્તિ થઈ રહ્યા પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અમે સર્વે સંત પ્રત્યે પ્રશ્ન
૧ કરીએ છીએ જે, **(૧)** ભગવાનનો ભક્ત હોય તે દેહ મૂકીને બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામમાં જાય છે, પછી એમાં ને ભગવાનમાં શો અંતરાય રહે છે જેને કરીને સ્વામી-સેવકપણાનો નાતો રહે છે; કેમ જે એ ભગવાનનો ભક્ત છે તે પણ જેવા ભગવાન સ્વતંત્ર છે, ને કાળ, કર્મ ને માયા તેને આવરણે કરીને રહિત છે તેવો જ થાય છે. માટે એમાં શો ભેદ રહે છે જેણે કરીને સ્વામી-સેવકપણું રહે છે ? એ પ્રશ્ન છે. પછી પરમહંસે જેને જેવું સમજાણું તેણે તેવો ઉત્તર કર્યો, પણ શ્રીજી મહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ, પછી સર્વે સંતે કહ્યું જે, હે મહારાજ ! તમારા પ્રશ્નનો ઉત્તર તો તમે જ કરશો ત્યારે થાશે, પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો ઉત્તર એમ છે જે, **ભગવાનનો ભક્ત હોય તેણે જેવા ભગવાનને જાણ્યા હોય, જે ભગવાન આટલી સામર્થીએ યુક્ત છે, અને આટલી શોભાએ યુક્ત છે, અને આવા સુખરૂપ છે, એવી રીતે એ ભક્તે જેટલો ભગવાનનો મહિમા જાણ્યો છે, અને જેવા પ્રતાપે યુક્ત ભગવાનને જાણ્યા છે તે ભક્ત જ્યારે દેહ મૂકીને ભગવાનના**

**ધામમાં જાય છે. ત્યારે રૂપ તથા સામર્થી તે એ ભક્તની પણ તેવી જ થાય છે, તો પણ ભગવાનની સામર્થી અને ભગવાનનું સુંદરપણું ઇત્યાદિક જે પ્રતાપ તે એ ભક્તને ભગવાનને વિષે અતિશે જણાય છે, ત્યારે એ ભક્ત એમ જાણે છે જે મેં જેટલો પ્રતાપ જાણ્યો હતો ને સુંદરપણું જાણ્યું હતું તેટલું ઐશ્વર્ય ને સુંદરપણું તો મુને પણ ભગવાને આપ્યું છે, તો પણ ભગવાનનું ઐશ્વર્ય ને ભગવાનનું સુંદરપણું તે તો અતિશે અપાર દેખાય છે, માટે મું જેવા અનંત ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે, તો પણ ભગવાન જેવો કોઈ થાવાને સમર્થ થાતો નથી, શા માટે જે ભગવાનનો મહિમા, ગુણ, કર્મ, જન્મ ને સામર્થી તથા સુંદરતા, સુખદાયકપણું એ આદિક જે અનંત કલ્યાણકારી ગુણ તેના પારને શેષ, શારદા, બ્રહ્માદિક દેવતા તથા ચાર વેદ એ પામતા નથી, અને ભગવાન પોતે પણ પોતાના મહિમાના પારને પામતા નથી. માટે ભગવાન તો સર્વે સામર્થીએ કરીને અપાર છે, અને એ ભગવાનને ભજીને અનંતકોટી વૈષ્ણવ ભગવાન સરખા થયા છે, તો પણ ભગવાનમાંથી કોઈ જાત્યનો પ્રતાપ અણુ જેટલો પણ ન્યૂન થયો નથી, જેમ મીઠા જળનો સમુદ્ર ભર્યો હોય તેમાંથી મનુષ્ય, પશુ, પંખી સર્વે જેટલું ભાવે તેટલું જળ પીએ તથા પાત્ર ભરી લે, તો પણ ઓછું થાતું નથી, શા માટે જે તે સમુદ્ર તો અગાધ છે તેમ જ ભગવાનનો મહિમા પણ અતિશે અપાર છે, માટે કોઈ રીતે કરીને વધે ઘટે એવો નથી તે સારુ જે જે ભગવાનના ભક્ત બ્રહ્મસ્વરૂપ થયા છે, તો પણ ભગવાનના દૃઢ દાસ થઈને ભગવાનનું ભજન કરે છે, એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામે છે, તો પણ સ્વામી-સેવકપણું રહે છે** એ જ એ પ્રશ્નનો ઉત્તર છે. **(૧)** ઇતિ વચનામૃતમ્ ॥૬૭॥ **(૨૦૦)** ૧

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારા ભક્ત અમને જેવા જાણે તેવા થાય છે. તો પણ અમારો મહિમા, સામર્થી, પ્રતાપ, ઐશ્વર્ય તે અતિશે અપાર દેખાય છે તેણે કરીને અમારે વિષે સ્વામી-સેવકપણું અતિ દૃઢ થાય છે. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** અમારા ભક્ત અમારા સરખા થાય એમ કહ્યું અને (**કા૦ ૧૦**ના ૧/૪ પહેલા પ્રશ્નમાં) અમારો ભક્ત છેવટ અક્ષર જેવો થાય, પણ અમારા જેવો ન થાય, એમ શ્રીજીમહારાજે કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૧ **ઉ૦** (**કા૦ ૧૦**માં) ઐશ્વર્યની ઇચ્છાવાળા સકામ ભક્તની વાત કહી છે જે અમારા ભક્ત ઐશ્વર્યને ઇચ્છે તો છેલ્લામાં છેલ્લી મૂળઅક્ષરની પદવીને પામે, પણ અમારી જે પદવી છે તે ન મળે અને આમાં જે ઐશ્વર્યને ન ઇચ્છે ને એક શ્રીજીમહારાજની સેવાને જ ઇચ્છે એવા નિષ્કામ ભક્તની વાત કહી છે, માટે જે સેવાને ઇચ્છે એવા જે નિષ્કામ ભક્ત તે શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામે, એટલે મુક્ત થાય એમ કહ્યું છે માટે એમાં સકામ ભક્તની પ્રાપ્તિ કહી છે. અને આમાં નિષ્કામ ભક્તની પ્રાપ્તિ કહી છે.

૨ **પ્ર૦** જેવા શ્રીજીમહારાજને જાણે તેવો ભક્ત થાય એમ કહ્યું ત્યારે મૂળઅક્ષર તથા તેથી પર પરમએકાંતિક તથા તેથી પર અનાદિમુક્ત તેથી શ્રીજીમહારાજને પર જાણે તો તે ભક્ત કેવો થાય ?

૨ **ઉ૦** અનાદિમુક્તની પદવીથી પર દાસની પદવી છે જ નહિ; તેથી પર તો સ્વામીની જ પદવી છે. અને જે દાસ હોય તે સ્વામીની પદવીને ઇચ્છે જ નહિ, અને જે દાસપણું મૂકી દઈને સ્વામીની પદવીને ઇચ્છે તેને તો કાંઈ પણ પ્રાપ્તિ ન થાય,

અને એ શ્રીજીમહારાજને ગમે જ નહિ, તે (**છે૦ ૨૬**ના ૩/૪ ત્રીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમને અભેદપણે ભજે તે ન ગમે, માટે જે દાસપણું મૂકી દે તે અભેદપણે ભજ્યા કહેવાય.

૩ **પ્ર૦** અમે અમારા મહિમાના પારને પામતા નથી એમ કહ્યું તે શ્રીજીમહારાજ તો પોતે સાક્ષાત્ ભગવાન છે તેમને તો કાંઈ પણ અગમ્ય ન હોય, માટે પારને પામતા નથી એમ કહેવાનું શું કારણ હશે ?

૩ ઉ૦ એ તો પોતાના મહિમાનું અપારપણું કહેવા માટે એમ કહ્યું છે, જે અમારો મહિમા તો અતિશે અપાર છે, તેને કોઈ જાણી શકવા સમર્થ છે જ નહિ, અને અમે આટલું જ કરી શકીએ ને આટલું જાણી શકીએ એવો કોઈ અવધિ નથી માટે અમારા મહિમાનો કોઈ પ્રકારે અવધિ નથી.

૪ **પ્ર૦** આમાં તથા (**પ્ર૦ ૬૩**ના ૩/૪ ત્રીજા પ્રશ્નમાં, **૬૪**/૩માં, **સા૦ ૧૧**ના પહેલા પ્રશ્નમાં, **લો૦ ૧૩**ના બીજા પ્રશ્નમાં, **મ૦ ૬૬**ના સાતમા પ્રશ્નમાં **છે૦ ૩૭** તથા ૩૯/૫માં) પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામે છે, એમ કહ્યું છે અને (**પ્ર૦ ૨૧**/૮માં, **૪૦**ના પહેલા પ્રશ્નમાં, તથા **સા૦ ૧૭**/૨માં) મહાતેજ જેવો થાય એમ કહ્યું છે, તે અક્ષરધામનું અને પુરુષોત્તમનું સાધર્મ્યપણું કેવી રીતે જાણવું ?

૪ ઉ૦ (**૨૧**/૮માં) અક્ષરના સાધર્મ્યપણાને પામે છે એમ કહ્યું છે, તે સાધનકાળમાં સાધન કરતાં કરતાં પામે છે અને અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા અનંત મુક્તો રહ્યા છે એમ કહ્યું છે, તે પણ સાધન કરીને પામ્યા પછી રહ્યા છે તેમની વાત છે, અને (**પ્ર૦ ૪૦**માં) પણ અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને અમારી મૂર્તિને વિષે નિમગ્ન રહેતો હોય તે નિર્વિકલ્પ સમાધિવાળો છે, તે પણ સાધનદશાવાળાને કહ્યું છે અને (**સા૦ ૧૭**માં, ખદ્યોતથી કરીને મહાતેજ જેવો થાય છે તે પણ સાધનદશાવાળાની વાત છે, માટે સાધનકાળમાં બ્રહ્મનું મનન કરતાં કરતાં બ્રહ્મના ગુણ એમાં આવે છે, તે (**મ૦ ૩૧**ના ૧/૨ પહેલા પ્રશ્નમાં ) બ્રહ્મનું મનન કરતાં કરતાં બ્રહ્મના ગુણ એમાં આવે છે એમ કહ્યું છે, ને બ્રહ્મના ગુણ આવે ત્યારે તે બ્રહ્મરૂપ થાય ત્યારે તે શ્રીજીમહારાજનો કૃપાપાત્ર થયો પછી શ્રીજીમહારાજની કૃપા થાય, તે (**સા૦ ૧૧**ના પહેલા પ્રશ્નમાં) આત્મસત્તાને પામે કહેતાં શ્રીજીમહારાજના તેજરૂપ આત્મા તે જેવો થાય છે, તે પછી અમે કૃપા કરીએ ત્યારે અમારા તુલ્યપણાને કહેતાં સાધર્મ્યપણાને પામે છે એમ કહ્યું છે, માટે સાધનકાળમાં સાધન કરતાં કરતાં અક્ષરબ્રહ્મ જે શ્રીજીમહારાજનું તેજ તે રૂપ થાય, ને પછી શ્રીજીમહારાજની કૃપા થાય ત્યારે તે પુરુષોત્તમરૂપ થાય, માટે સિદ્ધ થયા પછી તો પુરુષોત્તમનું જ સાધર્મ્યપણું રહે છે, પણ અક્ષરનું રહેતું નથી કેમ જે શ્રીજીમહારાજ જેવા દિવ્ય સાકાર છે તેવા જ મુક્ત પણ દિવ્ય સાકાર છે, માટે મૂર્તિમાન થયા પછી મૂર્તિમાન પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું જ સાધર્મ્યપણું રહે છે, પણ નિરાકાર શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામનું સાધર્મ્યપણું રહેતું નથી, માટે અક્ષરબ્રહ્મનું સાધર્મ્યપણું કહ્યું છે તે સાધનકાળની વાત છે. ॥૬૭॥ **(૨૧૦)**

**ઇતિ શ્રી કચ્છદેશે વૃષપુરનિવાસી અનાદિમુક્તરાજ શ્રી અબજીભાઈ વિરચિત**
**સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મુખકમળ નિઃસૃત**
**વચનામૃતમ્ રહસ્યાર્થ પ્રદીપિકાયાં મધ્ય પ્રકરણં સમાપ્તમ્.**

# અથ વચનામૃત વરતાલ પ્રકરણમ્

## વચનામૃત વરતાલનું - ૧

❖સંવત ૧૮૮૨ના કાર્તિક સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરથી ઉતરાદિ કોરે ગોમતીજીને કાંઠે આંબાવાડિયામાં સિંહાસન ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા ને ધોળો સુરવાળ ને ધોળો અંગરખો પહેર્યો હતો અને ગૂઢા રંગનો રેંટો કમરે બાંધ્યો હતો ને માથા ઉપર કસુંબલ રેંટો સોનેરી તારના છેડાવાળો બાંધ્યો હતો ને ખભે કસુંબલ રેંટો જરકસી છેડાનો વિરાજમાન હતો ને કંઠને વિષે ગુલાબનાં પુષ્પના હાર વિરાજમાન હતા ને માથા ઉપર ગુલાબનાં પુષ્પના તોરા વિરાજમાન હતા ને ભુજાઓને વિષે ગુલાબના ગજરા ને બાજુબંધ બાંધ્યા હતા એવી શોભાને ધરતા થકા ઉતરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી વડોદરાવાળા શોભારામ શાસ્ત્રીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! મુમુક્ષુ હોય તે જ્યારે નિર્વિકલ્પ સમાધિને પામે ત્યારે તે ગુણાતીત થાય ને ભગવાનનો એકાંતિક ભક્ત થાય ત્યારે જેને નિર્વિકલ્પ સમાધિ ન થાય તેની શી ગતિ થાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પ્રાણનો નિરોધ થાય ત્યારે જ નિર્વિકલ્પ સમાધિ થાય એમ નથી, નિર્વિકલ્પ સમાધિની રીત તો બીજી છે તે કહીએ તે સાંભળો જે, શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે :-

**अत्र सर्गो विसर्गश्च स्थान पोषणमूतयः । मन्वंतरेशानुकथा निरोदो मुक्तिराश्रयः ॥**

એ શ્લોકનો એમ અર્થ છે જે વિશ્વનાં સર્ગ-વિસર્ગાદિ જે નવ લક્ષણ તેણે કરીને જાણ્યામાં આવે એવું આશ્રયરૂપ જે શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તેને વિષે જે મુમુક્ષુની અચળ મતિ થઈ, **જેમ આ આંબાનું વૃક્ષ છે તે એક વાર દૃઢ કરીને જાણ્યું** પછી કામ વ્યાપે, ક્રોધ વ્યાપે, લોભ વ્યાપે તો પણ કોઈ રીતે આંબાને વિષે ભ્રાંતિ ન થાય જે આંબાનું વૃક્ષ હશે કે નહિ હોય. તેમ જેને **પ્રત્યક્ષ** શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય થયો ને તેમાં કોઈ જાતનો કુતર્ક ન થાય તો તે પુરુષના પ્રાણ લીન ન થયા હોય તો પણ નિર્વિકલ્પ સમાધિ છે ને પ્રાણ લીન થયા હોય તો પણ નિર્વિકલ્પ સમાધિ છે. **(૧)** અને જેને **આ ભગવાનના** સ્વરૂપમાં સંકલ્પ-વિકલ્પ ૧
રહેતા હોય જે બ્રહ્મપુરને વિષે કેવું ભગવાનનું સ્વરૂપ હશે અને શ્વેતદ્વીપ ને વૈકુંઠને વિષે કેવું ભગવાનનું સ્વરૂપ હશે અને તે સ્વરૂપનું ક્યારે દર્શન થાશે એવી જાતના સંકલ્પ-વિકલ્પ કર્યા કરે, **પણ પ્રગટ ભગવાન મળ્યા તેને જ સર્વના કારણ જાણીને તેણે કરીને જ પોતાને કૃતાર્થ ન માને અને એવાને જો દૈવ ઇચ્છાએ કરીને સમાધિ થાય તો પણ સંકલ્પ-વિકલ્પ મટે નહિ**

અને સમાધિમાં જે જે દેખાય તેથી નવું નવું જોવાને ઇચ્છે પણ મનના વિકલ્પ મટે નહિ એવો હોય તેને સમાધિ છે તો પણ સવિકલ્પ છે ને સમાધિ ન હોય તો પણ સવિકલ્પ છે, માટે એવો હોય તે ગુણાતીત એકાંતિક ભક્ત ન કહેવાય. અને **જેને ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય હોય ને તેને સમાધિ છે અથવા નથી તોય પણ તેને સદા નિર્વિકલ્પ સમાધિ જ છે. (૨)** ૨

૨ પછી દીનાનાથ ભટ્ટે પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** મનના સંકલ્પ-વિકલ્પ ટાળવાનો ઉપાય કરે અને જો મનને ન જીતી શકે તો તેની શી ગતિ થાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જ્યારે કૌરવને ને પાંડવને યુદ્ધ કરવાનો પ્રારંભ થયો ત્યારે કૌરવો ને પાંડવોએ વિચાર્યું જે, આપણે એવે ઠેકાણે યુદ્ધ કરીએ જે તે યુદ્ધમાં જે કોઈ મરે તો પણ તેના જીવનું રૂડું થાય એવું વિચારીને કુરુક્ષેત્રને વિષે યુદ્ધ કર્યું પછી જીત્યા તેનું પણ સારું થયું ને એ સંગ્રામમાં મરાણા તેને પણ દેવલોકની પ્રાપ્તિ થઈ ને રાજ્ય થકી પણ અધિક સુખને પામ્યા. **તેમ જે મન સાથે લડાઈ આદરે અને જો મનને જીતે તો નિર્વિકલ્પ સ્થિતિને પામે ને ભગવાનનો એકાંતિક ભક્ત થાય. (૩)** અને જો મન આગળ હારે તો પણ યોગભ્રષ્ટ થાય તે પછી એક જન્મે અથવા બે જન્મે ૩
અથવા ઘણે જન્મે પણ અંતે જાતો એ એકાંતિક ભક્ત થાય, પણ એણે દાખડો કર્યો તે છૂટી ન પડે, **માટે બુદ્ધિમાન હોય તેને તો પોતાના કલ્યાણને અર્થે મન સાથે જરૂર વૈર બાંધવું** પછી એ મનને જીતશે તો પણ સારું છે ને એ મનથી હારશે તો પણ યોગભ્રષ્ટ થાશે તેમાં અંતે જાતાં સારું છે તે માટે કલ્યાણને ઇચ્છે તેને તો મન સાથે જરૂર વૈર બાંધવું. **(૪)** ઇતિ ૪
વચનામૃતમ્ ॥૧॥ **(૨૦૧)**

**રહસ્યાર્થ પ્રદી૦**- આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે કે જે ભક્તને અમારા આ પ્રત્યક્ષ મનુષ્યરૂપને વિષે દિવ્યભાવનો દૃઢ નિશ્ચય થાય તેના પ્રાણ લીન ન થયા હોય તો પણ સદા નિર્વિકલ્પ સમાધિ જ છે. અને એ ગુણથી પર એવો એકાંતિક ભક્ત છે. **(૧)** અને ધામને વિષે અમારું સ્વરૂપ કેવું હશે ? અને એ સ્વરૂપનું ક્યારે દર્શન થશે ? એવા વિકલ્પ રહે તેને સમાધિ હોય તોય સવિકલ્પ છે. **(૨)** બીજામાં અમારી આ પ્રત્યક્ષ મૂર્તિને વિષેથી મનુષ્યભાવના વિકલ્પને જીતે, અને પ્રતિમાને વિષેથી પ્રતિમાભાવના વિકલ્પને જીતે તો તેનું આ જન્મે જ કલ્યાણ થાય. **(૩)** અને વિકલ્પ ન જીતે તે યોગભ્રષ્ટ થાય, ને તેનું જન્માંતરે કલ્યાણ થાય છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** (૨/૪ બીજા પ્રશ્નમાં) યોગભ્રષ્ટનું એક-બે જન્મે કલ્યાણ કહ્યું અને (**પ્ર૦ ૭૦**ના ત્રીજા પ્રશ્નમાં) ફિકર ન રાખશો; અમે સહાય કરશું એમ કહ્યું તે કેમ સમજવું ?

૧ ઉ૦ આમાં જેને ભગવાનના મનુષ્ય સ્વરૂપને વિષે દિવ્યભાવ સમજવામાં ખામી રહે તેને જન્મ ધરવાનું કહ્યું છે, અને (**પ્ર૦ ૭૦**માં) શ્રીજીમહારાજની મનુષ્યરૂપ મૂર્તિને વિષે દિવ્યભાવ તો થયેલો હોય પણ પંચવિષય સંબંધી સંકલ્પ થતા હોય તેને કહ્યું છે જે, અમે સહાય કરશું કેમ જે તે સ્થૂળ દેહે કરીને પંચ વર્તમાન પાળે છે, અને વાસના ટાળ્યાના ઉપાયમાં મંડ્યો છે તેવામાં દેહ પડી જાય તો તેની ભગવાન રક્ષા કરે છે, અને જેને શ્રીજીમહારાજના મનુષ્ય સ્વરૂપને વિષે દિવ્યભાવ ન થયો હોય તેને તો જન્મ ધરીને એ અજ્ઞાન ટાળવું જોઈએ જ. ॥૧॥ **(૨૦૧)**

## વચનામૃત વરતાલનું - ૨

❖સંવત ૧૮૮૨ના કાર્તિક સુદિ ૧૩ તેરશને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરથી ઉત્તરાદિ દિશે ગોમતીજીને કાંઠે આંબાના વૃક્ષની

હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને પીળા તાસતાનો સુરવાળ પહેર્યો હતો તથા રાતા કિનખાપની ડગલી પહેરી હતી તથા મસ્તક ઉપર જરકસી છેડાની કસુંબલ પાઘ બાંધી હતી તથા જરકસી છેડાનું કસુંબલ શેલું ખભે નાખ્યું હતું અને પાઘને ઉપર ચંપાનાં પુષ્પના હાર વિરાજમાન હતા ને કંઠને વિષે ધોળાં પુષ્પના હાર વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી પછી શ્રીજીમહારાજ બોલ્યા જે કાંઈક પ્રશ્ન-ઉત્તર કરો.

૧ **પછી ગામ બુવાના પટેલ કાનજીદાસજીએ હાથ જોડીને પૂછ્યું જે, (૧) હે મહારાજ ! ભગવાન શે પ્રકારે રાજી થાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જો ભગવાનનો દ્રોહ ન કરીએ તો ભગવાન રાજી થાય, ત્યારે કહેશો જે દ્રોહ તે શું ? તો જે આ સર્વે જગતના કર્તા-હર્તા ભગવાન છે તેને કર્તા-હર્તા ન સમજીએ ને વિશ્વના કર્તા-હર્તા કાળને જાણીએ, અથવા માયાને જાણીએ, અથવા કર્મને જાણીએ, અથવા સ્વભાવને જાણીએ, એ તે ભગવાનનો દ્રોહ છે, કેમ જે ભગવાન સર્વના કર્તા-હર્તા છે, તેનો ત્યાગ કરીને કેવળ કાળ, કર્મ, સ્વભાવ ને માયા તેને જગતના કર્તા-હર્તા કહે છે, માટે એ ભગવાનનો અતિ દ્રોહ છે.** ત્યાં દૃષ્ટાંત : જેમ તમે ગામના પટેલ છો તે જે તમારી ગામમાં પટલાઈ ન રહેવા દે તે તમારો દ્રોહી કહેવાય, અને વળી જેમ ચક્રવર્તી રાજા હોય તેનો હુકમ ખોટો કરીને જે રાજા ન હોય તેનો હુકમ ચલાવે તો તે પુરુષ રાજાનો દ્રોહી કહેવાય, અને વળી જેમ કોઈક એવા કાગળ લખી લખીને મેલે જે અમારો રાજા છે તે નાક-કાન વિનાનો છે, અથવા હાથ-પગ વિનાનો છે, એવી રીતે રાજાનું રૂપ સંપૂર્ણ હોય તેને ખંડિત કરીને વર્ણવે તે રાજાનો દ્રોહી કહેવાય, તેમ ભગવાન છે તે કરચરણાદિક સમગ્ર અંગે કરીને સંપૂર્ણ છે, ને લેશ માત્ર પણ કોઈ અંગે વિકળ નથી અને સદા મૂર્તિમાન જ છે, તેને અકર્તા કહેવા તથા અરૂપ કહેવા ને ભગવાન વિના બીજા જે કાળાદિક તેને કર્તા કહેવા એ જ ભગવાનનો દ્રોહ છે. એવી જાતનો જે ભગવાનનો દ્રોહ તેને જે ન કરે તેણે સંપૂર્ણ ભગવાનની પૂજા કરી અને તે વિના તો ચંદન-પુષ્પાદિકે કરીને પૂજે છે તો પણ ભગવાનનો દ્રોહી છે, માટે ભગવાનને જગતના કર્તા-હર્તા જાણે ને મૂર્તિમાન જાણે તે ઉપર જ ભગવાન રાજી થાય છે. **(૧)** અને વેદમાં તો ભગવાનનું સ્વરૂપ બહુ રીતે વર્ણવીને ૧
નારાયણે પોતે પોતાને મુખે કહ્યું છે પણ તે કોઈના સમજ્યામાં આવ્યું નહિ, ત્યારે સાંખ્ય શાસ્ત્રે કરીને ચોવીશ તત્ત્વ કહ્યાં ને પચવીશમું ભગવાનનું સ્વરૂપ કહ્યું તે સાંખ્યના આચાર્ય જે કપિલમુનિ તેણે એમ વિચાર્યું જે, સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ તેને વિષે જીવ એકપણે કરીને વર્તે છે અને એથી ન્યારો જીવ રહી શકતો નથી. અને ઈશ્વર છે તે પણ પોતાની ઉપાધિ જે વૈરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત તેને વિષે એકપણે વર્તે છે, પણ તે વિના રહી શકતો નથી, માટે સાંખ્યશાસ્ત્રે જીવને ને ઈશ્વરને ચોવીશ તત્ત્વ ભેળા જ ગણ્યા છે અને પચવીશમા પરમાત્માને કહ્યા છે, અને યોગશાસ્ત્રના આચાર્ય જે હિરણ્યગર્ભ ઋષિ તેણે ચોવીશ તત્ત્વ

કહીને પચવીશમો જીવને કહ્યો છે તેમ જ સમષ્ટિને વિષે પચવીશમા ઈશ્વરને કહ્યા છે અને પરમાત્માને છવીશમા કહ્યા છે. એવી રીતે સાંખ્યશાસ્ત્ર ને યોગશાસ્ત્ર તેણે ભગવાનનું સ્વરૂપ કહ્યું તો પણ સાક્ષાત્કાર ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ન થયું, અને અનુમાન પ્રમાણે તો થયું જે સાંખ્યને મતે ચોવીશ તત્ત્વથી પર છે તે વસ્તુ સત્ય છે, અને યોગને મતે ચોવીશ તત્ત્વથી પર જીવ-ઈશ્વર છે ને તેથી પર પરમાત્મા છે, તે સત્ય છે, એવી રીતે પરમાત્માના સ્વરૂપનું બેય શાસ્ત્ર વતે અનુમાન પ્રમાણે કરીને જ્ઞાન થયું, પણ તે **ભગવાન કાળા છે કે પીળા છે કે લાંબા છે કે ટૂંકા છે કે સાકાર છે કે નિરાકાર છે** એવું કાંઈ જ્ઞાન ન થયું. પછી પોતે વાસુદેવ ભગવાને પંચરાત્ર નામે તંત્ર કર્યું, તેને વિષે એમ પ્રતિપાદન કર્યું જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન છે તે પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્ય સાકાર મૂર્તિમાન રહ્યા છે, અને તે જ ભગવાન જે તે શ્વેતદ્વીપવાસી જે અનંત નિરન્ન મુક્ત તેમને પાંચ વખત પોતાનું દર્શન આપે છે, તથા વૈકુંઠલોકને વિષે, તે જ ભગવાન ચતુર્ભુજ મૂર્તિ થકા લક્ષ્મીજીએ સહિત છે ને તે શંખ, ચક્ર, ગદા, પદ્મને ધરી રહ્યા છે, તથા વિષ્વક્સેનાદિક જે પાર્ષદ તેમણે સેવ્યા છે અને એ જ ભગવાન પૂજવા યોગ્ય, ભજવા યોગ્ય ને પામવા યોગ્ય છે અને તે જ ભગવાન રામકૃષ્ણાદિક અવતાર ધારણ કરે છે, અને વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ એ ચતુર્વ્યૂહરૂપે વર્તે છે, એવી રીતે સાકાર મૂર્તિનું પ્રતિપાદન કર્યું છે. પછી તે જ પંચરાત્રતંત્રને નારદજીએ ફરીને કર્યું ત્યારે તે નારદ પંચરાત્ર કહેવાણું તેને વિષે એવી રીતે ભગવાનના સ્વરૂપનું પ્રતિપાદન કર્યું જે કોઈ રીતે સંશય રહ્યો નહિ અને તે જ રીતે શિવજીએ પાશુપત શાસ્ત્ર કર્યું, તેને વિષે પણ અષ્ટભુજ-ચતુર્ભુજરૂપે કરીને શ્રીનારાયણના સ્વરૂપનું જ વર્ણન કર્યું છે, તે માટે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે :-

**નારાયણપરા દેવા દેવા નારાયણાઙ્ગજા: । નારાયણપરા લોકા નારાયણપરા મખા: ॥**
**નરાયણપરો યોગો નારાયણપરં તપ: । નારાયણપરં જ્ઞાનં નારાયણપરા ગતિ: ॥**
**વાસુદેવપરા વેદા વાસુદેવપરા મખા: । વાસુદેવપરા યોગા વાસુદેવપરા: ક્રિયા: ॥**
**વાસુદેવપરં જ્ઞાનં વાસુદેવપરં તપ: । વાસુદેવપરો ધર્મો વાસુદેવપરાગતિ: ॥**

એવી રીતે એ પાંચ શાસ્ત્રે કરીને શ્રીકૃષ્ણ નારાયણ વાસુદેવના સ્વરૂપનું જ પ્રતિપાદન કર્યું છે અને એ પાંચ શાસ્ત્રે કરીને જે ભગવાનના સ્વરૂપને સમજે તે જ પૂરો જ્ઞાની કહેવાય, જેમ દૂધ છે તેને નેત્રે જુએ ત્યારે ધોળું દેખાય અને નાકે સૂંઘે ત્યારે સુગંધવાન જણાય અને આંગળીએ કરીને અડે ત્યારે ટાઢું-ઊનું જણાય. અને જિહ્વાએ કરીને ચાખે ત્યારે સ્વાદુ જણાય, પણ એક ઈન્દ્રિયે કરીને દૂધના સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન ન થાય અને સર્વે ઈન્દ્રિયે કરીને તપાસી જુએ ત્યારે સંપૂર્ણ જ્ઞાન થાય છે. તેમ વેદાદિક પાંચ શાસ્ત્રે કરીને ભગવાનના સ્વરૂપને સમજે ત્યારે સંપૂર્ણ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય છે ને એમ જાણવું તેને સંપૂર્ણ જ્ઞાન કહીએ. અને ભગવાન પણ એમ સમજે જ રાજી થાય છે, પણ પરમેશ્વરને રાજી કર્યાનો બીજો ઉપાય

નથી. માટે એવી રીતે સમજે તે જ પૂરો જ્ઞાની કહેવાય અને ભગવાન પણ તે ઉપર જ અતિશે રાજી થાય છે. **(૨)** ઇતિ વચનામૃતમ્ ॥૨॥ (૨૦૨) ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં અમને અરૂપ ને અકર્તા કહે ને અમારા વિના બીજા કાળાદિકને કર્તા કહે તે અમારી ચંદન-પુષ્પાદિકે પૂજા કરે, તો પણ તે અમારો દ્રોહી છે, અને અમને મૂર્તિમાન ને સર્વ કર્તા-હર્તા સમજે તે સેવા માનીએ છીએ ને રાજી થઈએ છીએ. **(૧)** અને પરોક્ષ શાસ્ત્રને દૃષ્ટાંતે કરીને તે શાસ્ત્રનાં નામપૂર્વક પોતાના સ્વરૂપને સમજવાની રીત કહી છે, જે વેદમાં ભગવાનનું સ્વરૂપ નારાયણે કહ્યું પણ સમજાય એવું નથી અને સાંખ્યશાસ્ત્રે ચોવીશ તત્ત્વથી પર પરમાત્માને કહ્યા છે અને યોગશાસ્ત્રે તત્ત્વથી પર જીવ-ઈશ્વરને કહીને તેથી પર પરમાત્માને કહ્યા છે, પણ યથાર્થ જ્ઞાન થયું નથી, અને પંચરાત્રશાસ્ત્રે ભગવાનને સાકાર મૂર્તિમાન અક્ષરધામમાં પાર્ષદોએ સહિત છે. અને સર્વ અવતારનું ધારણ કરે છે એમ કહ્યું છે, માટે અમારા ભક્તોએ અમને જીવ, ઈશ્વર, બ્રહ્મ, અક્ષર તે સર્વેથી પર સમજવા તે સાંખ્ય વિચાર જાણવો અને યોગશાસ્ત્ર જીવ-ઈશ્વરથી પર પરમાત્માને કહે છે તેમ પ્રધાનપુરુષ સુધી જીવ અને મૂળઅક્ષર સુધી ઈશ્વર ને તેથી પર અમારા તેજરૂપ બ્રહ્મ, તે બ્રહ્મથી પર અમને જાણીને અમારું ધ્યાન કરવું, અને વેદ કોઈક ભગવાન છે એમ કહે છે તે અમે આ પ્રત્યક્ષ છીએ, એમ જાણવું. અને પંચરાત્રશાસ્ત્ર સદા સાકાર ને સર્વ કર્તા કહે છે તેવી રીતે અમને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વના કર્તા-હર્તા ને સર્વ અવતારો માત્રના અવતારી, સર્વને સુખદાતા સર્વોપરી સમજવા. અને અમારી ભક્તિ કરવી અને અમારી પ્રતિમાની પૂજા-આરતી કરવી ને થાળ જમાડવા, પોઢાડવા એવી રીતે સેવા કરવી. આવી રીતે સમજે તે જ જ્ઞાની ભક્ત છે ને તે ઉપર અમે રાજી થઈએ છીએ, એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં કાળ-કર્માદિકને કર્તા જાણે તેને દ્રોહી કહ્યો તે કેવી રીતે સમજે તો કાળાદિકને કર્તા જાણ્યા કહેવાય ?

૧ **ઉ૦** પ્રલયના કર્તા કાળને જાણે, પણ શ્રીજીમહારાજની પ્રેરણાથી કરે છે એમ ન જાણે તેણે કાળને કર્તા જાણ્યો કહેવાય. અને આ જગતની ઉત્પત્તિકર્તા માયાને જાણે, પણ શ્રીજીમહારાજની પ્રેરણાથી કરે છે એમ ન જાણે તેણે માયાને કર્તા જાણી કહેવાય. અને કર્મે કરીને જ સુખ-દુઃખ ભોગવાય છે, ને મોક્ષ થાય છે, એમ જાણે, પણ શ્રીજીમહારાજને કર્મફળપ્રદાતા ને મોક્ષકર્તા ન જાણે તેણે કર્મને કર્તા જાણ્યું કહેવાય. અને આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તે સ્વાભાવિક જ થયા કરે છે એમ જાણે પણ તેના કર્તા શ્રીજીમહારાજને ન જાણે તેણે સ્વભાવને કર્તા જાણ્યો કહેવાય.

૨ **પ્ર૦** બીજી બાબતમાં વેદમાં ભગવાનનું સ્વરૂપ નારાયણે કહ્યું છે એમ કહ્યું તે નારાયણ કિયા જાણવા ? અને ભગવાન કિયા જાણવા ?

૨ **ઉ૦** આ ઠેકાણે મૂળપુરુષને નારાયણ કહ્યા છે. અને તેમણે પોતાના સ્વરૂપનું વર્ણન કર્યું છે, અને વેદમાં તેમને જ ભગવાન કહ્યા છે.

૩ **પ્ર૦** વાસુદેવ ભગવાને પંચરાત્રતંત્ર કર્યું એમ કહ્યું તે વાસુદેવ કિયા જાણવા ? અને તેમણે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન કહ્યા તે ભગવાન કિયાં જાણવાં ? અને તેમનું અક્ષરધામ કહ્યું તે કિયુ જાણવુ ?

૩ **ઉ૦** મૂળપુરુષના ઉપરી જે વાસુદેવબ્રહ્મ છે તેમણે પંચરાત્રતંત્ર કર્યું છે અને શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન તે પોતાને જ કહ્યા છે. અને (**અ૦ ૭/૧**માં ) જે બ્રહ્મપુર નામે ધામ કહ્યું છે તેને જ આ ઠેકાણે અક્ષરધામ નામે કહ્યું છે. અને એ જ વાસુદેવ પોતે બ્રહ્મપુરમાં રહ્યા થકા નિરન્ન મુક્તોને શ્વેતદ્વીપમાં પાંચ વખત દર્શન આપે છે. અને રામકૃષ્ણાદિક અવતારનું ધારણ કરે છે, અને વાસુદેવાદિક ચતુર્વ્યૂહરૂપે વર્તે છે એમ કહ્યું છે તે તો મહત્તત્ત્વ જે વાસુદેવ ને તેથી ઉત્પન્ન થયા જે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ તે રૂપે થાય છે એટલે તેમાં અંતર્યામી શક્તિદ્વારે પ્રવેશ કરે છે એમ કહ્યું છે, અને વાસુદેવ કોને કોને કહેવાય છે ? તેનો ખુલાસો (**પં૦ ૨**ના ૪ પ્રશ્નોત્તરમાં) છે.

૪ **પ્ર૦વાસુદેવબ્રહ્મને શ્રીકૃષ્ણથી પર ને તેના કારણ આમાં તો કહ્યા પણ બીજે ક્યાં કહ્યા હશે ?**

૪ **ઉ૦** (**કા૦ ૧૦**ના **૧/૪** પહેલા પ્રશ્નમાં) પ્રકૃતિપુરુષથી પર બ્રહ્મ કહ્યા છે તે વાસુદેવને કહ્યા છે, (**લો૦ ૧૨**ના પહેલા પ્રશ્નમાં) શ્રીકૃષ્ણ જેવા શ્રીજીમહારાજને જાણે તેનો નિર્વિકલ્પમાં કનિષ્ઠ નિશ્ચય કહ્યો છે, અને શ્વેતદ્વીપપતિ વાસુદેવ જેવા જાણે તેને

નિર્વિકલ્પમાં મધ્યમ કહ્યો છે. અને (**પં૰ ૬/૧**માં) શ્રીકૃષ્ણના અવતારી વાસુદેવને કહ્યા છે. ને એમનું ધામ ગોલોક ધામથી પર બ્રહ્મપુર નામે (**અ૰ ૭/૧**માં) કહ્યું છે, માટે વાસુદેવબ્રહ્મ, શ્રીકૃષ્ણના અવતારી, કારણ ને નિયંતા છે.

૫ **પ્ર૰નારાયણ નામે કોને કોને કહેવાતા હશે ?**

૫ **ઉ૰** વિષ્ણુથી લઈને વૈરાજપુરુષ, પ્રધાનપુરુષ, મૂળપુરુષ, નરનારાયણ, વાસુદેવ, મૂળઅક્ષર, એ સર્વેને નારાયણ કહેવાય, એ સર્વેના સ્વામી શ્રીજીમહારાજ છે, માટે શ્રીજીમહારાજને સ્વામિનારાયણ કહેવાય છે.

૬ **પ્ર૰** બીજી બાબતમાં વાસુદેવ ભગવાને પંચરાત્રશાસ્ત્ર કર્યું તેમાં વાસુદેવનું જ પ્રતિપાદન છે એમ કહ્યું અને પછીથી પાંચેય શાસ્ત્ર શ્રીકૃષ્ણનું પ્રતિપાદન કરે છે એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૬ **ઉ૰** પાછળથી પણ શ્રીકૃષ્ણ નારાયણ અને વાસુદેવનું પ્રતિપાદન એ પાંચ શાસ્ત્ર કરે છે એમ ભેળું કહ્યું છે તેમાં પંચરાત્ર વાસુદેવનું પ્રતિપાદન કરે છે, અને બીજા ચાર શાસ્ત્ર શ્રીકૃષ્ણનું પ્રતિપાદન કરે છે એમ સમજવું. ॥૨॥(૨૦૨)

## વચનામૃત વરતાલનું - ૩

❖સંવત ૧૮૮૨ના કાર્તિક વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરમાં સિંહાસન ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે ગુલાબનાં પુષ્પના હાર ધારણ કર્યા હતા અને મસ્તકને વિષે પાઘમાં તોરા વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમસ્ત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** આપણા ઉદ્ધવ સંપ્રદાયને વિષે જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ને ભગવાનની ભક્તિ એ ચાર વાનાં જેમાં હોય તે એકાંતિક ભક્ત કહેવાય અને આપણા સત્સંગમાં મોટો કરવા યોગ્ય પણ તે જ છે. ને એ ચાર સંપૂર્ણ ન હોય ને એક જ મુખ્યપણે કરીને હોય તો પણ ત્રણ જે બાકી રહ્યાં તે એકના પેટામાં આવી જાય એવું એક કિયું એ ચારેમાં શ્રેષ્ઠ છે ? ત્યારે ગોપાળાનંદ સ્વામીએ તથા મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, હે મહારાજ ! એવો તો એક ધર્મ છે તે ધર્મ હોય તો ત્રણે વાનાં તે પુરુષમાં આવે, ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ધર્મ તો કેટલાક વિમુખ માણસ હોય, તેમાં પણ હોય માટે તેને શું સત્સંગમાં મોટો કરશું ? પછી એ વાત સાંભળીને કોઈથી ઉત્તર દેવાણો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જો માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય ને આત્મનિષ્ઠા, ધર્મ ને વૈરાગ્ય એ સામાન્યપણે હોય તો પણ કોઈ દિવસ એ ધર્મમાંથી પડે નહિ કેમ જે, **જે ભગવાનનું માહાત્મ્ય જાણતો હોય તે તો એમ વિચારે જે ભગવાનની આજ્ઞાને વિષે બ્રહ્માદિક સમગ્ર દેવ રહ્યા છે તે ભગવાનની આજ્ઞા હુંથી કેમ લોપાય ? એમ જાણીને ભગવાનના નિયમમાં નિરંતર રહે. (૧)** ૧

૨ ત્યારે શુકમુનિએ પૂછ્યું જે, **(૨)** જ્યારે એક માહાત્મ્યે સહિત ભક્તિએ કરીને સંપૂર્ણ થાય ત્યારે એક ભક્તિ જ કેમ ન કહી ને ચાર વાનાં શા સારુ કહ્યાં ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અતિશે માહાત્મ્યે સહિત ભક્તિ ભગવાનને વિષે હોય તો એક ભક્તિને વિષે ત્રણે આવી જાય. અને સામાન્ય ભક્તિ હોય તો એકમાં ત્રણ ન આવે, માટે ચાર વાનાંએ સહિત જે ભક્તિ

તે જેમાં હોય તે એકાંતિક ભક્ત કહેવાય એમ કહ્યું છે અને એવી અસાધારણ ભક્તિ તો પૃથુરાજાને હતી તે ભગવાને વર દેવાનું કહ્યું ત્યારે ભગવાનની કથા સાંભળ્યા સારુ દશ હજાર કાન માગ્યા, પણ બીજું કાંઈ ન માગ્યું અને જે ગોપીઓને રાસક્રીડામાં ન જાવા દીધી તે દેહ મૂકીને શ્રીકૃષ્ણ પાસે ગઈ, એવી અસાધારણ ભક્તિ હોય તો જ્ઞાનાદિક ત્રણે એક ભક્તિમાં આવી જાય. **(૨)** ૨

૩ ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** એવી અસાધારણ ભક્તિ શે ઉપાયે કરીને આવે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, મોટાપુરુષની સેવા થકી આવે છે તે મોટાપુરુષ પણ ચાર પ્રકારના છે : એક તો દીવા જેવા, ને બીજા મશાલ જેવા, ને ત્રીજા વીજળી જેવા, ને ચોથા વડવાનળ અગ્નિ જેવા. તેમાં દીવા જેવા હોય તે તો વિષયરૂપી વાયુએ કરીને ઓલાઈ જાય, ને મશાલ જેવા હોય તે પણ તેથી અધિક વિષયરૂપી વાયુ લાગે તો તેણે કરીને ઓલાઈ જાય, ને વીજળી જેવા જે હોય તે તો માયારૂપી વરસાદને પાણીએ કરીને પણ ન ઓલાય, અને વડવાનળ અગ્નિ જેવા હોય તે તો જેમ વડવાનળ સમુદ્રમાં રહે છે પણ સમુદ્રના જળનો ઓલાવ્યો ઓલાતો જ નથી, અને સમુદ્રના જળને પીને મૂળદ્વારે કાઢી નાખે છે તે પાણી મીઠું થાય છે તેને મેઘ લાવીને સંસારમાં વૃષ્ટિ કરે છે તેણે કરીને નાના પ્રકારના રસ થાય છે, તેમ એવા જે મોટાપુરુષ છે તે સમુદ્રના જળ જેવા ખારા જીવ હોય તેને પણ મીઠા કરી નાખે છે. એવી રીતે એ ચાર પ્રકારના જે મોટાપુરુષ કહ્યા તેમાં જે વીજળીના અગ્નિ જેવા તથા સમુદ્રના અગ્નિ જેવા મોટાપુરુષ છે તેમની સેવા જો પોતપોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે તો તે જીવના હૃદયમાં માહાત્મ્યે સહિત ભક્તિ આવે છે. તે વીજળીના અગ્નિ જેવા તો ભગવાનના એકાંતિક સાધુ છે અને વડવાનળ અગ્નિ જેવા તો સિદ્ધદશાવાળા ભગવાનના પરમએકાંતિક મુક્ત છે એમ જાણવું. **(૩)** ઈતિ વચનામૃતમ્ **॥૩॥ (૨૦૩)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે જેને અમારી માહાત્મ્યે સહિત ભક્તિ હોય ને આત્મનિષ્ઠા, ધર્મ ને વૈરાગ્ય એ ત્રણ સામાન્ય હોય તો પણ તે ધર્મમાંથી પડે નહિ. માટે એ ત્રણથી ભક્તિ શ્રેષ્ઠ છે. **(૧)** બીજામાં એવી અસાધારણ ભક્તિમાં જ્ઞાનાદિક ત્રણે આવી જાય છે. **(૨)** ત્રીજામાં ચાર પ્રકારના મુક્ત છે તેમાં વીજળી તથા વડવાનળ જેવા મુક્તની સેવાથી અસાધારણ ભક્તિ આવે છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં શ્રી ગોપાળાનંદ સ્વામીએ તથા મુક્તાનંદ સ્વામીએ ધર્મ હોય તો ત્રણે તે પુરુષમાં આવે એવો ઉત્તર કર્યો તે એ તો અનાદિમુક્ત હતા તેમણે એવો ઉત્તર કેમ કર્યો હશે ?

૧ **ઉ૦** શ્રી ગોપાળાનંદ સ્વામીએ તથા મુક્તાનંદ સ્વામીએ ભાગવત ધર્મ હોય તો જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ત્રણે એમાં આવી જાય એમ ઉત્તર કર્યો છે. પણ ભાગવત ધર્મ ન બોલ્યા ને બાધે ભારે ધર્મ બોલ્યા તેથી કોઈકને સામાન્ય ધર્મ સમજાય તે સારુ શ્રીજીમહારાજે ફરીથી ઉત્તર કરીને ધર્મને નિર્બળ કરી બતાવ્યો ને ભક્તિ હોય તો ધર્માદિક ત્રણ આવે એમ કહ્યું તે ભક્તિ ને ભાગવત ધર્મ તે એક જ છે. માટે શ્રીજીમહારાજના તથા તેમના ઉત્તરમાં ફેર નથી.

૨ **પ્ર૦** શ્રી ગોપાળાનંદ સ્વામીએ તથા શ્રી મુક્તાનંદ સ્વામીએ ભાગવત ધર્મને અધિક કહ્યો હોય તો શ્રીજીમહારાજે આશંકા કરી ત્યારે અમે ભાગવત ધર્મ કહ્યો છે એમ બોલ્યા કેમ નહિ ?

૨ **ઉ૦** એ બેય મુક્ત દાસત્વ ભક્તિના અંગવાળા છે તે શ્રીજીમહારાજ ઉત્તર કરવા લાગ્યા તેથી વચમાં ન બોલ્યા કેમ જે મોટા

વાત કરતા હોય ત્યારે વચમાં ન બોલવું એ દાસનો ધર્મ છે માટે ન બોલ્યા.

૩ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં દીવા જેવા ને મશાલ જેવા વિષયરૂપી વાયુએ કરીને ઓલાઈ જાય એમ કહ્યું તે કેવા વિષયમાં લેવાય તે દીવા જેવા કહેવાય, અને કેવા વિષયમાં લેવાય તે મશાલ જેવા કહેવાય ?

૩ **ઉ૦** સ્ત્રી, દ્રવ્ય, ખાન, પાન આદિક પદાર્થોનો સંબંધ ઘણો થાય તેને ભોગવવાનો કોઈક વખત સંકલ્પ થઈ જાય તે દીવા જેવા કહેવાય. અને એવા પદાર્થોના યોગમાં સદાય રહેતા થકા પણ તેને ભોગવવાનો સંકલ્પ થાય નહિ, પણ બળાત્કારે નિયમ મુકાવે એવા અધર્મી મનુષ્યોનો ઝાઝો પ્રસંગ હોય તો તેને ભોગવવાનો મનમાં સંકલ્પ થઈ જાય તે મશાલ જેવા કહેવાય, અને જો દેહે કરીને આજ્ઞા વિરુદ્ધ ભોગવે તો તે દીવા જેવા પણ ન કહેવાય, કેમ કે શ્રીજીમહારાજે ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ, શિક્ષાપત્રી આદિકમાં કહેલાં વર્તમાનના પ્રબંધ પ્રમાણે ન વર્તે તે તો મોટાપુરુષ કહેવાય જ નહિ અને માયારૂપી વરસાદને પાણીએ કરીને ન ઓલાય એટલે માયાના કાર્યમાં જળ-કમળવત્ રહે અને તેમાં ભૂંડા દેશકાળાદિકે કરીને પણ લેવાય જ નહિ, અને એના સમાગમ કરનારાને પણ પોતા જેવા નિર્વાસનિક કરીને શ્રીજીમહારાજની મૂર્તિને વિષે હેત કરાવે ને બીજે બધેથી લૂખા કરે તે એકાંતિક વીજળી જેવા કહેવાય. અને મહા અધમ જીવને પણ સંકલ્પ માત્રમાં નિર્વાસનિક કરીને શ્રીજીમહારાજને સુખે સુખિયા કરે તે સિદ્ધદશાવાળા પરમએકાંતિક તથા અનાદિ તે વડવાનળ જેવા કહેવાય.

૪ **પ્ર૦** આમાં વડવાનળ જેવા તો સિદ્ધદશાવાળા પરમએકાંતિક છે એમ કહ્યું અને તમે તો ત્રીજા પ્રશ્નોત્તરમાં સિદ્ધદશાવાળા પરમએકાંતિક તથા અનાદિમુક્તને વડવાનળ જેવા કહ્યા તેનો શો હેતુ હશે ?

૪ **ઉ૦** શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામેલા સિદ્ધમુક્ત છે તે શ્રીજીમહારાજના જેવા જ સમર્થ છે તે (**પ્ર૦ ૬૨**ના પહેલા પ્રશ્નમાં) ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે. પછી જેમ ભગવાન સર્વ પ્રકારે નિર્બંધ ને ચહાય તે કરવા સમર્થ છે તેમ તે ભક્ત સમર્થ ને નિર્બંધ થાય છે, તથા (**સા૦ ૧૧**ના પહેલા પ્રશ્નમાં) ભગવાનના તુલ્યપણાને પામે છે ને ભગવાનના જેવો જ સ્વતંત્ર થાય છે તથા (**પ્ર૦ ૯/૨**માં) મુક્તને પોતાની મૂર્તિઓ કહી છે તથા (**મ૦ ૬૬**માં) મુક્તોને પોતાના સરખા કહ્યા છે. માટે આ ઠેકાણે વડવાનળ જેવા તો પોતે ભગવાન છે એમ કહ્યું છે તે તો પોતાના મુક્તોનો મહિમા કહ્યો છે, ને અમારા સિદ્ધદશાવાળા મુક્ત છે તે તો જેવા અમે છીએ તેવા જ છે, એમ સમજવાનું છે. શ્રીજીમહારાજ તો એ મુક્તના પણ નિયંતા ને સ્વામી ને આધાર છે, ને એમને સુખના દાતા છે ને સત્પુરુષ તો શ્રીજીમહારાજના દાસ છે, ને સુખના ભોક્તા છે, પણ શ્રીજીમહારાજની પેઠે જ જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવા સમર્થ છે, તે માટે એમ કહ્યું છે. ॥૩॥ (૨૦૩)

## વચનામૃત વરતાલનું - ૪

❖સંવત ૧૮૮૨ના માગશર સુદિ ૧૦ દસમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરમાં વિરાજમાન હતા ને અંગને વિષે સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પ્રશ્ન-ઉત્તર કરો.

૧ ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧)** ભક્તિમાર્ગને વિષે પ્રવર્ત્યો એવો જે ભગવાનનો ભક્ત તેને એવું એક સાધન તે કિયું છે જે એક સાધનને કર્યા થકી જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તે સર્વે તે એક સાધનને વિષે આવી જાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, બત્રીસ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો જે સંગ તે મન-કર્મ-વચને કરીને રાખે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે, તેટલાં સર્વે તે સંતના સંગમાં આવી જાય છે. **(૧)** ૧

૨ એમ ઉત્તર કરીને પછી શ્રીજીમહારાજ પ્રશ્ન પૂછતા હવા જે, **(૨)** ભગવાનનો એકાંતિક ભક્ત એવો જે યોગી હોય તે સાંખ્યશાસ્ત્ર ને યોગશાસ્ત્ર એ બેયનો મત એક વાસુદેવનારાયણ

પર છે એમ જાણે, માટે તે યોગી કિયે પ્રકારે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખે ? અને કેમ પોતાના મનને ચલાવે ? ને તે મન ભેળી કેમ મૂર્તિને રાખે ? અને તે કેવી રીતે અંતરમાં વૃત્તિ રાખે ? ને કેવી રીતે બારણે વૃત્તિ રાખે ? અને નિદ્રારૂપી લય ને સંકલ્પ-વિકલ્પરૂપી વિક્ષેપ તે થકી કેઈ યોગની કળાએ કરીને જુદો પડે ? એનો ઉત્તર કહો. પછી મુક્તાનંદ સ્વામીએ તથા ગોપાળાનંદ સ્વામીએ જેવું આવડ્યું તેવું કહ્યું પણ કોઈ થકી ઉત્તર થયો નહિ, પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ જળનો ફુવારો હોય તેને યોગે કરીને ઘૂમરી ખાઈને જળ ઊંચું ઊછળે છે, તેમ અંતઃકરણરૂપી જે ફુવારો તેને વિષે જીવની વૃત્તિ છે, તે ઘૂમરી ખાઈને પંચ ઈન્દ્રિયદ્વારે ઊછળે છે તેને જે યોગી હોય તે બે પ્રકારે કરીને, એક વૃત્તિએ કરીને તો પોતાના હૃદયને વિષે સાક્ષીરૂપે રહ્યા એવા જે શ્રી વાસુદેવ ભગવાન તેનું ચિંતવન કરે, અને બીજી વૃત્તિ છે તેને તો દૃષ્ટિદ્વારે કરીને બહાર રાખે, અને તે વૃત્તિએ કરીને બહાર ભગવાનનું ચિંતવન કરે, તે પણ નખશિખા પર્યંત સમગ્ર મૂર્તિનું ભેળું જ ચિંતવન કરે, પણ એક એક અંગનું જુદું જુદું ચિંતવન ન કરે, જેમ મોટું મંદિર હોય તેને એકસામટું ભેળું જ જુએ, તથા જેમ મોટો પર્વત હોય તેને એકસામટો ભેળો ને ભેળો જ જુએ. એવી રીતે ભગવાનના સ્વરૂપને જુએ પણ એકેકું અંગ ન જુએ, અને તે મૂર્તિને જ્યારે પોતાની દૃષ્ટિ આગળ છેટે ધારે ને તે મૂર્તિને પડખે બીજું કાંઈક પદાર્થ દેખાય તો તે મૂર્તિ છેટે ધારી છે તેને ઢૂંકડી લાવીને પોતાની નાસિકાના અગ્રની ઉપર એ મૂર્તિને રાખે, એમ કરતાં પણ આસપાસ કંઈક પદાર્થ જણાય તો પોતાની ભ્રૂકુટીના મધ્યને વિષે મૂર્તિને ધારે, એમ કરતાં જો આળસ કે નિદ્રા જેવું જણાય તો વળી મૂર્તિને દૃષ્ટિ આગળ છેટે ધારે. પછી જેમ છોકરાં પતંગને ઉડાડે છે તેવી રીતે મૂર્તિરૂપી પતંગને પોતાની વૃત્તિરૂપી જે દોરી તેણે કરીને મૂર્તિને ઊંચી ચડાવે, અને વળી પાછી હેઠે લાવે અને અડખે-પડખે ડોલાવે એવી રીતે યોગકળાએ કરીને જ્યારે સચેત થાય, ત્યારે વળી પાછી મૂર્તિને નાસિકાને અગ્રે ધારે ને ત્યાંથી ભ્રૂકુટીમાં લાવીને હૃદયને વિષે મૂર્તિને ઉતારે, અને અંતરને વિષે સાક્ષીરૂપ જે મૂર્તિ અને બહારની મૂર્તિ એ બેયને એક કરે, પછી અંતઃકરણની બે પ્રકારે વૃત્તિ હોય તે એક થઈ જાય છે, એમ કરતાં જો આળસ કે નિદ્રા જેવું જણાય તો વળી બે પ્રકારે વૃત્તિને કરીને મૂર્તિને બહાર લાવે, એવી રીતે જ શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના ને ઘ્રાણ તે દ્વારે પણ યોગકળા સાધે અને તેમ જ મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર તે દ્વારે પણ ભગવાનની મૂર્તિને ધારે, અને ઈન્દ્રિયો ને અંતઃકરણ એ સર્વેને સાંખ્ય વિચારે કરીને જુદાં કરીને એકલા ચૈતન્યને વિષે જ ભગવાનની મૂર્તિને ધારે અને તે ભગવાનની મૂર્તિને અંતરમાં કે બહાર ધારી હોય, અને તે સમે કોઈક વ્યવહાર સંબંધી વિક્ષેપ આડો આવે તો તે વિક્ષેપનું પણ મૂર્તિને ધારવાપણે કરીને જ સમાધાન કરે, પણ વિક્ષેપને વિષે પણ પોતાની યોગકળાનો ત્યાગ ન કરે એવી રીતની યોગકળાએ યુક્ત એ યોગી વર્તે છે. **(૨)** ઈતિ વચનામૃતમ્ **॥૪॥ (૨૦૪) ૨**

**રહસ્યાર્થ પ્રદી૦**- આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે બત્રીશ લક્ષણે યુક્ત એવા જે અમારા સંત તેમનો મન-કર્મ-વચને સંગ રાખે તો તેના સંગમાં સર્વે સાધન આવી જાય. **(૧)** બીજામાં વૃત્તિને બે પ્રકારે કરીને એક વૃત્તિએ

હૃદયને વિષે અમારી મૂર્તિનું ચિંતવન કરે, ને બીજી વૃત્તિએ નેત્ર આગળ છેટે અમારી મૂર્તિને ધારીને ચિંતવન કરવું, અને મૂર્તિને અડખે-પડખે બીજું પદાર્થ દેખાય તો નાસિકાગ્ર મૂર્તિ ધારવી, એમ કરતાં અડખે-પડખે પદાર્થ દેખાય તો ભ્રૂકુટીના મધ્યે ધારવી, અને આળસ-નિદ્રા આવે તો મૂર્તિ છેટે ધારવી ને ઢૂંકડી લાવવી ને અડખે-પડખે ધારવી, પછી સચેત થવાય ત્યારે નાસિકાગ્ર લાવવી ને ભ્રૂકુટીમાં લાવીને હૃદયમાં ઉતારવી, અને બે વૃત્તિઓ હોય તે એક કરવી એમ કરતાં આળસ-નિદ્રા આવે તો મૂર્તિ બહાર લાવવી એવી રીતે જ્ઞાન-ઈન્દ્રિયોદ્વારે અમારી મૂર્તિ ધારવી પછી ચૈતન્યમાં ધારવી તેમાં વ્યાવહારિક વિક્ષેપ આવે તો મૂર્તિ ધારવી પડી મૂકવી નહિ, એ યોગકળાએ કરીને અમારી મૂર્તિ ધારવાનો ઉપાય છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં જ્ઞાન-ઈન્દ્રિયોએ કરીને મૂર્તિ ધારવાની કહી તે જ્ઞાન-ઈન્દ્રિયે કરીને શ્રીજીમહારાજને કેવી રીતે ધારવા ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજ ગાતાં ગાતાં આવે છે એમ કાને કરીને ધારવા ને કાનદ્વારે મૂર્તિને હૃદયમાં ઉતારવી, અને શ્રીજીમહારાજને મળું છું એમ ત્વચાએ કરીને ધારવા, અને ત્વચાદ્વારે પ્રેમે કરીને હૃદયને વિષે ઉતારવા, અને શ્રીજીમહારાજ છેટેથી મહાતેજોમય મૂર્તિ ચાલ્યા આવે છે. એમ નેત્રદ્વારાએ ધારવા અને નેત્રદ્વારાએ કરીને હૃદયમાં ઉતારવા અને શ્રીજીમહારાજ ભારે ભારે ભોજન જમે છે ને મને પ્રસાદી આપે છે તે હું જમું છું એમ ધારવા, ને એમ ધારતાં ધારતાં જિહ્વાદ્વારે હૃદયમાં ઉતારવા, અને શ્રીજીમહારાજ ભારે વસ્ત્ર-ઘરેણાં તથા પુષ્પના હાર તથા અત્તર-ચંદન તેણે ગરકાવ થકા આવે છે તેનો સુગંધ આવે છે, એમ ઘ્રાણ-ઈન્દ્રિયે કરીને ધારવા અને તે ઘ્રાણ-ઈન્દ્રિયદ્વારે હૃદયમાં ઉતારવા અને ચિત્તમાં ચિંતવન કરવું, મનમાં મનન કરવું, બુદ્ધિમાં નિશ્ચય કરવો, અને હું એમનો છું ને એ મારા છે એવું અહંકારે કરીને અહંપણું લાવવું, એમ સર્વે ઈન્દ્રિયોદ્વારે શ્રીજીમહારાજને પોતાના હૃદયમાં ઉતારવા.

૨ **પ્ર૦** મૂર્તિને ધારવાપણે કરીને વ્યાવહારિક વિક્ષેપનું સમાધાન કરવું એમ કહ્યું તે મૂર્તિને ધારવાપણે સમાધાન કેવી રીતે કરવું ?

૨ **ઉ૦** જ્યારે વ્યાવહારિક વિક્ષેપ આવે ત્યારે એમ વિચારવું જે આપણે તો મૂર્તિ જ ધારવી ને વ્યવહાર તો જેમ થવાનો હશે તેમ થશે એમ વિક્ષેપનું સમાધાન કરવું પણ વિક્ષેપ ભેળું ભળવું નહિ ને મૂર્તિ મૂકવી નહિ એ સમાધાન જાણવું. ॥૪॥ **(૨૦૪)**

## વચનામૃત વરતાલનું - ૫

❖સંવત ૧૮૮૨ના માગશર વદિ ૪ ચતુર્થીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરથી ઉત્તર દિશે ગોમતીજીને કાંઠે આંબાના વૃક્ષ હેઠે વેદી ઉપર ઢોલિયાને વિષે ઉતરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને અતિ સૂક્ષ્મ એવાં શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે ગુલાબનાં પુષ્પના હાર ઘણાક ધારણ કર્યા હતા અને શ્રવણ ઉપર મોટા બે બે ગુલાબનાં પુષ્પનાં ગુચ્છ ધારણ કર્યા હતા અને પાઘને વિષે ગુલાબના પુષ્પના તોરા વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમગ્ર તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, વાંકડાં વાંકડાં પ્રશ્ન કરો જે જેણે કરીને સૌની આળસ ઊડી જાય એમ કહીને પોતે આથમણી કોરે ઉસીકું કરીને પડખાભેર થયા.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે **(૧) દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા । મામેવ યે પ્રપદ્યંતે માયામેતાં તરંતિ તે ॥** એ શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાને એમ કહ્યું છે જે, જે પુરુષ મુને પામે તે દુઃખે કરીને પણ ન તરાય એવી જે મારી ગુણમયી માયા તેને તરે છે ત્યારે તેને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેને ભગવાનનું ભજન કરતાં થકાં કાંઈક અંતરમાં સંકલ્પ-વિકલ્પનો વિક્ષેપ થઈ આવે છે તેને માયા વિના બીજું કોણ કરતું હશે ? એ પ્રશ્ન છે. પછી શ્રીજીમહારાજ પોઢ્યા હતા તે બેઠા થઈને અતિ કરુણાએ ભીના થકા બોલતા હવા જે,

માયાના ત્રણ ગુણ છે તેમાં તમોગુણની તો પંચ ભૂત ને પંચ માત્રા છે અને રજોગુણના દશ ઈન્દ્રિયો ને પ્રાણ છે અને સત્ત્વગુણનાં ચાર અંતઃકરણ ને ઈન્દ્રિયો-અંતઃકરણના દેવતા છે તે જે જે ભક્ત થઈ ગયા છે તે સર્વમાં એ ત્રણ ગુણનાં કાર્યરૂપ જે ભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા તે સર્વે હતા, માટે એનો એમ ઉત્તર છે **જે પરમેશ્વરને યથાર્થપણે કરીને પરમેશ્વર જાણ્યા જે એ ભગવાનના સ્વરૂપને વિષે કોઈ પ્રકારે માયિક ભાવ નથી અને એ ભગવાન તો માયા ને માયાનું કાર્ય જે ત્રણ ગુણ તે થકી પર છે એવો જેને ભગવાનનો દૃઢ નિશ્ચય થયો તે ભગવાનની માયાને તરી ચૂકયો છે.** અને પોતામાં તો માયાના ગુણનું કાર્ય જે ભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા તે પોતપોતાની ક્રિયાને વિષે પ્રવર્તે છે તો પણ એ માયાને તર્યો કહેવાય કેમ જે એ માયાનું કાર્ય પોતાને વિષે તો હોય, પણ પોતાને ભજન કરવા યોગ્ય એવા જે પ્રગટ પ્રમાણ શ્રી વાસુદેવ ભગવાન તેને તો એ માયાના ગુણથી પર સમજે છે, માટે એને પણ માયાથી પર જ જાણવો, અને બ્રહ્માદિક દેવ ને વસિષ્ઠ, પરાશર, વિશ્વામિત્રાદિક ઋષિ એ સર્વેમાં ગુણનો પ્રવેશ જણાણો છે તે શાસ્ત્રમાં પણ લખ્યું છે માટે તે શું મુક્ત ન કહેવાય ? ને માયાને તર્યા ન કહેવાય ? સર્વે મુક્ત છે ને સર્વે માયાને તર્યા છે અને એમ જો ઉત્તર ન કરીએ તો એ પ્રશ્નનું સમાધાન થાય નહિ માટે એ જ ઉત્તર છે. **(૧)** ૧

૨ પછી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** હે મહારાજ ! ભગવાનને આશરે જાવું તે આશરાનું શું રૂપ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાને ગીતામાં કહ્યું છે જે :-

**સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।**
**અહં ત્વાં સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥**

એ શ્લોકમાં એમ કહ્યું છે જે, બીજા સર્વ ધર્મનો પરિત્યાગ કરીને મારે એકને જ શરણે આવ્ય તો હું તુને સર્વ પાપ થકી મુકાવીશ. તું શોક મા કરય, અને એવો જે **ભગવાનનો દૃઢ આશ્રય તે જેને હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે, અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે, પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય ને તે જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય. (૨)** ૨

૩ પછી નાજે ભક્તે પૂછ્યું જે, **(૩)** જેને પરિપૂર્ણ ભગવાનનો આશરો ન હોય ને બોલ્યામાં તો નક્કી હરિભક્ત હોય તેના જેવું જ નિશ્ચયનું બળ દેખાડતો હોય તે શી રીતે કરીને કળ્યામાં આવે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનના ભક્તનો સરસ-નરસ નિશ્ચય હોય તે તો ભેળાં રહ્યા થકી અને ભેળો વ્યવહાર કર્યા થકી જેવો હોય તેવો કળાઈ આવે છે. પછી જેને થોડો નિશ્ચય હોય તે કચવાઈને સત્સંગના ભીડામાંથી માર્ગ દેઈને એકાંત પકડીને જેવું

થાય તેવું ભજન કરે પણ હરિભક્તની ભીંસણમાં રહેવાય નહિ, માટે ભગવાનનો આશરો પણ ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ એ ત્રણ પ્રકારનો છે અને તેણે કરીને ભક્ત પણ ત્રણ પ્રકારના છે. **(૩)** ૩

૪ પછી વળી નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** એ કનિષ્ઠ હોય તે મટીને આ જન્મને વિષે જ ઉત્તમ ભક્ત થાય કે ન થાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા **જે, જેમ ભગવાનની માનસીપૂજા કરે તેમ જ જે ઉત્તમ હરિભક્ત હોય તેની પણ ભગવાનની પ્રસાદીએ કરીને ભગવાન ભેળી માનસીપૂજા કરે અને જેમ ભગવાનને અર્થે થાળ કરે તેમ જ ઉત્તમ જે ભગવાનના ભક્ત તેને અર્થે પણ થાળ કરીને તેને જમાડે અને જેમ ભગવાનને અર્થે પાંચ રૂપિયાનું ખરચ કરે તેમ જ તે મોટા સંતને અર્થે પણ ખરચ કરે એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત, તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે, તથા ચાર જન્મે તથા દશ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થાનારો હોય તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે. (૪)** ઈતિ વચનામૃતમ્ ।।૫।। **(૨૦૫)** ૪

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૪)** ચાર છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમને માયાથી પર જાણે તો તે ભક્ત માયાથી પર થાય છે. **(૧)** બીજામાં મહાપ્રલય જેવું દુઃખ આવે કે દીર્ઘ રોગાદિક તથા રાજા સબંધી, નાત સંબંધી એવાં ઘણાક પ્રકારનાં દુઃખ ને ઉપદ્રવ આવે તો પણ અમારા વિના કોઈને રક્ષાનો કરનારો જાણે નહિ, ને અમારી મરજી પ્રમાણે વર્તે તે અમારો શરણાગત છે. **(૨)** ત્રીજામાં જેને અમારો નિશ્ચય થોડો હોય તેનાથી સત્સંગના ભીડામાં રહેવાય નહિ. **(૩)** ચોથામાં અમારી ને અમારા ઉત્તમ લક્ષણવાળા સંતની સરખી સેવા કરે તેના ઉપર સો ગણા રાજી થઈને સો જન્મની કસર આ જન્મે ટાળીએ છીએ. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં અમને માયાથી પર જાણે તેમાં માયાનું કાર્ય હોય તો પણ તે માયાને તરી ચૂક્યો છે એમ શ્રીજીમહારાજે કહ્યું. અને (**પ્ર૦ ૨૪**ના ૧/૩ પહેલા પ્રશ્નમાં) અમારો યથાર્થ મહિમા સમજાય તો ભૂંડા ઘાટ માત્ર ટળી જાય એમ કહ્યું તે કેમ સમજવું ? અને શ્રીજીમહારાજે વાંકડાં પ્રશ્ન પૂછવાનું કહ્યું તે વાંકડું પ્રશ્ન કેવી રીતે જાણવું ?

૧ **ઉ૦** આમાં શ્રીજીમહારાજને માયાથી પર દિવ્ય જાણે, પણ જેવા છે તેવા યથાર્થ મહિમા ન જાણે ને શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાનો અભ્યાસ ન હોય તેવા કાચા ભક્તને કહ્યું છે જે અમને દિવ્ય જાણે છે, તો અંત વખતે દિવ્ય થશે. એવું પોતાના પ્રતાપનું બળ બતાવ્યું છે, અને (**પ્ર૦ ૨૪**માં) યથાર્થ મહિમા તથા જ્ઞાન તેણે સહિત અખંડ શ્રીજીમહારાજમાં વૃત્તિ રાખતો હોય તેવા પાકા ભક્તની વાત કહી છે અને શ્રીજીમહારાજે વાંકડાં પ્રશ્ન પૂછવાનું કહ્યું ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે તમે કહો છો કે અમને પામે તે માયાને તરે ત્યારે તમારા ભક્તને માયા વિક્ષેપ કેમ કરે છે ? અર્થાત્ તમે ભક્તની માયાને ટાળતા કેમ નથી. એમ ટીખળ કર્યું તે વાંકડું કહેવાય. ત્યારે શ્રીજીમહારાજે પણ પૂર્વના ભક્તો બ્રહ્મા, વસિષ્ઠાદિકને વિષે માયાનો સંબંધ હતો તો પણ તે માયાને તર્યા કહેવાય છે તેમ આજ પણ અમારા ભક્તને માયાના ગુણ વ્યાપતા હોય, પણ અમને માયાથી પર જાણે છે તો તે ભક્તને પણ માયાને તર્યા જાણવા એમ રમૂજ કરીને સમાધાન કર્યું છે.

૨ **પ્ર૦** બીજા પ્રશ્નમાં શ્રીકૃષ્ણ ને અર્જુનને દૃષ્ટાંતે શ્રીજીમહારાજનો આશરો કરવામાં ત્યાગ કરવા યોગ્ય સર્વ ધર્મ કહ્યા તે કિયાં જાણવા ?

૨ ઉ૦ જેમ હિમરાજશાના પરિવારને નાતીલાએ નાત્ય બહાર મૂક્યા હતા તથા આ ગામના રત્ના ભક્તને રાજાએ તથા નાતીલાએ ગામમાંથી કાઢી મૂક્યા હતા, એવાં દુઃખ આવે તથા મા, બાપ, સ્ત્રી, પુત્રાદિક સગાં-સંબંધી, ગુરુ અંતરાય કરે, દેહમાં દીર્ઘ રોગ આવે, વ્યવહારમાં દુઃખ આવે ને આજીવિકા તૂટી જાય એવાં ઘણાં દુઃખ આવે તો પણ શ્રીજીમહારાજનો આશરો મૂકવો નહિ, અને શ્રીજીમહારાજ વિના બીજાં કોઈ દેવ-દેવીને સુખદાયી જાણવાં નહિ, ને શ્રીજીમહારાજની મરજી

પ્રમાણે જે સુખ-દુઃખ આવે તેને ટાળવા ઇચ્છવું નહિ અને જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય છે ત્યારે ત્યારે ભગવાન પ્રગટ થાય છે તેમ આ સમે શ્રીજીમહારાજ એકાંતિક ધર્મ સ્થાપન કરવા પ્રગટ થયા છે, માટે જેમ શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટ થયા ત્યારે ગોપી-ગોવાળે રામચંદ્રજીનો આશરો મૂકીને શ્રીકૃષ્ણ ભગવાનનો આશરો કર્યો, તેમ શ્રીજીમહારાજનો આશરો કરવામાં પ્રથમ જેનો આશરો કર્યો હોય તે કેમ મૂકી દેવાય એવી આશંકા કરવી નહિ, પણ પંચવર્તમાન સંબંધી ધર્મનો ત્યાગ કરવો નહિ, તે (**લો૦ ૬**ના ૧૮/૨૧ અઢારમા પ્રશ્નમાં) અમારા ભેળાં સ્ત્રીઓનાં દર્શન થતાં હોય ત્યાં અમે બેસારીએ તો પણ ન બેસવું એમ કહ્યું છે, અને એમાં જ (**૧૩**/૧૬ તેરમા પ્રશ્નમાં) જેમ શ્રીકૃષ્ણે અશ્વત્થામાને મારવાનું વચન કહ્યું તે અર્જુને ન માન્યું, તેમ અમારું વચન અધર્મ જેવું હોય તો ન માનવું એમ કહ્યું છે, માટે અગિયાર નિયમ સંબંધી વચન સિવાયના બીજા મને માનેલા ધર્મ હોય તે મૂકી દેવા તથા શ્રીજીમહારાજ વિના બીજા કોઈને કર્તા જાણ્યા હોય તે ધર્મ મૂકી દેવા.

૩ **પ્ર૦** ચોથા પ્રશ્નમાં અમારી ને ઉત્તમ લક્ષણવાળા ભક્તની સરખી સેવા કરવી એમ શ્રીજીમહારાજે કહ્યું તે કેવા હોય તે ઉત્તમ લક્ષણવાળા જાણવા ?

૩ **ઉ૦** (**છે૦ ૩૫**ના ૫/૬ પાંચમા પ્રશ્નમાં) છો લક્ષણ કહ્યાં છે તથા (**પ્ર૦ ૭૭**ના ત્રીજા પ્રશ્નોત્તરમાં) સાધુનાં બત્રીશ લક્ષણ કહ્યાં છે તેણે યુક્ત હોય તથા (**વ૦ ૩**ના ત્રીજા પ્રશ્નોત્તરમાં) વીજળી જેવા તથા વડવાનળ જેવા મોટાપુરુષ ક્હ્યા છે તેવા જાણવા **॥૫॥ (૨૦૫)**

## વચનામૃત વરતાલનું - ૬

❖સંવત ૧૮૮૨ ના માગશર વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના મંદિર આગળ મંચ ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે પુષ્પના હાર ધારણ કર્યા હતા ને પાઘને વિષે પુષ્પના તોરા લટકતા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી ચિમનરાવજીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! જીવ જ્યારે પ્રથમ કારણ શરીરે યુક્ત થકા માયાને વિષે હતા ત્યારે એમને કર્મ વિનાનું સ્થૂળ શરીર કેમ થઈ આવ્યું ? અને જો કર્મ એને હતાં એમ કહીએ તો જેમ જીવ અનાદિ છે તેમ કર્મ પણ અનાદિ થાય ત્યારે તો **જૈનના** જેવો મત થાય છે માટે કર્મ વિના જીવને સ્થૂળ દેહની પ્રાપ્તિ કેઈ રીતે છે ? એ પ્રશ્ન છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એકલું કાળનું જ બળ કહે તે પણ પ્રમાણ નહિ ને એકલું કર્મનું બળ કહે તે પણ પ્રમાણ નહિ ને એકલું પરમેશ્વરનું બળ કહે તે પણ પ્રમાણ નહિ; એ તો જ્યારે જેનું પ્રધાનપણું હોય તે સમે શાસ્ત્રમાં તેનું જ પ્રધાનપણું કહ્યું હોય પણ[1] સર્વ ઠેકાણે એનું એ લેવું નહિ અને જ્યારે જેવી પરમેશ્વરની ઇચ્છા હોય ત્યારે તેવું જ કાળનું સામર્થ્ય પ્રવર્તે છે **તે કાળે કરીને પરમેશ્વર જે તે જીવનાં દેહ, ઇન્દ્રિય, મન, પ્રાણને સૃજે છે. પછી તો જે જીવ જેવું કર્મ કરે તેને તેવા દેહની પ્રાપ્તિ થાય છે, (૧)** તે જ્યારે પ્રથમ આ ૧
વિશ્વ રચ્યું ત્યારે પ્રથમનો જે **સતયુગ** તેને વિષે સર્વે મનુષ્યના સંકલ્પ સત્ય થાતા અને સર્વે બ્રાહ્મણ જ હતા. અને મનમાં સંકલ્પ ધારે ત્યારે સંકલ્પ માત્રે કરીને પુત્રની ઉત્પત્તિ થાતી અને સૌને ઘેર કલ્પવૃક્ષ હતાં અને જેટલાં મનુષ્ય હતાં તે સર્વે પરમેશ્વરનું ભજન કરતાં. અને જ્યારે **ત્રેતાયુગ** આવ્યો ત્યારે મનુષ્યના સંકલ્પ સત્ય રહ્યા નહિ; જ્યારે કલ્પવૃક્ષ હેઠે જાય ત્યારે સત્ય

સંકલ્પ સત્ય થાય અને સ્ત્રીનો સ્પર્શ કરે ત્યારે પુત્રની ઉત્પત્તિ થાય અને જ્યારે **દ્વાપરયુગ** આવ્યો ત્યારે સ્ત્રીનો અંગ સંગ કરે ત્યારે પુત્રની ઉત્પત્તિ થાય, એવી રીતનો જે સત્યયુગ-ત્રેતાયુગનો સ્વભાવ તે સર્વે સત્યયુગ-ત્રેતાયુગમાં ન હોય, એ તો પ્રથમ સત્યયુગ ને પ્રથમ ત્રેતાયુગ હતા તેમાં હતું. એવી રીતે જ્યારે કાળ બળવાન પ્રવર્તે ત્યારે કર્મના સામર્થ્યને ન્યૂન કરી નાખે છે અને જ્યારે અતિશે દુર્ભક્ષ વર્ષ આવે ત્યારે સર્વે પ્રજાને દુઃખ આવે અથવા ભારે લડાઈ થાય ત્યારે લક્ષાવધિ માણસ એક કાળે મરાઈ જાય છે; ત્યારે શું બધાયનું એક ભેળે કર્મ ખૂટી રહ્યું ? એ તો કાળની જ અતિશે સામર્થી છે તેણે કર્મના બળને હઠાવી દીધું. માટે જ્યારે બળવાન કાળનો વેગ પ્રવર્તે ત્યારે કર્મનો મેળ રહે નહિ. કર્મમાં સુખ લખ્યું હોય તે દુઃખ થઈ જાય ને કર્મમાં જીવવું લખ્યું હોય તે કાળે કરીને મરી જાય. એવી રીતે જ્યારે બળવાન કાળનો વેગ હોય ત્યારે કાળે કરીને જ સર્વ થાય છે એમ શાસ્ત્રમાં લખ્યું હોય. અને જ્યારે ઘણાક મનુષ્ય ભગવાનના એકાંતિક ભક્ત થાય છે ત્યારે કળિયુગને વિષે પણ સત્યયુગ થાય છે, એ ઠેકાણે એકાંતિક ભક્તનાં જે ભગવાનની ભક્તિ સંબંધી કર્મ તેનું જ જોર શાસ્ત્રમાં કહ્યું હોય, પણ કાળનું જોર કહ્યું ન હોય તે વાર્તાને જાણ્યા વિના નાસ્તિક મતવાળા છે તે કર્મને જ સર્વ કર્તા કહે છે પણ એમ નથી જાણતા જે એ તો ભગવાનના એકાંતિક જે ભક્ત તેના કર્મનું સામર્થ્ય કહ્યું છે, પણ વિમુખ જીવના કર્મનું એવું સામર્થ્ય કહ્યું નથી અને જ્યારે ભગવાન એવો સંકલ્પ ધારીને પ્રગટ થાય છે જે આ દેહે કરીને તો પાત્ર-કુપાત્ર જે જે જીવને મારી મૂર્તિનો યોગ થાય તે સર્વનું કલ્યાણ કરવું છે. ત્યારે કાળનું ને કર્મનું કાંઈ સામર્થ્ય રહે નહિ ત્યારે તો એકલું પરમેશ્વરનું જ સામર્થ્ય રહે છે; તે જ્યારે ભગવાને કૃષ્ણાવતાર ધાર્યો ત્યારે મહાપાપણી જે પૂતના તેણે ભગવાનને ઝેર પાયું તેને શ્રીકૃષ્ણ ભગવાને પોતાની માતા જે યશોદાજી તે બરોબર ગતિ આપી. અને બીજા પણ મહાપાપી દૈત્ય હતા તે ભગવાનને મારવા આવ્યા હતા તેને પણ શ્રીકૃષ્ણ ભગવાન પરમપદ આપતા હવા. ને બીજા પણ જે જે ભાવે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના સંબંધને પામ્યા તે સર્વેનું કલ્યાણ કર્યું માટે એ ઠેકાણે તો પરમેશ્વરનું જ બળ અતિશે કહ્યું છે, પણ કાળનું કે કર્મનું કાંઈ સામર્થ્ય નથી કહ્યું, માટે જે ઠેકાણે જેવું પ્રકરણ તે ઠેકાણે તેવું જાણવું; એવી રીતે જ્યારે પ્રથમ વિશ્વ રચ્યું ત્યારે કર્મ વિના જ પરમેશ્વરની ઈચ્છાએ કાળે કરીને જીવને સ્થૂળ દેહની પ્રાપ્તિ થઈ અને તે પછી જેમ જેમ યુગ પલટાતા ગયા ત્યારે જેવાં જેણે કર્મ કર્યાં તેને તેવા તેવા દેહની પ્રાપ્તિ થાતી ગઈ. **(૨)** ૨

ઈતિ વચનામૃતમ્ **॥૬॥ (૨૦૬)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે પ્રથમ કર્મ વિનાના જીવને કાળદ્વારે અમે સ્થૂળ દેહ આપીએ છીએ. પછી જેવાં કર્મ કરે તેવા દેહની પ્રાપ્તિ થાય છે. **(૧)** અને કર્મથી કાળનું બળ વિશેષ છે અને કાળથી અમારા એકાંતિક ભક્તનાં અમારી ભક્તિ સંબંધી કર્મનું બળ વિશેષ છે, ને એકાંતિક ભક્તનાં ભક્તિ સંબંધી કર્મથી અમારું બળ અધિક છે. **(૨)** બાબતો છે. **॥૬॥ (૨૦૬)**

## વચનામૃત વરતાલનું - ૭

❖સંવત ૧૮૮૨ના માગશર વદિ ૧૪ ચૌદશને દિવસ શ્રીજીમહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરની આગળ મંચ ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

અને હરિભક્ત પરસ્પર ભગવદ્‌વાર્તા કરતા હતા, તેમાં એવો પ્રસંગ નીસર્યો જે દૈવી ને આસુરી એ બે પ્રકારના જીવ છે તેમાં દૈવી જીવ હોય તે તો ભગવાનના ભક્ત જ થાય, ને આસુરી હોય તે તો ભગવાનથી વિમુખ જ રહે. ત્યારે ચિમનરાવજીએ શ્રીજીમહારાજને
૧ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! આસુરી જીવ હોય તે કોઈ પ્રકારે દૈવી થાય કે ન થાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, આસુરી જીવ તો દૈવી ન જ થાય, એનું તો બીજ જ અસુર છે, અને જો કોઈક રીતે કરીને આસુરી જીવ સત્સંગમાં આવી પડ્યો, તો પણ આસુરભાવ તો ટળે નહિ, પછી સત્સંગમાં રહ્યો થકો જ જ્યારે શરીરને મૂકે ત્યારે બ્રહ્મને વિષે લીન થાય, ને વળી પાછો નીકળે એમ અનંત વાર બ્રહ્મમાં લીન થાય ને પાછો નીસરે ત્યારે એનો આસુરભાવ છે તે નાશ પામે, પણ તે વિના તો આસુરભાવ નાશ પામે નહિ. **(૧)** ૧

૨ પછી શોભારામ શાસ્ત્રીએ પૂછ્યું જે, **(૨)** હે મહારાજ ! **ભગવાનનું અન્વયપણું કેમ છે ? ને વ્યતિરેકપણું કેમ છે ?** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અન્વય-વ્યતિરેકની વાર્તા તો એમ છે જે ભગવાન અર્ધાક માયાને વિષે અન્વય થયા છે, ને અર્ધાક પોતાના ધામને વિષે વ્યતિરેક રહ્યા છે એમ નથી; એ તો ભગવાનનું સ્વરૂપ જ એવું છે, જે માયામાં અન્વય થયા થકા પણ વ્યતિરેક જ છે, પણ ભગવાનને એમ બીક નથી જે રખે હું માયામાં જાઉં ને અશુદ્ધ થઈ જાઉં, ભગવાન તો માયાને વિષે આવે ત્યારે માયા પણ અક્ષરધામરૂપ થઈ જાય છે, અને ચોવીશ તત્ત્વને વિષે આવે તો ચોવીશ તત્ત્વ પણ બ્રહ્મરૂપ થઈ જાય છે, તે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જ **धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥** ઈત્યાદિક અનંત વચને કરીને ભગવાનના સ્વરૂપનું પ્રતિપાદન કર્યું છે, અને જેમ વૃક્ષનું બીજ હોય તેમાં પણ આકાશ છે, પછી એ બીજમાંથી વૃક્ષ થયું ત્યારે તે વૃક્ષનાં ડાળ, પાંદડાં, ફૂલ, ફળ એ સર્વેને વિષે આકાશ અન્વય થયો, પણ જ્યારે વૃક્ષને કાપે ત્યારે વૃક્ષ કપાય તે ભેળો આકાશ કપાય નહિ, અને વૃક્ષને બાળે ત્યારે આકાશ બળે નહિ, તેમ ભગવાન પણ માયા ને માયાનું કાર્ય તેને વિષે અન્વય થયા થકા પણ આકાશની પેઠે વ્યતિરેક જ છે, એમ ભગવાનના સ્વરૂપનું અન્વય-વ્યતિરેકપણું છે. **(૨)** ઈતિ વચનામૃતમ્ **॥૭॥ (૨૦૭)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે આસુરી જીવ સત્સંગમાં આવે તો તે બ્રહ્મમાં અનંત વાર લીન થાય, ને નીકળે ત્યારે આસુરભાવ નાશ પામે. **(૧)** બીજામાં અમે માયાને માયાના કાર્યમાં અન્વય થયા થકા આકાશની પેઠે વ્યતિરેક જ છીએ. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં આસુરી જીવ બ્રહ્મમાં લીન થાય ને નીકળે એમ કહ્યું તે બ્રહ્મમાંથી તો નીકળાય નહિ એમ (**પ્ર૦ ૬૪/૪**માં) કહ્યું છે તે કેમ સમજવું ?

૧ **ઉ૦** આ ઠેકાણે શ્રીજીમહારાજના ભક્તને બ્રહ્મની મૂર્તિઓ કહ્યા છે તેને ઘેર અનંતવાર જન્મ ધરે ત્યારે તે દૈવી થાય તે (**મ૦ ૬૩/૬**માં) કહ્યું છે.

૨ **પ્ર૦** બીજા પ્રશ્નમાં અમે માયાને વિષે તથા તત્ત્વને વિષે આવીએ ત્યારે એ માયા આદિક અક્ષરધામરૂપ થઈ જાય છે એમ શ્રીજીમહારાજે કહ્યું તે માયાને વિષે કેવી રીતે આવતા હશે ?

૨ **ઉ૦** અગ્નિની જ્વાળા લોઢાને વિષે આવે છે ત્યારે તે લોઢું અગ્નિનું કામ કરે છે, તેમ માયાને વિષે તથા તત્ત્વને વિષે શ્રીજીમહારાજ અંતર્યામીરૂપે પ્રવેશ કરે ત્યારે તે દ્વારે પોતે ઉત્પત્ત્યાદિક કરે છે અને જ્યારે એ કાર્ય થઈ રહે એટલે પ્રલય થાય ત્યારે તે માયા તથા તત્ત્વ તે જેવાં હોય તેવાં રહે છે, જેમ લોઢામાંથી અગ્નિ નીકળી જાય ત્યારે તે લોઢું પ્રથમ જેવું હોય તેવું રહે છે તે (**પં. ૭/૨**માં) કહ્યું છે જે, જેને વિષે અમે પ્રવેશ કરીએ છીએ તેના પ્રકાશને ઢાંકીને અમારો પ્રકાશ પ્રગટ કરીએ છીએ એમ કહ્યું છે. **॥૭॥ (૨૦૭)**

## વચનામૃત વરતાલનું - ૮

❖સંવત ૧૮૮૨ના પોષ સુદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરની આગળ મંચ ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

અને મુનિ દુકડ-સરોદા લઈને કીર્તન ગાવતા હતા, તે સમે શ્રીજીમહારાજ અંતર્દૃષ્ટિ કરીને ધ્યાનમુદ્રાએ યુક્ત થઈને થોડીક વાર દર્શન દીધાં ને પછી નેત્રકમળને ઉઘાડીને સર્વે સભા
૧ સન્મુખ જોઈને બોલ્યા જે, **(૧)** હવે સર્વે સાંભળો વાત કરીએ છીએ જે આ નેત્રની જે વૃત્તિ તે અરૂપ છે, તો પણ તે વૃત્તિને આડું કાંઈક સ્થૂળ પદાર્થ આવે ત્યારે તે વૃત્તિ રોકાય છે, માટે એ વૃત્તિ પણ સ્થૂળ છે, ને પૃથ્વીતત્ત્વ પ્રધાન છે, ને તે વૃત્તિને જ્યારે પરમેશ્વરનો ભક્ત પરમેશ્વરના સ્વરૂપમાં રાખે છે ત્યારે તે વૃત્તિ પ્રથમ તો પાતળી દોરડીની પેઠે પીળી ભાસે છે, અને જેમ કરોળિયો હોય તે પોતાની લાળને એક સ્થંભથી બીજા સ્થંભ સુધી લાંબી કરે પછી એ કરોળિયો ક્યારેક તો આ સ્થંભ ઉપર જાય ને ક્યારેક ઓ સ્થંભ ઉપર જાય, ને કયારેક બે સ્થંભને મધ્યે બેસે, તેમ કરોળિયાને ઠેકાણે જીવ છે, ને એક સ્થંભને ઠેકાણે ભગવાનની મૂર્તિ છે, અને બીજા સ્થંભને ઠેકાણે પોતાનું અંતઃકરણ છે, ને લાળને ઠેકાણે વૃત્તિ છે, તે દ્વારે કરીને ધ્યાનનો કરનારો જે યોગી તે ક્યારેક તો ભગવાનના સ્વરૂપ સંગાથે સંલગ્ન થઈ રહે છે, ને ક્યારેક તો અંતઃકરણને વિષે રહે છે, ને ક્યારેક તો અંતઃકરણ ને ભગવાન તેના મધ્યે રહે છે એમ વર્તતાં થકાં પૃથ્વીતત્ત્વ પ્રધાન એવી જે પીળી વૃત્તિ તે જ્યારે જળતત્ત્વ પ્રધાન થાય ત્યારે શ્વેત જણાય, ને જ્યારે અગ્નિતત્ત્વ પ્રધાન થાય ત્યારે રક્ત જણાય, ને જ્યારે વાયુતત્ત્વ પ્રધાન થાય ત્યારે નીલી જણાય, ને જ્યારે આકાશ તત્ત્વ પ્રધાન થાય ત્યારે શ્યામ જણાય, પછી પંચભૂતનું પ્રધાનપણું મટીને વૃત્તિ નિર્ગુણ થાય, ત્યારે અતિશે પ્રકાશે યુક્ત

જણાય છે, ને ભગવાનના સ્વરૂપને આકારે થાય છે માટે એવી રીતે જે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખતો હોય તેને અતિશે પવિત્રપણે રહેવું, **જેમ દેવને પૂજવાને તત્પર થાય તે દેવ સરખો પવિત્ર થઈને જો દેવની પૂજા કરે ત્યારે તેની જ પૂજાને દેવ અંગીકાર કરે છે,** તેમ પરમેશ્વરને વિષે વૃત્તિ રાખતો હોય તેને પણ સાંખ્ય શાસ્ત્રની રીતે કરીને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહથી પોતાનું સ્વરૂપ ન્યારું જાણીને કેવળ આત્મારૂપ થઈને પરમેશ્વરના સ્વરૂપને વિષે વૃત્તિ રાખવી, એમ વૃત્તિ રાખતાં રાખતાં જ્યારે એ વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય એ જ ધ્યાન કરનારા યોગીને નિદ્રા કહી છે, પણ સુષુપ્તિમાં લીન થાવું એવી એ યોગીને નિદ્રા હોય નહિ. **(૧)** ઈતિ વચનામૃતમ્ **॥૮॥ (૨૦૮)** ૧

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારો ભક્ત પ્રથમ અમારી મૂર્તિમાં વૃત્તિ રાખે ત્યારે પંચભૂતના આકારે તે વૃત્તિ ભાસે છે, પછી વૃત્તિ નિર્ગુણ થાય ત્યારે શ્વેત તેજોમય થાય છે, ને પછી અમારી મૂર્તિને આકારે થાય છે, એવી રીતે અમારે વિષે વૃત્તિ રાખતાં રાખતાં અમારે વિષે લીન થઈ જાય એટલે એક મૂર્તિ જ દેખાય; બીજું કાંઈ દેખાય નહિ તે યોગીની નિદ્રા છે. **(૧)** બાબત છે. **॥૮॥ (૨૦૮)**

## વચનામૃત વરતાલનું - ૯

❖સંવત ૧૮૮૨ના પોષ સુદિ ૮ અષ્ટમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરની આગળ મંચ ઉપર ગાદી-તકિયા બિછાવીને વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે મુનિમંડળ સમસ્ત પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** રાજસી, તામસી ને સાત્ત્વિકી એ ત્રણ પ્રકારનું જે માયિક સુખ તે જેમ ત્રણ અવસ્થાને વિષે જણાય છે, તેમ નિર્ગુણ એવું જે ભગવાન સંબંધી સુખ તે કેમ જણાય છે ? પછી એ પ્રશ્નનો ઉત્તર મુનિમંડળ સમસ્ત મળીને કરવા માંડ્યો પણ એનું સમાધાન થયું નહિ, પછી **શ્રીજીમહારાજ બોલ્યા જે, પૃથ્વી આદિક ચાર ભૂત વિના એકલો જ આકાશ હોય અને જેટલા આકાશને વિષે તારા છે તેટલા ચંદ્રમા હોય, ને તેનો જેવો પ્રકાશ થાય, તેવો ચિદાકાશનો પ્રકાશ છે; અને તે ચિદાકાશને મધ્યે સદાય ભગવાનની મૂર્તિ વિરાજમાન છે, તે મૂર્તિને વિષે જ્યારે સમાધિ થાય ત્યારે એક ક્ષણ માત્ર ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય, તે ભજનના કરનારાને એમ જણાય જે હજારો વર્ષ પર્યંત મેં સમાધિને વિષે સુખ ભોગવ્યું. એવી રીતે ભગવાનના સ્વરૂપ સંબંધી જે નિર્ગુણ સુખ તે જણાય છે, અને જે માયિક સુખ છે તે બહુકાળ ભોગવ્યું હોય તો પણ અંતે ક્ષણ જેવું જણાય છે, માટે ભગવાનના સ્વરૂપ સંબંધી જે નિર્ગુણ સુખ છે તે અખંડ અવિનાશી છે, ને જે માયિક સુખ છે તે નાશવંત છે. (૧)** ઈતિ વચનામૃતમ્ **॥૯॥ (૨૦૯)** ૧

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારા તેજરૂપ ચિદાકાશને મધ્યે અમે સદાય વિરાજમાન છીએ તે અમારે વિષે સમાધિએ કરીને ક્ષણમાત્ર સ્થિતિ થાય તો તે સમાધિવાળાને હજારો વર્ષ સુધી ભોગવ્યું એમ લાગે એવું અમારું નિર્ગુણ સુખ છે, અને માયિક સુખ નાશવંત છે. **(૧)** બાબત છે. **॥૯॥ (૨૦૯)**

## વચનામૃત વરતાલનું - ૧૦

❖સંવત ૧૮૮૨ના પોષ સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષ હેઠે પાટ ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા અને અંગને વિષે સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયમાં ગામ ભાદરણના કોઈક પાટીદાર આવ્યા. તેણે શ્રીજીમહારાજ પ્રત્યે પ્રશ્ન
૧ પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! જીવનું કલ્યાણ કેમ થાય ? પછી શ્રીજીમહારાજે કહ્યું જે આ પૃથ્વીને વિષે રાજારૂપ ને સાધુરૂપ એ બે પ્રકારે ભગવાનના અવતાર થાય છે. તેમાં રાજારૂપે જ્યારે પૃથ્વી ઉપર પ્રગટ થાય ત્યારે તો તે ઓગણચાળીશ લક્ષણે યુક્ત હોય અને જ્યારે સાધુરૂપે પૃથ્વી ઉપર પ્રગટ થાય ત્યારે તો બત્રીશ પ્રકારને લક્ષણે યુક્ત હોય અને જ્યારે રાજારૂપે ભગવાન હોય તો તે ચોસઠ તો પ્રકારની કળાએ યુક્ત હોય તથા સામ, દામ, ભેદ, દંડ એ ચાર પ્રકારના જે ઉપાય તેણે યુક્ત હોય તથા શૃંગાર આદિક જે નવ રસ તેણે યુક્ત હોય. અને તે ભગવાન જ્યારે સાધુરૂપે હોય ત્યારે તેમાં એ લક્ષણ હોય નહિ અને જે રાજારૂપે ભગવાન હોય તેને જો આપત્‌કાળ આવ્યો હોય તો મૃગયા કરીને પણ જીવે અને ચોર હોય તેને ગર્દન પણ મારે અને ઘરમાં સ્ત્રીઓ પણ રાખે. અને સાધુરૂપે ભગવાન હોય તે તો અતિશે અહિંસા પર વર્તે તે નીલા તૃણને પણ તોડે નહિ અને કાષ્ઠની તથા ચિત્રામણની સ્ત્રીનો પણ સ્પર્શ કરે નહિ, માટે સાધુરૂપે જે ભગવાનની મૂર્તિ ને રાજારૂપે જે ભગવાનની મૂર્તિ એ બેની રીતિ એક હોય નહિ અને શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધને વિષે પૃથ્વી ને ધર્મના સંવાદે કરીને રાજારૂપ જે શ્રી કૃષ્ણાદિક ભગવાનના અવતાર તેનાં ઓગણચાળીસ લક્ષણ કહ્યાં છે અને એકાદશ સ્કંધને વિષે શ્રીકૃષ્ણ ભગવાન ને ઉદ્ધવના સંવાદે કરીને સાધુરૂપ જે દત્તાત્રેય-કપિલ આદિક ભગવાનના અવતાર તેનાં બત્રીશ લક્ષણ કહ્યાં છે. **(૧)** માટે જેને પોતાનું ૧
કલ્યાણ ઈચ્છવું તેને તે લક્ષણે કરીને તે ભગવાનને ઓળખીને તે ભગવાનને શરણે થાવું. અને તેનો દૃઢ વિશ્વાસ રાખવો ને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી એ જ કલ્યાણનો ઉપાય છે. અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનના મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો તો તે થકી પણ એ જીવનું કલ્યાણ થાય છે. અને જ્યારે એવા સાધુ પણ ન હોય ત્યારે ભગવાનની પ્રતિમાને વિષે દૃઢ પ્રતીતિ રાખવી ને સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે. **(૨)** ઈતિ વચનામૃતમ્ ॥ **૧૦॥ (૨૧૦)** ૨

**રહસ્યાર્થ પ્રદી ૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે રાજારૂપે ને સાધુરૂપે પોતાના અવતાર થાય છે તેનાં લક્ષણ કહ્યાં છે. **(૧)** અને અમે પૃથ્વીને વિષે મનુષ્યરૂપે પ્રગટ થયા છીએ, તે અમને ઓળખીને અમારો આશરો કરે તેનું કલ્યાણ થાય છે, અને અમે પૃથ્વી ઉપર મનુષ્યરૂપે વિચરતા ન હોઈએ ત્યારે અમને મળેલા એટલે અમારા ધામમાંથી આવેલા મુક્ત મળે તેનો આશરો કરે તો કલ્યાણ થાય, અને એવા મુક્ત મનુષ્યરૂપે ન હોય ત્યારે અમારી પ્રતિમાને વિષે પ્રતીતિ રાખીને

ભક્તિ કરે તો મોક્ષ થાય એમ કહ્યું છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં રાજારૂપે ને સાધુરૂપે ભગવાન પ્રગટ થાય છે એમ કહ્યું તે રાજારૂપે કેવી રીતે જાણવા ? અને સાધુરૂપે કેવી રીતે જાણવા ?

૧ **ઉ૦** ભગવાન પૃથ્વીને વિષે પ્રગટ થઈને ગૃહસ્થના આશ્રમમાં રહે તે રાજારૂપે જાણવા. અને ત્યાગીના આશ્રમમાં રહે તે સાધુરૂપે જાણવા. પણ સાધુને ભગવાન ન જાણવા. એ તો ભગવાન પોતે જ પ્રગટ થઈને ત્યાગીને વિષે વિચરતા હોય તે જ સાધુરૂપ જાણવા.

૨ **પ્ર૦** બીજી બાબતમાં પ્રતિમાથી મુક્તને વિશેષ કહ્યા તે કેમ સમજવું ?

૨ **ઉ૦** ફક્ત શ્રીજીમહારાજનું જ્ઞાન સમજવા માટે પ્રતિમાથી મુક્તને વિશેષ કહ્યા છે, પણ ધ્યાન-ભજન કરવાનું કહ્યું નથી. **॥૧૦॥(૨૧૦)**

## વચનામૃત વરતાલનું - ૧૧

❖સંવત ૧૮૮૨ના પોષ સુદિ ૧૫ પૂનમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષ હેઠે પાટ ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં ને કંઠને વિષે શ્વેત પુષ્પના હાર પહેર્યા હતા ને કર્ણની ઉપર પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા ને પાઘને વિષે પુષ્પના તોરા લટકતા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમસ્ત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** અમારો તો એવો સ્વભાવ છે જે એક તો ભગવાન, ને બીજા ભગવાનના ભક્ત, ને ત્રીજા બ્રાહ્મણ, ને ચોથો કોઈ ગરીબ મનુષ્ય એ ચારથી તો અમે અતિશે બીએ છીએ જે રખે એમનો દ્રોહ થઈ જાય નહિ ને એવા તો બીજા કોઈથી અમે બીતા નથી. કેમ જે એ ચાર વિના બીજાનો કોઈક દ્રોહ કરે તો તેના દેહનો નાશ થાય, પણ જીવ નાશ પામે નહિ, અને એ ચારમાંથી એકનો જો દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી જાય છે. **(૧)** ૧

૨ એ વાત સાંભળીને મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** હે મહારાજ ! જીવ તો અવિનાશી કહ્યો છે, તેનો નાશ તે કેમ જાણવો ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે પર્વતનું કે બીજું એવું જ જે કોઈક જડ દેહ આવે તેમાં કોઈ કાળે જીવનું કલ્યાણ થાય નહિ એટલે એના જીવનો નાશ થઈ ગયો એમ જાણવું. **(૨)** માટે જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને એ ચારમાંથી ૨
કોઈનો દ્રોહ ન કરવો. અને વળી **ભગવાન કે ભગવાનના ભક્ત તે આગળ કોઈ પ્રકારે માન રાખવું નહિ કેમ જે માન છે તે તો ક્રોધ, મત્સર, ઈર્ષ્યા ને દ્રોહ એનો આધાર છે. અને માની હોય તેની ભક્તિ પણ આસુરી કહેવાય. અને ભગવાનના ભક્તને જો બિવરાવતો હોય ને તે પ્રભુનો ભક્ત હોય તો પણ તેને અસુર જાણવો.** અને અમારો તો એ સ્વભાવ છે જે બ્રાહ્મણનો ને ગરીબનો ને ભગવાનના ભક્તનો કોઈક દ્રોહ કરે તે તો અમને દીઠો જ ગમે નહિ. અને આ લોકમાં ને પરલોકમાં તેને ને અમારે સોબત રહેવાની નથી. એટલી વાર્તા કરીને પછી

શ્રીજીમહારાજે બે પદ ગવરાવ્યાં જે, **"મારા હરજી શું હેત ન દીસે રે તેને ઘેર શીદ જઈએ"** એક તો એ ને બીજું જે **"મારા વાલાજી શું વાલપ દીસે રે તેનો સંગ કેમ તજીએ"** અને પછી એ બે પદ શીખ્યાની સત્સંગી માત્રને આજ્ઞા કરીને એમ કહ્યું જે, એ બે પદમાં વાર્તા છે તેને નિત્ય ગાઈને સંભારી રાખવી. **(૩)** ૩

એમ કહીને શ્રીજીમહારાજ શ્રી લક્ષ્મીનારાયણના મંદિર આગળ એક મંચ હતો તે ઉપર
૩ આવીને વિરાજમાન થયા. પછી ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** આ સંસારને વિષે જે પંડિત છે તે શાસ્ત્રપુરાણ સર્વે વાંચે છે, પણ તેને ભગવાનનો ને સંતનો જેમ છે તેમ મહિમા કેમ સમજાતો નથી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, શાસ્ત્ર-પુરાણ વાંચે છે તો ખરા પણ એને ભગવાનનો આશરો નથી; માટે કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, મત્સર તેણે એના જીવને હરવી નાખ્યો છે અને કામાદિક જે શત્રુ તે એને કોઈ કાળે માથું ઉપાડવા દેતા નથી. પછી તે પંડિત પોતાની પેઠે જ ભગવાન ને ભગવાનના સંતને સમજે જે જેમ અમારા કામાદિ શત્રુ કોઈ કાળે નિવૃત્તિને પામતા નથી તેમ એના પણ કામાદિક શત્રુ નિવૃત્તિ નહિ પામતા હોય એમ ભગવાન ને ભગવાનના સંતને વિષે દોષ સમજે. માટે શાસ્ત્ર-પુરાણ વાંચે પણ એને ભગવાન કે ભગવાનના સંતનું જેમ છે તેમ યથાર્થ માહાત્મ્ય સમજાતું નથી. **(૪)** ૪

૪ પછી શ્રીજીમહારાજે દીનાનાથ ભટ્ટ તથા મુનિમંડળ સમસ્ત પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** બ્રહ્મસ્વરૂપ એવા જે સત્પુરુષ તે તો ત્રણ શરીર ને ત્રણ અવસ્થા તે થકી પર વર્તતા હોય અને ચૌદે ઇન્દ્રિયોની ક્રિયા તે પોતાને વિષે એકેય માનતા ન હોય તેને અજ્ઞાની જીવ છે તે ઓળખી શકે નહિ ને જ્યારે એને મોટાપુરુષના સરખી સ્થિતિ થાય ત્યારે એ મોટાપુરુષ જેમ વર્તે છે તે સત્ય મનાય અને જ્યાં સુધી એ સત્પુરુષનો મહિમા એને ન જણાય ત્યાં સુધી બ્રહ્મસ્વરૂપને વિષે સ્થિતિ પણ ન થાય અને આત્માને વિષે સ્થિતિ થયા વિના સત્પુરુષનો મહિમા પણ ન જણાય. માટે પરસ્પર વિરોધ આવ્યો તે વિરોધ ટળે તે ઉપાય કહો. પછી જેની જેવી નજર પૂગી તેણે તેવો ઉત્તર કર્યો, પણ એ પ્રશ્નનું સમાધાન થયું નહિ, પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો અમે ઉત્તર કરીએ; એનો ઉત્તર તો એ છે જે, પૃથ્વીને વિષે જે ભગવાનનો અવતાર તેમને મળેલા જે સંત તે સંગાથે જ્યારે એને અતિશે પ્રીતિ થાય ત્યારે એ સત્પુરુષને વિષે એને કોઈ પ્રકારે દોષ ભાસે નહિ, અને જેને જે સંગાથે દૃઢ હેત હોય તેને તેનો અવગુણ કોઈ પ્રકારે આવે જ નહિ અને તેનાં વચન પણ સત્ય મનાય. એવી રીતે લૌકિક માર્ગમાં પણ રીતિ છે અને કલ્યાણના માર્ગમાં પણ એ રીતિ છે, **માટે સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે, અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થાવાનું પણ એ જ સાધન છે. (૫)** ઇતિ વચનામૃતમ્ ॥૧૧॥ **(૨૧૧)** ૫

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૪)** છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારો, અમારા ભક્ત, બ્રાહ્મણ ને ગરીબ એમાંથી કોઈનો દ્રોહ કરે તેનો જીવ નાશ પામે. **(૧)** બીજામાં કોઈ કાળે કલ્યાણ ન થાય એવો જડ

દેહ આવે, તે જીવનો નાશ જાણવો. **(૨)** અને ક્રોધ, મત્સર ને ઈર્ષ્યાનું આધાર માન છે, અને માનીની ભક્તિ આસુરી છે. **(૩)** ત્રીજામાં અમારે વિષે ને ભક્તને વિષે દોષ પરઠે તે શાસ્ત્ર-પુરાણ વાંચે તો પણ અમારું માહાત્મ્ય સમજી શકે નહિ. **(૪)** ચોથામાં સત્પુરુષને વિષે પ્રીતિ એ જ આત્મદર્શનનું ને મુક્તનો મહિમા જાણ્યાનું ને અમારું દર્શન થવાનું સાધન છે. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં ભગવાન, ભક્ત, બ્રાહ્મણ ને ગરીબનો દ્રોહ કરે તેનો જીવ નાશ પામે એમ કહ્યું તે દ્રોહ કેવી રીતે થતો હશે ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજને નિરાકાર તથા અકર્તા જાણે ને તેમની બાંધેલી જે પંચ વર્તમાન સંબંધી આજ્ઞા તે ન પાળે તે શ્રીજીમહારાજનો દ્રોહ કર્યો કહેવાય. અને આજ્ઞા યથાર્થ પાળતા હોય ને ધ્યાન-ભજન કરતા હોય અને ધ્યાન-ભજન કરવામાં વિક્ષેપ કરે, દુઃખ દે, તાડન કરે ને એનું ભૂંડું થવાનો સંકલ્પ કરે , એવી રીતે ભક્તનો દ્રોહ થાય છે. અને બ્રાહ્મણના લક્ષણે યુક્ત એવા બ્રાહ્મણને ભયંકર વચને કરીને ડારો દે તથા આજીવિકા તોડે એમ દુઃખવે તે બ્રાહ્મણનો દ્રોહ કર્યો કહેવાય. અને ગરીબને વાંક વિના પીડે, તથા વઢે, તાડન કરે એમ દુઃખ દે તે ગરીબનો દ્રોહ કર્યો કહેવાય. આ ગરીબનો ખુલાસો (**પ્ર૦ ૨૭**ના ચોથા પ્રશ્નોત્તરમાં) કર્યો છે.**॥૧૧॥ (૨૧૧)**

## વચનામૃત વરતાલનું - ૧૨

❖સંવત ૧૮૮૨ના પોષ વદિ ૨ બીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષ તળે પાટ ઉપર ગાદી-તકિયા યુક્ત ઢોલિયો હતો તે ઉપર વિરાજમાન હતા અને શ્વેત ખેસ પહેર્યો હતો અને માંહીલી કોરે શ્વેત પછેડીએ યુક્ત ગુલાબી રંગની સાલ ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને કંઠને વિષે ગુલાબનાં પુષ્પનો હાર પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને તે સમે શ્રીજીમહારાજ અંતર્દષ્ટિ કરીને બહુ વાર સુધી વિરાજમાન થયા હતા.

પછી નેત્રકમળને ઉઘાડીને સર્વે હરિભક્તની સભા સામું કરુણા કટાક્ષે કરી જોઈને
૧ શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** આજ તો સર્વને નિશ્ચયની વાત કરવી છે તે સર્વે સાવધાન થઈને સાંભળો જે **અનંતકોટી સૂર્ય, ચંદ્રમા ને અગ્નિ તે સરખું પ્રકાશમાન એવું જે અક્ષરધામ તેને વિષે પુરુષોત્તમ ભગવાન સદા દિવ્ય મૂર્તિ થકા વિરાજમાન છે** અને તે જ ભગવાન જીવોના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે રામ-કૃષ્ણાદિક અવતારનું ધારણ કરે છે ત્યારે તે ભગવાનના સ્વરૂપનો જેને સંત-સમાગમે કરીને દૃઢ નિશ્ચય થાય છે તેનો જીવ બીજના ચંદ્રમાની પેઠે દિવસે દિવસે વૃદ્ધિને પામતો જાય છે અને જેમ ચંદ્રમાને વિષે જેમ જેમ સૂર્યની કળા આવતી જાય તેમ તેમ તે ચંદ્રમા વૃદ્ધિને પામતો જાય છે તે જ્યારે પૂર્ણમાસી આવે ત્યારે સંપૂર્ણ ચંદ્રમા થાય છે, તેમ ભગવાનનો પરિપૂર્ણ નિશ્ચય થયા મોર તો એ જીવ અમાવસ્યાના ચંદ્રની પેઠે કળાએ રહિત ખદ્યોત જેવો હોય પછી જેમ જેમ પરમેશ્વરના મહિમાએ સહિત નિશ્ચયને પામે છે તેમ તેમ વૃદ્ધિને પામીને પૂર્ણમાસીના ચંદ્ર જેવો એ જીવાત્મા થાય છે. પછી એને ઇન્દ્રિયો કે અંતઃકરણ નિશ્ચયમાંથી ડગાવવાને સમર્થ નથી થાતાં અને પરમેશ્વર ગમે તેવાં ચરિત્ર કરે તો પણ તેને કોઈ રીતે ભગવાનને વિષે દોષ ભાસતો જ નથી. એવો **જેને મહિમાએ સહિત ભગવાનનો નિશ્ચય હોય તે ભક્ત નિર્ભય થઈ ચૂક્યો. (૧)** અને તે જ ભક્તને ક્યારેક ૧

અસત્ દેશ,અસત્ કાળ, અસત્ સંગ ને અસત્ શાસ્ત્રાદિકને યોગે કરીને અથવા દેહાભિમાને કરીને ભગવાનનાં ચરિત્રને વિષે સંદેહ થાય ને ભગવાનનો અભાવ આવે તો એ જીવ પૂર્ણમાસીના ચંદ્ર જેવો હતો, પણ પાછો અમાવસ્યાના ચંદ્ર જેવો થઈ જાય છે, માટે પોતામાં જે કાંઈક થોડીઘણી ખોટ હોય તે એ જીવને ઝાઝી નડતી નથી. પણ પરમેશ્વરના ચરિત્રમાં કોઈ રીતે સંદેહ થાય અથવા પરમેશ્વરનો કોઈ રીતે અભાવ આવે ત્યારે એ જીવ કલ્યાણના માર્ગમાંથી તત્કાળ પડી જાય છે. જેમ વૃક્ષનાં મૂળ કપાણાં ત્યારે તે વૃક્ષ એની મેળે જ સુકાઈ જાય, તેમ જેને ભગવાનને વિષે કોઈ રીતે દોષબુદ્ધિ થઈ એ જીવ કોઈ રીતે વિમુખ થયા વિના રહે નહિ. **(૨) અને જેને નિશ્ચયનું અંગ દૂબળું હોય ને તે સત્સંગમાં હોય તો પણ તેને એવા** ૨
**ઘાટ થાય, જે શું જાણીએ મારું તે કલ્યાણ થાશે કે નહિ થાય, અને હું જ્યારે મરીશ ત્યારે દેવતા થઈશ કે રાજા થઈશ કે ભૂત થઈશ, જેને ભગવાનના સ્વરૂપનો પરિપૂર્ણ નિશ્ચય ન હોય તેને એવા ઘાટ થાય. (૩) અને જેને પરિપૂર્ણ નિશ્ચય હોય તે તો એમ સમજે જે મુને આ** ૩
**ભગવાન મળ્યા તે દિવસથી જ મારું કલ્યાણ થઈ ચૂક્યું છે, અને જે મારું દર્શન કરશે કે મારી વાર્તા સાંભળશે તે જીવ પણ સર્વ પાપ થકી મુકાઈને પરમપદને પામશે, માટે એવી રીતે ભગવાનનો મહિમા સહિત નિશ્ચય રાખીને પોતાને વિષે કૃતાર્થપણું માનવું એ વાત સર્વે ખબડદાર થઈને રાખજો. (૪)** પછી શ્રીજીમહારાજે કહ્યું જે ॥ **ધન્ય વૃંદાવન વંસીવટની છાયા** ૪
**રે જ્યાં હરિ બેસતા** ॥ એ માહાત્મ્યનું કીર્તન ગાઓ, પછી એ કીર્તન ગાયું, પછી શ્રીજીમહારાજ બોલ્યા જે એવી રીતે શ્રીકૃષ્ણ ભગવાને પણ ભાગવતમાં કહ્યું છે જે :-

> **અહો અમી દેવરામરાર્ચિતં પાદાંબુજ તે સુમનઃ ફલાર્હણમ્ ।**
> **નમંત્યુપાદાય શિખાભિરાત્મનસ્ તમોપહત્યૈ તરુજન્મ યત્કૃતમ્ ॥**

એમ પરમેશ્વરના યોગને પામીને વૃક્ષનો જન્મ હોય તે પણ કૃતાર્થ થાય છે, માટે જે વૃક્ષ તળે ભગવાન બેઠા હોય તે વૃક્ષને પણ પરમપદનું અધિકારી જાણવું. અને જેના હૃદયમાં એવો ભગવાનનો મહિમા સોતો દૃઢ નિશ્ચય ન હોય તેને તો નપુંસક જેવો જાણવો, તે એને વચને કરીને કોઈ જીવનો ઉદ્ધાર થવાનો નહિ. જેમ રાજા હોય ને તે નપુંસક હોય ને તેનું રાજ્ય જાતું હોય ને વંશ જાતો હોય પણ એ થકી તેની સ્ત્રીને પુત્ર થાય નહિ, અને સર્વે મુલકમાંથી પોતા જેવા નપુંસકને તેડાવીને તે સ્ત્રીને સંગે રાખે તો પણ તે સ્ત્રીને પુત્ર થાય નહિ, તેમ જેને ભગવાનનો મહિમા સહિત નિશ્ચય નથી, તો તેને મુખે ગીતા-ભાગવત જેવા સદ્ગ્રંથ સાંભળે પણ તેણે કરીને કોઈનું કલ્યાણ નથી થાતું. અને વળી જેમ દૂધ ને સાકર હોય ને તેમાં સર્પની લાળ પડી પછી એને જે કોઈ પીએ તેના પ્રાણ જાય. તેમ માહાત્મ્યે સહિત જે ભગવાનનો નિશ્ચય તેણે રહિત એવો જે જીવ તેના મુખ થકી ગીતા-ભાગવતને સાંભળે તેણે કરીને કોઈનું કલ્યાણ થાતું નથી; **એમાંથી તો મૂળગું ભૂંડું થાય છે. (૫)** ઇતિ વચનામૃતમ્ ૫
**॥૧૨॥ (૨૧૨)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અતિશે પ્રકાશમાન એવું જે અમારા તેજરૂપ અક્ષરધામ તેને વિષે અમે સદા દિવ્ય સાકાર મૂર્તિ વિરાજમાન છીએ, અને જીવોના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે પ્રગટ થયા છીએ, તે અમારા સંતના સમાગમે કરીને અમારો મહિમાએ સહિત નિશ્ચય થાય, તે જીવ પૂર્ણમાસીના ચંદ્ર જેવો એટલે સર્વ અંગે સંપન્ન થાય છે ને નિર્ભય થાય છે. **(૧)** અને તેને પણ જો અમારા ચરિત્રમાં અભાવ આવે તો અમાવસ્યાના ચંદ્ર જેવો એટલે એના ધર્મ-જ્ઞાનાદિક ગુણ નાશ પામીને નિસ્તેજ થઈ જાય છે. **(૨)** અને જેને અમારો નિશ્ચય યથાર્થ ન હોય તેને પોતાના કલ્યાણનો ભરૂંસો આવતો નથી. **(૩)** અને જેને અમારો યથાર્થ મહિમાએ સહિત નિશ્ચય હોય તેને છતી દેહે કલ્યાણ મનાઈ જાય છે, અને પોતાનું દર્શન કરનારનું ને વાત સાંભળનારનું પણ કલ્યાણ થઈ ગયું એમ માને છે. **(૪)** અને અમારા સંબંધને પામે તે વૃક્ષ પણ પરમપદ જે અક્ષરધામ તેનું અધિકારી છે એવો મહિમાએ સહિત અમારો નિશ્ચય જેને ન હોય તેના મુખ થકી કથા સાંભળનારાનું કલ્યાણ ન થાય, ને મૂળગું ભૂંડું થાય છે. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં જીવના કલ્યાણને અર્થે રામ-કૃષ્ણાદિક અવતારનું ધારણ કરીએ છીએ એમ કહ્યું અને (**વ૦ ૧૦/૨**માં ) અમે કાં અમને મળેલા સંત તથા અમારી પ્રતિમા તે જ કલ્યાણકારી છે, અને (**જે૦ ૧**ના પહેલા પ્રશ્નમાં) અમારી અથવા અમને મળેલા (અમારા ધામમાંથી આવેલા) સંત એટલે મુક્ત તેમની જ્યારે જીવને પ્રાપ્તિ થાય ત્યારે જ માયા ઓલંઘાય છે એમ કહ્યું છે, તે કેમ સમજવું ?

૧ **ઉ૦** રામ-કૃષ્ણાદિક અવતારો જીવને પોતાના ધામમાં લઈ જાય પણ આત્યંતિક કલ્યાણ તો શ્રીજીમહારાજ તથા તેમના મુક્ત જ કરે.

૨ **પ્ર૦** અમારો માહાત્મ્યે સહિત યથાર્થ નિશ્ચય થાય તે જીવ પૂર્ણમાસીના ચંદ્ર જેવો થાય ને નિર્ભય થાય, પણ જો તેને અમારા ચરિત્રમાં અભાવ આવે તો અમાવસ્યાના ચંદ્ર જેવો થઈ જાય એમ બીજી બાબતમાં કહ્યું તે જે નિર્ભય થયો તે તો મુક્ત થયો કહેવાય તેને પાછો શ્રીજીમહારાજનો અભાવ કેમ આવતો હશે ?

૨ **ઉ૦** સાધને કરીને વૃદ્ધિને પામ્યો હોય પણ મુક્તદશા નથી આવી તેને દેશકાળાદિકે કરીને ધક્કો લાગે, પણ પૂરો આત્મનિષ્ઠ થયો હોય, તેને તો કોઈ રીતે કોઈ કુસંગે કરીને અથવા ગમે તેવાં પ્રાકૃત ચરિત્ર દેખીને અભાવ આવે જ નહિ, માટે જેને અભાવ આવે કે દેશકાળ લાગે તે મુક્તભાવને પામ્યો નથી. **॥૧૨॥(૨૧૨)**

## વચનામૃત વરતાલનું - ૧૩

❖સંવત ૧૮૮૨ના પોષ વદિ ૭ સપ્તમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષની તળે પાટ ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા અને અંગને વિષે સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે શ્વેત પુષ્પના હાર પહેર્યા હતા અને હસ્તકમળે કરીને એક દાડમનું ફળ ઉછાળતા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને શ્રીજીમહારાજને ઉપર સોનાને ઈંડાએ સહિત છત્ર વિરાજમાન હતું એવી શોભાને ધરતા થકા શ્રીજીમહારાજ વિરાજમાન હતા.

તે સમયમાં ગામ ભાદરણના પાટીદાર શ્રીજીમહારાજ પાસે આવ્યા હતા તેણે પૂછ્યું જે,
૧ **(૧)** હે મહારાજ ! આ સમાધિ તે કેમ થાતી હશે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જીવોના કલ્યાણને અર્થે આ ભરતખંડમાં ભગવાન અવતાર ધરે છે, તે ભગવાન જ્યારે રાજારૂપે હોય ત્યારે તો ઓગણચાળીશ લક્ષણે યુક્ત હોય, અને દત્ત-કપિલ જેવા સાધુરૂપે હોય ત્યારે બત્રીશ લક્ષણે યુક્ત હોય, તે ભગવાનની મૂર્તિ દેખવામાં તો મનુષ્ય સરખી જ આવતી હોય પણ

અતિશે અલૌકિક મૂર્તિ છે, જેમ પૃથ્વીને વિષે સર્વે પથરા છે તેમ ચમકપાણ પણ પથરો છે, પણ ચમકપાણમાં સહેજે એવો ચમત્કાર રહ્યો છે જે ચમકના પર્વતને સમીપે વહાણ જાય ત્યારે તેના ખીલા ચમકના પાણા સાથે તણાઈ જાય છે, તેમ ભગવાનની જે મૂર્તિ રાજારૂપે છે ને સાધુરૂપે છે તે મૂર્તિનું જ્યારે જે જીવ શ્રદ્ધાએ કરીને દર્શન કરે છે તેનાં ઇન્દ્રિયો ભગવાન સામાં તણાઈ જાય છે, ત્યારે સમાધિ થાય છે, જેમ શ્રીકૃષ્ણ ભગવાનનું દર્શન કરીને ગોકુળવાસી સર્વેને સમાધિ થઈ હતી, ને ભગવાને તે સમાધિમાં પોતાનું ધામ દેખાડ્યું હતું. તેવી રીતે જે જે સમયમાં ભગવાનના અવતાર હોય તે તે સમયમાં ભગવાનની મૂર્તિને વિષે એવો ચમત્કાર જરૂર હોય, તે જે શ્રદ્ધાએ યુક્ત ભગવાનનાં દર્શન કરે તેનાં ઇન્દ્રિયો સર્વે ભગવાન સામાં તણાઈ જાય, અને તત્કાળ સમાધિ થાય, અને કોઈક સમયમાં ભગવાનને ઘણાક જીવને પોતાને સન્મુખ કરવા હોય ત્યારે તો અભક્ત જીવ હોય અથવા પશુ હોય તેને પણ ભગવાનને જોઈને સમાધિ થઈ જાય છે, તો ભગવાનના ભક્તને થાય એમાં શું આશ્ચર્ય છે ? **(૧)** ૧

૨ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** બ્રહ્મ છે તે તો સર્વત્ર વ્યાપક છે એમ સર્વે કહે છે તે જે વ્યાપક હોય તેને મૂર્તિમાન કેમ કહેવાય ? ને જે મૂર્તિમાન હોય તેને વ્યાપક કેમ કહેવાય ? એ પ્રશ્ન છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, બ્રહ્મ તો એકદેશી છે પણ સર્વદેશી નથી, ને તે બ્રહ્મ તે શ્રીકૃષ્ણ ભગવાન છે તે એકદેશી થકા સર્વદેશી છે, જેમ કોઈક પુરુષે સૂર્યની ઉપાસના કરી હોય પછી સૂર્ય તેને પોતાના સરખી દૃષ્ટિ આપે ત્યારે તે પુરુષ જ્યાં સુધી સૂર્યની દૃષ્ટિ પહોંચતી હોય ત્યાં સુધી દેખે, અને વળી જેમ સિદ્ધદશાવાળો પુરુષ હોય તે હજારો ને લાખો ગાઉ ઉપર કોઈક વાત કરતો હોય તેને જેમ પાસે વાર્તા કરે ને સાંભળે તેમ સાંભળે છે, તેમ જ લાખો ગાઉ ઉપર કાંઈક વસ્તુ પડી હોય તેને મનુષ્યના જેવડા હાથ હોય તેણે કરીને પણ ઉપાડે, તેમ જ શ્રીકૃષ્ણ ભગવાન એક ઠેકાણે રહ્યા થકા પોતાની ઇચ્છાએ કરીને જ્યાં દર્શન દેવાં હોય ત્યાં દર્શન આપે છે. અને એકરૂપ થકા અનંતરૂપે ભાસે છે અને સિદ્ધ હોય તેમાં દૂરશ્રવણ-દૂરદર્શનરૂપ ચમત્કાર હોય, તો પરમેશ્વરમાં હોય તેમાં શું આશ્ચર્ય છે ! અને ભગવાનને ગ્રંથમાં વ્યાપક કહ્યા છે તે તો મૂર્તિમાન છે તે જ પોતાની સામર્થીએ કરીને એક ઠેકાણે રહ્યા થકા સર્વને દર્શન આપે છે, એમ વ્યાપક કહ્યા છે, પણ આકાશની પેઠે અરૂપ થકા વ્યાપક નથી; ભગવાન તો સદા મૂર્તિમાન જ છે. તે મૂર્તિમાન ભગવાન અક્ષરધામમાં રહ્યા થકા જ અનંતકોટી બ્રહ્માંડમાં ભાસે છે. **(૨)** ઇતિ વચનામૃતમ્ **॥૧૩॥ (૨૧૩)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં અમે જીવોના કલ્યાણ કરવા રાજારૂપે ને સાધુરૂપે પ્રગટ થઈએ છીએ તે જ્યારે રાજારૂપે પ્રગટ થઈએ ત્યારે (૩૯) લક્ષણે યુક્ત હોઈએ. અને સાધુરૂપે પ્રગટ થઈએ ત્યારે **(૩૨)** લક્ષણે યુક્ત હોઈએ, અને અમે મનુષ્યના જેવા દેખાઈએ છીએ પણ અલૌકિક મૂર્તિ છીએ, અને અમારું દર્શન શ્રદ્ધાએ સહિત કરે તેને સમાધિ થાય છે, જેમ શ્રીકૃષ્ણને દર્શને ગોકુળવાસીને થઈ તેમ, અને જેમ ચમકમાં સહજ ચમત્કાર રહ્યો છે તેમ મનુષ્યરૂપે દેખાતા એવા જે અમે તે અમારે વિષે સહજ જ ચમત્કાર છે ને અમારે સન્મુખ કરવા સારુ અભક્તને તથા પશુઓને પણ

સમાધિ કરાવીએ છીએ. **(૧)** બીજામાં બ્રહ્મ કહેતાં સર્વથી મોટા સાક્ષાત્ શ્રીકૃષ્ણ અમે તે અમે અમારા અક્ષરધામરૂપ એક દેશમાં મૂર્તિમાન રહ્યા થકા સર્વ ઠેકાણે દર્શન આપીએ છીએ અને જેમ સૂર્યના ઉપાસકને સૂર્ય પોતાના સરખી દૃષ્ટિ આપે છે, તેમ અમે અમારા આશ્રિતને અમારા સરખી દૃષ્ટિ આપીએ છીએ, અને અનંત બ્રહ્માંડમાં મૂર્તિમાન દર્શન આપીએ છીએ, એમ વ્યાપક છીએ, પણ અરૂપ થકા વ્યાપક નથી. **(૨)** બાબતો છે. [આમાં બ્રહ્મ નામે તથા શ્રીકૃષ્ણ નામે શ્રીજીમહારાજને કહ્યા છે તેમાં બ્રહ્મ નામનો ખુલાસો (પરથારાના ચોથા પ્રશ્નોત્તરમાં તથા **પ્ર૦ ૩૯**ના બીજા પ્રશ્નોત્તરમાં) કર્યો છે, અને શ્રીકૃષ્ણ નામનો ખુલાસો (પરથારાના પાંચમા પ્રશ્નોત્તરમાં) કર્યો છે.]

૧ **પ્ર૦** (બીજા પ્રશ્નમાં તથા **મ૦ ૬૪**ના બીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજે પોતાને મૂર્તિમાન વ્યાપક કહ્યા છે, અને (**પ્ર૦ ૭/૧** તથા **૪૧,૪૫, ૬૪/૧, સા૦ ૫**ના ૨/૩ બીજા પ્રશ્નમાં, **કા૦ ૮/૧**માં, **પં૦ ૭/૨**માં) પોતાના તેજરૂપે વ્યાપક કહ્યા છે તે મૂર્તિમાન વ્યાપક કેવી રીતે સમજવા ? અને તેજરૂપે વ્યાપક કેવી રીતે સમજવા ?

૧ **ઉ૦** જીવોના કલ્યાણ કરવાને અર્થે મનુષ્યરૂપે દર્શન આપે છે તથા પોતાના ભક્તોને વિષે મૂર્તિમાન રહ્યા થકા તે ભક્તોને ધ્યાનમાં આત્માને વિષે દર્શન આપે છે તથા પોતાના ભક્તોને અંત વખતે દર્શન આપે છે તે સાકાર વ્યાપક કહ્યા છે, અને જીવ, ઈશ્વર, બ્રહ્મ તથા અક્ષરાદિક સર્વને વિષે પોતાના તેજરૂપે કર્મફળપ્રદાતા પણે અંતર્યામીપણે રહ્યા છે, માટે કલ્યાણ કરવાને અર્થે સાકાર વ્યાપક છે, અને કર્મફળ આપવાને અર્થે અન્વય સ્વરૂપ જે તેજ તે દ્વારે વ્યાપક છે. આનો વિસ્તાર (**પ્ર૦ ૪૫**ના બીજા પ્રશ્નોત્તરમાં) છે. **॥૧૩॥(૨૧૩)**

## વચનામૃત વરતાલનું - ૧૪

❖સંવત ૧૮૮૨ના પોષ વદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના મંદિર આગળ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી વડોદરાના વાઘમોડિયા રામચંદ્રે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! જે કુપાત્ર જીવ જણાતો હોય ને તેને સમાધિ થઈ જાય છે તેનું શું કારણ હશે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ધર્મશાસ્ત્રને વિષે જે વર્ણાશ્રમના ધર્મ કહ્યા છે તે થકી જે બાહ્ય વર્તતો હોય તેને સર્વે લોક એમ જાણે જે આ કુપાત્ર માણસ છે, અને તે કુપાત્રને ભગવાન કે ભગવાનના સંતનો જો હૈયામાં ગુણ આવે તો એને એ મોટું પુણ્ય થાય છે, અને વર્ણાશ્રમના ધર્મ લોપ્યા હતા તેનું જે પાપ લાગ્યું હતું તે સર્વે નાશ થઈ જાય છે, અને તે જીવ અતિશે પવિત્ર થઈ જાય છે માટે એને ભગવાનના સ્વરૂપમાં ચિત્ત ચોંટે છે, ત્યારે સમાધિ થઈ જાય છે. **(૧)** અને જે પુરુષ ધર્મશાસ્ત્રે કહ્યા એવા જે વર્ણાશ્રમના ધર્મ તેને પાળતો હોય ત્યારે તેને ૧
સર્વે લોક ધર્મવાળો જાણે, પણ ભગવાન ને ભગવાનના સાધુ તેનો જો દ્રોહ કરતો હોય તો તે સત્પુરુષના દ્રોહનું એવું પાપ લાગે છે જે વર્ણાશ્રમના ધર્મ પાળ્યાનું જે પુણ્ય તેને બાળીને ભસ્મ કરી નાખે છે, માટે સત્પુરુષના દ્રોહનો કરનારો તે તો પંચમહાપાપનો કરનારો તેથી વધુ પાપી છે, શા માટે જે પંચમહાપાપ કર્યાં હોય તે તો સત્પુરુષને આશરે જઈને છુટાય છે, પણ સત્પુરુષનો દ્રોહ કરે તેને તો કોઈ ઠેકાણે છૂટ્યાનો ઉપાય નથી, કેમ જે અન્ય ઠેકાણે પાપ કર્યું હોય તે તો તીર્થમાં જઈને છુટાય છે, અને તીર્થમાં જઈને પાપ કરે તે તો વજ્રલેપ થાય

છે, માટે સત્પુરુષનો આશરો કરે ત્યારે ગમે તેવો પાપી હોય તો પણ અતિ પવિત્ર થઈ જાય છે, ને તેને સમાધિ થઈ જાય છે, અને સત્પુરુષનો દ્રોહી હોય ને તે ગમે તેવો ધર્મવાળો જણાતો હોય તો પણ મહાપાપી છે, ને તેને કોઈ કાળે ભગવાનનું દર્શન હૃદયને વિષે થાય જ નહિ, માટે જેને વિમુખ જીવ પાપી જાણે છે તે પાપી નથી, અને જેને વિમુખ ધર્મી જાણે છે તે ધર્મી નથી. **(૨)** ઇતિ વચનામૃતમ્ **॥૧૪॥ (૨૧૪)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં વર્ણાશ્રમના ધર્મથી બાહ્ય વર્તતો હોય એવા કુપાત્રને પણ અમારો કે અમારા સંતનો ગુણ આવે તો તેનું પાપ બળી જાય છે, ને તે પવિત્ર થાય છે ને અમારે વિષે ચિત્ત ચોંટે છે ને સમાધિ થાય છે. **(૧)** અને વર્ણાશ્રમના ધર્મ પાળતો હોય ને તે અમારો કે અમારા સંતનો દ્રોહ કરે તો તે પંચ મહાપાપીથી વધુ પાપી છે, અને પંચ મહાપાપી અમારો કે અમારા સંતનો આશરો કરે તો અતિ પવિત્ર થાય, ને તેને સમાધિ થાય, માટે વિમુખ પાપી જાણે તે પાપી નથી, ને ધર્મી જાણે તે ધર્મી નથી એમ શ્રીજીમહારાજે કહ્યું છે **(૨)** બાબતો છે. **॥૧૪॥(૨૧૪)**

## વચનામૃત વરતાલનું - ૧૫

❖સંવત ૧૮૮૨ના પોષ વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના મંદિર આગળ લીંબડાના વૃક્ષ હેઠે મંચ ઉપર ગાદી-તકિયા બિછાવીને વિરાજમાન હતા અને કિનખાપનો સુરવાળ ને ડગલી પહેર્યાં હતાં અને મસ્તક ઉપર મોટા સોનેરી છેડાનું ભારે કસુંબલ શેલું બાંધ્યું હતું અને મોટા મોટા સોનેરી છેડાનું કસુંબલ શેલું ખભા ઉપર વિરાજમાન હતું અને મસ્તક ઉપર સોનેરી ઈંડાનું છત્ર વિરાજમાન હતું અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમસ્ત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ તે સમામાં શોભરામ શાસ્ત્રીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! દૈવી ને આસુરી એ બે પ્રકારના જીવ છે તે અનાદિકાળના છે કે કોઈક યોગે કરીને થયા છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પ્રથમ તો જીવ માયાને વિષે સત્તામાત્ર હતા, પછી એ જીવ જેવાં કર્મ કરતા જાય છે તેવા તેવા ભાવને પામતા જાય છે. **(૧)** જેમ જય-વિજય ભગવાનના પાર્ષદ હતા તેણે ૧
સત્પુરુષ એવા જે સનકાદિક તેનો દ્રોહ કર્યો ત્યારે અસુર ભાવને પામી ગયા, અને પ્રહ્‌લાદજી દૈત્ય હતા, તેણે નારદજીનો ઉપદેશ ગ્રહણ કર્યો તો **પરમ ભાગવત સંત** કહેવાણા, માટે મોટાપુરુષનો જે ઉપર કોપ થાય તે જીવ આસુરી થઈ જાય છે, અને જે ઉપર મોટાપુરુષ રાજી થાય તે જીવ દૈવી થઈ જાય છે. પણ બીજું દૈવી-આસુરી થવાનું કારણ નથી, માટે **જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તેને ભગવાન ને ભગવાનના ભક્ત તેનો કોઈ રીતે દ્રોહ કરવો નહિ, અને જે રીતે ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તેમ કરવું.** (૨) ઇતિ વચનામૃતમ્ ૨
**॥૧૫॥ (૨૧૫)**

**રહસ્યાર્થ પ્રદી ૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે જીવ પ્રથમ માયાને વિષે સત્તામાત્ર એટલે કર્મ વિનાના હતા તે જેવાં જેવાં કર્મ કરે છે તેવા તેવા ભાવને પામે છે. **(૧)** અને જેના ઉપર મોટાપુરુષનો કોપ થાય તે જીવ આસુરી થઈ જાય છે, ને મોટાપુરુષ રાજી થાય તે જીવ દૈવી થઈ જાય છે, માટે જેને કલ્યાણ ઈચ્છવું તેને અમારા ભક્તનો દ્રોહ

કરવો નહિ. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં જીવ માયાને વિષે સત્તામાત્ર હતા એમ કહ્યું, અને (**સા૦ ૧૧**ના પહેલા પ્રશ્નમાં) પાંચ સાધને યુક્ત થાય તે આત્મસત્તાને પામે છે; એમ કહ્યું તે આત્મસત્તા કઈ જાણવી ? અને આમાં કહી તે કઈ જાણવી ?

૧ **ઉ૦** આમાં કર્મે રહિત એટલા જ સત્તારૂપ કહ્યા છે, અને (**સા૦ ૧૧**માં) તો શ્રીજીમહારાજના તેજરૂપ સત્તા કહી છે. માટે આમાં કહી તે અને (**સા૦ ૧૧**માં) કહી તે એક નથી.

૨ **પ્ર૦** બીજી બાબતમાં મોટાપુરુષનો કોપ એ જ આસુરી થવાનું કારણ કહ્યું, અને (**વ૦ ૭**ના પહેલા પ્રશ્નમાં) દૈવી ને આસુરી બે પ્રકારના જીવ અનાદિ છે, એમ કહ્યું તે કેમ સમજવું ?

૨ **ઉ૦** પ્રથમ તો જીવ સત્તામાત્ર કર્મ વિનાનો હોય પણ પછી જ્યારે સૃષ્ટિમાં આવીને કર્મ કરે છે ત્યારે જો મોટાપુરુષ કુરાજી થાય એવું કર્મ કરે તો તે આસુરી થાય છે, ને રાજી થાય એવું કર્મ કરે તો દૈવી થાય છે, માટે મોટાપુરુષના કોપથી જ પ્રથમ આસુરી થયેલા તેની વાત (**વ૦ ૭**માં) કહી છે, પણ સૃષ્ટિમાં આવીને કર્મ કર્યા વિના આસુરભાવ નહોતો, માટે સૃષ્ટિમાં આવ્યા પછી આસુરી થયેલા જાણવા, પણ સૃષ્ટિ પહેલાં માયામાં હતા ત્યારે બે પ્રકારના હતા એમ ન જાણવું. **।।૧૫।। (૨૧૫)**

## વચનામૃત વરતાલનું - ૧૬

❖સંવત ૧૮૮૨ના પોષ વદિ ૧૩ તેરશને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષ હેઠે મંચ ઉપર ગાદી-તકિયા બિછાવીને વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમસ્ત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ તે સભામાં વડોદરાના શાસ્ત્રી બેઠા હતા તેણે એમ કહ્યું જે, **(૧)** હે મહારાજ ! તમે જો કોઈક મોટા માણસને ચમત્કાર જણાવો તો તેમાંથી ઘણો સમાસ થાય. પછી **શ્રીજીમહારાજ બોલ્યા જે, મોટા માણસ સાથે અમારે ઝાઝું બને નહિ. શા માટે જે એને રાજનો ને ધનનો મદ હોય, અને અમારે ત્યાગનો ને ભક્તિનો મદ હોય, માટે કોઈ કેને નમી દે એવું કામ નથી. અને કોઈક મોટા માણસને જો સમાધિ કરાવીએ તો કોઈક ગામ-ગરાસ આપે તેની અમારા હૈયામાં લાલચ નથી, કેમ જે ગામ-ગરાસ તો સુખને અર્થે ઇચ્છીએ તે અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજ્યને વિષે પણ નથી અને જો ભગવાનના ભજન જેવું રાજ્યને વિષે સુખ હોય તો સ્વાયંભુવ મનુ આદિક જે મોટા મોટા રાજા તે સર્વે રાજ્ય મૂકીને વનમાં તપ કરવા શા સારુ જાય ? અને ભગવાનના ભજન જેવું સ્ત્રીને વિષે સુખ હોય તો ચિત્રકેતુ રાજા કરોડ સ્ત્રીઓને શા સારુ મૂકે ? અને ભગવાનના ભજનના સુખ આગળ તો ચૌદ લોકનું જે સુખ તે નરક જેવું કહ્યું છે, માટે જે ભગવાનને સુખે સુખિયો થયો હોય તેને તો બ્રહ્માંડને વિષે જે વિષયનું સુખ છે તે નરક તુલ્ય ભાસે છે. (૧) અને અમારે પણ ભગવાનના ભજનનું સુખ તે જ સુખ જણાય** ૧
**છે અને બીજું સર્વે દુઃખરૂપ જણાય છે, માટે પરમેશ્વરનું ભજન-સ્મરણ કરતાં થકાં જેને સહેજે સત્સંગ થાય તેને કરાવીએ છીએ પણ કોઈ વાતનો અંતરમાં આગ્રહ નથી, ને આગ્રહ તો કેવળ ભગવાનના ભજનનો અને ભગવાનના ભક્તનો સત્સંગ રાખ્યાનો છે. એ અમારા**

**અંતરનો રહસ્ય અભિપ્રાય હતો તે અમે તમારી આગળ કહ્યો. (૨)** ઇતિ વચનામૃતમ્ ૨ **॥૧૬॥ (૨૧૬)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારા ભજનના સુખ આગળ ચૌદ લોકનાં તથા બ્રહ્માંડોનાં સુખ તે નરકતુલ્ય ને દુઃખરૂપ છે. **(૧)** અને અમારા ભજનનો ને અમારા ભક્તનો સત્સંગ રખાવ્યાનો આગ્રહ રાખવો પણ અમારું ભજન ભૂલીને કોઈ પ્રકારનો આગ્રહ રાખવો નહિ, એ અમારો રહસ્ય અભિપ્રાય છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** બ્રહ્માંડોનું સુખ નરક તુલ્ય કહ્યું તે બ્રહ્માંડો કિયાં જાણવાં ?

૧ **ઉ૦** પ્રકૃતિ પુરુષના લોક સુધી બ્રહ્માંડ જાણવાં તે નરક તુલ્ય ને દુઃખદાયી છે કેમ જે, માયા જડ, દુઃખ ને મિથ્યારૂપ છે, તેમાં સુખ હોય જ નહિ, કેવળ દુઃખ જ રહ્યું છે.

૨ **પ્ર૦** બીજી બાબતમાં કોઈ પ્રકારનો આગ્રહ ન કરવો એમ કહ્યું અને (**મ૦ ૫૭/૪**માં) ઉપદેશ કર્યા નિમિત્ત થોડીઘણી ઉપાધિ રહે તો પણ ઉપદેશ કરવો એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** જેને ધ્યાન કરીને શ્રીજીમહારાજની મૂર્તિ સિદ્ધ કરવી હોય તેને તે મૂર્તિનું અનુસંધાન ચૂકી જવાય એવો આગ્રહ ન કરવો; મૂર્તિનું અનુસંધાન રાખીને સત્સંગ કરાવવો. એવી રીતે ધર્મની, જ્ઞાનની, વૈરાગ્યની, પંચવર્તમાનની, ધ્યાન-ઉપાસનાની વાતો કરીને સત્સંગીને પુષ્ટિ કરવી તેમાં મૂર્તિનું અનુસંધાન ભૂલી જવાય એવો આગ્રહ ન રાખવો એમ કહ્યું છે, અને તે ઉપાસના આદિકની વાતો કરવામાં કોઈ ઉપાધિ કરે તો પણ વાતો કરવી એમ (**મ૦ ૫૭**માં) કહ્યું છે. **॥૧૬॥ (૨૧૬)**

## વચનામૃત વરતાલનું - ૧૭

❖ સંવત ૧૮૮૨ના પોષ વદિ અમાસને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણને સન્મુખ હવેલી ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સર્વે સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** પંચ જ્ઞાનઇન્દ્રિયો ને પંચ કર્મઇન્દ્રિયો છે તે પોતપોતાના વિષયને યથાર્થ જાણે છે તે જ્ઞાની તથા અજ્ઞાનીને ઇન્દ્રિયોદ્વારે એકસરખો વ્યવહાર છે, પણ જ્ઞાની હોય તેનાં ઇન્દ્રિયો અજ્ઞાની થકી બીજી રીતે નથી વર્તતાં, માટે જ્ઞાનીને જિતેન્દ્રિય કહ્યા છે તે કઈ રીતે જાણવા ? એ પ્રશ્ન છે. પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, નિર્વિકલ્પ સમાધિ થાય ત્યારે જિતેન્દ્રિય થાય એમ જણાય છે, પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, નિર્વિકલ્પ સમાધિવાળાને પણ પંચવિષય ગ્રહણ કરવા તે તો સૌની પેઠે ઇન્દ્રિયોદ્વારે જ ગ્રહણ થાય છે, માટે જિતેન્દ્રિયપણું કેમ છે ? પછી બહુ રીતે કરીને મુક્તાનંદ સ્વામીએ ઉત્તર કર્યો પણ સમાધાન થયું નહિ, પછી શ્રીજીમહારાજે કહ્યું જે, એનો ઉત્તર તો એમ છે જે, શબ્દાદિક જે પંચવિષય છે તેમાં જે દોષ છે તેને જાણે, અને ભગવાનની મૂર્તિ છે તેમાં જે કલ્યાણકારી ગુણ છે, તેને પણ જાણે અને માયિક જે પંચવિષય તેને ભોગવવે કરીને જીવને નરકના કુંડની પ્રાપ્તિ થાય છે ને મહાદુઃખ ભોગવવાં પડે છે તેને પણ જાણે ત્યારે એને પંચવિષયનો અતિશે અભાવ આવે છે, ને એને વિષે વૈરબુદ્ધિ થાય છે, ને જે સાથે જેને વૈર થયું તેને વિષે કોઈ રીતે પ્રીતિ થાય જ નહિ, એમ સમજીને જ્યારે પંચવિષયનો મનમાંથી

જેને અતિશે અભાવ થઈ જાય તે જિતેન્દ્રિય પુરુષ કહેવાય. પછી ભગવાનની શ્રવણકીર્તનાદિક ભક્તિએ કરીને પોતાનું જીવિતવ્ય પૂરું કરે પણ વિમુખ જીવની પેઠે પંચવિષયમાં આસક્ત થાય નહિ, એવો હોય તે જિતેન્દ્રિય કહેવાય. **(૧)** ૧

૨ પછી શ્રીજીમહારાજે બીજો પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** એક ત્યાગી સંત છે તે તો કેવળ નિવૃત્તિમાર્ગવાળા છે, અને તે એમ જાણે છે જે અમે આત્મા છીએ, પણ દેહને પોતાનું રૂપ માનતા નથી. ને તેના દેહની રીતિ તો જડ ને ઉન્મત્તના જેવી હોય, અને તે પુરુષને જાતિ-વર્ણાશ્રમ તેનું અભિમાન હોય નહિ, ને ખાવું, પીવું, ઊઠવું, બેસવું તે સર્વે ઘેલાના જેવું હોય, પણ લોકમાં મળતું આવે તેવું ન હોય ને એવા જે ત્યાગી હોય તેને કોઈનો સંગ પણ રહે નહિ, જેમ વનનું મૃગલું હોય તેની પેઠે ઉન્મત્ત થકો એકલો ફરતો રહે, ને એને કોઈ રીતનું બંધન પણ થાય નહિ, અને બીજા ત્યાગી સંત છે તે તો નિવૃત્તિમાર્ગવાળા છે તો પણ પ્રવૃત્તિમાર્ગમાં વર્તે છે, અને જે પ્રવૃત્તિને યોગે કરીને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા ઇત્યાદિક દોષ હૃદયને વિષે પ્રવર્તે તેવી ક્રિયાને વિષે પ્રવર્તે છે ત્યારે કોઈક જાતનો અંતરમાં વિકાર પણ થઈ આવે છે, માટે ત્યાગીને એ પ્રવૃત્તિમાર્ગમાં રહેવું ઘટે, કે ન ઘટે, અને વળી એ પ્રવૃત્તિમાર્ગમાં રહેતાં થકાં કેઈ રીતે નિર્વિકાર રહેવાય ? અને તમે કહેશો જે જો પરમેશ્વરની આજ્ઞાએ કરીને એ પ્રવૃત્તિમાર્ગમાં રહે તો બંધન ન થાય, તે ઉપર એ આશંકા છે જે પરમેશ્વરની આજ્ઞાએ કરીને ભાંગ્ય પીએ તો શું ગાંડો ન થાય ? જરૂર ગાંડો થાય, માટે એ ત્યાગી કેવી રીતે પ્રવૃત્તિ માર્ગમાં રહે તો બંધન ન થાય ? એ પ્રશ્ન છે. પછી નિત્યાનંદ સ્વામીએ ને શુકમુનિએ એનું સમાધાન કરવા માંડ્યું પણ યથાર્થ ઉત્તર થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે કેવળ નિવૃત્તિધર્મવાળા ત્યાગી છે ને ઉન્મત્તની પેઠે વર્તે છે તે તો કેવળ આત્મનિષ્ઠાવાળા જાણવા, અને વળી જે નિવૃત્તિધર્મવાળા ત્યાગી ભગવાનની ભક્તિએ યુક્ત છે તેને તો પરમેશ્વરે કહ્યા એવા જે નિયમ તેને વિષે રહીને ભગવાન ને ભગવાનના ભક્ત સંબંધી જે પ્રવૃત્તિમાર્ગ તેને વિષે સાવધાન થઈને જોડાવું, અને એ જે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું એનું નામ જ ભક્તિ છે. અને એવી પ્રવૃત્તિવાળા જે ત્યાગી છે તેની બરોબર નિવૃત્તિમાર્ગવાળો જે કેવળ આત્મનિષ્ઠ ત્યાગી તે થઈ શકતો નથી, શા માટે જે આ તો ત્યાગી છે ને નિવૃત્તિમાર્ગવાળા છે તો પણ ભગવાનના ભક્તની સેવાને અર્થે પ્રવૃત્તિમાં પ્રવર્તે છે, અને એ જે ભગવાનનો ભક્ત ત્યાગી તેને તો પરમેશ્વરના નિયમમાં રહીને પ્રવૃત્તિમાર્ગને વિષે રહેવું, પણ પરમેશ્વરના નિયમથી અધિક પણ વર્તવું નહિ ને ન્યૂનપણે રહેવું નહિ. અને કામ, ક્રોધ, લોભ, મોહ, આશા, તૃષ્ણા, સ્વાદ એ આદિક જે વિકાર તેને ત્યાગ કરીને ભગવાન ને ભગવાનના ભક્તની સેવાને અર્થે પ્રવૃત્તિમાર્ગને વિષે વર્તવું તો એને કોઈ જાતનું બંધન થાય નહિ. અને કેવળ આત્મનિષ્ઠાવાળો જે ત્યાગી તે કરતાં તો આ ત્યાગી શ્રેષ્ઠ છે, ને ભગવાનની કૃપાનું પાત્ર છે. **(૨)** ઇતિ ૨

વચનામૃતમ્ ॥૧૭॥ (૨૧૭)

**રહસ્યાર્થ પ્રદી ૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારે વિષે કલ્યાણકારી ગુણ રહ્યા છે તેને જાણીને અમારી નવધા ભક્તિએ પોતાનું જીવિતવ્ય પૂરું કરે, અને પંચવિષયમાં આસક્ત થાય નહિ, તે જિતેન્દ્રિય છે. **(૧)** બીજામાં કેવળ આત્મનિષ્ઠ ત્યાગી કરતાં કામાદિક વિકારનો ત્યાગ કરીને પોતાના નિયમમાં રહીને અમારી ને અમારા ભક્તની ભક્તિ એટલે સેવા કરે એ ત્યાગી કેવળ આત્મનિષ્ઠ ત્યાગી કરતાં શ્રેષ્ઠ છે ને અમારી કૃપાનું પાત્ર છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં નિવૃત્તિમાર્ગવાળા ત્યાગી સંતને અમારી તથા અમારા ભક્તની સેવારૂપ પ્રવૃત્તિને યોગે વિકાર થઈ આવે એમ કહ્યું તે કામાદિક વિકાર થઈ આવે એવી શી ક્રિયા હશે ?

૨ **ઉ૦** દેવની સેવામાં રહ્યા હોય ત્યાં સ્ત્રી આદિક દેખવામાં આવી જાય, ને કોઈક વખત રજોગુણ આવ્યો તે સમે કામનો ખોટો સંકલ્પ થઈ જાય, તથા કોઠાર-ભંડારમાં રહ્યા હોય તે બીજા સંતને સેવા બતાવે તે કહ્યું ન માને ત્યારે તેના ઉપર ક્રોધ થઈ આવે, અને ઘણાં પદાર્થ દીઠામાં આવે તેમાં પોતાનો સ્વાર્થ સાધવાનો સંકલ્પ થાય એ લોભ કહેવાય તથા ખાવાની વસ્તુ સારી હોય તેને ખાવાનો સંકલ્પ રહી જાય તે મોહ કહેવાય, તથા પોતાને કોઠાર કે ભંડારનો અધિકાર મળ્યો હોય તેનો ગર્વ આવે તે મદ કહેવાય, તથા પોતાથી નાના હોય તેની કોઈક પૂજા, સેવા, સન્માન કરે ને તેની ન કરે તો મત્સર આવે, તથા પોતે સેવા કરતો હોય તેના ફળની ઇચ્છા રહે જે હું સેવા કરું છું તે મને ઘી-દૂધ મળે કે ગાદી-તકિયો આપે તો ઠીક એવી ઇચ્છા રહે તે આશા કહેવાય, અને તે ઇચ્છા પૂરી ન થાય તો તેની તૃષ્ણા રહે, આ ઉપર કહ્યા તે દોષનો ત્યાગ કરીને શ્રીજીમહારાજના નિયમમાં રહીને નિષ્કામભાવે સેવા કરે તો તેને કોઈ જાતનું બંધન થાય નહિ. ॥૧૭॥ (૨૧૭)

## વચનામૃત વરતાલનું - ૧૮

❖સંવત ૧૮૮૨ના મહા સુદિ ૧ પડવાને દિવસ શ્રીજીમહારાજ શ્રી વરતાલ મધ્યે સંધ્યા-આરતી થયા કેડે શ્રી લક્ષ્મીનારાયણના મંડપમાં ગાદી-તકિયા નખાવીને વિરાજમાન થયા હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાની ચારેકોરે મંડપને ઉપર તથા હેઠે પરમહંસ સર્વે તથા દેશદેશના હરિભક્ત સર્વે બેઠા હતા.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** આ તમે સર્વે મોટા મોટા પરમહંસ છો તેમને અમે પ્રશ્ન પૂછીએ છીએ, જે સત્સંગી હોય તેને અવશ્યપણે શી શી વાર્તા જાણી જોઈએ ? કેમ જે તેને કોઈ પૂછે અથવા પોતાના મનમાં કોઈક તર્ક થઈ આવે ત્યારે જો તે વાર્તા જાણી ન હોય તો તેનું સમાધાન કેમ થાય ? એમ પ્રશ્ન પૂછીને પછી પોતે જ બોલ્યા જે, લ્યો એનો ઉત્તર અમે જ કરીએ છીએ જે, એક તો આપણો ઉદ્ધવ સંપ્રદાય છે તેની રીત જાણી જોઈએ તથા બીજી ગુરુપરંપરા જાણી જોઈએ. તે કેઈ રીતે તો ઉદ્ધવ તે રામાનંદ સ્વામીરૂપે હતા.
**(૧)** ને તે રામાનંદ સ્વામી શ્રીરંગક્ષેત્રને વિષે સ્વપ્નમાં સાક્ષાત્ રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી ૧
દીક્ષાને પામ્યા, માટે રામાનંદસ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે ને તે રામાનંદ સ્વામીના
શિષ્ય અમે છીએ એવી રીતે ગુરુપરંપરા જાણવી. **(૨)** અને અમે અમારા ધર્મકુળનું સ્થાપન ૨
કર્યું છે તેની રીત જાણવી. **(૩)** અને ત્રીજા અમારા સંપ્રદાયમાં અતિ પ્રમાણરૂપ જે શાસ્ત્ર ૩
છે તેને જાણવાં તે શાસ્ત્રનાં નામ :- વેદ, (૧) વ્યાસસૂત્ર, (૨) શ્રીમદ્ ભાગવત પુરાણ, (૩) અને મહાભારતને વિષે વિષ્ણુસહસ્ર નામ, (૪) ભગવદ્ગીતા, (૫) વિદુરનીતિ, (૬) અને સ્કંદપુરાણના વિષ્ણુખંડ માંહીલું વાસુદેવ માહાત્મ્ય, (૭) અને યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ (૮) એ જે

આઠ શાસ્ત્ર તેને જાણવાં. (૪) અને ચોથા સર્વે સત્સંગીના જે જે નિયમ છે તેને જાણવા. ૪
(૫) અને પાંચમા આપણા ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ ભગવાન તેને જાણવા. (૬) અને સ્થાનક, ૫,૬
સેવક ને કાર્ય તેને ભેદે કરીને તે શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિઓનું બહુપણું છે તેને જાણવું.
(૭) અને તે શ્રીકૃષ્ણ ભગવાનનાં જે પરોક્ષ રૂપ ને પ્રત્યક્ષ રૂપ તેને જાણવાં. તેમાં પરોક્ષ રૂપ ૭
તે કેઈ રીતે તો માયાના તમ થકી પર એવો જે ગોલોક તેને મધ્યે જે અક્ષરધામ તેને વિષે શ્રીકૃષ્ણ ભગવાન રહ્યા છે, તે દ્વિભુજ છે, ને કોટી કોટી સૂર્ય સરખા પ્રકાશમાન છે ને શ્યામસુંદર ને રાધિકાજી ને લક્ષ્મીજીએ સહિત છે ને નંદ, સુનંદ ને શ્રીદામાદિક જે પાર્ષદ તેમણે સેવ્યા છે, ને અનંતકોટી બ્રહ્માંડની જે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેના કર્તા છે, ને મહારાજાધિરાજપણે વિરાજમાન છે, અને એવા જે ભગવાન તે ચતુર્ભુજ રૂપને ધારે છે, અષ્ટભુજ રૂપને ધારે છે ને સહસ્રભુજ રૂપને પણ ધારે છે, ને વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ ને પ્રદ્યુમ્ન એ જે ચતુર્વ્યૂહ ને કેશવાદિક જે ચોવીશ વ્યૂહ એ સર્વે રૂપને ધારે છે તથા વારાહ, નૃસિંહ, વામન, કપિલ, હયગ્રીવ એ આદિક જે અનેક અવતાર તેને ધારે છે, ને પોતે તો સદા દ્વિભુજ છે, અને ઉપનિષદ્ તથા સાંખ્યશાસ્ત્ર ને યોગશાસ્ત્ર તથા પંચરાત્ર એમને વિષે એ જ સ્વરૂપનું વર્ણન કર્યું છે, એવી રીતે પરોક્ષપણે ભગવાનનું સ્વરૂપ કહ્યું. અને સર્વે જે આચાર્ય થયા છે તેમાં વ્યાસજી મોટા આચાર્ય છે ને તે વ્યાસજી જેવા તો શંકરાચાર્ય ન કહેવાય, રામાનુજાચાર્ય ન કહેવાય, મધ્વાચાર્ય ન કહેવાય, નિંબાર્ક ન કહેવાય, વિષ્ણુસ્વામી ન કહેવાય, વલ્લભાચાર્ય ન કહેવાય; કેમ જે એ આચાર્ય જો વ્યાસજીના વચનને અનુસરે તો એ આચાર્યના વચનનું લોકમાં પ્રમાણ થાય, નહિ તો ન થાય અને વ્યાસજીને તો બીજા કોઈની અપેક્ષા નથી કેમ જે વ્યાસજી તો વેદના આચાર્ય છે ને પોતે ભગવાન છે માટે આપણે તો વ્યાસજીના વચનને જ અનુસરવું. અને તે જે વ્યાસજી તેણે જીવના કલ્યાણને અર્થે વેદોનો વિભાગ કર્યો ને સત્તર પુરાણ કર્યું ને મહાભારત કર્યું તો પણ તે વ્યાસજીના મનમાં એમ થયું જે જીવના કલ્યાણનો ઉપાય જેમ છે તેમ યથાર્થ ન કહેવાયો ને તેણે કરીને પોતાના મનમાં સંતોષ ન થયો. તે પછી સમગ્ર વેદ, પુરાણ, ઈતિહાસ, પંચરાત્ર, યોગશાસ્ત્ર, સાંખ્યશાસ્ત્ર તેનું સાર એવું જે શ્રીમદ્ ભાગવત પુરાણ તેને વ્યાસજી કરતા હવા. તે ભાગવતને વિષે સર્વ અવતાર કરતાં શ્રીકૃષ્ણ ભગવાનને જ અધિકપણે કહ્યા છે ને સર્વ અવતારના ધરનારા જે છે તે જ સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન છે, અને એ શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રત્યે ગુણવિભાગના અધ્યાયમાં કહ્યું છે જે હું નિર્ગુણ છું ને મારા સંબંધને જે પામે છે, તે પણ નિર્ગુણ થાય છે. માટે કામભાવ, દ્વેષભાવ, ભયભાવ, સંબંધભાવ, સ્નેહભાવ એમાંથી જે જે ભાવે કરીને એ શ્રીકૃષ્ણ ભગવાનને જે જીવ આશર્યા તે નિર્ગુણ થઈ ગયા, માટે એ શ્રીકૃષ્ણ ભગવાન તે નિર્ગુણ છે એવી રીતે વ્યાસજીએ શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યા છે, ને તે વ્યાસજીએ એમ સિદ્ધાંત કર્યો છે જે સર્વ અવતારના ધરતલ જે પરમેશ્વર તે જ સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન છે ને બીજા
જે અવતાર તે એના છે. (૮) અને જો એ શ્રીકૃષ્ણ ભગવાનને નિર્ગુણ નહિ કહે ને શુદ્ધ ૮

સત્ત્વાત્મક કહેશે તો તેને ભાગવતના પૂર્વાપર સંબંધની ખબર જ નથી ને તે તેને વિષે મોટો બાધ આવશે, કેમ જે ગોપીઓએ શ્રીકૃષ્ણને ભગવાન ન જાણ્યા ને કામભાવે કરીને જ શ્રીકૃષ્ણ ભગવાનને ભજ્યા તેણે કરીને તે ગોપીઓ નિર્ગુણ થઈ ગઈ ત્યારે તે શ્રીકૃષ્ણ ભગવાનને શુદ્ધ સત્ત્વાત્મક કેમ કહેવાય ? માટે શ્રીકૃષ્ણ ભગવાન તો નિર્ગુણ જ છે. **(૯)** તથા શ્રીકૃષ્ણ ૯
ભગવાને પોતે અર્જુન પ્રત્યે કહ્યું છે જે :-

**जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वत: । त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥**

**(૧૦)** અને શ્રીકૃષ્ણ ભગવાને પોતાના જન્મ-સમયમાં વસુદેવ-દેવકીને પરમેશ્વરપણાની **૧૦**
પ્રતીતિને અર્થે જે ચતુર્ભુજ રૂપ દેખાડ્યું તથા બ્રહ્માને જે અનેક ચતુર્ભુજ રૂપ દેખાડ્યાં તથા અક્રૂરને જે શેષશાયી રૂપ દેખાડ્યું તથા અર્જુનને વિશ્વરૂપ દેખાડ્યું ઇત્યાદિક રૂપને ભેદે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની ઉપાસનાના ભેદ કહેવા તે તો યોગ્ય છે. **(૧૧)** પણ એ શ્રીકૃષ્ણ **૧૧**
ભગવાન વ્રજને વિષે બાળમુકુંદ કહેવાયા, મોરલીમનોહર કહેવાયા, રાધાકૃષ્ણ કહેવાયા, તથા વાછડાં ચાર્યાં, ગાયો ચારી, ગોવર્ધન પર્વત ધાર્યો,ગોપીઓ સાથે રાસક્રીડા કરી, તથા મથુરાપુરીમાં આવીને કંસને માર્યો ને યાદવને સુખિયા કર્યા, તથા સાંદીપિની બ્રાહ્મણને ઘરે વિદ્યા ભણ્યા, તથા કુબજા સંગાથે વિહાર કર્યો, તથા દ્વારિકાપુરીમાં વસ્યા, ને રુક્મિણી આદિક અષ્ટ પટરાણીઓને પરણ્યા તથા સોળ હજાર સ્ત્રીઓને પરણ્યા, તથા હસ્તિનાપુરમાં રહ્યા ને પાંડવની સર્વ કષ્ટ થકી રક્ષા કરી, ને દ્રૌપદીની લાજ રાખી, ને અર્જુનના સારથિ થયા ઇત્યાદિક સ્થાનકને ભેદે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની અનેક લીલા છે તેણે કરીને એ શ્રીકૃષ્ણ ભગવાનના દ્વિભુજ સ્વરૂપને વિષે ઉપાસનાના ભેદ ન કરવા, ને જે કરશે તે વચનદ્રોહી, ગુરુદ્રોહી છે. **(૧૨)** અને એ શ્રીકૃષ્ણ ભગવાનનાં આચરણ જે ગોવાળિયાનું ઉચ્છિષ્ટ ખાધું, **૧૨**
તથા રાસરમણ કર્યું, ઇત્યાદિક અનેક પ્રકારનાં છે તે આચરણ પ્રમાણે તે શ્રીકૃષ્ણ ભગવાનના ભક્તને આચરણ ન કરવું, અને એ શ્રીકૃષ્ણ ભગવાને એકાદશ સ્કંધમાં તથા ભગવદ્‌ગીતામાં તથા વાસુદેવ માહાત્મ્યમાં જેમ સાધુનાં લક્ષણ કહ્યાં છે તથા વર્ણાશ્રમના ધર્મ કહ્યા છે તથા પોતાની ભક્તિ કર્યાનું કહ્યું છે તે પ્રમાણે વર્તવું. **(૧૩)** પણ એ શ્રીકૃષ્ણ ભગવાનના આચરણ **૧૩**
પ્રમાણે આચરણ ન કરવું ને જે કરશે તે વિમુખ છે ને અમારો સત્સંગી નથી. અને એ શ્રીકૃષ્ણ ભગવાન તેના આચરણ પ્રમાણે જેમ ન કરવું તેમ જ **તમારો સર્વેનો આચાર્ય ને ગુરુ ને ઉપદેષ્ટા ને ઇષ્ટદેવ એવો જે હું તે મારા દેહનાં જે આચરણ તે પ્રમાણે પણ તમારે ન કરવું,** અને અમારા સંપ્રદાયને વિષે જેમ જેના ધર્મ કહ્યા છે તે જે અમારાં વચન તે પ્રમાણે તમારે સર્વેને રહેવું, પણ અમારા આચરણ પ્રમાણે ન રહેવું,ને આ જે અમે વાર્તા કરી તેને સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી શીખી લેજ્યો, ને એ પ્રમાણે સમજીને એમ જ વર્તજ્યો ને બીજા આગળ પણ એમ જ વાર્તા કરજ્યો. એમ કહીને શ્રીજીમહારાજ ભોજન કરવા પધાર્યા. એવી રીતની વાર્તાને સાંભળીને સર્વે સાધુ ને સત્સંગી તે એમ સમજતા હવા જે એ પરોક્ષ જે શ્રીકૃષ્ણ

ભગવાન કહ્યા તે જ આ ભક્તિ-ધર્મના પુત્ર શ્રીજીમહારાજ છે, પણ એ થકી પર કોઈ નથી અને એ જ આપણા ઈષ્ટદેવ છે ને ગુરુ પણ એ જ છે. **(૧૪)** ઈતિ વચનામૃતમ્ ॥૧૮॥ **(૨૧૮)૧૪**

**રહસ્યાર્થ પ્રદી ૦**– આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે અમારા સત્સંગીએ ઉદ્ધવ સંપ્રદાયની રીત જાણવી. **(૧)** તથા ગુરુપરંપરા જાણવી. **(૨)** તથા ધર્મકુળના સ્થાપનની રીત જાણવી. **(૩)** તથા પરોક્ષના દૃષ્ટાંતે કરીને કહ્યું છે કે સંપ્રદાય સંબંધી શાસ્ત્ર જાણવાં. **(૪)** તથા સત્સંગીના નિયમ જાણવા. **(૫)** તથા ઈષ્ટદેવને જાણવા. **(૬)** અને સ્થાનક, સેવક ને કાર્ય તેને ભેદે કરીને મૂર્તિઓનું બહુપણું જાણવું. **(૭)** અને અમારું પરોક્ષ ને પ્રત્યક્ષ રૂપ જાણવું. **(૮)** અને અમારાં જન્મ, કર્મ દિવ્ય જાણવાં. **(૯)** અને અમારા સંબંધને પામે તે સર્વ નિર્ગુણ થાય છે. **(૧૦)** અને અમારે વિષે પરમેશ્વરપણાની પ્રતીતિ લવરાવવાને અર્થે અમે ચતુર્ભુજાદિક તથા મચ્છ-કચ્છાદિક અનંત રૂપ દેખાડીએ છીએ તે રૂપને ભેદે કરીને ઉપાસનાના ભેદ કહેવા. **(૧૧)** અને સ્થાનકના ભેદે કરીને અનેક પ્રકારની લીલા કરી હોય તેણે કરીને દ્વિભુજ એવા જે અમે તે અમારા સ્વરૂપને વિષે ઉપાસનાના ભેદ કરવા નહિ. **(૧૨)** અને સાધુએ સાધુનાં લક્ષણ પ્રમાણે વર્તવું ને પોતપોતાના વર્ણાશ્રમના ધર્મમાં રહીને અમારી ભક્તિ કરવી. **(૧૩)** અને તમારા ઈષ્ટદેવ જે અમે તે અમારા આચરણ પ્રમાણે તમારે આચરણ ન કરવું; અમારી આજ્ઞા પ્રમાણે જ વર્તવું. **(૧૪)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં આપણો ઉદ્ધવ સંપ્રદાય છે એમ કહ્યું છે તે ઉદ્ધવ સંપ્રદાયનો અર્થ શો સમજવો ?

૧ **ઉ૦ઉત્ કહેતાં ઉત્કૃષ્ટ અને ધવ કહેતાં સ્વામી તે ઉદ્ધવ કહેવાય, તેનો સંપ્રદાય એટલે ઉત્કૃષ્ટ સ્વામી એવા જે સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમનો સંપ્રદાય તે ઉદ્ધવ સંપ્રદાય કહેવાય.**

૨ **પ્ર૦** ઉદ્ધવ સંપ્રદાયની રીત જાણવાની કહી તે રીત કેવી રીતે જાણવી ?

૨ **ઉ૦** મૂળઅક્ષરાદિક સર્વે અવતારનું કારણ અવતારી ને સર્વોપરી એવું શ્રીજીમહારાજનું સ્વરૂપ જાણવું, અને તેમના આશ્રિત ત્યાગી-ગૃહીના ધર્મ જાણવા તથા પોતાને બ્રહ્મરૂપ એટલે શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામ તે રૂપ માનીને ધર્માદિક અંગે સહિત શ્રીજીમહારાજની ભક્તિ કરવી તે રીત જાણવી.

૩ **પ્ર૦** ઉદ્ધેવ તે રામાનંદસ્વામીરૂપે હતા એમ કહ્યું તેનો શો અર્થ જાણવો ?

૩ **ઉ૦** ઉત્કૃષ્ટ સ્વામી એવા જે સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણ તે રામાનંદ સ્વામીરૂપે પ્રગટ થયા હતા, એટલે રામાનંદ સ્વામી તે શ્રીજીમહારાજના મુક્તાવતાર હતા એમ જાણવું.

૪ **પ્ર૦** મુક્તને શ્રીજીમહારાજના અવતાર કિયા વચનામૃતમાં કહ્યા છે ?

૪ **ઉ૦** (**પ્ર૦ ૩૩**ના પહેલા પ્રશ્નમાં) અમે જીવોનાં કલ્યાણને અર્થે નારદ-સનકાદિકરૂપે વર્તીએ છીએ તથા (**પં૦ ૭/૨**માં) અમે નારદ-સનકાદિકરૂપે થઈએ છીએ એમ કહ્યું છે, માટે જીવોના કલ્યાણને અર્થે શ્રીજીમહારાજ મુક્તરૂપે પ્રગટ થાય છે તે મુક્તને અવતાર જાણવા, અને ઉત્પત્ત્યાદિકને અર્થે મૂળઅક્ષરાદિકરૂપે થાય છે એટલે મૂળઅક્ષરાદિકને વિષે પોતાની શક્તિદ્વારે અન્વયપણે રહ્યા છે. તે (**પ્ર૦ ૭૨**ના ૨/૪ બીજા પ્રશ્નમાં) અમે ક્ષર-અક્ષરાદિકને અમારી શક્તિએ કરીને ધરી રહ્યા છીએ, તથા (**૬૩**ના ૩/૪ ત્રીજા પ્રશ્નમાં ) અમે કાન્તિએ કરીને અક્ષરાદિક સર્વને વિષે અન્વયપણે રહ્યા છીએ, તેમ જ મોક્ષ કરવાને અર્થે મુક્તરૂપે પ્રગટ થાય છે તે મુક્તને વિષે સાક્ષાત્ વ્યતિરેક મૂર્તિમાન રહ્યા છીએ એમ કહ્યું છે.

૫ **પ્ર૦** બીજી બાબતમાં ગુરુપરંપરા કહી તે કેવી રીતે જાણવી ?

૫ **ઉ૦** રામાનંદ સ્વામી સ્વપ્નમાં રામાનુજાચાર્ય થકી દીક્ષા પામ્યા માટે રામાનંદ સ્વામીના દીક્ષાગુરુ રામાનુજાચાર્ય છે અને રામાનંદ સ્વામી થકી શ્રીજીમહારાજ દીક્ષા પામ્યા માટે શ્રીજીમહારાજના દીક્ષાગુરુ રામાનંદ સ્વામી છે, અને શ્રીજીમહારાજે અમદાવાદ તથા વરતાલ દેવ પધરાવીને ગાદી સ્થાપન કરી શ્રી અયોધ્યાપ્રસાદજી તથા શ્રી રઘુવીરજીને ગુરુપદવી આપી તે ગુરુ જાણવા, ને એ બે ગાદી ઉપર જે જે આચાર્ય સ્થાપન થાય તેમને જ આચાર્ય તથા ગુરુ જાણવા એમ ગુરુપરંપરા જાણવી.

૬ **પ્ર૦** કેવા હોય તે આચાર્ય કહેવાય ?

૬ **ઉ૦** પોતે શ્રીજીમહારાજે શિક્ષાપત્રી તથા સત્સંગિજીવનમાં આચાર્યના ધર્મ કહ્યાં છે તે પ્રમાણે ધર્મમાં વર્તે ને બીજાને વર્તાવે,

અને પોતાના સંપ્રદાયના શાસ્ત્રના અર્થને જાણતા હોય. આવા ગુણે યુક્ત હોય તે આચાર્ય કહેવાય.

૭ **પ્ર૦** શ્રીજીમહારાજ તો પોતે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે તેમને રામાનંદ સ્વામીને ગુરુ કરવાનું શું કારણ હશે ?

૭ **ઉ૦** મુમુક્ષુઓને ગુરુ કરવાની રીત શીખવવાને અર્થે પોતે રામાનંદ સ્વામીને ગુરુ કર્યા છે.

૮ **પ્ર૦** ત્રીજી બાબતમાં ધર્મકુળના સ્થાપનની રીત જાણવાની કહી તે કેવી રીતે જાણવી ?

૮ **ઉ૦** ધર્મદેવના કુળમાંથી બે ગાદી ઉપર બે આચાર્ય સ્થાપન કર્યા તેમને આચાર્ય તરીકે માનવા અને બીજા સર્વેને ધર્મકુળ તરીકે માનવા, તે ધર્મકુળના સ્થાપનની રીત જાણવી.

૯ **પ્ર૦** ચોથી બાબતમાં સંપ્રદાય સંબંધી શાસ્ત્ર કહ્યાં તે કિયાં જાણવાં ? કેમ જે આ વચનામૃતમાં તો પરોક્ષ શાસ્ત્રનું પ્રમાણ કર્યું છે, અને (**મ૦ ૫૮**માં) શ્રીજીમહારાજે પોતાના સંબંધના શાસ્ત્રે કરીને પોતાના સંપ્રદાયની પુષ્ટિ કહી છે, તે વિરોધ આવે છે માટે સંપ્રદાય સંબંધી શાસ્ત્ર કિયાં જાણવાં ?

૯ **ઉ૦** જ્યારે શ્રીજીમહારાજ મનુષ્યભાવે બોલે ત્યારે પરોક્ષને દષ્ટાંતે કરીને પોતાની વાત કરે અને પરોક્ષ શાસ્ત્રને દષ્ટાંતે કરીને પોતાનાં શાસ્ત્ર માનવાનું કહે માટે આમાં શ્રીજીમહારાજ મનુષ્યભાવે બોલ્યા છે તેથી પરોક્ષ શ્રીકૃષ્ણને દષ્ટાંતે કરીને પોતાની વાત કહી છે, માટે આપણે આપણા ઈષ્ટદેવ જે સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ તેમનાં લીલા-ચરિત્ર જે શાસ્ત્રમાં વર્ણન કર્યાં હોય એવાં જે શાસ્ત્ર તે માનવાં. તે શાસ્ત્રનાં નામ :- **વચનામૃત** જે **હરિવાક્ય-સુધાસિંધુ** (૧) **સત્સંગિજીવન** (૨) **સત્સંગિભૂષણ** (૩) **હરિદિગ્વિજય** (૪) **હરિલીલાકલ્પતરુ** (૫) **ભક્તચિંતામણિ** (૬) **હરિચરિત્ર-ચિંતામણિ** (૭) **હરિલીલામૃત** (૮) **ઘનશ્યામલીલામૃતસાગર** (૯) **પુરુષોત્તમલીલામૃત-સુખસાગર** (૧૦) **પુરુષોત્તમપ્રકાશ** (૧૧) **કલ્યાણનિર્ણય** (૧૨) **હરિલીલાસિંધુ** (૧૩) **પુરુષોત્તમચરિત્ર** (૧૪) ઇત્યાદિક જે શ્રીજીમહારાજ સંબંધી શાસ્ત્ર તે પ્રત્યક્ષ શ્રીજીમહારાજના જે ઉપાસક તેમણે વાંચવાં, સાંભળવાં ને ભણવાં અને તેમાં કહ્યા પ્રમાણે વર્તવું.

૧૦ **પ્ર૦** પાંચમી બાબતમાં સત્સંગીના નિયમ જાણવાના કહ્યા તે નિયમ કિયાં જાણવાં ?

૧૦ **ઉ૦** સત્સંગિજીવનમાં શિક્ષાપત્રી, ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ આદિકમાં જે જે કહ્યા છે તે નિયમ જાણવા.

૧૧ **પ્ર૦** છઠ્ઠી બાબતમાં આપણા ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાન તેમને જાણવા એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૧૧ **ઉ૦** શ્રીજીમહારાજ મનુષ્યભાવે બોલ્યા છે માટે પરોક્ષને દષ્ટાંતે કરીને પોતાને ઈષ્ટદેવ માનવા એમ કહ્યું છે.

૧૨ **પ્ર૦** સાતમી બાબતમાં સ્થાનક, સેવક ને કાર્ય કહ્યાં તે કિયાં જાણવાં ? અને તેને ભેદે કરીને મૂર્તિઓનું બહુપણું કહ્યું તે કેવી રીતે જાણવું ?

૧૨ **ઉ૦** અક્ષરધામરૂપી સ્થાનમાં મૂર્તિ દિવ્ય-તેજોમય છે અને તે મૂર્તિ જે જે લોકોમાં કલ્યાણ કરવા દેખાય તે લોકોમાં તે તે લોકોના જેવી દેખાય તે લોકોનાં સ્થાન જાણવાં, અને એ લોકમાં રહ્યા જે ભક્ત તે સેવક જાણવા, અને મનુષ્યરૂપે પ્રગટ થઈને ભગવાન જે જે આચરણ કરે તે કાર્ય જાણવાં, અને જીવોના કલ્યાણને અર્થે અનંત બ્રહ્માંડમાં એકમૂર્તિ થકા અનંતરૂપે દેખાય છે તે મૂર્તિનું બહુપણું જાણવું, તેણે કરીને દિવ્ય મૂર્તિને વિષે ભેદ ન કરવા. જે મૂર્તિ અક્ષરધામમાં છે તે જ મૂર્તિ મનુષ્યરૂપે આંહીં દેખાય છે એમ જાણવું.

૧૩ **પ્ર૦** આઠમી બાબતમાં પરોક્ષ ને પ્રત્યક્ષ જાણવાં એમ કહ્યું તે કેવી રીતે જાણવું ?

૧૩ **ઉ૦** અક્ષરધામમાં દિવ્યમૂર્તિ શ્રીજીમહારાજ વિરાજે છે તે આપણી દષ્ટિએ દેખવામાં નથી આવતું તે પરોક્ષરૂપ સમજવું, અને આંહીં મનુષ્યરૂપે તથા પ્રતિમારૂપે દર્શન આપે છે તે પ્રત્યક્ષ જાણવું.

૧૪ **પ્ર૦** માયાના તમ થકી પર એવા ગોલોકને મધ્યે જે અક્ષરધામ તેને વિષે દ્વિભુજ એવા જે શ્રીકૃષ્ણ તે રહ્યા છે એમ કહ્યું, અને (**મ૦ ૩૯**ના ૨/૩ બીજા પ્રશ્નમાં) જે શ્રીકૃષ્ણે વસુદેવ-દેવકીને ચતુર્ભુજરૂપે દર્શન દીધું તે ચતુર્ભુજ રૂપ અનાદિ છે એમ કહ્યું છે, માટે વસુદેવના પુત્ર જે શ્રીકૃષ્ણ તે તો સદા ચતુર્ભુજ છે, તેમની સેવામાં તો રાધિકા, લક્ષ્મી, નંદ, સુનંદાદિક પાર્ષદ હોય પણ અક્ષરધામને વિષે રહ્યા એવા દ્વિભુજ શ્રીકૃષ્ણ જે શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમની સેવામાં રાધિકા, લક્ષ્મી તથા નંદ, સુનંદાદિક પાર્ષદ કહ્યા તે કેવી રીતે સમજવા ?

**૧૪** ઉ० શ્રીજીમહારાજ મનુષ્યભાવે બોલે ત્યારે પરોક્ષને દૃષ્ટાંતે પોતાને ભગવાન કહે અને પરોક્ષનાં શાસ્ત્ર તથા પાર્ષદને નામે કરીને પોતાનાં શાસ્ત્ર તથા પોતાના પાર્ષદોને કહે તે (**પ્ર० ૮, ૧૮, ૪૮** ઇત્યાદિમાં) ઘણે ઠેકાણે છે.

**૧૫ પ્ર०** (અગિયારમી બાબતમાં) પરોક્ષ શ્રીકૃષ્ણે પોતાને વિષે પરમેશ્વરપણાની પ્રતીતિ લવરાવવાને અર્થે ઘણાંક રૂપ દેખાડ્યાં તે રૂપને ભેદે કરીને જેમ શ્રીકૃષ્ણને વિષે ઉપાસનાના ભેદ કહેવા એમ કહ્યું તેમ જ શ્રીજીમહારાજે પોતાને વિષે પ્રતીતિ લવરાવવાને અર્થે કિયાં રૂપ ધાર્યાં હશે ? અને તે રૂપને ભેદે કરીને ઉપાસનાના ભેદ કેવી રીતે કહેવા ?

**૧૫** ઉ० શ્રીજીમહારાજે પોતાને વિષે સર્વોપરીપણાની પ્રતીતિ લવરાવવાને અર્થે ઘણાક મતવાદીઓને તથા ભક્ત-અભક્ત સર્વેને મચ્છ, કચ્છ, રામકૃષ્ણાદિક ઘણાંક રૂપ દેખાડ્યાં હતાં, ને લીન કર્યા હતાં તે પરથારામાં નવમી બાબતમાં મચ્છ, કચ્છાદિક ઘણા રૂપે દેખાતા હવા એમ કહ્યું છે, અને (**મ० ૧૩**માં) અવતાર પ્રગટ થાય છે ને લીન થાય છે એમ કહ્યું છે, માટે તે રૂપ બતાવ્યાં એટલે જે જે અવતારો થયા હતા, તેવાં રૂપ બતાવ્યાં હતાં તે અવતારોથી શ્રીજીમહારાજને પર કહેવા, એવી રીતે તો ઉપાસનાના ભેદ કહેવા પણ પોતાની મૂર્તિ અનંત અવતારોરૂપે શ્રીજીમહારાજે દેખાડી તે મૂર્તિમાં ભેદ ન કરવા પણ અવતારી સ્વરૂપ શ્રીજીમહારાજ અને બીજા અવતારો તે પૃથક્ છે એમ તો ભેદ કરવા ખરા.

**૧૬ પ્ર०** ચૌદમી બાબતમાં અમે તમારા આચાર્ય, ગુરુ, ઉપદેષ્ટા ને ઇષ્ટદેવ છીએ એમ કહ્યું તે ઇષ્ટદેવ તો છે જ પણ આચાર્ય, ગુરુ ને ઉપદેષ્ટા કેમ કહ્યા હશે ?

**૧૬** ઉ० શ્રીજીમહારાજ અનંત જીવોના કલ્યાણને અર્થે મનુષ્યરૂપે પ્રગટ થઈને મુમુક્ષુ જીવોના ઉપદેશને અર્થે રામાનંદ સ્વામીના શિષ્ય થઈને આચાર્યરૂપે વર્ત્યા તેથી પોતાને આચાર્ય કહ્યા છે. અને સર્વે ત્યાગી-ગૃહીના ગુરુપણે વર્ત્યા તેથી ગુરુ કહ્યા છે. અને સર્વેને ઉપદેશ કર્યો માટે ઉપદેષ્ટા કહ્યા છે, પણ આચાર્યને તથા ગુરુને તથા ઉપદેશ કરનારાને ભગવાન ન જાણવા. એમ (**કા० ૧૦**ના ૧/૪ પહેલા પ્રશ્નમાં) અમારા જેવો થવા કોઈ સમર્થ નથી ને અક્ષરપર્યંત સર્વ અમારા સેવક છે ને અમે સ્વામી છીએ; તથા (**પં० ૨** માં) પ્રકૃતિ પુરુષાદિક અમારા ભક્ત છે. માટે ભગવાન તો એક શ્રીજીમહારાજ જ છે. અને નાના-મોટા સર્વ અવતારો તથા મુક્ત તે સર્વે શ્રીજીમહારાજના ભક્ત છે.

**૧૭ પ્ર०** આ વાર્તા શીખી લેજો ને એ પ્રમાણે વર્તજ્યો ને બીજા આગળ કરજો તે વાર્તા શી સમજવી ?

**૧૭** ઉ० ઉપર કહી જે સમગ્ર રીત તથા જેમ શ્રીકૃષ્ણ ભગવાનના ભક્તને તેમના આચરણ પ્રમાણે આચરણ ન કરવું, તથા તે શ્રીકૃષ્ણ ભગવાનને એકાદશ સ્કંધ આદિ શાસ્ત્રમાં સાધુનાં લક્ષણ તથા ધર્મ તથા ભક્તિ કરવાનું કહ્યું છે તેમ વર્તવું. તેમ જ અમારા ભક્તોએ અમારા આચરણ પ્રમાણે આચરણ ન કરવું, અને અમારા સંપ્રદાયનાં શાસ્ત્ર જે વચનામૃત, સત્સંગિજીવન આદિકમાં અમે જેના જેના ધર્મ કહ્યા છે ને અમારી ભક્તિ કરવાનું કહ્યું છે તે પ્રમાણે વર્તવું. એ વાત શીખીને બીજા આગળ કરવી એમ કહ્યું છે. ||૧૮|| **(૨૧૮)**

## વચનામૃત વરતાલનું - ૧૯

❖સંવત ૧૮૮૨ના મહા સુદિ ૨ બીજને દિવસ શ્રીજીમહારાજ સાંઝને સમે શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરમાં ઉગમણી કોરની રૂપચોકી ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી ઠાકોરજીની સંધ્યા-આરતી થઈ રહી ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** સાંભળો ભગવાનની વાર્તા કરીએ છીએ જે, **આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે, પછી એ ભગવાનનો ભક્ત થયો તેને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ રાખવી ઘટે નહિ, શા માટે**

**જે ભગવાનના ધામનું જે સુખ છે તેની આગળ માયિક પંચવિષયનું સુખ છે તે તો નરક જેવું છે, અને જે નરકના કીડા છે તે તો નરકને વિષે પરમ સુખ માને છે, પણ જે મનુષ્ય હોય તે તો તે નરકને પરમ દુઃખદાયી જાણે છે, તેમ જેને ભગવાનની ઓળખાણ થઈ તે તો ભગવાનનો પાર્ષદ થયો ને તેને ભગવાનનો પાર્ષદ મટીને વિષ્ટાના કીડાની પેઠે માયિક પંચવિષયના સુખને ઇચ્છવું નહિ. અને જે ભગવાનનો ભક્ત હોય તે તો જે જે મનોરથ કરે તે સર્વે સત્ય થાય છે, માટે ભગવાન વિના બીજા પદાર્થને અણસમજણે કરીને જે ઇચ્છે છે એ જ એને મોટો અવિવેક છે, તે સારુ જે ભગવાનનો ભક્ત હોય તેને તો ચૌદ લોકમાં જે ભોગ-સુખ છે તેને કાકવિષ્ટા તુલ્ય જાણ્યાં જોઈએ ને મન-કર્મ-વચને કરીને ભગવાનના ભક્તને વિષે જ દૃઢ પ્રીતિ કરી જોઈએ** અને એમ સમજ્યું જોઈએ જે, જે ભગવાનનો ભક્ત હોય ને તેને જો કદાચિત્ ભગવાન વિના બીજી વાસના રહી ગઈ હોય તો તે પણ ઇંદ્રની પદવીને પામે, કાં બ્રહ્મલોકને પામે પણ પ્રાકૃત જીવની પેઠે નરક ચોરાશીમાં તો જાય જ નહિ. ત્યારે જે યથાર્થ ભગવાનનો ભક્ત હોય તેનો જે મહિમા ને તેનું જે સુખ તે તો વર્ણવ્યામાં જ કેમ
આવે ? માટે ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનમાં જ દૃઢ પ્રીતિ રાખવી. **(૧)** ઇતિ ૧
વચનામૃતમ્ ॥૧૯॥ **(૨૧૯)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે અમે કાં અમારા સંત આ પૃથ્વી ઉપર જરૂર વિચરતા હોઈએ તે જેને અમારી ઓળખાણ પડે તે અમારો ભક્ત થાય તે પછી તેને અમારા સુખ વિના માયિક સુખ ન ઇચ્છવું કેમ જે અમારા ધામના સુખ આગળ માયિક સુખ છે તે નરક જેવું ને કાકવિષ્ટા તુલ્ય છે, માટે જેમ મનુષ્ય નરકને પરમ દુઃખદાયી જાણે છે તેમ અમારા ભક્તોએ માયિક સુખ નરક જેવું જાણવું ને અમારા સંતને વિષે પ્રીતિ રાખવી, અને અમારા ભક્ત સવાસનિક હોય તો તે પણ ઇન્દ્ર-બ્રહ્માની પદવી પામે તો યથાર્થ અમારા ભક્તનો મહિમા ને સુખ તે તો વર્ણન થાય જ કેમ, એમ જાણીને અમારે વિષે પ્રીતિ કરવી. **(૧)** બાબત છે. ॥૧૯॥**(૨૧૯)**

## વચનામૃત વરતાલનું - ૨૦

❖સંવત ૧૮૮૨ના મહા સુદિ ૩ ત્રીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી વરતાલ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના દરબારમાં લીંબડાના વૃક્ષની હેઠે વેદી ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે ચંમેલીનાં પુષ્પનો હાર વિરાજમાન હતો અને મસ્તક ઉપર રાતા અતલસનું છત્ર વિરાજમાન હતું અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે પરમહંસને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** રજોગુણમાંથી કામની ઉત્પત્તિ થાય છે અને તમોગુણમાંથી ક્રોધ ને લોભની ઉત્પત્તિ થાય છે માટે એ કામાદિકનું બીજ ન રહે એવું એક સાધન કિયું છે ? પછી શુકમુનિએ કહ્યું જે, જ્યારે નિર્વિકલ્પ સમાધિ થાય ને જ્યારે આત્મદર્શન થાય ત્યારે જ એના હૃદયમાંથી કામાદિકનું બીજ બળી જાય. પછી શ્રીજીમહારાજે આશંકા કરી જે, શિવ, બ્રહ્મા, શૃંગી ઋષિ, પરાશર, એમને શું નિર્વિલ્પ સમાધિ નહોતી જે

કામે કરીને એ સર્વે વિક્ષેપને પામ્યા ? માટે એ સર્વે નિર્વિકલ્પ સમાધિવાળા જ હતા તો પણ ઈન્દ્રિયોની વૃત્તિ લોમ થઈ ત્યારે કામાદિકે કરીને વિક્ષેપને પામ્યા, માટે તમે કહ્યું એવી રીતે એ પ્રશ્નનો ઉત્તર ન થયો. અને જેમ જ્ઞાની નિર્વિકલ્પ સમાધિને વિષે જાય ત્યારે નિર્વિકાર રહે છે તેમ જ અજ્ઞાની સુષુપ્તિને વિષે નિર્વિકાર રહે છે, અને જ્યારે ઈન્દ્રિયોની વૃત્તિ લોમ થાય છે ત્યારે તો જ્ઞાની ને અજ્ઞાની બેય કામાદિકે કરીને વિક્ષેપને પામે છે; એમાં તો જ્ઞાની-અજ્ઞાની નો કાંઈ વિશેષ જણાતો નથી માટે હવે બીજા પરમહંસ ઉત્તર કરો. પછી તો ગોપાળાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી એ સર્વે મળીને જેવો જેને ભાસ્યો તેવો તેણે ઉત્તર કર્યો, પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું કોઈથી સમાધાન થયું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ જનક વિદેહી હતા તે પ્રવૃત્તિમાર્ગમાં હતા તો પણ નિર્વિકાર હતા અને જ્યારે જનકની સભામાં સુલભા નામે સન્યાસિની આવી ત્યારે જનક રાજા સુલભા પ્રત્યે બોલ્યા જે, તું મારા ચિત્તને મોહ પમાડ્યાનું કરે છે, પણ મારા ગુરુ જે પંચશિખ ૠષિ તેની કૃપા થકી હું સાંખ્ય ને યોગ એ બે મતને અનુસર્યો છું, માટે મારા અર્ધા શરીરને ચંદન ચર્ચે અને અર્ધું શરીર તરવારે કરીને કાપે એ બેય મારે બરોબર છે અને આ મારી મિથિલાપુરી બળી જાય તો પણ મારું કાંઈ બળતું નથી, એમ હું પ્રવૃત્તિમાં રહ્યો થકો અસંગી ને નિર્વિકાર છું એવી રીતે રાજા જનકે સુલભા પ્રત્યે કહ્યું અને શુકદેવજીના પણ રાજા જનક ગુરુ કહેવાણા. માટે એ પ્રશ્નનો એ જ ઉત્તર છે જે ઈન્દ્રિયોની વૃત્તિ લોમપણે વર્તતી હોય અને પ્રવૃત્તિમાર્ગમાં રહ્યો હોય તો પણ જો રાજા જનકની પેઠે જેના હૃદયમાં **સમજણની દૃઢતા** થઈ હોય તો તે કોઈ રીતે વિકારને પામે નહિ અને જેને જેવું જાણ્યું જોઈએ તેવું યથાર્થ જાણ્યું હોય જે, આ તે સાર છે ને આ તે અસાર છે પછી એક ભગવાનની મૂર્તિ વિના જેટલા માયિક આકાર છે તે સર્વે અતિશે દુઃખદાયક છે ને નાશવંત છે એમ જાણે, અને પોતાને દેહ, ઈન્દ્રિયો ને અંતઃકરણ તે થકી નોખો આત્મારૂપે જાણે પછી એને એવું કોઈ પદાર્થ નથી જે મોહ પમાડવાને અર્થે સમર્થ થાય કેમ જે એ તો સર્વે માયિક આકારને તુચ્છ કરી જાણે છે અને એવી રીતે જેના અંતરમાં સમજણની ઘેડ્ય બેઠી હોય ને તેનાં ઈન્દ્રિયો પ્રવૃત્તિમાર્ગને વિષે સર્વે લોમપણે વર્તતાં હોય તો પણ તે કામાદિકે કરીને ક્ષોભને ન પામે એવો જે હરિભક્ત હોય તે ત્યાગી હોય અથવા ગૃહસ્થ હોય પણ તેના હૃદયમાંથી કામાદિકનું બીજ નાશ પામી જાય છે, અને એવો હોય તે જ સર્વે હરિભક્તમાં શ્રેષ્ઠ વૈષ્ણવ છે, માટે **ગૃહી-ત્યાગીનો કાંઈ મેળ નથી જેની સમજણ મોટી તેને જ સૌથી મોટો હરિભક્ત જાણવો,** અને શિવ-બ્રહ્માદિકને વિષે જે ખોટ કહેવાય છે તેનું તો એમ છે જે કેટલાકને વિષે તો આવી રીતની સમજણની કસર છે, ને કેટલાકને વિષે તો આવી સમજણ હોય તો પણ ભૂંડા દેશ, કાળ, સંગ, ક્રિયાદિકને યોગે કરીને તેમને કામાદિક વિકારરૂપ ખોટ કહેવાણી છે, **માટે આવી સમજણ હોય તો પણ કોઈ પ્રકારે કુસંગ તો કરવો જ નહિ એ સિદ્ધાંત વાર્તા છે. (૧)** ઈતિ વચનામૃતમ્ **૧ ॥૨૦॥ (૨૨૦)**

**રહસ્યાર્થ પ્રદી** ૦- આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારી મૂર્તિ વિના બીજા માયિક આકારને અતિ તુચ્છ ને દુઃખદાયી ને નરકરૂપ જાણીને પોતાને આત્મારૂપ માને તે ત્યાગી હોય કે ગૃહસ્થ હોય પણ તેના હૃદયમાંથી કામાદિકનું બીજ નાશ પામે છે, તે સર્વ ભક્તથી શ્રેષ્ઠ છે, અને આવી સમજણ ન હોય, કાં તો ભૂંડા દેશકાળનો યોગ થાય તો ખોટ આવે, માટે એવી સમજણ હોય તો પણ કુસંગ તો કરવો જ નહિ. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** આમાં જનક રાજાને શુકજીના ગુરુ કહ્યા, અને (**મ૦ ૨૦/૨**માં) જનકથી શુકજીની સ્થિતિ અધિક કહી છે, તે કેમ સમજવું ?

૧ ઉ૦ શુકજીની સ્થિતિ જનક કરતાં અધિક હતી પણ જનક રાજાએ શુકજીને જ્ઞાન કર્યું હતું તેથી ગુરુ કહ્યા છે.

## ઇતિ શ્રી કચ્છદેશે વૃષપુરનિવાસી અનાદિમુક્તરાજ શ્રીઅબજીભાઈ વિરચિત સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મુખકમળ નિઃસૃત વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકાયાં વરતાલ પ્રકરણં સમાપ્તમ્

શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીજી બાપા વાસણા, અમદાવાદ-૭. SMVS

# અથ વચનામૃતમ્ અમદાવાદ પ્રકરણમ્

## વચનામૃત અમદાવાદનું - ૧

❖સંવત ૧૮૮૨ના મહા વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ મધ્યે શ્રી નરનારાયણના મંદિરમાં આથમણી કોરે મુખારવિંદે કરીને વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે ગુલાબનાં પુષ્પના હાર વિરાજમાન હતા ને કાનની ઉપર ગુલાબનાં પુષ્પના ગુચ્છ વિરાજમાન હતા ને પાઘને વિષે ગુલાબના પુષ્પના તોરા વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી તે સમામાં શ્રીજીમહારાજ અંતર સામી દૃષ્ટિ કરીને વિરાજમાન હતા.

૧ પછી નેત્રકમળને ઉઘાડીને સર્વે સામું જોયું પછી એમ બોલ્યા જે, **(૧)** અમારે એક ધ્યાનના અંગની વાર્તા કરવી છે તે વાર્તા મોક્ષધર્મને વિષે પણ કહી છે. અને જે મોટા મોટા એ ધ્યાને કરીને સિદ્ધદશાને પામ્યા છે તે પણ અમે ઘણાક દીઠા છે ને અમારા પણ અનુભવમાં એમ વર્તે છે જે અનંત પ્રકારનાં ધ્યાન છે, પણ જે આ વાત કહેવી છે તેની બરોબર બીજું કોઈ ધ્યાન નહિ : જેમ કોઈક ચમત્કારી મંત્ર હોય અથવા ચમત્કારી ઔષધિ હોય તેમાં સ્વાભાવિક જ ચમત્કાર રહ્યો છે, તેમ જ આ ધ્યાન અમારે કહેવું છે તે ધ્યાનમાં પણ એવો સ્વાભાવિક ચમત્કાર છે જે તત્કાળ સિદ્ધદશાને પામી જાય. ને હવે તે વાર્તા કરીએ છીએ જે ધ્યાનનો કરનારો છે તેને જમણા નેત્રમાં સૂર્યનું ધ્યાન કરવું ને ડાબા નેત્રમાં ચંદ્રનું ધ્યાન કરવું. એવી રીતે ધ્યાન કરતાં કરતાં સૂર્ય ને ચંદ્રમા જેવા આકાશમાં છે તેવા ને તેવા જ દેખાવા માંડે, ત્યારે જમણું નેત્ર છે તે તપવા માંડે ને ડાબું નેત્ર છે તે ઠરવા માંડે, ત્યારે સૂર્યની ધારણા ડાબા નેત્રમાં કરવી ને ચંદ્રની ધારણા જમણા નેત્રમાં કરવી. એવી રીતે ધારણા કરીને પછી સૂર્યને ને ચંદ્રને અંતર્દૃષ્ટિ કરીને હૃદયાકાશમાં જોયા કરવા, અને જોનારો જે પોતાનો જીવ તેના રૂપને પણ દેખવું અને દેખનારો જે જીવાત્મા તેને વિષે પરમાત્માનું ધ્યાન કરવું. પછી તેનું જે વાસનાલિંગ દેહ છે તે જેમ રેંટનો ફાળકો ફરે તેમ આકાશને વિષે ફરતું જણાય, પછી એવી રીતે ધ્યાન કરતાં થકાં ભગવાનનું જે વિશ્વરૂપ છે તેનું દર્શન તેને થાય છે, ને તે રૂપને વિષે ચૌદે લોકની રચના છે તે દેખાઈ આવે છે, અને તે સ્વરૂપ અતિશે મોટું પણ નથી દેખાતું જેમ વટપત્રશાયી ભગવાન એક વડના પત્રમાં નાના બાળક થઈને પોઢ્યા હતા અને તે જ ભગવાનના ઉદરને વિષે માર્કંડેય ઋષિએ સમગ્ર બ્રહ્માંડ દીઠું; એવી રીતે ભગવાનનું ધ્યાન કરતાં થકા જેટલાં કાંઈ શાસ્ત્રમાં પદાર્થ કહ્યાં છે તે સર્વે એની દૃષ્ટિમાં આવે છે, ત્યારે એના જીવાત્માને વિષે જે કાંઈક નાસ્તિકભાવ રહ્યો હોય તે મટી જાય છે અને તેનો જીવ અતિ બળિયો થાય છે અને જે જે શાસ્ત્રમાં કહ્યું છે તે સર્વે સત્ય છે એવી એને દૃઢ પ્રતીતિ આવે

છે. અને અણિમાદિક અષ્ટસિદ્ધિઓ તે પણ એ ધ્યાનના કરનારાને આવીને હાજર થાય છે, અને જ્યાં લગણ સૂર્યની ને ચંદ્રની કિરણ પહોંચતી હોય ત્યાં લગી તેની દૃષ્ટિ પહોંચે એવી અનંત સિદ્ધિઓ પ્રગટે છે. પણ પરમેશ્વરનો ભક્ત છે માટે કોઈ સિદ્ધિઓને ગ્રહણ કરતો નથી; કેવળ પરમેશ્વરનું જ ધ્યાન કરે છે, ત્યારે એ ધ્યાનનો કરનારો નારદ-સનકાદિક શુકજીના સરખી સિદ્ધદશાને પામે છે. માટે અનંત પ્રકારના ધ્યાન છે, પણ તત્કાળ સિદ્ધદશાને પમાડે એવું તો એ જ ધ્યાન છે. એટલી વાર્તા કરી રહ્યા. **(૧)** ૧

૨ ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** એવું ધ્યાન તે અષ્ટાંગયોગને માર્ગે કરીને પ્રાણાયામ કરતો હોય તેને જ સિદ્ધ થાય છે કે બીજાને પણ થાય છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, પ્રાણાયામવાળાનો કાંઈ મેળ નથી, એ તો જો એવા ધ્યાનનો અભ્યાસ કરે ને તે પરમેશ્વરનો એકાંતિક ભક્ત હોય તો તેને જ એ ધ્યાન સિદ્ધ થાય છે. પણ બીજા જીવ થકી તો એ માર્ગને વિષે ચલાતું જ નથી, માટે એ ધ્યાનના જે અધિકારી છે તેને તો કહ્યું એવું જે ધ્યાન તે થકી બીજો તત્કાળ સિદ્ધ થયાનો ઉપાય નથી. **(૨)** ઇતિ વચનામૃતમ્ ॥૧॥ **(૨૨૧)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે તેમાં યોગમાર્ગના ધ્યાનની પ્રશંસા કરીને તેની રીત બતાવી છે જે સૂર્ય-ચંદ્રને નેત્રદ્વારે કરીને હૃદયમાં જોવા ને પોતાના આત્માને જોવો ને તે આત્મામાં અમારું ધ્યાન કરવું તેણે કરીને સૂક્ષ્મ દેહ જુદું દેખાય ને બ્રહ્માંડની રચના દેખાય ને નાસ્તિકભાવ ટળી જાય ને સિદ્ધિઓ પ્રાપ્ત થાય પણ અમારો ભક્ત તે સિદ્ધિઓને ગ્રહણ ન કરે ને કેવળ અમારું જ ધ્યાન કરે, તો જેમ સૂર્યને ધ્યાને કરીને સૂર્યના સરખી દૃષ્ટિ થાય છે તેમ અમારે ધ્યાને કરી અમારા સિદ્ધ મુક્ત સરખી સિદ્ધદશાને પામે છે, એટલે જેમ અમે અનંતકોટી બ્રહ્માંડમાં વ્યાપવા સમર્થ છીએ તેમ તે પણ અમારા જેવો જ સમર્થ થાય છે. **(૧)** બીજામાં અષ્ટાંગયોગ સિદ્ધ કર્યા વિના પણ અમારા એકાંતિક ભક્ત અમારું ધ્યાન કરે તો તત્કાળ તે ધ્યાન સિદ્ધ થાય છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** (**છે૦ ૩૧**માં) જીવને વિષે અમારી મૂર્તિને ધારે તો અંગુષ્ઠ માત્ર જ જુએ, પણ જેવી છે તેવી ન દેખે એમ કહ્યું છે ને આમાં જીવને વિષે મૂર્તિ ધારે તો તત્કાળ સિદ્ધદશાને પામે એમ કહ્યું તે કેમ સમજવું ?

૧ **ઉ૦** (**છે૦ ૩૧**માં) બુદ્ધિને વિષે જીવ રહ્યો છે તેમાં મૂર્તિ ધારે તો જેવી છે તેવી ન દેખે એમ કહ્યું છે; શા હેતુ માટે તો બુદ્ધિ ગુણમય છે અને જ્યાં સુધી બુદ્ધિમાં જીવ રહ્યો છે ત્યાં સુધી જીવ પણ ગુણમય કહેવાય, માટે તેમાં મૂર્તિ ધારે તો અંગુષ્ઠ માત્ર દેખે, પણ જેવી છે તેવી ન દેખે એમ કહ્યું છે, પણ ત્રણ દેહથી નોખો પડીને પછી જીવાત્માને વિષે મૂર્તિ ધારે તો જેવી છે તેવી ન દેખે એમ નથી કહ્યું. અને આમાં તો વાસના લિંગદેહથી જુદો પડીને શુદ્ધ આત્મારૂપ થઈને શ્રીજીમહારાજની મૂર્તિ ધારે તો મૂર્તિ જેવી છે તેવી દેખે ત્યારે કારણ શરીર નાશ પામે. અને (**છે૦ ૩૧**માં) ધ્યાન કરવાનો ઉપાય કહ્યો તેમાં પોતાને અક્ષરધામરૂપ માનીને શ્રીજીમહારાજની મૂર્તિ ધારવી એ શ્રેષ્ઠ છે અને એવી રીતે ધ્યાન કરવામાં પ્રયાસ ઘણો જ ઓછો પડે અને તત્કાળ મૂર્તિ સિદ્ધ થાય છે તે ધ્યાન કરવાનો ઉપાય આથી શ્રેષ્ઠ છે.

૨ **પ્ર૦** યોગમાર્ગે ધ્યાન કરનારા સૂર્ય-ચન્દ્રને ન ધારે અને શ્રીજીમહારાજની મૂર્તિને ધારે તો ધરાય કે નહિ ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજની મૂર્તિ ધારવી તે તો સર્વેથી શ્રેષ્ઠ છે.

૩ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં શાસ્ત્રમાં કહ્યાં તે પદાર્થ જ્યારે દૃષ્ટિમાં આવે ત્યારે જીવને વિષેથી નાસ્તિકભાવ સંપૂર્ણ જાય એમ કહ્યું ત્યારે સત્પુરુષના સમાગમથી નાસ્તિકભાવ જાય કે નહિ ?

૩ **ઉ૦** આમાં જેણે કેવળ શાસ્ત્ર થકી સમજણ દૃઢ કરી હોય તે શાસ્ત્રમાં કહેલું હોય તેને જ્યારે દૃષ્ટિએ દેખે ત્યારે યથાર્થ મનાય

એમ કહ્યું છે. અને જેને મુક્તનો યોગ થયો તેને તો આત્મા-પરમાત્માનું દર્શન થાય એમ (**વ૦ ૧૧**ના ૪/૫ ચોથા પ્રશ્નમાં) કહ્યું છે, તો નાસ્તિકપણું જાય એમાં શું કહેવું ? ॥**૧**॥ **(૨૨૧)**

## વચનામૃત અમદાવાદનું - ૨

❖સંવત ૧૮૮૨ના ફાગણ સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ મધ્યે શ્રી નરનારાયણના મંદિરની આગળ વેદીને વિષે પાટ ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા ને ધોળો ખેસ પહેર્યો હતો ને ધોળી ચાદર ઓઢી હતી ને મસ્તકને વિષે ગુલાબી રંગનો ફેંટો બાંધ્યો હતો ને તે પાઘને વિષે ગુલાબના પુષ્પના તોરા ઝૂકી રહ્યા હતા ને કાનને ઉપર ગુલાબના બે ગુચ્છ ખોસ્યા હતા ને કંઠને વિષે ગુલાબના પુષ્પના હાર પહેર્યા હતા ને બે ભુજને વિષે ગુલાબના બાજુબંધ બાંધ્યા હતા ને બે હાથને વિષે ગુલાબના પુષ્પના ગજરા પહેર્યા હતા. એવી રીતે સર્વે અંગમાં ગુલાબના પુષ્પે ગરકાવ થયા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ સર્વે પરમહંસ પ્રત્યે બોલ્યા જે એક પ્રશ્ન પૂછું છું જે, **(૧)** પરમેશ્વરનો ભક્ત છે તે તો જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ તે થકી પર વર્તે છે ને મલિન રજ, તમ ને મલિન સત્ત્વ તેનો ત્યાગ કરીને શુદ્ધ સત્ત્વમય વર્તે છે ને એવો થકો પરમેશ્વરને ભજે છે ને બીજો ભક્ત છે તે તો ત્રિગુણાત્મક વર્તે છે ને પરમેશ્વરને વિષે તો અતિશે પ્રીતિએ યુક્ત વર્તે છે એ બે ભક્તમાં કિયો ભક્ત શ્રેષ્ઠ છે ? પછી સંતમંડળે તો એમ કહ્યું, જે ભગવાનને વિષે પ્રીતિવાળો શ્રેષ્ઠ છે ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એક તો નાઈ-ધોઈ પવિત્ર થઈને ભગવાનની પૂજા કરે છે ને એક તો મળમૂત્રનો ભર્યો થકો ભગવાનની પૂજા કરે છે એ બેમાં કિયો શ્રેષ્ઠ છે ? ત્યારે મુનિમંડળે કહ્યું જે પવિત્ર થઈને ભગવાનની પૂજા કરે તે શ્રેષ્ઠ છે. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, માયિક ઉપાધિને તજીને ભગવાનને ભજે છે તેને તો તમે ન્યૂન કહો છો ને જે, માયિક ઉપાધિએ સહિત થકો પરમેશ્વરને વિષે પ્રીતિવાન છે તેને શ્રેષ્ઠ કહો છો તે એ કેઈ રીતે શ્રેષ્ઠ છે ? પછી એ પ્રશ્નનું કોઈથી સમાધાન ન થયું. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ગીતામાં ચાર પ્રકારના ભક્ત કહ્યા છે તેમાં જ્ઞાનીને જ ભગવાને પોતાનો આત્મા કહ્યો છે માટે જે માયિક ઉપાધિને તજીને બ્રહ્મરૂપ થઈને ભગવાનને ભજે તે જ ભક્ત શ્રેષ્ઠ છે. શા માટે જે **નિત્ય પ્રલય** જે જીવની સુષુપ્તિ, ને **નિમિત્ત પ્રલય** જે બ્રહ્માની સુષુપ્તિ, ને **પ્રાકૃત પ્રલય** જે પ્રકૃતિનું કાર્ય સર્વે પ્રકૃતિને વિષે લીન થઈ જાય, અને **આત્યંતિક પ્રલય** જે **જ્ઞાન પ્રલય** તેમાં તો પ્રકૃતિ પર્યંત સર્વે બ્રહ્મના પ્રકાશને વિષે લીન થઈ જાય છે, અને નિત્ય પ્રલયમાં જીવની ઉપાધિ લીન થાય છે, અને નિમિત્ત પ્રલયમાં ઈશ્વરની ઉપાધિ લીન થઈ જાય છે. ને પ્રાકૃત પ્રલયમાં પુરુષની ઉપાધિ સર્વે લીન થઈ જાય છે, પણ જ્યારે સૃષ્ટિ સર્જાય છે ત્યારે એ ત્રણેને પોતપોતાની ઉપાધિ વળગે છે અને આત્યંતિક પ્રલય જે જ્ઞાન પ્રલય તેણે

કરીને જેણે માયિક ઉપાધિનો ત્યાગ કર્યો તેને તો પાછી કોઈ કાળે માયિક ઉપાધિ વળગતી નથી, અને એ જો કાળે દેહ ધરે તો જેમ ભગવાન સ્વંતત્ર થકા દેહ ધરે છે તેમ તે પણ સ્વતંત્ર થકો દેહ ધરે છે. પણ કાળ, કર્મ ને માયા તેને આધીન થકો દેહને નથી ધરતો માટે બ્રહ્મરૂપ થઈને પરમેશ્વરને ભજે તે જ શ્રેષ્ઠ છે, **(૧)** અને આ વાર્તા છે તે જે પરમેશ્વરનો **અનન્ય** ૧
**ભક્ત** છે અને **એકાંતિક ભક્તના** લક્ષણે યુક્ત છે તેને જ સમજાય છે. **(૨)** ઇતિ વચનામૃતમ્ ૨
॥૨॥ (૨૨૨)

**રહસ્યાર્થ પ્રદી**૦- આમાં પ્રશ્ન **(૧)** એક છે તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે નિત્ય, નિમિત્ત ને પ્રાકૃત પ્રલયમાં જીવ, ઈશ્વર ને પુરુષની ઉપાધિ લય પામે છે ને પાછી સૃષ્ટિ સમે વળગે છે પણ જ્ઞાન પ્રલયે કરીને માયિક ઉપાધિ તજીને બ્રહ્મરૂપ એટલે અમારા તેજરૂપ થઈને અમને ભજે તેને કોઈ કાળે માયિક ઉપાધિ વળગતી નથી અને તે જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે સ્વતંત્રપણે દેહ ધરે ને મૂકે એવો સમર્થ થાય. **(૧)** આ વાત અમારા એકાંતિક ભક્તને સમજાય છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર**૦ પહેલી બાબતમાં શુદ્ધ સત્ત્વમય વર્તે છે એમ કહ્યું તે શુદ્ધ સત્ત્વમય કેવી રીતે જાણવું ?

૧ **ઉ**૦ એનો ઉત્તર એ જ બાબતમાં નીચે કર્યો છે જે માયિક ઉપાધિનો ત્યાગ કરીને શ્રીજીમહારાજના તેજરૂપ જે બ્રહ્મ તે રૂપ થઈને શ્રીજીમહારાજને ભજે તેને આ ઠેકાણે શુદ્ધ સત્ત્વમય વર્તે છે એમ કહ્યું છે, માટે શુદ્ધ સત્ત્વમય એટલે બ્રહ્મરૂપે વર્તે છે એમ સમજવું.

૨ **પ્ર**૦ આમાં શ્રીજીમહારાજના તેજરૂપ જે બ્રહ્મ તે બ્રહ્મરૂપે વર્તે તેને શુદ્ધ સત્ત્વમય કહ્યો અને (**વ૦ ૧૮/૮**માં) શ્રીકૃષ્ણને પણ શુદ્ધસત્ત્વાત્મક કહે તો બાધ આવે એમ કહ્યું છે માટે શ્રીકૃષ્ણને શુદ્ધ સત્ત્વાત્મક ન કહેવાય તો તેથી પર મહાકાળ ને તેથી પર નરનારાયણ ને તેથી પર વાસુદેવબ્રહ્મ ને તેથી પર મૂળઅક્ષરના મુક્ત ને તેથી પર મૂળઅક્ષર ને તેથી પર શ્રીજીમહારાજના મુક્ત છે તેમને શુદ્ધ સત્ત્વમય વર્તે છે એમ કેમ કહેવાય માટે તે કેમ સમજવું ?

૨ **ઉ**૦ (**વ૦ ૧૮**માં) રજ-તમથી રહિત માયાનો સત્ત્વગુણ તેને શુદ્ધ સત્ત્વ કહ્યો છે તે સત્ત્વાત્મક શ્રીકૃષ્ણને ન કહેવા, એ ગુણથી પર કહેવા એમ કહ્યું છે, અને આમાં તો સત્ત્વ શબ્દ શક્તિવાચક છે તે શ્રીજીમહારાજની શક્તિ જે બ્રહ્મ તે બ્રહ્મરૂપે વર્તે તેને જ શુદ્ધ સત્ત્વમય કહ્યો છે માટે શુદ્ધ સત્ત્વમય વર્તે છે એટલે બ્રહ્મરૂપે વર્તે છે એમ જાણવું.

૩ **પ્ર૦નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃત ને આત્યંતિક એ ચાર પ્રકારના પ્રલય કહ્યા તે કેવી રીતે થતા હશે ?**

૩ **ઉ**૦ પાતાળથી આરંભીને સ્વર્ગલોક પર્યંત દશ લોકમાં ઝીણા જંતુથી લઈને ઇન્દ્ર સુધીના દેહનો ક્ષણ ક્ષણ પ્રત્યે નાશ થાય છે તેને નિત્ય પ્રલય કહેવાય છે. **(૧)** અને જ્યારે મર્ત્યલોકનાં ચાર અબજ ને બત્રીશ કરોડ વર્ષ થાય છે ત્યારે વૈરાજપુરુષની સાંઝ પડે છે, ત્યારે પ્રથમ સો વર્ષ પર્યંત અનાવૃષ્ટિ થાય છે. પછી શેષનારાયણના મુખ થકી અગ્નિ ઉત્પન્ન થાય છે અને ઉપરથી સૂર્ય તપે છે તે દશ લોકને બાળી દે છે. ત્યારે મહર્લોકનિવાસી તે જનલોકમાં જાય છે પછી સાંવર્તક નામના મેઘ મુશળધારાથી વરસે છે, ને ધ્રુના તારા સુધી જળ ભરાઈ જાય છે, ત્યારે વૈરાજ તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવની રાત્રિ પડે છે ત્યારે તે સૂઈ જાય છે તેના ભેળા તપ તથા જન એ લોકમાં રહેનારા તે પણ સૂઈ જાય છે. આવી રીતે નૈમિત્તિક પ્રલય થાય છે. **(૨)** અને એ વૈરાજનો જેવડો દિવસ તેવડી જ રાત્રિ છે તે રાત્રિ-દિવસ થઈને આપણાં આઠ અબજ ને ચોસઠ કરોડ વર્ષ થાય છે અને તેનું સવાર થાય છે ત્યારે જાગીને સૃષ્ટિને ઉત્પન્ન કરે છે. એવી રીતે છત્રીશ હજાર નિમિત્ત પ્રલય થાય છે, ત્યારે વૈરાજની સો વર્ષની આયુષ્ય પૂરી થાય છે, ત્યારે તેનો દેહ નાશ પામે છે ત્યારે પ્રધાનપુરુષની સાંઝ પડે છે ત્યારે અષ્ટાવરણ ને ચૌદ લોકનો નાશ થઈ જાય છે તેને પ્રાકૃત પ્રલય કહે છે. **(૩)** અને પ્રધાન પુરુષનો જેવડો દિવસ છે તેવડી રાત્રિ છે તે પ્રધાનપુરુષની આયુષ્યમાં છત્રીશ હજાર પ્રાકૃત પ્રલય થાય છે ત્યારે તે પ્રધાનપુરુષ મૂળમાયાને વિષે લય પામે છે, એવા અનંત પ્રધાનપુરુષો માયામાં લીન થાય છે અને મૂળમાયા મૂળપુરુષને વિષે લીન થાય છે તેને મહા પ્રલય અથવા આત્યંતિક પ્રલય કહે છે. ત્યારે મૂળપુરુષ વાસુદેવબ્રહ્મના બ્રહ્મપુર ધામમાં વાસુદેવને સમીપે જઈને નિવાસ કરે છે. આવી રીતે આત્યંતિક પ્રલય થાય છે. **(૪)** આવી રીતે જ્ઞાને કરીને પ્રકૃતિનું કાર્ય સર્વે પ્રકૃતિને વિષે લય કરીને ત્રણ દેહથી પર એવો પોતાનો ચૈતન્ય તેને ઈશ્વરકોટી, બ્રહ્મકોટી, મૂળઅક્ષરકોટીથી

પર શ્રીજીમહારાજના તેજરૂપ માનીને શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાય તે મુક્ત થાય છે તેને ફેર ઉપાધિમાં આવવું પડતું નથી,ને શ્રીજીમહારાજની પેઠે સ્વતંત્રપણે જીવોના કલ્યાણ કરવાને અર્થે શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા અથવા શ્રીજીમહારાજના તેજરૂપ જે ધામ તેમાં શ્રીજીમહારાજની સમીપે રહ્યા થકા આંહીં દર્શન આપે, ને શ્રીજીમહારાજની ઈચ્છાથી અંતર્ધાન થાય પણ કાળ આદિક કોઈને આધીન થાય નહિ. ।।૨।। **(૨૨૨)**

## વચનામૃત અમદાવાદનું - ૩

❖સંવત ૧૮૮૨ના ફાગણ વદિ ૨ દ્વિતીયાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ મધ્યે શ્રી નરનારાયણના મંદિરને સન્મુખ ઓટા ઉપર ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર વિરાજમાન હતા ને મસ્તક ઉપર ગુલાબી રંગની પાઘ વિરાજમાન હતી ને તે પાઘને વિષે ગુલાબના ને ચંમેલીના હાર વિરાજમાન હતા તથા પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે સમગ્ર મુનિમંડળ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૧) જીવ માત્ર છે તે પંચવિષયને આધારે જીવે છે તે કાં તો બહાર પંચવિષયને ભોગવતો હોય અને જ્યારે બહાર પંચવિષયનો યોગ ન હોય ત્યારે અંતઃકરણમાં પંચવિષયનું ચિંતવન કર્યા કરે, પણ એ જીવ વિષયના ચિંતવન વિના ને વિષયને ભોગવ્યા વિના ક્ષણમાત્ર પણ રહી શકતો નથી અને જેમ વડનું વૃક્ષ છે તેનાં જે મૂળ તે જ વડને લીલો રાખે છે અને બીજાં સર્વ મૂળ ઊખડી ગયાં હોય ને જો એક વડવાઈ પૃથ્વીમાં ચોંટી રહી હોય તો પણ એ વડનું વૃક્ષ લીલું રહે છે, તેમ ઉપર થકી કદાચિત્ પંચવિષયનો ત્યાગ કર્યો છે, પણ અંતરમાં વિષયનું ચિંતવન થાય છે એ જ એને જન્મ-મરણનો હેતુ છે,** એવા જે પંચવિષય તે પરમેશ્વરના ભક્તને કેઈ રીતે જન્મ-મરણના હેતુ નથી એ પ્રશ્ન છે. પછી એનો ઉત્તર જેમ સમજાયો તેમ મુક્તાનંદ સ્વામીએ કર્યો, પણ યથાર્થ સમાધાન થયું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે લ્યો એ પ્રશ્નનો ઉત્તર અમે કરીએ જે, માયામય એવાં જે ત્રણ શરીર તેની ભાવનાએ રહિત કેવળ આત્મસત્તારૂપે રહીને જે ભક્ત પરમેશ્વરની મૂર્તિનું ચિંતવન કરતો હોય તેને ભગવાનના ચિંતવનને બળે કરીને જ્યારે ઉપશમ અવસ્થા વર્તે ત્યારે એ ભક્તને ઉપશમને બળે કરીને પંચવિષય જન્મ-મરણના હેતુ ન થાય, જેમ મહી જેવી કે સાબરમતી જેવી નદી બે કાંઠામાં વહેતી હોય ત્યારે હાથી, ઘોડા, વૃક્ષ સર્વે તણાઈ જાય પણ કોઈ ઠરી શકે નહિ, તેમ ઉપશમવાળાને પણ ગમે તેવા રમણીક ભોગ ઈન્દ્રિયોને ગોચર થયા હોય પણ જ્યારે અંતર સન્મુખ દૃષ્ટિ કરે ત્યારે જેવા પૂર્વજન્મને વિષે દેખ્યા હોય તે આ જન્મમાં વીસરી જાય છે તેવી તેની વિસ્મૃતિ થઈ જાય છે. એવી રીતે જે ભક્તને વર્તતું હોય તે ઉપશમ કહેવાય, તે ઉપશમનો મહિમા અતિ મોટો છે. અને જેમ આ સંસારને વિષે અજ્ઞાની સ્ત્રી-પુરુષ હોય ને તેને પરણાવ્યા મોરે અતિશે પ્રીતિ વર્તતી હોય ને પછી તેને પરણાવીને ત્રણ રાત ને ત્રણ દિવસ સુધી ઉજાગરો ને પંથ કરાવ્યો હોય ને પછી એ બેને ભેળાં કર્યાં હોય તો નિદ્રાને માર્યે એકબીજાના રૂપનું કે સ્પર્શનું

સુખ ભોગવવાને સમર્થ થાય નહિ. અને એકબીજાને આલિંગન કરી રહ્યાં હોય તો પણ જેમ કાષ્ઠને સામસામાં બાંધી મૂક્યાં હોય તેમ સૂતાં હોય પણ પંચવિષયમાં એકે સુખ આવે નહિ. એ જો અજ્ઞાનકાળે સુષુપ્તિમાં ઉપશમને પામ્યાં છે તો પણ કોઈ જાતની વિષયની ખબર રહેતી નથી, તો જે જ્ઞાની છે ને પરમેશ્વરના સ્વરૂપને ધ્યાને ઉપશમદશાને પામ્યો છે તેને પંચવિષય કેમ બાધ કરે ? ન જ કરે. માટે જે ઉપશમદશાને પામ્યો તેને પંચવિષય જન્મ-મરણના હેતુ થાતા નથી. **(૧)** ૧

૨ પછી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** ઉપશમદશા પામ્યાનો શો હેતુ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એક તો ભગવાનનું અતિશે માહાત્મ્ય સમજતો હોય અને બીજું ભગવાન ને ભગવાનના ભક્તની સેવા, ચાકરી, દર્શન કરવું તેમાં અતિશે વેગવાન શ્રદ્ધા વર્તતી હોય એવો જે ભગવાનનો ભક્ત તેને એ ઉપશમદશા આવે છે. **(૨)** પણ **અમને એમ ભાસે** ૨
**છે જે, જે સેવક માની હશે તે તો કોઈને નહિ ગમતો હોય અને માની સેવક પાસે જે ટેલ-ચાકરી કરાવવી તે તો જેમ કાળ પડે ત્યારે મોટા માણસ પણ કોદરા ખાઈને જીવે તેમ માની સેવકને પાસે જે સેવા-ચાકરી કરાવવી તે પણ એવી છે અને ધણીનો રાજીપો તો જેવો નિર્માની સેવક ઉપર હોય એવો માની ઉપર ન હોય ! માટે ધણીનું ગમતું કરે તે જ સેવક સાચો. (૩)** ૩

૩ પછી શુકમુનિએ પૂછ્યું જે, **(૩)** જેને વિવેક ને સમજણ ન હોય તે ધણીને કેમ રાજી કરે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, મૂળજી બ્રહ્મચારી ને રતનજી એ અતિશે ક્યાં ડાહ્યા છે, પણ કલ્યાણનો ખપ અતિશે છે માટે ભગવાન જેમ રાજી થાય તેમ એમને કરતાં આવડે છે ખરું. અને વળી આ સમયમાં તો અયોધ્યાવાસી બાઈ-ભાઈ સર્વે જેવા અમારા ગમતામાં વર્તે છે તેવા તો પરમહંસ તથા સાંખ્યયોગી ને કર્મયોગી સત્સંગી તે પણ અમારા ગમતામાં નથી વર્તતા, કેમ જે અયોધ્યાવાસીએ તો અતિશે જ સત્સંગપરાયણ પોતાનું જીવિતવ્ય કર્યું છે, માટે અયોધ્યાવાસીની પેઠે ભગવાનને રાજી કરતાં કોઈને આવડતું નથી અને એ અયોધ્યાવાસી તો બહુ વિશ્વાસી છે, માટે કોઈક કપટી હશે તો એમને છેતરી જાશે, તે સારુ એમને કોઈક કાર્યનો આદર કરવો હોય ત્યારે મોટેરા પરમહંસ તથા મોટેરા સત્સંગી ગૃહસ્થ તેમને પૂછીને તે કામ કરવા દેવું, પણ કોઈક એક જણાને કહે કરવા દેવું નહિ. એવી રીતે ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગીને અયોધ્યાવાસીની ખબર રાખવી એમ અમારી આજ્ઞા છે. **(૪)** ૪
ઇતિ વચનામૃતમ્ ॥૩॥ **(૨૨૩)**

**રહસ્યાર્થ પ્રદી** ૦- આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે પંચવિષયનું ચિંતવન તે જન્મ-મરણનો હેતુ છે તે માયામય શરીરની ભાવનાએ રહિત કેવળ આત્મસત્તારૂપે રહીને અમારી મૂર્તિનું ચિંતવન કરે તે ચિંતવને કરીને જ્યારે ઉપશમદશાને પામે ત્યારે પંચવિષય જન્મ-મરણના હેતુ ન થાય. **(૧)** બીજામાં અમારો અતિશે મહિમા સમજે અને અમારી તથા અમારા ભક્તની સેવા-ચાકરી-દર્શન કરવામાં અતિશે વેગવાન શ્રદ્ધા હોય તો ઉપશમદશા આવે. **(૨)** અને માની સેવકની સેવા અમને નથી ગમતી ને નિર્માની સેવક ઉપર અમે બહુ રાજી છીએ ને તે સાચો ભક્ત છે. **(૩)** ત્રીજામાં

અયોધ્યાવાસીની પ્રશંસા કરી ને પછી એમને કોઈક કાર્યનો આદર કરવો હોય ત્યારે મોટેરા એટલે સ્વધર્મનિષ્ઠ ને સત્સંગના ધોરણને જાણનારા ને સત્સંગના મમત્વવાળા પરમહંસ તથા એવા સત્સંગી ગૃહસ્થ તેમને પૂછીને તે કામ કરવા દેવું, પણ કોઈક એક જણાને એટલે સત્સંગના ધોરણને ન જાણનાર ને ધર્મે રહિત એવાને કહેવેથી કોઈ કામ કરવા દેવું નહિ, એમ સ્વધર્મનિષ્ઠ મોટેરા ત્યાગી-ગૃહીને આજ્ઞા કરી છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં આત્મસત્તારૂપે રહીને અમારી મૂર્તિનું ચિંતવન કરે તે ઉપશમદશાને પામે એમ કહ્યું તે આત્મસત્તા કઈ જાણવી ?

૧ **ઉ૦** ત્રણ દેહથી પર એવો જે જીવાત્મા તેને બ્રહ્મરૂપ માનીને શ્રીજીમહારાજનું ચિંતવન કરે તે ચિંતવનને બળે ઉપશમદશા પમાય છે ત્યારે વિષય જન્મ-મરણના હેતુ થતા નથી તે બ્રહ્મરૂપે વર્તવું તે આત્મસત્તા કહી છે.

૨ **પ્ર૦** ઉપશમદશા તો ન આવે ને વિષયનું ચિંતવન થાય, પણ તેને અંતરમાં બહુ ખેદ થતો હોય તેને જન્મ-મરણ ટળે કે ન ટળે?

૨ **ઉ૦** એનું તો શ્રીજીમહારાજ પૂરું કરે પણ જન્મ ધરાવે નહિ પણ જેને વિષયના સંકલ્પ જોઈને ખેદ ન થાય તેને તો જન્મ-મરણ થાય ખરું. **॥૩॥ (૨૨૩)**

## વચનામૃત અમદાવાદનું - ૪

❖સંવત ૧૮૮૨ના ફાગણ વદિ ૩ તૃતીયાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ મધ્યે શ્રી નરનારાયણના મંદિરને સન્મુખ વેદિકા ઉપર ગાદી-તકિયો તેણે યુક્ત જે ઢોલિયો તે ઉપર વિરાજમાન હતા ને મસ્તક ઉપર ગુલાબી રંગની પાઘ વિરાજમાન હતી અને તે પાઘને વિષે ગુલાબના તોરા ઝૂકી રહ્યા હતા ને શ્રવણ ઉપર ગુલાબના ગુચ્છ ખોસ્યા હતા ને ગુલાબના અગણિત હાર તે કોટને વિષે વિરાજમાન હતા અને બાજુબંધ બાંયે ગુલાબના બાંધ્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ મુનિમંડળ તથા હરિભક્ત પ્રત્યે એમ બોલ્યા જે, **(૧)** સર્વે સાંભળો, આજ એક વાત કરવી છે તે કહીએ છીએ જે, **ભગવાન કેવા છે તો જન્મ ધરતે થકે પણ અજન્મા છે અને દેહને મૂકતે થકે પણ અજર-અમર છે** ને નિરંજન છે કહેતાં માયાના અંજન થકી રહિત છે ને મૂર્તિમાન છે અને સ્વપ્રકાશ છે, બ્રહ્મ છે, અક્ષર છે, અંતર્યામી છે ને અનંતકોટી બ્રહ્માંડના આધાર છે. અને મનુષ્યદેહને જે ધરવું ને મૂકવું તે તો નટવાની પેઠે ઇંદ્રજાળ સરખું છે અને અનંતકોટી અક્ષરાતીત મુક્તના નિયંતા છે ને સર્વેના સ્વામી છે. **(૧)** ૧
એવા જે શ્રી નરનારાયણ તે જે તે **પ્રથમ** ધર્મદેવ થકી મૂર્તિને વિષે પ્રગટ થઈને બદરિકાશ્રમને વિષે તપ કરે છે અને વળી તે શ્રી નરનારાયણ જે તે મચ્છ, કચ્છ, વારાહ, વામન, રામકૃષ્ણાદિક જે દેહ તેને ગ્રહણ કરીને અને તે પોતાને દેહે કરીને અન્ય જીવોના દેહના અભિમાનનો ત્યાગ કરાવીને અને બ્રહ્મ અભિમાનનું ગ્રહણ કરાવીને તે પછી પોતાના દેહને ને અન્ય જીવોના દેહને સમ દેખાડે છે, જેમ કાંટે કરીને કાંટાને કાઢીને બે કાંટાનો ત્યાગ કરે છે તેમ ભગવાન પોતાના દેહનો અને અન્ય જીવોના દેહનો તુલ્યપણે ત્યાગ કરે છે. તે

ભારતને વિષે આખ્યાન છે જે નૃસિંહજીને જ્યારે દેહનો ત્યાગ કર્યાની ઇચ્છા થઈ ત્યારે અંતર્યામીરૂપે કરીને શિવના હૃદયને વિષે પ્રેરીને શિવ પાસે સરભનો દેહ ધરાવ્યો. અને તે સરભને ને નૃસિંહજીને માંહોમાંહી યુદ્ધ થયું ને પછી નૃસિંહજીએ પોતાનો દેહ મૂકી દીધો. એવી રીતે દેહનું ગ્રહણ કરે છે ને પછી દેહનો ત્યાગ કરે છે. તે જેમ ઋષભદેવે અગ્નિને વિષે બળીને દેહનો ત્યાગ કર્યો અને શ્રીકૃષ્ણ ભગવાનના પગમાં તીર લાગ્યો ને દેહનો ત્યાગ કર્યો, તે ચરિત્રને દેખીને જે નાસ્તિક મતિવાળા છે ને અભક્ત છે તેની બુદ્ધિ ભ્રમાઈ જાય છે અને ભગવાનને વિષે જન્મ-મૃત્યુનો આરોપણ કરે છે અને તેની મતિને વિષે એમ જણાય છે જે ભગવાન પણ કર્મે કરીને દેહને ધરે છે અને કર્મે કરીને દેહને મૂકે છે અને નૈષ્કર્મ્ય કર્મને કરશે ત્યારે કર્મ ખપીને મુક્ત થાશે. અને જે આસ્તિક બુદ્ધિવાળા છે અને હરિભક્ત છે તે એમ જાણે છે જે નાસ્તિકની સમજણ છે તે તો જૂઠી છે ને ભગવાનનો દેહ તો નિત્ય છે અને બાળ, યૌવન, વૃદ્ધ ને જન્મ, મૃત્યુ ઇત્યાદિક જે દેહના ગુણ તે ભગવાનની લીલા છે અને જે કાળ ને માયા તે તો ભગવાનના દેહને વિષે ચેષ્ટા કરવાને અર્થે સમર્થ થાતા નથી. અને એ ભગવાનના દેહને વિષે પરિણામપણું જણાય છે એ તો એ ભગવાનની માયાએ કરીને જણાય છે અને તેને વિષે જે ભગવાનના ભક્ત છે તે મોહ નથી પામતા ને જે અભક્ત છે તેની મતિ ભ્રમી જાય છે. જેમ નટવાના ચરિત્રને દેખીને જગતના જીવની મતિ ભ્રમી જાય છે અને નટની વિદ્યાનો જાણતલ જે પુરુષ તેની મતિ નથી ભ્રમાતી તેમ પુરુષોત્તમ એવા જે શ્રી નરનારાયણ તે અનેક દેહ ધરીને નટવાની પેઠે બદલી દે છે, ને એ શ્રી નરનારાયણ તો સર્વે જે અવતાર તેના કારણ છે ને તે શ્રી નરનારાયણને વિષે મરણભાવ જે કલ્પે છે તેને અનેક દેહ ધરવા પડે છે ને ચોરાશીના દુઃખનો ને યમપુરીના દુઃખનો તેને પાર આવતો નથી. **(૨)** અને જે શ્રી નરનારાયણને વિષે અજર-અમરપણું સમજે છે તે કર્મ થકી ને ચોરાશી થકી ૨
મુકાઈ જાય છે. માટે આપણા ઉદ્ધવ સંપ્રદાયના સર્વે સત્સંગી-સાધુ તે જે તે ભગવાનની મૂર્તિઓ જે થઈ ગઈ ને હમણાં છે ને આગળ થાશે તેને વિષે મરણભાવ કોઈ કલ્પશો મા! અને આ વાર્તા સૌ લખી લેજો. એમ કહીને શ્રીજીમહારાજ પોતાનું વર્તમાનકાળે પ્રગટપણું જણાવતા હવા. **(૩)** ઇતિ વચનામૃતમ્ **॥૪॥ (૨૨૪)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે અમે અજન્મા, અજર, અમર ને માયાને આવરણે રહિત ને મૂર્તિમાન છીએ ને સર્વના આધાર ને સ્વામી છીએ અને નટની પેઠે મનુષ્યરૂપે દેખાઈએ છીએ. **(૧)** અને શ્રી નરનારાયણ જે અમે તે અમે પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિને વિષે પ્રગટ થઈને બદરિકાશ્રમમાં તપ કરીએ છીએ અને મચ્છ, કચ્છ, રામકૃષ્ણાદિક રૂપને ગ્રહણ કરીને જીવોના દેહાભિમાનનો ત્યાગ કરાવીને ને બ્રહ્મ અભિમાન ગ્રહણ કરાવીને અન્ય જીવોની પેઠે દેહનો ત્યાગ કરીએ છીએ જેમ નૃસિંહજી, ઋષભદેવ તથા શ્રીકૃષ્ણ ભગવાને દેહનો ત્યાગ કર્યો તેમ, અને એવાં અમારાં ચરિત્રને વિષે નાસ્તિક અને અભક્તની મતિ ભ્રમી જાય છે, ને અમારા ભક્ત મોહ નથી પામતા. અને શ્રી પુરુષોત્તમ નરનારાયણ જે અમે તે અમે સર્વના કારણ છીએ અને અનેકરૂપે દર્શન આપીને અદશ્ય થઈએ છીએ ને અમારે વિષે મરણભાવ કલ્પે તેને ચોરાશી ને યમપુરીના દુઃખનો અંત નથી આવતો. **(૨)** અને અમને અજર, અમર જાણે તે

ચોરાશી ને કર્મથી મુકાય છે. માટે આગળ થયા જે અવતાર અને હમણાં આ પ્રગટ પ્રમાણ જે અમે ને આગળ થશે જે અવતાર તે સર્વેમાં મરણભાવ પરઠશો નહિ. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** શ્રીજીમહારાજને સ્વપ્રકાશ કહ્યા તે સ્વપ્રકાશ કેવી રીતે જાણવા ?

૧ **ઉ૦** સ્વપ્રકાશ એટલે બીજા કોઈનો આપેલો પ્રકાશ નહિ, પોતાને જ પ્રકાશે પ્રકાશમાન છે, માટે સ્વપ્રકાશ કહ્યા છે.

૨ **પ્ર૦** આમાં શ્રીજીમહારાજને બ્રહ્મ ને અક્ષર કહ્યા અને (**પ્ર૦ ૩૯, ૪૨, ૫૦** તથા **વ૦ ૧૩**ના બીજા પ્રશ્નમાં) બ્રહ્મ કહ્યા છે. અને (**પં૦ ૨**માં) અક્ષર કહ્યા છે અને કેટલાંક વચનામૃતોમાં પરબ્રહ્મ તથા અક્ષરાતીત કહ્યા છે તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** જે સર્વથી અતિશે મોટા હોય તે બ્રહ્મ કહેવાય, અને જે ન ક્ષરે તેમને તથા જે મૂર્તિથી જુદા ન પડે તે સર્વને તથા ચૈતન્ય વર્ગ સર્વને અક્ષર કહેવાય તે શ્રીજીમહારાજ જેવા અક્ષર બીજા કોઈ નથી,માટે શ્રીજીમહારાજને અક્ષર કહ્યા છે. અને શ્રી ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, શતાનંદ સ્વામી આદિ સર્વ અનાદિમુક્ત છે તે શ્રીજીમહારાજની મૂર્તિમાં સદાય રહ્યા છે, પણ જુદા પડતા જ નથી માટે તેમને પણ અક્ષર કહેવાય છે. પણ જે સૃષ્ટિકર્તા મૂળઅક્ષર છે તે તો અનાદિ તથા પરમએકાંતિકથી ન્યૂન છે અને ગોપાળાનંદ સ્વામી આદિકને મૂળઅક્ષરની ઉપમા આપી હોય તે તો શાસ્ત્રમાં તેની મોટ્યપ હોય તેથી તેની ઉપમા આપી છે, પણ અનાદિમુક્ત જેવા અક્ષર બીજા કોઈ કહેવાય નહિ અને બ્રહ્મ તથા અક્ષરથી પર છે માટે પરબ્રહ્મ તથા અક્ષરાતીત કહ્યા છે.

૩ **પ્ર૦** બદરિકાશ્રમમાં તો નરનારાયણ કલ્પ કલ્પ પ્રત્યે આવીને તપ કરે છે અને પ્રથમ પ્રગટ થઈને બદરિકાશ્રમમાં તપ કરે છે એમ બીજી બાબતમાં કેમ કહ્યું હશે ?

૩ **ઉ૦** આ બ્રહ્માંડમાં શ્રીજીમહારાજ પ્રથમ પ્રગટ થયા છે તેથી પ્રથમ ધર્મદેવ ને મૂર્તિ જે ભક્તિ તે થકી પ્રગટ થઈને તપ કરે છે એમ કહ્યું છે, અને મુમુક્ષુ જીવોના કલ્યાણને અર્થે વનમાં વિચર્યા ને તપ કર્યું તે તપ કહ્યું છે અને આ લોકને વિષે પોતાના ભક્તોને દર્શન-સ્પર્શાદિકનું સુખ આપવા સારુ ઊંઘ-ઉજાગરો, ભૂખ-તરસ, ટાઢ-તડકાને સહન કરીને દેશવિદેશમાં વિચરતા હતા માટે તપ કરે છે એમ કહ્યું છે. અને જેમ પોતાને નરનારાયણ નામે કહ્યા છે તેમ વનને બદરિકાશ્રમ નામે કહ્યું છે, પણ જે બદરિકાશ્રમમાં તપ કરે છે તે નરનારાયણ અને શ્રીજીમહારાજ તો જુદા છે ને સર્વના કારણ ને અવતારી છે તે એ જ બાબતમાં અમે મચ્છ, કચ્છ, રામકૃષ્ણાદિક અવતારોનું ગ્રહણ કરીએ છીએ એમ કહ્યું છે. ।।૪।। **(૨૨૪)**

## વચનામૃત અમદાવાદનું - ૫

❖સંવત ૧૮૮૨ના ફાગણ વદિ ૪ ચતુર્થીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ મધ્યે શ્રી નરનારાયણના મંદિરને વિષે પોતાને પોઢવાની મેડીને વિષે વિરાજમાન હતા અને ઢોલિયા ઉપર તકિયાનું ઊઠીંગણ દીધું હતું ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને ગુલાબનો મોટો હાર વિરાજમાન હતો ને મસ્તકને વિષે પુષ્પના તોરા લટકતા હતા ને હસ્તને વિષે તુળસીની માળાને ફેરવતા હતા અને પોતાના મુખારવિંદની આગળ મોટા મોટા મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ તે સમે કુબેરસિંહજી છડીદારે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે,**(૧)** હે મહારાજ ! શ્રી પુરુષોત્તમ એવા જે ભગવાન તેનું અસાધારણ લક્ષણ તે શું છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જીવનાં પ્રાણ-નાડી તેનો સંકેલો કરવો તે બીજાથી થાય નહિ, ને લાખું માણસ નિયમમાં રહ્યાં થકાં વશ થઈ રહે તે બીજા કોઈથી થાય નહિ, અને અક્ષર આદિક જે મુક્ત તેને પણ નિયમમાં રાખવાને સમર્થ છે એ અસાધારણ લક્ષણ કહ્યું. **(૧)** ૧

૨ વળી કુબેરસિંહે બીજો પ્રશ્ન કર્યો જે, **(૨)** હે મહારાજ ! અસંખ્ય કોટી બ્રહ્માંડ છે ને ભગવાનનો અવતાર તો આ જ બ્રહ્માંડમાં ને જંબુદ્વીપના ભરતખંડને વિષે છે અને બીજા બ્રહ્માંડમાં અસંખ્ય જીવ છે તે જીવોનો ઉદ્ધાર ભગવાન શી રીતે કરતા હશે ? તે કહો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે ભગવાન આ બ્રહ્માંડને વિષે વિરાજે છે તે જ ભગવાન સર્વના સ્વામી છે ને અનંત કોટી બ્રહ્માંડને વિષે અસંખ્ય જીવોના કલ્યાણને અર્થે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે ભગવાન પોતે દેહને ધારણ કરે છે તેને શરણે અસંખ્ય જીવ થાય છે, તેણે કરીને અક્ષરધામમાં શ્રી પુરુષોત્તમના ચરણારવિંદને ઘણાક જીવ પામે છે એ એનો ઉત્તર છે. **(૨)** ૨

૩ અને વળી કુબેરસિંહે પ્રશ્ન પૂછ્યો જે, **(૩)** હે મહારાજ ! ભગવાનને જાણવાવાળા જે ભગવાનના ભક્ત સત્સંગી તેને શું શું તજવું ને શું શું ગ્રહણ કરવું ? તે કહો. પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, આ લૌકિક આશા જે છે તેનો ત્યાગ કરવો ને ભગવાનની તરફની આશાનું ગ્રહણ કરવું. તે જો ધનને વિષે આશા હોય તો એમ આશા બાંધવી જે ભગવાનના ધામમાં સોનામહોરુંના ઢગલા ને ઢગલા છે, ને હીરા, રત્ન, માણેક અમૂલ્ય તેના પણ ઢગલા ને ઢગલા છે, એ સર્વે ભગવાનને ભજશું તો પામશું એમ આશા બાંધવી, પણ અહીંયાંની આશા ન બાંધવી. અને જો કામી હોય તો એમ વિચાર કરે જે પર સ્ત્રી સામી ખોટી નજર કરશું તો નરક ચોરાશીમાં તે પાપે જાવું પડશે ને ત્યાં મહાદુઃખ થાશે, ને વિષય તો કૂતરાં-ગધેડાં પણ ભોગવે છે અને મુંને તો પ્રગટ પુરુષોત્તમ મળ્યા છે તે કુરાજી થાશે તો મોટી ખોટ્ય આવશે, એમ જાણીને કામવાસનાનો ત્યાગ કરવો અને ભગવાન સંબંધી સુખનું ગ્રહણ કરવું, ને દેહના સંબંધીમાં પ્રીતિ હોય તેનો ત્યાગ કરવો ને ભગવાન ને ભગવાનના દાસ જે સંત તે સંગાથે પ્રીતિ કરવી એ ગ્રહણ કરવું. ને દેહને વિષે અહંબુદ્ધિ હોય તો તેનો ત્યાગ કરીને ભગવાનના દાસપણાની બુદ્ધિનું ગ્રહણ કરવું. ને ભગવાન અથવા સાધુ તે પોતાને કોઈક રીતે વઢ્યા હોય ને તિરસ્કાર કર્યો હોય તો તેનો મનમાંથી ત્યાગ કરવો ને પોતાની ભૂલ જાણવી ને ભગવાનનો ને સંતનો ગુણ ગ્રહણ કરવો એવી રીતે સર્વે **સવળું વિચારવું પણ અવળું તો કોઈ દિવસ વિચારવું જ નહિ** એ ઉત્તર છે. **(૩)** ૩

૪ અને વળી કુબેરસિંહે પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** હે મહારાજ ! ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારેનું રૂપ કહો. પછી શ્રીજીમહારાજ મંદ મંદ હસીને એમ બોલ્યા જે, અર્થનું રૂપ તો એ છે જે જેણે કરીને ધન ભેળું કરવું અથવા મોક્ષ સંબંધી પોતાનો અર્થ સાધવો એ પણ અર્થનું રૂપ છે. અને ધર્મનું રૂપ તો એ જે તે ધન ધર્મને અર્થે સત્સંગમાં જ વાપરે પણ કુમાર્ગે ક્યાંય ન વાપરે એ ધર્મનું રૂપ છે. અને કામનું રૂપ તો એ જ છે જે એક પરણેલ સ્ત્રી રાખે ને તેનો પણ ઋતુકાળે સંગ કરે અને બીજી સ્ત્રીઓ જગતમાં છે તેને મા, બહેન, દીકરી તુલ્ય જાણીને ત્યાગ રાખે. અને મોક્ષનું રૂપ તો એ જે સત્સંગ સંબંધી જે સર્વે વર્તમાન તેને ખબડદાર થઈને

રાખે ને ભગવાનનો અચળ નિશ્ચય રાખે એમ એ ચારેનો ઉત્તર છે. એમ કહીને શ્રીજીમહારાજ પછી પોઢી જાતા હવા. **(૪)** ઇતિ વચનામૃતમ્ **॥૫॥ (૨૨૫)** ૪

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૪)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે જીવના નાડી-પ્રાણનો સંકેલો કરવો તથા લાખો માણસોને વશ કરવાં તથા મૂર્તિમાન અક્ષરકોટીને નિયમમાં રાખવા તથા અમારા મુક્તને પણ નિયમમાં રાખવા તે અમારું અસાધારણ લક્ષણ છે. **(૧)** બીજામાં અમે સર્વના સ્વામી છીએ અને અનંત બ્રહ્માંડમાં અસંખ્ય જીવોના કલ્યાણને અર્થે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે દર્શન આપીને અસંખ્ય જીવોને અમારા ધામમાં લઈ જઈએ છીએ. **(૨)** ત્રીજામાં ધનની તથા કામની વાસનાનો ત્યાગ કરવો ને અમારા સુખની વાસના રાખવી; અને દેહ ને દેહના સંબંધીને વિષે પ્રીતિ ને અહંબુદ્ધિ ત્યાગ કરીને અમારે ને સંતને વિષે પ્રીતિ ને અમારે વિષે દાસપણું રાખવું, ને અમે તિરસ્કાર કરીએ તો પોતાની ભૂલ જાણવી ને અમારો ને સંતનો ગુણ લેવો. **(૩)** ચોથામાં ધર્મ, અર્થ, કામ ને મોક્ષનાં રૂપ કહ્યાં છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં સર્વોપરી ને મૂળઅક્ષરાદિક સર્વ અવતારોના અવતારી ને અનંતકોટી મુક્તોના સ્વામી સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ પૂર્ણ પુરુષોત્તમ તેમણે પોતાનાં અસાધારણ બે લક્ષણ કહ્યાં તે વિનાનાં બીજાં અસાધારણ લક્ષણ હોય તે કૃપા કરીને કહો.

૧ **ઉ૦** પૂર્વે થઈ ગયેલા સર્વે અવતારોને પોતાની મૂર્તિને વિષે દેખાડે તે દિવ્ય મૂર્તિ એવા શ્રીજીમહારાજનું **પ્રથમ લક્ષણ** છે. **(૧)** અને વૈકુંઠાદિક લોકને વિષે રહેલી દિવ્ય મૂર્તિઓ તથા તે મૂર્તિઓમાં રહેલું દિવ્ય અદ્‌ભુત એવું જે ઐશ્વર્ય ને સુખ તે પોતાની મૂર્તિને વિષે બહુ મનુષ્યોને દેખાડે તે **બીજું લક્ષણ** છે. **(૨)** અને સાધારણ મનુષ્યોને પણ સમાધિ કરાવીને પોતાની મૂર્તિને વિષે ચિત્તનો નિષેધ કરાવે તે આમાં પહેલી બાબતમાં પ્રથમ લક્ષણ કહ્યું જે નાડી-પ્રાણનો સંકેલો કરવો તે આ શ્રીજીમહારાજનું **ત્રીજું લક્ષણ** છે. **(૩)** અને બીજા અવતારોએ કલ્યાણ કર્યું તથા ચિત્તનો નિષેધ કર્યો તેવું સામર્થ્ય તો પોતાનાં ભક્તોદ્વારે જણાવ્યું તે શ્રીજીમહારાજનું **ચોથું લક્ષણ** છે. **(૪)** અને પોતાનું અપાર તેજોમય એવું જે અક્ષરધામ તેને વિષે દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન અને અનંતકોટી મુક્તો પોતાની સેવામાં છે એવાં પોતાનાં દર્શન જેવા તેવા મનુષ્યોને કરાવે તે **પાંચમું લક્ષણ** છે. **(૫)** અને પૂર્વના શાસ્ત્રને વિષે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ધર્મ, યોગ, સાંખ્ય વગેરેનાં સ્વરૂપનું વર્ણન કરેલું છે તેનું વર્ણન પોતાના યોગબળથી કરે અથવા પોતાના ભક્ત પાસે વર્ણન કરાવે ત્યારે પૂર્વના શાસ્ત્ર કરતાં તેમાં બહુ ચમત્કાર આવે અને અર્થ પણ સૌના સમજ્યામાં આવે ને અમૃતની પેઠે સર્વેને શાન્તિ કરે તે સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમનું **છઠ્ઠું લક્ષણ** છે. **(૬)** અને લોહચમકવત્ પોતાનાં દર્શન માત્રે કરીને અનેક જીવની વૃત્તિઓનો પોતાને વિષે સહજ સ્વભાવે નિરોધ થાય ને લાખો માણસને વશ કરવા તથા મૂળઅક્ષર કોટીને તથા અનંતકોટી મુક્તોને પણ નિયમમાં રાખવા સમર્થ એમ આ વચનામૃતમાં પહેલી બાબતમાં પછીથી બીજું લક્ષણ કહ્યું તે આ **સાતમું લક્ષણ** છે. **(૭)** અને જીવનું પોતાના આશ્રય માત્રે કરીને પરમ કલ્યાણ થાય ને અંતકાળે પોતાના મુક્તોએ સહિત દર્શન આપીને અક્ષરધામમાં લઈ જાય તે **આઠમું લક્ષણ** છે. **(૮)** અને ઘોર કળિયુગને વિષે પોતાની આજ્ઞાને વિષે અનેક મનુષ્યોને વર્તાવીને તેમને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિને વિષે સ્થિતિ કરાવે તે **નવમું લક્ષણ** છે. **(૯)** અને અષ્ટાંગયોગ સિદ્ધ કર્યા વિના પણ, પોતાના સંબંધને પામેલું વસ્ત્ર તથા પુષ્પ તથા છડી તેના સ્પર્શે કરીને તથા દર્શને કરીને સમાધિઓ કરાવે, ને તે સમાધિઓમાં પોતાનું ઐશ્વર્ય, મૂર્તિ, ધામ તે સર્વેને દેખાડે તે **દશમું લક્ષણ** છે. **(૧૦)** અને કોઈ પરદેશ જઈને મનુષ્યોની આગળ શ્રીજીમહારાજની મૂર્તિ સંબંધી વાર્તા કરે તે વાર્તાને સાંભળનારા મનુષ્યો શ્રીજીમહારાજને તેજના સમૂહમાં દેખે તે **અગિયારમું લક્ષણ** છે. **(૧૧)** અને પ્રધાનપુરુષ પર્યંત જીવકોટી અને મૂળપ્રકૃતિરૂપ માયા ને મૂળપુરુષરૂપ ઈશ્વર અને મહાકાળ અને બ્રહ્મ ને મૂળઅક્ષર એ સર્વે કોટીઓથી પર પરમ એકાંતિક તથા અનાદિમુક્ત તે સર્વેના સ્વરૂપનાં તથા પોતાના સ્વરૂપના ભેદે સહિત જુદાં જુદાં લક્ષણ કરે અથવા પોતાના ભક્ત પાસે કરાવે અને તે સર્વેના ઐશ્વર્ય સહિત સ્વરૂપને ઘણાક મનુષ્યોને દેખાડે તે સર્વોપરી અક્ષરધામાધિપતિ એવા પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમનું આ **બારમું લક્ષણ** છે. **(૧૨)** અને પોતાના પૂર્વના અવતારોને પોતાની મૂર્તિને વિષે લીન કરતા ઘણાક મનુષ્યોને દેખાડે અને પોતે કોઈ અવતારમાં લીન ન થાય તે ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાનનું આશ્ચર્યકારક આ **તેરમું લક્ષણ** જાણવું. **(૧૩)**

૨ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં અમારા ધામમાં સોનમહોરના તથા હીરા-માણેકના ઢગલા છે એમ કહ્યું તે એ માયિક વસ્તુ શ્રીજીમહારાજના ધામમાં તો ન હોય માટે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** નવા આદરવાળા સકામ ભક્તને લોભ દેખાડીને આ લોકમાંથી ઉખેડવા સારુ કહ્યું છે. પણ માયાથી પર જે લોક છે તેમાં માયિક વસ્તુ છે જ નહિ. **॥૫॥ (૨૨૫)**

## વચનામૃત અમદાવાદનું - ૬

❖સંવત ૧૮૮૨ના ફાગણ વદિ ૬ છઠ્ઠને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ મધ્યે શ્રી નરનારાયણના મંદિરને સન્મુખ વેદિકા ઉપર ગાદી-તકિયો તેણે યુક્ત જે ઢોલિયો તે ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કોટને વિષે ગુલાબના હાર પહેર્યા હતા ને પાઘને બેઉ કોરે ચંમેલીના પુષ્પના તોરા ઝૂકી રહ્યા હતા ને બેઉ કાન ઉપર ગુલાબના ગુચ્છ વિરાજમાન હતા ને ગુલાબનો મોટો ગુચ્છ હસ્તકમળમાં લઈને મુખારવિંદ ઉપર વારંવાર ફેરવતા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી સંધ્યા આરતી થઈ રહી તે કેડે કુબેરસિંહે શ્રીજીમહારાજ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! જેણે ભગવાનને ભગવાન જાણ્યા તેને સર્વે અંગે ભગવાનનો નિશ્ચય ડગે નહિ તે અંગ કહો ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, આ વાત તો સૌને સાંભળવા યોગ્ય છે તે માટે સર્વે સાંભળો જે, **આ સત્સંગને વિષે ભગવાન વિરાજે છે** તે જ ભગવાનમાંથી ચોવીશ અવતાર થયા છે ને પોતે તો અવતારી છે, ને એ જ સર્વે જીવોના અંતર્યામીરૂપ છે ને એ જ અક્ષરધામને વિષે તેજોમય છે ને સદા સાકારરૂપ છે ને અનંત ઐશ્વર્ય યુક્ત છે, ને એ જ રાજાધિરાજ અનંત બ્રહ્માંડના છે, ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે ને તે ભગવાન પ્રગટ થઈને ઋષભદેવની ક્રિયાને ગ્રહણ કરે ત્યારે જાણીએ જે ઋષભદેવ છે ને રામાવતારનાં ચરિત્ર કરે ત્યારે જાણીએ જે રામચંદ્રજી છે, ને શ્રીકૃષ્ણાવતારની લીલા આચરે ત્યારે જાણીએ જે શ્રીકૃષ્ણ છે; એ જ પ્રકારે ચોવીશ અવતારમાં જે જે અવતારની ક્રિયા જાણ્યામાં આવે ત્યારે એમ સમજવું જે મોરે ભગવાનના જેટલા અવતાર થયા છે તે સર્વે આમાંથી થયા છે અને તે જ આ છે એમ સર્વે અંગે સમજે ત્યારે નિશ્ચય તેનો ડગે નહિ ને એમ ન સમજે તો કાંઈક ડગમગાટ થાય ખરો એ ઉત્તર છે. ને **તમને સર્વેને આજ ભગવાન મળ્યા છે તે તો સર્વના કારણ છે ને સર્વ અવતારના અવતારી છે** ને અક્ષરધામના ધામી છે ને તે જ શ્રી નરનારાયણરૂપે થઈને ધર્મ થકી ભક્તિને વિષે પ્રગટ થયા છે. તે માટે આ શ્રી નરનારાયણને અમે અતિ આગ્રહ કરીને અમારું રૂપ જાણીને સર્વથી **પ્રથમ** આ શ્રીનગરને વિષે પધરાવ્યા છે એ જ બ્રહ્મમહોલના નિવાસી છે. **(૧)** ૧

૨ ત્યારે વળી કુબેરસિંહે કહ્યું જે, **(૨)** બ્રહ્મમહોલ કેવો છે તેનું રૂપ કહો, અને તેને વિષે

જે ભગવાનના ભક્ત છે તેનું રૂપ કહો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અક્ષરરૂપ જે બ્રહ્મ છે તે જ શ્રી પુરુષોત્તમનારાયણને રહેવા સારુ મહોલરૂપ થયો છે, ને સર્વે અક્ષરબ્રહ્મ થકી ભગવાનના મહોલરૂપ જે અક્ષરબ્રહ્મ તે અનાદિ છે, ને તે બ્રહ્મમહોલને વિષે બહુ પ્રકારના મહોલ છે ને તે મહોલું ને બહુ પ્રકારના ગોખ છે, ને બહુ પ્રકારના ઝરૂખા છે ને બહુ પ્રકારની તેને અગાસીઓ છે ને તેને વિષે બહુ ચિત્ર-વિચિત્રપણું છે, ને બહુ પ્રકારના ફુવારા છે ને બહુ પ્રકારના બાગ-બગીચા છે ને તેમાં ફૂલ પણ અનંત જાતનાં છે ને તેજોમય છે ને અનંત છે ને એને કોઈ ધામની ઉપમા ન દેવાય એવું છે. અને ગોલોક પણ એને જ કહીએ છીએ, અને અનંત અન્ય ધામની વિભૂતિઓ તે થકી અસંખ્ય કોટી જાતની શોભાનું અધિકપણું છે ને અપાર છે. તેનું દૃષ્ટાંત : જે જેમ વાદળને ચારે દિશામાં જોઈએ ત્યારે એમ જણાય છે જે ઢળતું ઢળતું પૃથ્વીને જાણીએ અડ્યું છે. પણ ચાલી ચાલીને થાકી જાઈએ તોય પણ પાર આવે નહિ, ને વાદળને ઊંચું જોઈએ તો પણ જાણીએ જે આ રહ્યું પણ વિચારીને જુએ તો ઘણું ઊંચું છે ને અપાર છે ને તેનો જો પાર લેવા માંડે તો પાર આવે નહિ એવું બ્રહ્મધામ મોટું છે. **(૨)** તે ધામને વિષે જે અસંખ્ય મુક્ત રહ્યા છે તે આકારે સહિત તેજોમય છે ને સર્વે ભૂતપ્રાણી **૨**
માત્રના અંતર્યામી છે તે સર્વે ભગવાનની સેવામાં નિરંતર તત્પર રહે છે અને તે જ ધામના જે ધણી અને **અક્ષરાતીત મુક્તના સ્વામી ને પરબ્રહ્મ શ્રી પુરુષોત્તમ જે છે તે જ આ સત્સંગને વિષે વિરાજમાન છે. આવો જેને નિશ્ચય છે તે જ બ્રહ્મધામને પામે છે. (૩)** ઇતિ વચનામૃતમ્ **૩**
**॥૬॥ (૨૨૬)**

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમે ભગવાન છીએ; સર્વે અવતારોના અવતારી, સર્વેના અંતર્યામી ને અક્ષરધામને વિષે તેજોમય ને સદા સાકાર ને અનંત ઐશ્વર્યે યુક્ત ને અનંત બ્રહ્માંડના રાજાધિરાજ છીએ ને અક્ષરબ્રહ્મ જે અમારું તેજ તેના પણ કારણ છીએ. માટે અમારી ક્રિયામાં સર્વે અવતારોનાં ચરિત્ર જોઈને અમને સર્વે અવતારોના અવતારી જાણીને અમારો નિશ્ચય કરવો તો તે નિશ્ચય ડગે નહિ. ને આજ તમને અમે ભગવાન મળ્યા છીએ ને અમે સર્વેના કારણ અવતારી ને અક્ષરધામના ધામી છીએ ને અમે નરનારાયણરૂપે, એટલે નરનારાયણને મિષે કરીને ધર્મભક્તિ થકી પ્રગટ થયા છીએ તે અમારું રૂપ આ શ્રી અમદાવાદને વિષે પધરાવ્યું છે. **(૧)** બીજામાં અમારા તેજરૂપ જે અક્ષરબ્રહ્મ તે અનાદિ છે ને એને જ અમે બ્રહ્મમહોલ, અક્ષરધામ તથા ગોલોક નામે કહીએ છીએ. અને તે બ્રહ્મધામ તે અપાર છે ને તેને વિષે શોભાનું અધિકપણું છે. **(૨)** અને એ અક્ષરધામમાં અક્ષરાતીત એવા અમારા મુક્ત રહ્યા છે તે સાકાર તેજોમય છે અને સર્વના અંતર્યામી છે ને અમારી સેવામાં નિરંતર તત્પર રહ્યા છે અને અમે સર્વેના સ્વામી છીએ. આવો અમારો નિશ્ચય હોય તે જ એ ધામને પામે છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં અમારે વિષે ચોવીશે અવતારોનાં ચરિત્ર જોઈને અમને સર્વે અવતારોના કારણ સમજવા એમ શ્રીજીમહારાજે કહ્યું તે શ્રીજીમહારાજે સર્વે અવતારોની ક્રિયા કઈ કરી હશે ?

૧ **ઉ૦** રામાવતારે એકપત્નીવ્રત રાખ્યું ને વર્ણાશ્રમધર્મમાં દૃઢપણે વર્ત્યા તેમ શ્રીજીમહારાજે પોતાના સત્સંગીઓને એકપત્નીવ્રત રખાવ્યું અને વર્ણાશ્રમના ધર્મ અતિ દૃઢ પળાવ્યા. અને જેમ કૃષ્ણાવતારે અસુરાંશને મારીને પૃથ્વીનો ભાર ઉતાર્યો તેમ શ્રીજીમહારાજે જગન્નાથપુરી આદિક તીર્થોમાં રહેલા અસુરોને મારીને પૃથ્વીનો ભાર ઉતાર્યો. અને પોતાના આશ્રિતોને વિષેથી કામ-ક્રોધાદિક અધર્મનો સર્ગ નાશ પમાડીને એકાંતિક ધર્મ સ્થાપન કર્યો. અને જેમ ઋષભદેવે પોતાના દેહની સંભાળ

ન રાખી ને દાવાનળમાં દેહ બળી ગયો તેમ શ્રીજીમહારાજે નદીને વિષે પોતાનો દેહ તણાતો મૂક્યો ને વનને વિષે અનંત જનાવરો ભેળા વિચર્યા, ત્યાં કાંઈ બીક રાખી નહિ, અને પોતાના આશ્રિતોને પણ વનમાં રાખ્યા, ગોળા ખવરાવ્યા, ટાટ પહેરાવ્યાં તથા માખ-મચ્છર આદિક કરડે તો પણ દેહની સંભાળ ન રહે એવી સ્થિતિ કરાવી તે સર્વે ચરિત્ર જાણવાં. અને સર્વે અવતારોને પોતાની મૂર્તિમાંથી દેખાડ્યા ને સર્વેને પોતાની મૂર્તિને વિષે લીન કર્યા તે ચરિત્ર સર્વ ચરિત્રથી મોટું છે તેણે કરીને શ્રીજીમહારાજને સર્વોપરી સર્વના કારણ અવતારી જાણવા.

૨ **પ્ર**૦ અમે નરનારાયણરૂપે ધર્મભક્તિ થકી પ્રગટ થયા છીએ એમ શ્રીજીમહારાજે કહ્યું તે નરનારાયણરૂપે કેવી રીતે સમજવા અને તે નરનારાયણને અમારું રૂપ જાણીને પધરાવ્યા છે એમ કહ્યું તે રૂપ કેવી રીતે સમજવું અને એ જ બ્રહ્મમહોલના નિવાસી કહ્યા તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ**૦ અક્ષરધામના ધામી જે શ્રીજીમહારાજ તેમના રામકૃષ્ણાદિક તથા નરનારાયણાદિક અનંત અવતારો છે, તેમાં આજ શ્રીજીમહારાજ નરનારાયણના શાપ નિમિત્તે પ્રગટ થયા છે તેથી નરનારાયણરૂપે પ્રગટ થયા છીએ એમ કહ્યું છે, માટે નરનારાયણને મિષે પ્રગટ થયા છે એમ સમજવું. અને શ્રીજીમહારાજે લોકોને સમાધિઓ કરાવીને નરનારાયણાદિક અનંતરૂપે દર્શન આપ્યાં હતાં તે રૂપ પધરાવ્યાં છે એમ સમજવું, અને નરનારાયણરૂપે શ્રીજીમહારાજ પ્રગટ થયા છે તે શ્રીજીમહારાજ અક્ષરધામના નિવાસી છે એમ સમજવું.

૩ **પ્ર**૦ બીજા પ્રશ્નમાં અક્ષરરૂપ જે બ્રહ્મ તે અમારે રહેવા સારુ મહોલરૂપ થયો છે એમ શ્રીજીમહારાજે કહ્યું અને (**પં.૧**/૧માં) અમારા અંગનો પ્રકાશ તે જ અમારે રહ્યાનું ધામ છે એમ કહ્યું છે અને (**મ૦ ૧૩**/૨માં) પણ પોતાના તેજને જ અક્ષરધામ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ**૦ શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામ છે તે મહોલરૂપે થયા છે એટલે મહોલરૂપે શોભા આપે છે એમ કહ્યું છે અને આ પોતાના તેજને અક્ષરધામ તથા બ્રહ્મમહોલ તથા બ્રહ્મજ્યોતિ તથા ગોલોક આદિક ઘણે નામે કહેલ છે તે (**પ્ર૦ ૭**ના છઠ્ઠા પ્રશ્નોત્તરમાં) છે.

૪ **પ્ર**૦ શ્રીજીમહારાજના તેજને શ્રીજીમહારાજ તથા મુક્તોને રહ્યાનું ધામ કહ્યું તે ધામ તો આધારરૂપ કહેવાય ને (**પ્ર૦ ૬૪**ના પહેલા પ્રશ્નોત્તરમાં) તેજના આધાર શ્રીજીમહારાજે પોતાને કહ્યા છે તે કેમ સમજવું ?

૪ **ઉ**૦ જેમ સૂર્યને આધારે સૂર્યનું તેજ છે અને અગ્નિને આધારે અગ્નિનો પ્રકાશ છે તેમ શ્રીજીમહારાજને આધારે શ્રીજીમહારાજનું તેજ છે, પણ તેજ આધાર નથી પણ એ તેજમાં પોતે રહ્યા છે, માટે ધામરૂપ અથવા મહોલરૂપ કહેવાય તેણે કરીને આધારરૂપ ન સમજવું.

૫ **પ્ર**૦ સર્વે અક્ષરબ્રહ્મ તે કિયાં જાણવાં ?

૫ **ઉ**૦ મૂળઅક્ષર અનંત છે; તેમને સર્વને અક્ષરબ્રહ્મ કહ્યા છે તે સર્વ મૂળઅક્ષરબ્રહ્મથી શ્રીજીમહારાજના તેજરૂપ જે અક્ષરબ્રહ્મ તે અનાદિ છે ને સર્વનું આધાર છે.

૬ **પ્ર**૦ શ્રીજીમહારાજના તેજરૂપ બ્રહ્મધામને વિષે બહુ પ્રકારના મહોલ તથા ગોખ, ઝરૂખા આદિક કહ્યા તે અક્ષરધામમાં મહોલ, ઝરૂખા આદિક કેવી રીતે સમજવા ?

૬ **ઉ**૦ આ લોકને વિષે મહોલ, ગોખ, ઝરુખા, બાગ-બગીચાને વિષે શ્રીજીમહારાજ વિરાજ્યા હોય તે કહ્યા છે કેમ કે જે શ્રીજીમહારાજના સંબંધને પામે તેને નિર્ગુણ કહેવાય તે (**મ૦ ૧૩**/૧માં) અમે જે જગ્યામાં વિરાજતા હોઈએ તે જગ્યા તથા વસ્ત્ર, વાહન, સેવક આદિ જે જે અમારા સંબંધને પામે તે નિર્ગુણ છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે માટે મહોલ, ગોખ, ઝરૂખા આદિક જે જે શ્રીજીમહારાજના સંબંધને પામ્યા તેને અક્ષરધામના કહ્યા છે એમ જાણવું. **॥૬॥ (૨૨૬)**

## વચનામૃત અમદાવાદનું - ૭

❖સંવત ૧૮૮૨ના ફાગણ વદિ ૭ સાતમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી

અમદાવાદ મધ્યે શ્રી નરનારાયણના મંદિરને વિષે દરવાજાના મેડા ઉપર વાસુદેવ માહાત્મ્ય વંચાવતા હતા. પછી ઊઠીને દરવાજા પાસે લીંબડાના વૃક્ષ તળે ઢોલિયા ઉપર સંધ્યા સમે વિરાજમાન થયા હતા અને મસ્તક ઉપર ગુલાબી રંગની પાઘ બાંધી હતી ને તેમાં ગુલાબના તોરા ખોસ્યા હતા ને ગુલાબના હાર પહેરીને ગરકાવ થયા હતા ને શ્વેત પછેડી ઓઢી હતી ને શ્વેત સુરવાલ પહેર્યો હતો ને ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ તે સમે પ્રાગજી દવેએ મુનિઓને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** ભગવાનને વિષે મન વ્યભિચારને કોઈ કાળે ન પામે તે કહો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો ઉત્તર તો અમે કરશું એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, અમે ગામ પિંપળાણામાં લાધા બ્રાહ્મણને ઘેર રામાનંદ સ્વામીને એમ પૂછ્યું હતું જે **તમે સનાતન ઈશ્વર છો કે આધુનિક ઈશ્વર છો?** ત્યારે રામાનંદ સ્વામી તો બોલ્યા જ નહિ ને ઉત્તર ન કર્યો, ત્યાર પછી અગણોતેરા કાળમાં અમે માંદા થયા હતા ત્યારે અમે ક્ષીરસાગરને વિષે શેષશય્યાને વિશે શેષશાયી નારાયણ સૂતા છે ત્યાં ગયા. ત્યારે ત્યાં અમે રામાનંદ સ્વામીને જોયા તે ધોળી ધોતી પહેરી હતી ને પછેડી ઓઢી હતી ને એવા બીજા પણ ઘણાક શેષશાયી નારાયણના ચરણારવિંદને સમીપે બેઠા હતા તેને અમે જોયા ત્યારે અમે નારાયણને કહ્યું જે આ રામાનંદ સ્વામી તે કોણ છે ? પછી નારાયણે કહ્યું જે એ તો બ્રહ્મવેત્તા છે. પછી રામાનંદ સ્વામી તો નારાયણના શરીરને વિષે લીન થયા ત્યાર પછી અમે દેહને વિષે આવ્યા પછી અમે અંતર્દષ્ટિ કરી ત્યારે પ્રણવનાદને જોયો તે જોતાં જોતાં નંદીશ્વર પોઠિયો આવ્યો તે ઉપર બેસીને કૈલાસમાં ગયા ને ત્યાંથી ગરુડ ઉપર બેસીને વૈકુંઠ તથા બ્રહ્મમહોલને વિષે જાતા હવા, ત્યાં ગરુડ પણ ઊડી શક્યો નહિ એટલે અમે એકલા જ ઊડ્યા તે **સર્વ થકી પર એવું જે શ્રીપુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું, પણ મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ, એટલે ઠેકાણે ફર્યા ને પછી અમે દેહને વિષે આવ્યા ને ફેર અંતરમાં જોયું ત્યારે એમ જણાણું જે સર્વ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. અને મારે તેજે કરીને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે તેજાયમાન છે ને વળી હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે, ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે. એવો જે હું તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન કોઈ કાળે વ્યભિચારને પામે નહિ. (૧)** ને જે જે જીવ મારે શરણે ૧ આવ્યા છે ને આવશે અને એમ સમજશે તે **સર્વેને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ** ને સર્વેને અંતર્યામી જેવા કરીશ ને બ્રહ્માંડોની ઉત્પત્ત્યાદિક કરે એવા સમર્થ કરીશ

પણ પછી સામર્થી પામીને એમ જાણે જે, હું જ મોટો છું એમ જાણીને ઋષિરૂપ એવા જે પ્રત્યક્ષ શ્રી નરનારાયણ તેને ગણવા જ નહીં એવો અહંકાર આવવા દેવો નહિ, ને એમ જાણવું જે શ્રી **આ સ્વામિનારાયણ** ભગવાનની કરુણાએ કરીને હું મોટ્યપ પામ્યો છું. એમ શ્રીજીમહારાજે એ પ્રશ્નનો ઉત્તર કર્યો. **(૨)** ઇતિ વચનામૃતમ્ ॥૭॥ **(૨૨૭)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે રામાનંદ સ્વામીને વિષે કેટલાકને ભગવાનપણાનો નિશ્ચય થયેલો તે ટળાવવા સારુ રામાનંદ સ્વામી શેષનારાયણમાં લીન થઈ ગયા એમ વાત કરીને પછી પોતાનો મહિમા કહ્યો છે, જે અમે નંદીશ્વર અને ગરુડની અસવારી કરીને ધામોમાં જતાં ગરુડ ઊડી શક્યો નહિ, તેને પડ્યો મૂકીને સર્વથી પર અમારા ધામમાં ગયા. ત્યાં પણ અમે જ પુરુષોત્તમ છીએ; અમારા વિના કોઈ મોટો દીઠો જ નહિ ને સર્વે બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા અમે જ છીએ અને અસંખ્યાત્ કૈલાસ, વૈકુંઠ, ગોલોક, બ્રહ્મપુર ને તેથી પર ભૂમિકાઓ આદિ સર્વ અમારે તેજે તેજાયમાન છે : આવો મહિમા સમજીને અમારો નિશ્ચય કર્યો હોય તેને ડગમગાટ ન થાય. **(૧)** અને અમારે શરણે જે આવ્યા છે ને આવશે ને અમને આવા સમજશે તે સર્વને ઉપર કહી ગયા જે કૈલાસથી આરંભીને ભૂમિકાઓ પર્યંત તે સર્વથી પર એવું અમારું અક્ષરધામ તેને પમાડીશું ને ઉત્પત્ત્યાદિક કરે એવા સમર્થ કરીશું. તે સામર્થી અમારી કૃપાએ આવી છે એમ જાણવું. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં રામાનંદ સ્વામીને શ્રીજીમહારાજે પૂછ્યું જે તમે આધુનિક ઈશ્વર છો કે સનાતન છો, **તે આધુનિક ને સનાતન ઈશ્વર કોને કહેવાય ?**

૧ **ઉ૦ જે સ્વતંત્ર સત્તાવાન હોય તે સનાતન ઈશ્વર કહેવાય અને જેમાં ઉપરીનો પ્રવેશ હોય તે આધુનિક ઈશ્વર કહેવાય. માટે સનાતન ઈશ્વર તો શ્રીજીમહારાજને જ કહેવાય અને વૈરાજ, અહંકાર, મહત્તત્ત્વ, પ્રધાનપુરુષ, મૂળપુરુષ, વાસુદેવબ્રહ્મ ને મૂળઅક્ષર પર્યંત સર્વ શ્રીજીમહારાજ આગળ પરતંત્ર ને આગંતુક ઐશ્વર્યવાન છે, માટે તે આધુનિક ઈશ્વર કહેવાય.**

૨ **પ્ર૦** રામાનંદ સ્વામી શેષશાયી નારાયણને વિષે લીન થયા એમ કહ્યું ને (**પરથારાના** તેરમા પ્રશ્નોત્તરમાં તથા **વ૦ ૧૮**ના ત્રીજા પ્રશ્નોત્તરમાં) રામાનંદ સ્વામીને શ્રીજીમહારાજના મુક્ત કહ્યા છે માટે તે કેમ સમજવું ?

૨ **ઉ૦** રામાનંદ સ્વામીને ભગવાન જાણીને કેટલાક સંત તથા હરિભક્તો ધ્યાન-ભજન કરતા તે રામાનંદ સ્વામીને વિષેથી ભગવાનપણાની પ્રતીતિ ટળાવવાને માટે એમ કહ્યું છે. પણ રામાનંદ સ્વામી તો શ્રીજીમહારાજના મુક્ત હતા.

૩ **પ્ર૦** અસંખ્ય વૈકુંઠાદિક ધામ કહ્યાં તે કોનાં કોનાં જાણવાં ?

૩ **ઉ૦** વૈકુંઠધામ કહ્યાં તે વિષ્ણુઓનાં જાણવાં અને ગોલોક કહ્યાં તે મૂળપુરુષોનાં જાણવાં અને બ્રહ્મપુર કહ્યાં તે વાસુદેવબ્રહ્મનાં જાણવાં અને ભૂમિકાઓ કહી તે મૂળઅક્ષરોનાં ધામ જાણવાં. આ સર્વે અસંખ્ય છે. આનો વિશેષ વિસ્તાર (**કા૦ ૧૦**ના બીજા પ્રશ્નોત્તરમાં) કર્યો છે.

૪ **પ્ર૦** બીજી બાબતમાં બ્રહ્માંડની ઉત્પત્ત્યાદિક કરે એવા શરણાગતને કરવા છે એમ કહ્યું છે તે ઉત્પત્ત્યાદિક તો મૂળઅક્ષરાદિક ઐશ્વર્યાર્થીઓ કરે છે ને મુક્ત તો એ કાર્ય કરતા નથી એમ (**કા૦ ૧૦**ના પાંચમા પ્રશ્નોત્તરમાં તથા **મ૦ ૬૭**ના પહેલા પ્રશ્નોત્તરમાં) કહ્યું છે તે કેમ સમજવું ?

૪ **ઉ૦** એ તો સકામ ભક્તની પ્રાપ્તિ કહી છે જે સકામ ભક્ત હોય તેને પણ મૂળઅક્ષરાદિક જેવા ઐશ્વર્યવાન કરીશું અને નિષ્કામ ભક્તને તો પોતાની હજૂરમાં તથા પોતાની મૂર્તિમાં રાખે છે.

૫ **પ્ર૦** ઋષિરૂપ કહ્યા તે ઋષિરૂપનો અર્થ શો હશે ? અને ઋષિરૂપ કોને કહ્યા હશે ?

૫ **ઉ૦** પોતે બ્રાહ્મણના કુળમાં પ્રગટ થઈને ઋષિરૂપે વર્ત્યા ને તપ કર્યું તેથી ઋષિરૂપ કહ્યા છે, અને તે ઋષિરૂપ પોતાને જ કહ્યા છે, તે હરિવાક્ય-સુધાસિંધુના તરંગ **(૨૨૭)**માં કહ્યું છે જે :-

**સમર્થ મંડજન્માદૌ કરિષ્યામિ ચ તં હ્યહમ્ । અંતર્યામિસમં કૃત્વા પ્રાપયિષ્યે સ્વધામ ચ ॥૨૨॥**
**તાદૃશં તસ્ય સામર્થ્યં સાંપ્રતં ગોપ્યતે મયા । અન્યથા ઋષિરૂપં માં સોઽવમન્યેત ધર્મજમ્ ॥૨૩॥**
**જ્ઞાન-વૈરાગ્ય-ધર્માદિ સામર્થ્યં યસ્યયસ્ય ચ । પ્રાપ્તં સ્યાત્તેન તેનાપિ જ્ઞેયં તન્મત્ કૃપાફલમ્ ॥૨૪॥**

એ પ્રકારે અમારા શરણને પામીને અમને ભજનારા ભક્તો તેને અમે બ્રહ્માંડોની ઉત્પત્ત્યાદિકને કરે એવા સમર્થ કરીશું અને અંતર્યામી તુલ્ય કહેતાં અમારા તુલ્ય કરીને અમારા ધામને પમાડીશું. **॥૨૨॥** તે પ્રકારનું તેનું સામર્થ્ય તેને અમે ઢાંકી રાખીએ છીએ; જો ન ઢાંકી રાખીએ તો ધર્મદેવના પુત્ર ને ઋષિરૂપ એવા જે અમે તે અમને પણ ગણે નહિ. **॥૨૩॥** અને જેને જેને જ્ઞાન-વૈરાગ્ય-ધર્માદિકનું સામર્થ્ય પ્રાપ્ત થયું હોય તેણે તેણે અમારી કૃપાનું ફળ છે; કહેતાં અમારી કૃપાથી જ પ્રાપ્ત થયું છે એમ જાણવું. **॥૨૪॥** માટે પોતાને જ ઋષિરૂપ કહ્યા છે. **॥૭॥ (૨૨૭)**

## વચનામૃત અમદાવાદનું - ૮

❖સંવત ૧૮૮૨ના ફાગણ વદિ ૮ આઠમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ મધ્યે શ્રી નરનારાયણના મંદિરને વિષે સંતની પંક્તિમાં લાડુ ફેરવતા હતા ને સુંદર શ્વેત રૂમાલ મસ્તક ઉપર બાંધ્યો હતો ને શ્વેત ખેસ પહેર્યો હતો ને ડાબા ખભા ઉપર ખેસ નાખીને કેડ બાંધી હતી, ને કંઠને વિષે ગુલાબનો મોટો હાર વિરાજમાન હતો.

૧ અને પછી લાડુ ફેરવતાં ફેરવતાં શ્રીજીમહારાજે સાધુ સર્વેને વાર્તા કરી જે, **(૧)** પરમહંસને માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરતાં ક્રોધ ઊપજે, તથા વાદવિવાદ કરતાં ક્રોધ ઊપજે તથા કોઈક પદાર્થ લેવા-દેવામાં ક્રોધ ઊપજે, તથા કોઈકને શિક્ષા કરતાં હોઈએ ને ક્રોધ ઊપજે, તથા પોતાની શુશ્રૂષાને વિષે રહેતો હોય જે સાધુ તેને પક્ષપાતે કરીને ક્રોધ ઊપજે, તથા અપમાને કરીને ક્રોધ ઊપજે તથા ઈર્ષ્યાએ કરીને ક્રોધ ઊપજે, તથા આસન કરવાને વિષે ક્રોધ ઊપજે તથા ભગવાનની પ્રસાદી વહેંચવાને વિષે ન્યૂનાધિકપણું કરે ને ક્રોધ ઊપજે ઇત્યાદિક જે જે ક્રિયાને વિષે ક્રોધ ઊપજે તે મોટા સાધુને ઊપજે અથવા નાના સાધુને ઊપજે, **તો જેની ઉપર ક્રોધ ઊપજે તેને એક સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કરવો. અને ગદ્ગદ હૃદય થઈને દીનતાએ કરીને રૂડાંરૂડાં વચન બોલીને તેને પ્રસન્ન કરવો એમ અમારી આજ્ઞા છે.** અને જો કોઈક સાધુ ઉપર દ્રોહની બુદ્ધિનો સંકલ્પ થાય તો નિષ્કપટ થઈને પોતાને મુખે તે સંકલ્પ કહેવો જે, હે મહારાજ ! આ રીતનો ભૂંડો સંકલ્પ તમારી ઉપર થયો અને તે સંકલ્પનો જે દોષ તેની નિવૃત્તિને અર્થે તેની પ્રાર્થના કરવી. બીજું, જો ગૃહસ્થ ઉપર પરમહંસને ક્રોધ ઊપજે તો તે પરમહંસ તે ગૃહસ્થની વચને કરીને પ્રાર્થના કરે અને બેઠે થકે નમસ્કાર કરે પણ સાષ્ટાંગ દંડવત્ ન કરે. અને જે સાંખ્યયોગી બાઈઓ તેને જો પરસ્પર ક્રોધ ઊપજે તો વચને કરીને પ્રાર્થના કરવી ને બેઠે થકે નમસ્કાર કરવો અને જો સાંખ્યયોગી પુરુષ તથા પરમહંસ તેની તો એ રીત છે. અને જેની ઉપર ક્રોધ ઊપજે તેની આગળ પોતાની મોટપ મૂકીને તેને **પોતાના ઇષ્ટદેવ જે શ્રી સ્વામિનારાયણ** તેના ભક્ત જાણીને નમસ્કાર કરવો ને પ્રાર્થના કરવી. **(૧)** ૧
પણ દેહદૃષ્ટિ ન રાખવી જે હું મોટો છું ને ઉત્તમ છું ને આ તો મોટો નથી ને નાનો છે એવી

રીતે દેહદષ્ટિ ન કરવી. ને બીજું આપણા ઈષ્ટદેવ જે શ્રી નરનારાયણ તે ક્રોધ તથા માન તેને નથી રાખતા, માટે આપણા ઉદ્ધવ સંપ્રદાયના જે હોય તે ક્રોધ તથા માન ત્યાગ કરજો. બીજું, આ જે અમે ક્રોધનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે તેને જે કરશે તેને ઉપર શ્રી નરનારાયણ પ્રસન્ન થાશે ને તેનું અંતઃકરણ શુદ્ધ થાશે અને તેનાં કામ, ક્રોધ, માન, લોભ, ઈર્ષ્યા, મદ, મત્સર તે સર્વ નાશ પામી જાશે. **(૨)** અને ક્રોધ ઊપજ્યો ને જે આ પ્રાયશ્ચિત્ત નહિ કરે તેને સર્પ તુલ્ય જાણવો **૨**
પણ તેને સાધુ ન જાણવો. **(૩)** ઇતિ વચનામૃતમ્ ॥૮॥ **(૨૨૮)** **૩**

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે ત્યાગી-ગૃહી, બાઈ-ભાઈને કોઈ ક્રિયામાં ક્રોધ ઊપજે તો દંડવત્ આદિકે કરીને જેના ઉપર ક્રોધ ઊપજે તેને પ્રસન્ન કરવાની રીત કહી છે. **(૧)** અને અમારા ભક્તને વિષે દેહભાવ ન રાખવો અને કહ્યા પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરશે તેનું અંતઃકરણ શુદ્ધ થશે ને કામાદિક દોષ ટળી જશે અને એ પ્રાયશ્ચિત્ત નહિ કરે તેને સર્પ તુલ્ય જાણવો. **(૩)** બાબતો છે. ॥૮॥ **(૨૨૮)**

**ઇતિ શ્રી કચ્છદેશે વૃષપુરનિવાસી અનાદિમુક્તરાજ શ્રી અબજીભાઈ વિરચિત**
**સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મુખકમળ નિઃસૃત**
**વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકાયાં અમદાવાદ પ્રકરણં સમાપ્તમ્.**

શ્રીજી બાપા વાસણા, અમદાવાદ-૭. SMVS

# અથ વચનામૃતમ્ અશ્લાલી પ્રકરણમ્

## વચનામૃત અશ્લાલીનું - ૧

❖સંવત ૧૮૮૨ના ચૈત્ર સુદિ ૨ દ્વિતીયાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ નગરથી વાજતે ગાજતે ચાલ્યા તે સાંઝે ગામ શ્રી અશ્લાલીએ પધાર્યા ને ઉત્તરાદિ કોરે ગામથી બહાર આંબાવાડિયામાં ઊતર્યા, ને ત્યાં મંચ ઉપર વિરાજમાન થયા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે સુંદર પુષ્પના હાર પહેર્યા હતા ને પાઘને વિષે પુષ્પના તોરા લટકતા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમે શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી આદિક સર્વે સાધુ પ્રત્યે
૧ બોલ્યા જે, **(૧)** સાંભળો એક વાત કરવી છે જે કાંઈક પ્રભુ ભજતાં સમજણમાં ફેર રહે છે તેને ખોટ પણ બહુ મોટી આવે છે ને ભગવાન જે શ્રી પુરુષોત્તમ જેને શ્રીકૃષ્ણ કહીએ, જેને શ્રી વાસુદેવ કહીએ, **જેને શ્રી સ્વામિનારાયણ કહીએ,** જેને શ્રી નરનારાયણ કહીએ, જેને પરબ્રહ્મ કહીએ, જેને શ્રીનારાયણ કહીએ તેનું સુખ યથાર્થ આવતું નથી અને એકાંતિક ભક્ત થવાતું નથી. માટે જુઓને ! પ્રજાપતિ આદિ દઈને જે જગતના સૃષ્ટા છે તે વારંવાર સૃષ્ટિ ભેળા ઉત્પન્ન થાય છે ને અંતે માયાને વિષે લીન થાય છે, પણ શ્રી પુરુષોત્તમ ભગવાન તેમને સમીપે અક્ષરધામને વિષે એ જાતા જ નથી, તે શા સારુ તો તેમની સમજણમાં ભૂલ છે. **(૧)** ૧

૨ ત્યારે સર્વે મુનિ બોલ્યા જે, **(૨)** હે મહારાજ ! એમને વિષે એવી શી જાતની ભૂલ છે તે કહો ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે લ્યો એમની ભૂલ કહીએ તે સાંભળો જે, એક તો પોતપોતાની જે ક્રિયા તેનું બળ સમજે છે અને ભગવાનના આશરાનું ને ભગવાનનું બળ નથી સમજતા, ને બીજું બ્રહ્મરૂપ પોતાને નથી માનતા ને અક્ષરરૂપ થઈને ભગવાન જે શ્રી પુરુષોત્તમનારાયણ તેના દાસપણાને નથી માનતા એ ભૂલ છે, અને ત્રીજું જે રામકૃષ્ણાદિક ભગવાનના અનંત અવતાર તેને તો એ સર્વે અંશ કરીને જાણે છે. એ જ એમને વિષે મોટી ભૂલ છે. અને આ બ્રહ્માંડની ઉત્પત્તિ કેમ થાતી હશે ? તે એક વાર જોઈએ તો ખરા ! એવો સંકલ્પ પોતાના મનમાં રહ્યો હતો તે સંકલ્પ જોઈને ભગવાને તેમને બ્રહ્માંડની ઉત્પત્તિ કરવા સારુ તે સાથે જોડી દીધા છે, તે બ્રહ્માંડમાં જેટલા જીવ છે તેટલી વાર બ્રહ્માંડની ઉત્પત્તિ સાથે જોડાશે ત્યારે તેનો છૂટકો થાશે ને ત્યાર પછી તે સમજણનો ત્યાગ કરીને ભગવાનના સમીપપણાને પામશે. તે સારુ ભગવાનને જાણ્યા પછી ભગવાન વિના બીજું કાંઈ જાણવા

ઈચ્છવું નહિ. (૨) અને ભગવાનને ભજીને જે બ્રહ્માંડની ઉત્પત્તિના સામર્થ્યને ઈચ્છે છે તે ભક્ત સામર્થ્યાર્થી કહીએ ને કનિષ્ઠ કહીએ. અને જે કેવળ આત્મારૂપ થઈને ભગવાનને ભજે તે તો કૈવલ્યાર્થી જાણવો ને તે ભક્ત તો મધ્યમ છે. અને ત્રીજો, જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ તેની નિરંતર અનન્યપણે કરીને સેવાને વિષે નિષ્ઠા રાખે તે ભગવત નિષ્ઠાર્થી જાણવો ને એ ભક્ત અતિ શ્રેષ્ઠ છે ને અતિ ઉત્તમ છે, માટે આપણ તો સર્વે પ્રગટ પ્રમાણ શ્રી નરનારાયણ તેની નિષ્ઠાવાળા છીએ. (૩) ઈતિ વચનામૃતમ્ ॥૧॥ (૨૨૯) ૨ ૩

**રહસ્યાર્થ પ્રદી૦**– આમાં પ્રશ્ન (૨) છે. તેમાં (૧) પહેલું કૃપાવાક્ય છે, તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમને ભજતાં સમજણમાં ફેર રહે છે, તેને ખોટ્ય બહુ આવે છે, અને શ્રી પુરુષોત્તમ ભગવાન એવા અમે તે અમારું સુખ યથાર્થ આવતું નથી અને અમારા એકાંતિક ભક્ત થવાતું નથી એવી આ જગતના સ્રષ્ટાની સમજણમાં ભૂલ છે તથા તે અમારા ધામને પામતા નથી. (૧) બીજામાં એ સ્રષ્ટા ઉત્પત્ત્યાદિક પોતાની ક્રિયા તેનું બળ સમજે છે પણ અમારા આશરાનું બળ નથી સમજતા, અને અક્ષરધામરૂપ થઈને અમારા દાસપણાને નથી પામતા, અને રામકૃષ્ણાદિક અમારા અવતારોને અંશ જાણે છે અને બ્રહ્માંડની ઉત્પત્તિ જોવાનો પૂર્વે સંકલ્પ હતો તેથી અમે તેમને તે ક્રિયામાં જોડી દીધા છે તે એવી સમજણનો ત્યાગ કરશે ત્યારે અમારા સમીપપણાને પામશે. માટે અમારા વિના બીજું કાંઈ જાણવાને ઈચ્છવું નહિ. (૨) અને અમને ભજીને ઐશ્વર્યને ઈચ્છે તે કનિષ્ઠ છે, અને કેવળ આત્મારૂપ થઈને અમને ભજે તે મધ્યમ છે, અને પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ અમે તે અમારી સેવાને ઈચ્છે તે ઉત્તમ છે. (૩) બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં જગતના સ્રષ્ટા રામકૃષ્ણાદિક અવતારોને અંશ કરી જાણે છે એમ કહ્યું તે અંશ કેવી રીતે જાણતા હશે ?

૧ **ઉ૦** જે જે અવતારો બ્રહ્માંડોને વિષે પ્રગટ થઈને કાંઈ ઐશ્વર્યને જણાવે છે તે અવતારોને પોતાની સૃષ્ટિમાંના માને છે અને તે અવતારોને વિષે જે ઐશ્વર્ય હોય તેને પોતાનું આપેલું માને છે જે મારું ઐશ્વર્ય તે એમને વિષે આવેલું છે એમ અંશ માને છે. ॥૧॥ (૨૨૯)

ઈતિ શ્રી કચ્છદેશે વૃષપુરનિવાસી અનાદિમુક્તરાજ શ્રી અબજીભાઈ વિરચિત
સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મુખકમળ નિઃસૃત
વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકાયાં અશ્લાલી વચનામૃતં સમાપ્તમ્.

# અથ વચનામૃતમ્ જેતલપુર પ્રકરણમ્

## વચનામૃત જેતલપુરનું - ૧

❖સંવત ૧૮૮૨ના ચૈત્ર સુદિ ૩ ત્રીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી જેતલપુર મધ્યે મહોલની જગ્યામાં આસોપાલવની હેઠે ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે ગુલદાવદીના બહુ હાર પહેર્યા હતા ને મસ્તક ઉપર શ્વેત પાઘ ડોલરિયાના તોરા તેણે કરીને વ્યાપ્ત હતી ને બે કાન ઉપર બે કર્ણિકારનાં પુષ્પ ખોસ્યાં હતાં ને હસ્તને વિષે સુંદર લીંબુના ફળને ફેરવતા હતા ને દહાડો ચાર ઘડી ચડ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ સંત તથા દેશદેશના સત્સંગી બાઈ-ભાઈ સર્વેની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે સર્વે સભા પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** એક તો દ્વૈત મત છે ને એક તો અદ્વૈત મત છે, તે બેમાંથી મુમુક્ષુ હોય તે કોણ મતને ગ્રહણ કરે તે કહો ? ત્યારે પુરુષોત્તમ ભટ્ટ બોલ્યા જે, હે મહારાજ ! મુમુક્ષુ હોય તેને તો દ્વૈત મતને ગ્રહણ કરવો; ત્યારે શ્રીજીમહારાજે આશંકા કરી જે, દ્વૈત મત તો જીવ, ઈશ્વર ને માયા, તે જ્યારે માયા રહે છે ત્યારે જીવનો મોક્ષ કેમ થાય ? ત્યારે પુરુષોત્તમ ભટ્ટ બોલ્યા જે, શુભ કર્મ કરતાં કરતાં મોક્ષ થાય. ત્યારે શ્રીજીમહારાજે વળી આશંકા કરી જે, નિવૃત્તિ ને પ્રવૃત્તિ એ બે પ્રકારનાં જે કર્મ છે તે તો સુષુપ્તિમાં લીન થઈ જાય છે, તે સુષુપ્તિ કેવી છે તો જેમ લોકાલોક પર્વત ઉલંઘવા કોઈ સમર્થ નથી, તેમ સુષુપ્તિ જે છે તેને ઉલંઘવાને જીવ કોઈ સમર્થ થાતો નથી, તો જે આગળ સામ્યાવસ્થા છે તે તો બહુ મોટી છે; તે તો કેમ જીવથી ઉલંઘાય ? ત્યારે સર્વેને એમ સમજવું જે જ્યારે **સર્વે કર્મ અને માયા તેના નાશ કરનારા ને માયાથી પર જે સાક્ષાત્કાર શ્રી પુરુષોત્તમ ભગવાન વા ભગવાનના મળેલ સંત તેમની જીવને પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે તે સર્વેને ઉલંઘાય છે,** શા સારુ જે ત્યાં કર્મની તો ગતિ જ નથી. **(૧)** ૧

એમ કહીને પછી શ્રીજીમહારાજ મહોલ ઉપર ભોજન કરવા પધાર્યા, પછી ભોજન કરીને પાછા આસોપાલવ હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન થયા, ને સર્વે સંતને ને હરિભક્તને
૨ અમૃતદૃષ્ટિએ જોતા થકા શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, **(૨)** પ્રથમ તો આ જીવને કોઈ ન માનતો હોય ત્યારે એની વૃત્તિ કેવી હોય, અને પછી જ્યારે સો મનુષ્ય એને માને ત્યારે એનો અહંકાર તે પણ નોખી જાતનો થાય છે, ને હજાર મનુષ્ય માને તથા લાખ મનુષ્ય માને તથા કરોડ મનુષ્ય માને ત્યારે એનો અહંકાર તે જુદી જાતનો થાય છે, અને એ ક્યારેક બ્રહ્મા જેવો થાય, ક્યારેક શિવ જેવો થાય, ક્યારેક ઇંદ્ર જેવો થાય, ત્યારે તે **સવળા વિચારવાળો** એમ જાણે જે આ મારી જે મોટપ તે આ વડે નથી, ત્યારે શા વડે છે ? તો આત્મા વડે મોટપ છે,

અને બીજું સંતને સમાગમે કરીને મોટપ છે, ત્યારે જુઓને એવા મોટા છે તે પણ સંતના ચરણની રજને ઇચ્છે છે, ત્યારે સંતને વિષે શી મોટપ છે તે કહીએ છીએ જે, દ્રવ્ય પદાર્થે કે રાજ્યે કરીને તો કાંઈ સંતને મોટપ નથી, પણ **સંતને તો મોટપ ભગવાનની ઉપાસના ને ભક્તિ તે વડે છે,** ને બીજું સંતને આત્મનિષ્ઠા છે તે મોટપે મોટપ છે, અને એમ ન જણાય તો આત્માનો એમ નિશ્ચય કરવો જે પ્રગટ ભગવાન જેને મળ્યા હોય એવા જે સંત તેને વિષે આત્મનિષ્ઠા રાખવી ને તે જ પોતાનું સ્વરૂપ માનવું, ત્યારે કોઈક આશંકા કરે જે, ત્યારે સ્વામી-સેવકપણું કેમ રહે ? ત્યાં દૃષ્ટાંત છે જે, ગાલવ રાજા હતો, તેને યજ્ઞ કરવો હતો ત્યારે તેને શ્યામકરણ ઘોડા લાવવા હતા તે શ્યામકરણ ઘોડા તો વરુણને ઘેર હતા ત્યાં તો પોતાથી જવાય નહિ, ત્યારે ગાલવ રાજાએ ગરુડજીને તેડાવ્યા ત્યારે ગરુડજી આવ્યા, પછી તે ગરુડ ઉપર બેસીને ઘોડા ત્યાંથી લઈને આવ્યા ત્યારે શું ગરુડજીને વિષેથી ગાલવ રાજાને દાસપણું મટી ગયું ? એ તો ન મટ્યું, તેમ બ્રહ્મવેત્તાને વિષે આપોપું માનવું, તે શા સારુ જે એને આવરણ ભેદ્યાની ગતિ છે, તે સારુ એને વિષે આત્મબુદ્ધિ રાખવી. પછી એમ કહ્યું જે આ વાર્તા સર્વે રાખજો અને આ વાત સર્વેનું જીવન છે. **(૨)** ઇતિ વચનામૃતમ્ ॥૧॥ **(૨૩૦)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં બીજું કૃપાવાક્ય છે. તેમાં પહેલામાં મુમુક્ષુ પોતાના મોક્ષને અર્થે શુભ કર્મ કરે તો પણ એણે સાંખ્ય જ્ઞાન સિદ્ધ કર્યું નથી ને માયાને મિથ્યા જાણી નથી ત્યાં સુધી તેની દેહાત્મબુદ્ધિ ટળે નહિ ને ઉપાસ્યમૂર્તિને પણ યથાર્થ દિવ્ય જાણી શકે નહિ તેથી તે શુભ કર્મે કરીને પ્રધાન માયા સુધી પહોંચે; પણ તે પ્રધાન માયારૂપ સુષુપ્તિને ઓલંઘી શકે નહિ, તો સામ્યાવસ્થારૂપ મૂળમાયા તે તો ઓલંઘાય જ કેમ ? એ તો સર્વ કર્મ ને માયા તેના નાશ કરનારા અને માયાથી પર સાક્ષાત્ શ્રી પુરુષોત્તમ ભગવાન જે અમે તે અમારી અથવા અમને મળેલા અમારા સંતની જ્યારે જીવને પ્રાપ્તિ થાય ત્યારે માયા ઓલંઘાય છે. **(૧)** બીજામાં જીવને ઘણાં માણસો માને અથવા કોઈ મોટપ પામે ત્યારે તેને અહંકાર આવે છે, ને સવળા વિચારવાળો એણે કરીને મોટપ ન માને એ તો આત્મા વડે ને અમારા સંતના સમાગમ વડે કરીને મોટપ માને, અને અમને મળેલા સંતને તો અમારી ઉપાસના ને આત્મનિષ્ઠા તેણે કરીને મોટપ છે, અને એવા અમને મળેલા સંતને વિષે આપોપું કરવું તો ગાલવ રાજાની પેઠે આવરણ ભેદાવે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં નિવૃત્તિ ને પ્રવૃત્તિ એ બે પ્રકારનાં કર્મ કહ્યાં તે નિવૃત્તિકર્મ કિયાં જાણવાં અને પ્રવૃત્તિકર્મ તે કિયાં જાણવાં?

૧ **ઉ૦** ત્યાગીને પાળવાના જે બ્રહ્મચર્ય, અહિંસાદિક નિયમ છે તે નિવૃત્તિકર્મ જાણવાં, અને ગૃહસ્થને પાળવાના જે નિયમ છે તે પ્રવૃત્તિકર્મ જાણવાં.

૨ **પ્ર૦** તે કર્મ સુષુપ્તિને વિષે લીન થઈ જાય છે એમ કહ્યું તે કેવી રીતે લીન થતાં હશે ?

૨ **ઉ૦** એ બે પ્રકારનાં કર્મ કરનારા જીવોને તે તે કર્મનું ફળ સુષુપ્તિ સુધી જ ભોગવાય છે પણ તે કર્મે કરીને સુષુપ્તિથી પર ગતિ થતી નથી માટે લીન કહ્યાં છે. એટલે કર્મ લીન થઈ જાય છે એમ નહિ પણ એ કર્મ કરનારને સુષુપ્તિથી પર ગતિ થતી નથી એમ કહ્યું છે.

૩ **પ્ર૦** સર્વ કર્મ ને માયા તેને નાશ કરનારા એમ કહ્યું તે કર્મ કિયાં જાણવાં ? અને માયા કઈ જાણવી ?

૩ **ઉ૦** આ ઠેકાણે કર્મ એટલે વાસના જાણવી તે વાસના બે પ્રકારની છે. એક તો માયિક પંચવિષય સંબંધી વાસના છે, અને બીજી ઈશ્વરકોટી, બ્રહ્મકોટી તથા મૂળઅક્ષરકોટીના ઐશ્વર્યની ઇચ્છા તે ઐશ્વર્ય સંબંધી વાસના કહેવાય; એ બે પ્રકારની વાસના તે શ્રીજીમહારાજ કાં એમના મુક્ત નાશ કરે. અને મૂળમાયાને માયા કહી છે.

૪ **પ્ર૦** સાક્ષાત્કાર જે શ્રી પુરુષોત્તમ ભગવાન જે અમે ને અમને મળેલા સંતની જ્યારે જીવને પ્રાપ્તિ થાય ત્યારે કર્મ તથા માયા ઓલંઘાય છે, એમ કહ્યું છે તે શ્રીજીમહારાજને મળેલા કેવી રીતે જાણવા ?

૪ **ઉ૦** શ્રીજીમહારાજની મૂર્તિમાં તથા શ્રીજીમહારાજના તેજરૂપ ધામમાં સદા ભેળા રહેતા હોય તેમને આ ઠેકાણે મળેલા કહ્યા છે, અને જેને એવા મુક્તના યોગે એવી સ્થિતિ થઈ હોય એટલે આત્માને વિષે શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર થયો હોય તે પણ મળેલા કહેવાય અને તેનો યોગ કરનારને પણ માયા ને કર્મ ઓલંઘાય છે.

૫ **પ્ર૦** બીજા પ્રશ્નમાં ક્યારેક બ્રહ્મા જેવો થાય, શિવ જેવો થાય, ઇંદ્ર જેવો થાય, ત્યારે સવળા વિચારવાળો આત્મા વડે ને સંતના સમાગમ વડે મોટપ માને એમ કહ્યું તે બ્રહ્મા-શિવ જેવો એટલે કેવો જાણવો ? કેમ જે બ્રહ્મા, શિવ, ઇંદ્રના સ્થાનમાં તે તે પદવી પામે તેને તો સવળો વિચાર રહે નહિ, કેમ કે એ સ્થાનોમાં સવળો વિચાર રહેવો તે અગમ્ય છે તે કેવી રીતે સમજવું ?

૫ **ઉ૦** પોતાને આત્મારૂપ એટલે શ્રીજીમહારાજના તેજરૂપ માનવું અને સંતનો સમાગમ કરવો તે જ મોટપ છે એમ માને, પણ યશ-કીર્તિ ને માન-સન્માનમાં મોટપ માને નહિ, ને મનાવાની કે પૂજાવાની કે કોઈ ઐશ્વર્યની ઇચ્છા ન રહે તેને વિષે બ્રહ્મા જે મૂળઅક્ષરાદિક તથા શિવ જે મહાકાળાદિક તથા ઇંદ્ર જે મૂળપુરુષાદિકના જેવા ઐશ્વર્ય આવે તો પણ તેમાં મોટપ ન માને; એક મુક્તનો સમાગમ ને પોતાને અક્ષરધામરૂપ માનવું એ જ મોટપ માને એમ કહ્યું છે.

૬ **પ્ર૦** મૂળઅક્ષરને બ્રહ્મા કહ્યા અને મહાકાળને શિવ કહ્યા ને મૂળપુરુષને ઇન્દ્ર કહ્યા તે કેવી રીતે સમજવા ?

૬ **ઉ૦** ઉત્પત્તિ કરે તે સર્વને બ્રહ્મા કહેવાય, માટે આદિ સૃષ્ટિના કર્તા મૂળઅક્ષર છે, તેથી મૂળઅક્ષરને બ્રહ્મા નામે કહ્યા છે, અને પ્રલય કરે તેને શિવ કહેવાય, તે આત્યંતિક પ્રલય જે મહાપ્રલય તે મહાકાળ કરે છે. માટે મહાકાળને શિવ કહ્યા છે. અને જે વૃષ્ટિ કરે તેને ઇંદ્ર કહેવાય, તે જેમ ઇંદ્ર વરસાદ કરે છે તેણે કરીને પૃથ્વીમાંથી બીજ ઉત્પન્ન થાય છે તેમ મૂળપુરુષ મેઘને ઠેકાણે છે ને માયા પૃથ્વીને ઠેકાણે છે તે મૂળપુરુષ માયાને વિષે વીર્યને ધરે તેણે કરીને માયામાંથી જીવ ઉત્પન્ન થઈ આવે છે, માટે મૂળપુરુષને ઇંદ્ર કહ્યા છે તે (**છે૦ ૧૦**માં) પુરુષને મેઘને ઠેકાણે કહ્યા છે.

૭ **પ્ર૦** પ્રગટ ભગવાન જે અમે તે અમને મળેલા સંતને વિષે આત્મનિષ્ઠા રાખવી, ને એ જ પોતાનું સ્વરૂપ માનવું એમ શ્રીજીમહારાજે કહ્યું તે શ્રીજીમહારાજને મળેલા સંતને વિષે આત્મનિષ્ઠા કેવી રીતે રાખવી ને એમને પોતાનું સ્વરૂપ કેવી રીતે માનવું ?

૭ **ઉ૦** શ્રીજીમહારાજના મુક્તને વિષે પોતાના આત્માની એકતા કરવી જે તે મુક્ત તે હું છું એમ પોતાને મુક્તરૂપ માનવું, અને જેમ મુક્ત મૂર્તિમાં જોડાયા છે તેમ શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાવું. આ વાર્તા સર્વનું જીવન છે કહેતાં સર્વોત્તમ છે અને એવા શ્રીજીમહારાજની મૂર્તિમાં એકતાવાળા મુક્ત પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તો (**મ૦ ૫૦**માં) એકરસ પરિપૂર્ણ એવું શ્રીજીમહારાજનું તેજ તેમાં એકતા કરીને શ્રીજીમહારાજની મૂર્તિમાં ને મુક્તમાં પ્રીતિ જોડવી એમ કહ્યું છે તેમ કરવું. પણ શ્રીજીમહારાજના ધામમાંથી આવેલા ન હોય તેને વિષે આપોપું ન કરવું.

૮ **પ્ર૦ શ્રીજીમહારાજના ધામમાંથી આવેલા મુક્તનાં લક્ષણ કેવાં હોય ? ને એકાંતિકનાં કેવાં હોય ?**

૮ **ઉ૦** જે એમનો સમાગમ કરે તેના ઘાટ-સંકલ્પ બંધ થઈ જાય, ને ધ્યાનમાં વિક્ષેપ ન થાય, ને મૂર્તિનું સુખ આવે ને છેટે રહે થકે પણ જે સંભારે તેના ઘાટ-સંકલ્પ ટળી જાય, ને એમની પાસે બેઠા હોઈએ તો તે વખતે માયિક ઘાટ-સંકલ્પ ટળી જાય. અને કોઈ દેહ મૂકે તેને અક્ષરધામમાં તેડી જાય, એવાં કેટલાકને દર્શન આપે ને કોઈને તેડી જવા હોય તેને આગળથી દર્શન આપીને દેહ મૂકવાનો અવધિ પણ કહી જાય, અને કોઈક પ્રાર્થના કરે તો તેને રાખી પણ જાય, ને કોઈને દેહ મૂકવો હોય તો તેને આયુષ્ય હોય તો પણ તેને તેડી જાય એવી સામર્થી હોય તે શ્રીજીમહારાજના ધામમાંથી આવેલા પરમ એકાંતિક તથા અનાદિમુક્ત જાણવા. અને શ્રીજીમહારાજે કહ્યા જે ધર્મ તે યથાર્થ પાળે તથા ત્યાગી-ગૃહીને પોતપોતાના ધર્મ યથાર્થ પળાવે અને શ્રીજીમહારાજની પ્રતિમાને વિષે સર્વને જોડે પણ પોતાને વિષે જોડે નહિ અને માન-અપમાન, સુખ-દુઃખ, હાણ્ય-વૃદ્ધિ, કચરો-કંચન, શત્રુ-મિત્ર સર્વમાં સમબુદ્ધિ હોય અને પોતાના સંગીને સત્સંગમાંથી લૂખા થવા દે નહિ ને માયિક વિષય તથા ઐશ્વર્યની વાસનાએ રહિત હોય ને શ્રીજીમાં અખંડ વૃત્તિ રાખતા હોય આવાં લક્ષણ હોય તે એકાંતિક જાણવા.

૯ પ્ર૦ ગાલવ રાજાને દૃષ્ટાંતે સિદ્ધાંત શો સમજવો ?

૯ ઉ૦ જેમ ગાલવ રાજાને વરુણ પાસે જવું હતું, પણ ત્યાં પોતાથી જવાય તેમ નહોતું તેણે ગરુડ ઉપર અસવારી કરી પણ તેને વિષેથી દાસપણું મટ્યું નહિ, તેમ મુમુક્ષુ જીવને શ્રીજીમહારાજ પાસે જવું તે તેનાથી જવાય તેમ નથી, માટે મુક્ત જે ગુરુ, તેમને વિષે આપોપું એટલે જ પોતાનું સ્વરૂપ માનવું કે તે મુક્ત તે હું છું એમ ગુરુને વિષે આપોપું માનવાથી તે ગુરુને વિષેથી દાસપણું મટે નહિ. અને તે ગુરુને વિષે આત્મબુદ્ધિ રાખવાથી શ્રીજીમહારાજની ને મુમુક્ષુની વચ્ચે આવરણ છે તે ટળી જાય છે. અને શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે, અને જેમ મુક્તને વિષે આપોપું માનવું તેમજ શ્રીજીમહારાજ મનુષ્યરૂપે સાક્ષાત્ મળ્યા હોય તો શ્રીજીમહારાજને વિષે પણ તેમજ આપોપું માનવું તો પણ સ્વામીસેવકપણું ટળી જતું નથી. આ વાત સર્વનું જીવન છે, એટલે શ્રીજીમહારાજને પામવાના જેટલા ઉપાય માત્ર છે તે સર્વ ઉપાયથી આ વાત સર્વોત્તમ છે. ॥૧॥ (૨૩૦)

## વચનામૃત જેતલપુરનું - ૨

❖સંવત ૧૮૮૨ના ચૈત્ર સુદિ ૩ ત્રીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી જેતલપુર મધ્યે સાંઝને સમે શ્રી રાધાકૃષ્ણના મંદિરના ચોક વચ્ચે ઢોલિયો બિછાવ્યો હતો તેને ઉપર પોતે વિરાજમાન હતા ને સુંદર શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પાઘને વિષે ડોલરિયાના પુષ્પના તોરા લટકતા હતા ને શ્વેત પછેડી ઓઢી હતી ને શ્વેત ખેસ પહેર્યો હતો ને શ્વેત રૂમાલ હસ્તકમળને વિષે ધરી રહ્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ પ્રત્યે બ્રહ્માનંદ સ્વામીએ એમ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! યતિ કેને કહીએ ? તે કહો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, હનુમાનજી જ્યારે લંકામાં જાનકીજીની ખબર કાઢવા ગયા ત્યારે જાનકીજીને ઓળખવાં હતાં તે સારુ જેટલી સ્ત્રીઓ લંકામાં હતી તે સર્વેને જોતા હવા, ને તે પછી મંદોદરીને હનુમાનજી દેખતા હવા. ત્યારે પોતે એમ જાણ્યું જે આ જાનકીજી હશે ? પછી એમ મનમાં વિચાર કર્યો જે જાનકીજીને તો ભગવાન રઘુનાથજીનો વિયોગ છે તેણે કરીને આવું શરીર પુષ્ટ હોય જ નહિ, ને આવી નિદ્રા પણ ન હોય એવો મનમાં વિચાર કરીને હનુમાનજી પાછા વળી નીસર્યા, પછી પોતાને એવો મનમાં સંકલ્પ થયો જે હું યતિ છું ને મેં આ સ્ત્રીઓ સર્વને જોઈ તેનો મુને કાંઈ બાધ હશે કે નહિ ? પછી વળી એમ વિચાર કર્યો જે, મેં તો રઘુનાથજીની આજ્ઞાએ કરીને જાનકીજીની ખબર કાઢવી છે તે સારુ સ્ત્રીઓને જોઈ તેનો શો બાધ છે ? પછી વળી મનમાં એમ વિચાર કર્યો જે મારી વૃત્તિમાં ને મારી ઇન્દ્રિયોમાં રઘુનાથજીની કૃપાએ કરીને ક્ષોભ પણ નથી ઊપજ્યો એવો હોય તે યતિ કહેવાય. અને વળી જ્યારે જાનકીજીનું હરણ થયું ત્યારે રઘુનાથજી ને લક્ષ્મણજી એ બેય જ્યાં સુગ્રીવ ફટક શિલા ઉપર હતો ત્યાં ગયા ત્યારે સુગ્રીવને જણાવ્યું જે, જાનકીજીનું હરણ થયું છે તે માટે અહીં આવ્યા છીએ તે જો કાંઈ તમને ખબર હોય તો કહો ! ત્યારે સુગ્રીવે કહ્યું જે, હે મહારાજ ! આકાશને વિષે હે રામ ! હે રામ ! એવો શબ્દ થાતો હતો તે મેં સાંભળ્યો હતો, અને બીજું જે, આ ચીરમાં બાંધીને ઘરેણાં પડતાં મૂક્યાં હતાં

તે મારે પાસે મેં રાખ્યાં છે, ત્યારે રઘુનાથજીએ કહ્યું જે તે લાવો જોઈએ. ત્યારે તે ઘરેણાં સુગ્રીવે રઘુનાથજીને આપ્યાં, પછી રઘુનાથજીએ લેઈને લક્ષ્મણજીને દેખાડ્યાં તે પ્રથમ તો કાનનાં દેખાડ્યાં પછી હાથના બાજુબંધ આદિક દેખાડ્યાં તે લક્ષ્મણજીએ ન ઓળખ્યાં, ત્યાર પછી પગનાં ઝાંઝર દેખાડ્યાં ત્યારે લક્ષ્મણજીએ કહ્યું જે હે મહારાજ ! આ તો જાનકીજીનાં ઝાંઝર ખરાં. ત્યારે રઘુનાથજીએ પૂછ્યું જે, હે લક્ષ્મણજી ! બીજાં ઘરેણાં ન ઓળખ્યાં ને ઝાંઝર કેમ ઓળખ્યાં ? ત્યારે લક્ષ્મણજીએ કહ્યું જે, હે મહારાજ ! જાનકીજીનું સ્વરૂપ તે મેં નથી દીઠું, અને સાંઝે પગે લાગવા જાતો ત્યારે ઝાંઝર દીઠાં હતાં તે સારુ મેં ઓળખ્યાં. એવી રીતે ચૌદ વર્ષ સુધી સેવામાં રહ્યા પણ દૃષ્ટિએ કરીને જાનકીજીનું સ્વરૂપ એક ચરણારવિંદ વિના બીજું દીઠું નહિ એવો હોય તે યતિ જાણવો. એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, આ બ્રહ્માનંદ સ્વામી છે તે પણ તે જેવા જ યતિ છે, એમ સર્વે સભાને સાંભળતે સતે બ્રહ્માનંદ સ્વામીની શ્રીજીમહારાજે યતિપણાની બહુ પ્રશંસા કરી. **(૧)** ને ગામ બહાર પધાર્યા ને યજ્ઞ થયા હતા ૧
તે ઠેકાણે પરથાર ઉપર ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર પોતે વિરાજમાન થયા, અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી શ્રીજીમહારાજે કહ્યું જે કાંઈક પ્રશ્ન-ઉત્તર કરો.

૨ ત્યારે પટેલ આશજીભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** હે મહારાજ ! આ જીવનું સ્વરૂપ તે કેવું છે ? તે કહો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જીવ તો અછેદ્ય, અભેદ્ય, અવિનાશી, ચૈતન્યરૂપ અણુમાત્ર એવો છે ત્યારે તે જીવ ક્યાં રહે છે ? તો હૃદયાકાશને વિષે રહે છે અને વિવિધ ક્રિયાને ત્યાં રહ્યો થકો કરે છે અને રૂપ જોવું હોય ત્યારે નેત્રદ્વારે કરીને જુએ છે, અને શબ્દ સાંભળવો હોય ત્યારે કાનદ્વારે આવીને સાંભળે છે, ને નાસિકાદ્વારે સારો-નરસો ગંધ લે છે ને રસનાદ્વારે રસ લે છે, ને ત્વચાદ્વારે સ્પર્શનું સુખ લે છે, અને મનદ્વારે મનન કરે છે, ને ચિત્તદ્વારે ચિંતવન કરે છે ને બુદ્ધિદ્વારે નિશ્ચય કરે છે, એમ દશ ઇન્દ્રિયોદ્વારે તથા ચાર અંતઃકરણદ્વારે સર્વે વિષયનું ગ્રહણ કરે છે, ને નખથી તે શિખા પર્યંત શરીરમાં વ્યાપીને રહ્યો છે, એવી રીતે જીવનું સ્વરૂપ છે. અને આપણે તો પ્રગટ પ્રમાણ પુરુષોત્તમ એવા જે શ્રી નરનારાયણ તેને પ્રતાપે કરીને એ જીવને સારી પેઠે ઓળખ્યો છે ને જાણ્યો છે. એમ કહીને સર્વને રાજી કરીને જય સચ્ચિદાનંદ કહીને મહોલમાં પોઢવા પધારતા હવા. **(૨)** ઇતિ ૨
વચનામૃતમ્ ॥૨॥ **(૨૩૧)**

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે હનુમાનજી ને લક્ષ્મણજીને દૃષ્ટાંતે યતિનાં લક્ષણ કહ્યાં છે, અને બ્રહ્માનંદ સ્વામીની યતિપણાની પ્રશંસા કરી છે. **(૧)** બીજામાં જીવ હૃદયને વિષે રહ્યો થકો ઇન્દ્રિયો-અંતઃકરણદ્વારે વિષયનું ગ્રહણ કરે છે, ને શરીરમાં વ્યાપી રહ્યો છે તે જીવને પ્રગટ પ્રમાણ પુરુષોત્તમ શ્રી નરનારાયણ જે અમે તે અમારે પ્રતાપે કરીને તમે સારી પેઠે એટલે જેવો જાણવો જોઈએ તેવો બ્રહ્મરૂપ જાણ્યો છે એમ કહ્યું છે. **(૨)** બાબતો છે. ॥૨॥ **(૨૩૧)**

## વચનામૃત જેતલપુરનું - ૩

❖સંવત ૧૮૮૨ના ચૈત્ર સુદિ ૪ ચતુર્થીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી જેતલપુર મધ્યે પોતાને રહેવાનો જે મહોલ તેની આથમણી કોરને સમીપે જે ફૂલવાડી તેને વિષે સવારના વે'લા પધારીને વાડીને વચમાં મોટું બોરસડીનું વૃક્ષ તેની હેઠે ચોતરા ઉપર ગાદી-તકિયે સહિત જે ઢોલિયો તે ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે ચંપાના તથા બોરસડીના તથા ગુલદાવદીના હાર પહેર્યા હતા ને પાઘને વિષે ચમેલી ને ડોલરિયાના તોરા લટકતા મેલ્યા હતા ને બે શ્રવણ ઉપર હજારી પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા ને બે હસ્તકમળ વિષે દાડમ તથા લીંબુના ફળને ફેરવતા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી આદિક મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ ઘડીક વાર સુધી વિચારીને એમ બોલ્યા જે, **(૧)** સર્વે સાંભળો એક વાર્તા કહીએ જે, દુષ્ટ વાસના રાખવી તેથી કાંઈ ભૂંડું નથી કાં જે દુષ્ટ વાસનાવાળા ભક્ત છે તે અમારે સમીપે રહે છે, પણ તે સુખિયા નથી રહેતા કાં જે તેમણે પ્રભુ ભજતાં પ્રથમ એમ માગ્યું હતું જે સમીપે રાખજ્યો પણ દુષ્ટ વાસના ન મૂકી તે સારુ દુઃખિયા છે. **(૧)** ૧

૨ ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, **(૨)** હે મહારાજ ! એ દુષ્ટ વાસના કેમ ટળે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, દુષ્ટ વાસના ટાળવાનો તો એ ઉપાય છે જે જ્યારે વર્તમાનથી બાહેર સંકલ્પ થાય, તથા કોઈ હરિજનના તથા સંતના અભાવનો સંકલ્પ થાય, ત્યારે **સ્વામિનારાયણ-સ્વામિનારાયણ** એમ વારંવાર પોકારીને નામ ઉચ્ચારણ કરવું, અને બીજું માહાત્મ્યે સહિત ને ધર્મે સહિત ભગવાનની નવ પ્રકારની ભક્તિ કર્યા કરે, ત્યારે ભગવાન તેના હૃદયમાં વાસ કરીને દુષ્ટ વાસનાને નાશ પમાડે છે, જેમ ગજને ગ્રાહના મુખ થકી ભગવાને છોડાવ્યો તેમ. માટે આટલી વાત સમજ્યા તો સર્વ સમજાઈ રહ્યું. **(૨)** ને વળી કહીએ છીએ જે, **એક** તો ૨
પાંચ વર્તમાન પાળવાં, ને **બીજું** પોતાનું સ્વરૂપ સાક્ષી માનવું જે સંકલ્પ તથા નાના પ્રકારના જે તર્ક તે થકી પર જે આત્મા તે હું છું, અને મને સહિત જે દેહ તે હું નહિ એમ વિચારે, ને **ત્રીજું** ભગવાન કોઈના સામું જોઈને હસતા હોય વા કોઈને બોલાવતા હોય વા બીજાં ગમે તેવાં ચરિત્ર કરે તેમાં કોઈ દહાડે અભાવ ન આવે એવી રીતનો નિશ્ચય રાખવો એટલું સમજ્યા તો સર્વે સમજ્યા છો. અને વળી કોઈક એમ જાણે છે જે મેં તો મહારાજને બહુ ભજ્યા ને ઘણીક સેવા કરી, પણ આપણને તો મહારાજ બોલાવતા નથી, ને બીજાને તો બહુ બોલાવે છે ત્યારે આપણે ઘેર બેઠાં જ પ્રભુ ભજશું, એમ અવગુણ લે છે. ત્યારે અમે પણ એમ ધારીએ જે એ જીવને ને અમારે શું ? તો એ જીવનું ઠેકાણું રહે જ નહિ. પણ અમે તો કોઈનો અવગુણ લેતા જ નથી, અને **અમારો સ્વભાવ તે તો સદા ગુણગ્રાહક જ છે.** ને હવે એ ભક્તને ગુણ ગ્રહણ કરવો ને અવગુણ ટાળવો તેનો ઉપાય કહીએ છીએ જે, એ ભક્ત એમ વિચારે જે હું

સત્સંગ મોરે કેવો હતો તો કાળ, કર્મ, જન્મ, મરણ, ચોરાશી તેનો ભોક્તા હતો, તે મુંને સર્વ થકી છોડાવીને **નિર્ભય કીધો** ને રૂડા ગુણ આપીને મોટો કીધો, તે ભગવાનનો અભાવ કેમ હું લેઉં ? ને પ્રભુનું ગમતું મૂકીને પોતાનું ગમતું કેમ ઈચ્છું ? એમ વિચારીને અભાવ ન લે ત્યારે જ તે સુખિયો થાય છે. અને **આ દેહે કરીને ભગવાનનું ગમતું કરવું, એથી બીજી વાત કાંઈ મોટી નથી, ને એ જ ભક્તિ છે;** એણે કરીને જ ભગવાનને પમાય છે, માટે માન, ઈર્ષ્યા, કામ, ક્રોધ, લોભ એ આદિક કલ્યાણના વિરોધી છે તે સર્વને ત્યાગ કરવા. **ને તેમાં માન છે તે તો અતિ ભૂંડામાં ભૂંડું છે, જુઓને બીજા વર્તમાનમાં કાંઈક કાચપ થોડી-ઘણી હોય તો પણ સત્સંગમાં નભ્યા જાય છે, પણ માનવાળા તો નભી શક્યા જ નહિ,** માટે હે સંતો ! નિર્માન આદિક વર્તમાનમાં કોઈ દિવસ ચૂક પડવા દેશો મા; અતિ કુશળ રહેવું, અને **દેહ થકી પોતાનું સ્વરૂપ જુદું જાણવું,** અને શ્રી પુરુષોત્તમ એવા જે નરનારાયણ તેમની નિરંતર ખટકે સહિત ભક્તિ કરવી ને ભગવાનની અખંડ સ્મૃતિએ સહિત ભજન કરવું તે તો ભગવાનનાં પ્રગટ દર્શનના સુખ તુલ્ય છે. **(૩)** બીજું, **આપણા સત્સંગમાં શાસ્ત્ર ભણતાં** ૩
**આવડે તેણે કરીને કાંઈ મોટો નહિ, ત્યારે કોણ મોટા ? તો જે ચૌદ લોક પર્યંત તૃણ સમાન જાણે એવી વૈરાગ્યની અવધિએ યુક્ત હોય, અને જેમ દેહને વિષે આત્મબુદ્ધિ છે તેમ પરમાત્મા જે પુરુષોત્તમ તેના સ્વરૂપની દઢતા સાક્ષાત્કાર બોધે યુક્ત હોય, અને સુષુપ્તિને વિષે જેમ જગતની વિસ્મૃતિ છે એમ જાગ્રત અવસ્થાને વિષે જગતની વિસ્મૃતિએ યુક્ત વર્તે એવો જે હોય તે આપણા સત્સંગમાં મોટેરો છે. (૪)** ઈતિ વચનામૃતમ્ ॥૩॥ **(૨૩૨)** ૪

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે દુષ્ટ વાસના રાખે તે સુખી ન થાય. **(૧)** બીજામાં વર્તમાન બહાર સંકલ્પ થાય તથા અમારા ભક્તને વિષે અભાવનો સંકલ્પ થાય ત્યારે અમારું સ્વામિનારાયણ-સ્વામિનારાયણ એવા નામનું ઉચ્ચારણ વારંવાર કરે, ને માહાત્મ્યે ને ધર્મે સહિત અમારી નવધા ભક્તિ કરે તેના હૃદયમાં વાસ કરીને વિષયની આસક્તિનો નાશ કરી નાખીએ. **(૨)** અને પંચવર્તમાન પાળે ને પોતાને આત્મારૂપ માને અને અમારાં ચરિત્ર દિવ્ય જાણે ને અમારો નિશ્ચય હોય ને અમારા ગમતામાં વર્તે, ને માન-કામાદિકનો ત્યાગ કરીને અમારી ભક્તિ કરે, ને અખંડ સ્મૃતિએ સહિત અમારું ભજન કરે તેને અમારાં પ્રગટ દર્શન તુલ્ય સુખ આવે. **(૩)** અને જગતની વિસ્મૃતિએ યુક્ત વર્તે ને અમારા સ્વરૂપની દઢતા જ્ઞાને યુક્ત સાક્ષાત્કાર કરે તે સત્સંગમાં મોટો છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં દુષ્ટ વાસનાવાળા ભક્ત અમારે સમીપે રહે છે, પણ સુખિયા નથી એમ કહ્યું તે દુષ્ટ વાસના કઈ જાણવી અને તે દુષ્ટ વાસનાવાળાથી શ્રીજીમહારાજને સમીપે શી રીતે જવાતું હશે ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજે કહ્યું છે કે અમારી આજ્ઞા વિરુદ્ધ પોતાના મનમાં સંકલ્પ થાય તે દુષ્ટ વાસના જાણવી, તે તરંગ **૨૩૨**માં શ્લોક છે જે :-

**यदा मदीय मर्यादोल्लंघने मनसो भवेत्। संकल्पस्तर्हि विज्ञेया सैव दुर्वासनात्मन: ॥८॥**

જીવોના કલ્યાણ સારુ જ્યારે શ્રીજીમહારાજ પૃથ્વીને વિષે મનુષ્યરૂપે પ્રગટ થયા હોય તે વખતે શ્રીજીમહારાજને સમીપે ભક્ત રહ્યા હોય, પણ માયિક વાસના અંતરમાં રહી હોય, તો તેને ધ્યાન-ભજનનું સુખ આવે નહિ, તેથી દુ:ખિયા રહે, માટે આ લોકને વિષે સમીપે કહ્યા છે પણ અક્ષરધામમાં સમીપે નથી કહ્યા.

૨ **પ્ર૦** અમને ભજતાં પ્રથમ માગ્યું હતું એમ કહ્યું તે પ્રથમ માગ્યું ક્યારે જાણવું ?

૨ **ઉ૦** પૂર્વજન્મને વિષે પણ માગે ને આ જન્મે પણ શ્રીજીમહારાજની સમીપે સેવામાં રહેવાનું માગે, માટે સમીપે રાખ્યા પહેલાં માગે તે પ્રથમ માગ્યું કહેવાય, પણ દુષ્ટ વાસના જે વર્તમાન બહાર સંકલ્પ થતા હોય તેથી શ્રીજીમહારાજની પ્રસન્નતા થાય નહિ ને ધ્યાન-ભજનનું સુખ આવે નહિ; માટે દુઃખિયા રહે.

૩ **પ્ર૦** (૨/૩ બીજા પ્રશ્નમાં) વર્તમાનમાં થોડીઘણી કાચપ હોય તો પણ સત્સંગમાં નભ્યા જાય છે એમ કહ્યું તે કાચપ કેટલી જાણવી ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજને સર્વોપરી જેવા જાણ્યા જોઈએ તેવા જાણ્યા હોય પણ પંચવર્તમાન વિરુદ્ધ સંકલ્પ ટળી ગયા ન હોય તે કાચપ કહી છે, આનો ખુલાસો (**મ. ૧૩**ના અગિયારમા પ્રશ્નોત્તરમાં) કર્યો છે.

૪ **પ્ર૦** (૨/૪ના બીજા પ્રશ્નમાં) જેમ દેહને વિષે આત્મબુદ્ધિ છે તેમ અમારા સ્વરૂપની દઢતા સાક્ષાત્કાર જ્ઞાને યુક્ત હોય એમ કહ્યું તે સાક્ષાત્કાર દઢતા કેવી રીતે જાણવી ?

૪ **ઉ૦** જેમ દેહમાં જીવ રહ્યો છે તે દેહને વિષે એકત્વભાવ છે તેમ શ્રીજીમહારાજની મૂર્તિને વિષે એકત્વભાવ થાય, ને શ્રીજીમહારાજની મૂર્તિમાં સુખ ભોગવે તે શ્રીજીમહારાજની મૂર્તિની સાક્ષાત્કાર દઢતા કહેવાય, પણ એવી સ્થિતિ ક્યારે થાય તો પોતાને દેહથી પૃથક્ માનીને શ્રીજીમહારાજને આકારે થઈને મૂર્તિને ધારે તે મૂર્તિને ધારતાં ધારતાં મૂર્તિનો સાક્ષાત્કાર થાય, ને તે ભેળી જગતની વિસ્મૃતિ થઈ જાય ને એક શ્રીજીમહારાજને જ દેખે પણ બીજું કાંઈ દેખે જ નહિ પણ જગતની વિસ્મૃતિ થયા વિના ને મૂર્તિનો સાક્ષાત્કાર થયા વિના પાધરી જ ઉપર કહી એવી જે અનાદિમુક્તની સ્થિતિ તે થાય જ નહિ.

૫ **પ્ર૦** દેહમાં જીવાત્મા રહ્યો છે તે દેહને જ પુરુષોત્તમનું સ્વરૂપ માને જે આ પુરુષોત્તમનું જ સ્વરૂપ છે, ને દેહ તો છે જ નહિ, એમ માનીને એ દેહમાં રહ્યો થકો ધ્યાન કરે તે અનાદિમુક્તના જેવી સ્થિતિ કહેવાય કે નહિ ?

૫ **ઉ૦** એવી રીતે માનવાથી માયાનો સંબંધ ટળતો નથી, ને દેહ તો માયિક છે તે પુરુષોત્તમરૂપ માનવાથી પુરુષોત્તમરૂપ થતો નથી, ને એમ માનવાથી એવી સ્થિતિ કોટી કલ્પે પણ થાય નહિ, એમ માનનાર તો અસત્પુરુષ છે ને વેદાંતીથી પણ અતિ નીચ ને મલિન છે, કેમ જે વેદાંતી તો માયિક દેહનો નિષેધ કરીને સત્યરૂપ એવો જે આત્મા તેને બ્રહ્મ માને છે, ને આ તો અસત્ય ને મિથ્યા એવો જે દેહ તેને સત્ય માને છે, માટે વેદાંતીથી પણ અતિ પાપી ને દુષ્ટ છે. ને એ તો અસત્પુરુષની સમજણ છે એમ (**લો૦ ૧૧**ના પહેલા પ્રશ્નમાં) કહ્યું છે. ॥૩॥ **(૨૩૨)**

## વચનામૃત જેતલપુરનું - ૪

❖સંવત ૧૮૮૨ના ચૈત્ર સુદિ ૪ ચતુર્થીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી જેતલપુર મધ્યે મહોલને વિષે દક્ષિણાદા ગોખને વિષે ગાદી ઉપર તકિયાનું ઊઠીંગણ દઈને વિરાજમાન હતા ને મસ્તક ઉપર પુષ્પનો ખૂંપ તેણે યુક્ત શ્વેત પાઘ શોભતી હતી ને શ્વેત પુષ્પની પછેડી ઓઢી હતી ને કેસરે સહિત જે ચંદન તેણે કરીને સર્વ અંગ ચરચ્યાં હતાં, ને શ્વેત હીરકોરી ખેસ પહેર્યો હતો, ને કંઠને વિષે ગુલદાવદીના હાર પહેર્યા હતા, ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ સર્વે સભા પ્રત્યે એમ બોલ્યા જે, **(૧) જીવનું કલ્યાણ તો એટલા વડે જ છે, જે પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન ને તેની અખંડ સ્મૃતિ તેણે કરીને થાય છે,** કાં જે ભાગવતમાં એમ કહ્યું છે જે, કંસ, શિશુપાળ, દંતવક્ર આદ્યે દઈને જે નિંદક તેને અખંડ ભગવાનની સ્મૃતિ રહી તેણે કરીને કલ્યાણ થયું છે, માટે ભગવાનની નિરંતર સ્મૃતિ એ જ ભક્તિ છે. **(૧)** ત્યારે તમે કહેશો જે ભગવાન તો મળ્યા છે, ને તેમની સ્મૃતિ પણ નિરંતર **૧**

રહે છે તેને વર્તમાન પાળ્યાનું શું પ્રયોજન છે ? તો તેનું તો એમ છે જે એક તો વર્તમાન દૃઢ રાખે છે ને એક તો વર્તમાનમાં કસરવાળો છે, તે બેમાં ફેર કેટલો છે તે કહીએ જે સ્મૃતિ તો બેયને છે પણ નિયમ-ધર્મે રહિત છે તે પોતાનું કલ્યાણ કરે પણ બીજા જીવનું કલ્યાણ એથી થાય નહિ, ને એકાંતિક ભક્તિ પણ તે ન થાય, ને ભગવાનના નિર્ગુણ ધામને પણ
ન પામે ને જન્મ-મરણ રહિત તો થાય, ને તેથી સત્સંગમાં પણ ન બેસાય. **(૨)** અને **તમ** ૨
**જેવા સંત જે ધર્મ-નિયમે યુક્ત તેની તો વાત જ નોખી છે, તે કહીએ છીએ જે, તમને કોઈક ભાવે કરીને જમાડે તેને કોટી યજ્ઞનું પુણ્ય થાય, ને અંતે મોક્ષને પામે છે, અને તમારા ચરણનો કોઈ સ્પર્શ કરશે તેનાં કોટી જન્મનાં પાપ નાશ પામશે ને તમને ભાવે કરીને વસ્ત્ર ઓઢાડશે તેનું પણ પરમ કલ્યાણ થાશે, અને તમે જે જે નદી-તળાવને વિષે પગ બોળો છો તે તે સર્વે તીર્થરૂપ થાય છે, અને તમે જે વૃક્ષ તળે બેઠા હો ને જે જે વૃક્ષનું ફળ જમ્યા હો તે તે સર્વેનું રૂડું જ થાય છે, અને તમારા કોઈક ભાવે કરીને દર્શન કરે છે ને કોઈ તમને ભાવે કરીને નમસ્કાર કરે છે તેના પાપનો ક્ષય થાય છે, ને વળી તમે જેને ભગવાનની વાત કરો છો અને કોઈને ધર્મ સંબંધી નિયમ ધરાવો છો તેનો મોક્ષ થાય છે, ઈત્યાદિક જે ધર્મ-નિયમવાળા તમ જેવા સંત તેની સર્વે ક્રિયા કલ્યાણરૂપ છે,** શા સારુ જે પ્રત્યક્ષ શ્રી નારાયણ ઋષિનો તમને
દૃઢ આશરો છે, ને તે શ્રી નારાયણ ઋષિ તમારી સભામાં નિત્ય વિરાજે છે. **(૩)** અને વળી ૩
તમે કહેશો જે ભગવાનનો દૃઢ આશરો છે, ને માયિક ગુણ કેમ વ્યાપે છે ? તો તે કહીએ છીએ જે, ષડ્ઊર્મિએ રહિત ને માયિક ગુણે રહિત સર્વને કરવા તેમાં તો કાંઈ વાર નથી, અને અસંખ્ય જન્મની સ્મૃતિ થઈ આવે ને અનંત બ્રહ્માંડની ક્રિયાને જુએ એવા સર્વેને કરવા તેમાં તો કાંઈ વાર નહિ, પણ અમારી ઈચ્છાએ કરીને એમ તમને રાખ્યા છે ને તમારા સામર્થ્યને રૂંધી રાખ્યું છે, તે પ્રત્યક્ષ ભગવાનના સુખને અર્થે છે, ને બીજું શ્રી પુરુષોત્તમ તે જે તે આજ તમને સર્વને શ્રી નરનારાયણ ઋષિરૂપ થઈને મળ્યા છે. માટે નિઃસંશય થઈને
આનંદમાં ભજન કરજો. **(૪)** ૪

૨ તે સમે આશજીભાઈએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** હે મહારાજ ! વૈર ભાવે કરીને કલ્યાણ થાય છે તે કેમ થાય છે ? તે કહો. પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, દ્રુપદ રાજા હતો તેને દ્રૌપદી જે પોતાની પુત્રી તેને પરણાવવાં હતાં, તે સારુ સ્વયંવર રચ્યો હતો ત્યાં રાજા માત્રને તેડાવ્યા હતા, અને દ્રોણાચાર્ય પણ આવ્યા હતા, અને પાંડવ પણ આવ્યા હતા, પછી બીજા સર્વે રાજાએ મળીને મચ્છ વેંધવા માંડ્યો પણ કોઈથી મચ્છ ન વેંધાણો, ત્યારે યુધિષ્ઠિરે કહ્યું જે, હું મચ્છ વેંધું, એમ કહીને યુધિષ્ઠિરે સુરત બાંધી ત્યારે દ્રોણાચાર્યે કહ્યું જે, આ સભા દેખાય છે ? ત્યારે કહ્યું જે દેખાય છે, અને વળી કહ્યું જે તમારું શરીર દેખાય છે ? ત્યારે કહ્યું જે દેખાય છે, પછી દ્રોણાચાર્યે કહ્યું જે, તમથી મચ્છ નહિ વેંધાય, એવી રીતે ચાર ભાઈ થકી મચ્છ ન વેંધાણો, ત્યાર પછી અર્જુને ઊઠીને ધનુષ્ય લઈને સુરત બાંધી ત્યારે

દ્રોણાચાર્યે પૂછ્યું જે, આ સભાને દેખો છો ? ત્યારે અર્જુને કહ્યું જે સભા નથી દેખતો ને મચ્છ પણ નથી દેખતો અને મચ્છ ઉપર પક્ષી છે તેને દેખું છું. ત્યારે દ્રોણાચાર્યે કહ્યું જે, એના માથા સામી સુરત રાખો, ત્યારે અર્જુને સુરત બાંધીને કહ્યું જે પક્ષી નથી દેખતો, ને એકલું મસ્તક દેખું છું ત્યારે દ્રોણાચાર્યે કહ્યું જે હવે ઘા કરો ! ત્યારે અર્જુન મચ્છના મસ્તકને વેંધતા હવા. એવી રીતે જ્યારે વૃત્તિ એકાગ્ર થાય ત્યારે તે દ્વેષભાવ કલ્યાણકારી છે, જેમ શિશુપાળ તથા કંસ એ આદિકની શ્રીકૃષ્ણના સ્વરૂપને વિષે તદાકારવૃત્તિ થઈ ગઈ હતી, ત્યારે કલ્યાણ થયું એવી રીતનો દ્રોહ જો ન આવડે તો નારકી થાય, અને તે કરતાં ભક્તિ સુલભ છે. અને દ્રોહબુદ્ધિ રાખીને ભજે તેનું અસુર એવું નામ મટે જ નહિ, ને તે ભક્ત તો કહેવાય જ નહિ, માટે અસુરની રીત મેલીને જેને ધ્રુ, પ્રહ્‌લાદ, નારદ, સનકાદિકની પંક્તિમાં ભળવું હોય તેને તો ભક્તિએ કરીને ભગવાનને ભજવા તે અતિ શ્રેષ્ઠ છે. **(૫)** ઈતિ વચનામૃતમ્ ॥૪॥ **(૨૩૩)** ૫

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. પહેલું કૃપાવાક્ય છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે પ્રત્યક્ષ ભગવાન અમે તે અમારું દર્શન ને અમારી અખંડ સ્મૃતિ તેણે કરીને કલ્યાણ થાય છે, ને અમારી અખંડ સ્મૃતિ એ જ ભક્તિ છે. **(૧)** અને વર્તમાનમાં કસરવાળો અમારી અખંડ સ્મૃતિ રાખે તો પણ તેનાથી કોઈનું કલ્યાણ થાય નહિ, ને તે એકાંતિક ન થાય, ને અમારા ધામને ન પામે ને એનાથી સત્સંગમાં ન બેસાય. **(૨)** અને અમારી અખંડ સ્મૃતિએ યુક્ત ને યથાર્થ ધર્મ-નિયમવાળા તમ જેવા સંતનાં દર્શન, સ્પર્શ, સેવા, ઇત્યાદિક કરે તેનાં સર્વે પાપનો ક્ષય થાય છે, ને તમે જેને ધર્મ સંબંધી નિયમ ધરાવો છો તેનો મોક્ષ થાય છે, ને તમ જેવા ધર્મ-નિયમવાળા સંતની સર્વે ક્રિયા કલ્યાણકારી છે, કેમ જે પ્રત્યક્ષ શ્રી નરનારાયણ ઋષિ જે અમે તે તમારી સભામાં નિત્ય વિરાજીએ છીએ ને અમારો તમારે આશરો છે. **(૩)** અને તમારું ઐશ્વર્ય અમારું યથાર્થ સુખ આપવા સારુ અમે રોકી રાખ્યું છે. **(૪)** બીજામાં દ્રોહબુદ્ધિએ ભજે તે અસુર છે, ને ભક્તિએ ભજે તે મુક્ત થાય છે. **(૫)** બાબતો છે.

૧ **પ્ર૦** (૧/૨ પહેલા પ્રશ્નમાં) નિયમ-ધર્મે રહિત કેવળ શ્રીજીમહારાજની અખંડ સ્મૃતિવાળાનું કલ્યાણ કહ્યું તે કેવું થાય ?

૧ **ઉ૦** એનો ઉત્તર એ બાબતમાં જ છે કે એકાંતિક ન થાય ને નિર્ગુણ ધામને એટલે અક્ષરધામને ન પામે ને સત્સંગમાં ન બેસાય પણ સર્વ અવતારોના અવતારી ને સર્વોપરી એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમની અખંડ સ્મૃતિ હોય તે સ્મૃતિના પ્રતાપથી શ્રીજીમહારાજ એને જન્મમરણથી રહિત કરે ને માયાથી પર ઈશ્વરકોટીમાં મૂકે પછી ત્યાંથી પસ્તાવો પામીને મોક્ષની ઇચ્છા કરે ત્યારે તેને જ્યાં શ્રીજીમહારાજનો ને મુક્તોનો યોગ હોય ત્યાં લાવીને નિર્વાસનિક કરીને આત્યંતિક મોક્ષ કરે એટલે અક્ષરધામમાં લઈ જાય એવું શ્રીજીમહારાજે આ ઠેકાણે પોતાની અખંડ સ્મૃતિના પ્રતાપનું બળ દેખાડ્યું છે.

૨ **પ્ર૦** (૧/૩ પહેલા પ્રશ્નમાં) ધર્મ-નિયમે યુક્ત સંતની વાત નોખી છે એમ કહ્યું તે કેવા સંત જાણવા ?

૨ **ઉ૦** સ્ત્રી-દ્રવ્યાદિક માયિક પદાર્થનો કોઈ દિવસ સંકલ્પ જ થાય નહિ, ને ત્રણે અવસ્થામાં પંચવિષયનો અતિશે અભાવ વર્તે ને શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજી કોઈ પ્રકારની વાસના ન હોય, ને આત્માને વિષે શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર હોય તેવા જાણવા.

૩ **પ્ર૦** (૧/૪ પહેલા પ્રશ્નમાં) અમે તમારા સુખને અર્થે તમારા સામર્થ્યને રૂંધી રાખ્યું છે એમ કહ્યું તે સામર્થ્ય આપવાથી શ્રીજીમહારાજના સુખમાં શી ન્યૂનતા રહેતી હશે ?

૩ **ઉ૦** ષડ્ઊર્મિએ ને માયિક ગુણે રહિત થાય તથા અસંખ્ય જન્મની સ્મૃતિ થઈ આવે, અને અનંત બ્રહ્માંડની ક્રિયાને દેખે એવું ઐશ્વર્ય આવે તેમાં લોભાઈ જાય, ને એ ઐશ્વર્યમાં વધુ લગની થાય, તો શ્રીજીમહારાજને ભૂલી જાય ને કલ્યાણને રસ્તેથી બીજે ઐશ્વર્યને રસ્તે ચડી જાય, તો શ્રીજીમહારાજનું સુખ ન આવે એટલા સારુ સામર્થી રોકી રાખે છે, અને જો સામર્થી રોકી

ન રાખે તો તેમાં મોટપ માની બેસે ને મોટા મુક્તનું માહાત્મ્ય જાણીને તેમનો સમાગમ ને સેવા કરે નહિ, ને જીવનું બગડે તેથી નથી જણાવતા. ||૪|| **(૨૩૩)**

## વચનામૃત જેતલપુરનું - ૫

❖સંવત ૧૮૮૨ના ચૈત્ર સુદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી જેતલપુર મધ્યે મહોલની દક્ષિણાદિ કોરે જગ્યાની માંહી ચોકને વિષે ઉત્તરાદે મુખારવિંદે પાટ ઉપર વિરાજમાન હતા, ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને મસ્તક ઉપર ઝીણપોતી શ્વેત પાઘ ધરી રહ્યા હતા ને શ્વેત ઝીણી ચાદર ઓઢી હતી ને શ્વેત ધોતિયું પહેર્યું હતું અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને રાત દોઢ પહોર વીતી હતી.

૧ પછી શ્રીજીમહારાજ ઘડીક વિચારીને બોલ્યા જે, **(૧)** સર્વે સાંભળો, આજ તો અમારે જેમ છે તેમ વાત કરવી છે જે, ભગવાનને ભજવા એથી બીજી વાત મોટી નથી, કાં જે ભગવાનનું કર્યું સર્વે થાય છે, અને **આ સમે તો આ સભાનું કર્યું પણ થાય છે,** અને શ્રી નરનારાયણને પ્રતાપે કરીને અમારું કર્યું પણ થાય છે તે લ્યો, કહીએ જે જેવો અમે મનમાં ઘાટ કરીએ છીએ તેવો આ જગતને વિષે પ્રવર્તે છે અને જેમ ધારીએ છીએ તેમ થાય છે પણ ખરું, જે આને રાજ આવો તો તેને રાજ પણ આવે છે અને આનું રાજ્ય છે તે જાઓ તો તેનું જાય છે, અને ધારીએ જે આ પળે આટલો વરસાદ આંહીં થાઓ તો ત્યાં જરૂર થાય છે અને આંહીં ન થાઓ તો ત્યાં નથી થાતો, અને વળી ધારીએ જે આને ધન પ્રાપ્ત થાઓ તો તેને થાય છે ને આને ન થાઓ તો તેને થાતું નથી, અને આને દીકરો આવો તો તેને દીકરો આવે છે અને ધારીએ જે આને દીકરો ન આવો તો તેને આવતો જ નથી, અને આને રોગ થાઓ તો તેને રોગ પણ થાય છે અને આને રોગ ન થાઓ તો તેને રોગ નથી થાતો, એવી રીતે અમે ધારીએ છીએ તેમ થાય છે ખરું. ત્યારે તમે કહેશો જે સત્સંગીને સુખ-દુઃખ થાય છે અને રોગાદિક પ્રાપ્ત થાય છે ને કાંઈક ધન-સમૃદ્ધિની હાનિ થાય છે અને મહેનત કરીને મરી જાય છે તો ય પણ એ દરિદ્રી જેવો કેમ રહે છે ? તો એનું તો એમ છે જે **એને ભગવાન ભજ્યામાં જેટલી કસર છે તેટલી જ એને સર્વ ક્રિયાને વિષે બરકત થાતી નથી. અને ભગવાનને તો એનું સારું જ કરવું છે જે શૂળીનું દુઃખ હશે તે ભગવાન પોતાના આશ્રિત જનનું કાંટે કરીને ટાળતા હશે.** અને અમે તો એમ જાણીએ છીએ જે સત્સંગીને તો એક વીંછીની પીડા થાતી હોય તો અમને હજાર ગણી થાઓ, પણ તે પીડાથી તે હરિભક્ત રહિત થાઓ અને સુખિયા રહો, એમ અમે રામાનંદ સ્વામી આગળ બોલ્યા હતા, માટે અમારી તો નજર એવી છે જે સર્વેનું સારું થાઓ. અને ભગવાનને વિષે જીવના મનની વૃત્તિને રાખવાનો ઉપાય નિરંતર કરીએ છીએ તે શા સારુ જે અમે તો ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ ત્રણ કાળને વિષે સર્વે ક્રિયાને જાણીએ છીએ અને આંહીં બેઠાં છતાં પણ સર્વેને જાણીએ છીએ અને માતાના ઉદરને

વિષે હતા તે દિવસે પણ જાણતા હતા અને ઉદરને વિષે નહોતા આવ્યા તે દિવસે પણ જાણતા હતા, કેમ જે અમે તો ભગવાન જે શ્રી નરનારાયણ ઋષિ તે છીએ, અને મહાપાપવાળો જીવ હશે તે અમારે આશરે આવશે ને ધર્મ-નિયમમાં રહેશે તેને અમે અંતકાળે દર્શન દઈને ભગવાનનું જે અક્ષરધામ તેને પમાડીએ છીએ. અને હવે તે અક્ષરધામના પતિ શ્રી પુરુષોત્તમ જે તે **પ્રથમ** ધર્મદેવ થકી જે મૂર્તિ નામે દેવી, જેને ભક્તિ કહીએ તેને વિષે શ્રી નરનારાયણ ઋષિરૂપે પ્રગટ થઈને બદરિકાશ્રમને વિષે તપને કરતા હવા. અને તે શ્રી નરનારાયણ ઋષિ આ કળિયુગને વિષે પાખંડી મત તેનું ખંડન કરવા અને અધર્મના વંશનો નાશ કરવા અને ધર્મના વંશને પુષ્ટ કરવા ને ધર્મ, જ્ઞાન,વૈરાગ્ય તેણે સહિત જે ભક્તિ તેને પૃથ્વીને વિષે વિસ્તારવા સારુ શ્રી ધર્મદેવ થકી ભક્તિને વિષે નારાયણ મુનિરૂપે પ્રગટ થઈને આ સભાને વિષે વિરાજે છે તે જાણજ્યો. એમ કહીને પોતાના જનને અતિ મગ્ન કરતા હવા. અને વળી બોલ્યા જે, અમે વારે વારે શ્રી નરનારાયણ દેવનું મુખ્યપણું લાવીએ છીએ તેનું તો એ જ હારદ છે, જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ અક્ષરધામના ધામી શ્રી નરનારાયણ તે જ આ સભામાં નિત્ય વિરાજે છે તે સારુ મુખ્યપણું લાવીએ છીએ. અને તે સારુ અમે અમારું રૂપ જાણીને લાખો રૂપિયાનું ખર્ચ કરીને શિખરબંધ મંદિર શ્રી અમદાવાદમાં **પ્રથમ** કરાવીને શ્રી નરનારાયણની મૂર્તિઓ **પ્રથમ** પધરાવી છે. અને એ શ્રી નરનારાયણ તો અનંત બ્રહ્માંડના રાજા છે અને તેમાં પણ આ જે ભરતખંડ તેના તો વિશેષે રાજા છે. અને એ જે શ્રી નરનારાયણ તેને મેલીને આ ભરતખંડનાં મનુષ્ય બીજા દેવને ભજે છે, તે તો જેમ વ્યભિચારિણી સ્ત્રી હોય તે પોતાના ધણીને મેલીને બીજા જારને ભજે તેમ છે. અને શ્રી નરનારાયણ ભરતખંડના રાજા છે તે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે. અને અમે **આ સંત સહિત જીવોના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ, તે માટે તમે અમારું જો વચન માનશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં તમને સર્વેને તેડી જાશું, અને તમે પણ એમ જાણજ્યો જે અમારું કલ્યાણ થઈ ચૂક્યું છે. અને વળી અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો તો તમને મહા કષ્ટ કોઈક આવી પડશે તેથી અથવા સાતદકાળી જેવું પડશે તે થકી રક્ષા કરશું. અને કોઈએ ઊગર્યાનો આરો નથી એવું કષ્ટ આવી પડશે તો ય પણ રક્ષા કરશું, જો અમારા સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો, ને સત્સંગ રાખશો તો. અને નહિ રાખો તો મહા દુ:ખ પામશો તેમાં અમારે લેણા-દેણા નથી. (૧)** ને અમે તો આ સમે કોઈ વાતનું કાચું રાખ્યું નથી. ને જુઓને ! આ જેતલપુર ૧
ગામમાં અમે કેટલાય યજ્ઞ કર્યા, અને કેટલાંક વર્ષ થયાં આંહીં રહીએ છીએ. અને જુઓને ! આ તલાવને વિષે અમે સર્વે સંતે સહિત હજારો વાર નાહ્યા છીએ, અને આ જેતલપુર ગામમાં અમે ઘેર ઘેર સો સો વાર ફર્યા છીએ, અને ઘેર ઘેર ભોજન કર્યાં છે, ને આ ગામની સીમ ને ગામ તે વૃંદાવન કરતાં પણ વિશેષ રમણ સ્થળ કર્યું છે. **(૨)** એમ ૨
વાત મહારાજ કરે છે એટલાકમાં તો આકાશમાં **એક મોટો તેજનો ગોળો દેખાણો, અને તે**

**એક ગોળાના ત્રણ ગોળા થઈ ગયા, ને મહોલ ઉપર ઘડીક આકાશમાં દેખાઈને અદશ્ય થઈ ગયા.** ત્યારે સૌએ કહ્યું જે, હે મહારાજ ! એ શું હતું ? ત્યારે મહારાજે કહ્યું જે, બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ ત્રણે દેવ નિત્ય આ સંતની સભાનાં ને અમારાં દર્શન કરવા આવે છે, પણ આજ તો વિમાને સોતા હરિઈચ્છાએ કરીને દેખાણા. **(૩)** ઈતિ વચનામૃતમ્ ॥૫॥ **(૨૩૪)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, સર્વ સાધન કરવાથી અમને ભજવા એ મોટી વાત છે. ને અમારું જ કર્યું સર્વે થાય છે ને અમારે પ્રતાપે કરીને આ સભાનું કર્યું પણ થાય છે અને અમને ભજ્યામાં કસર રહે તેટલી બરકત થતી નથી અને અમે તો અમારા સત્સંગીને સર્વ પીડાથી રહિત કરીએ છીએ અને આંહીં બેઠા થકા સર્વેને જાણીએ છીએ અને અમે ભગવાન છીએ અને મહાપાપી જીવ અમારે આશરે આવીને ધર્મ-નિયમમાં રહે તેને અમારું અક્ષરધામ પમાડીએ છીએ. અને અમે પાખંડી મતનું ખંડન કરવા, ને અધર્મના વંશનો નાશ કરવા ને ધર્મના વંશને પુષ્ટ કરવા ને ધર્માદિક અંગે સહિત ભક્તિને પૃથ્વીને વિષે વિસ્તારવા, ધર્મભક્તિ થકી પ્રગટ થઈને આ સભાને વિષે વિરાજીએ છીએ અને અમને મેલીને બીજા દેવને ભજે તે જારને ભજે તેમ છે. અને અમે આ અમારા સંત સહિત જીવોના કલ્યાણ કરવાને અર્થે પ્રગટ થયા છીએ તે અમારા વચનમાં રહેશો તો અમારા ધામમાં તેડી જાશું અને તમે પણ તમારું કલ્યાણ થયું છે એમ જાણજો. અને અમારો દઢ વિશ્વાસ રાખશો ને અમે કહીએ તેમ કરશો તો ઊગર્યાનો આરો નહિ હોય એવા કષ્ટમાં પણ રક્ષા કરશું. ને સત્સંગ નહિ રાખો ને નિયમ નહિ પાળો તો અમારે-તમારે લેવા-દેવા નથી. **(૧)** અને આ જેતલપુર ગામ તથા સરોવર તથા સીમ જેવું રમણ સ્થળ કર્યું છે તેવું કોઈ કર્યું નથી. **(૨)** અને આ દેવો નિત્યે અમારાં ને આ સભાનાં દર્શન કરવા આવે છે, એવી રીતે સભાની પ્રશંસા કરી છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં અમે કરીએ તે થાય છે અને (**પ્ર૦** ૮માં ૨/૪ બીજા પ્રશ્નમાં) અમને દીકરો આપતાં કે મૂઆને જીવતો કરતાં નથી આવડતું એમ કહ્યું તે કઈ રીતે સમજવું ?

૧ **ઉ૦** કોઈને દીકરો આપવો કે મૂઆને જીવતો કરવો એ અમને ને અમારા મુક્તને પ્રિય નથી એમ કહ્યું છે, પણ એ કામ ન કરી શકીએ એમ નથી કહ્યું.

૨ **પ્ર૦** અક્ષરધામના પતિ શ્રી પુરુષોત્તમ તે પ્રથમ ધર્મદેવ થકી ભક્તિને વિષે શ્રી નરનારાયણ ઋષિરૂપે પ્રગટ થઈને બદરિકાશ્રમને વિષે તપ કરતા હવા તે જ નરનારાયણ ધર્મદેવ થકી ભક્તિને વિષે પ્રગટ થઈને આ સભાને વિષે બિરાજે છે એમ શ્રીજીમહારાજે કહ્યું અને (**છે૦ ૨** માં) શ્વેતદ્વીપ, ગોલોક, વૈકુંઠ, બદરિકાશ્રમની સભાથી આ સત્સંગીની સભા અધિક છે એમ સમ ખાઈને પોતે કહ્યું છે, માટે એમ જોતાં તો બદરિકાશ્રમને વિષે નરનારાયણ રહ્યા છે તેથી શ્રીજીમહારાજ અતિશે મોટા થયા અને જો બદરિકાશ્રમમાં નરનારાયણ છે તે જ શ્રીજીમહારાજ હોય તો તો આ સભા ને બદરિકાશ્રમની સભા તે સરખી હોવી જોઈએ માટે તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** બદરિકાશ્રમને વિષે નરનારાયણ રહ્યા છે તે નરનારાયણને વિષે શ્રીજીમહારાજ અંતર્યામીરૂપે રહ્યા છે માટે નરનારાયણરૂપે રહ્યા છે એમ કહેવાય. માટે અક્ષરધામના પતિ જે શ્રીજીમહારાજ તે નરનારાયણરૂપે એટલે નરનારાયણદ્વારે બદરિકાશ્રમમાં રહ્યા છે પણ જેમ અક્ષરધામમાં પોતે સ્વયં વિરાજમાન છે તેમ નથી રહ્યા, માટે નરનારાયણથી જુદા છે ને પર છે ને કારણ છે. અને નરનારાયણ ઋષિ ધર્મભક્તિ થકી પ્રગટ થઈને આ સભામાં વિરાજે છે એમ કહ્યું તે તો નરનારાયણના શાપ નિમિત્તે પોતે પધાર્યા તેથી કહ્યું છે. અને અમે અમારું રૂપ જાણીને શ્રીનરનારાયણની મૂર્તિઓ પ્રથમ પધરાવી છે એમ શ્રીજીમહારાજે કહ્યું તે મતવાદીઓને પોતે સંકલ્પે કરીને એ રૂપે દેખાયા હતા તે રૂપ પધરાવ્યાં છે એમ જાણવું અને નરનારાયણને ભજવાનું કહ્યું છે તે પણ પોતાને જ ભજવાનું કહ્યું છે.

૩ **પ્ર૦** બીજી બાબતમાં આ જેતલપુર ગામની સીમ ને ગામ તે વૃંદાવન કરતાં પણ વિશેષ રમણ સ્થળ કર્યું છે એમ કહ્યું તે વૃંદાવનમાં તો શ્રીકૃષ્ણ ભગવાન રહ્યા હતા તે વૃંદાવનથી તો જેતલપુર વિશેષ હોય જ માટે વૃંદાવનથી વિશેષ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૩ **ઉ૦** જેમ શ્રીકૃષ્ણ ભગવાને ગોકુળ, મથુરા આદિકથી વૃંદાવનને વિષે અધિક લીલા કરી હતી તેમ શ્રીજીમહારાજે સર્વ ધામ

થકી જેતલપુર ધામમાં વિશેષ લીલા કરી છે ને વિશેષ રહ્યા છે ને મોટા મોટા યજ્ઞ કર્યા છે, માટે સર્વ ધામથી વિશેષ કહ્યું છે ॥૫॥ (૨૩૪)

**ઇતિ શ્રી કચ્છદેશે વૃષપુરનિવાસી અનાદિમુક્તરાજ શ્રી અબજીભાઈ વિરચિત સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મુખકમળ નિઃસૃત વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકાયાં જેતલપુર પ્રકરણં સમાપ્તમ્.**

# અથ વચનામૃત ગઢડા છેલ્લું પ્રકરણમ્

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૧

❖સંવત ૧૮૮૨ના વૈશાખ વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના ફળિયાની માંહેલી કોરે આથમણે બાર ઓરડાની ઊંચી ઓસરીએ ગાદી-તકિયે યુક્ત જે સુંદર રંગત ઢોલિયો તે ઉપર વિરાજમાન હતા, ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને મસ્તકને વિષે જે મોટી શ્વેત પાઘ તેમાં સુંદર મોગરાના પુષ્પનો તોરો વિરાજમાન હતો, અને કંઠને વિષે મોગરાના પુષ્પનો હાર વિરાજમાન હતો ને બે હાથને વિષે તે પુષ્પના ગજરા વિરાજમાન હતા, અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે પરમહંસને પૂછ્યું જે, **(૧)** પરમેશ્વરના ભક્તને ભૂંડા દેશકાળાદિકનો યોગ થાય તો ય પણ ભગવાનની ભક્તિમાં વિઘ્ન થાય નહિ એવી શી સમજણ છે ? પછી પરમહંસને જેવું સમજાણું તેવું કહ્યું, પણ યથાર્થ ઉત્તર થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે ભગવાનને ભજે તેને એક તો **દૃઢ વૈરાગ્ય** જોઈએ ને બીજી **આત્મનિષ્ઠા** જોઈએ. તેમાં જો વૈરાગ્ય ન હોય તો જ્યારે મનગમતું પદાર્થ મળે ત્યારે જેમ ભગવાનમાં પ્રીતિ કરે છે તેમ બીજા પદાર્થમાં પણ ભગવાનના જેવી પ્રીતિ થઈ જાય. અને જો આત્મનિષ્ઠા ન હોય તો જ્યારે દેહમાં સુખ-દુઃખ આવે ત્યારે એ ભક્તની વૃત્તિ ચૂંથાઈ જાય, પછી જેને સુખદાયી જાણે તેમાં પ્રીતિ કરે અને જેને દુઃખદાયી જાણે તે સાથે દ્વેષ કરે. એવી રીતે એની ભ્રષ્ટ બુદ્ધિ થઈ જાય, માટે ભગવાનના ભક્તને આત્મનિષ્ઠા ને વૈરાગ્ય એ બેય અતિશે દૃઢ જોઈએ. તે શા સારુ જે વૈરાગ્યે કરીને તો ભગવાનની મૂર્તિ વિના બીજા માયિક આકાર માત્ર ખોટા થઈ જાય છે, અને આત્મનિષ્ઠાએ કરીને માયિક જે સુખ ને દુઃખ તે ખોટાં થઈ જાય છે. અને જેને વૈરાગ્ય ને આત્મનિષ્ઠા ન હોય તેને તો નિર્વિકલ્પ સમાધિ થઈ હોય તો પણ જ્યાં સુધી સમાધિમાં રહે ત્યાં સુધી સુખ-શાન્તિ રહે, અને જ્યારે સમાધિમાંથી બહાર નીસરે ત્યારે
નારાયણદાસની પેઠે સારાં પદાર્થને જોઈને ચાળા ચૂંથવા માંડે, **(૧)** અને વળી જે ભગવાનના ૧
ભક્ત હોય તેને તો ભગવાનને વિષે **જ્ઞાનનું અંગ** હોય ને કાં તો **હેતનું અંગ** હોય. તેમાં જેને જ્ઞાનનું અંગ હોય તે તો ભગવાનનું અતિશે માહાત્મ્ય સમજે. અને જેને હેતનું અંગ હોય તેને તો ભગવાન વિના અર્ધ ઘડી પણ ચાલે નહિ. તે જ્ઞાનના અંગવાળા તો ઝીણોભાઈ, દેવરામ ને પ્રભાશંકર એ છે. એવી રીતે જે હરિભક્ત ભગવાનનું માહાત્મ્ય જાણે તેને જ્ઞાનના અંગવાળા જાણવા. અને જેવું વ્રજની ગોપીઓને ભગવાનને વિષે હેત હતું તેવી રીતના જે હરિભક્ત હોય તેને હેતનું અંગ જાણવું. અને જેને જ્ઞાનનું અંગ હોય તે ભગવાનને અંતર્યામી જાણે, ને એમ જાણે જે ભગવાન તે કોઈનું કહ્યું સાંભળે જ નહિ, ને ભગવાન તો જે ભક્તનું

જેવું અંગ હોય તેને તેવું જાણીને તેવી રીતે કહે છે, પણ કોઈની શિખામણે કરીને ચાલતા નથી. અને **જે એમ જાણે જે ભગવાન તો કોઈકના શીખવ્યા થકા હુંમાં વાંક નથી તો ય પણ મુને કહે છે તેને તો ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જ નથી.** અને આ સંસારમાં પણ જે મનુષ્યને જે સંગાથે સ્વાર્થ હોય તેનો તે કોઈ રીતે અવગુણ લે નહિ, શા માટે જે એને પોતાના સ્વાર્થનું હેત છે તો જેણે ભગવાન સાથે જન્મ-મરણના ભય થકી છૂટવાનો સ્વાર્થ જાણ્યો હોય, તેને કોઈ રીતે ભગવાનનો અવગુણ આવે નહિ. અને જે એમ જાણે જે ભગવાન તો કોઈકના ફેરવ્યા ફરી જાય છે, એમ સમજીને જે ભગવાનનો અવગુણ લે તેને તો જ્ઞાનનું અંગ પણ નથી અને હેતનું અંગ પણ નથી. એવી રીતે કહીને શ્રીજીમહારાજે મોટા મોટા પરમહંસને કહ્યું જે, તમે તમારું એ બેમાંથી જે અંગ હોય તે કહો. પછી સર્વે પરમહંસે કહ્યું જે, અમારે તો જ્ઞાનનું અંગ છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને હેતનું અંગ હોય તેને તો પોતાના જે પ્રીતમ તેને અર્થે જે ન કરવાનું હોય તે પણ થાય, કેમ જે આ સંસારને વિષે જે ચોર હોય તેને પોતપોતાની સ્ત્રી ને છોકરાં તેને વિષે હેત હોય છે. તે જ્યારે ચોરી કરવા જાય ત્યારે બીજા માણસને મારીને પોતાના ઘરના માણસને દ્રવ્ય આપે છે. ને એ ચોર ઘણો નિર્દય છે, પણ પોતાના કુટુંબી ઉપર હેત છે તો તે સંગાથે નિર્દય નથી થાતો. તેમ **જેને ભગવાન કે ભગવાનના ભક્ત સંગાથે હેત હોય તેને ભગવાન કે ભગવાનના ભક્ત ઉપર ક્રોધ કે ઈર્ષ્યા આવે જ નહિ અને અવગુણ પણ કોઈ રીતે આવે જ નહિ. એવું જેને હોય તેને હેતનું અંગ કહીએ. અને જેને જ્ઞાન કે હેત એ બેમાંથી એકેય અંગ નથી તેને ચાળાચૂંથણો કહીએ. (૨)** ૨
એટલી વાર્તા કહીને શ્રીજીમહારાજ પોતાના ઉતારામાં પધાર્યા. પછી તે જ દિવસ સાંઝને સમે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ગાદી-તકિયા બિછાવેલ ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે મોગરાનાં પુષ્પનો હાર પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને પોતાની આગળ સાધુ દુકડ-સરોદા બજાવીને કીર્તન ગાતા હતા.

૨ તે કીર્તન-ભક્તિ જ્યારે કરી રહ્યા ત્યારે શ્રીજીમહારાજે એમ આજ્ઞા કરી જે, **(૨) અમારી લખેલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી, સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ, સર્વે તેને નિત્ય કરવો. અને જેને ભણતાં ન આવડતું હોય તેને નિત્યે શ્રવણ કરવું. અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને નિત્યે શિક્ષાપત્રીની પૂજા કરવી, એવી રીતે અમે શિક્ષાપત્રીમાં જ લખ્યું છે, માટે એ ત્રણમાંથી જેને ફેર પડે તેને એક ઉપવાસ કરવો એમ અમારી આજ્ઞા છે.** એવી રીતની જે શ્રીજીમહારાજની આજ્ઞા તેને પાળવાનો નિયમ એ સર્વેએ ધાર્યો જે, હે મહારાજ ! જેમ તમે કહો છો તેમ અમે સર્વ પાળીશું. તેને સાંભળીનેશ્રીજીમહારાજ અતિશે પ્રસન્ન થઈને સર્વે સાધુને ને સર્વે બ્રહ્મચારીને મળતા હવા અને સર્વે સત્સંગીના હૃદયને

વિષે પોતાનાં ચરણારવિંદ આપતા હવા. **(૩)** ઈતિ વચનામૃતમ્ **॥૧॥ (૨૩૫)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. બીજું કૃપાવાક્ય છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે વૈરાગ્ય ન હોય તો બીજા મનગમતા પદાર્થમાં અમારા જેવી પ્રીતિ થઈ જાય, ને આત્મનિષ્ઠા ન હોય તો દૈહિક સુખ-દુઃખમાં વૃત્તિ ચૂંથાઈ જાય. અને વૈરાગ્યે કરીને અમારી મૂર્તિ વિના બીજા માયિક આકાર ખોટા થઈ જાય છે. અને આત્મનિષ્ઠાએ કરીને માયિક સુખ-દુઃખ ખોટાં થઈ જાય છે. અને આત્મનિષ્ઠા ન હોય તો સમાધિમાંથી બહાર આવે ત્યારે ચાળા ચૂંથવા માંડે. **(૧)** અને જ્ઞાનના અંગવાળાને અમારું અતિશે માહાત્મ્ય સમજાય ને અમને અંતર્યામી જાણે ને હેતના અંગવાળાથી અમારા વિના રહેવાય નહિ ને અમારે અર્થે ન કરવાનું પણ કરે ને એ બેમાંથી એકેય અંગ ન હોય તે ચાળાચૂંથણો છે. **(૨)** અને બીજામાં શિક્ષાપત્રી વાંચવી ને વાંચતાં ન આવડે તેણે સાંભળવી અને સંભળાવનાર ન હોય તો પૂજા કરવી. તેમાંથી ફેર પડે તેને એક ઉપવાસ કરવો એમ કહ્યું છે. **(૩)** બાબતો છે. **॥૧॥ (૨૩૫)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૨

❖સંવત ૧૮૮૨ના જ્યેષ્ઠ સુદિ ૬ છઠને દિવસ સાંઝને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરના ફળિયાને વિષે બાજોઠ ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર શ્યામ છેડાની ધોળી પાઘ બાંધી હતી અને શ્વેત ચાદર ઓઢી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો અને પાઘને વિષે મોગરાનાં પુષ્પનો તોરો ખોસ્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** જગતને નાશવંત દેખે છે અને દેહને મૂકીને ચૈતન્ય જુદો થઈ જાય છે, તેને પણ દેખે છે તો પણ આ જીવને જગતનું પ્રધાનપણું હૈયામાંથી મટતું નથી. અને પરમેશ્વરને સર્વ પ્રકારે સુખના સિંધુ જાણે છે તો પણ પરમેશ્વરમાં જીવનું ચિત્ત ચોટતું નથી, તેમ સત્સંગ પણ એના હૃદયમાં મુખ્ય થાતો નથી, અને ધન, સ્ત્રી આદિક જે સાંસારિક પદાર્થ તેમાંથી પ્રીતિ મટતી નથી તેનું શું કારણ હશે ? પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, જીવના હૃદયમાં વૈરાગ્ય નથી તેણે કરીને જગતનું પ્રધાનપણું મટતું નથી ને ભગવાનમાં પ્રીતિ થાતી નથી. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, વૈરાગ્યની ન્યૂનતા છે એ તો વાત સાચી; પણ અમને તો એમ ભાસે છે જે, **જેને સત્સંગ થાતાં વાંત જેવું અંગ બંધાઈ જાય છે તેવું ને તેવું જ સદાય રહે છે, પણ તે વિના બીજું થાતું નથી** અને સત્સંગે કરીને તે અંગની પુષ્ટિ તો થાય પણ અંગ તો તેનું તે જ રહે છે અને જ્યારે જેને જે અંગ બંધાય છે ત્યારે અંગ બંધાતાં વાંત એનું ચિત્ત વિભ્રાંત જેવું થઈ જાય છે. જેમ કામી હોય તેનું ચિત્ત કામે કરીને વિભ્રાંત થાય, ને જેમ ક્રોધી હોયે તેનું ચિત્ત ક્રોધે કરીને વિભ્રાંત થાય, ને જેમ લોભી હોય તેનું ચિત્ત લોભે કરીને વિભ્રાંત થાય, તેમ એનું ચિત્ત અંગ બંધાતાં વાંત વિભ્રાંત થઈ જાય છે, પછી તે વિભ્રાંતિમાં જેવું અંગ બંધાય તેવું અંગ રહે છે. માટે જે સમજુ હોય તેને પોતાનું જે અંગ હોય તેને ઓળખી રાખ્યું જોઈએ, તે જ્યારે કામ-ક્રોધાદિકે કરીને પોતાને વિક્ષેપ થાતો હોય ત્યારે પોતાના અંગનો વિચાર કરે તો તે કામાદિક ક્ષીણ પડી જાય. જેમ

કોઈક ગૃહસ્થ હોય તેને પોતાની માતા, બોન અથવા દીકરી અતિ રૂપવાન હોય તેને જોઈને જો ભૂંડો ઘાટ થઈ જાય તો પછી તેની કેવી દાઝ થાય ? તેવી દાઝ જ્યારે સત્સંગ વિના બીજું પદાર્થ પ્રધાન થાય ત્યારે થઈ જોઈએ. અને જ્યારે એવી દાઝ અયોગ્ય પદાર્થના સંકલ્પને દેખીને ન થાય તેના હૃદયમાં તો સત્સંગ પણ પ્રધાન ન રહે. અને **સર્વે સાધનનું ફળરૂપ તો આ સત્સંગ છે,** તે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રત્યે એકાદશ સ્કંધમાં કહ્યું છે જે, અષ્ટાંગ યોગ તથા સાંખ્યવિચાર, તથા શાસ્ત્રપઠન તથા તપ, ત્યાગ, યજ્ઞ ને વ્રતાદિકે કરીને હું તેવો વશ થાતો નથી જેવો સત્સંગે કરીને વશ થાઉં છું, માટે અમને તો એમ ભાસે છે જે, પૂર્વજન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરુષને યોગે કરીને થયો હશે. અને આજ પણ જેને જેને સંસ્કાર થાય છે તે સત્પુરુષને યોગે કરીને જ થાય છે. **માટે એવા સત્પુરુષનો સંગ પ્રાપ્ત થયો છે, તો પણ જેને જેમ છે તેમ સમજાતું નથી તેને અતિશે મંદબુદ્ધિવાળો જાણવો. (૧)** શા માટે જે **જેવી** ૧
**શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક-વૈકુંઠલોકને વિષે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વ હરિભક્તને અતિશે પ્રકાશે યુક્ત દેખું છું, એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે.** તે સમ શા સારુ ખાવા પડે છે જે સર્વને એવું અલૌકિકપણું સમજાતું નથી અને દેખવામાં પણ આવતું નથી, તે સારુ સમ ખાવા પડે છે. અને બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે જે **જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે દૃઢપણે પ્રતીતિ થાતી નથી. તે શ્રુતિમાં કહ્યું છે જે, જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે, અને જ્યારે આવો સંત-સમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે, માટે જેને પરમપદ કહીએ; મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે.** અને આ વાર્તા જે કહી તે જણાય છે તો જાડી જેવી પણ એ તો અતિશે ઝીણી છે. તે જે એવી રીતે વર્તતો હોય તેને એમ સમજાય જે એ વાર્તા અતિ ઝીણી છે ને બીજાને તો સમજ્યામાં પણ આવે નહિ એવી અતિશે ઝીણી વાર્તા છે, એમ વાર્તા કરીને શ્રીજીમહારાજ જય સચ્ચિદાનંદ કહીને પોતાના ઉતારામાં પધાર્યા. **(૨)** ઈતિ વચનામૃતમ્ **॥૨॥ (૨૩૬)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે સત્સંગ થાતાં જેવું અંગ બંધાય છે તે અંગ સદા રહે છે અને અયોગ્ય પદાર્થના સંકલ્પે કરીને દાઝ ન થાય તેને સત્સંગ પ્રધાન રહે નહિ અને સત્પુરુષને યોગે કરીને સંસ્કાર થાય છે, માટે સત્પુરુષને યોગે પણ જેમ છે તેમ ન સમજે તે અતિશે મંદ બુદ્ધિવાળો છે. **(૧)** અને સર્વે ધામોની સભાથી આ સત્સંગીની સભા અધિક છે ને આ સત્સંગ બ્રહ્માદિકને પણ દુર્લભ છે, ને જેવી પરોક્ષ એટલે અક્ષરધામમાં અમે દિવ્ય સ્વરૂપે વિરાજમાન છીએ તેમાં પ્રતીતિ એટલે દિવ્યભાવનો દૃઢ વિશ્વાસ છે તેવો જ આ પ્રત્યક્ષ મનુષ્યરૂપે દેખાતા જે અમે તેમાં દિવ્યભાવ નથી આવતો, ને આ મૂર્તિ ને અક્ષરધામમાં મૂર્તિ તે એક જ છે એમ સમજાતું નથી, એ જ અમારા વિના બીજે હેત રહેવાનું કારણ છે, અને જો પરોક્ષના જેવી જ પ્રત્યક્ષને વિષે પ્રતીતિ આવે તો છતે દેહે જ મોક્ષને પામી રહ્યો છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં સત્સંગ થાતાં જેવું અંગ બંધાય છે તેવું સદાય રહે છે એમ કહ્યું તે સત્સંગનો અર્થ શો હશે ?

૧ **ઉ૦** સત્ રૂપ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા તેમની મૂર્તિના સુખભોક્તા ને તેમની આજ્ઞામાં વર્તનારા એવા સત્પુરુષ તથા શ્રીજીમહારાજે વર્ણન કરેલો એવો તેમનો ધર્મ, તથા એ ત્રણેનું જેમાં વર્ણન છે એવાં વચનામૃત તથા સત્સંગીજીવન આદિક શાસ્ત્ર, એ ચારનો સંગ તેનું નામ સત્સંગ કહેવાય.

૨ **પ્ર૦** પહેલી બાબતમાં અંગ બંધાતાં ચિત્ત વિભ્રાંત જેવું થઈ જાય છે એમ કહ્યું તે વિભ્રાંત કેવી રીતે થતું હશે ?

૨ **ઉ૦** જ્યારે સંતનો સમાગમ કરે ત્યારે કોઈક પાસેથી જ્ઞાનની વાત સાંભળે, ને કોઈક પાસેથી વૈરાગ્યની વાત સાંભળે, ને કોઈક પાસેથી ધર્મની ને કોઈક પાસેથી ભક્તિની, એમ નોખી નોખી વાતો સાંભળે ત્યારે સંશય થાય જે કોની વાત સાચી હશે ? અને કિયું અંગ બાંધીએ તો મોક્ષ થાય ? એમ ભ્રાંતિ રહ્યા કરે પછી તેમાંથી જે અંગની દૃઢતા થાય તે અંગ બંધાય માટે અંગ બંધાયા પહેલાં સંશયવત્ થાય તે વિભ્રાંતિ જાણવી.

૩ **પ્ર૦** કામ-ક્રોધાદિકે કરીને વિક્ષેપ થાય ત્યારે પોતાના અંગનો વિચાર કરે તો તે કામાદિક ક્ષીણ પડી જાય એમ કહ્યું તે અંગ કિયું જાણવું ?

૩ **ઉ૦** જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, ભક્તિ આદિક અંગ છે તેમાંનું જે અંગ પોતાને હોય તે અંગનો વિચાર કરે તો કામાદિક જિતાય એમ કહ્યું છે.

૪ **પ્ર૦** જ્ઞાન-વૈરાગ્યાદિક અંગનો વિચાર કેવી રીતે કરવો ?

૪ **ઉ૦** જ્ઞાનના અંગવાળાને કામ, ક્રોધ, લોભાદિકનો સંકલ્પ થાય ત્યારે એમ વિચાર કરે જે સર્વ સુખમય મૂર્તિ ને સર્વોપરી એવા શ્રીજીમહારાજને મૂકીને અતિ તુચ્છ, નાશવંત ને દુઃખરૂપ માયિક પદાર્થમાં જો હું પ્રવર્તીશ તો શ્રીજીમહારાજ કુરાજી થશે ને મોક્ષમાં વિઘ્ન પડશે ને મારે માથે જન્મ-મરણ રહેશે ને મહાદુઃખિયો થઈશ, એમ પશ્ચાત્તાપ કરીને સંકલ્પને ટાળી નાખે અને વૈરાગ્યના અંગવાળાને કામ, ક્રોધ, લોભાદિકનો સંકલ્પ થાય ત્યારે તે નાશવંત ને તુચ્છ પદાર્થમાં પ્રીતિ કરવા જેવું નથી એમ વિચારીને સંકલ્પને ટાળી નાખે. અને ધર્મવાળાને શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ થાય ત્યારે એમ વિચારે જે આ સંકલ્પ પ્રમાણે હું પ્રવર્તીશ તો જન્મ, મરણ ને ગર્ભવાસ ને યમયાતનાનાં દુઃખ ભોગવવાં પડશે એમ વિચારીને આજ્ઞા વિરુદ્ધ સંકલ્પને ટાળી નાખે. અને ભક્તિ તેટલે પ્રીતિના અંગવાળાને શ્રીજીમહારાજ વિના બીજો સંકલ્પ થાય તો તેને વસમું લાગે જે આવા મોટા ભગવાનને મૂકીને મને આવો તુચ્છ ઘાટ થાય તે ઠીક નહિ એમ વિચારે તો કામાદિકના ઘાટ ટળી જાય.

૫ **પ્ર૦** સર્વે સાધનનું ફળરૂપ આ સત્સંગ કહ્યો તે ફળરૂપ કેવી રીતે સમજવો ?

૫ **ઉ૦** સમગ્ર સાધન તથા ભક્તિનું ફળ જેવું આ સત્સંગમાં મળે છે તેવું બીજા કોઈ સંગથી મળતું નથી એવો શ્રીજીમહારાજનો ને એમના અનાદિ તથા પરમએકાંતિક મુક્તનો સંગ મળ્યો છે તે આત્યંતિક કલ્યાણરૂપી ફળ આપે છે તેવું બીજાથી મળતું નથી એમ કહ્યું છે.

૬ **પ્ર૦** બીજી બાબતમાં શ્વેતદ્વીપ, ગોલોક, વૈકુંઠ તથા બદરિકાશ્રમની સભાઓથી આ સત્સંગીની સભાને અધિક કહી, અને વળી પછીથી બ્રહ્માદિકને પણ આ સત્સંગ દુર્લભ છે એમ કહ્યું તે બ્રહ્માથી તો વૈકુંઠની સભા અધિક છે ને તેથી ગોલોકની અધિક છે ને તેથી બદરિકાશ્રમની અધિક છે ને તેથી શ્વેતદ્વીપની અધિક છે તે સર્વેને આ સત્સંગ દુર્લભ છે તો બ્રહ્માને તો દુર્લભ હોય જ, માટે બ્રહ્માદિકને દુર્લભ કહેવાની તો કાંઈ જરૂર રહી નહિ, માટે તેને દુર્લભ છે એમ કહેવાનો શો હેતુ હશે ?

૬ **ઉ૦** આ ઠેકાણે મૂળઅક્ષરને બ્રહ્મા નામે કહ્યા છે તે મૂળઅક્ષરને પણ આ સત્સંગ દુર્લભ છે તો તેના મુક્તને તથા શ્વેતદ્વીપપતિ વાસુદેવાદિકને તથા તેમના મુક્તોને દુર્લભ હોય તેમાં શું કહેવું ? એમ કહ્યું છે.

૭ **પ્ર૦** જેવી પરોક્ષ દેવને વિષે પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તે સર્વે અર્થ પ્રાપ્ત થાય છે, એમ કહ્યું તે પરોક્ષ દેવ કિયા સમજવા ને પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ કિયા સમજવા ?

૭ **ઉ૦** શ્રીજીમહારાજ અક્ષરધામમાં રહ્યા છે તે પરોક્ષ જાણવા અને આંહીં દર્શન આપે છે તે પ્રત્યક્ષ જાણવા ને શ્રીજીમહારાજ

પોતે ત્યાગી-ગૃહીના ગુરુપણે વર્ત્યા તેથી એમ કહ્યું જે અમે તમારા ગુરુરૂપે છીએ, પણ અમે પોતે હરિ એટલે ભગવાન છીએ, માટે અમને પ્રત્યક્ષ ભગવાન જાણીને અમારે વિષે પ્રતીતિ લાવો એમ કહ્યું છે એમ ગુરુરૂપ હરિ કહ્યા છે, પણ સત્પુરુષ જે ગુરુ તેમને હરિ એટલે ભગવાન જાણવા એમ નથી કહ્યું.

૮ **પ્ર૦** આ વાર્તા જાડી જેવી જણાય છે, પણ અતિશે ઝીણી છે એમ કહ્યું તે કેવી રીતે સમજે તો જાડી કહેવાય ને કેવી રીતે સમજે તો ઝીણી કહેવાય ?

૮ **ઉ૦** જેવી પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે પ્રતીતિ આવે તો સર્વ અર્થ પ્રાપ્ત થાય એમ કહ્યું તે પરોક્ષ અવતાર થઈ ગયા એવા શ્રીજીમહારાજને સમજે તે જાડી વાત કહેવાય અને અક્ષરધામમાં શ્રીજીમહારાજ દિવ્ય તેજોમય મૂર્તિ વિરાજે છે તે પરોક્ષ છે તેવા ને તેવા જ આંહીં મનુષ્યરૂપે અથવા પ્રતિમારૂપે દર્શન આપે છે તે પ્રત્યક્ષ છે એમ સમજે તો ઝીણી વાત કહેવાય.

૯ **પ્ર૦** જ્યારે શ્રીજીમહારાજ મનુષ્યરૂપે દર્શન આપતા ત્યારે તો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ હતા, પણ આજ પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ કોને જાણવા ?

૯ **ઉ૦** જે મૂર્તિ અક્ષરધામમાં છે તે જ મૂર્તિ મનુષ્યરૂપે છે અને તે જ મૂર્તિ પ્રતિમા છે, પણ પ્રતિમા તથા મનુષ્યરૂપ મૂર્તિ તથા અક્ષરધામમાં મૂર્તિ તે જુદી નથી; એક જ છે. માટે પ્રતિમારૂપે દર્શન આપે છે તે જ પ્રત્યક્ષ હરિ છે. અને જે મુક્ત હોય તેમને ગુરુ જાણવા, પણ હરિ એટલે ભગવાન જાણવા નહિ. **॥૨॥ (૨૩૬)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૩

❖સંવત ૧૮૮૩ના અષાઢ વદિ ૧ પડવાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે વિરાજમાન હતા ને તે દિવસ ઠક્કર હરજીએ પોતાને ઘેર શ્રીજીમહારાજની પધરામણી કરી ત્યારે શ્રીજીમહારાજ ત્યાં પધાર્યા પછી ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદી-તકિયા બિછાવીને શ્રીજીમહારાજને વિરાજમાન કર્યા, પછી હરજી ઠક્કરે શ્રીજીમહારાજની કેસર-ચંદને કરીને પૂજા કરી એવી રીતે શ્રીજીમહારાજ પૂર્વ મુખારવિંદે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે મોગરાનાં પુષ્પના હાર તથા બે ભુજાને વિષે તે પુષ્પના ગજરા તથા પાઘને વિષે તે પુષ્પના તોરા તે અતિશે વિરાજમાન હતા અને શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ તે સમયમાં શ્રીજીમહારાજે સર્વે સંતમંડળને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** જે હરિભક્તના હૃદયને વિષે દયા ને સ્નેહ એ બે સ્વભાવિક રહ્યાં હોય ત્યારે સ્નેહનું સ્વરૂપ તો મધ જેવું છે તે જ્યાં ત્યાં ચોંટે, અને દયાનો સ્વભાવ એવો છે જે જ્યાં ત્યાં દયા કરે, ત્યારે ભરતજીએ મૃગલા ઉપર દયા કરી તો તે મૃગલીને પેટ જન્મ લેવો પડ્યો, અને જે દયાવાન હોય તેને જે ઉપર દયા આવે તે સંગાથે સ્નેહ થયા વિના રહે નહિ અને એ દયા ને સ્નેહ તેને ટાળ્યાનો ઉપાય તો આત્મજ્ઞાન ને વૈરાગ્ય એ બે જ છે. તે આત્મજ્ઞાન એવું છે જે જેમાં કોઈ બીજું પેસે જ નહિ અને વૈરાગ્યનું એવું સ્વરૂપ છે જે સર્વે નામરૂપને નાશવંત દેખાડે, માટે આત્મજ્ઞાન ને વૈરાગ્ય એ બે વતે કરીને દયા ને સ્નેહનો નાશ થઈ જાય છે, અને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ

એ આદિક સર્વે ઉપાધિનો પણ નાશ થઈ જાય છે અને કેવળ બ્રહ્મ સત્તામાત્ર રહે છે. પછી એને ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે દયા ને સ્નેહ રહે છે કે નથી રહેતાં ? એ પ્રશ્ન છે પછી મુક્તાનંદ સ્વામી, તથા શુકમુનિ તથા નિત્યાનંદ સ્વામી એ આદિક પરમહંસે જેવી જેની દૃષ્ટિ પૂગી તેણે તેવો ઉત્તર કર્યો. પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું યથાર્થ સમાધાન થયું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો અમે ઉત્તર કરીએ, એનો ઉત્તર એમ છે જે, જ્ઞાન ને વૈરાગ્યે કરીને ત્રણ શરીર ને ત્રણ અવસ્થા ને ત્રણ ગુણ એ સર્વ માયિક ઉપાધિ થકી ચૈતન્ય જુદો થઈ જાય છે, ને કેવળ સત્તામાત્ર રહે છે, પણ માયિક ઉપાધિનો લેશ પણ રહેતો નથી, ત્યારે જેમ દીપકનો અગ્નિ તે કોડિયું, તેલ ને વાટ એ ત્રણને યોગે કરીને દૃષ્ટિમાં આવે તથા ગ્રહણ કર્યામાં આવે, પણ જ્યારે એ ત્રણે પ્રકારની ઉપાધિનો સંગ છૂટી જાય છે ત્યારે એ અગ્નિ કોઈની દૃષ્ટિમાં પણ ન આવે ને ગ્રહણ પણ ન થાય, ને ઉપાધિએ યુક્ત હોય ત્યારે જ દૃષ્ટિએ આવે ને ગ્રહણ કર્યામાં આવે, તે જ્ઞાન ને વૈરાગ્યે કરીને સર્વે માયિક ઉપાધિ નિવૃત્તિ પામે છે ત્યારે એ જીવાત્મા છે તે કેવળ બ્રહ્મ સત્તામાત્ર રહે છે, ને તે મન-વાણીને અગોચર છે ને કોઈ ઇન્દ્રિયે કરીને ગ્રહણ કર્યામાં આવતો નથી. પછી તે કાળે તો એને જો શુદ્ધ સંપ્રદાયે કરીને ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત થયું હોય ને ભગવાન ને ભગવાનના ભક્તનું માહાત્મ્ય યથાર્થપણે સમજાણું હોય, તેને તો સર્વ માયિક ઉપાધિનો સંગ ટળી જાય ને પોતાનો જીવાત્મા બ્રહ્મરૂપ થાય તો પણ ભગવાન ને ભગવાનના ભક્તને વિષે જે દયા ને પ્રીતિ તે નિરંતર રહે છે. ત્યાં દૃષ્ટાંત છે : જેમ દીપકની જ્યોત છે તેને જ્યારે ઉપાધિનો સંગ ટળી જાય છે ત્યારે એ અગ્નિ કોઈ ઇન્દ્રિયે કરીને ગ્રહણ ન થાય એવો આકાશને વિષે રહે છે, તો પણ એ અગ્નિને વિષે સુગંધી તથા દુર્ગંધીનો જે પાશ લાગ્યો હોય તે ટળતો નથી, તથા જેમ વાયુ છે તે તો અગ્નિ થકી પણ વધુ અસંગી છે તો પણ તેને સુગંધી તથા દુર્ગંધીનો પાશ લાગે છે, તેમ જ જીવાત્માને જ્ઞાન-વૈરાગ્યે કરીને માયિક ઉપાધિનો સંગ ટળી જાય છે તો પણ સત્સંગનો પાશ લાગ્યો છે તે ટળતો નથી, અને તે બ્રહ્મસ્વરૂપ થાય છે તો પણ નારદ-સનકાદિક ને શુકજીની પેઠે ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે અતિશે દયા ને પ્રીતિએ યુક્ત વર્તે છે, ત્યાં શ્લોક :- **परिनिष्ठि तोऽपि नैर्गुण्ये उत्तम श्लोकलीलया । गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान् ॥१॥** તથા ॥ **नित्यं विष्णुजन: प्रिय:** ॥ તથા ॥ **आत्मारामाश्च मुनयो** ॥ તથા ॥**प्रायेण मुनयो राजन्** ॥ તથા ગીતામાં કહ્યું છે જે ॥ **ब्रह्मभूत: प्रसन्नात्मा न शोचति न कांक्षति ॥ सम: सर्वेषु भूतेषु मद्‌भक्तिं लभते पराम् ॥१॥** ઇત્યાદિક ઘણાક શ્લોકે કરીને પ્રતિપાદન કર્યું છે જે, ભગવાનના ભક્ત હોય તે જ્ઞાન-વૈરાગ્યે કરીને માયિક ઉપાધિનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ થયા હોય તો પણ ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે દયા ને પ્રીતિ તેણે યુક્ત હોય છે. **(૧)** અને જે ભગવાનનો ભક્ત ન હોય ને કેવળ આત્મજ્ઞાન **૧**
ને વૈરાગ્યે કરીને માયિક ઉપાધિને ટાળીને સત્તામાત્ર વર્તતો હોય તેને તો સાધનદશાને વિષે ભગવાનની ઉપાસનાએ રહિત એવા જે કેવળ આત્મજ્ઞાની તેના સંગરૂપ કુસંગનો પાશ લાગ્યો

છે, માટે ભગવાન ને ભગવાનના ભક્તને વિષે દયા ને સ્નેહ થાતા નથી. જેમ વાયુને ને અગ્નિને દુર્ગંધનો પાશ લાગે છે તેમ જ એને તે કુસંગનો પાશ લાગ્યો છે તે કોઈ પ્રકારે ટળતો નથી. જેમ અશ્વત્થામા બ્રહ્મરૂપ થયો હતો, પણ તેને કુસંગનો પાશ લાગ્યો હતો, માટે શ્રીકૃષ્ણ ભગવાન ને તે ભગવાનના ભક્ત જે પાંડવ તેને વિષે દયા ને સ્નેહ થયા નહિ, તેમ કેવળ જે આત્મજ્ઞાની છે તે બ્રહ્મરૂપ થાય છે તો પણ તેને કુસંગનો પાશ જાતો નથી ને ભગવાન ને ભગવાનના ભક્તમાં દયા ને સ્નેહ થાતાં નથી, માટે ભગવાનના ભક્તને તો માયિક ઉપાધિનો સંગ મટી જાય છે, તો પણ ભગવાન તથા ભગવાનના ભક્ત તેને વિષે અતિશે દયા ને પ્રીતિ વૃદ્ધિને પામે છે, પણ કોઈ રીતે દયા તથા પ્રીતિ ટળતી નથી - અખંડ રહે છે. એમ વાર્તા કરીને શ્રીજીમહારાજ જય સચ્ચિદાનંદ કહીને પોતાને ઉતારે પધાર્યા. **(૨)** ઇતિ વચનામૃતમ્ ॥૩॥ **(૨૩૭)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારા ભક્તને સાધનદશાને વિષે અમારી ઉપાસનાવાળા સત્પુરુષના સંગે કરીને અમારું જ્ઞાન પ્રાપ્ત થયું હોય ને અમારું ને અમારા ભક્તનું માહાત્મ્ય યથાર્થ સમજાણું હોય તેને માયિક ઉપાધિનો સંગ મટી જાય ને પોતાનો જીવાત્મા બ્રહ્મરૂપ થાય તો પણ અમારે વિષે ને અમારા ભક્તને વિષે દયા ને પ્રીતિ નિરંતર રહે છે. **(૧)** અને જે અમારો ભક્ત ન હોય ને કેવળ આત્મજ્ઞાન ને વૈરાગ્યે કરીને માયિક ઉપાધિ ટાળીને સત્તામાત્ર વર્તતો હોય તેને સાધનદશામાં અમારી ઉપાસનાએ રહિત કેવળ આત્મજ્ઞાની એવા કુસંગીનો પાશ લાગ્યો છે તેને અમારે વિષે ને અમારા ભક્તને વિષે દયા ને સ્નેહ નથી રહેતાં. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજી બાબતમાં અશ્વત્થામા બ્રહ્મરૂપ થયો એમ કહ્યું તે કેવી રીતે બ્રહ્મરૂપ જાણવો ?

૧ **ઉ૦** એણે કોઈક સાધને કરીને નાશવંત દેહને ચિરંજીવી કર્યો હતો તે દેહનું અચળપણું કર્યું હતું, એટલો બ્રહ્મરૂપ કહ્યો છે પણ દેહથી નોખો જે આત્મા તે રૂપે થયો નહોતો. ॥૩॥ **(૨૩૭)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૪

❖સંવત ૧૮૮૩ના શ્રાવણ સુદિ ૩ તૃતીયાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે મેડીની ઓસરી ઉપર ગાદી-તકિયા બિછાવીને ઉતરાદે મુખારવિંદે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** ભગવાનનો ભક્ત હોય, ને તે જ્ઞાન-વૈરાગ્યે યુક્ત હોય ને વિચારને બળે કરીને પોતાને બંધન કરે એવી જે માયિક પદાર્થમાં પ્રીતિ તેને ટાળી નાખી હોય, તો પણ એ ભક્તને જ્યાં સુધી નિર્વિકલ્પ સમાધિ થાય નહિ ત્યાં સુધી બાધિતાનુવૃત્તિ રહી જાય છે, તેણે કરીને વિચારમાં એમ રહે છે જે રખે મારે મા, બાપ, સ્ત્રી, છોકરાં, દ્રવ્ય, કુટુંબ, દેહ, ગેહ એમને વિષે પ્રીતિ રહી ગઈ હોય નહિ ! એમ બીતો રહે છે, જેમ કોઈક શૂરવીર પુરુષ હોય તેણે પોતાના સર્વે શત્રુ મારી નાખ્યા હોય તો પણ તે મરેલ શત્રુ થકી પણ ક્યારેક બી જાય છે તથા સ્વપ્નમાં તે શત્રુને દેખે ત્યારે બી જાય છે, તેમ તે જ્ઞાની ભક્તને પણ જે જે પદાર્થ અંતરમાંથી જૂઠું કરી નાખ્યું છે ને તેમાંથી પ્રીતિ તોડી નાખી

છે તો પણ બાધિતાનુવૃત્તિએ કરીને અંતરમાં માયિક પદાર્થનાં બંધન થકી બીક લાગે છે અથવા ધન-કલત્રાદિક પદાર્થની કોઈક સમે એને સ્મૃતિ થઈ આવે છે ત્યારે મનમાં બી જવાય છે જે રખે મુને બંધન કરે. એવી રીતે જે પદાર્થ અંતરમાંથી અસત્ય કરી નાખ્યાં તે પદાર્થની પાછી સ્મૃતિ થઈ આવે તેને બાધિતાનુવૃત્તિ કહીએ; તે બાધિતાનુવૃત્તિ જ્યારે નિર્વિકલ્પ સમાધિ થાય ત્યારે નાશ થાય છે, ને એ પુરુષને ખાધાપીધાની તથા દિવસ-રાત્રિની તથા સુખદુઃખની કશી ખબર રહેતી નથી અને જ્યારે એ નિર્વિકલ્પ સમાધિમાંથી બારણે નીસરે ને સવિકલ્પ સમાધિમાં વર્તે ત્યારે તો બાધિતાનુવૃત્તિ રહે ખરી, માટે તે હરિભક્તને તાવ આવે અથવા દેહ પડવાનો સમો થાય ત્યારે બાધિતાનુવૃત્તિને યોગે કરીને ભગવાન વિના બીજા પદાર્થની પણ ક્યારેક સ્મૃતિ થઈ આવે અને તે સમામાં જે બોલાય તે પણ બરલ્યા જેવું બોલાય અને ઓય બાપ ! ઓય મા ! એવાં વચન પણ બોલાય ત્યારે જે આ બાધિતાનુવૃત્તિના મર્મને ન સમજતો હોય તેના હૈયામાં તે હરિભક્તનો અવગુણ આવી જાય, જે આ ભગવાનનો ભક્ત કહેવાતો હતો ને અંતકાળે આમ કેમ બરલે છે ? એવો જે અવગુણ લેવાય છે તે બાધિતાનુવૃત્તિનો મર્મ જાણ્યા વિના લેવાય છે, અને આ સંસારમાં કેટલાક પાપી મનુષ્ય હોય ને તે અંતસમે બોલતાં-ચાલતાં ખબરદાર થકા દેહને મેલે છે, અથવા કોઈક સિપાઈ ને રજપૂત હોય ને તેને શરીરમાં ઘા વાગે એટલે ખબરદાર થકા ને બોલતાં-ચાલતાં મરી જાય છે, માટે ભગવાનથી વિમુખ હોય ને તે ખબરદાર થકો દેહને મૂકે તો પણ શું તેનું કલ્યાણ થાય છે ? તેનો તો નરકમાં જ નિવાસ થાય છે. અને ભગવાનનો ભક્ત હોય તે ભગવાનનું નામ-સ્મરણ કરતો થકો દેહ મૂકે અથવા બાધિતાનુવૃત્તિને યોગે કરીને બેશુદ્ધ થઈને દેહ મૂકે તો પણ એ ભગવાનનો ભક્ત
ભગવાનના ચરણારવિંદને જ પામે છે. **(૧)** અને તે જ દિવસે સંધ્યા સમે શ્રીજીમહારાજ ૧
પોતાના ઉતારામાં મેડીની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૨ પછી શ્રીજીમહારાજે મોટેરા પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** આ દેહને વિષે જીવ રહ્યો છે, તે એક ઠેકાણે કેવી રીતે રહ્યો છે ? ને સર્વે દેહમાં કેવી રીતે વ્યાપી રહ્યો છે ? તે કહો. પછી જેનું જેવું ભાસ્યું તેવું તેણે કહ્યું, પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું કોઈથી સમાધાન થયું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ દેહને વિષે અન્નાદિકના વિકારરૂપ વીર્ય છે તેમ પંચ મહાભૂતના વિકારરૂપ એવું એક હૃદયને વિષે માંસનું ચક્ર છે તેને વિષે જીવ રહ્યો છે તે જેમ ચીંથરાનો કાકડો હોય તેને તેલે પલાળીને અગ્નિએ સળગાવ્યો હોય તેમ જીવ છે, તે માંસના ચક્ર સંગાથે વળગીને રહ્યો છે. અને વળી જેમ લોઢાનો ખીલો હોય તેને વિષે અગ્નિ વ્યાપી રહ્યો હોય, તેમ માંસના ચક્રને વિષે જીવ જે તે વિશેષ સત્તાએ કરીને વ્યાપી રહ્યો છે, અને સામાન્ય સત્તાએ કરીને બધા દેહને વિષે વ્યાપી રહ્યો છે, માટે જે જે ઠેકાણે દેહમાં દુઃખ થાય છે તે સર્વે દુઃખ જીવને જ છે, પણ દેહનાં સુખદુઃખ થકી એ જીવ જુદો ન

કહેવાય. અને કોઈક એમ કહેશે જે જીવ તો પ્રકાશમાન છે અને માંસનું ચક્ર ને દેહ તો પ્રકાશે રહિત છે તે બેને એકબીજામાં મળ્યા કેમ કહેવાય ? તો એનો ઉત્તર એમ છે જે, જેમ તેલ, કોડિયું ને વાટ તેના સંબંધ વિના એકલો અગ્નિનો જ્યોતિ આકાશને વિષે અધ્ધર-પધ્ધર રહેતો નથી, તેમ પંચભૂતના વિકારરૂપ એવું જે માંસનું ચક્ર તેના સંબંધ વિના એકલો જીવ રહેતો નથી. અને જેમ કોડિયા થકી, તેલ થકી ને વાટ થકી અગ્નિ જુદો છે તે કોડિયાને ભાગવે કરીને અગ્નિનો નાશ થાતો નથી, તેમ માંસના ચક્રને વિષે ને દેહને વિષે જીવ વ્યાપીને રહ્યો છે તો પણ દેહને મરવે કરીને જીવ મરતો નથી અને દેહ ભેળો સુખદુઃખને તો પામે ખરો, પણ દેહના જેવો એ જીવનો નાશવંત સ્વભાવ નથી. એવી રીતે જીવ અવિનાશી છે, ને પ્રકાશરૂપ છે, ને દેહને વિષે વ્યાપક છે, અને જેમ મંદિરને વિષે એક સ્થળમાં દીવો મૂક્યો હોય તે દીવાના અગ્નિની જ્યોતિ વિશેષે કરીને તો વાટને વિષે વ્યાપી રહી છે, અને સામાન્યપણે કરીને તો બધાં ઘરને વિષે વ્યાપી રહી છે, તેમ જીવાત્મા છે તે પણ વિશેષે કરીને તો પંચમહાભૂતના વિકારરૂપ જે માંસનું ચક્ર તેને વિષે વ્યાપીને રહ્યો છે, અને સામાન્યપણે કરીને તો બધા દેહમાં વ્યાપીને રહ્યો છે, એવી રીતે આ દેહને વિષે જીવ રહે છે અને એ જીવને વિષે પરમેશ્વર પણ સાક્ષીરૂપે કરીને રહે છે. **(૨)** ઇતિ વચનામૃતમ્ ॥૪॥ **(૨૩૮)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે, તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અંતરમાંથી અસત્ય કરેલા પદાર્થની સ્મૃતિ થઈ આવે તે બાધિતાનુવૃત્તિ છે તે જ્યારે નિર્વિકલ્પ સમાધિ થાય ત્યારે નાશ પામે છે, ને કશી ખબર રહેતી નથી. ને જ્યારે બહાર નીસરે ને સવિકલ્પ સમાધિમાં વર્તે ત્યારે બાધિતાનુવૃત્તિ રહે ત્યારે બીજા પદાર્થની સ્મૃતિ થઈ આવે તે જોઈને બાધિતાનુવૃત્તિનો મર્મ ન જાણતો હોય, તે અવગુણ લે છે. અને પાપી મનુષ્ય બોલતાં-ચાલતાં મરે તો પણ નરકે જાય અને અમારો ભક્ત બાધિતાનુવૃત્તિને યોગે બેશુદ્ધ થઈને દેહ મૂકે તો પણ અમને જ પામે. **(૧)** અને બીજામાં માંસના ચક્રને વિષે જીવ વિશેષ સત્તાએ કરીને વ્યાપીને રહ્યો છે ને સામાન્ય સત્તાએ કરીને બધા દેહમાં વ્યાપી રહ્યો છે, ને દેહને યોગે સુખદુઃખનો ભોક્તા છે, પણ દેહને મરવે કરીને જીવ મરતો નથી; અવિનાશી ને પ્રકાશમય છે અને એ જીવને વિષે અમે સાક્ષીરૂપે રહ્યા છીએ એમ કહ્યું છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં જીવને વિષે અમે સાક્ષીરૂપે રહ્યા છીએ એમ શ્રીજીમહારાજે કહ્યું તે સાક્ષી તો સાકારને જ કહેવાય અને (**પ્ર૦ ૪૫**ના બીજા પ્રશ્નોત્તરમાં) સર્વને વિષે તેજદ્વારે રહ્યા છે એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજ સાકાર વ્યાપે તો જ સાક્ષી કહેવાય ને તેજદ્વારે વ્યાપે તો સાક્ષી ન કહેવાય એમ નથી. મૂર્તિમાન વ્યાપે તો પણ સાક્ષી કહેવાય અને તેજદ્વારે વ્યાપે તો પણ સાક્ષી કહેવાય છે. જેમ જીવ દેહમાં વ્યાપે છે તો તે નિરાકાર છે તો પણ તેને (**જે૦ ૩**ના ૨/૩ બીજા પ્રશ્નમાં) સાક્ષી કહ્યો છે. અને બ્રહ્મને પણ (**મ૦ ૨૦**/૧માં) સાક્ષી કહેલ છે, માટે જે વ્યાપે ને દેખે તે સર્વને સાક્ષી કહેવાય છે. માટે શ્રીજીમહારાજ પોતાના તેજદ્વારે જીવ, ઈશ્વર, બ્રહ્મ અને અક્ષર તે સર્વને વિષે રહ્યા છે, અને પરમએકાંતિક મુક્તને વિષે મૂર્તિમાન રહ્યા છે એવી રીતે શ્રીજીમહારાજ સર્વના સાક્ષી છે ને સદા મૂર્તિમાન છે ને પોતાના અક્ષરધામરૂપી તખતમાં સદા વિરાજમાન છે. ॥૪॥ **(૨૩૮)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૫

❖સંવત ૧૮૮૩ના ભાદરવા સુદિ ૧૧ એકાદશીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ગાદી-તકિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે મોગરાનાં પુષ્પના હાર પહેર્યા હતા

ને પાઘને વિષે મોગરાના પુષ્પના તોરા વિરાજમાન હતા ને હાથને વિષે મોગરાના પુષ્પના ગજરા વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયમાં શ્રીજીમહારાજે કહ્યું જે કાંઈક પ્રશ્ન પૂછો. પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું
૧ જે, **(૧)** હે મહારાજ ! ભગવાનની જે ભક્તિ છે તેમાં કોઈ રીતનું વિઘ્ન ન થાય એવી તે કેઈ ભક્તિ છે ? અને જે ભક્તિમાં કાંઈક વિઘ્ન થાય છે તે કેઈ જાતની ભક્તિ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, તૃતીય સ્કંધમાં કપિલ ગીતાને વિષે માતા દેવહુતિએ કપિલદેવજી પ્રત્યે કહ્યું છે જે **યન્નામધેય-શ્રવણાનુકીર્તનાત્....।।** એ બે શ્લોકે કરીને જેવું ભગવાનનું માહાત્મ્ય કહ્યું છે, તથા કપિલજીએ માતા દેવહુતિ પ્રત્યે પોતાનું માહાત્મ્ય કહ્યું છે જે **।। મદ્ભયાદ્વાતિ વાતોઽયં સૂર્યસ્તપતિ મદ્ભયાત્ ।।** એવી રીતે માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તેમાં તો કોઈ જાતનું વિઘ્ન આવે નહિ. અને માહાત્મ્ય જાણ્યા વિના પ્રાકૃત બુદ્ધિએ કરીને જો ભક્તિ કરે તો તેમાં વિઘ્ન આવે છે. **(૧)** ૧

૨ પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** એ માહાત્મ્યે યુક્ત ભક્તિ આવ્યાનું શું સાધન છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, શુક-સનકાદિક જેવા મોટાપુરુષ તેની જે સેવા ને પ્રસંગ તેમાંથી માહાત્મ્યે સહ વર્તમાન એવી જે ભક્તિ તે જીવના હૃદયમાં ઉદય થાય છે. **(૨)** ૨

૩ પછી શુકમુનિએ પૂછ્યું જે, **(૩)** એક તો ભગવાનનો ભક્ત એવો હોય જે તેને ભગવાનનો નિશ્ચય પણ પરિપક્વ હોય ને કામ, ક્રોધ, લોભ, મોહાદિક જે વિકાર તે એકે તેના હૃદયમાં આવે નહિ, અને બીજો ભક્ત હોય તેને તો ભગવાનનો નિશ્ચય પરિપક્વ હોય, પણ કામ, ક્રોધ, લોભ, મોહાદિક વિકારે કરીને અંતરમાં વિક્ષેપ થાતો હોય એ બે પ્રકારના ભક્ત જ્યારે દેહને મૂકે ત્યારે એ બેય ભક્તને ભગવાનના ધામમાં સરખા સુખની પ્રાપ્તિ થાય છે ? કે અધિક-ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય પણ પરિપૂર્ણ હોય ને કામ, ક્રોધ, લોભાદિકે કરીને વિક્ષેપને ન પામતો હોય ને અતિશે ત્યાગી ને અતિ વૈરાગ્યવાન ને અતિ આત્મનિષ્ઠાવાળો હોય ને જો તે **પ્રત્યક્ષ** શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ વિના કાંઈક બીજું ઈચ્છે તો તેને ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે. **(૩)** અને બીજો જે ભક્ત છે તેને પણ ભગવાનનો નિશ્ચય તો પરિપૂર્ણ છે તો પણ ૩
હૃદયમાં કામ, ક્રોધ, લોભ, મોહાદિકનો વિક્ષેપ આવે ત્યારે પોતાના હૃદયમાં દાઝ થાય ને ભગવાન જે **પ્રત્યક્ષ** શ્રીકૃષ્ણ તેની મૂર્તિ વિના બીજા કોઈ પદાર્થને ઈચ્છે નહિ, તેને આત્મનિષ્ઠા ને વૈરાગ્ય થોડાં હોય તો પણ એ દેહને મૂકીને ભગવાનના ધામમાં બહુ મોટા સુખને પામે છે, શા માટે જે પ્રથમ કહ્યો જે ભક્ત તે ઉપરથી તો ત્યાગી ને નિષ્કામી જણાય છે, પણ ભગવાનની મૂર્તિ વિના બીજી આત્મદર્શનાદિક પ્રાપ્તિની હૃદયમાં ઈચ્છા છે, માટે એ સકામ

ભક્ત કહેવાય ને એને પરલોકને વિષે જરૂર ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે. અને જે બીજો ભક્ત કહ્યો તે ઉપરથી તો સકામ જેવો જણાય, પણ એ ભક્ત ભગવાનની મૂર્તિ વિના અંતરમાં બીજું કાંઈ ઇચ્છતો નથી, અને ભગવાનની મૂર્તિ વિના બીજા સુખની ઇચ્છાનો જો ઘાટ થઈ જાય ત્યારે અતિશે મનમાં દાઝે છે, માટે એ નિષ્કામ ભક્ત કહેવાય. તે જ્યારે દેહને મૂકે ત્યારે બહુ મોટા સુખને પામે છે ને ભગવાનનો પાર્ષદ થાય છે અને શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિને વિષે અતિશે પ્રીતિએ યુક્ત થાય છે. **(૪)** ઇતિ વચનામૃતમ્ **॥૫॥ (૨૩૯)** ૪

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારી માહાત્મ્યે સહિત ભક્તિ હોય તેમાં કોઈ વિઘ્ન આવે નહિ ને પ્રાકૃત બુદ્ધિએ કરીને ભક્તિ કરે તેમાં વિઘ્ન આવે છે. **(૧)** બીજામાં અમારા મોટા સંતની સેવા ને પ્રસંગથી એવી ભક્તિ આવે છે. **(૨)** ત્રીજામાં અમારો નિશ્ચય પરિપૂર્ણ હોય ને કામાદિકે કરીને વિક્ષેપને ન પામતો હોય ને અતિશે ત્યાગી ને વૈરાગ્યવાન ને આત્મનિષ્ઠ હોય પણ જો પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાન જે અમે તે અમારા વિના બીજું કાંઈ આત્મદર્શનાદિક ઇચ્છે તો તેને ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે. **(૩)** અને કામાદિકનો વિક્ષેપ આવે પણ તેની દાઝ થાય ને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ જે અમે તે અમારા વિના બીજું કાંઈ ન ઇચ્છે તો દેહ મૂકીને અમારા ધામમાં બહુ મોટા સુખને પામે છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** આમાં બીજા પ્રશ્નમાં શુક-સનકાદિક જેવા મોટાપુરુષની સેવા ને પ્રસંગથી અમારી માહાત્મ્યે યુક્ત ભક્તિ આવે છે એમ કહ્યું તે શુક-સનકાદિકની સેવા ને પ્રસંગથી શ્રીજીમહારાજની માહાત્મ્યે સહિત ભક્તિ શી રીતે આવે ? કેમ જે એ તો પરોક્ષના ભક્ત છે માટે કેમ સમજવું ?

૧ **ઉ૦** જેમ શુક-સનકાદિક પરોક્ષ અવતારોના ભક્તોમાં મોટા ભક્ત હતા, તેમની સેવા ને પ્રસંગથી પરોક્ષ અવતારોની માહાત્મ્યે સહિત ભક્તિ આવે તેમજ આજ ગોપાળાનંદ સ્વામી આદિક શ્રીજીમહારાજના મોટા મુક્ત હોય તેમની સેવા ને પ્રસંગથી શ્રીજીમહારાજની માહાત્મ્યે સહિત ભક્તિ આવે છે. (**પ્ર૦ ૨૯**ના પહેલા પ્રશ્નમાં) તમ જેવા સંતના સંગથી અમારી ભક્તિનું બળ અતિશે વૃદ્ધિને પામે એમ શ્રી ગોપાળાનંદ સ્વામીને કહ્યું છે, માટે આજ શ્રીજીમહારાજના મોટા સંતના સમાગમથી એવી નિર્વિઘ્ન ભક્તિ આવે છે.

૨ **પ્ર૦** (૩/૪ ત્રીજા પ્રશ્નમાં) કામ, ક્રોધ, લોભ, મોહાદિકનો વિક્ષેપ આવે છે તો પણ દેહ મૂકીને અક્ષરધામને વિષે બહુ મોટા સુખને પામે છે એમ કહ્યું અને (**અ૦ ૩**ના પહેલા પ્રશ્નમાં) અંતરમાં વિષયનું ચિંતવન થાય તેને માથે જન્મ-મરણ કહ્યું છે તે કેમ સમજવું ?

૨ **ઉ૦** (**અ૦ ૩**માં) વિષયનું ચિંતવન થાય તેની દાઝ ન થતી હોય તેને જન્મ-મરણ કહ્યું છે અને આમાં લડાઈ લે ને હૃદયમાં દાઝ થાય તેને અક્ષરધામની પ્રાપ્તિ થાય એમ કહ્યું છે. તે (**પ્ર૦ ૭૦**ના ત્રીજા પ્રશ્નમાં) તેની અમે સહાય કરીએ છીએ એમ કહ્યું છે. **॥૫॥ (૨૩૯)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૬

❖સંવત ૧૮૮૩ના ભાદરવા વદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ સર્વે હરિભક્ત ઉપર કૃપાદૃષ્ટિ કરીને બોલતા હવા જે, **(૧) ને ભગવાનનો ભક્ત હોય તે ભગવાનની કથા, કીર્તન, શ્રવણાદિક જે નવધા ભક્તિ તેને જો**

**હરિભક્ત ઉપર ઈર્ષ્યાએ કરીને કરે તો તે ભક્તિએ કરીને ભગવાન અતિશે રાજી થાતા નથી અને ઈર્ષ્યાનો ત્યાગ કરીને કેવળ પોતાના કલ્યાણને અર્થે ભક્તિ કરે, પણ લોકને દેખાડ્યા સારુ ન કરે, તો તે ભક્તિએ કરીને ભગવાન પ્રસન્ન થાય છે,** માટે જેને ભગવાનને રાજી કરવા હોય તેને તો લોક રીઝવવાને અર્થે તથા કોઈકની ઈર્ષ્યાએ કરીને ભક્તિ ન કરવી; કેવળ પોતાના કલ્યાણને અર્થે જ કરવી. **(૧)** અને ભગવાનની ભક્તિ કરતા થકા કાંઈક પોતાને **૧**
અપરાધ થઈ જાય તેનો દોષ બીજાને માથે ધરવો નહિ. અને **જીવ માત્રનો તો એવો સ્વભાવ છે જે જ્યારે કાંઈક પોતામાં વાંક આવે ત્યારે એમ બોલે જે મુને બીજો કોઈએ ભુલાવ્યો ત્યારે મારામાં ભૂલ પડી પણ મારામાં કાંઈ વાંક નથી, પણ એમ કહેનારો મહામૂર્ખો છે કેમ જે બીજો તો કોઈક કહેશે જે તું કૂવામાં પડ, ત્યારે એને કહેવે કરીને શું કૂવામાં પડવું ? માટે વાંક તો અવળું કરે તેનો જ છે. ને બીજાને માથે દોષ દે છે. તેમજ ઈન્દ્રિયો ને અંતઃકરણનો વાંક કાઢવો એ પણ જીવની મૂર્ખાઈ જ છે, ને જીવ ને મન તો પરસ્પર અતિ મિત્ર છે** જેમ દૂધને ને પાણીને મિત્રતા છે તેમ જીવને ને મનને મિત્રતા છે, તે જ્યારે દૂધને ને પાણીને ભેળાં કરીને અગ્નિ ઉપર મૂકે ત્યારે પાણી હોય તે દૂધને તળે બેસે ને પોતે બળે પણ દૂધને બળવા ન દે, ત્યારે દૂધ પણ પાણીને ઉગારવાને સારુ પોતે ઊભરાઈને અગ્નિને ઓલાવી નાખે છે, એવી રીતે બેયને પરસ્પર મિત્રાચાર છે તેમ જ જીવને ને મનને પરસ્પર મિત્રાચાર છે, તે જે વાત જીવને ન ગમતી હોય તે વાતનો મનમાં ઘાટ થાય જ નહિ. જ્યારે કાંઈક જીવને ગમતું હોય ત્યારે જ મન જીવને સમજાવે. અને જીવ જ્યારે ભગવાનનું ધ્યાન કરતો હોય ત્યારે મન કહેશે જે ભક્ત કોઈક બાઈ હોય તેનું પણ ભેળું ધ્યાન કરવું, પછી તેના સર્વ અંગનું ચિંતવન કરાવીને પછી જેમ બીજી સ્ત્રીને વિષે ખોટો ઘાટ ઘડે તેમ તેને વિષે પણ ખોટો ઘાટ ઘડે ત્યારે જો એ ભક્તનો જીવ અતિશે નિર્મળ હોય તો તો મનનું કહ્યું ન માને ને અતિશે દાઝ થાય તો મન એવો ફરીને ક્યારેય ઘાટ ઘડે નહિ. અને જો એનો જીવ મલિન હોય ને પાપે યુક્ત હોય તો મનનું કહ્યું માને ત્યારે વળી મન એને ભૂંડા ઘાટ કરાવી કરાવીને કલ્યાણના માર્ગમાંથી પાડી નાખે. તે સારુ કલ્યાણના માર્ગથી અવળી રીતે અધર્મની વાર્તા પોતાનું મન કહે અથવા બીજો કોઈ માણસ કહે તો તેને સંગાથે જે શુદ્ધ મુમુક્ષુ હોય તેને અતિશે વૈર થઈ જાય છે, પછી પોતાનું મન અથવા બીજો માણસ તે ફરીને તેને તે વાર્તા કહેવા આવે નહિ, અને મન છે તે તો જીવનું મિત્ર જ છે તે જીવને ન ગમે એવો ઘાટ ઘડે જ નહિ, અને **જ્યારે કાંઈ મનને અયોગ્ય ઘાટ થઈ જાય ત્યારે જો જીવને મન ઉપર અતિશે રીસ ચડતી હોય તો ફરીને મનમાં એવો ઘાટ થાય જ નહિ, અને જ્યારે મનને સદાય અયોગ્ય ઘાટ થયા કરતા હોય ત્યારે એને પોતાના જીવનો જ વાંક સમજવો, પણ એકલા મનનો વાંક સમજવો નહિ, એવી રીતે સમજીને ભગવાનની ભક્તિ કરે તો તેને કોઈ વિમુખ જીવનો તથા પોતાના મનનો જે કુસંગ તે લેશ માત્ર અડી શકે નહિ. અને નિર્વિઘ્ન થકો ભગવાનનું ભજન કરે. (૨)** ઇતિ **૨**
વચનામૃતમ્ **॥૬॥ (૨૪૦)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે ઈર્ષ્યાએ રહિત કેવળ પોતાના કલ્યાણને અર્થે અમારી ભક્તિ કરે તો અમે રાજી થઈએ. **(૧)** અને અમારી ભક્તિ કરતાં કાંઈક અપરાધ થઈ જાય તો તે દોષ પોતાને માથે લેવો, પણ ઇંન્દ્રિયો-અંતઃકરણનો વાંક કાઢવો તે જીવની મૂર્ખાઈ છે. અને જીવને ન ગમતું હોય તેનો ઘાટ મન કરે તો તે જીવ નિર્મળ હોય તો મનનું કહ્યું ન માને, ને મલિન ને પાપે યુક્ત હોય તો માને તો તે મન એ જીવને કલ્યાણના માર્ગમાંથી પાડી નાખે, માટે જીવનો વાંક સમજવો, પણ એકલા મનનો વાંક સમજવો નહિ. એમ સમજે તેને કુસંગ અડી શકે નહિ ને નિર્વિઘ્ન થકો અમારું ભજન કરે. **(૨)** બાબતો છે. ॥૬॥ **(૨૦૪)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૭

❖સંવત ૧૮૮૩ના ભાદરવા વદિ ૬ છઠને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે ગાદી-તકિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે મોગરનાં પુષ્પના હાર પહેર્યા હતા ને પાઘને વિષે મોગરાનાં પુષ્પના તોરા વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ સર્વે હરિભક્ત પ્રત્યે બોલ્યા જે, **(૧)** અમારા અંતરનો જે સિદ્ધાંત છે તે કહીએ છીએ જે, **જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તો ભગવાન ને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી. માટે જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે, તેવી ભગવાન ને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ રાખી જોઈએ અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ, અને તે પક્ષ રાખતાં થકાં આબરૂ વધો અથવા ઘટો અથવા માન થાઓ કે અપમાન થાઓ અથવા દેહ જીવો કે મરો પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ, ને એમનો અભાવ આવવા દેવો નહિ, અને ભગવાનના ભક્ત જેવા દેહ ને દેહનાં સગાં-સંબંધીને વહાલાં રાખવાં નહિ, એવી રીતે જે હરિભક્ત વર્તે તેને અતિ બળવાન એવા જે કામ-ક્રોધાદિક શત્રુ તે પણ પરાભવ કરી શકતા નથી. (૧)** અને જે **ભગવાનનું બ્રહ્મપુર ધામ છે તેને વિષે ભગવાન સદાય સાકાર મૂર્તિ** ૧
**વિરાજમાન છે, અને ભગવાનના ભક્ત પણ એ ભગવાનના ધામમાં મૂર્તિમાન થકા ભગવાનની સેવાને વિષે રહે છે, તે ભગવાનનો જેને પ્રત્યક્ષ પ્રમાણ દૃઢ આશરો હોય તેને મનમાં એવી બીક ન રાખવી જે હું રખે મરીને ભૂતપ્રેત થાઉં કે રખે ઈન્દ્રલોકને જ પામું કે, રખે બ્રહ્મલોકને જ પામું, એવી આશંકા મનમાં રાખવી નહિ, કેમ જે એવો ભગવાનનો ભક્ત હોય તે તો ભગવાનના ધામને જ પામે, પણ વચમાં ક્યાંય તેને ભગવાન રહેવા દે નહિ.**
**(૨)** અને એ ભક્તજનને પણ પોતાનું જે મન છે તેને પરમેશ્વરના ચરણારવિંદને વિષે દૃઢ ૨
કરીને રાખવું, જેમ વજ્રની પૃથ્વી હોય તેમાં વજ્રની ખીલી ચોડી હોય તે કોઈ રીતે ઊખડે નહિ, તેમ ભગવાનના ચરણારવિંદને વિષે પોતાના મનને દૃઢ રાખવું અને એવી રીતે જે ભગવાનના ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જાવું એમ નથી, **એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.** એમ વાર્તા કરીને જય

સચ્ચિદાનંદ કહીને સર્વ સભાને ઊઠવાની આજ્ઞા કરી. **(૩)** ઈતિ વચનામૃતમ્ ॥૭॥ **(૨૪૧)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે જેને કલ્યાણ ઈચ્છવું હોય તેણે અમને ને અમારા સંતને જ સુખદાયી જાણીને અમારા સંતને વિષે આત્મબુદ્ધિ રાખવી ને અમારા ભક્તનો પક્ષ રાખવો, ને તેમનો અભાવ આવવા દેવો નહિ, ને તેમના જેવું બીજું કોઈ વહાલું રાખવું નહિ, તો અતિ બળવાન જે કામાદિક શત્રુ તે પરાભવ કરી શકે નહિ. **(૧)** અને બ્રહ્મપુર જે અમારું અક્ષરધામ તેને વિષે અમે સદા સાકાર મૂર્તિમાન વિરાજમાન છીએ, ને અમારા ભક્ત પણ ધામમાં મૂર્તિમાન છે ને અમારી સેવા કરે છે એવા પ્રત્યક્ષ પ્રમાણ અમને જાણીને જેણે અમારો આશરો કર્યો હોય તે અમારા ધામને પામે. **(૨)** અને જે ભક્ત પોતાના મનને અમારા ચરણારવિંદને વિષે એટલે મૂર્તિને વિષે દૃઢ કરીને રાખે તે છતે દેહે જ અમારા ધામને પામી રહ્યો છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં પોતાના શરીરને વિષે આત્મબુદ્ધિ વર્તે છે તેવી અમારે વિષે ને સંતને વિષે રાખે એમ કહ્યું તે કેવી રીતે રાખવી ?

૧ **ઉ૦** જેમ દેહને દુઃખે દુઃખી ને સુખે સુખી થવાય છે એવો ભાવ શ્રીજીમહારાજ તથા મુક્તને વિષે રાખે તે બહારવૃત્તિથી આત્મબુદ્ધિ છે, અને જેમ સમગ્ર દેહમાં રહીને જીવ સુખ-દુઃખને ભોગવે છે તેમ શ્રીજીમહારાજની મૂર્તિમાં નખશિખા પર્યંત રહીને શ્રીજીમહારાજનું સુખ ભોગવવું તે અંતર્વૃત્તિએ શ્રીજીમહારાજને વિષે આત્મબુદ્ધિ જાણવી. અને શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર હોય એવા સત્પુરુષને વિષે આપોપું માનવું જે તે સંત તે હું છું તે સંતને વિષે આત્મબુદ્ધિ જાણવી.

૨ **પ્ર૦** અમારો ને અમારા ભક્તનો પક્ષ રાખવો એમ શ્રીજીમહારાજે કહ્યું તે ભક્તને તો કોઈક દુઃખ દેતો હોય તો ન દેવા દઈએ એમ પક્ષ રાખીએ, અને શ્રીજીમહારાજ પણ જ્યારે મનુષ્યરૂપે વિચરતા હોય, ત્યારે પક્ષ રાખીએ પણ આજ શ્રીજીમહારાજનો પક્ષ કેવી રીતે રાખવો ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજનું કોઈ ઘસાતું બોલે તે સાંભળી રહેવું નહિ, તેને તીખાં બાણ જેવાં વચન મારવાં ને પોતાથી બળિયો હોય ને સામું બોલી શકાય એમ ન હોય તો ત્યાંથી ચાલી નીસરવું, અને શ્રીજીમહારાજે મંદિરો કરાવીને પોતાની મૂર્તિઓ પધરાવી છે, તે મંદિરોને કોઈ નુકસાન કરતું હોય કે મંદિરોની આજીવિકાઓને અર્થે દ્રવ્યાદિક હોય તેની કોઈ હાનિ કરતું હોય તેની તન, મન, ધનથી રક્ષા કરવી તે શ્રીજીમહારાજનો પક્ષ રાખ્યો કહેવાય. ॥૭॥ **(૨૪૧)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૮

❖સંવત ૧૮૮૩ના ભાદરવા વદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે મોગરાનાં પુષ્પના હાર વિરાજમાન હતા ને પાઘને વિષે મોગરાના પુષ્પના તોરા વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે મુનિમંડળને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** ભગવાનનો ભક્ત હોય તેને એવો કિયો ઉપાય છે જે જેણે કરીને **સદા સુખી રહેવાય ?** પછી મોટા મોટા સાધુ હતા તેણે જેવું જેને સમજાણું તેણે તેવો ઉત્તર કર્યો, પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો ઉત્તર તો એમ છે જે, જે ભગવાનના ભક્તને એક તો **દૃઢ વૈરાગ્ય** હોય, અને બીજો **અતિશે સ્વધર્મ** હોય, અને જેણે એ બે સાધને કરીને સર્વ ઈન્દ્રિયોને જીતીને પોતાને વશ કર્યાં હોય, અને જેણે ભગવાન ને ભગવાનના ભક્તને વિષે **અતિશે પ્રીતિ** હોય, અને જેને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે **અતિશે મિત્રભાવ** વર્તતો હોય, અને જે કોઈ દિવસ ભગવાન કે ભગવાનના

ભક્ત થકી **ઉદાસ થાય નહિ,** અને જે ભગવાન ને ભગવાનના ભક્તને **સંગે જ રાજી** રહે પણ કોઈ **વિમુખ જીવની સોબત ગમે નહિ,** એવાં જે હરિભક્તનાં લક્ષણ હોય તે આ લોકને વિષે તથા પરલોકને વિષે સદાય સુખિયો રહે છે; અને વૈરાગ્ય ને સ્વધર્મ તેણે કરીને જેણે પોતાનાં ઇન્દ્રિયોને વશ ન કર્યાં હોય તો તે ભગવાન તથા ભગવાનના ભક્તને સંગે રહ્યો થકો પણ દુઃખિયો રહે છે. શા માટે જે જેણે પોતાનાં ઇન્દ્રિયો ન જીત્યાં હોય તેને કોઈ ઠેકાણે સુખ થાય નહિ, અને ભગવાનની ભક્તિ કરતો હોય તો પણ જ્યારે ઇન્દ્રિયો વિષયમાં તણાઈ જાય તે હરિભક્તના હૃદયમાં અતિ દુઃખ થાય છે, માટે સર્વે પોતાનાં ઇન્દ્રિયોને જીતીને વશ કરે તે જ સદા સુખિયો રહે છે અને જેણે સર્વે ઇન્દ્રિયોને જીતીને વશ કર્યાં હોય તેને જ વૈરાગ્યવાન ને ધર્મવાળો જાણવો, પણ જેનાં ઇન્દ્રિયો વશ ન થયાં હોય તેને વૈરાગ્યવાન ને ધર્મવાળો ન જાણવો અને જે વૈરાગ્યવાન ને ધર્મવાળો હોય તેને તો સર્વે ઇન્દ્રિયો નિયમમાં હોય અને તે સદાય સુખિયો હોય. **(૧)** ૧

૨ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** હે મહારાજ ! ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની ભક્તિમાં કિયું અતિશે મોટું વિઘ્ન છે ? **પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનના ભક્તને એ જ મોટું વિઘ્ન છે જે, જે પોતામાં દોષ હોય તેને દેખે નહિ, અને ભગવાન ને ભગવાનના ભક્ત થકી જેનું મન નોખું પડી જાય, અને તે ભગવાનના ભક્ત થકી જેને બેપરવાઈ થઈ જવાય એ જ એને અતિશે મોટું વિઘ્ન છે. (૨)** ઇતિ વચનામૃતમ્ ૨
**॥૮॥ (૨૪૨)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે વૈરાગ્ય ને સ્વધર્મ એ બે સાધને કરીને સર્વે ઇન્દ્રિયોને જીતીને વશ કર્યા હોય ને અમારે ને અમારા ભક્તને વિષે પ્રીતિ ને મિત્રભાવ હોય, ને અમારા ને અમારા ભક્તના સંગે જ રાજી રહે, ને વિમુખની સોબત ગમે જ નહિ, તે આ લોક-પરલોકને વિષે સદાય સુખિયો રહે છે, ને ઇન્દ્રિયો વશ ન કર્યાં હોય તે દુઃખિયો રહે છે. **(૧)** બીજામાં જે પોતાના દોષને દેખે નહિ, ને અમે ને અમારા ભક્તથી મન નોખું પડી જાય એટલે અમારે વિષે ને અમારા ભક્તને વિષે હેત ન રહે, ને બેપરવાઈ એટલે અમારા ભક્તને મોક્ષના દાતા જાણીને તેની ગરજ ન રાખે, તેને અમારી ભક્તિમાં મોટું વિઘ્ન છે. **(૨)** બાબતો છે. **॥૮॥ (૨૪૨)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૯

❖સંવત ૧૮૮૩ના આસો સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પુષ્પના હાર તથા ગજરા વિરાજમાન હતા અને પાઘ ઉપર પુષ્પના તોરા ઝૂકી રહ્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી શ્રીજીમહારાજે સર્વે હરિભક્તને કહ્યું જે, જે અમારા મોટા મોટા પરમહંસ છે તેની જેવી સ્થિતિ છે તે અમે તમને બાઈ-ભાઈ સર્વેને કહીએ તેને સાંભળીને પછી જેવી રીતે તમે સર્વે વર્તતાં હો ને જેવી તમને સ્થિતિ હોય તેવી રીતે તમે કહી દેખાડજો.

૧ એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** અમારા મુનિમંડળમાં જે મોટા મોટા સંત છે તેને એમ વર્તે છે જે પોતાના હૃદયને વિષે જે જાણપણું છે તે ભગવાનના ધામનો દરવાજો છે, તે દરવાજા ઉપર સર્વે સંત ઊભા છે, જેમ રાજાના ચાકર છે તે રાજાના ઘરને દરવાજે ઊભા રહ્યા થકા કોઈ ચોર-ચકારને રાજા પાસે જાવા દેતા નથી, અને તે રાજાના ચાકરને એમ હિંમત રહે છે જે કોઈ રાજા પાસે વિઘ્ન કરવા જાય, તો તેના કટકા કરી નાખીએ, પણ કોઈ રીતે રાજા સુધી પૂગવા દેઈએ નહિ, એવી હિંમતે સહિત ઢાલ-તરવાર બાંધીને ઊભા રહે છે, તેમ આ સર્વે સંત છે તે જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો ત્યાં ઊભા રહે છે ને એ જાણપણાને માંહી જે અક્ષરધામ તેમાં ભગવાન છે તેનાં દર્શન કરે છે, અને તે ભગવાન ભેળું પોતાના હૃદયને વિષે ધન, સ્ત્રી આદિક જે માયિક પદાર્થ તેને પેસવા દેતા નથી, અને કોઈ જોરે કરીને માયિક પદાર્થ હૃદયમાં પેસવા આવે તો તેનો નાશ કરી નાખે છે, પણ કોઈ રીતે જે ઠેકાણે ભગવાનને હૃદયમાં ધાર્યા છે તે ઠેકાણે પેસવા દેતા નથી, અને શૂરવીરની પેઠે સાવધાન થકા ઊભા રહે છે, અને હાણ-વૃદ્ધિ, સુખ-દુઃખ, માન-અપમાન આદિક અનંત જાતનાં વિઘ્ન આવે તેણે કરીને પોતાના મુકામથી ડગતા નથી. ત્યારે કોઈક આશંકા કરે જે, ત્યાંથી ડગતા નથી, ત્યારે દેહની ક્રિયા જે ખાનપાનાદિક તેને કેમ કરતા હશે ? તો તે દૃષ્ટાંતે કરીને કહીએ છીએ જે **જેમ પાણિયારી હોય તે કૂવા ઉપર જળ સિંચવા જાય છે ત્યારે કૂવાના કાંઠા ઉપર પગ મૂક્યો હોય તેની પણ સૂરત રાખે છે જે રખે કૂવામાં પડી જાઉં અને બીજી વૃત્તિએ કરીને કૂવામાંથી પાણી સિંચે છે, ને વળી બીજું દૃષ્ટાંત : જેમ કોઈક પુરુષ ઘોડે ચડ્યો હોય ત્યારે ઘોડાના પેગડામાં પગ હોય ત્યાં પણ સુરત રાખે, અને ઘોડાની લગામ પકડી હોય ત્યાં પણ સુરત રાખે, અને દોડતાં થકાં વાટમાં ઝાડ આવે, ખાડો આવે, પથરો આવે, ત્યાં પણ સુરત રાખે, એવી રીતે આ સર્વ સાધુ છે તે અંતરસન્મુખ દૃષ્ટિ રાખીને ભગવાનની સેવામાં પણ રહે છે, ને દેહની ક્રિયા પણ કરે છે ને પોતાની સ્થિતિમાંથી ડગતા નથી એવી રીતે શ્રીજીમહારાજે મોટા મોટા જે સંત તેની સ્થિતિ કહી દેખાડી,** ને પછી એમ બોલ્યા જે, તમારે સર્વેને પણ એવી રીતે અંતરસન્મુખ દૃષ્ટિ રાખીને નિરંતર ભગવાનની સેવામાં રહેવું, અને ભગવાન વિના બીજાં પદાર્થ વહાલાં થાવા દેવાં નહિ, એ વાતની અતિશે સાવધાની રાખવી અને જેમ રાજાનો ચાકર છે તે રાજા પાસે ગાફલ થઈને ઊભો હોય તો રાજા પાસે ચોર-ચકાર જઈને પૂગે ત્યારે એ ચાકરની ચાકરી ખોટી થાય. તેમ હરિભક્તને પણ ભગવાન વિના બીજાં પદાર્થમાં પ્રીત થઈ જાય તો જે ઠેકાણે પોતાના હૃદયને વિષે જાણપણામાં ભગવાન રહ્યા છે તે ઠેકાણે ધન, સ્ત્રી આદિક બીજા પદાર્થ પણ પેસી જાય, ત્યારે એની ભક્તિ ખોટી થઈ જાય. માટે પોતાની ભક્તિને નિર્વિઘ્ન રાખીને જે પરમેશ્વરના ચરણારવિંદને પામવાને ઇચ્છે તેને જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો તેને વિષે સાવધાન થઈને રહેવું, ને ભગવાન વિના બીજાં પદાર્થ ત્યાં પેસવા દેવાં નહિ, એવી

રીતે શ્રીજીમહારાજે પોતાના સર્વ ભક્તજનને શિક્ષાનાં વચન કહ્યાં. **(૧)** ઇતિ વચનામૃતમ્ ૧
**॥૯॥ (૨૪૩)**

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ ચાર સાધને સંપન્ન એવા અંતર્દષ્ટિવાળા અમારા એકાંતિક સંત છે, તે હૃદયને વિષે જાણપણારૂપ અમારા ધામનો દરવાજો ત્યાં રહે છે, ને એ જાણપણાની માંહી જે અક્ષરધામ તેમાં અમારાં દર્શન કરે છે ને અમારા ભેળું પોતાના હૃદયને વિષે બીજું માયિક પદાર્થ પેસવા દેતા નથી, એવી રીતે અંતર્વૃત્તિએ અમારી સેવા કરે છે, ને દેહની ક્રિયા પણ કરે છે; ને પોતાની સ્થિતિમાંથી પણ ડગતા નથી, એવી રીતે સર્વેને વર્તવું. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** જાણપણારૂપ ધામનો દરવાજો કહ્યો ને તેની માંહી અક્ષરધામ કહ્યું ને મોટા મોટા સંત અક્ષરધામમાં ભગવાનનાં દર્શન કરે છે, ને દરવાજે પણ ઊભા રહે છે એમ કહ્યું તે દરવાજો ને અક્ષરધામ શું સમજવું? અને સંત એ બે ઠેકાણે કેવી રીતે રહ્યા હશે?

૧ **ઉ૦** અંતર્દષ્ટિવાળા સંત પોતાને ધામરૂપ માનીને તે અક્ષરધામમાં શ્રીજીમહારાજનાં દર્શન કરે છે, ને પોતાના હૃદય સામી દૃષ્ટિ રાખીને હૃદયને વિષે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિએ સહિત આત્મા-પરમાત્માના જ્ઞાનરૂપી જાણપણું છે, તે હૃદયને વિષે કામ-ક્રોધાદિક તથા સ્ત્રી-દ્રવ્યાદિક કોઈ પદાર્થનો સંકલ્પ થવા દેતા નથી. માટે જાણપણારૂપ જે જ્ઞાન તે રૂપ દરવાજો જાણવો અને તે દરવાજે સંત ઊભા છે, એટલે આત્મા-પરમાત્માના જ્ઞાનરૂપી શુદ્ધ વિચાર છે તે વિચારે કરીને માયિક સંકલ્પ હૃદયમાં થવા દેતા નથી, ને હૃદયને માંહી અક્ષરધામ છે તેમાં શ્રીજીમહારાજનાં દર્શન કરે છે. **॥૯॥ (૨૪૩)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૧૦

❖સંવત ૧૮૮૩ના આસો વદિ ૧૨ દ્વાદશીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમે શ્રીજીમહારાજ પાસે એક માધ્વી સંપ્રદાયનો વિદ્વાન બ્રાહ્મણ આવ્યો તેને
૧ શ્રીજીમહારાજે પૂછ્યું જે, **(૧)** તમારા સંપ્રદાયના ગ્રંથને વિષે વૃંદાવનને જ ભગવાનનું ધામ કહ્યું છે, અને વળી એમ કહ્યું છે જે, મહાપ્રલયમાં પણ વૃંદાવનનો નાશ થાતો નથી. અને શિવમાર્ગી હોય તે એમ કહે છે જે, મહાપ્રલયમાં કાશીનો નાશ નથી થાતો. એ વાર્તા અમારા સમજ્યામાં આવતી નથી, શા માટે જે, મહાપ્રલયમાં તો પૃથ્વી આદિક પંચભૂતનો અતિશે પ્રલય થઈ જાય છે, ત્યારે વૃંદાવન ને કાશી તે કેમ રહેતાં હશે ? ને શાને આધારે રહેતાં હશે ? એવી જાતનો અતિશે મોટો સંશય થાય છે. એમ વાર્તા કરીને શ્રીજીમહારાજે ભાગવતનું પુસ્તક મગાવીને એકાદશ સ્કંધમાંથી તથા દ્વાદશ સ્કંધમાંથી ચાર પ્રકારના પ્રલયનો પ્રસંગ હતો તે વાંચી સંભળાવ્યો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, આ ભાગવતનો તથા ગીતાનો મત જોતાં તો જેટલું પ્રકૃતિપુરુષથી થયું છે, તે મહાપ્રલયમાં કાંઈ રહેતું નથી અને જો મહાપ્રલયમાં વૃંદાવન અખંડ રહેતું હોય તો તેના પ્રમાણનો વ્યાસજીના ગ્રંથનો શ્લોક તથા વેદની શ્રુતિ તે કહી સંભળાવો, શા માટે જે વ્યાસજીથી બીજા કોઈ મોટા આચાર્ય નથી. અને બીજા તો જે જે આચાર્ય થયા છે તેમણે વ્યાસજીના કરેલા ગ્રંથને આશરીને પોતપોતાના

સંપ્રદાય ચલાવ્યા છે, માટે આદિ આચાર્ય જે વ્યાસજી તેનાં જે વચન તે સર્વે આચાર્યનાં વચન કરતાં અતિ પ્રમાણ છે, માટે વ્યાસજીનાં વચન તથા વેદની શ્રુતિએ કરીને વૃંદાવન મહાપ્રલયમાં નાશ નથી થાતું એવું જે પ્રમાણ તે કહી સંભળાવો તો અમારો સંશય નિવૃત્ત થાય. અને જે જે આચાર્ય થયા તેણે પદ્મપુરાણના વચને કરીને પોતપોતાનો મત સ્થાપન કર્યો છે, તે તો પદ્મપુરાણમાં ક્ષેપક શ્લોક નાખી નાખીને સ્થાપન કર્યો છે, તે પોતાના મતના હોય તે માને પણ બીજા કોઈ માને નહિ, માટે શ્રીમદ્ ભાગવત સરખા પ્રસિદ્ધ પુરાણનું વચન કહી સંભળાવો તો અમારે પ્રતીતિ આવે. શા માટે જે વ્યાસજીએ વેદ, પુરાણ, ઇતિહાસ એ સર્વેનું સાર સાર ગ્રહણ કરીને શ્રીમદ્ ભાગવત કર્યું છે, માટે જેવું ભાગવત પ્રમાણ એવાં બીજાં પુરાણ અતિશે પ્રમાણ નહિ અને જેવી ભગવદ્ગીતા પ્રમાણ તેવું સમગ્ર ભારત પ્રમાણ નહિ માટે, એવા બળવાન શાસ્ત્રનું વચન કહી સંભળાવો તો અમને હા પડે. એવી રીતનાં જે શ્રીજીમહારાજનાં વચન તેને સાંભળીને તે બ્રાહ્મણ એમ બોલ્યો જે, હે મહારાજ ! તમે જે પ્રશ્ન કર્યો તે સત્ય છે, ને તમારા પ્રશ્નનો ઉત્તર કરવાને આ પૃથ્વી ઉપર કોઈ સમર્થ નથી, અને મારા મનને તો તમારા સ્વરૂપની દૃઢ પ્રતીતિ આવી છે જે તમે તો સર્વ આચાર્યના આચાર્ય છો ને ઈશ્વરના ઈશ્વર છો, માટે મુને તમારો સિદ્ધાંત હોય તે કૃપા કરીને કહો.

૨ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૨)** વેદ, પુરાણ, ઇતિહાસ ને સ્મૃતિઓ એ સર્વે શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત કર્યો છે, જે જીવ, માયા, ઈશ્વર ને પરમેશ્વર એ સર્વે અનાદિ છે, અને **માયા છે તે તો પૃથ્વીને ઠેકાણે છે, ને પૃથ્વીમાં રહ્યાં જે બીજ તેને ઠેકાણે જીવ છે, અને ઈશ્વર તો મેઘને ઠેકાણે છે તે પરમેશ્વરની ઇચ્છાએ કરીને પુરુષરૂપ જે ઈશ્વર તેનો માયા સંગાથે સંબંધ થાય છે, ત્યારે જેમ મેઘના જળના સંબંધે કરીને પૃથ્વીમાં હતાં જે બીજ તે સર્વે ઊગી આવે છે, તેમ માયામાંથી અનાદિ કાળના જીવ હતા તે ઉદય થઈ આવે છે,** પણ નવા જીવ નથી થાતા માટે જેમ ઈશ્વર અનાદિ છે તેમ માયા પણ અનાદિ છે ને તે માયાને વિષે રહ્યા જે જીવ તે પણ અનાદિ છે, પણ એ જીવ પરમેશ્વરના અંશ નથી; એ તો અનાદિ જીવ જ છે, તે જીવ જ્યારે પરમેશ્વરને શરણે જાય, ત્યારે ભગવાનની માયાને તરે ને નારદ-સનકાદિકની પેઠે બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામમાં જાય છે, ને ભગવાનનો પાર્ષદ થાય છે, એવી રીતે અમારો સિદ્ધાંત છે. એવી રીતનાં જે શ્રીજીમહારાજનાં વચન તેને સાંભળીને તે બ્રાહ્મણ પોતાના વૈષ્ણવપણાના માનનો ત્યાગ કરીને શ્રીજીમહારાજનો સમાશ્રય કરતો હવો, અને ઉદ્ધવ સંપ્રદાયની દીક્ષાને ગ્રહણ કરતો હવો. **(૧)** ઇતિ વચનામૃતમ્ ॥૧૦॥ **(૨૪૪) ૧**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં શ્રીજીમહારાજે ધ્રાંગધ્રા નિવાસી શાસ્ત્રી ભવાનીશંકર માધ્વી સંપ્રદાયના હતા તેને પોતાનો સિદ્ધાંત સમજાવ્યો છે, જે અમારી ઇચ્છાએ કરીને પુરુષ જે ઈશ્વર તેનો માયા સંગાથે સંબંધ થાય છે, ત્યારે માયામાં અનાદિકાળના જીવ રહ્યા છે. તે ઉદય થઈ આવે છે પણ નવા થતા નથી. અને જેમ ઈશ્વર અનાદિ છે તેમ માયા તથા જીવ પણ અનાદિ છે અને તે જીવ અમારા અંશ નથી; અનાદિ જીવ જ છે, તે જ્યારે અમારે શરણે થાય ત્યારે બ્રહ્મરૂપ

થઈને અમારા ધામને પામે એ અમારો સિદ્ધાંત છે. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** આમાં મૂળપુરુષને ઈશ્વર કહ્યા અને માયામાંથી પ્રધાનપુરુષાદિક ઉત્પન્ન થાય છે, તે સર્વેને જીવ કહ્યા. અને (**મ૦ ૩૧**ના ૨/૫ બીજા પ્રશ્નમાં) વૈરાજપુરુષને ઈશ્વર કહ્યા છે તે કેવી રીતે સમજવું ?

૧ **ઉ૦** વૈરાજપુરુષને વિષે મૂળપુરુષનો આવિર્ભાવ છે તેથી તેને ઈશ્વર કહેવાય છે, પણ વાસ્તવ્ય ઈશ્વર તો મૂળપુરુષ જ છે માટે આમાં વાસ્તવ્ય ઈશ્વરને ઈશ્વર કહ્યા છે, અને પરમેશ્વર શ્રીજીમહારાજે પોતાને કહ્યા છે. ॥૧૦॥ **(૨૪૪)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૧૧

❖સંવત ૧૮૮૪ના અષાડ સુદિ ૩ તૃતીયાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા અમે એક પ્રશ્ન પૂછીએ છીએ જે, **(૧)** ઈન્દ્રિયો ને મન એ બેને જીત્યાનું એક સાધન છે કે ઈન્દ્રિયોને જીત્યાનું જુદું સાધન છે ને મનને જીત્યાનું જુદું સાધન છે, એ પ્રશ્ન છે. પછી મોટા મોટા પરમહંસ હતા તેમણે જેવું ભાસ્યું તેવું તેણે કહ્યું પછી શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ, પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો ઉત્તર તો એમ છે જે, વૈરાગ્ય, સ્વધર્મ, તપ ને નિયમ એ ચાર સાધને કરીને ઈન્દ્રિયો જિતાય છે, અને ભગવાનની માહાત્મ્યે સહિત જે નવધા ભક્તિ તેણે કરીને મન જિતાય છે. **(૧)** ૧

૨ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨) જેવી નિર્વિકલ્પ સમાધિને વિષે ભગવાનના ભક્તને શાંતિ રહે છે તેવી એ સમાધિ વિના પણ શાંતિ રહે એવો શો ઉપાય છે ? પછી શ્રીજીમહારાજે કહ્યું જે, જેવી પોતાના દેહને વિષે આત્મબુદ્ધિ ને દઢ પ્રીતિ રહે છે તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ ને દઢ પ્રીતિ રહે તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે** એ જ એનો ઉત્તર છે. **(૨)** ૨

૩ પછી શ્રીજીમહારાજે વળી પરમહંસ પ્રત્યે પૂછ્યું જે, **(૩)** ગમે તેવા ભૂંડા દેશકાળાદિક પ્રાપ્ત થાય તો પણ કોઈ રીતે કલ્યાણના માર્ગમાંથી પાછો પડે જ નહિ, એવો જે હરિભક્ત હોય તેની કેઈ જાતની સમજણ હોય જે, જે સમજણે કરીને એવી રીતની એને દઢતા આવે છે જે તેને વિષે કોઈ રીતનું વિઘ્ન લાગતું નથી ? પછી મોટા મોટા સંત હતા તેમાં જેવું જેને ભાસ્યું તેણે તેવો ઉત્તર કર્યો, પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો ઉત્તર તો એમ છે જે, જીવને જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે તેવી ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ હોય તો તેને કોઈ રીતનું વિઘ્ન લાગે નહિ, ને ગમે તેવા દેશકાળાદિ ભૂંડા આવે તેણે કરીને એ ભગવાન ને ભગવાનના ભક્ત થકી વિમુખ થાય નહિ. **(૩)** ૩

૪ પછી વળી શ્રીજીમહારાજે પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** જાનકીજીને રામચંદ્રજીએ વનવાસ દીધો ત્યારે જાનકીજીએ અતિશે વિલાપ કરવા માંડ્યો ત્યારે લક્ષ્મણજી પણ અતિશે દિલગીર થયા. પછી સીતાજી લક્ષ્મણજી પ્રત્યે બોલ્યાં જે, હું મારા દુઃખ સારુ નથી રોતી; હું તો રામચંદ્રજીના દુઃખ સારુ રોઉં છું, શા માટે જે રઘુનાથજી અતિ કૃપાળુ છે તે લોકાપવાદ સારુ મુને વનમાં મૂકી, પણ હવે એમ વિચારતા હશે જે, સીતાને મેં વગર વાંકે વનમાં મૂકી છે, એમ જાણીને કૃપાળુ છે તે મનમાં બહુ દુઃખ પામતા હશે. માટે રામચંદ્રજીને કહેજો જે, સીતાને તો કાંઈ દુઃખ નથી, ને વાલ્મીકિ ઋષિના આશ્રમમાં જઈને સુખે તમારું ભજન કરશે, માટે તમે સીતાને દુઃખે કરીને કાંઈ દુઃખ પામશો મા. એમ સીતાજીએ લક્ષ્મણજી સંગાથે કહી મોકલ્યું, પણ કોઈ રીતે રામચંદ્રજીનો અવગુણ લીધો નહિ. એવી રીતે જે ભગવાન ને ભગવાનના ભક્તનો કોઈ રીતે અવગુણ લે નહિ, અને વૈરાગ્ય ને ધર્મ તે તો સામાન્યપણે હોય, એક હરિભક્ત તો એવો છે; અને બીજો હરિભક્ત છે તેને તો વૈરાગ્ય ને ધર્મ તો અતિ આકરા છે, પણ સીતાજીના જેવી સમજણ નથી; એ બે પ્રકારના હરિભક્ત છે તેમાં કિયા સંગાથે અતિશે પ્રીતિ રાખીને સોબત કરવી ? પછી ચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું જે ધર્મ ને વૈરાગ્ય જો સામાન્યપણે હોય તો પણ જેની જાનકીજીના જેવી સમજણ હોય તેનો જ **અતિશે પ્રીતિએ કરીને સમાગમ કરવો, પણ અતિશે વૈરાગ્ય ને ધર્મવાળો હોય, ને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તો તેનો સંગ કરવો નહિ. પછી શ્રીજીમહારાજે કહ્યું જે યથાર્થ ઉત્તર થયો. (૪)** ઈતિ વચનામૃતમ્ ॥૧૧॥ **(૨૪૫)** ૪

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૪)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે કે વૈરાગ્ય, સ્વધર્મ, તપ ને નિયમે કરીને ઈન્દ્રિયો જિતાય છે ને માહાત્મ્યે સહિત ભક્તિએ અંતઃકરણ જિતાય છે. **(૧)** બીજામાં અમારે વિષે ને અમારા સંતને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ થાય તેને નિર્વિકલ્પ સમાધિના જેવી શાન્તિ રહે છે. **(૨)** ત્રીજામાં એવી આત્મબુદ્ધિ હોય તેને દેશકાળાદિકનું વિઘ્ન ન લાગે, ને અમારાથી ને અમારા સંતથી વિમુખ ન થાય. **(૩)** ચોથામાં ધર્મ ને વૈરાગ્ય સામાન્ય હોય પણ અમારો ને અમારા ભક્તનો અવગુણ ન લે તેનો સંગ કરવો, અને અવગુણ લેતો હોય ને ધર્મ ને વૈરાગ્ય આકરા હોય તો પણ તેનો સંગ કરવો નહિ. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં જેવી દેહને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ છે તેવી જ અમારે વિષે ને અમારા ભક્તને વિષે રહે તો નિર્વિકલ્પ સમાધિના જેવી શાંતિ સદાય રહે એમ કહ્યું તે આત્મબુદ્ધિ ને પ્રીતિ કેવી રીતે જાણવી ?

૧ **ઉ૦** જેમ અજ્ઞાની જીવને દેહને વિષે એકત્વપણાની ભાવના થઈ ગઈ છે તે કોઈ પ્રકારે ટાળી ટળે નહિ, એવી દૃઢ પ્રીતિ છે તેમ શ્રીજીમહારાજને વિષે ને મુક્તને વિષે એકતા થઈ જાય જે શ્રીજીમહારાજ ને સંત તે ભુલાય જ નહિ, એવી આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ હોય ને ભગવાન ને ભગવાનના ભક્તને સુખે સુખિયો થાય, ને ભગવાન ને ભગવાનના ભક્તને દુઃખે દુઃખિયો થાય એવાં લક્ષણ જેને સાધનકાળમાં હોય તેને શ્રીજીમહારાજને વિષે ને સંતને વિષે આત્મબુદ્ધિ કહેવાય. અને જ્યારે સિદ્ધદશાને પામે ત્યારે જેવી રીતે દેહમાં રહીને સુખ-દુઃખ ભોગવે છે. તેવી રીતે શ્રીજીમહારાજની મૂર્તિમાં સુખભોક્તાપણે રહે, તે દૃઢ આત્મબુદ્ધિ કહેવાય.

૨ **પ્ર૦** શ્રીજીમહારાજ જ્યારે મનુષ્યરૂપે વિચરતા હોય ત્યારે તો તેમને દુઃખે દુઃખી ને સુખે સુખી થવાય પણ, આજ શ્રીજીમહારાજને દુઃખે દુઃખી ને સુખે સુખી શી રીતે થવાય ?

૨ **ઉ૦** પોતાના આત્માને વિષે શ્રીજીમહારાજની મૂર્તિને અખંડ દેખતા હોય, ને શ્રીજીમહારાજની પેઠે જ જીવોના અંત વખતે

દર્શન આપીને અક્ષરધામમાં તેડી જતા હોય ને સર્વ સંકલ્પને જાણતા હોય ને કોઈકને કહેતા પણ હોય, ને પોતાના સમાગમ કરનારના ઘાટ-સંકલ્પ ટાળી નાખતા હોય, ને શરણાગતને વિક્ષેપે રહિત કરીને ધ્યાનમાં શ્રીજીમહારાજને સુખે સુખિયા કરતા હોય ને શ્રીજીમહારાજની આજ્ઞા યથાર્થ પાળતા-પળાવતા હોય તેવા સત્પુરુષને સુખે સુખી ને દુઃખે દુઃખી થાય તેમાં ભગવાન આવી જાય. **॥૧૧॥ (૨૪૫)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૧૨

❖સંવત ૧૮૮૪ના અષાડ વદિ ૮ અષ્ટમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાની મેડીના ગોખને વિષે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ પોતાના ભક્તજનને શિક્ષા કરવાને અર્થે વાર્તા કરતા હવા જે, **(૧) જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને કોઈ પ્રકારનું માન રાખવું નહિ, જે હું ઊંચા કુળમાં જન્મ પામ્યો છું કે હું ધનાઢ્ય છું કે હું રૂપવાન છું કે હું પંડિત છું એવું કોઈ પ્રકારનું મનમાં માન રાખવું નહિ, અને ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ થઈ રહેવું. ને ભગવાન તથા ભગવાનના ભક્ત તેનો જેને અવગુણ આવ્યો હોય, ને તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને હડકાયા શ્વાન જેવો જાણવો, જેમ હડકાયા શ્વાનની લાળ જેને અડે તેને પણ હડકવા હાલે, તેમ જેને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તે સાથે જે હેત રાખે, અથવા તેની વાત સાંભળે તો તે હેતનો કરનારો ને વાતનો સાંભળનારો પણ વિમુખ સરખો થાય, અને વળી જેમ ક્ષયરોગ થયો હોય તે કોઈ ઔષધે કરીને મટે જ નહિ, તેમ જેને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તેના હૃદયમાંથી ક્યારેય આસુરી મતિ ટળે નહિ, અને અનંત બ્રહ્મહત્યા કરી હોય, અને અનંત બાળહત્યા કરી હોય, ને અનંત સ્ત્રી હત્યા કરી હોય, ને અનંત ગૌહત્યા કરી હોય, ને અનંત ગુરુસ્ત્રીનો સંગ કર્યો હોય તેનો પણ કોઈ કાળે છૂટકો થાય, ને શાસ્ત્રમાં તે પાપ છૂટ્યાનો ઉપાય કહ્યો છે, પણ ભગવાન ને ભગવાનના ભક્તના અવગુણ લેવાવાળાને કોઈ શાસ્ત્રમાં એ પાપથી છૂટ્યાનો ઉપાય કહ્યો નથી અને ઝેર ખાય અથવા સમુદ્રમાં પડે અથવા પર્વતથી પડે, અથવા કોઈ રાક્ષસ મળે ને ખાઈ જાય તો એક જ વાર મરવું પડે અને જે ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહી હોય તેને તો અનંતકોટી કલ્પ સુધી મરવું પડે ને અવતરવું પડે. અને વળી ગમે તેવો શરીરમાં રોગ થયો હોય ને તેણે કરીને શરીર પડે અથવા કોઈ શત્રુ મળે ને શરીરનો નાશ કરી નાખે પણ જીવનો નાશ થાતો નથી, અને ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કર્યાથી તો જીવનો પણ નાશ થઈ જાય છે.** ત્યારે કોઈ કહેશે જે જીવનો નાશ કેમ થાતો હશે ? તો ત્યાં દૃષ્ટાંત જે, જેમ હીજડો હોય તે પુરુષ પણ ન કહેવાય ને સ્ત્રી પણ ન કહેવાય, એ તો કેવળ વૃંદળ કહેવાય, તેમ જે ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહનો કરનારો હોય તેનો જીવ પણ એવો નકારો થઈ જાય, જે કોઈ દિવસ પોતાના કલ્યાણના ઉપાયને કરી જ શકે નહિ, માટે એનો જીવ નાશ થઈ ગયો

જાણવો, એમ જાણીને ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો જ નહિ. **(૧)** અને **વળી** ૧
**પોતાના દેહનાં જે સગાં-સંબંધી હોય ને તે સત્સંગી હોય તો પણ તેમાં અતિશે હેત રાખવું નહિ, જેમ દૂધ-સાકર હોય ને તેમાં સર્પની લાળ પડી હોય તેનું જે પાન કરે તેના પ્રાણ જાય, તેમ પોતાના દેહનાં જે સગાં-સંબંધી હોય ને તે હરિભક્ત હોય તો પણ તેમાં દેહનાં સંબંધરૂપ સર્પની લાળ પડી છે માટે તેમાં હેતના કરનારાનું જરૂર અકલ્યાણ થાય છે. એમ જાણીને જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તેને દેહનાં જે સગાં-સંબંધી હોય તે સાથે હેત રાખવું નહિ. એમ સંસારમાંથી નિઃસ્પૃહ થઈને ભગવાનના ચરણારવિંદમાં પ્રીતિ રાખીને ભગવાનનું ભજન કર્યા કરવું.** આ જે અમે વાત કરી છે તેને જે અંતરમાં રાખે તેને કોઈ રીતે કલ્યાણના માર્ગમાં વિઘ્ન થાય જ નહિ, અને આ જે વાત તે કરામત જેવી છે. એમ કહીને શ્રીજીમહારાજે વાર્તાની સમાપ્તિ કરી. **(૨)** ઇતિ વચનામૃતમ્ **॥૧૨॥ (૨૪૯)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે કલ્યાણ ઈચ્છવું હોય તેને માન રાખવું નહિ, ને દાસ થઈને રહેવું ને અમારો કે અમારા ભક્તનો અવગુણ લેનારો ને તેની વાત સાંભળનારો બેય વિમુખ થાય છે, ને એ પાપથી છૂટ્યાનો કોઈ ઉપાય નથી, ને એના જીવનો પણ નાશ થઈ જાય છે. **(૧)** અને સંબંધી હરિભક્ત હોય તો પણ તેના સાથે હેત કરનારનું કલ્યાણ થાય નહિ, ને અમારે વિષે જ પ્રીતિ રાખીને અમારું ભજન કરે તેને કલ્યાણમાં વિઘ્ન થાય જ નહિ. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** જેને દ્રોહે જીવ નાશ પામે તે ભક્ત કેવા જાણવા ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજના ધામમાંથી આવેલા મુક્ત જાણવા અને સાધનદશાવાળા હોય તેમાં કોઈ પ્રકારનો દોષ ન હોય ને પંચવર્તમાન યથાર્થ પાળતા હોય ને અલ્પ વચન પણ ન લોપતા હોય, ને શત્રુ-મિત્ર સમ થઈ ગયા હોય ને પોતાને અક્ષરધામરૂપ માનીને શ્રીજીમહારાજની મૂર્તિને ધરી રહ્યાં હોય, એવા એકાંતિક ભક્તનો દ્રોહ પણ શ્રીજીમહારાજના જેવો જ છે. અને અખંડ ધ્યાન ન ધરી શકતા હોય, પણ અલ્પ વચન લોપતા ન હોય, ને દ્રોહ કરનારનું ભૂંડું ન ઈચ્છતા હોય અને શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના હોય એવા ભક્તના દ્રોહે કરીને પણ એવું જ પાપ થાય છે, અને જે પંચવર્તમાનમાં ફેર પાડતો હોય તેને તો ભક્ત ન જાણવો, અને તેનો અવગુણ લે તેમાં બાધ નથી એમ (**પ્ર૦ ૫૩** તથા **છે૦ ૨૧/૩**માં) કહ્યું છે.

૨ **પ્ર૦** બીજી બાબતમાં આ વાત કરામત જેવી કહી તે કેવી જાણવી ?

૨ **ઉ૦** જેમ તાંબાનું રૂપું કરવું હોય તથા લોઢાનું સોનું કરવું હોય તે કોટી સાધને પણ થાય નહિ, પણ જે કરામતવાળો હોય તે વગર દાખડે ને વગર ખરચે કરી દે તેમ આ જીવ કોટી કલ્પે ને કોટી સાધને પણ જીવ મટીને ઈશ્વર પણ થઈ શકે નહિ તો તેથી પર બ્રહ્મ ને તેથી પર મૂળઅક્ષર ને તેથી પર મુક્ત થવું તે થવાય જ નહિ, તે શ્રીજીમહારાજનો ને તેમના ભક્તનો દ્રોહ ન કરે ને દેહના સંબંધી સાથે હેત ન રાખે ને શ્રીજીમહારાજને વિષે પ્રીતિ રાખીને ભજન કરે એટલામાં જ મુક્ત થાય તે વાત કરામત જેવી એટલે આશ્ચર્યકારક કહી છે. **॥૧૨॥ (૨૪૯)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૧૩

❖સંવત ૧૮૮૪ના અષાડ વદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે મોગરાનાં પુષ્પના હાર ને પાઘને વિષે તોરા વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની

સભા ભરાઈને બેઠી હતી. અને આગળ મુનિમંડળ દુકડ-સરોદા લઈને કીર્તન ગાતા હતા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, કીર્તન રાખો હવે ભગવદ્‌વાર્તા કરીએ એમ કહીને
૧ શ્રીજીમહારાજે મુનિમંડળ પ્રત્યે પૂછ્યો જે, **(૧)** જીવનો દેહ છે તે તો પૂર્વ કર્મને આધીન છે; તેનો એક નિરધાર રહેતો નથી તે ક્યારેક સાજો રહે ને ક્યારેક કર્માધીનપણે કરીને માંદો થઈ જાય ને ક્યારેક સ્વતંત્ર વર્તતો હોય ને ક્યારેક પરાધીન પણ થઈ જાય અને ધાર્યું હોય તે ઠેકાણે રહેવાય કે ન જ રહેવાય, અને કયારેક હરિભક્તના મંડળમાં રહેતા હોઈએ ને કર્મ કે કાળને યોગે કરીને નોખા પડી ગયા ને એકલા જ રહી જવાય, ત્યારે જે જે નિયમ રાખવાની દૃઢતા હોય તેનો કાંઈ મેળ રહે જ નહિ. અથવા ઈંગ્રેજ જેવો કોઈક રાજા હોય ને તેણે ક્યાંઈક પરવશ રાખ્યા અથવા પોતાના મન ને ઈન્દ્રિયો તે ઈંગ્રેજ જેવાં જ છે તેણે પરવશ રાખ્યાં, ત્યારે જે સંતના મંડળમાં રહેવું ને સત્સંગની મર્યાદા પાળવી તેનો કાંઈ મેળ રહે નહિ. અને શાસ્ત્રમાં તો એમ કહ્યું છે જે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચાર સંપૂર્ણ હોય ત્યારે એકાંતિક ભક્ત કહેવાય ને એકાંતિકની જે મુક્તિ છે તેને પામે, ને કાળ-કર્મને યોગે કરીને દેહની અવસ્થા તો એકની એક રહે એમ જણાતું નથી, માટે ભગવાનના ભક્તને કેઈ રીતે એકાંતિકપણું રહે છે ? એ પ્રશ્ન છે. પછી ગોપાળાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ ઇત્યાદિક મોટા મોટા સાધુ હતા, તેમણે જેવું જેને જણાણું તેવો ઉત્તર કર્યો પણ એ પ્રશ્નનું સમાધાન ન થયું. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેમ અમારે ભગવાનને વિષે નિષ્ઠા રહે છે તેમ અમે કહીએ, જે અમારે તો ગમે તેવું સુખ-દુઃખ આવે, તથા સંપત-વિપત આવે, તેમાં એમ રહે છે જે એક તો ભગવાનની અતિશે મોટપ જાણીએ છીએ તેણે કરીને આ સંસારમાં મોટા મોટા રાજાની સમૃદ્ધિ ને રાજ્યલક્ષ્મી તેને જોઈને લેશમાત્ર પણ અંતરમાં તેનો ભાર આવતો નથી, અને એમ સમજીએ છીએ જે આપણે તો ભગવાન થકી કાંઈ અધિક નથી ને આપણો જીવ છે તે ભગવાનના ચરણારવિંદમાં ચોંટાડ્યો છે અને ભગવાન સંગાથે એવી દૃઢ પ્રીતિ કરી છે જે, તે પ્રીતિને કાળ-કર્મ-માયા એમાંથી કોઈએ ટાળવાને અર્થે સમર્થ નથી, અને પોતાનો જીવ એ પ્રીતિ ટાળવાને કરે તો ય પણ ભગવાનમાંથી એ પ્રીતિ ન ટળે એવી રીતનો દૃઢાવ છે, તે ગમે તેવું સુખ-દુઃખ આવે છે તો ય નથી ટળતો. અને સ્વભાવિક જીવમાં એવી રુચિ રહે છે જે શહેર હોય કે મેડી હોય કે રાજદરબાર હોય ત્યાં તો ગમે જ નહિ, અને વન હોય, પર્વત હોય, નદી હોય, ઝાડ હોય, એકાંત ઠેકાણું હોય ત્યાં અતિશે ગમે છે, ને એમ જાણીએ છીએ જે એકાંતમાં બેસીને ભગવાનનું ધ્યાન કરીએ તો સારું, એવી સદાય રુચિ રહે છે. અને જ્યારે અમને રામાનંદ સ્વામીનું દર્શન નહોતું થયું ત્યારે મુક્તાનંદ સ્વામી સંગાથે અમે એમ ઠરાવ કરી રાખ્યો હતો જે, મુંને રામાનંદ સ્વામીનું દર્શન કરાવો તો આપણે બે જણ વનમાં જઈને ભગવાનનું અખંડ ધ્યાન કર્યા કરશું, અને કોઈ દિવસ વસ્તીમાં તો આવશું જ નહિ એમ મનનો

ઠરાવ હતો, તે હમણાં પણ મન એવું ને એવું જ વર્તે છે. અને ભગવાન ને ભગવાનના જે ભક્ત તેમાં તો એવું દૃઢ હેત છે જે, તેને કાળ, કર્મ ને માયા તેમાંથી કોઈએ ટાળવાને સમર્થ નથી ને પોતાનો જીવ ટાળ્યાનું કરે તોય પણ હૃદયમાંથી ટળે જ નહિ એવી ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે અતિશે પ્રીતિ છે અને અમે કેટલીક વાર સત્સંગમાંથી જાવાને અર્થે ઉદાસ થયા છીએ, પણ ભગવાનના ભક્તનો સમૂહ જોઈને ટક્યા છીએ, તે કોઈ રીતે મૂકીને જવાતું નથી. અને જેને હું ભગવાનનો ભક્ત ન જાણું તે ઠેકાણે તો મુને રાખ્યાના કોટી ઉપાય કરે તો ય ન જ રહેવાય, અને ગમે તેવી અમારી શુશ્રૂષા કરે તોય અભક્ત સંગાથે અમારે બને જ નહિ; એવી રીતે ભગવાનના ભક્ત સંગાથે અમે અમારા જીવને અતિશે પ્રીતિએ કરીને જોડી રાખ્યો છે, અને તે ભગવાન વિના બીજું કાંઈ પદાર્થ વહાલું રાખ્યું નથી. માટે શા સારુ ભગવાનમાં પ્રીતિ નહિ રહે ? અને ભગવાનનાં કથા-કીર્તનાદિક કરતાં હોઈએ ત્યારે તો એવી મસ્તાઈ આવે છે, જે જાણીએ દીવાના થઈ જવાશે અને જેટલો વિવેક રહે છે તે તો કોઈક ભક્તજનના સમાસને અર્થે રહે છે, પણ મનમાં તો એવી ને એવી જ ખુમારી રહે છે અને ઉપરથી તો લોકને ભળતો વ્યવહાર રાખીએ છીએ. **(૧)** અને તે ભગવાન છે ૧
તે આ દેહના પ્રવર્તાવનારા છે તે ગમે તો દેહને હાથીએ બેસારો ને ગમે તો બંધીખાનામાં નખાવો અને ગમે તો આ દેહમાં કોઈક મોટો રોગ પ્રેરો, પણ **કોઈ દિવસ ભગવાન આગળ એવી પ્રાર્થના કરવી નથી જે, હે મહારાજ ! આ મારું દુઃખ છે તેને ટાળો, શા માટે જે આપણે તો પોતાના દેહને ભગવાનના ગમતામાં વર્તાવવો છે. તે જેમ એ ભગવાનનું ગમતું હોય તેમ જ આપણે ગમે છે પણ ભગવાનના ગમતા થકી પોતાનું ગમતું લેશમાત્ર પણ નોખું રાખવું નથી. અને આપણે જ્યારે તન, મન, ધન, ભગવાનને અર્પણ કર્યું ત્યારે હવે ભગવાનની ઈચ્છા તે જ આપણું પ્રારબ્ધ છે તે વિના બીજું કોઈ પ્રારબ્ધ નથી, માટે ભગવાનની ઈચ્છાએ કરીને ગમે તેવું સુખ-દુઃખ આવે તેમાં કોઈ રીતે અકળાઈ જાવું નહિ, ને જેમ ભગવાન રાજી તેમ જ આપણે રાજી રહેવું.** એવી રીતે શ્રીજીમહારાજ પોતાને ઉદ્દેશે કરીને જે ભગવાનના અતિ દૃઢ ભક્ત હોય તેને જેમ સમજવું ઘટે ને જેમ ભગવાનમાં દૃઢ પ્રીતિ કરી જોઈએ તે સર્વે વાર્તા કરી દેખાડતા હવા. **(૨)** ઈતિ વચનામૃતમ્ ॥૧૩॥ **(૨૪૭)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦**– આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારી મોટપ જાણે તથા વૈરાગ્ય હોય તથા અમારું ધ્યાન કરવાની રુચિ હોય તથા અમારે વિષે ને અમારા ભક્તને વિષે અતિશે પ્રીતિએ કરીને જીવ જોડ્યો હોય એને કાળ-કર્માદિક પરાભવ કરી શકતા નથી. **(૧)** અને અમારી ઈચ્છા એ જ અમારા ભક્તને પ્રારબ્ધ માનવું. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં શ્રીજીમહારાજે પોતાના ઉદ્દેશે કરીને પોતાના એકાંતિક ભક્તની સમજણ કહી તેમાં અમારા ભક્ત અમારે વિષે દૃઢ પ્રીતિ કરે છે તે પ્રીતિને કાળ, કર્મ, માયા ટાળવાને સમર્થ નથી એમ કહ્યું તે કેવી રીતે પ્રીતિ ટાળતાં હશે ? અને જે ભક્તે ભગવાનને વિષે પ્રીતિ કરી છે તેનો જીવ પ્રીતિ ટાળવાનું કરે તો પણ ટળે નહિ એમ કહ્યું, તે પ્રીતિ કરનાર જ એ પ્રીતિ ટાળવાનું કેવી રીતે કરતો હશે ?

૧ **ઉ૦** એ ભક્તે શ્રીજીમહારાજનો મહિમા જાણીને શ્રીજીમહારાજ તથા તેમના મુક્ત સાથે દૃઢ પ્રીતિ કરી હોય તે ભક્તને

પ્રારબ્ધ વશે કરીને પરદેશમાં જાવું પડે ત્યાં સત્પુરુષનો યોગ ન હોય ને દારૂ-માંસના ભક્ષણ કરનારા અધર્મી મનુષ્યોના ભેળું રહેવું પડે, ત્યાં પણ પોતાને શ્રીજીમહારાજને વિષે ને તેમના ભક્તને વિષે પ્રીતિ હોય તેમાં ફેર પડે નહિ, ને તે વિના બીજે ક્યાંઈ લેશમાત્ર પ્રીતિ થાય નહિ અને કર્મે કરીને દેહમાં રોગાદિક પ્રાપ્તિ થાય ને ખાવા પણ મળે નહિ ને અતિશે દુઃખ પ્રાપ્ત થાય તો પણ અકળાય નહિ જે હું સ્વામિનારાયણ ભગવાનને ભજું છું તો પણ મારી સહાય કરતા નથી એવો સંકલ્પ થાય નહિ ને સદા રાજી રહે અને એ દુઃખ શ્રીજીમહારાજ ટાળે તો ઠીક એવો પણ સંકલ્પ કરે નહિ, ને શ્રીજીમહારાજ મને દુઃખ દે છે તે મારું સારું જ કરતા હશે એમ સમજે પણ તે દુઃખથી લેશમાત્ર મૂંઝવણ થાય નહિ. અને માયા છે તે ઇન્દ્રિયો-અંતઃકરણદ્વારે ઘાટ કરાવે જે તું ભગવાનને ભજી ભજીને મરી ગયો તોય ભગવાન તને દુઃખ દે છે માટે ભજન મૂકી દે તો સુખ થાય તથા બીજા લોકોદ્વારે એવા શબ્દો બોલાવીને શ્રીજીમહારાજને વિષેથી પ્રીતિમાં ડગમગાટ કરાવે તો પણ ડગે નહિ એ કાળ-કર્મ-માયાનો ડગાવ્યો ન ડગ્યો કહેવાય. અને આ લોકની અતિશે સંપત થાય ને ઘણાં ઐશ્વર્ય પ્રાપ્ત થાય તેમાં લોભાવાનો સંકલ્પ થાય પણ પ્રથમ શ્રીજીમહારાજની મોટપ જાણેલી છે તે શ્રીજીમહારાજનો મહિમા વિચારે તે શુદ્ધ વિચાર વડે કરીને સંકલ્પને ટાળી નાખે તે પોતાનો જીવ ટાળવાનું કરે તો પણ ટળે નહિ એમ જાણવું.

૨ **પ્ર૦** શ્રીજીમહારાજે રામાનંદ સ્વામીનાં દર્શન ઇચ્છ્યાં ને વનમાં જઈને અખંડ ધ્યાન કરવાનું કહ્યું અને સત્સંગમાંથી કેટલીક વાર જવાને અર્થે ઉદાસ થયા છીએ એમ કહ્યું તે શ્રીજીમહારાજ તો પોતે ભગવાન છે એમને રામાનંદ સ્વામીનાં દર્શનનું શું પ્રયોજન હશે ? અને ધ્યાન કોનું કરવાનું હશે ? અને ઉદાસ થવાનું શું કારણ હશે ?

૨ **ઉ૦** અમારા તથા સત્પુરુષનાં દર્શનની આતુરતા રાખવી તથા અમારું ધ્યાન કરવું એમ પોતાના આશ્રિતોને શીખવવાને અર્થે પોતાને મિષે વાત કરી છે. અને જેને અમારું સદાય ધ્યાન કરવાની રુચિ હોય તેને પણ અમારા ભક્તના સમૂહમાં રહીને જ અમારું ધ્યાન કરવું પણ અમારા ભક્તના સંગથી ઉદાસ ન થાવું એમ પોતાના આશ્રિતોને સૂચવ્યું છે.

૩ **પ્ર૦** ભગવાનનાં કથા-કીર્તનાદિક કરતા હોઈએ ત્યારે દીવાના થઈ જવાશે એવી મસ્તાઈ આવે છે એમ કહ્યું તે મસ્તાઈ શી સમજવી ? અને કોઈક ભક્તજનના સમાસને અર્થે વિવેક રહે છે એમ કહ્યું તે વિવેક શો સમજવો ?

૩ **ઉ૦** શ્રીજીમહારાજની કથા-કીર્તનાદિકમાં શ્રીજીમહારાજનો મહિમા આવે ત્યારે અતિશે પ્રીતિવાળા ભક્ત પ્રેમમગ્ન થઈને પોતાની દેહદશા ભૂલી જાય ને મૂર્તિમાં જોડાઈ જાય ને અલમસ્તની પેઠે વર્તે અને મૂર્તિમાંથી બહાર નીકળવું તે પ્રિય ન લાગે તો પણ બીજા ભક્તના કલ્યાણને અર્થે દેહમાં વર્તીને તેમને જ્ઞાન-ઉપદેશ કરવો એ વિવેક સમજવો.

૪ **પ્ર૦** પહેલી બાબતમાં જીવનો દેહ પૂર્વકર્મને આધીન કહ્યો અને બીજીમાં અમારી ઇચ્છા એ જ તમારું પ્રારબ્ધ છે એમ કહ્યું તેનું શું કારણ હશે ? અને બીજીમાં તન-મન-ધન અર્પણ કર્યું કહ્યું તે અર્પણ કર્યું ક્યારે કહેવાય ?

૪ **ઉ૦** સ્થૂળ દેહે કરીને શિક્ષાપત્રી, જનશિક્ષા, નિષ્કામશુદ્ધિ ને ધર્મામૃત તેને વિષે કહેલા જે ત્યાગી-ગૃહીના નિયમ તે સર્વે પાળે ત્યારે તન અર્પણ કર્યું કહેવાય અને મને કરીને શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ એકે સંકલ્પ થાવા દે નહિ ને મનની વૃત્તિ મૂર્તિમાં અખંડ રાખે ત્યારે મન અર્પણ કર્યું કહેવાય. અને પોતાના ઉદ્યમમાંથી જે પ્રાપ્ત થાય તેમાંથી દશોંદ-વિશોંદ ભાગ શ્રીજીમહારાજને અર્પણ કરે ત્યારે ધનની શુદ્ધિ થાય છે ને શેષ રહ્યું તે પોતાના નિર્વાહમાં ને સત્સંગમાં જ વાપરે તે ધન અર્પણ કર્યું કહેવાય. **(૩)** આવી રીતે ઉપર કહ્યા પ્રમાણે જે ભક્તજન વર્તે તેને શ્રીજીમહારાજની ઇચ્છા એ જ પ્રારબ્ધ છે. **॥૧૩॥ (૨૪૭)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૧૪

❖સંવત ૧૮૮૪ના અષાડ વદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને મસ્તક ઉપર પાઘમાં પુષ્પના તોરા ઝૂકી રહ્યા હતા ને કંઠને વિષે પુષ્પના હાર પહેર્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને મુનિમંડળ કીર્તન ગાવતા હતા પછી

શ્રીજીમહારાજે કહ્યું જે, કીર્તનભક્તિની સમાપ્તિ કરો ને પ્રશ્ન-ઉત્તર કરીએ.

૧ પછી મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને પૂછ્યું જે, **(૧)** હે મહારાજ ! પરમેશ્વર થકી તો બીજું કાંઈ સાર વસ્તુ નથી તો પણ એ પરમેશ્વરમાં એ જીવને કેમ દૃઢ પ્રીતિ થાતી નથી ? એ પ્રશ્ન છે. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એને વિવેક નથી, જો વિવેક હોય તો એમ વિચાર થાય જે, મારે તો બ્રહ્મચર્યવ્રત છે તો પણ સ્ત્રીના સુખની તૃષ્ણા હૃદયમાંથી ટળતી નથી તે બહુ ખોટું છે. અને તે સ્ત્રીનું સુખ તો ચોરાશી લાખ યોનિમાં જ્યાં જ્યાં જન્મ ધર્યા ત્યાં ત્યાં સર્વત્ર પ્રાપ્ત થયું છે, તે પણ મનુષ્યદેહથી અધિક પ્રાપ્ત થયું છે, કેમ જે એ જીવ બકરો થયો હશે ત્યારે હજાર બકરીઓને પોતે એકલો ભોગવતો હશે અને જ્યારે ઘોડો કે પાડો કે સાંઢ કે બુઢિયો વાંદરો ઈત્યાદિક પશુના દેહને પામ્યો હશે ત્યારે તેને વિષે પોતપોતાની જાતની અતિશે રૂપવાન ને યૌવનવાન એવી અનંત સ્ત્રીઓ તે એકેએક એને મળી હશે, ને તેમાં કાંઈ પ્રારબ્ધનું કારણ નથી ને ભગવાનની કૃપાનું પણ કારણ નથી એ તો સહેજે જ મળી હતી, ને વળી પણ જો ભગવાનનું ભજન નહિ કરે તો જે જે યોનિમાં જાશે ત્યાં ત્યાં અનંત સ્ત્રીઓ પ્રાપ્ત થાશે ને તેમાં કોઈ દેવતાનું પણ સેવન-પૂજન નહિ કર્યું જોઈએ, ને કોઈ મંત્રનો પણ જપ નહિ કર્યો જોઈએ; એ તો સહેજે જ તે સ્ત્રિયાદિકના સુખને પામશે અને આ જીવે કેટલીક વાર દેવતા થઈને દેવલોકનાં પણ સુખ ભોગવ્યાં છે ને કેટલીક વાર ચક્રવર્તી રાજા થઈને પૃથ્વીમાં પણ અનંત સુખ ભોગવ્યાં છે તો પણ એ જીવને સ્ત્રિયાદિક જે પદાર્થ છે તેને ભોગવ્યાની તૃષ્ણા ટળતી નથી, ને સ્ત્રિયાદિકનું જે સુખ છે તેનું અતિશે દુર્લભપણું જાણે છે, ને તેનું અતિ માહાત્મ્ય જાણીને તેમાં પ્રીતિ કરે છે તે પ્રીતિ કોઈ રીતે ટાળી ટળતી નથી. એ પાપે કરીને પરમેશ્વરમાં દૃઢ પ્રીતિ થાતી નથી, અને એવી મલિન વાસના આ જીવને થાય છે તે અમે નજરે દીઠી છે. જ્યારે અમે નાના હતા ત્યારે અયોધ્યાપુરીમાં એક શિવનું મંદિર હતું તેમાં જઈને અમે સૂતા ત્યાં એક કાયસ્થ નિત્ય શિવનું પૂજન કરવાને આવતો, તે શિવની પૂજા કરીને ગાલ વજાડીને એમ વર માગતો જે, હે મહારાજ ! હે શિવજી ! મને કોઈ દિવસ મનુષ્યનો અવતાર દેશો મા, શા માટે જે મનુષ્ય દેહમાં તો ત્રાંબું ખાઈ ખાઈને મરી ગયા પણ સ્ત્રીનું સુખ સારી પેઠે ભોગવાતું નથી, માટે હે શિવજી ! મને તો જન્મોજન્મ લંબકર્ણનો જ અવતાર દેજો, જે લાજ-મર્યાદા મૂકીને સારી પેઠે સ્ત્રીનું સુખ તો ભોગવીએ ! એમ નિત્ય શિવજી પાસે વર માગતો. એવી રીતે આ જીવના હૃદયમાં પાપરૂપ વાસના થાય છે માટે એને કોઈ રીતે પરમેશ્વરમાં પ્રીતિ થાતી નથી. **(૧)** ૧

૨ પછી મુક્તાનંદ સ્વામીએ વળી પૂછ્યું જે, **(૨)** હે મહારાજ ! જેને એવો અતિશે અવિવેક હોય તેને તો ભગવાનમાં પ્રીતિ ન થાય પણ જેને એમ જણાતું હોય જે ભગવાન સર્વ સુખના નિધિ છે ને ભગવાન વિના બીજાં પદાર્થ છે તે તો કેવળ દુઃખદાયી જ છે તો પણ તેને ભગવાનમાં પ્રીતિ નથી થાતી તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ જીવને

પૂર્વજન્મને વિષે અથવા આ જન્મને વિષે કોઈક અતિશે ભૂંડાં જે દેશ, કાળ, સંગ ને ક્રિયા તેનો યોગ થઈ ગયો છે તેણે કરીને અતિશે તીક્ષ્ણ કર્મ થયાં છે, તે ભૂંડાં કર્મનો એના ચિત્તમાં પાશ લાગ્યો છે, માટે સાર-અસારને જાણે છે તો પણ એને અસારનો ત્યાગ કરીને પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થાતી નથી. **(૨)** તે જેવી રીતે ભૂંડાં દેશ, કાળ, ક્રિયા ને સંગ તેને યોગે કરીને **૨**
ભૂંડાં કર્મનો ચિત્તમાં પાશ બેઠો છે, તેવી રીતે અતિશે પવિત્ર દેશ, પવિત્ર કાળ, પવિત્ર ક્રિયા ને પવિત્ર સંગ તેને યોગે કરીને અતિશે તીક્ષ્ણ જો સુકૃત કર્મ થાય તો તેને યોગે કરીને અતિ તીક્ષ્ણ જે ભૂંડાં પાપકર્મ તેનો નાશ થઈ જાય છે ત્યારે એને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ થાય છે એ પ્રશ્નનો એ જ ઉત્તર છે. **(૩)** ૩

૩ પછી અયોધ્યાપ્રસાદજીએ પૂછ્યું જે, **(૩)** એકની તો બુદ્ધિ પણ ઘણી હોય ને શાસ્ત્રમાં પણ બહુ દૃષ્ટિ પૂગતી હોય, ને બીજો છે તેની તો બુદ્ધિ પણ થોડી હોય ને શાસ્ત્રમાં પણ ઝાઝું જાણતો ન હોય, અને ઘણી બુદ્ધિવાળો હોય તે સત્સંગમાંથી વિમુખ થઈ જાય છે ને થોડી બુદ્ધિવાળો હોય તે દૃઢ થકો સત્સંગમાં રહે છે, તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, આ સંસારને વિષે દૈવી ને આસુરી બે પ્રકારના જીવ છે. તેમાં આસુરી જીવ હોય તેને ઝાઝી બુદ્ધિ હોય તો પણ સત્સંગમાંથી વિમુખ જ થાય, ને દૈવી જીવ હોય ને તેને થોડી બુદ્ધિ હોય તો પણ કોઈ કાળે સત્સંગમાંથી વિમુખ ન થાય. **જેમ મરચાનું બીજ હોય ને લીંબડાનું બીજ હોય ને શિંગડિયા વછનાગનું બીજ હોય તેને વાવીને નિત્ય સાકરનું પાણી સિંચીએ તો પણ મરચાં તે તીખાં જ થાય ને લીંબડો તે કડવો જ થાય ને શિંગડિયો વછનાગ તે ઝેર જ થાય, શા માટે જે એનું બીજ ભૂંડું છે. અને શેલડીને વાવીને લીંબડાના પાનનું ખાતર નાખીએ ને કડવું પાણી સિંચ્યા કરીએ તો પણ શેલડીનો રસ તે મીઠો જ થાય તેમ દૈવી જીવ છે તે ભગવાનને સન્મુખ જ રહે છે ને આસુરી જીવ હોય તે વિમુખ જ થાય છે. (૪)** ૪

૪ પછી શુકમુનિએ પૂછ્યું જે, **(૪)** દૈવી ને આસુરી જીવ હોય તે કેમ જાણ્યામાં આવે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, દૈવી જીવ હોય તેને કામ, ક્રોધ, લોભાદિક દોષ હોય તે ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને હોય, પછી સારા દેશકાળાદિકનો યોગ થાય તો થોડેક કાળે કરીને નાશ થઈ જાય અને આસુરી જીવને જે કામ, ક્રોધ, લોભાદિક દોષ હોય તે કોઈ કાળે નાશ થાય નહિ, અને તેને એક વાર જો કાંઈક કઠણ વચન કહ્યું હોય તો જીવે ત્યાં સુધી ભૂલે નહિ, અને તે આસુરી જીવ જો સત્સંગી થયો હોય તો સૌ કરતાં સરસ હરિભક્ત જણાય, પણ જેમ ભાલ દેશમાં મોરે સમુદ્ર હતો તે કાંપ જમાઈને મીઠી પૃથ્વી થઈ છે તે જ્યાં સુધી કાંપ હોય ત્યાં સુધી જો ખોદીએ તો પાણી મીઠું નીસરે, અને તેથી જો હેઠું ખોદીએ તો સમુદ્રના જેવું ખારું ઝેર પાણી નીસરે, **તેમ આસુરી જીવ હોય તે હરિભક્ત થયો હોય ને એનું ગમતું મરડીને લગારેક છેડ્યો હોય તો જેટલી મોરે સાધુની સેવા કરી હોય તેથી લાખ ગણો દ્રોહ કરે તો પણ મનમાં સંતોષ ન થાય. (૫)** ૫

૫ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૫)** હે મહારાજ ! તમે એમ કહ્યું જે, આસુરી જીવ હોય ને હરિભક્ત થયો હોય તો તેનું જ્યાં લગી ગમતું રાખીએ ત્યાં સુધી તો સત્સંગી રહે ને જો ગમતું ન રાખીએ તો વિમુખ થાય તે જ્યાં લગી વિમુખ નથી થયો તેવામાં જો તેનો દેહ પડી જાય તો આસુરી રહે કે દૈવી થાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, તે આસુરી જીવ જ્યાં સુધી સારો હોય ને તેવામાં દેહ પડે તો દૈવી થાય અને ભગવાનની ભક્તિ કરીને પરમપદને પામે. **(૬)** ૬

૬ પછી નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૬)** નવધા ભક્તિમાં શ્રેષ્ઠ ભક્તિ કઈ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, નવધા ભક્તિમાંથી જેને જે ભક્તિએ કરીને ભગવાનમાં દૃઢ સ્નેહ થાય તે જ ભક્તિ તેને શ્રેષ્ઠ છે. **(૭)** ૭

૭ પછી ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૭)** જેને બાળ અવસ્થા હોય અથવા યૌવન અવસ્થા હોય તેને કેવા પુરુષનો સંગ રાખવો ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે વયે કરીને પણ વૃદ્ધ હોય ને ધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય જેને દૃઢ હોય અને ભગવાનને વિષે પણ દૃઢ પ્રીતિ હોય તેવા પુરુષનો સંગ પ્રીતિએ કરીને એ બેય જણાને કરવો. **(૮)** ૮

૮ પછી નાજે જોગીએ પૂછ્યું જે, **(૮)** એકનું ક્રોધે કરીને ભગવાનમાં મન જોડાણું છે, ને એકનું ભયે કરીને ભગવાનમાં મન જોડાણું છે, અને એકનું તો સ્નેહે કરીને ભગવાનમાં મન જોડાણું છે, એ ત્રણમાં કિયો શ્રેષ્ઠ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેનું હેતે કરીને ભગવાનમાં મન જોડાણું છે તે શ્રેષ્ઠ છે. **(૯)** ૯

૯ પછી શિવાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૯)** ભગવાનનો ભક્ત તો હોય પણ જેને શ્રીજીમહારાજે કહ્યો એવો જે સાર-અસારનો વિવેક તે ન હોય ને વૈરાગ્ય પણ ન હોય તેને એવો વિવેક તથા ભગવાન વિના બીજા પદાર્થમાં વૈરાગ્ય તે કેમ થાય ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જો પ્રથમ જ ભગવાનમાં દૃઢ હેત થઈ જાય, તો વિવેક ને વૈરાગ્ય તે હેતને યોગે કરીને પ્રગટ થાય છે. ને જેને જે પદાર્થમાં હેત થાય છે તેને હેત કહીએ અથવા કામના કહીએ, તે જે જે પદાર્થમાં હેત હોય ને તેમાં જો અંતરાય કરે તો તે ઉપર ક્રોધ થઈ જાય છે, તે માણસના દેહમાં તો થાય પણ પશુને પણ ક્રોધ થઈ જાય છે. જેમ પાડો હોય તે કામનાએ કરીને ભેંસ ઉપર આસક્ત થયો હોય ને બીજો પાડો આવે તો તેને મારી નાખે છે એવી રીતે પશુ-પક્ષીમાં સર્વત્ર દેખાય છે, તેમ જેને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ હોય તેને જે પદાર્થ તે પ્રીતિમાં અંતરાય કરવા આવે તો તે ઉપર તુરત ક્રોધ થઈ જાય ને તે પદાર્થનો તત્કાળ ત્યાગ કરે. માટે જો ભગવાનમાં દૃઢ હેત હોય તો એની મેળે જ વૈરાગ્ય ને વિવેક થઈ આવે છે. **(૧૦)** ૧૦

૧૦ પછી વળી શિવાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧૦)** બુદ્ધિમાન તો બેય પુરુષ છે તેમાં એક

તો જેમ પરમેશ્વર કહે તેમ જ માની લે એવો વિશ્વાસી છે, ને બીજો તો પરમેશ્વરનાં વચન હોય તેમાં પણ માનવું ઘટે તેટલું જ માને, એ બેમાં કિયો શ્રેષ્ઠ છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, વિશ્વાસી એ જ શ્રેષ્ઠ છે. તે રામકથામાં રામચંદ્રજીએ કહ્યું છે જે, જે મારે દૃઢ વિશ્વાસે રહે તેની જેમ માતા બાળકની રક્ષા કરે છે તેમ હું રક્ષા કરું છું, માટે વિશ્વાસી એ જ શ્રેષ્ઠ છે. **(૧૧)૧૧**

૧૧ પછી આત્માનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧૧) મનમાં તો એમ નિશ્ચય છે જે દેહ પર્યંત પરમેશ્વરના ગમતામાં જ રહેવું છે તો પણ એમ જાણીએ છીએ જે પરમેશ્વરને ને સંતને કેમ કરીએ તો આપણો વિશ્વાસ આવે ?** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **વિશ્વાસ તો પરમેશ્વરને ને સંતને ત્યારે આવે જ્યારે અતિશે માંદો થાય ને તે મંદવાડમાં ચાકરી પણ સારી પેઠે ન થઈ હોય તો પણ કોઈનો અવગુણ ન લે, ને પોતે મૂંઝાય પણ નહિ, અને વાંક વિના પણ પરમેશ્વર ને સંતે પોતાનું અતિશે અપમાન કરે તો પણ કોઈનો અવગુણ ન લે, ત્યારે એનો પરમેશ્વરને ને સંતને વિશ્વાસ આવે, અને ત્રીજો પ્રકાર એ છે જે જેટલા સત્સંગમાં નિયમ છે તેમાંથી જો લેશમાત્ર ફેર પડે તો અતિશે દુઃખાઈ જાય, ને તેનું તત્કાળ પ્રાયશ્ચિત્ત કરે અને જો મનમાં ખોટો ઘાટ થાય તો બીજાને દેહે કરીને વર્તમાનમાં ફેર પડે તેટલો જ દુઃખાય ને ત્રાસ પામે, ત્યારે એનો પરમેશ્વરને ને સંતને પરિપૂર્ણ વિશ્વાસ આવે જે આ કોઈ કાળે સત્સંગમાંથી ડગશે નહિ. (૧૨)** ૧૨

૧૨ પછી ભગવદાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૧૨) કેમ કરીએ તો ભગવાન ને ભગવાનના ભક્તનું અખંડ માહાત્મ્ય રહે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, પ્રથમ તો એમ કરવું જે દેહે કરીને સર્વે સંતને પગે લાગવું, અને કોઈક સંત માંદા હોય તો તેનું માથું દાબવું, પગ દાબવા ને ખાધા-પીધાની ખબર રાખવી અને પોતાની પાસે પોતાને મનગમતી વહાલી વસ્તુ આવે તો તે સંતને આપીને પછી પોતાના કામમાં વાપરવી. એવી રીતે દેહે કરીને જો વર્તે તો અંતરમાં ભગવાનનું ને સંતનું માહાત્મ્ય અખંડ રહે. (૧૩)** ૧૩

૧૩ પછી શ્રીજીમહારાજે સંતને પ્રશ્ન પૂછ્યો જે, **(૧૩)** ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચારે અતિ તીવ્રપણે કરીને વર્તતાં હોય તો પણ ધર્મમાં કાંઈક સંકરપણું થાય, ને વૈરાગ્યમાં કોઈક ઠેકાણે રાગ રહી જાય, અને ભક્તિમાં પણ કાંઈક શિથિલપણું થઈ જાય, અને જ્ઞાનમાં પણ કાંઈક દેહાસક્તિ રહી જાય તેનું શું કારણ હશે ? પછી ગોપાળાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે જેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચાર તીવ્ર વર્તે છે એવા જે ઈશ્વરમૂર્તિ સમર્થ તેમાં જે કાંઈક કસર જેવું જણાય છે તે તો કેવળ દયાએ કરીને રહે છે, પણ બીજી કોઈ જાતની કસર નથી, અને એવા જે મોટા હોય તે બાહ્ય દૃષ્ટિ રાખીને વર્તે ત્યારે કેટલાક જીવોને જડભરત જેવા ને શુકજી જેવા કરી મૂકે. માટે એવા અતિશે જે મોટા તેમને જે વ્યાવહારિક દૃષ્ટિએ વર્તવું તે કેવળ જીવો ઉપર દયાએ કરીને છે. પછી શ્રીજીમહારાજે કહ્યું જે એનો ઉત્તર

એ જ છે. **(૧૪)** ઈતિ વચનામૃતમ્ ॥૧૪॥ **(૨૪૮)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧૩)** છે, તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, જેને સ્ત્રી સંબંધી મલિન વાસના હોય તેને અમારે વિષે પ્રીતિ ન થાય. **(૧)** બીજામાં અતિશે ભૂંડા દેશકાળાદિકને યોગે ભૂંડા કર્મનો પાશ લાગ્યો હોય તે સાર-અસારને જાણે તો પણ અમારે વિષે પ્રીતિ ન થાય. **(૨)** અને અતિશે પવિત્ર દેશાદિક ને અતિશે સુકૃત કર્મ થાય તો એ પાપકર્મનો નાશ થઈ જાય. **(૩)** ત્રીજામાં આસુરીને ઝાઝી બુદ્ધિ હોય પણ તે વિમુખ થાય ને દૈવીને થોડી બુદ્ધિ હોય તો પણ સત્સંગમાંથી વિમુખ થાય નહિ. **(૪)** ચોથામાં દૈવીના દોષ સારા દેશાદિકને યોગે નાશ થાય ને આસુરીના ન થાય ને એનું ગમતું મરડીએ તો દ્રોહ કરે. **(૫)** પાંચમામાં આસુરી જીવનું ગમતું રાખીએ એવામાં દેહ પડી જાય તો પરમપદને પામે. **(૬)** છઠ્ઠામાં નવધામાં જે ભક્તિએ અમારે વિષે સ્નેહ થાય તે ભક્તિ તેને શ્રેષ્ઠ છે. **(૭)** સાતમામાં બાળ તથા યૌવન અવસ્થાવાળાએ વયોવૃદ્ધ ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને અમારે વિષે દઢ પ્રીતિવાન હોય એવા પુરુષનો સંગ કરવો. (૮) આઠમામાં હેતે કરીને અમારે વિષે મન જોડાણું હોય તે શ્રેષ્ઠ છે. **(૯)** નવમામાં પ્રથમ અમારે વિષે હેત થાય તો વૈરાગ્ય ને વિવેક આવે. **(૧૦)** દશમામાં વિશ્વાસી શ્રેષ્ઠ છે. **(૧૧)** અગિયારમામાં મંદવાડમાં ચાકરી ન થઈ હોય ને વગર વાંકે અમે ને સંત અપમાન કરીએ તો પણ અવગુણ ન લે, અને નિયમમાં લેશમાત્ર ફેર પડે તો તત્કાળ પ્રાયશ્ચિત્ત કરે ને ખોટો ઘાટ થાય તો વર્તમાનમાં ફેર પડ્યા જેટલો ત્રાસ પામે ત્યારે તેનો અમને ને સંતને વિશ્વાસ આવે. **(૧૨)** બારમામાં દેહે કરીને સર્વેને પગે લાગે ને માંદાની સેવા કરે ને વહાલી વસ્તુ સંતને આપીને પછી પોતાના કામમાં વાપરે તેના અંતરમાં અમારું ને સંતનું માહાત્મ્ય રહે. **(૧૩)** તેરમામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ અતિ તીવ્ર વર્તતાં હોય એવા અતિશે મોટાને વ્યવહારિક દૃષ્ટિએ વર્તવું તે કેવળ જીવો ઉપર દયાએ કરીને છે. **(૧૪)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં અતિશે ભૂંડાં કર્મ કહ્યાં તે કિયાં જાણવાં ? અને ત્રીજી બાબતમાં અતિશે સુકૃત કર્મ કહ્યાં તે કિયાં જાણવાં ?

૧ **ઉ૦** મદ્ય, માંસ, લસણ, ડુંગળી, હિંગ આદિક અભક્ષ વસ્તુનું ભક્ષણ કરવું તથા ચોરી, હિંસા, વ્યભિચારાદિક કર્મ કરવાં, ન જોવાનું જોવું, ન બોલવાનું બોલવું ઈત્યાદિક શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ આચરણ થાય તે ભૂંડાં કર્મ જાણવાં અને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, ભક્તિ, ધ્યાન-ભજન, સત્પુરુષની સેવા, બ્રહ્મચર્ય, અહિંસા, એ આદિક શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવું તે શુભ કર્મ જાણવાં. આવાં અતિશે શુભ કર્મે કરીને અતિશે ભૂંડાં પાપકર્મનો નાશ થઈ જાય એમ કહ્યું છે.

૨ **પ્ર૦** ( ૮/૯ આઠમા પ્રશ્નમાં) સ્નેહે કરીને મન જોડાણું હોય તે શ્રેષ્ઠ છે એમ કહ્યું તે સ્નેહે કરીને તો શ્રીજીમહારાજને વિષે મન જોડાય, પણ ક્રોધ ને ભયે કરીને કેવી રીતે જોડાતું હશે ?

૨ **ઉ૦** જ્યારે ભગવાન મનુષ્યરૂપે પૃથ્વીને વિષે વિચરતા હોય ત્યારે ભગવાનને વિષે જેને દ્વેષભાવે કરીને અતિશે વૈરબુદ્ધિ થઈ હોય તેને અખંડ ભગવાનમાં વૈરભાવે કરીને વૃત્તિ રહે તે ક્રોધે કરીને મન જોડાણું કહેવાય. અને જેને જન્મ-મરણ, ગર્ભવાસ, ચોરાશી ને યમયાતનાની બીક હોય તેને ભગવાનની સ્મૃતિ અખંડ રહે તે ભયે કરીને મન જોડાણું કહેવાય.

૩ **પ્ર૦** (૧૩/૧૪ તેરમા પ્રશ્નમાં) કહ્યું તે ધર્મમાં સંકરપણું કેવી રીતે થાતું હશે અને વૈરાગ્યમાં રાગ શો રહેતો હશે અને ભક્તિમાં શિથિલપણું શું થાતું હશે ? અને જ્ઞાનમાં દેહાસક્તિ શી રીતે રહેતી હશે ?

૩ **ઉ૦** ત્યાગીએ જ્ઞાનઉપદેશ કરીને ઘણા માણસોને ભગવાન ભજાવીને નિર્વાસનિક કરીને તેમનાં કલ્યાણ કરવાં, અને લીલા તૃણને પણ તોડવું નહિ એવો ધર્મ છે, તો પણ મંદિરો સંબંધી ક્રિયામાં તૃણાદિકના છેદનરૂપ અહિંસા ધર્મમાં કસર દેખવામાં આવે અને અતિ તીવ્ર વૈરાગ્ય હોય પણ કોઈક ભક્તને રાજી કરવા સારુ સારી વસ્તુ આપે તે જમે એમ વૈરાગ્યમાં પણ રાગ દેખવામાં આવે અને શ્રીજીમહારાજને વિષે અતિશે સ્નેહે કરીને જોડાઈ રહ્યા હોય તેથી ઉપરથી દર્શન-સ્પર્શાદિકને વિષે આતુરતા જેવું ન જણાય તેણે કરીને શ્રીજીમહારાજની મૂર્તિને વિષે પ્રીતિમાં શિથિલપણું બીજાને દેખવામાં આવે તે **(સા૦ ૧૫/૨માં)** જેને આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને પ્રીતિ હોય તેને ઉપરથી તો અમારાં દર્શન-સ્પર્શાદિકને વિષે આતુરતા જેવું જણાતું નથી, પણ એની પ્રીતિનાં મૂળ ઊંડાં છે માટે તે ભક્ત શ્રેષ્ઠ છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે, માટે ઉપરથી દર્શનાદિકની આતુરતા ન જણાય તેણે કરીને બીજાને દેખવામાં શિથિલપણું આવે પણ એમને વિષે કસર ન હોય, અને જ્ઞાને કરીને શ્રીજીમહારાજની મૂર્તિનો પોતાના આત્માને વિષે સાક્ષાત્કાર હોય ને દેહને ખોટો કરી નાખ્યો હોય તો પણ બીજાના

કલ્યાણને અર્થે તેને પોતાના દેહની સેવા કરવા દે ત્યારે બીજાના દેખવામાં દેહાસક્તિ આવે પણ પોતાને દેહમાં આસક્તિ ન હોય આવા મોટા મુક્ત હોય તે અખંડ શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા હોય ને મૂર્તિમાં રહ્યા થકા બાહ્ય દૃષ્ટિ રાખીને જ્ઞાનઉપદેશ કરીને તથા સેવા અંગીકાર કરીને ને શ્રીજીમહારાજનું ધ્યાન-ભજન કરાવીને જડભરત, શુકજી જેવા એટલે પોતાના જેવા મુક્ત કરી મૂકે. ॥૧૪॥ (૨૪૮)

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૧૫

❖સંવત ૧૮૮૪ના અષાડ વદિ ૧૩ તેરસને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાની મેડીના ગોખ ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે મોગરાનાં પુષ્પના હાર પહેર્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદ સ્વામીને શ્રીજીમહારાજે કહ્યું જે, આજ તો અમે અમારા રસોઈયા હરિભક્તની આગળ બહુ વાત કરી. ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, હે મહારાજ ! કેઈ
૧ રીતે વાત કરી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** વાત તો એમ કરી જે ભગવાનનો ભક્ત હોય ને તે ભગવાનની માનસીપૂજા કરવા બેસે તથા ભગવાનનું ધ્યાન કરવા બેસે તે સમે એનો જીવ પ્રથમ જે જે ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને પંચવિષય થકી પરાભવ પામ્યો હોય અથવા કામ, ક્રોધ, લોભાદિકને યોગે કરીને પરાભવ પામ્યો હોય તે સર્વેની એને સ્મૃતિ થઈ આવે છે. જેમ કોઈ શૂરવીર પુરુષ હોય ને સંગ્રામમાં જઈને ઘાઈ આવ્યો હોય ને તે ઘાયલ થઈને પાછો ખાટલામાં આવીને સૂએ પછી એને જ્યાં સુધી પાટો ગોઠે નહિ ત્યાં સુધી ઘાની વેદના ટળે નહિ ને નિદ્રા પણ આવે નહિ, ને જ્યારે પાટો ગોઠે ત્યારે ઘાની પીડા ટળી જાય ને નિદ્રા પણ આવે. તેમ ભૂંડાં દેશ, કાળ, સંગ ને ક્રિયા તેને યોગે કરીને જીવને પંચવિષયના જે ઘા લાગ્યા છે તે જ્યારે નવધા ભક્તિ માંહીલી જે ભક્તિ કરતાં થકાં એ પંચવિષયના ઘાની પીડા ન રહે ને પંચવિષયનું સ્મરણ ન થાય એ જ એને પાટો ગોઠ્યો જાણવો અને એ જ એને ભજન-સ્મરણનું અંગ દૃઢ જાણવું, પછી એ અંગમાં રહીને માનસીપૂજા કરવી, નામ-સ્મરણ કરવું, જે કરવું તે પોતાના અંગમાં રહીને કરવું તો એને અતિશે સમાસ થાય અને જો પોતાના અંગને ઓળખે નહિ તો જેમ ઘાયલને પાટો ગોઠે નહિ ને સુખ ન થાય તેમ એને ભજન-સ્મરણમાં કોઈ રીતે સુખ ન થાય ને પંચવિષયના જે ઘા એને લાગ્યા હોય તેની પીડા ટળે નહિ. માટે એ નવધા ભક્તિમાંથી જે ભક્તિ કરતે થકે પોતાનું મન ભગવાનમાં ચોંટે અને ભગવાન વિના બીજો ઘાટ કરે નહિ ત્યારે તે હરિભક્તને એમ જાણવું જે મારું તો એ જ અંગ છે. પછી તે જાતની ભક્તિ એને પ્રધાન રાખવી એ સિદ્ધાંત વાત છે. **(૧)** ઇતિ વચનામૃતમ્ ૧
॥૧૫॥ (૨૪૯)

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે ભૂંડા દેશ-કાળાદિકને યોગે કરીને પંચવિષયના ઘા લાગ્યા હોય તે નવધા ભક્તિ માંહેલી જે ભક્તિએ કરીને પંચવિષયનું સ્મરણ ન થાય તે અંગમાં રહીને અમારી માનસીપૂજા, નામ-સ્મરણ કરવું તો અતિશે સમાસ થાય, ને જે પોતાના અંગને ઓળખે નહિ તેને સુખ ન થાય. ॥૨૪૯॥

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૧૬

❖સંવત ૧૮૮૪ના અષાડ વદિ અમાવસ્યાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે મોગરાનાં પુષ્પના હાર પહેર્યા હતા તથા પાઘમાં તોરા અતિશે શોભાયમાન ઝૂકી રહ્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, મુનિમંડળ સમસ્ત તથા ગૃહસ્થ હરિભક્ત સમસ્ત પ્રત્યે
૧ અમે પ્રશ્ન પૂછીએ છીએ, તે જેથી ઉત્તર થાય તે કરજો, તે પ્રશ્ન એ છે જે, **(૧)** ભગવાનનો ભક્ત હોય તેને અવગુણવાળાનો ત્યાગ કરતાં કાંઈ વાર લાગે નહિ, પણ જેમાં અતિશે રૂડા ગુણ હોય તેનો કેઈ રીતે ત્યાગ થાય ? અને જેમાં રૂડા ગુણ હોય તે તો પોતાના સંબંધી હોય અથવા બીજો કોઈક હોય પણ ગુણવાન સંગાથે સહેજે જ પ્રીતિ થાય, ને તે ગુણને યોગે કરીને જે પ્રીતિ થઈ હોય તે ટાળી ટળે જ નહિ, માટે ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે ગમે તેવો ગુણવાન હોય તેની સંગાથે પ્રીતિ જ ન થાય એવો શો ઉપાય છે એ પ્રશ્ન છે ? પછી મોટા મોટા જે સંત તેમણે જેવો ભાસ્યો તેવો ઉત્તર કર્યો પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, લ્યો અમે ઉત્તર કરીએ. એનો ઉત્તર એ છે જે, જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાનો પતિ કંગાલ હોય ને કુરૂપ હોય અથવા રોગી હોય કે વૃદ્ધ હોય તો પણ બીજા જે તાલેવર ને રૂપવાન ને યૌવનવાન પુરુષ તેને જોઈને લેશમાત્ર મનમાં ગુણ આવે નહિ. અને જે પતિવ્રતા હોય તે તો બીજા પુરુષ સામું ભાવે કરીને જુએ અથવા હસીને બોલે ત્યારે એનું પતિવ્રતાપણું નાશ પામે. અને તે પતિવ્રતાને ઘેર કોઈક પરુણા આવ્યા હોય તો તેને અન્નજળ આપે તથા પોતાના પતિના જે સંબંધી પુરુષ તેને પણ અન્નજળ આપે તે તો પતિના સંબંધી જાણીને આપે, પણ પોતાના પતિના જેવી બીજા પુરુષ માત્ર સંગાથે લેશમાત્ર પ્રીતિ ન હોય, અને પોતાના પતિના જેવો બીજા પુરુષનો ગુણ પણ ન આવે, ને પોતાના પતિની મરજી પ્રમાણે જ વર્તે, એવી રીતે પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સંઘાથે દૃઢ ટેક છે, તેમ જ ભગવાનના ભક્તને પણ ભગવાન સંઘાથે દૃઢ ટેક જોઈએ. અને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ અને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પણ પ્રીતિ થાય નહિ, કેવળ જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય તેને સંગાથે જ પ્રીતિ રહે ને તેની મરજી પ્રમાણે જ વર્તે, ને બીજાને જે કાંઈક માને તે તો તેના જાણીને માને એવી જેને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેને વિષે પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિ હોય ને તે ગમે તેવા બીજા ગુણવાનને દેખે પણ તેને વિષે પ્રીતિ થાય જ નહિ. જેમ હનુમાનજી શ્રી રઘુનાથજીના ભક્ત છે તે

રામાવતાર પછી બીજા કેટલાક ભગવાનના અવતાર થયા છે પણ હનુમાનજીને રામચંદ્રજીને વિષે જ પતિવ્રતાના જેવી ભક્તિ રહી છે. તે માટે હનુમાનજીની ભક્તિ તે પતિવ્રતાના જેવી છે એવી રીતે જે ભગવાનના ભક્તની ટેક હોય તેની પતિવ્રતાના જેવી ભક્તિ કહેવાય અને જેનું અંગ એવું ન હોય તો તેની વ્યભિચારિણીના જેવી ભક્તિ કહેવાય. માટે જાણી જોઈને પોતાનું નાક કપાય એવી ભક્તિ ન કરવી ને ભગવાનના ભક્તને તો સમજી વિચારીને પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિ કરવી. **(૧)** ઇતિ વચનામૃતમ્ **॥૧૬॥ (૨૫૦)** ૧

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે અમારે વિષે પતિવ્રતાપણે પ્રીતિ કરવી ને અમારા મુક્તમાં જીવોનો મોક્ષ કરે એવો મોટો ગુણ છે તો પણ તે સાથે અમારા જેવી પ્રીતિ ન કરવી ને બીજા અવતારને વિષે તો કરવી જ નહિ ને અમારી મરજી પ્રમાણે જ વર્તવું અને જેમ હનુમાનજીએ રામચંદ્રજીને વિષે નિષ્ઠા રાખી હતી તે પછી ઘણાક અવતાર થઈ ગયા તો પણ નિષ્ઠા મૂકી નહિ. તેમ તમારે અમારે વિષે નિષ્ઠા છે. તે અમારા પછી અવતારો થાય તો પણ અમારે વિષેથી નિષ્ઠા ફરવા દેવી નહિ તે પતિવ્રતાની ભક્તિ છે, અને જેનું અંગ એવું ન હોય તેની ભક્તિ વ્યભિચારિણીના જેવી છે. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** પતિવ્રતા સ્ત્રી પતિ વિના બીજા પુરુષ સામું ભાવે કરીને જુએ કે હસીને બોલે તો એનું પતિવ્રતાપણું નાશ પામે એમ કહ્યું તે પતિને ઠેકાણે તો શ્રીજીમહારાજ છે અને પતિવ્રતાને ઠેકાણે શ્રીજીમહારાજના ભક્ત છે પણ બીજા પુરુષને ઠેકાણે કોને જાણવા ને ભાવે કરીને જોવા કે હસીને બોલવું તે શું સમજવું ?

૧ **ઉ૦** બીજા પુરુષને ઠેકાણે સર્વે અવતારો જાણવા તે અવતારોને શ્રીજીમહારાજના અવતાર જાણીને દર્શન કરવાં તે ઠીક અને જો એમને શ્રીજીમહારાજના જેવા જ જાણીને દર્શન કરે તો ભાવે કરીને જોયું કહેવાય. અને શ્રીજીમહારાજનાં દર્શન જેવો જ આનંદ એમને દર્શને થાય તે હસીને બોલ્યું કહેવાય. માટે શ્રીજીમહારાજ વિના અન્ય અવતારોની મોટપ રહી જાય કે તેમને દેખીને હર્ષ પામે તો તે ભક્તનું પતિવ્રતાપણું નાશ પામે.

૨ **પ્ર૦** પતિવ્રતાને ઘેર પરોણા આવ્યા હોય તેને તથા પોતાના પતિના સંબંધીને અન્નજળ આપે એમ કહ્યું તે પરોણાને ઠેકાણે કોને જાણવા ? ને સંબંધીને ઠેકાણે કોને જાણવા ?

૨ **ઉ૦** વિષ્ણુ-વૈરાજાદિથી આરંભીને મૂળઅક્ષર પર્યંત સર્વ અવતારોને વિષે શ્રીજીમહારાજનો આવેશ છે તેમને પરોણા જાણવા. અને શ્રીજીમહારાજના મુક્તને શ્રીજીમહારાજનો સાક્ષાત્ સંબંધ છે તેમને સંબંધી જાણવા.

૩ **પ્ર૦** જે જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ એમ કહ્યું તે જેવે રૂપે, તે કેવે રૂપે જાણવું ?

૩ **ઉ૦** જે જેવે રૂપે એટલે છપૈયા ધામને વિષે ધર્મ-ભક્તિ થકી શ્રીજીમહારાજે મનુષ્યરૂપે પ્રગટ થઈને દર્શન આપ્યાં છે તે રૂપ જાણવું, અને તેમને ઇષ્ટદેવ જાણીને પ્રીતિ બાંધવી ને તેમના જેવી મોટા મુક્તને વિષે પણ પ્રીતિ ન કરવી તો બીજા અવતારોને વિષે તો કરાય જ કેમ ? માટે શ્રીજીમહારાજને વિષે જ ઇષ્ટદેવપણાની પતિવ્રતાપણે ટેક રાખવી. અને આજ પ્રતિમારૂપે શ્રીજીમહારાજ સાક્ષાત્ દર્શન આપે છે તે મૂર્તિને વિષે પતિવ્રતાપણાની ટેક રાખવી અને મુક્તને વિષે મુક્તપણાની બુદ્ધિ રાખવી.

૪ **પ્ર૦** પોતાના ઇષ્ટદેવની મરજી પ્રમાણે જ વર્તે એમ કહ્યું તે મરજી શી જાણવી ?

૪ **ઉ૦** શ્રીજીમહારાજે ગૃહી-ત્યાગીને જે જે આજ્ઞા કરી છે તે યથાર્થ પાળે તે મરજી પ્રમાણે વર્ત્યા કહેવાય.

૫ **પ્ર૦** આમાં હનુમાનજીએ રામચંદ્રજી પછી કેટલાક અવતાર થયા તો પણ રામચંદ્રજીને વિષેથી પતિવ્રતાની ટેક મૂકી નહિ એમ કહ્યું, ત્યારે કોઈ મુમુક્ષુએ અવતારને વિષે પતિવ્રતાની ટેક રાખી હોય ને પછી તેને અવતારી મળે, ને તે અવતારને વિષેથી પતિવ્રતાની ટેક મૂકીને, અવતારીને વિષે પતિવ્રતાની ટેક રાખે તો તેને પતિવ્રતાપણામાં ખોટ્ય આવે કે લાભ થાય?

૫ ઉ૦ હનુમાનજીને જે રામચંદ્રજીમાં પતિવ્રતાની ટેક છે તેને મૂઢપણાનો નિશ્ચય કહેવાય, તે મૂઢપણાના નિશ્ચયવાળા કરતાં, સમજણના નિશ્ચયવાળા જ્ઞાનીને શ્રીજીમહારાજે વધારે વખાણ્યો છે. અને એવો જે જ્ઞાની તે તો, અવતાર-અવતારીનો ભેદ, સગુણ-નિર્ગુણપણું, અન્વય-વ્યતિરેકપણું, તથા પૃથ્વીને વિષે જે ભગવાનના અવતાર થાય છે તે સર્વ રીતને જાણે. માટે તે સર્વ અવતારોના તથા મુક્તોના સ્વામી એક શ્રી સ્વામિનારાયણને જ જાણે. માટે તેને જ્યારે અવતારી મળે ત્યારે અવતારને વિષે નિષ્ઠા કરી હોય તે મૂકીને અવતારીને વિષે જ પતિવ્રતાની ટેક રાખે, તેમાં કાંઈ બાધ નથી, એમાં તો લાભ જ છે. કેમ જે સર્વના પતિ તો એક અવતારી જ છે, માટે અવતારમાંથી નિષ્ઠા મૂકીને અવતારીમાં નિષ્ઠા કરવી જ અને જ્યાં સુધી સર્વ સુખના ધામ એવા અવતારીની ઉપાસના ન મળે ત્યાં સુધી સર્વોપરી સુખ ન મળે; એ તો જ્યારે અવતારી મળે ને તેમને ઓળખીને તેમની ઉપાસના કરે ત્યારે જ સર્વોપરી સુખની પ્રાપ્તિ થાય. ॥૧૬॥ **(૨૫૦)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૧૭

❖ સંવત ૧૮૮૪ના શ્રાવણ સુદિ ૬ છઠને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે પુષ્પનો હાર પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧) શ્રીમદ્ ભાગવતમાં જેવું ભરતજીનું આખ્યાન ચમત્કારી છે તેવી તો કોઈ કથા ચમત્કારી નથી, કેમ જે ભરતજી તો ઋષભદેવ ભગવાનના પુત્ર હતા ને ભગવાનને અર્થે સમગ્ર પૃથ્વીનું રાજ્ય ત્યાગ કરીને વનમાં ગયા હતા. અને ત્યાં ભગવાનનું ભજન કરતાં થકાં મૃગલીનાં બચ્ચાંને વિષે પોતાને હેત થયું ત્યારે તે મૃગને આકારે પોતાના મનની વૃત્તિ થઈ ગઈ, પછી એવા મોટા હતા, તો પણ તે પાપે કરીને મૃગનો અવતાર આવ્યો, માટે અનંત પ્રકારના પાપ છે, પણ તે સર્વે પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે હેત કરવું તે અતિ મોટું પાપ છે, માટે જે સમજુ હોય ને તે જો એ ભરતજીની વાત વિચારે તો અંતરમાં અતિશે બીક લાગે જે રખે ભગવાન વિના બીજે ઠેકાણે હેત થઈ જાય એવી રીતની અતિશે બીક લાગે. અને ભરતજી જયારે મૃગના દેહનો ત્યાગ કરીને બ્રાહ્મણને ઘેર અવતર્યા ત્યારે ભગવાન વિના બીજે ઠેકાણે હેત થઈ જાય તેની બીકે કરીને સંસારના વ્યવહારમાં ચિત્ત દીધું જ નહિ, ને જાણીને ગાંડાની પેઠે વર્ત્યા અને જે પ્રકારે ભગવાનમાં અખંડ વૃત્તિ રહે તેમ જ રહેતા હવા.** એટલી વાત કરીને શ્રીજીમહારાજ ઠાકોરજીની આરતી થઈ ત્યાં પધાર્યા. **(૧)** ઈતિ વચનામૃતમ્ ॥૧૭॥ **(૨૫૧)** ૧

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં અમારા ભક્તને અમારા વિના બીજે ઠેકાણે હેત રહે તે અતિ મોટું પાપ છે, માટે બીજે ઠેકાણેથી હેત ટાળીને અમારે વિષે અખંડ વૃત્તિ રાખવી એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** ભરતજીનું આખ્યાન ચમત્કારી કહ્યું તે એમાં શો ચમત્કાર હશે ?

૧ **ઉ૦** ભરતજી રાજ્યસમૃદ્ધિ મૂકીને વનમાં ગયા એટલું બધું ત્યાગ કર્યું ને મહાતપ કર્યું તો પણ એક મૃગલીના બચ્ચામાં હેત થયું, એટલામાં ત્રણ જન્મ ધરવા પડ્યા એમ વાસનાએ કરીને મહાદુઃખ થાય છે તે વાર્તા સાંભળીને સર્વને ભય લાગે જે વાસના રાખશું તો મહાદુઃખ થાશે. અને બીજું એમને ભગવાનની સ્મૃતિ રહી તે ચમત્કારી વાત જાણવી. ॥૧૭॥ **(૨૫૧)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૧૮

સંવત ૧૮૮૪ના શ્રાવણ વદિ ૧૦ દશમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા, અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે પુષ્પના હાર પહેર્યા હતા ને પાઘને વિષે પુષ્પના તોરા લટકી રહ્યા હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજના ભત્રીજા જે રઘુવીરજી તેમણે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** જેવી જાગ્રત અવસ્થાને વિષે જીવની સ્થિતિ છે તેવી સ્વપ્ન અવસ્થાને વિષે કેમ રહેતી નથી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જીવ જેવો જાગ્રત અવસ્થામાં રહે છે તેવો જ સ્વપ્ન અવસ્થાને વિષે રહે છે, કેમ જે જાગ્રત અવસ્થામાં જેવી વાસના હોય તેવી જ સ્વપ્ન અવસ્થામાં સ્ફુરે છે. **(૧)** ૧

૨ પછી નિર્લોભાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** હે મહારાજ ! જાગ્રત અવસ્થામાં તો કોઈ દિવસ દીઠાંય ન હોય ને સાંભળ્યા પણ ન હોય તેવાં તેવાં પદાર્થ સ્વપ્નમાં સ્ફુરી આવે છે તેનું શું કારણ હશે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ન દીઠા હોય ને ન સાંભળ્યાં હોય એવા જે પદાર્થ સ્ફુરે છે તે તો પૂર્વજન્મનાં જે કર્મ તેની વાસનાએ કરીને સ્ફુરે છે. **(૨)** ૨

૩ પછી અખંડાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૩)** હે મહારાજ ! આ જીવને પૂર્વજન્મનાં જે કર્મ તે કર્મનું જોર ભગવાનનો ભક્ત થાય તો પણ ક્યાં સુધી રહે છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ જીવને જ્યારે સત્પુરુષનો સંગ થાય છે ત્યારે જેમ જેમ સમાગમ કરતો જાય તેમ તેમ પૂર્વકર્મ સંબંધી જે વાસના તે જૂની થાતી જાય છે, પછી એને જન્મ-મરણ ભોગવાવે એવી તે વાસના રહે નહિ. જેમ ત્રણ વર્ષની તથા ચાર વર્ષની જે જૂની ડાંગર થઈ પછી તે જમ્યામાં તો આવે ખરી પણ વાવે તો ઊગે નહિ, તેમ પૂર્વકર્મની વાસના છે તે જીર્ણ થાય ત્યારે જન્મ-મરણને ભોગવાવે એવી રહે નહિ. ત્યારે કોઈ એમ પૂછશે જે વાસના જીર્ણ થઈ કેમ જણાય? ત્યાં દૃષ્ટાંત : જેમ કોઈ પુરુષો ઢાલો, તરવારો લઈને સામસામા લડાઈ કરતા હોય તે જ્યાં સુધી સામસામા એમ ને એમ ઊભા રહે ત્યાં સુધી એ બેનું બળ બરોબર જણાય, અને જ્યારે એક જણાનો પગ પાછો હઠ્યો ત્યારે એ હાર્યો કહેવાય. તેમ ભગવાનનો જે ભક્ત હોય તેને ભગવાન સંબંધી ને વિષય સંબંધી જે સંકલ્પ તે જ્યાં સુધી તુલ્યપણે વર્તતા હોય ત્યાં સુધી એમ જાણવું જે વાસના બળવાન છે, અને જ્યારે ભગવાન સંબંધી જે સંકલ્પ તે વિષય સંબંધી સંકલ્પને હઠાવી દે ત્યારે એમ જાણવું જે વાસના જીર્ણ થઈ ગઈ છે. **(૩)** ૩

૪ પછી શ્રીજીમહારાજે પરમહંસ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, **(૪)** જે ભગવાનના ભક્તને દેહાભિમાનની નિવૃત્તિ થઈ હોય ને પંચવિષયનો અભાવ થઈ ગયો હોય તે બીજા સર્વે

ભક્તને કેમ કળ્યામાં આવે ? પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, હે મહારાજ ! આ તમારા પ્રશ્નનો ઉત્તર અમથી નહિ થાય માટે તમે કૃપા કરીને કરો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનનો ભક્ત ગૃહસ્થાશ્રમી હોય અથવા ત્યાગી હોય ને તેને દેહાભિમાન તથા પંચવિષયમાંથી આસક્તિ તે તો નિવૃત્ત થઈ હોય પછી પરમેશ્વરની આજ્ઞાએ કરીને જેવી રીતે ઘટે તેવી રીતે દેહાભિમાન પણ રાખ્યું જોઈએ અને જેમ જેને યોગ્ય હોય તેમ પંચવિષય પણ ભોગવ્યા જોઈએ. ત્યાં દષ્ટાંત : જેમ અતિશે દૂબળું ઢોર હોય તેને હેઠે લાકડાં ભરાવીને ને શીંગડે-પૂંછડે ઝાલીને ઊભું કરે તે જ્યાં સુધી એ માણસ ઝાલી રહે ત્યાં સુધી ઊભું રહે અને જ્યારે માણસ મૂકી દે ત્યારે પૃથ્વી ઉપર પડી જાય, તેમ જે નિર્વાસનિક હોય તેને તો જ્યાં સુધી પરમેશ્વર આજ્ઞા કરીને જેટલી ક્રિયામાં જોડે તેટલી જ ક્રિયાને કરીને રહેવા દે. જેમ કોઈક પુરુષના હાથમાં તીરકમાન હોય તે જ્યાં સુધી એ પુરુષ ખેંચે ત્યાં સુધી એ કમાન કરડી થાય અને જ્યારે એ પુરુષ કમાનને ખેંચતો આળસી જાય, ત્યારે એ કમાન ઢીલી થઈ જાય છે. તેમ જે નિર્વાસનિક પુરુષ છે તે તો જેટલી પરમેશ્વરની આજ્ઞા હોય તેટલા જ વ્યવહારમાં જોડાય, પણ આજ્ઞાથી બહાર કાંઈ ન કરે, અને જે સવાસનિક હોય તે તો જે જે વ્યવહારમાં જોડાણો હોય તે વ્યવહારમાંથી પોતાની મેળે છૂટી શકે નહિ અને પરમેશ્વરની આજ્ઞાએ કરીને પણ છૂટી શકે નહિ. એવી રીતે નિર્વાસનિક પુરુષ ને સવાસનિક પુરુષનાં લક્ષણ છે. **(૪)** ૪

ઇતિ વચનામૃતમ્ **॥૧૮॥ (૨૫૨)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૪)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, જીવ જેવો જાગ્રત અવસ્થામાં રહે છે તેવો જ સ્વપ્ન અવસ્થાને વિષે રહે છે. **(૧)** બીજામાં ન દીઠાં હોય ને ન સાંભળ્યાં હોય એવાં પદાર્થ તે પૂર્વજન્મના કર્મની વાસનાએ કરીને સ્ફુરે છે. **(૨)** ત્રીજામાં સત્પુરુષનો સમાગમ કરતાં કરતાં વાસના જીર્ણ થઈ જાય ને જન્મ-મરણ ભોગવાવે એવી રહે નહિ અને તે વાસના જાણવાની વિક્તિ કહી છે. **(૩)** ચોથામાં નિર્વાસનિક પુરુષ અમારી આજ્ઞા હોય એટલો જ વ્યવહારમાં જોડાય અને સવાસનિક અમારી આજ્ઞાએ કરીને પણ છૂટી શકે નહિ. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** ચોથા પ્રશ્નમાં ઘટિત દેહાભિમાન રાખવું ને યોગ્ય પંચવિષય ભોગવવા એમ કહ્યું છે તે કેવી રીતે દેહાભિમાન રાખવું ? ને કેવી રીતે વિષય ભોગવવા ?

૧ **ઉ૦** એવા જે નિર્વાસનિક ભક્ત તે ગૃહસ્થાશ્રમમાં રહ્યા હોય તેને પોતાની આબરૂ પ્રમાણે ને સમૃદ્ધિ પ્રમાણે સારાં વસ્ત્ર પહેરવાં તથા વાહન રાખવું, પણ દરિદ્રીના જેવો વેષ ન રાખવો તે યોગ્યતા પ્રમાણે દેહાભિમાન રાખ્યું કહેવાય. અને ઘરમાં પરણીને સ્ત્રી રાખવી તથા ખાનાપાનાદિક ભોગ શાસ્ત્રની મર્યાદા પ્રમાણે ભોગવવા તે પંચવિષય કહેવાય. અને જે ત્યાગીના આશ્રમમાં રહ્યા હોય ને તે સાધુતાના ગુણે કરીને માનસત્કારને યોગ્ય હોય અથવા વૃદ્ધાવસ્થા હોય અથવા વિદ્વાન હોય તેમને ઘટિત સત્કાર કોઈક કરે તે સત્કારને અંગીકાર કરવો તે યોગ્યતા પ્રમાણે દેહાભિમાન રાખ્યું કહેવાય, અને પોતાને જેવું તેવું ખાવાની રુચિ હોય તો પણ સર્વના ભેળું જે મળે તે જમવું પણ કાચા દાણા ખાઈને કે ફળ-ફૂલ ખાઈને કે લોટ ફાકીને ચલવવું નહિ તે યોગ્યતા પ્રમાણે પંચવિષય ભોગવ્યા કહેવાય. **॥૧૮॥ (૨૫૨)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૧૯

❖સંવત ૧૮૮૪ના શ્રાવણ વદિ ૧૩ તેરશને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર

ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે મોગરાના ને કર્ણિકારનાં પુષ્પના હાર વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ મંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧) જેણે સંસારનો ત્યાગ કર્યો હોય એવા જે હરિભક્ત તેને બે કુલક્ષણ છે તે આ સત્સંગને વિષે શોભવા દેતાં નથી. તેમાં એક તો કામના ને બીજી પોતાના કુટુંબીને વિષે પ્રીતિ, એ બે કુલક્ષણ જેમાં હોય તે તો અમને પશુ જેવો જણાય છે, તેમાં પણ જેને પોતાના સંબંધીમાં વધુ હેત હોય તેનો તો અમારે અતિશે અવગુણ આવે છે, માટે જેણે સંસાર ત્યાગ કર્યો હોય તેને તો લેશમાત્ર પણ પોતાના સંબંધી સાથે હેત ન રાખ્યું જોઈએ, શા માટે જે પંચ મહાપાપ છે તે થકી પણ દેહના સંબંધીમાં હેત રાખવું તે વધુ પાપ છે.** માટે જે ભગવાનનો ત્યાગી ભક્ત હોય તેને તો આ દેહ થકી ને દેહના સંબંધી થકી પોતાનો ચૈતન્ય જુદો જાણ્યો જોઈએ જે, હું તો આત્મા છું અને મારે કોઈ સાથે લેશમાત્ર સંબંધ નથી, અને દેહના સંબંધી છે તે તો ચોરાશી લાખ જાતની હારે ગણ્યા જોઈએ, અને તે સંબંધીને સત્સંગી જાણીને તેનું માહાત્મ્ય સમજવા જાય તો એક તો સંબંધનું હેત જ હોય, ને વળી તેનું હરિભક્તપણાનું માહાત્મ્ય સમજે, પછી ભગવાન ને ભગવાનના ભક્તથી સંબંધીમાં વધુ હેત બંધાઈ જાય છે. માટે જેમાં સ્વાભાવિક હેત રહ્યું જ છે એવા જે પોતાના સંબંધી તેને હરિજન જાણીને જો તેમાં હેત કરે તો તેનો જન્મ ખરાબ થઈ જાય છે, અને વળી દેહનો સંબંધી ન હોય પણ જે પોતાની સેવા ચાકરી કરતો હોય તેમાં પણ સ્વાભાવિક હેત થઈ જાય છે, માટે જે સમજુ હોય તેને પોતાની ચાકરી કરતો હોય ને તે હરિભક્ત હોય તો પણ તેને વિષે હેત ન રાખવું. જેમ દૂધ ને સાકર હોય તેમાં સર્પે મોઢું નાખ્યું હોય તો તે પણ ઝેર કહેવાય તેમ જેમાં સેવા-ચાકરી રૂપ સ્વાર્થ ભળ્યો હોય ને તે હરિભક્ત હોય તો પણ તેમાં પોતાનું સ્વાર્થ લેઈને હેત ન રાખવું, શા માટે જે પોતાના જીવને એ થકી બંધન થાય છે અને જેમ ભગવાનનું ચિંતવન થાય તેમ જ જેમાં પોતાનો સ્વાર્થ હોય તેનું પણ ચિંતવન થાવા માંડે એ જ એને ભગવાનના ભજનમાં વિઘ્ન કહેવાય, જેમ ભરતજીને મૃગલીનું બચ્ચું તે જ અવિદ્યારૂપ થયું એવી રીતે જે જે ભગવાનના ભજનમાં અંતરાય થાતા હોય તેનો ભગવાનના ભક્તને અવિદ્યારૂપ જાણીને અતિશે ત્યાગ કરવો. અને આ પ્રકરણની જે વાર્તા તેને સંતમંડળ તથા સાંખ્યયોગી હરિભક્ત સમસ્ત તેમને નિત્ય પ્રત્યે કહેવી ને સાંભળવી. તેની વિગત જે જેના મંડળમાં જે મોટેરો હોય તેને નિત્ય પ્રત્યે આ વાત કરવી અને બીજાને સાંભળવી અને જે મોટેરો હોય ને જે દિવસ વાત ન કરે તો તેને તે દિવસ ઉપવાસ કરવો. અને જે શ્રોતા હોય ને તે શ્રદ્ધાએ કરીને આ ભગવાનની વાત સાંભળવા ન આવે તો તેને પણ ઉપવાસ કરવો. અને આ વચનને અતિશે દૃઢ કરીને રાખજો. **(૧)** ઈતિ વચનામૃતમ્ **॥૧૯॥ (૨૫૩)** ૧

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે કામનાવાળા તથા કુટુંબીને વિષે હેતવાળા

ત્યાગી પશુ જેવા છે. તેમાં પણ કુટુંબીને વિષે હેતવાળાનો અમને અવગુણ આવે છે માટે ત્યાગીને લેશમાત્ર પોતાના સંબંધી સાથે હેત ન રાખવું; અને પોતાની ચાકરી કરતો હોય તેના ઉપર પણ હેત ન રાખવું, આ વાત નિત્ય ન કહે ને ન સાંભળે તેણે ઉપવાસ કરવો. **(૧)** બાબત છે. **॥૧૯॥ (૨૫૩)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૨૦

❖સંવત ૧૮૮૪ના શ્રાવણ વદિ અમાવસ્યાને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી દીનાનાથ ભટ્ટે પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** હે મહારાજ ! કાળ તો ભગવાનની શક્તિ છે અને કર્મ તો જીવે કર્યાં હોય તે છે, પણ સ્વભાવ તે વસ્તુગતે શું હશે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જીવે જે પૂર્વજન્મને વિષે કર્મ કર્યાં છે તે કર્મ પરિપક્વ અવસ્થાને પામીને જીવ ભેળાં એકરસ થઈ ગયાં છે, જેમ લોઢાને વિષે અગ્નિ પ્રવેશ થઈ જાય તેમ પરિપક્વપણાને પામીને જીવ સાથે મળી રહ્યાં એવાં જે કર્મ તેને જ સ્વભાવ કહીએ અને તેને જ વાસના તથા પ્રકૃતિ કહીએ. **(૧)** ૧

૨ પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** હે મહારાજ ! જીવ સાથે એકરસપણાને પામી રહ્યાં એવાં જે કર્મ એને જ સ્વભાવ તથા વાસના કરીને કહો છો એ વાસનાને ટાળ્યાનો શો ઉપાય છે ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ વાસના ટાળ્યાનો ઉપાય તો આત્મનિષ્ઠાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરવી એ જ ભાસે છે. અને જો આત્મનિષ્ઠા વિના એકલી જ શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ હોય તો જેમ ભગવાનમાં હેત કરે તેમ બીજા પદાર્થમાં પણ હેત થઈ જાય, માટે આત્મનિષ્ઠા સહિત ભક્તિ કરવી એ જ વાસના ટાળ્યાનો ઉપાય છે. અને આત્મનિષ્ઠાવાળાને પણ કોઈક ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને અજ્ઞાનીની પેઠે જ ક્ષોભ થઈ આવે પણ ઝાઝી વાર ટકે નહિ. **(૨)** ઇતિ વચનામૃતમ્ **॥૨૦॥ (૨૫૪)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે પરિપક્વપણાને પામીને જીવ સાથે મળી રહ્યાં એવાં જે કર્મ તેને જ સ્વભાવ, વાસના ને પ્રકૃતિ કહી છે. **(૧)** અને બીજામાં આત્મનિષ્ઠાએ સહિત ભક્તિ કરવી એ વાસના ટાળ્યાનો ઉપાય કહ્યો છે. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં આત્મનિષ્ઠાવાળાને ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને ક્ષોભ એટલે મોહ થઈ આવે એમ કહ્યું અને (**પ્ર૦ ૬૧**ના પહેલા પ્રશ્નમાં) આત્મનિષ્ઠાવાળાને ધીરજ ડગતી નથી એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૧ **ઉ૦** (**પ્ર૦ ૬૧**માં) દૃઢ આત્મનિષ્ઠાવાળાની વાત કહી છે અને આમાં સામાન્ય આત્મનિષ્ઠાવાળાની વાત કહી છે. **॥૨૦॥ (૨૫૪)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૨૧

❖❖સંવત ૧૮૮૪ના ભાદરવા સુદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ

શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર ગાદી-તકિયા નખાવીને વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને કંઠને વિષે ચંમેલીનાં પુષ્પના હાર વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ સમસ્ત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને ને શુકમુનિને પ્રશ્ન-ઉત્તર કરવાની આજ્ઞા કરી.
૧ પછી શુકમુનિએ ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** ભગવાનની જે ભક્તિ છે તેણે કરીને જીવ ભગવાનની માયાને તરે છે ને અક્ષરધામને પામે છે, અને જે ધર્મ છે તેણે કરીને તો દેવલોકની પ્રાપ્તિ થાય છે ને તે પુણ્યને અંતે પાછો દેવલોકમાંથી તે જીવ પડી જાય છે. અને ભગવાનના જે અવતાર થાય છે તે તો જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ત્યારે તે ધર્મને સ્થાપન કરવાને અર્થે થાય છે, પણ ભક્તિના સ્થાપનને અર્થે થાતા નથી, અને જે પ્રાપ્તિ ભક્તિ વતે થાય છે તે પ્રાપ્તિ ધર્મે કરીને જણાતી નથી. માટે ભક્તિ સરખી કિયે પ્રકારે ધર્મમાં મોટાઈ આવે એ પ્રશ્ન છે ? પછી ગોપાળાનંદ સ્વામીએ એ પ્રશ્નનો ઉત્તર કરવા માંડ્યો તે જે જે વાત કરી તેમાં ધર્મ તે ભક્તિનું અંગરૂપ થઈ જાય પણ કોઈ રીતે ભક્તિ સરખી ધર્મમાં ગૌરવતા આવે નહિ. પછી એ વાર્તા સાંભળીને શ્રીજીમહારાજ અતિશે હસતા હવા. અને એમ બોલ્યા જે, એ પ્રશ્નનો ઉત્તર ઘણો કઠણ છે માટે લ્યો અમે એનો ઉત્તર કરીએ જે, એ ધર્મ તો બે પ્રકારનો છે. એક નિવૃત્તિ ધર્મ છે ને બીજો પ્રવૃત્તિ ધર્મ છે. તે એ બે પ્રકારનો ધર્મ તે ભગવાનના સંબંધે સહિત પણ છે ને ભગવાનના સબંધે રહિત પણ છે. તેમાં ભગવાનના સબંધે સહિત જે ધર્મ છે તે તો નારદ, સનકાદિક, શુકજી, ધ્રુવ, પ્રહ્લાદ, અંબરીષ એ આદિક જે ભક્તજન તેનો છે, અને એ ધર્મને જ ભાગવત ધર્મ કહે છે તથા એકાંતિક ધર્મ કહે છે. અને તે ધર્મ ને ભક્તિ તો બે નથી; એક જ છે. અને જે ધર્મ સ્થાપનને અર્થે ભગવાનના અવતાર થાય છે તે પણ એ જ ધર્મના સ્થાપનને અર્થે થાય છે, અને જે કેવળ વર્ણાશ્રમના ધર્મ છે તે તો ભાગવત ધર્મ થકી અતિશે ગૌણ છે, અને ભાગવત ધર્મે કરીને તો જીવ જે તે ભગવાનની માયાને તરીને પુરુષોત્તમના ધામને પામે છે. માટે ભાગવત ધર્મ ને ભક્તિ એનું તો એકસરખું ગૌરવપણું છે અને પ્રાપ્તિ પણ એકસરખી જ છે એવી રીતે
ભક્તિની ને ધર્મની સરખી મોટાઈ છે. **(૧)** અને કેવળ જે વર્ણાશ્રમ ધર્મ તે તો તે થકી અતિશે ૧
દૂબળા છે ને તેનું ફળ પણ નાશવંત છે. **(૨)** અને અમારો પણ મત એ છે જે ભગવાન તથા ૨
ભગવાનના એકાંતિક ભક્ત તે વિના કોઈ સંગાથે હેત કરીએ તો પણ થાતું નથી. અને અમને એમ જણાય છે જે જડભરત, શુકદેવ, દત્તાત્રેય, ઋષભદેવ ભગવાન એના સરખો અમારા જીવનો ઢાળો છે, માટે અમને પણ વન, પર્વત ને જંગલ એમાં જ રહેવું ગમે છે, પણ મોટાં મોટાં શહેર પાટણ હોય એમાં રહેવું ગમતું નથી એવો અમારો સહજ સ્વભાવ છે. તો પણ ભગવાન તથા ભગવાનના ભક્તને અર્થે લાખો માણસના ભીડામાં રહીએ છીએ તો પણ

અમારે જેવું વનમાં રહીએ ને નિર્બંધ રહેવાય તેવું જ રહેવાય છે. અને અમે પોતાને સ્વાર્થે કરીને લાખો માણસમાં નથી રહેતા; **અમે તો ભગવાન તથા ભગવાનના ભક્તને અર્થે માણસના ભીડામાં રહીએ છીએ અને ભગવાનના ભક્તને અર્થે ગમે તેટલી પ્રવૃત્તિ કરવી પડે તો પણ એને નિવૃત્તિ જાણીએ છીએ.** અને **ભગવાનનો જે ભક્ત હોય ને તે ગમે તેટલા વાંકમાં આવ્યો હોય તો પણ અમારે તેનો અવગુણ આવતો નથી; અમે તો એમ જાણીએ છીએ જે, ભગવાનના ભક્તમાં જો કોઈક સ્વાભાવિક અલ્પ દોષ હોય તો પણ તે જોવા નહિ અને એ દોષ જો પોતામાં હોય તો તેને ટાળ્યાનો ઉપાય કરવો, પણ ભગવાનના ભક્તમાં એ જાત્યનો દોષ હોય તો પણ એ હરિજનનો અવગુણ લેવો નહિ, અને હરિભક્તનો તો અવગુણ જ્યારે મોટા વર્તમાનમાં ચૂકી જાય ત્યારે લેવો, ને બીજા અલ્પ દોષ હોય તે સારુ ભગવાનના ભક્તનો અવગુણ લેવો નહિ. (૩) ને ભગવાનના ભક્ત હોય તેને વાદવિવાદે કરીને જીતીને રાજી** ૩
**થાવું નહિ; એ સાથે તો હારીને જ રાજી થાવું, ને જે વાદવિવાદે કરીને ભગવાનના ભક્તને જીતે છે તે તો પંચમહાપાપના જે કરનારા તેથી પણ વધુ પાપી છે. અને અમ આગળ જે કોઈ ભગવાનના ભક્તનું ઘસાતું બોલે તે તો અમને દીઠો જ ગમે નહિ, ને જે ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તેના હાથનું તો અન્નજળ પણ ભાવે નહિ, અને દેહનો સંબંધી હોય પણ જો ભગવાનના ભક્તનો અવગુણ લે, તો તે સાથે પણ અતિશે કુહેત થઈ જાય. (૪)** ૪
શા માટે જે, આપણ તો આત્મા છીએ તે આપણે દેહના સંબંધી સાથે શા સારુ હેત જોઈએ, આપણે તો સત્તારૂપે રહીને ભગવાન તથા ભગવાનના ભક્ત સંગાથે હેત કર્યું છે પણ દેહબુદ્ધિએ કરીને હેત કર્યું નથી. ને જે સત્તારૂપ રહી નહિ શકે તેને તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરાદિક જે શત્રુ તે પીડ્યા વિના રહે જ નહિ, માટે જે આત્મસત્તારૂપ થઈને ભક્તિ નહિ કરતા હોય તેનું રૂપ તો આ સત્સંગમાં ઉઘાડું થયા વિના રહે જ નહિ. **(૫)** શા **૫**
માટે જે, આ સત્સંગ છે તે તો અલૌકિક છે ને જેવા **શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક તેને વિષે ભગવાનના પાર્ષદ છે, તે જેવા જ આ સર્વે સત્સંગી છે ને અમે તો જેવા સર્વથી પર જે દિવ્યધામ તેને વિષે ભગવાનના પાર્ષદ છે, તે થકી અધિક જો આ સત્સંગીને ન જાણતા હોઈએ તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે. (૬)** અને જેને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ **૬**
ને ભક્તિ એ અતિશે દૃઢ નહિ હોય તે તો અંતે જાતા ઢીલો પડ્યા વિના નહિ જ રહે. જેમ મીણે પાયેલ દોરો હોય ને તે શિયાળામાં ને ચોમાસામાં તો અકડ રહે, પણ જ્યારે ઉનાળો આવે ત્યારે જરૂર ઢીલો થઈ જાય. તેમ અહીંયાં હરિભક્તને સર્વે પ્રકારે સુખ રહે ને સત્સંગમાં પણ સન્માન થાતું રહે, તે રૂપ જે ચોમાસું ને શિયાળો તેમાં તો જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ને ભક્તિ તે સુધાં આકરાં જણાય પણ જ્યારે સત્સંગમાં અપમાન થાય ને દેહે કરીને પણ દુઃખી થાય તે રૂપ જે ઉનાળો તેમાં તો જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ને ભક્તિ તે મીણે પાયેલ દોરાની પેઠે ઢીલાં થઈ જાય. તો પણ અમે તો તેનો ત્યાગ કરતા નથી પણ એ જ એની મેળે ઓશિયાળો થઈને સત્સંગમાંથી પાછો હઠી જાય છે. પછી તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને અંતરે સત્સંગ

સંબંધી સુખ ન રહે. માટે સત્સંગ કરવો તે તો આત્મસત્તારૂપ થઈને અતિ દૃઢપણે કરવો પણ દેહ તથા દેહના સંબંધીને સંગાથે હેત રહી જાય એવો સત્સંગ કરવો નહિ. **જેમ સોનાનો દોરો કર્યો હોય તે છોયે ઋતુમાં સરખો રહે, પણ ઉનાળાને તાપે કરીને ઢીલો થાય નહિ તેમ જેનો દૃઢ સત્સંગ હોય તેને ગમે તેવાં દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે સત્સંગમાંથી મન પાછું હઠે નહિ. એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે તે જ અમારે તો સગાંવહાલાં છે, ને તે જ અમારી નાત છે, ને આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે** ને શ્રીકૃષ્ણ ભગવાનના ધામમાં પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે એમ અમારો નિશ્ચય છે, ને તમારે પણ એમ જ નિશ્ચય રાખ્યો જોઈએ, શા માટે જે **તમે સર્વે અમારે આશ્રિત થયા છો માટે અમારે તમને હિતની વાત હોય તે કહી જોઈએ, ને મિત્ર પણ તેને જ જાણવો જે પોતાના હિતની વાત હોય તે દુઃખ લગાડીને પણ કહે એ જ મિત્રનું લક્ષણ છે, તે સમજી રાખજો. (૭)** ઇતિ વચનામૃતમ્ **॥૨૧॥ (૨૫૫)** ૭

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારા સંબંધે સહિત જે નિવૃત્તિ ને પ્રવૃત્તિ ધર્મ તે ભાગવત ધર્મ છે તે ધર્મ ને ભક્તિ એ બે એક જ છે, એ ધર્મ સ્થાપન કરવાને અર્થે અમે પ્રગટ થયા છીએ તે ભાગવત ધર્મે કરીને જીવ અમારા ધામને પામે છે. **(૧)** અને કેવળ વર્ણાશ્રમ ધર્મનું ફળ નાશવંત છે. **(૨)** અને અમને વન, પર્વત, જંગલમાં જ રહેવું ગમે છે તો પણ અમારા ભક્તને અર્થે માણસના ભીડામાં રહીએ છીએ ને અમારા ભક્તને અર્થે પ્રવૃત્તિ કરવી તે નિવૃત્તિ જાણીએ છીએ, અને અમારા ભક્તનો અલ્પ દોષ જોઈને અવગુણ ન લેવો અને મોટા વર્તમાનમાં ચૂકે ત્યારે અવગુણ લેવો. **(૩)** અને અમારા ભક્તને વાદે કરીને જીતે તે પંચમહાપાપીથી વધુ પાપી છે અને અમારા ભક્તનું ઘસાતું બોલે તે અમને દીઠો ગમતો નથી ને અમારા ભક્તનો અવગુણ લે તેના હાથનું અન્નજળ ભાવે નહિ. **(૪)** અને દેહનાં સંબંધી સાથે હેત ન રાખવું; સત્તારૂપ થઈને અમારી સાથે હેત કરવું. જે સત્તારૂપ નહિ રહી શકે તેને કામાદિક શત્રુ પીડશે. **(૫)** અને અમારા દિવ્ય અક્ષરધામને વિષે અમારા પાર્ષદ છે તેથી અધિક આ સત્સંગી એટલે આ ગોપાળાનંદ સ્વામી છે. **(૬)** અને જેને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ને ભક્તિ અતિ દૃઢ નહિ હોય તે અંત્યે ઢીલો પડશે તો પણ અમે તેનો ત્યાગ કરતા નથી, પણ એ જ એની મેળે સત્સંગમાંથી પાછો પડી જાય છે. અને જે દૃઢ સત્સંગી છે તેના ભેળું આંહીં તથા અક્ષરધામમાં રહેવું એવો નિશ્ચય રાખવો. **(૭)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલી બાબતમાં શ્રીજીમહારાજ અતિશે હસતા હવા એમ કહ્યું તે અતિશે હસવાનું કારણ શું હશે ?

૧ **ઉ૦** આ પ્રશ્ન અક્ષર ઓરડીમાં જીવુબા, લાડુબા અને રાજબાએ શ્રીજીમહારાજને પૂછેલો તેનો ઉત્તર શ્રીજીમહારાજે કરેલો તે શુકસ્વામીએ સાંભળેલો તે પ્રશ્ન ગોપાળાનંદ સ્વામીને શુક સ્વામીએ પૂછ્યો તેથી શ્રીજીમહારાજ હસતા હવા જે અમારા પાસેથી સાંભળીને મોટા મુક્ત સાથે વિવાદ કરે છે એ હસવાનું કારણ છે.

૨ **પ્ર૦** ત્રીજી બાબતમાં શ્રીજીમહારાજે જડભરતાદિકના સરખો અમારા જીવનો ઢાળો છે એમ કહ્યું તે જીવ તો જે માયાની અંદર હોય ને જેને માથે જન્મ-મરણ હોય તેને જ કહેવાય ને શ્રીજીમહારાજ તો જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ, અક્ષર ને મુક્તથી પણ પર ને દિવ્ય ચૈતન્યઘન મૂર્તિ છે છતાં પોતાને જીવ શબ્દથી કેમ કહ્યા હશે ?

૨ **ઉ૦** જડ ભરત આદિકને જેમ વસ્તીમાં રહેવું ગમતું નહિ તેમ અમને પણ વસ્તીમાં રહેવું ગમતું નથી તે રુચિ બતાવી છે. અને જિવાડે તે જીવ કહેવાય તે શ્રીજીમહારાજ જીવ-ઈશ્વરાદિક સર્વેને સુખદાતા ને પ્રકાશક ને સચેતન કરે છે એવી રીતે સર્વને જિવાડે છે માટે જીવ શબ્દે કહ્યા છે. આનો વિસ્તાર (**મ૦ ૫૬**ના પહેલા પ્રશ્નોત્તરમાં) છે.

૩ **પ્ર૦** (૬ છઠ્ઠી બાબતમાં) શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોકને વિષે ભગવાનના પાર્ષદ છે તે જેવા જ આ સર્વ સત્સંગી છે એમ કહ્યું અને પછીથી સર્વથી પર જે દિવ્ય અક્ષરધામ તેને વિષે જે પાર્ષદો રહ્યા છે એમ કહ્યું તે કેવી રીતે સમજવું ?

૩ ઉ૦ જ્યારે શ્રીજીમહારાજ તથા તેમના મુક્તો જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વી ઉપર પધારે ત્યારે ગોલોકાદિક સર્વે ધામોનાં પાર્ષદ તથા અધિપતિ તે પોતાના કલ્યાણને અર્થે આ લોકને વિષે મનુષ્યદેહ ધરીને સત્સંગમાં આવે છે. તે સર્વેની તથા અક્ષરધામના મુક્તોની સભા ભેળી હોય તે ગોલોકાદિકને વિષેથી આવેલાને તે ધામોના પાર્ષદ કહ્યા છે અને અક્ષરધામમાંથી આવેલા મુક્તને તે સભાઓથી અધિક કહ્યા છે.

૪ **પ્ર૦** દિવ્યધામને વિષે અમારા પાર્ષદો છે તેથી અધિક જો આ સત્સંગીને ન જાણતા હોઈએ તો અમને અમારા તથા અમારા ભક્તના સમ છે એમ શ્રીજીમહારાજે કહ્યું તે દિવ્ય ધામ તો પોતાના પ્રકાશરૂપ અક્ષરધામને કહ્યું છે, પણ તે અક્ષરધામમાં રહેનારા પાર્ષદ એટલે મુક્તથી અધિક કહ્યા તે અધિક એટલે કેવા જાણવા અને અધિક કોને કહ્યા હશે ?

૪ ઉ૦ શ્રીજીમહારાજના ધામને વિષે શ્રીજીમહારાજને સન્મુખ પરમએકાંતિકમુક્ત શ્રીજીમહારાજની હજૂરમાં રહ્યા છે તેથી પણ શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત અધિક છે તે અનાદિમુક્તોને અધિક કહ્યા છે ને આ સત્સંગી કહ્યા તે શ્રી ગોપાળાનંદ સ્વામીના સન્મુખ હસ્ત કરીને કહ્યા છે જે આમની સાથે તમે સંવાદ કરો છો તે તો અમારી મૂર્તિમાં રહેનારા અમારા અનાદિમુક્ત છે એમ શુકમુનિને ઠપકો દીધો છે.

૫ **પ્ર૦** દૃઢ સત્સંગી વૈષ્ણવ છે તે જ અમારે તો સગાંવહાલાં છે ને એ જ અમારી નાત્ય છે ને આ દેહે કરીને પણ એમના ભેળું જ રહેવું છે અને શ્રીકૃષ્ણ ભગવાનના ધામમાં પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે, એમ શ્રીજીમહારાજે કહ્યું તે વૈષ્ણવ કોને કહ્યા હશે ? અને સગાંવહાલાં તેનો શો અર્થ જાણવો ? અને નાત્ય કેવી રીતે જાણવી ? અને શ્રીકૃષ્ણ ભગવાન કોને કહ્યા છે ?

૫ ઉ૦ પોતાના મુક્તોને વૈષ્ણવ નામે કહ્યા છે, અને મુક્ત જેવા બીજા કોઈ વહાલા નથી માટે સગાંવહાલાં કહ્યાં છે, અને એ મુક્ત પોતાના સાધર્મ્યપણાને પામ્યા છે, માટે પોતાની નાત્ય કહી છે, અને અક્ષરધામમાં પોતાના મુક્તોએ સહિત સદાય ભેળા રહે છે અને અક્ષરધામમાં રહ્યા થકા જ જીવોના કલ્યાણ કરવાને અર્થે આ લોકને વિષે દર્શન આપે છે, તો પણ સદાય ભેળા ને ભેળા જ રહે છે પણ કોઈ કાળે જુદા પડતા નથી તેથી ભેળા રહેવું છે એટલે ભેળા રહીએ છીએ એમ કહ્યું છે, અને શ્રીકૃષ્ણ નામે પોતાને કહ્યા છે. **॥૨૧॥ (૨૫૫)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૨૨

❖સંવત ૧૮૮૪ના ભાદરવા વદિ ૪ ચોથને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પાઘને વિષે ધોળા પુષ્પના તોરા ઝૂકી રહ્યા હતા અને કંઠને વિષે ધોળા પુષ્પના હાર વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને પરમહંસ દુકડ-સરોદા લેઈને પોતાની આગળ વિષ્ણુપદ ગાવતા હતા. તે સમયમાં શ્રીજીમહારાજ અંતર સન્મુખ દૃષ્ટિ કરીને વિરાજમાન હતા.

૧ પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, **(૧)** જેવું પ્રેમલક્ષણા ભક્તિએ યુક્ત આ કીર્તનને વિષે હરિજનનું અંગ કહ્યું છે એવું તો ઝીણાભાઈનું અંગ છે તથા પર્વતભાઈ ને મૂળજી એનાં પણ એવા અંગ હતા, માટે અમે અંતર સન્મુખ દૃષ્ટિ કરીને વિચારતા હતા અને બીજા પણ સત્સંગમાં એવા અંગવાળા હશે, અને જેને પ્રેમલક્ષણા ભક્તિનું અંગ આવે તેને પંચવિષયને વિષે પ્રીતિ ટળી જાય છે અને આત્મનિષ્ઠા રાખ્યા વિનાની જ રહે છે. **(૧)** ૧

૨ પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, **(૨)** નરસિંહ મહેતો તો સખીભાવે શ્રીકૃષ્ણ

ભગવાનને ભજતા ને કેટલાક નારદાદિક ભગવાનના ભક્ત છે તે તો દાસભાવે કરીને ભગવાનને ભજે છે એ બે પ્રકારના ભક્તમાં કેની ભક્તિ શ્રેષ્ઠ જાણવી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, નરસિંહ મહેતા, ગોપીઓ અને નારદ-સનકાદિકની ભક્તિમાં બે પ્રકાર નથી; એ તો એક પ્રકાર જ છે. અને દેહ તો પુરુષનો ને સ્ત્રીનો બે ય માયિક છે ને નાશવંત છે અને ભજનનો કરનારો જે જીવાત્મા તે પુરુષ પણ નથી ને સ્ત્રી પણ નથી; એ તો સત્તામાત્ર ચૈતન્ય
છે. **(૨)** તે દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે જેવી ભગવાનની મરજી હોય ૨
તેવો તેનો આકાર બંધાય છે અથવા એ ભક્તને જેવો સેવાનો અવકાશ આવે તેવો આકાર
ધરીને ભગવાનની સેવા કરે છે. **(૩)** અને જે ભગવાનનો ભક્ત હોય તેને જેમ ભગવાનમાં ૩
પ્રીતિ હોય તેમ જ જો ધન-સ્ત્રી આદિક પદાર્થમાં પ્રીતિ થઈ જાય તો એ ભગવાનનો દૃઢ ભક્ત કહેવાય નહિ, અને પરમેશ્વરનો ભક્ત થઈને ભક્તિ કરતા થકા જે પાપ કરે છે ને સત્સંગમાં જ કુવાસના બાંધે છે તે પાપ તો એને વજ્રલેપ થાય છે. અને કુસંગમાં જઈને પરસ્ત્રીનો સંગ કરે તે થકી પણ સત્સંગમાં ભગવાનના ભક્ત ઉપર કુદૃષ્ટિએ જોવાણું હોય તેને તો તેનું વધુ પાપ છે. માટે જેને ભગવાનમાં દૃઢ પ્રીતિ કરવી હોય તેને તો કોઈ જાતનું પાપ પોતાની બુદ્ધિમાં રહેવા દેવું નહિ, શા માટે જે સત્સંગી હરિજન છે તે તો જેવાં પોતાનાં મા-બોન-દીકરી હોય તેવાં છે. અને આ સંસારને વિષે અતિશે જે પાપી હોય તે પોતાના ગોત્રની સ્ત્રીઓને વિષે કુદૃષ્ટિ રાખે છે માટે જે હરિજનને વિષે કુદૃષ્ટિ રાખે તે અતિશે પાપી છે, ને તેનો કોઈ કાળે છૂટકો થાય નહિ, માટે જેને રસિક ભક્ત થાવું હોય તેને આવી જાતનું પાપ
તેનો ત્યાગ કરીને પછી રસિક ભક્ત થાવું. **(૪)** અને **સર્વ પાપમાંથી મોટું પાપ એ છે જે** ૪
**ભગવાન ને ભગવાનના ભક્તને વિષે દોષબુદ્ધિ થાય ને તે દોષબુદ્ધિએ કરીને ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે વૈર બંધાઈ જાય માટે કોટી ગૌહત્યા કરી હોય તથા મદ્ય-માંસનું ભક્ષણ કર્યું હોય તથા અસંખ્ય ગુરુસ્ત્રીનો સંગ કર્યો હોય તે એ પાપ થકી તો કોઈ કાળે છૂટકો થાય, પણ ભગવાન ને ભગવાનના ભક્તનો જે દ્રોહી તેનો તો કોઈ કાળે એ પાપ થકી છૂટકો ન થાય. અને તે પુરુષ હોય તો રાક્ષસ થઈ જાય ને સ્ત્રી હોય તો રાક્ષસી થઈ જાય.** પછી
તે કોઈ જન્મમાં અસુર મટીને ભગવાનનો ભક્ત થાતો નથી. **(૫)** અને જેણે ભગવાનના ૫
ભક્તનો દ્રોહ આદર્યો હોય ને પરિપક્વ દ્રોહી ન થયો હોય તેની તો દ્રોહબુદ્ધિ મોટાપુરુષને સંગે કરીને ટળે છે, પણ જેની પરિક્વ દ્રોહબુદ્ધિ થઈ હોય તેની તો કોઈ યોગે કરીને દ્રોહબુદ્ધિ ટળે નહિ, અને દ્રોહ કર્યાની સાધનદશામાં હોય ને એમ જાણે જે ભગવાન ને ભગવાનના ભક્તનો મેં દ્રોહ કર્યો એ મોટું પાપ કર્યું, માટે હું તો અતિશે નીચ છું અને ભગવાન ને ભગવાનના ભક્ત તે તો બહુ મોટા છે એવી રીતે જે ભગવાનનો ને ભગવાનના ભક્તનો ગુણ લે અને પોતાને વિષે દોષ જુએ, તો ગમે તેવાં મોટાં પાપ કર્યાં હોય તો પણ તે નાશ પામે છે અને **ભગવાન પોતાના ભક્તના દ્રોહના કરનારા ઉપર જેવા કુરાજી થાય છે ને દુઃખાય છે તેવા કોઈ પાપે કરીને દુઃખાતા નથી.** અને જ્યારે વૈકુંઠલોકમાં જય-વિજય સનકાદિકનું

અપમાન કર્યું ત્યારે ભગવાન તત્કાળ સનકાદિક પાસે આવ્યા ને સનકાદિક પ્રત્યે એમ બોલ્યા જે, તમ જેવા જે સાધુ છે તેનો જે દ્રોહ કરે તે તો મારા શત્રુ છે, માટે તમે જય-વિજયને શાપ દીધો એ બહુ સારું કર્યું અને તમ જેવા ભગવદી બ્રાહ્મણ તેનો જો મારો હાથ દ્રોહ કરે તો તે હાથને પણ હું કાપી નાખું તો બીજાની શી વાત કહેવી ! એવી રીતે વૈકુંઠનાથ ભગવાન સનકાદિક પ્રત્યે બોલ્યા ને જય-વિજય હતા, તે ભગવદીના અપરાધરૂપી જે પાપ તેણે કરીને દૈત્ય થયા. એવી રીતે જેણે ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો છે તે સર્વે મોટી પદવીમાંથી પડી ગયા છે તે શાસ્ત્રમાં વાત પ્રસિદ્ધ છે. **માટે જેને પોતાનું રૂડું ઇચ્છવું તેને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો નહિ ને જો જાણે-અજાણે કાંઈક દ્રોહ થઈ ગયો હોય તો પગે લાગી સ્તુતિ કરીને જેમ તે રાજી થાય તેમ કરવું. (૬)** ઇતિ વચનામૃતમ્ **॥૨૨॥ (૨૫૬)** ૬

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૨)** છે, તેમાં પહેલું કૃપાવાક્ય છે, તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, જેને પ્રેમલક્ષણા ભક્તિનું અંગ આવે તેને પંચવિષયને વિષેથી પ્રીતિ ટળી જાય છે ને આત્મનિષ્ઠા રાખ્યા વિનાની જ રહે છે. **(૧)** ને બીજામાં સખી ભાવે અથવા દાસ ભાવે અમને ભજે તે બેયની ભક્તિ એક જ છે. **(૨)** અને અમારો ભક્ત દેહ મૂકીને ધામમાં જાય છે ત્યારે અમારી કાં ભક્તની મરજી હોય તેવો આકાર બંધાય છે. **(૩)** અને સત્સંગી બાઈ ઉપર કુદૃષ્ટિએ જુએ તે અતિશે પાપી છે. **(૪)** અને અમારા ભક્તનો દ્રોહ કરે તે રાક્ષસ થઈ જાય છે. **(૫)** અને પરિપક્વ દ્રોહી ન થયો હોય તેની દ્રોહબુદ્ધિ મોટાપુરુષને સંગે ટળે છે, અને પરિપક્વ દ્રોહીની કોઈ યોગે દ્રોહબુદ્ધિ ટળતી નથી ને અમારા ભક્તના દ્રોહ કરનારા ઉપર અમારો અતિશે કુરાજીપો થાય છે, ને તેણે અમને અતિશે વશ કર્યા હોય ને અમારે વિષે અતિશે એકતા થઈ હોય ને જેમ હાથ સેવા કરે તેમ હાથની પેઠે સેવા કરતો હોય તો પણ તેનો ત્યાગ કરી દઈએ અને જેનો દ્રોહ થયો હોય તે રાજી થાય તેમ કરવું. **(૬)** બાબતો છે.

૧ **પ્ર૦** (**૨/૩** બીજા પ્રશ્નમાં) અમારી વા ભક્તની મરજી પ્રમાણે આકાર ધરીને અમારી સેવામાં રહે છે એમ શ્રીજીમહારાજે કહ્યું તે શ્રીજીમહારાજની મરજીથી કેવો આકાર બંધાતો હશે ? ને પોતે કેવો આકાર ધરતો હશે ? ને ધામમાં સેવા શી હશે ?

૧ **ઉ૦** જેને વિશ્વાસનું અંગ હોય તે જ્ઞાન માર્ગ સમજતો ન હોય જે ભગવાનના ધામમાં કેવી રીતે રહેવાતું હશે તેને ભગવાન પોતાના જેવો મૂર્તિમાન કરે છે તે ભગવાનની ઇચ્છાએ આકાર બંધાયો કહેવાય અને જેને જ્ઞાનનું અંગ હોય તે એમ જાણે જે ભગવાનના ધામમાં ભગવાનના સરખા આકારવાળા મુક્ત રહ્યા છે તેવા મૂર્તિમાન આપણ થઈશું એમ જાણે તેને પણ ભગવાન પોતા જેવો મૂર્તિમાન કરે એ ભક્તની ઇચ્છાથી બંધાયો કહેવાય, ને શ્રીજીમહારાજને વિષે દાસપણું રાખવું તે સેવા કહી છે.**॥૨૨॥ (૨૫૬)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૨૩

❖સંવત ૧૮૮૫ના આસો સુદિ ૧૫ પૂનમને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે ફળિયાની વચ્ચે ઢોલિયો ઢળાવીને તે ઉપર વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ કૃપા કરીને સર્વે હરિજન પ્રત્યે બોલ્યા જે, **(૧)** જે ભગવાનનો ભક્ત હોય તે નિત્યે ભગવાનની માનસીપૂજા કરે તે **માનસીપૂજા** કરવાની એમ વિક્તિ છે જે, ઉનાળો, શિયાળો ને ચોમાસું એ ત્રણે ઋતુને વિષે નોખી નોખી માનસીપૂજા કરવી. તેમાં ઉનાળાના ચાર મહિના સુધી તો એમ પૂજા કરવી જે, સારું ટાઢું સુગંધીમાન પવિત્ર જળ હોય

તેણે કરીને ભગવાનને પ્રથમ નવરાવવા, ને પછી ધોયેલો ધોળો ખેસ સુંદર ઝીણો ને ઘાટો હોય તે પહેરવા આપવો ને પછી સુંદર આસન ઉપર વિરાજમાન એવા જે ભગવાન તેના અંગઅંગને વિષે સુંદર મળિયાગાર ચંદન ઘસીને વાટકામાં ઉતારી રાખ્યું હોય તે ચર્ચવું. તે પ્રથમ તો લલાટને વિષે ચર્ચીને લલાટને સારી પેઠે નીરખવું તથા હાથને વિષે ચર્ચીને હાથને સારી પેઠે નીરખવા, તથા હૃદય, ઉદર, સાથળ, પિંડી એ આદિક જે અંગ તેને વિષે તે ચંદનનું લેપન કરી કરીને તે તે અંગને નીરખવાં તથા ચરણારવિંદની ઉપર ને તળે સુંદર કુંકુમ ચોપડવું ને તે ચરણારવિંદને નીરખવાં. પછી મોગરા, ચમેલી, ગુલાબ, ચંપો એ આદિક જે સુગંધીમાન પુષ્પ તેના હાર તથા કંકણ, બાજુબંધ, ટોપી એ આદિક જે આભૂષણ તે તે પુષ્પનાં પહેરાવવાં. અને મોગરાના પુષ્પ જેવું ધોળું ને ઝીણું ને બહુ ભારે નહિ એવું વસ્ત્ર મસ્તકને વિષે ધરાવવું તથા ધોળી ઝીણી ને હલકી એવી જે સુંદર પછેડી તે ઓઢાડવી પછી તે ભગવાનને મળવું તે એક વાર મળવું, બે વાર મળવું, જેવું પોતાને હેત ઊપજે તેમ મળવું, તથા ભગવાનનાં ચરણારવિંદ પોતાની છાતીમાં લેવાં તથા મસ્તક ઉપર ધારવાં, અને તે મળવે કરીને જે ભગવાનના અંગનું ચંદન પોતાના અંગમાં વળગે તથા ભગવાનના ચરણારવિંદને પોતાની છાતીમાં ને મસ્તક ઉપર ધાર્યા હોય તેણે કરીને જે કુંકુમ વળગે તથા પુષ્પના હારનાં ચિહ્ન ઇત્યાદિક જે જે પોતાના અંગમાં વળગે, તેને ધારવું કહેતાં એમ જાણવું જે ભગવાનનું પ્રસાદી ચંદન, કુંકુમ ને હાર તે મારા અંગમાં અડ્યાં છે. અને શિયાળાના ચાર મહિના સુધી તો એમ પૂજા કરવી જે, પ્રથમ તો ભગવાનને ઊને જળે કરીને નવરાવવા, ને પછી ધોળો ખેસ પહેરવા આપવો ને પછી ઢોલિયા ઉપર મખમલનું ગાદલું પાથરીને તે ઉપર ધોળો ઓછાડ ઓછાડીને તે ઉપર ભગવાનને વિરાજમાન કરવા. ને પછી સુરવાળ પહેરાવવો તથા ડગલી પહેરાવવી તથા સોનેરી તારાળો ભારે કસુંબી રેંટો મસ્તકે બંધાવવો તથા કેડે ભારે રેંટો બંધાવવો તથા ખભે ભારે રેંટો ધરાવવો તથા હીરા, મોતી, સુવર્ણ લાલનાં જે ભાત્ય ભાત્યનાં ઘરેણાં તે અંગઅંગને વિષે ધરાવવાં તથા મોતીની માળા પહેરાવવી અને વસ્ત્ર પહેરાવીને તથા આભૂષણ પહેરાવીને ભગવાનનાં જે તે અંગ તેને સારી પેઠે નીરખવાં અને ભગવાનના લલાટને વિષે એક કુંકુમનો ચાંદલો કરવો. અને ચોમાસાના ચાર મહિના સુધી એમ પૂજા કરવી જે, જાણીએ ભગવાન કોઈક ગામથી આવ્યા તે ધોળાં વસ્ત્ર સર્વે પલળી ગયાં છે, અથવા નદીએ પરમહંસે સહિત નાવા પધાર્યા હતા ત્યાંથી પલળીને આવ્યા છે પછી તે પલળેલાં જે વસ્ત્ર તેને ઉતરાવીને સર્વે કસુંબલ વસ્ત્ર પહેરવા આપવાં, અને લલાટને વિષે પીળું જે કેસર-ચંદન તેનું લેપન કરવું અને ઉનાળો હોય ત્યારે ચોગાન જાયગામાં તથા ફૂલવાડીમાં ભગવાન વિરાજમાન છે એવી રીતે ભગવાનને ધારવા અને શિયાળો ને ચોમાસું હોય ત્યારે કોઈ સારી મેડીને ઉપર ભગવાન વિરાજમાન છે અથવા ઘરને માંહેલી કોરે વિરાજમાન છે એવી રીતે ભગવાનને ધારવા અને ભગવાનને જમવા કેઈ વસ્તુ આપવી તો જે **ભક્ષ, ભોજ્ય, લેહ્ય, ચોસ્ય** પોતાના મનમાં ખાવાને ગમતાં હોય તેવાં ભગવાનને અર્થે ચિંતવવાં, અને તેવાં

ભગવાનને ન ભાવતાં હોય તો પણ પોતાને ગમતાં જ ભોજન ભગવાનને અર્થે ચિંતવવાં. અને બીજા જે ધૂપ, દીપ, આરતી એ આદિક ઉપચાર તે યથાયોગ્ય ભગવાનને અર્પણ કરવા, એવી રીતે ત્રણે ઋતુમાં ભિન્ન ભિન્ન પૂજા કરે તો તે ભક્તને ભગવાનને વિષે હેતની વૃદ્ધિ થાય છે ને તેના જીવને બહુ સમાસ થાય છે, માટે જેણે આ વાત સાંભળી છે તે રાખજો ને નિત્ય આવી રીતે ભગવાનની માનસીપૂજા કરજો ને આવી વાત અમે કોઈ દિવસ કરી નથી. **(૧)** ૧

૨ અને વળી શ્રીજીમહારાજે એક બીજી વાત કરી જે, **(૨) જ્યારે ભગવાન ને ભગવાનના ભક્ત તે પોતાની ઉપર રાજી થાય ત્યારે તે ભક્તને એમ વિચારવું જે મારાં મોટાં ભાગ્ય જે મારી ઉપર ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થયા, અને શિક્ષાને અર્થે ભગવાન ને ભગવાનના ભક્ત પોતાને વઢે ત્યારે પણ એમ વિચારવું જે મારાં મોટાં ભાગ્ય જે મુને ભગવાન ને ભગવાનના ભક્ત વઢ્યા, જેણે કરીને મારામાં અવગુણ હશે તે જાશે એવી રીતે વઢે તો પણ રાજી થાવું પણ વઢે ત્યારે મનમાં શોક ન કરવો ને કચવાવું નહિ, ને પોતાના જીવને અતિ પાપી ન માનવો ને રાજી રહેવું. આ વાર્તા પણ રાખ્યા જેવી છે. (૨)** ઈતિ વચનામૃતમ્ ૨
**॥૨૩॥ (૨૫૭)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારા ભક્તોએ અમારી માનસીપૂજા ત્રણે ઋતુને વિષે ભિન્ન ભિન્ન પ્રકારે કરવી તેણે કરીને અમારે વિષે હેતની વૃદ્ધિ થાય છે. **(૧)** બીજામાં અમે તથા અમારા ભક્ત વઢીએ ત્યારે રાજી થાવું પણ કચવાવું નહિ. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં ભિન્ન ભિન્નપણે માનસીપૂજા કરવાની કહી તેથી બીજી રીતે થતી હશે કે કેમ ?

૧ **ઉ૦** આ માનસીપૂજા કહી તે અવરભાવની છે અને પોતાને દિવ્ય ચૈતન્યમય અવયવે રહિત માનીને પોતાના આત્માને વિષે શ્રીજીમહારાજની મૂર્તિ દિવ્ય તેજોમય ધારવી ને સર્વે પદાર્થ ચૈતન્યમય ધારીને જમાડવા અને વસ્ત્રાદિક અલંકાર તે મૂર્તિ જેવાં જ દિવ્ય ધારવાં પણ મૂર્તિથી ભિન્ન ન ધારવાં એ પરભાવની માનસીપૂજા છે.

૨ **પ્ર૦** બીજા પ્રશ્નમાં કહ્યું જે આ વાત પણ રાખ્યા જેવી છે તે કેઈ વાત હશે ?

૨ **ઉ૦** આ માનસીપૂજા કરવાની કહી તે વાત રાખ્યા જેવી, ને શિક્ષાને અર્થે શ્રીજીમહારાજ તથા મોટા સંત વઢે ત્યારે મારે વિષે દોષ છે તેથી હું પાપી છું એમ માને તો ગ્લાનિ પામીને હિંમત હારી જાય ને કલ્યાણને માર્ગેથી પાછો પડી જાય, માટે પોતાને પાપી ન માનવો અને મારા ઉપર દયા કરીને શ્રીજીમહારાજ ને મોટા સંત મને વઢ્યા તેથી હવે મારા દોષ નાશ પામશે એમ રાજી થાવું પણ કચવાવું નહિ, એ બે વાતો રાખ્યા જેવી કહી છે. **॥૨૩॥** (૨૫૭)

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૨૪

❖સંવત ૧૮૮૫ના આસો વદિ ૧૨ દ્વાદશીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી ગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજને મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** ॥ **યાનાસ્થાય નરો**

**રાજન્...॥** એ શ્લોકમાં કહ્યા જે ભાગવત ધર્મ તેને કેવી રીતે આશરવા ? ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે ॥ **પ્રસંગ-મજરં પાશ ..** ॥ તથા ॥ **યસ્યાત્મ બુદ્ધિઃ..** ॥ એ શ્લોકમાં એમ કહ્યું છે જે આ જીવને જેવી રીતે દેહગેહાદિકને વિષે પ્રસંગ છે, તેવી રીતે જ્યારે એને સંતનો દૃઢ પ્રસંગ થાય ત્યારે એ નેત્રને મીંચીને દોડે તો પણ ભાગવત ધર્મથી પડે નહિ ને આખડે પણ નહિ. **(૧)** ૧

૨ પછી શુકમુનિએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** આપણા સર્વે સંત વર્તમાનમાં રહે છે તથાપિ એમને વિષે એવું કિયું લક્ષણ છે જે જેણે કરીને એમ જાણીએ જે એને આપત્કાળ પડશે તો પણ એ ધર્મમાંથી નહિ ડગે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **ભગવાનનાં જે જે નાનાં-મોટાં વચન તેની ઉપર નિરંતર જેની દૃષ્ટિ રહે, પણ વચન બાહેર પગ દેવો પડે તેમાં અતિ કઠણ પડે અને તે વચનથી આગળ પગ માંડીને અધિક પણ ન વર્તે અને ઓછો પણ ન વર્તે તેને જાણીએ જે એ ધર્મમાંથી આપત્કાળે પણ નહિ પડે. (૨)** ૨

૩ પછી શ્રીજીમહારાજે કૃપા કરીને એમ વાર્તા કરી જે, **(૩)** પ્રકૃતિ જે જાવી તે જીવને બહુ કઠણ છે, તથાપિ જો સત્સંગમાં સ્વાર્થ જણાય તો પ્રકૃતિ ટળવી કઠણ ન પડે, જેમ દાદાખાચરના ઘરનાં માણસોને અમને રાખવાનો સ્વાર્થ છે તો અમને જે પ્રકૃતિ ન ગમે તે રાખતા નથી. તેમ સ્વાર્થે કરીને પ્રકૃતિ ટળે છે તથા ભયે કરીને પણ ટળે છે પણ તે અતિશે નથી ટળતી, કેમ જે જ્યારે કોઈક માણસ હોય ત્યારે તેનો ભય રાખે ને માણસ ન હોય તો ન રાખે. જેમ રાજાને ભયે કરીને ચોર પ્રકૃતિનો ત્યાગ કરે છે **તેમ જેનો જે સ્વભાવ હોય તેની ઉપર વારંવાર અમે કઠણ વચનના ડંક માર્યા હોય ને કચવાવ્યો હોય તો પણ કોઈ રીતે પાછો ન પડ્યો હોય, તે ઉપર તો અમારે એવું હેત રહે છે તે જાગ્રત-સ્વપ્નમાં સંભાર્યા વિના તે હેત એમનું એમ રહ્યું જાય છે ને ગમે તેમ થાય પણ તે હેત ટળતું નથી. (૩)** અને ૩
વળી જે હરિભક્તને વિષે જે અંગ હોય તેમાં એક અંગ સરસ હોય તે કહીએ છીએ, જે દાદાખાચરને વિશ્વાસનું અંગ અને રાજબાઈને ત્યાગનું અંગ, અને જીવુબાઈને શ્રદ્ધાનું અંગ, અને લાડુબાઈને અમારી પ્રસન્નતા કરવી એ અંગ, અને નિત્યાનંદ સ્વામીને અમારી પ્રસન્નતા કરવી એ અંગ, અને બ્રહ્માનંદ સ્વામીને સત્સંગની મર્યાદાનો કોઈ રીતે ભંગ ન થાય એવો આગ્રહ એ અંગ, અને મુક્તાનંદ સ્વામીને અમારી પ્રસન્નતા કરવી તથા અમારો વિશ્વાસ એ અંગ, અને સોમલાખાચરને સદા એકરેણીપણું એ અંગ, અને ચૈતન્યાનંદ સ્વામીને એમ જે કોઈ રીતે મહારાજ પ્રસન્ન થાય એમ આપણી વતે વર્તાય તો ઠીક એ અંગ, અને સ્વયંપ્રકાશાનંદ સ્વામીને નિશ્ચય તથા માહાત્મ્ય એ અંગ, અને ઠાકોર ઝીણાભાઈને એમ જે ભગવાન વિના બીજા પદાર્થમાં રખે મારું મન બંધાઈ જાય નહિ એવું અંગ, અને મોટા આત્માનંદ સ્વામીને અમારા વચનનું ઉલંઘન થાય નહિ એવું અંગ, એવી રીતે ઘણાક મોટેરા પરમહંસ તથા હરિભક્ત તેનાં અંગ કહ્યાં. અને પછી એમ બોલ્યા જે, આંહીંની મોટેરી ત્રણ

બાઈઓ તથા ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકમુનિ, સોમલોખાચર, દાદોખાચર, એ તમે સર્વે જેમ હમણાં આ વર્તમાનકાળે કેવાં રૂડી રીતે વર્તો છો, તથાપિ જો દેશ, કાળ, સંગ, ક્રિયા એ ચારેને વિષે વિષમપણું થાય તો એમનો એમ રંગ રહે નહિ એ વાતમાં કાંઈ સંશય નથી. **(૪)** અને કદાચિત્ વિષયમાં બંધાઈ ગયો ૪
હોય, પણ જો જેને વિષે જેટલો જ્ઞાનાંશનો વધારો હોય તો તે વિષયના બંધનને તોડીને નીકળે, તે જ્ઞાનાંશ તે શું ? તો એમ સમજણ હોય જે, હું જે જીવ તે આવો છું તથા દેહ તે આવો છે તથા દેહનાં સંબંધી તે આવાં છે, તથા પ્રકૃતિપુરુષ, વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત તેના સ્વરૂપ તે આવી રીતનાં છે, તથા ભગવાન તે આવી રીતના છે, તથા ભગવાનનું ધામ તે આવી રીતનું છે ઇત્યાદિક જે જ્ઞાનાંશ તેની જે અંતરમાં દૃઢતાની ગ્રંથિ તે પડી હોય, ને પછી જે વૈરાગ્ય ઊપજે તે વૈરાગ્ય ખરો અને એ વિના બીજો જે વૈરાગ્ય તે તો ઉપરથી જણાય પણ એમાં બળ નહિ, ને બળ તો જ્ઞાનાંશથી ઊપજ્યો જે વૈરાગ્ય તેમાં જ છે. જેમ દીવાનો અગ્નિ તેને વાયુ લાગે ત્યારે ઓલાઈ જાય અને વડવાનળ અગ્નિ તથા મેઘમાં જે વીજળીનો અગ્નિ તે જળમાં રહ્યો છે પણ તે જળનો પરાભવ એને થાતો નથી ને પ્રજ્વલિત થકો રહે છે, તેમ જ્ઞાનાંશ વિનાનો જે વૈરાગ્ય તેને વિષયનો સંબંધ થાય ત્યારે એ વૈરાગ્ય ટકે નહિ, અને જ્ઞાનાંશે કરીને થયો જે વૈરાગ્ય તેને વિષયનો સંબંધ થાય તો પણ એ વૈરાગ્ય ક્ષીણ ન પડે; વડવાનળ અગ્નિની પેઠે પ્રજ્વલિત થકો વર્તે છે, અને એવો જે જ્ઞાનાંશ તેની કોઈ રીતે કરીને તમારા મનમાં આંટી પડી જાય તે સારુ અમે નિરંતર વાર્તા કરીએ છીએ. કેમ જે કોઈક વાર્તાની ચૂંક લાગે તો એવી આંટી પડી જાય. અને જે એમ ન સમજે ને આ મારી જાત, આ મારી મા, આ મારો બાપ, આ મારા સંબંધી, એવી રીતની અહંમમતાએ યુક્ત જેની સમજણ છે તેને તો અતિ પ્રાકૃત મતિવાળો અણસમજુ જાણવો. **(૫)** ૫

૪ અને વળી શ્રીજીમહારાજે કૃપા કરીને એમ વાર્તા કરી જે, **(૪) મુમુક્ષુને ઉત્કૃષ્ટ ગુણની પ્રાપ્તિ થાય તેનું કારણ શું છે ? તો ભગવાનની કથા-વાર્તામાં જેને જેટલી પ્રીતિ તેને તેટલો જગતનો અભાવ થાય તથા કામ, ક્રોધ, લોભાદિક દોષનો નાશ થાય. અને જો કથા-વાર્તામાં જેને આળસ હોય તેની કોરની એમ અટકળ કરવી જે એમાં મોટા ગુણ નહિ આવે. અને શાસ્ત્રમાં નવ પ્રકારની ભક્તિ કહી છે તેમાં શ્રવણ ભક્તિને પ્રથમ ગણી છે, માટે જો શ્રવણ ભક્તિ જેને હોય તો પ્રેમલક્ષણા પર્યંત સર્વે ભક્તિનાં અંગ એને પ્રાપ્ત થાશે. (૬)** ૬

એવી રીતે વાર્તા કરી અને તે જ દિવસ મધ્યાહ્ન સમે દાદાખાચરના દરબારમાં ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીની આગળ પરમહંસ સર્વેની પંક્તિ જમવા સારુ બેઠી હતી, તે સમયમાં શ્રીજીમહારાજ લીંબડાના વૃક્ષની હેઠે ઢોલિયો ઢળાવીને વિરાજમાન હતા પછી શ્રીજીમહારાજે
૫ પરમહંસ આગળ એમ વાત કરી જે, **(૫)** બાઈઓ હરિભક્ત છે તેનું માહાત્મ્ય તો ઝાઝું સમજવું નહિ; કેમ જે, એ માહાત્મ્યને મિષે કરીને મનમાં એનું મનન થાય એટલે સ્વપ્નમાં

આવે, માટે માહાત્મ્ય લેવું તો સૌનું સમપણે લેવું, જે એ સર્વે ભગવાનના ભક્ત છે, પણ અધિક-ન્યૂનપણે માહાત્મ્ય લેવું નહિ અને જો અધિક-ન્યૂનપણે માહાત્મ્ય સમજે તો તેમાં મોટું વિઘ્ન છે. તેમ જ બાઈઓને ભાઈનું માહાત્મ્ય પણ સમપણે સમજવું અને જો એમ ન સમજે તો એ બાઈઓને પણ મોટું વિઘ્ન છે. **(૭)** ઇતિ વચનામૃતમ્ **॥૨૪॥ (૨૫૮)** ૭

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૫)** છે. તેમાં છેલ્લા ત્રણ કૃપાવાક્ય છે, તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારા મુક્તનો દૃઢ પ્રસંગ રાખે તો ભાગવત ધર્મથી પડે નહિ. **(૧)** બીજામાં અમારા વચન પ્રમાણે વર્તે તે આપત્કાળે પણ ધર્મ થકી પડે નહિ. **(૨)** ત્રીજામાં જેને મોક્ષનો ખપ હોય તેની પ્રકૃતિ ટળે છે. **(૩)** અને મોટેરા પરમહંસ તથા હરિભક્તનાં અંગ કહ્યા છે. **(૪)** અને જ્ઞાને સહિત વૈરાગ્ય હોય તે વિષયમાં બંધાય નહિ અને માયિક પદાર્થમાં અહંમમત્વવાળો અણસમજુ છે. **(૫)** ચોથામાં શ્રવણ ભક્તિ હોય તેના કામાદિક નાશ પામે ને અમારે વિષે પ્રેમલક્ષણા ભક્તિ થાય છે. **(૬)** પાંચમામાં બાઈ-ભાઈએ અરસપરસ માહાત્મ્ય સમપણે સમજવું. **(૭)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં ભાગવત ધર્મને કેવી રીતે આશરવા એમ પૂછ્યું તેના ઉત્તરમાં શ્રીજીમહારાજે સંતનો પ્રસંગ રાખવાનું કહ્યું તેનું શું કારણ હશે ? ને ભાગવત ધર્મનું શું રૂપ હશે ? અને નેત્ર મીંચીને ચાલ્યો જાય તો પણ ભાગવત ધર્મમાંથી પડે-આખડે નહિ એમ કહ્યું તે નેત્ર શાં સમજવાં ? ને નેત્ર મીંચવા તે શું સમજવું ? અને પડવું-આખડવું તે શું સમજવું ?

૧ **ઉ૦** નિવૃત્તિ ને પ્રવૃત્તિ એ બે પ્રકારનો ધર્મ છે તે શ્રીજીમહારાજના સંબંધે સહિત હોય તે ભાગવત ધર્મ કહેવાય, પણ તે ધર્મનું પોષણ શ્રીજીમહારાજના મુક્તને પ્રસંગે કરીને થાય છે તેથી સંતનો પ્રસંગ રાખવાનું કહ્યું છે. અને શ્રુતિ ને સ્મૃતિ એ બે નેત્ર છે તે શ્રુતિ-સ્મૃતિને જાણતો ન હોય તે નેત્ર મીંચ્યાં કહેવાય. અને સ્થૂળ દેહે કરીને ધર્મ લોપે તે ભાગવત ધર્મથી પડ્યો કહેવાય. અને અંતઃકરણમાં ખોટા ઘાટ થાય તે આખડ્યો કહેવાય, તે સત્પુરુષનો પ્રસંગ રાખે તો સ્થૂળ દેહે નિયમમાં ફેર પડે નહિ ને મનમાં ખોટા ઘાટ પણ થાય નહિ. કેમ જે સત્પુરુષના પ્રસંગથી સત્પુરુષના ગુણ તેમાં આવે છે.

૨ **પ્ર૦** બીજા પ્રશ્નમાં વચનથી અધિક પણ ન વર્તે ને ઓછો પણ ન વર્તે તો આપત્કાળે પણ ધર્મમાંથી પડે નહિ એમ કહ્યું તે અધિક વર્તે તે ધર્મમાંથી આપત્કાળે શી રીતે પડતો હશે ?

૨ **ઉ૦** શ્રીજીમહારાજે ત્યાગી-ગૃહી, બાઈ-ભાઈ સર્વેને જે જે વચન પાળવાનાં કહ્યાં છે તેથી અધિક વર્તે તો તેને બીજા ભક્તનો અવગુણ આવે તો તેનું પાપ લાગે તેણે કરીને તે પડી જાય.

૩ **પ્ર૦** (૩/૪ ત્રીજા પ્રશ્નમાં) ગોપાળાનંદ સ્વામી તથા સોમલાખાચર આદિક મોટા સંત હરિજન તથા મોટેરી ત્રણ બાઈઓ એવા મોટાને વિષમ દેશકાળમાં એવો રંગ ન રહે એમ કહ્યું અને (**લો૦ ૧૩**ના પહેલા પ્રશ્નમાં) અમારી મૂર્તિમાં નિમગ્ન રહે તેને દેશકાળાદિકે કરીને પરાભવ ન થાય તો જ્યારે સાધનિકને પરાભવ ન થાય તો સદા મૂર્તિમાં રહેનારા ને ધામમાંથી બીજા જીવોના કલ્યાણ કરવા આવેલા એવા મોટાને પરાભવ થાય એમ કહેવાનો શો હેતુ હશે ?

૩ **ઉ૦** એમને ઉદ્દેશે કરીને સાધનિકને શિક્ષા કરી છે, પણ એ તો મૂળપુરુષ તથા મૂળઅક્ષરાદિકના ઐશ્વર્યને પણ તુચ્છ જાણે છે તો માયા તો બિચારી સામું પણ ક્યાંથી જોઈ શકે ? તો માયાનું કાર્ય એવા જે દેશકાળાદિક તે તો બિચારા શું કરી શકે ? એવા સમર્થ મુકત છે અને જે એમને શરણે આવે કે દૃષ્ટિએ ચડે એવા જીવને પણ માયાથી રહિત કરીને અક્ષરધામમાં લઈ જાય એવા સમર્થ છે, પણ સાધનિકને બીક લાગે તે માટે કહ્યું છે. **॥૨૪॥ (૨૫૮)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૨૫

❖સંવત ૧૮૮૫ના કાર્તિક સુદિ ૧૦ દશમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે કૃપા કરીને એમ વાર્તા કરી જે, **(૧)** ભગવાન સંબંધી ભક્તિ, ઉપાસના, સેવા, શ્રદ્ધા, ધર્મનિષ્ઠા એ આદિક જે જે કરવું તેમાં બીજા ફળની ઇચ્છા ન રાખવી એમ સત્‌શાસ્ત્રમાં કહ્યું છે તે તો સાચું, પણ એટલી તો ઇચ્છા રાખવી જે એણે કરીને મારી ઉપર ભગવાનની પ્રસન્નતા થાય એટલી ઇચ્છા રાખવી. અને એવી ઇચ્છા રાખ્યા વિના અમથું કરે તો તેને તમોગુણી કહેવાય. માટે ભગવાનની ભક્તિ આદિક જે ગુણ તેણે કરીને ભગવત્‌ પ્રસન્નતા રૂપ ફળને ઇચ્છવું, અને જો એ વિના બીજી ઇચ્છા રાખે તો ચતુર્ધા મુક્તિ આદિક ફળની પ્રાપ્તિ થાય. અને ભગવાનની જે પ્રસન્નતા તે ઘણા ઉપચારે કરીને જે ભક્તિ કરે તેની જ ઉપર થાય ને ગરીબ ઉપર ન થાય એમ નથી. ગરીબ હોય ને શ્રદ્ધા સહિત જળ, પત્ર, ફળ, ફૂલ ભગવાનને અર્પણ કરે તો એટલામાં પણ રાજી થાય. કેમ જે ભગવાન તો અતિ મોટા છે. તે જેમ કોઈક રાજા હોય તેના નામનો એક શ્લોક જ કોઈક કરી લાવે તો તેને ગામ આપે તેમ ભગવાન તુરત રાજી થાય છે. **(૧)** અને **વળી ભગવાનનો ખરો ભક્ત** ૧
**તે કોણ કહેવાય તો પોતાના દેહમાં કોઈક દીર્ઘ રોગ આવી પડે, તથા અન્ન ખાવા ન મળે, વસ્ત્ર ન મળે, ઇત્યાદિક ગમે એટલું દુઃખ અથવા સુખ તે આવી પડે તો પણ ભગવાનની ઉપાસના, ભક્તિ, નિયમ, ધર્મ, શ્રદ્ધા એમાંથી રંચ માત્ર પણ મોળો ન પડે; રતિવા સરસ થાય તેને ખરો ભક્ત કહીએ. (૨)** ૨

૨ પછી શ્રીજીમહારાજને રાજબાઈએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** હે મહારાજ ! કિયા ગુણે કરીને તમે રાજી થાઓ ને કિયા દોષે કરીને કુરાજી થાઓ ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, આટલા તો વચનમાં દોષ છે, તે કિયા તો પોતાના અંતરમાં કાંઈક વિશેષ વર્તવાનું હોય તેનું અમને એક વાર કહી દેવું જે, હે મહારાજ ! તમે કહો તો હું આવી રીતે વર્તું પણ વારંવાર ન કહેવું જે, હે મહારાજ ! હું આમ વર્તું, હું આમ વર્તું તમે કેમ મુને કહેતા નથી ? **તે ન ગમે.** અને મને પોતાનો ઇષ્ટદેવ જાણે ને વારે વારે મારા વેણ ઉપર વેણ લાવે **તે ન ગમે.** અને હું કોઈની આગળ વાત કરતો હોઉં ને બોલાવ્યા વિના વચમાં બોલે **તે ન ગમે.** અને ભગવાનનું ધ્યાન કરવું તથા ધર્મ પાળવો, ભક્તિ કરવી ઇત્યાદિક જે જે શુભ ક્રિયા કરવાની છે તેને જે ભગવાન ઉપર નાખે જે ભગવાન કરાવશે તો થાશે તે ન ગમે, અને આમ હું કરીશ એમ કેવળ પોતાનું જ બળ રાખે પણ ભગવાનનું બળ ન રાખે **તે ન ગમે.** અને જેને બોલ્યામાં પોતાના અંગનો ઠા ન હોય **તે તો અતિશે ન ગમે.** અને બીજા વ્યાવહારિક કામ કરવાં હોય તેમાં તો લાજ તથા આળસ ન હોય ને ભગવાનની વાર્તા કરવી, કથા કરવી, કીર્તન ગાવવાં, તેમાં લાજ રાખે ને આળસ રાખે **તે ન ગમે.** અને ત્યાગનો અથવા ભક્તિનો અથવા કોઈ રીતનો જે અહંકાર બોલીમાં લાવે **તે ન ગમે.** અને સભા બેઠી હોય ત્યારે સૌથી છેલ્લો આવીને બેસે પણ પોતાને જ્યાં ઘટતું હોય ત્યાં ન બેસે **તે ન ગમે.** તથા કોઈક મોટા તે સભામાં બેઠા હોય ને તેને કુણી મારીને માગ કરીને પોતે બેસે **તે ન ગમે.** અને બાઈ માણસ હોય ને તે પોતાના

અંગને ઢાંકીને લજ્જા સહિત વર્તે **તે ગમે.** તથા ચાલે ત્યારે નીચી દૃષ્ટિ રાખીને ચાલે, પણ ફાટી દૃષ્ટિ રાખે નહિ **તે ગમે.** અને **અમારાં દર્શન કરતા હોય ને કોઈક બાઈ-ભાઈ આવે કે કૂતરું નીસરે કે કાંઈ ખડખડે તેની સામું વારંવાર દર્શન મૂકીને જુએ, પણ એક દૃષ્ટિએ દર્શન ન કરે તેની ઉપર તો એવી રીસ ચડે જે શું કરીએ સાધુ થયા, નહિ તો એનું કાંઈક તાડન કરીએ, પણ તે તો થાય નહિ,** કેમ જે સાધુને કોઈનું તાડન કરવું એ અતિ અયોગ્ય કર્મ છે. અને જે કપટ રાખે, પણ પોતાના મનના જે સંકલ્પ તે જેને કહેવા યોગ્ય હોય તેની આગળ પણ કહે નહિ **તે ન ગમે.** અને માન, તથા ક્રોધ તથા કોઈથી દબાઈને રહેવું, તે શું તો પોતાના મનમાં જેવું હોય તેવું બીજાથી દબાઈને કહેવાય નહિ એ ત્રણ વાનાં તો અતિશે ભૂંડાં છે. અને **હરિભક્તને માંહોમાંહી બરોબરિયાપણું રહે. પણ એક એકનો ભાર ન આવે એ પણ અતિશે ભૂંડું છે.** (૩) ઇતિ વચનામૃતમ્ ॥૨૫॥ (૨૫૯) ૩

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં પહેલું કૃપાવાક્ય છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે ભક્તિ આદિક ગુણે કરીને અમારી પ્રસન્નતારૂપ ફળને ઇચ્છવું અને શ્રદ્ધાએ કરીને થોડી સેવા કરે તો પણ અમે રાજી થઈએ છીએ. **(૧)** અને ગમે તેવું સુખ દુઃખ આવી પડે તો પણ નિયમ-ધર્મમાંથી મોળો પડે નહિ તે અમારો ખરો ભક્ત છે. **(૨)** બીજામાં રાજી-કુરાજી થવાના ગુણ-દોષ બતાવ્યા છે અને માન, ક્રોધ તથા કોઈથી દબાઈને રહેવું એટલે જેને જેમ કહેવું ઘટે તેમ તેને કહેવામાં તેનાથી દબાઈને તેની મોબતમાં લેવાવું તે તો અતિશે ભૂંડું છે તથા માંહોમાંહી બરોબરિયાપણું રહે તે પણ અતિશે ભૂંડું છે. **(૩)** બાબતો છે. ॥૨૫॥ (૨૫૯)

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૨૬

❖સંવત ૧૮૮૫ના કાર્તિક સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી ગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, **(૧) ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય તો, ઇન્દ્રિયો-અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ, ને ભગવાન સબંધી ક્રિયાને જ કરે, ને પંચવર્તમાનમાં દૃઢ રહેતા હોય, ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે, એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા, કેમ જે એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહિ, અને એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે, માટે જેને કલ્યાણનો ખપ હોય એવા જે પુરુષ તેને એવા સંતની સેવા કરવી અને એવા સાધુ ગુણે યુક્ત જે બાઈ તેની સેવા બાઈને કરવી. (૧)** ૧

૨ પછી શ્રીજીમહારાજને આત્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** આ સત્સંગમાં જે વર્તમાનનો પ્રબંધ છે તેમાં જ્યાં સુધી રહેતો હોય ત્યાં સુધી તો જેવો તેવો હોય તેને પણ

પંચવિષયે કરીને બંધન થાય નહિ, પણ કોઈક દેશકાળને યોગે કરીને સત્સંગથી બહાર નીસરી જવાય તો પણ જેને પંચવિષય બંધન ન કરી શકે તે પુરુષ કેવો હોય ? તેનાં લક્ષણ કહો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જેની બુદ્ધિમાં ધર્માંશ વિશેષપણે વર્તતો હોય, ને આસ્તિકપણું હોય જે, આ લોકમાં જે સારું નરસું કર્મ કરે છે તેનું જે સારું-નરસું ફળ તેને જરૂર પરલોકમાં ભોગવે છે. એવી દૃઢ મતિ જેને હોય, તથા લાજ હોય જે, ભૂંડું કરશું તો આ લોકમાં માણસ આગળ શું મુખ દેખાડશું ? એવો જે હોય, તે ગમે ત્યાં જાય તો પણ એને કોઈ પદાર્થ તથા સ્ત્રી આદિક તે બંધન કરી શકે નહિ. જેમ મયારામ ભટ્ટ છે તથા મૂળજી બ્રહ્મચારી છે તથા નિષ્કુળાનંદ સ્વામી છે એવી જાતના જે હોય તેને સ્ત્રીધનાદિક પદાર્થનો યોગ થાય તો પણ એ ડગે નહિ. **(૨)** અને એવો ન હોય ને તેને જો એક આત્મનિષ્ઠાપણું હોય જે હું તો આત્મા ૨
છું; બ્રહ્મ છું તે મારે વિષે શુભ-અશુભ ક્રિયા લાગતી નથી; હું તો અસંગ છું, એવું અંગ હોય, તથા બીજું એમ હોય જે ભગવાનનો મહિમા બહુ સમજે, ને તે મહિમાની બહુ વાર્તા કરે જે, કાંઈક ધર્મ વિરુદ્ધ વર્તાઈ જાશે તેનો શો ભાર છે ? ભગવાનનો મહિમા બહુ મોટો છે. એ બે રીતના જે હોય તેમાં એ બે રીતના જે દોષ તે ધર્મ પાળવામાં મોટા અંતરાયરૂપ છે. માટે આવી રીતે સમજે તો સારું જે આત્મનિષ્ઠા પણ યથાર્થ હોય તથા ભગવાનનું માહાત્મ્ય પણ સારી પેઠે સમજે અને નિષ્કામપણું, નિર્લોભપણું, નિઃસ્વાદપણું, નિઃસ્નેહપણું, નિર્માનપણું એ આદિક જે ધર્મ તેને ભગવાનની પ્રસન્નતાને અર્થે સમજીને દૃઢપણે પાળે ને **એમ સમજે જે હું એ ધર્મને પાળીશ તો મારી ઉપર ભગવાન બહુ રાજી થાશે, ને જો મુને કોઈ રીતે ધર્મમાંથી કાંઈક ભંગ પડશે તો ભગવાનનો મારી ઉપર બહુ કુરાજીપો થાશે. એવી રીતે જેના અંતરમાં દૃઢ ગ્રંથિ હોય તે ભક્ત ધર્મમાંથી કોઈ દિવસ પડે જ નહિ.** અને એવો જે હોય તેને કોઈ માયિક પદાર્થ બંધન કરી શકે નહિ. અને આવી રીતની સમજણવાળો ન હોય ને બીજો ગમે તેવો જ્ઞાનવાળો હોય કે ભક્તિવાન હોય તેને પણ ધર્મમાંથી કાંઈક ભંગ થઈ જાય ખરો, તથા માયિક પદાર્થ બંધન કરે ખરું એ સિદ્ધાંત વાર્તા છે. **(૩)** ૩

૩ પછી વળી શ્રીજીમહારાજે કૃપા કરીને એમ વાર્તા કરી જે, **(૩) અમને અહંકાર ન ગમે, તે અહંકાર ભક્તિપણાનો હોય, ત્યાગપણાનો હોય, વૈરાગ્યપણાનો હોય, બ્રહ્મપણાનો હોય, સમજણનો હોય, વર્તમાન પાળ્યાનો હોય એ રીતનો જે જે અહંકાર તે અમને ન ગમે. અને દંભ ન ગમે, તે દંભ શું તો પોતાના હૃદયમાં ભગવાનનો નિશ્ચય, ભક્તિ ને ધર્મ તે થોડાં હોય ને બીજા આગળ પોતાની મોટપ વધાર્યા સારુ ઉપરથી તો તેને બહુ જણાવે તે ન ગમે, અને પોતાને ને ભગવાનને જે અભેદપણે ભજે તે ન ગમે, તથા જે નિયમ ધાર્યો હોય તે નિયમને ઘડીક મૂકી દે ને વળી ઘડીકમાં પાળે એવી રીતે જે શિથિલ વર્તતો હોય તે ન ગમે, અને ભગવાનનો મહિમા તો ઝાઝો મોટો સમજે ને પોતાને અતિશે તુચ્છપણે સમજે પણ દેહથી જુદો જે આત્મા તે રૂપ પોતાને ન માને તે ન ગમે. ને હવે જે ગમે તે કહીએ છીએ. જે**

**ભગવાનનો મહિમા તો યથાર્થ સમજે ને પોતાના દેહથી વ્યતિરેક જે પોતાનો આત્મા તેને બ્રહ્મરૂપ સમજે ને ધર્મમાં દૃઢ રહ્યો હોય, ને ભગવાનની અચળ ભક્તિ કરતો હોય અને આવી રીતનો પોતે હોય તો પણ સત્સંગમાં કોઈક કાંઈ ન સમજતો હોય ને ભગવાનનો નિશ્ચય તો હોય તેને મોટો જાણે ને તેની આગળ પોતાને અતિ તુચ્છ જાણે, અને વાર્તા કર્યામાં પોતાને મુખે કરીને પોતાની સમજણનો કેફ કોઈની આગળ લગાર પણ જણાવે નહિ, એવો જે હોય તે અમને બહુ ગમે,** એવી રીતે શ્રીજીમહારાજે વાર્તા કરી. **(૪)** ઇતિ વચનામૃતમ્ ૪ **॥૨૬॥ (૨૯૦)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં પ્રશ્ન **(૩)** છે. તેમાં પહેલું અને ત્રીજું કૃપાવાક્ય છે. તેમાં પહેલામાં ઇન્દ્રિયો-અંતઃકરણને દાબીને અમારા સંબંધી ક્રિયા કરે ને શુદ્ધ બ્રહ્મરૂપ પોતાને માનીને અમારી ઉપાસના કરે એવા એકાંતિક સંતની સેવા તે અમારી સેવા તુલ્ય છે અને એવા ગુણે યુક્ત બાઈ હોય તેની સેવા બાઈઓએ કરવી એમ શ્રીજીમહારાજે કહ્યું છે. **(૧)** બીજામાં ધર્મ તથા આસ્તિકપણું ને લાજ એ ત્રણ હોય તે સ્ત્રી આદિકમાં લેવાય નહિ. **(૨)** અને આત્મનિષ્ઠા હોય ને અમારું માહાત્મ્ય બહુ જાણતો હોય તે એમ જાણે જે હું નિષ્કામાદિક ધર્મ નહિ પાળું તો શ્રીજીમહારાજ કુરાજી થશે એમ સમજે તો ધર્મથી પડે નહિ. **(૩)** ત્રીજામાં પોતાને જે અંગ ગમે ને ન ગમે તેની વિક્તિ કહી છે. **(૪)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં અમારી પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તેમને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા એમ શ્રીજીમહારાજે કહ્યું તે મનુષ્ય કોને જાણવા ? ને દેવ કોને જાણવા ?

૧ **ઉ૦** માયામાંથી ઉત્પન્ન થાય છે એવા જે જીવ તે જીવકોટીને આ ઠેકાણે મનુષ્ય જાણવા, અને માયાથી પર જે ઈશ્વરકોટી, બ્રહ્મકોટી, મૂળઅક્ષરકોટી તે સર્વેને આ ઠેકાણે દેવ જાણવા, કેમ જે એ સર્વે ઉત્પત્ત્યાદિક ક્રિયા કરે છે તે ક્રિયા સંત નથી કરતા; સંત તો એક મૂર્તિના સુખમાં જ લુબ્ધ રહે છે. માટે તે સર્વેથી શ્રીજીમહારાજના સંત એટલે મુક્ત તેમને અધિક કહ્યા છે.

૨ **પ્ર૦** આમાં અમારા સંબંધી જ ક્રિયા કરે એવા જે અમારા સંત તે અમારી પેઠે સેવા કરવા યોગ્ય છે એમ શ્રીજીમહારાજે કહ્યું. અને (**છે૦ ૩૫**ના ૫/૬ પાંચમા પ્રશ્નમાં ) છો લક્ષણે યુક્ત સાધુની સેવા પણ શ્રીજીમહારાજે પોતાની સેવા તુલ્ય કહી છે અને (**વ૦ ૫**ના ચોથા પ્રશ્નમાં ) મોટાપુરુષની અને શ્રીજીમહારાજની સરખી સેવા કરવાથી સો જન્મે કસર મટવાની હોય તે આ જન્મે મટી જાય એમ કહ્યું છે. આ ત્રણમાં શ્રીજીમહારાજના સરખી જ મોટા સંતની સેવા કરવાનું કહ્યું તે સરખી સેવા કેવી રીતે કરવી ?

૨ **ઉ૦** (**મ૦ ૫૪**ના પહેલા પ્રશ્નોત્તરમાં) જેવી રીતે આત્મબુદ્ધિ, પોતાપણાની બુદ્ધિ, દેવબુદ્ધિ ને તીર્થબુદ્ધિ રાખવાની કહી છે તેવી રીતે સેવા કરવી.

૩ **પ્ર૦** (૩/૪ ત્રીજા પ્રશ્નમાં ) પોતાને ને અમને અભેદપણે ભજે તે અમને ન ગમે એમ કહ્યું તે શ્રીજીમહારાજને કેવી રીતે ભજે તે અભેદપણે ભજ્યા કહેવાય ?

૩ **ઉ૦** પરબ્રહ્મ જે ભગવાન તે હું છું એમ માને પણ સ્વામી-સેવકપણું ન રાખે તે અભેદપણે ભજ્યા કહેવાય તે શ્રીજીમહારાજને ન ગમે. **॥૨૬॥ (૨૯૦)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૨૭

❖સંવત ૧૮૮૫ના કાર્તિક સુદિ ૧૫ પૂનમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી ગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે વાર્તા કરી જે, **(૧)** શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પંચવિષય સંબંધી જે સુખ તે દિવ્ય મૂર્તિ એવા જે ભગવાન પુરુષોત્તમ તેની જે સુખમય મૂર્તિ તે રૂપ જે એક સ્થળ તેને વિષે રહ્યું છે. તે જો ભગવાનની મૂર્તિનાં દર્શન કરતા હોઈએ તો રૂપનું સુખ પ્રાપ્ત થાય ને બીજા જે સ્પર્શાદિક ચાર વિષય તેનું સુખ પણ પ્રાપ્ત થાય તે એક જ સમયને વિષે થાય છે. અને બીજા માયિક જે પંચવિષય છે તેમાં તો એક વિષયનો સંબંધ થાય ત્યારે એક વિષયનું જ સુખ પ્રાપ્ત થાય, પણ બીજાનું ન થાય. માટે માયિક વિષયમાં ભિન્ન ભિન્નપણે સુખ રહ્યાં છે, અને તે સુખ તો તુચ્છ છે ને નાશવંત છે ને અંતે અપાર દુઃખનું કારણ છે. અને ભગવાનમાં તો સર્વે વિષયનું સુખ એક કાળે પ્રાપ્ત થાય છે ને તે સુખ મહા અલૌકિક છે અને અખંડ અવિનાશી છે. તે સારુ જે મુમુક્ષુ હોય તેને માયિક વિષયમાંથી સર્વ પ્રકારે વૈરાગ્ય પામીને અલૌકિક સુખમય એવી જે ભગવાનની દિવ્ય મૂર્તિ તેને વિષે સર્વ પ્રકારે જોડાવું. **(૧)** ૧

૨ અને વળી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, **(૨) જે હરિભક્તને ભગવાનની ભક્તિનો ખપ હોય તથા સંત-સમાગમનો ખપ હોય તો તે ગમે તેવો પોતાનો સ્વભાવ હોય તો તેને ટાળીને જેમ તે સંત કહે ને તેની મરજી હોય તેમ વર્તે. અને તે સ્વભાવ તો એવો હોય જે ચૈતન્ય સાથે જડાઈ ગયો હોય તો પણ તેને સત્સંગના ખપવાળો ટાળી નાખે.** તે ઉપર પોતાની વાર્તા કરી જે, અમારો પ્રથમ ત્યાગી સ્વભાવ હતો પણ જો રામાનંદ સ્વામીના દર્શનનો ખપ હતો તો મુક્તાનંદ સ્વામીની આજ્ઞા અનુસારે વર્ત્યા, પણ અમારા મનનું ગમતું કાંઈ ન કર્યું. અને વળી જે હરિભક્ત હોય તેને કોઈ જાતની આંટી પાડવી. તેની એમ વિક્તિ છે જે, એક તો નિષ્કામાદિક વર્તમાનની આંટી પાડી હોય, ને એક એવી આંટી પાડી હોય જે આ ઠેકાણે હું આસન કરું તો નિદ્રા આવે ને બીજે ઠેકાણે ન આવે. એ આદિક અનેક પ્રકારની જે તુચ્છ સ્વભાવની આંટી પાડી હોય એ બેયને એક રીતની ન સમજવી, **વર્તમાનની આંટી તો પોતાના જીવનરૂપ છે, ને તેને વિષે બહુ માલ છે એવી રીતે માહાત્મ્યે સહિત તેની આંટી પાડવી, અને બીજા સ્વભાવની આંટી પાડી હોય તેને વિષે તો તુચ્છપણું જાણવું. ને તેને સંત મુકાવે તો મૂકી દેવી,** ને પ્રથમની આંટી મૂકવી નહિ. અને એ બેયને બરોબર સમજે તો એને વિષે મૂઢપણું જાણવું. જેમ બાળક હોય તેણે મૂઠીમાં બદામ ઝાલી હોય તેને કોઈ મુકાવે તો મૂકે નહિ, ને રૂપિયાની મૂઠી વાળી હોય ને સોનામહોરની મૂઠી વાળી હોય ને તેને મુકાવે તો તેને મૂકે નહિ. ત્યારે એ બાળકે બદામ તથા રૂપિયા ને સોનામહોર તેને વિષે બરોબર માલ જાણ્યો, માટે એ બાળકને વિષે મૂઢપણું છે. અને વળી, જેમ કોઈકના હાથમાં બદામ હોય ને ચોર આવીને કહે જે તું મૂકી દે, નહિ તો તરવારે માથું કાપી નાખીશ ત્યારે તે ડાહ્યો હોય તો તેને આપી દે ને મૂર્ખ હોય તો ન આપે, તેમ એ બે પ્રકારની આંટીમાં ન્યૂનાધિકપણું જાણવું. ને એમ હોય નહિ ને બેયમાં સામાન્યપણું જાણે તો એનો આંટીદાર સ્વભાવ જાણવો. ને તેને

માની જાણવો, ને આંટીએ કરીને તે વર્તમાન પાળતો હોય ને જો મરણ પર્યંત એમને એમ નભે તો ઠીક પણ તેનો પૂરો વિશ્વાસ ન આવે, કેમ જે જો એને કોઈક જાતનાં વેણ લાગે અથવા તેનું માન ન રહે તો એવો એ રહેશે નહિ, અને જે આંટીએ કરીને વર્તમાન પાળતો હોય ને ભક્તિ કરતો હોય તે તો રાજર્ષિ કહેવાય, ને જે ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ કરતો હોય તથા વર્તમાન પાળતો હોય તે તો બ્રહ્મર્ષિ કહેવાય ને તે સાધુ કહેવાય, એવી રીતે એ બેમાં ફળનો ભેદ પણ છે. **(૨)** ૨

૩ અને વળી એમ વાત કરી જે, **(૩) માન, ઈર્ષ્યા ને ક્રોધ એ ત્રણ દોષ તે કામ કરતાં પણ અતિશે ભૂંડાં છે. કેમ જે કામી ઉપર તો સંત દયા કરે પણ માની ઉપર ન કરે. ને માનમાંથી ઈર્ષ્યા ને ક્રોધ ઊપજે છે, માટે માન મોટો દોષ છે. ને માને કરીને સત્સંગમાંથી પડી જાય છે એવો કામે કરીને નથી પડતો, કેમ જે આપણા સત્સંગમાં ગૃહસ્થ હરિભક્ત ઘણાં છે તે સત્સંગમાં પડ્યા છે, માટે એ માન, ઈર્ષ્યા ને ક્રોધ એ ત્રણ ઉપર અમારે અતિશે અભાવ રહે છે,** ને અમારાં જે જે વચન લખેલાં હશે તેમાં પણ એમ જ હશે તે વિચારીને જુઓ તો જણાઈ આવશે, માટે ભગવાનનું માહાત્મ્ય સમજીને માનને ટાળવું. **(૩)** ૩

૪ અને વળી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, **(૪)** ભગવાનનો નિશ્ચય તે કેને કહીએ ? તો જેમ આ સંસારમાં પ્રથમ બાળકપણામાંથી મા, બાપ, વર્ણ, આશ્રમ, નાત, જાત, પશુ, મનુષ્ય, જળ, અગ્નિ, પૃથ્વી, વાયુ, આકાશ ઈત્યાદિક જે જે પદાર્થનો નિશ્ચય થયો છે તે શાસ્ત્રે કરીને થયો છે. ને શાસ્ત્ર ન સાંભળ્યાં હોય તો લોકમાં જે શબ્દ તે શાસ્ત્રથી જ પ્રવર્ત્યા છે તેણે કરીને તેનો નિશ્ચય કર્યો છે, તેમ શાસ્ત્રે કહ્યાં **જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઈત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય,** માટે એવા સંતના વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો ને તેના વચનમાં દૃઢ વિશ્વાસ કરવો તેને નિશ્ચય કહીએ. **(૪)** ૪

૫ અને તે પછી વડોદરાવાળા નાથભક્તે શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **(૫)** જેને ભગવાનનો દૃઢ નિશ્ચય હોય એવો જે ભગવાનનો ભક્ત તેનાં જે સંબંધી તેનું કલ્યાણ તે ભક્તના સંબંધે કરીને છે કે નથી ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જો એના સંબંધીને તથા એના પિત્રીને એને વિષે હેત હોય તો એનું કલ્યાણ થાય ને હેત ન હોય તો ન થાય. ને જો સંબંધી પણ ન હોય ને જો તેને એ ભક્તને વિષે હેત હોય તો તેનું પણ સારું થાય, કેમ જે એને મૂઆટાણું થાય ત્યારે તે ભક્ત તેને સાંભરી આવે ને તે ભક્તની વૃત્તિ તો ભગવાન સાથે નિરંતર લાગી છે ને તે ભક્તનું તેને સ્મરણ થાય, માટે તેનું કલ્યાણ થાય છે. **(૫)** ૫

૬ અને વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૬)** અમે આત્માના સ્વરૂપની વાર્તા કરીએ છીએ તથા ભગવાનના સ્વરૂપની વાર્તા કરીએ છીએ. તે વાર્તાએ કરીને જેવું એનું સુખ છે તેવું જ

સુખ તો આવતું નથી. અને જેવું એનું યથાર્થ સુખ છે તે તો સમાધિએ કરીને જાણ્યામાં આવે છે, તથા દેહ મૂક્યા કેડે જાણ્યામાં આવે છે, પણ કેવળ વાર્તાએ કરીને જાણ્યામાં આવતું નથી. જેમ રૂપનું સુખ તે નેત્રે કરીને ભોગવાય છે. પછી તે સુખને મુખે કરીને વખાણ કરે જે બહુ સારું રૂપ દીઠું ત્યારે તે સુખનો અનુભવ જેવો નેત્રને થયો તેવો મુખને ન થયો. તથા શ્રવણે કરીને શબ્દને સાંભળ્યો, નાસિકાએ કરીને ગંધ સૂંઘ્યો, જિહ્વાએ કરીને રસ ચાખ્યો. પછી તે તે સુખનું વચને કરીને વખાણ કરે જે બહુ સારો ગંધ હતો, બહુ સારો રસ હતો, બહુ સારો સ્પર્શ હતો, બહુ સારો શબ્દ હતો, એમ કહ્યું તો ખરું, પણ જેવી રીતે તે તે ઈન્દ્રિયોને તે તે સુખનો અનુભવ થયો તેવો વચનને ન થયો. તેમ સમાધિએ કરીને તથા દેહ મૂકીને જેવો ભગવાનના સુખનો અનુભવ થાય છે ને આનંદ થાય છે, તથા આત્માના સુખનો અનુભવ ને આનંદ થાય છે, તેવો એની કેવળ વાત કરે તેણે કરીને થાતો નથી. અને જો એ બેની વાર્તા સાંભળીને તેનું **મનન** ને **નિદિધ્યાસ** કરે તો એનો સાક્ષાત્કાર થાય ને **સાક્ષાત્કાર** થાય ત્યારે સમાધિએ કરીને જેવો એ બેનો અનુભવ ને આનંદ થાય તેવો જ થાય, માટે એ બેની વાર્તા સાંભળીને એનું મનન ને નિદિધ્યાસ કરવો. **(૬)** ઈતિ વચનામૃતમ્ **॥૨૭॥ (૨૬૧)** ૬

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૬)** છે. તેમાં પાંચમો પ્રશ્ન છે ને બીજાં કૃપાવાક્ય છે, તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે માયિક સુખ નાશવંત ને દુ:ખદાયી જાણવું ને અમારું સુખ દિવ્ય જાણીને અમારે વિષે જોડાવું. **(૧)** બીજામાં ગમે તેવો કઠણ સ્વભાવ હોય તો પણ સત્સંગના ખપવાળો ટાળી નાખે અને સંતને વચને કરીને સ્વભાવની આંટી મૂકી દે અને વર્તમાનની આંટી મૂકે નહિ ને અમારી ને સંતની પ્રસન્નતાને અર્થે વર્તમાન પાળે ને ભક્તિ કરે તે બ્રહ્મર્ષિ છે, અને તુચ્છ સ્વભાવની આંટી સંતને વચને કરીને મૂકે નહિ ને વર્તમાન પાળતો હોય તો પણ રાજર્ષી છે. **(૨)** ત્રીજામાં માન, ઈર્ષા, ક્રોધ તે કામ કરતાં ભૂંડાં છે. અને અમારું માહાત્મ્ય સમજે તો માન ટળી જાય છે. **(૩)** ચોથામાં નિષ્કામાદિક લક્ષણે યુક્ત જે સંત તેને અમારો સાક્ષાત્ સંબંધ હોય એવા સંતને વચને કરીને જ અમારો નિશ્ચય કરવો ને એવા સંતના વચનમાં જ દૃઢ વિશ્વાસ કરવો તેને જ નિશ્ચય કહેવાય. **(૪)** પાંચમામાં એવા સંત સાથે હેત હોય તેનું કલ્યાણ થાય છે. **(૫)** છઠ્ઠામાં આત્માનું તથા અમારું યથાર્થ સુખ સમાધિએ કરીને તથા દેહ મૂક્યા પછી આવે છે, પણ કેવળ તેની વાતે કરીને આવતું નથી. **(૬)** બાબતો છે.

૧ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં કામથી માનને અધિક ભૂંડું કહ્યું અને (**પ્ર૦ ૭૬**માં ) માનથી કામને અધિક ભૂંડો કહ્યો છે તે કેમ સમજવું ?

૧ **ઉ૦** સત્સંગમાં ક્રોધ-માનાદિક ન રાખે તે કરતાં કામી ભૂંડો કહ્યો છે અને શ્રીજીમહારાજ ને શ્રીજીમહારાજના ભક્તની આગળ માન, ક્રોધ, ઈર્ષ્યા રાખે તેથી કામીને સારો કહ્યો છે કેમ જે માનીથી શ્રીજીમહારાજ ને તેમના ભક્તનો દ્રોહ થઈ જાય. એવા માનીને કામી કરતાં ભૂંડો કહ્યો છે. **॥૨૭॥ (૨૬૧)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૨૮

❖સંવત ૧૮૮૫ના કાર્તિક વદિ ૧ પડવાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી ગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** ભગવાનમાંથી બે પ્રકારે જીવ પડે છે. એક તો વેદાંતના ગ્રંથને સાંભળીને બીજા આકારને ખોટા કરે તેમ શ્રીકૃષ્ણાદિક જે ભગવાનના આકાર

તેને પણ ખોટા કરે એ વેદાંતીને અતિ પાપી જાણવા. અને બીજો જે એમ સમજતો હોય જે, ભગવાનને ભજીએ તો ગોલોક ને વૈકુંઠલોકમાં સ્ત્રી, ભોગ, ખાન, પાન આદિક જે પંચવિષયનાં સુખ તેને પામીએ, પછી તે સુખની આસક્તિએ કરીને ભગવાનને પણ ભૂલી જાય ને મૂળગો કુબુદ્ધિવાળો થઈને એમ સમજે, જે એ સુખ ન હોય તો એ ધામમાં રાધિકા, લક્ષ્મી આદિક સ્ત્રીઓ ભેળે ભગવાન પણ રમે છે, માટે એ સુખ પણ ખરું છે. પણ ભગવાનને પૂર્ણકામ ને આત્મારામ ન સમજે અને એવી જે ભગવાનની ક્રિયા છે તે તો પોતાના ભક્તના સુખને અર્થે છે તે સારુ જ્ઞાન-વૈરાગ્યે સહિત ભગવાનની ભક્તિ કરવી. અને એ ભગવાનના સ્વરૂપને જેણે એમ જાણ્યું હોય જે સર્વ સુખમય મૂર્તિ તો એ ભગવાન જ છે ને બીજે પંચવિષયમાં જે સુખ તે તો એ ભગવાનના સુખનો કિંચિત્ લેશ છે. એમ ભગવાનને માહાત્મ્યે સહિત જે સમજ્યો હોય તે કોઈ પદાર્થમાં બંધાય જ નહિ અને એ ભગવાનના ધામના સુખ આગળ બીજા લોકનાં જે સુખ તે તો નરક જેવાં છે એમ મોક્ષધર્મમાં કહ્યું છે. આવી રીતે ભગવાનના ભક્તને સમજવું. અને એમ ન સમજે તો એ બે પ્રકારે કરીને ભગવાનમાંથી પડી જાય છે. **(૧)** ૧

૨ પછી શ્રીજીમહારાજને સુરાખાચરે પ્રશ્ન પૂછ્યો જે, **(૨) ભગવાનને તથા સંતને જેવા છે તેવા નિશ્ચયપણે જાણીને પણ કોઈનું અંતર પાછું પડી જાય છે તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજે ઉત્તર કર્યો જે, એણે ભગવાનનો નિશ્ચય કર્યો હતો ત્યારે જ એમાં કાચપ રહી ગઈ છે. તે શું ? તો કોઈકને સ્વાદે કરીને સારું સારું ખાવા જોઈતું હોય ને તેને ભગવાન તથા સંત તે ખોદે ત્યારે તેનું અંતર પાછું પડી જાય, તથા કામનો ઘાટ રહી ગયો હોય ને તેને ખોદે તથા લોભ રહ્યો હોય ને તે લોભને મુકાવે ને કહે જે આ તારું ધન, માલ, ખેતર, વાડી તે કોઈકને આપી દે ત્યારે તે વચન પળે નહિ તેણે કરીને પાછો પડી જાય, તથા માન હોય ને તે માનને સંત તથા ભગવાન ખોદે ને અપમાન કરે તેણે કરીને પણ પાછો પડી જાય, એવી રીતે નિશ્ચય હોય ને જે જે પોતામાં અવગુણ રહી ગયો હોય તેણે કરીને પાછો પડી જાય છે અને જેણે નિશ્ચય કર્યો હોય તે સમયમાં જ એ અવગુણને ટાળીને કર્યો હોય તો તે પાછો પડે નહિ. અને એ અવગુણ હમણાં પણ જેમાં જેમાં હશે તે જો વિચારીને પોતાના અંતર સામું જુએ તો જણાઈ આવે જે આ રીતને અંગે હું કાચો છું તે જો એમ મુંને પાળ્યાનું કહેશે તો હું વિમુખ થઈશ, એમ યથાર્થ જાણે. (૨)** ૨

પછી બ્રહ્માનંદ સ્વામી તથા શુકમુનિ તથા સુરોખાચર એ ત્રણને શ્રીજીમહારાજે પૂછ્યું જે,
૩ **(૩)** તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં કિયો અવગુણ છે ? ત્યારે એ ત્રણે કહ્યું જે, હે મહારાજ ! માનરૂપ દોષ છે. માટે જો કોઈક બરોબરિયા સંત અપમાન કરે તો કાંઈક મૂંઝવણ થાય.

૪ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અમે પૂછીએ છીએ જે, **(૪) 'ધ્રુપત્તય એવ તે ન**

**યયુરન્તમનન્તતયા ।** એવી રીતે માહાત્મ્યે સહિત ભગવાનને જાણ્યા હોય ને એવા જે ભગવાન તેના જે સંત તે સાથે માન, ઈર્ષ્યા, ક્રોધ, કેમ થાય ? ને જો થાય છે તો શું જાણ્યામાં ફેર છે ? કેમ જે જનરલ સાહેબને જાણ્યો છે જે એ સમગ્ર પૃથ્વીનો પાદશાહ છે ને બળિયો છે ને જો તેનો એક ગરીબ સરખો હમેલિયો આવ્યો હોય તો તેનો હુકમ મોટો રાજા હોય તે પણ માને ને તે જેમ કહે તેમ દોર્યો દોરાય. શા માટે જે તે રાજાએ એમ જાણ્યું છે જે બળિયો જે જનરલ સાહેબ તેનો એ હમેલિયો છે, અને જેથી જે બળિયો તેની આગળ માન રહે નહિ, તેમ જેણે ભગવાનને સમગ્ર ઐશ્વર્ય-સમૃદ્ધિના ધણી જાણ્યા હોય તો તેના સંતની આગળ માન કેમ રહે ? પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, હે મહારાજ ! તમે ઠીક કહો છો; જો એમ માહાત્મ્યે સહિત ભગવાનને જાણ્યા હોય તો માન, ઈર્ષ્યા, ક્રોધ તે સંતને આગળ થાય જ નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જુઓને ! ઉદ્ધવજી કેવા મોટા હતા ને કેવા ડાહ્યા હતા પણ જો ભગવાનની મોટાઈને જાણતા હતા તો તે ભગવાનને વિષે હેતવાળી જે વ્રજની ગોપીયું તેના ચરણની રજને પામ્યા સારુ વન-વેલીનો અવતાર માગ્યો તે કહ્યું છે જે :- **॥ આસામહો ચરણરેણુજુષામહં સ્યાં...॥** તથા બ્રહ્માએ પણ કહ્યું છે જે :- **॥ અહો ! ભાગ્યામહો ! નંદગોપવ્રજૌકસાં । યન્મિત્રં પરમાનંદં પૂર્ણં બ્રહ્મ સનાતનમ્ ॥** એવી રીતે બ્રહ્મા પણ ભગવાનનું માહાત્મ્ય જાણતા હતા તો એવી રીતે બોલ્યા તે માટે **જો ભગવાનની ને સંતની એવી રીતે મોટાઈ જાણતો હોય તો માન, ઈર્ષ્યા, ક્રોધ રહે જ નહિ ને તેને આગળ દાસાનુદાસ થઈને વર્તે ને ગમે તેટલું અપમાન કરે તો પણ તેના સંગને મૂકીને છેટે જવાને ઈચ્છે જ નહિ અને એમ મનમાં થાય નહિ જે હવે તો ક્યાં સુધી ખમીએ ? આપણ તો આપણે ઘેર બેઠા થકા જ ભજન કરશું તે માટે એમ માહાત્મ્ય સમજે તો માન ટળે એવી રીતે વાર્તા કરી. (૩)** ૩

૫ અને વળી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, **(૫) ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈક કર્મયોગે કરીને શૂળીએ ચડાવ્યો હોય ને તે સમયમાં અમે પણ તેની પાસે ઊભા હોઈએ, પણ તે ભક્તના હૃદયમાં એમ ઘાટ ન થાય જે આ ભગવાન મુંને શૂળીના કષ્ટ થકી મુકાવે તો ઠીક. એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ ન થાય ને જે કષ્ટ પડે તેને ભોગવી લે એવો જે નિષ્કામી ભક્ત તેની ઉપર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે. (૪)** ૪

૬ અને વળી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, **(૬)** ભગવાન સંબંધી સુખને કોણ પામે છે તો કહીએ છીએ જે, જેમ માછલું હોય તેને જળ છે તે જીવનરૂપ છે તે જળનો યોગ જ્યાં સુધી હોય ત્યાં સુધી તે જળમાં માછલું ચાલે, હાલે, ક્રીડા કરે, ને જળનો વિયોગ થાય ત્યારે તેની ચંચળતા ટળી જાય ને મરી જાય. તેમ જેને પંચવિષયે કરીને જીવનપણું જ્યાં સુધી મનાણું છે, ને તેણે કરીને સુખ માન્યું છે ને તેનો વિયોગ થાય ત્યારે મૂઆ જેવો થઈ જાય છે, એવો જે હોય તે ભગવાનના સુખને ક્યારે પણ પામે નહિ. અને પંચવિષયે કરીને જેને જીવનપણું ટળી ગયું છે તે જ ભગવાનના સુખને અનુભવે છે ને ભોગવે છે ને એવાને જ ભગવાનના

સુખની પ્રાપ્તિ થાય છે. (૫) ઈતિ વચનામૃતમ્ ॥૨૮॥ (૨૬૨) ૫

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન (૬) છે. તેમાં પહેલું, ચોથું, પાંચમું ને છઠ્ઠું એ કૃપાવાક્યો છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, ભગવાનના આકારને ખોટા કરે અને ભગવાનના ધામમાં માયિક પંચવિષય સુખની ઈચ્છા રાખે એ બેય મોક્ષના માર્ગમાંથી પડી જાય છે. (૧) બીજામાં પોતાના અવગુણ ટાળીને અમારો નિશ્ચય કરે તે સત્સંગમાંથી પાછો પડે નહિ. (૨) ત્રીજા તથા ચોથામાં અમારું માહાત્મ્ય જાણે તો માનાદિક દોષ ટળી જાય છે. (૩) પાંચમામાં નિષ્કામ ભક્ત ઉપર અમે રાજી થઈએ છીએ. (૪) છઠ્ઠામાં માયિક પંચવિષયે કરીને જીવનપણું મનાણું હોય તે અમારા સુખને પામે નહિ ને માયિક પંચવિષયમાંથી પ્રીતિ ટળી ગઈ હોય તે જ અમારા સુખને પામે છે. (૫) બાબતો છે.

૧ **પ્ર૦** ત્રીજા પ્રશ્નમાં બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ તથા સુરાખાચરે માને કરીને પાછા પડી જાઈએ એમ કહ્યું, તે આવા મોટા મુક્તમાં તો માન હોય નહિ ને એમ કેમ કહ્યું હશે ?

૧ **ઉ૦** સર્વ દોષમાં માનરૂપી દોષ મોટો છે. માટે સર્વ તજાય પણ માન તજાય નહિ એવું બળવાન છે એમ માનનું અધિકપણું જણાવ્યું છે, પણ એ તો શ્રીજીમહારાજ ભેળા અક્ષરધામમાંથી આવેલા હતા તેમનામાં તો માયાનું કાર્ય હોય જ નહિ, પણ પોતાને મિષે કરીને સાધનિકને ઉપદેશ કર્યો છે. ॥૨૮॥ (૨૬૨)

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૨૯

❖ સંવત ૧૮૮૫ના પોષ સુદિ ૨ બીજને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં મેડીની આગળ ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને રાત્રિને સમે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે શુકમુનિને પ્રશ્ન પૂછ્યો જે, (૧) બે સત્સંગી છે તેની અવસ્થા વીશ વીશ વર્ષની છે, તથા બે ય ને નિશ્ચય, હેત, ભક્તિ, વૈરાગ્ય, ધર્મ તે બરોબર છે અને તેમાંથી એકને તો પ્રારબ્ધયોગે કરીને પરણીને સ્ત્રી મળી, ને એકને ન મળી ને સાંખ્યયોગી રહ્યો, ને એને પણ પરણ્યાની તો ઈચ્છા હતી પણ મળી નહિ. ત્યારે એ બે જણને તીવ્ર વૈરાગ્ય તો પ્રથમથી જ નહોતો, માટે વિષયભોગમાં બેયની તીક્ષ્ણવૃત્તિ હતી, તે તીક્ષ્ણવૃત્તિ ઓછી તે એ ગૃહસ્થ થયો તેની થાય કે સાંખ્યયોગીની થાય તે કહો ? અને વેદ તો એમ કહે છે જે જેને તીવ્ર વૈરાગ્ય હોય તેને બ્રહ્મચર્યપણા થકી જ સંન્યાસ કરવો ને જેને મંદ વૈરાગ્ય હોય તેને વિષયભોગની તીક્ષ્ણતાને ટાળ્યાને અર્થે ગૃહસ્થાશ્રમ કરવો ને પછી વાનપ્રસ્થ થાવું ને પછી સંન્યાસ કરવો. માટે વિચારીને ઉત્તર કરજો. પછી શુકમુનિએ એનો ઉત્તર કરવા માંડ્યો પણ થયો નહિ. પછી શ્રીજીમહારાજે એનો ઉત્તર કર્યો જે, એ ગૃહસ્થાશ્રમી સારો. ને બીજો જે સાંખ્યયોગી તે ભૂંડો, કેમ જે એને તીવ્ર વૈરાગ્ય નથી, માટે એણે વિષયને તુચ્છ ને અસત્ય જાણ્યા નથી, તેમ કાંઈ પોતામાં આત્મનિષ્ઠાની પણ દઢતા નથી, તે સારુ એ સત્સંગથી બહાર જાય ને વિષયનો યોગ થાય તો બંધાઈ જાય, ને જો વિષયનો યોગ ન થાય તો સત્સંગની પાછી લાલચ રાખીને સત્સંગમાં આવે. અને જે ગૃહસ્થ છે તેને છ મહિને સંતનાં દર્શન થાય તો પણ સમાસ રહે, માટે મંદ વૈરાગ્યવાળાને ત્યાગ કરવો એ ઠીક નથી, ને ત્યાગ તો તીવ્ર

વૈરાગ્ય વાળાને કરવો તે ઠીક છે. અને મંદ વૈરાગ્યવાળો ત્યાગ કરે તો એનો ત્યાગ દેહ પર્યંત નભે નહિ; વર્ષે, બે વર્ષે, દશ વર્ષે તેના ત્યાગમાં વિઘ્ન જરૂર પડે.

૨ ત્યારે શુકમુનિએ આશંકા કરી જે, **(૨)** હે મહારાજ ! એ મંદ વૈરાગ્યવાળો ત્યાગી છે તે સંત થકી ભગવાનના માહાત્મ્યની વાત સાંભળે ને પછી પોતે મનમાં વિચાર કરે તો શું એને તીવ્ર વૈરાગ્ય ન આવે ? અને પ્રથમથી જ તીવ્ર વૈરાગ્ય તો કોઈકને પ્રારબ્ધયોગે કરીને હશે ને બહુધા તો એમ પ્રત્યક્ષ જણાય છે જે આને વૈરાગ્ય નહોતો ને પછી થયો ત્યારે એનું કેમ સમજવું ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો તો એમ ઉત્તર છે જે, પોતાને વિચારે તો કોઈ રીતે તીવ્ર વૈરાગ્ય થાય નહિ. અને જો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ ચાર ગુણે કરીને સંપન્ન એવા જે મોટા સાધુ તેની સાથે એને અતિશે હેત થાય, જેમ ભગવાન સાથે હેત થાય છે ત્યારે તો તે જુએ, સાંભળે, બોલે ઇત્યાદિક જે જે ક્રિયા કરે તે પોતાને જે મોટા સંત સાથે હેત છે તેની મરજી પ્રમાણે જ કરે, પણ તેની મરજી ન હોય તેવી કોઈ ક્રિયા કરે નહિ અને તે સંતની મરજીથી બહાર વર્ત્યામાં તેના મનને વિષે નિરંતર ભય વર્તે, જે જો હું એમની મરજી પ્રમાણે નહિ વર્તું તો એ મારી સાથે હેત નહિ રાખે. તે સારુ નિરંતર તેની મરજી પ્રમાણે વર્તે, માટે જો એવું સંત સાથે હેત થયું હોય તો વૈરાગ્ય ન હોય તો પણ એનો ત્યાગ પાર પડે. અને જુઓ આપણા સત્સંગમાં બાઈ-ભાઈ પરમહંસ એ સર્વને અમારી ઉપર હેત છે, તો મોટેરી બેત્રણ બાઈયું છે તે બરોબર બીજી સર્વે બાઈયું વર્તમાન પાળે છે કેમ જે એ મનમાં એમ જાણે છે જો અમે ખબરદાર થઈને વર્તમાન નહિ પાળીએ તો મહારાજનું હેત અમારી ઉપર નહિ રહે ને કુરાજી થાશે. તથા પરમહંસમાં પણ એમ છે તથા બીજા જે સત્સંગી બ્રહ્મચારી તથા પાળા એ સર્વેમાં પણ એમ છે, તથા દેશદેશનાં હરિભક્ત બાઈ-ભાઈ છેટે રહ્યાં છે તે પણ વર્તમાનમાં ખબરદાર વર્તે છે, ને એમ જાણે છે જે જો આપણ સારી પેઠે નહિ વર્તીએ તો મહારાજ કુરાજી થાશે. માટે અમારે વિષે હેતે કરીને બંધાણા થકા સર્વે ધર્મમાં દ્રઢપણે વર્તે છે, પણ વૈરાગ્ય તો કોઈકને થોડો હશે ને કોઈકને ઝાઝો હશે તેનો કાંઈ મેળ છે નહિ, અને અમે પંચાળામાં મોરે માંદા થયા હતા ને તેમાંથી જો કાંઈક થયું હોત તો જેમ હમણે સર્વેની વૃત્તિઓ છે તેવી ન રહેત. **(૧)** ત્યારે તો જે તીવ્ર વૈરાગ્યવાળા હોય તે ધર્મમાં રહે, તથા ૧
તેની સાથે જેણે પોતાના જીવને હેત કરીને બાંધી રાખ્યો હોય તે ધર્મમાં રહે, તથા જે સત્સંગનો યોગ રાખે ને ભગવાનને અંતર્યામી જાણીને પોતપોતાના નિયમ કહ્યા છે તે પ્રમાણે વર્તે તો ધર્મમાં રહે, અને એ વિના બીજાનું તો કાંઈ ઠીક રહે નહીં. માટે અમે જે પ્રશ્ન પૂછ્યો હતો તેનો તો આ અમે કહ્યો એ જ ઉત્તર છે. **(૨)** ઇતિ વચનામૃતમ્ **॥૨૯॥ (૨૬૩)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે તીવ્ર વૈરાગ્યવાળો ત્યાગી થાય તો વિઘ્ન થાય નહિ, અને મંદ વૈરાગ્યવાળો ત્યાગી, મોટા સંત સાથે હેતે કરીને પોતાના જીવને બાંધે તો એનો ત્યાગ પાર પડે. **(૧)** અને સત્સંગનો યોગ રાખે ને અમને અંતર્યામી જાણે ને પોતપોતાના નિયમ પ્રમાણે વર્તે તો ધર્મ રહે. **(૨)** બાબતો છે. **॥૨૯॥ (૨૬૩)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૩૦

❖ સંવત ૧૮૮૫ના પોષ સુદિ ૧૫ પૂનમને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી ગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** જે અમારા મનમાં આ બે વાર્તા ગમે છે ને ત્યાં મન અટકે છે. તેમાં એક તો જેને એમ હોય જે **એક ચૈતન્યના તેજનો રાશિ છે ને તેના મધ્યને વિષે શ્રી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ સદા વિરાજમાન છે એવો દૃઢ નિશ્ચય હોય, ને તે ભગવાનની ઉપાસના-ભક્તિ કરતો હોય તે વાત ગમે.** પણ કેવળ ચૈતન્ય તેજને માનતો હોય ને તેની ઉપાસના કરતો હોય ને ભગવાનને સદા સાકાર ન માનતો હોય ને તેની ઉપાસના
ન કરતો હોય તો તે ન ગમે. **(૧)** અને બીજું એમ જે એવા જે ભગવાન તેને અર્થે જે તપને ૧
કરતો હોય તથા યોગને સાધતો હોય તથા પંચવિષયના અભાવને કરતો હોય તથા વૈરાગ્યવાન હોય, ઈત્યાદિક જે જે સાધન તે ભગવાનની પ્રસન્નતાને અર્થે નિર્દંભપણે કરે તે ગમે. અને એવાને દેખીને અમારું મન રાજી થાય છે જે એને શાબાશ છે જે આવી રીતે
વર્તે છે. **(૨)** ૨

૨ અને વળી આ પાંચ વાર્તાનું અમારે નિત્યે નિરંતર અનુસંધાન રહે છે. **(૨)** તેમાં **એક** તો એમ જે, આપણે આ દેહને મૂકીને જરૂર મરી જાવું છે ને તેનો વિલંબ નથી જણાતો; એ તો એમ જ નિશ્ચે જણાય છે જે આ ઘડી, આ ક્ષણમાં આપણે મરવું છે ને સુખ-દુઃખ, રાજીપો-કુરાજીપો સર્વે ક્રિયામાં એવી રીતે વર્તે છે એવો વૈરાગ્ય કહ્યો. અને **બીજું** એમ જે, આપણ મરશું તેમાં આટલું કામ તો આપણે કર્યું છે ને આટલું બાકી છે તે કરવું છે એવું નિરંતર અનુસંધાન રહે છે. અને **ત્રીજું** એમ જે, અમારા મનમાં પંચવિષયની વાસના ટળી ગઈ છે કે નથી ટળી ? અને એમ જાણું છું જે, ટળી તો ગઈ છે ત્યારે તે તે વિષયની જે ક્રિયા તે કેમ થાય છે? ત્યારે રખે ન ટળી હોય એમ અણવિશ્વાસનું નિરંતર અનુસંધાન રહે છે. અને **ચોથું** એમ જે, મુક્તાનંદ સ્વામી આદિક મોટા મોટા સાધુ તથા બીજા પણ મોટા મોટા હરિભક્ત એ જે સર્વે છે તેને પંચવિષયની વાસના ટળી ગઈ છે કે નહિ ? અને આને આની વાસના ટળી છે ને આની નથી ટળી એમ સર્વના હૃદય સામું જોયા કરવું એમ અનુસંધાન રહે છે. અને **પાંચમું** એમ જે, જો હું મારા જીવને ઉદાસી કરવા લાગું તો કોણ જાણે ક્યાંય જાતું રહેવાય ને દેહ પડી જાય, માટે એમ જાણીએ છીએ જે મનને ઉદાસી ન કરવું. કેમ જે ભલા અમારે યોગે કરીને આ સર્વે બાઈ-ભાઈ પરમહંસ રાજીપે બેઠા ભગવદ્ ભક્તિ કરે છે તો એ ઠીક છે, જે ભગવદ્ ભક્તિને કરતા દેખીને મનમાં બહુ રાજીપો થાય છે, જે મરી તો સર્વેને જાવું છે, પણ આવી રીતે ભક્તિ કરવી એ જ જીવ્યાનો મોટો લાભ છે એમ નિરંતર

અનુસંધાન રહે છે. એવી રીતે શ્રીજી મહારાજે પોતાના ભક્તની શિક્ષાને અર્થે પોતાનું વર્તન લઈને વાર્તા કરી ને પોતે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે. **(૩)** ઇતિ વચનામૃતમ્ ॥૩૦॥ **(૨૬૪)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે સર્વથી એટલે જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ ને મૂળઅક્ષર તેથી પર અમારા તેજરૂપ અક્ષરધામ છે તેને મધ્યે અમે સદા સાકાર મૂર્તિ વિરાજમાન છીએ એવો નિશ્ચય કરીને અમારી ઉપાસના-ભક્તિ કરે તે ભક્ત અમને ગમે છે, પણ કેવળ તેજની ઉપાસના કરે તે ગમે નહિ. **(૧)** અને તપ-વૈરાગ્યાદિક સાધન અમારી પ્રસન્નતાને અર્થે કરે તે ગમે. **(૨)** બીજામાં પાંચ વાતોનું નિરંતર અનુસંધાન રાખવાનું કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં આ બે વાર્તા અમને ગમે છે એમ શ્રીજીમહારાજે કહ્યું તે બે વાર્તા કઈ જાણવી ? અને ત્યાં મન અટકે છે એમ કહ્યું તે ત્યાં, એટલે કિયાં અટકતું હશે ?

૧ **ઉ૦** ચૈતન્ય તેજનો રાશિ જે પોતાની મૂર્તિનો પ્રકાશ તેના મધ્યને વિષે સાકાર મૂર્તિ થકા શ્રીજીમહારાજ સદાય વિરાજે છે એવો દૃઢ નિશ્ચય ને તે સાકાર મૂર્તિની ઉપાસના કરવી એક એ વાત, અને બીજું શ્રીજીમહારાજની પ્રસન્નતાને અર્થે તપ કરે, યોગ સાધે તથા પંચવિષયનો અભાવ કરે તથા વૈરાગ્યાદિક સાધન તે નિર્દંભપણે કરે એ બીજી વાત; એ બે વાતો જાણવી. અને શ્રીજીમહારાજથી પર કોઈ નથી એટલે ત્યાં મન અટકે છે, એટલે તેથી પર કાંઈ જાણવાનું નથી એમ સમજવું.

૨ **પ્ર૦** (૨/૩ બીજા પ્રશ્નમાં) અમારે પાંચ વાતોનું અનુસંધાન રહે છે એમ કહ્યું તે શ્રીજીમહારાજ તો સાક્ષાત્ ભગવાન છે ને અનંત બ્રહ્માંડ તથા મૂળઅક્ષરાદિક સર્વેના અંતર્યામી છે ને એક કાળાવચ્છિન્ન સર્વને જાણે છે એમને અનુસંધાન શું રાખવું પડે તે એમ કહ્યું હશે ? અને આટલું કામ કર્યું છે ને આટલું બાકી છે એમ કહ્યું તે શું જાણવું ?

૨ **ઉ૦** પોતાને મિષે કરીને પોતાના સાધનિક ભક્તોને ઉપદેશ કર્યો છે જે, તમે તમારો દેહ પડી જવાનું અનુસંધાન રાખીને સર્વ વાસના ટાળી નાખો એમ પોતાને વિષે પ્રીતિ કરવામાં પોતાના ભક્તને સાવધાન રાખવા એ પોતાનું હારદ છે. તે વાસના ટાળીને શ્રીજીમહારાજને વિષે પ્રીતિ કરીને મૂર્તિનો સાક્ષાત્કાર કરવો તેમાં બાકી હોય તે બાકી જાણવું. અને મુક્તાનંદ સ્વામી જેવા મોટાને વિષે વાસના છે કે ટળી ગઈ છે, એમ કહ્યું છે, તે પણ સર્વે વાસના ટળી ગઈ હોય એવા અમારા મોટા સંતને ઓળખીને એમનો સમાગમ કરવો ને અમારા વિના સર્વે વાસના ટાળી નાખવી એમ કહ્યું છે. અને હું મારા મનને ઉદાસી કરવા લાગું તો ક્યાંય જતું રહેવાય તે પોતાના મુક્તની વાત કહી છે જે અમારા મુક્ત આ લોકમાંથી ઉદાસ થાય એટલે મનુષ્યરૂપે દર્શન આપે છે તે અદૃશ્ય થઈ જાય તો સાધનિકને અમારા સ્વરૂપનું જ્ઞાન આપીને અમારી ભક્તિ કોણ કરાવે ? તેથી અમારા મુક્ત આંહીં દર્શન આપે છે એમ શ્રીજીમહારાજે કહ્યું છે. ॥૩૦॥ **(૨૬૪)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૩૧

❖સંવત ૧૮૮૫ના મહા સુદિ ૪ ચોથને દિવસ સાંઝને સમે શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા ને માથે ધોળો ફેટો બાંધ્યો હતો ને ધોળો ખેસ પહેર્યો હતો તથા રાતી કોરનું વિલાયતી ધોળું ધોતિયું ઓઢ્યું હતું ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને વાજાં વગાડીને કીર્તનનું ગાન પરમહંસ કરતા હતા તે ''હરિ મેરે હારલકી લકરી'' એ કીર્તન ગાઈ રહ્યા. ત્યારે મહારાજે કહ્યું જે ''યમુના કે તીર ઠાડો'' એ કીર્તન ગાઓ પછી એ કીર્તન ગાવા લાગ્યા.

૧ ત્યારે એવા સમયમાં શ્રીજીમહારાજ બહુ વાર વિચારી રહ્યા ને પછી બોલ્યા જે, **(૧)** હવે કીર્તન રાખો અમે આ એક વાર્તા કરીએ છીએ, તે છે તો થોડીક પણ ધ્યાનના કરનારાને બહુ

ઠીક આવે એવી છે, ને એ વાત કોઈ દિવસ અમે કરી નથી. પછી વળી નેત્રકમળ મીંચીને વિચારી રહ્યા ને પછી બોલ્યા જે, **કોટી કોટી ચંદ્રમા, સૂર્ય, અગ્નિ તેના જેવો તેજનો સમૂહ છે તે તેજનો સમૂહ સમુદ્ર જેવો જણાય છે, એવું બ્રહ્મરૂપ તેજોમય જે ભગવાનનું ધામ તેને વિષે આ પુરુષોત્તમ ભગવાનની આકૃતિ રહી છે.** તે આકૃતિમાંથી પોતે ભગવાન અવતાર ધારે છે અને **આ ભગવાન કેવા છે તો ક્ષર-અક્ષર થકી પર છે ને સર્વ કારણના પણ કારણ છે ને અક્ષરરૂપ એવા જે અનંત કોટી મુક્ત તેમણે સેવ્યાં છે ચરણકમળ જેમનાં એવાં છે. અને એવા જે ભગવાન તે જે પોતે દયાએ કરીને જીવોનાં પરમ કલ્યાણ કરવાને અર્થે હમણાં પ્રગટ પ્રમાણ થકા તમારી સર્વની દૃષ્ટિને ગોચર સાક્ષાત્‌પણે વર્તે છે.** માટે જે ધામમાં રહી મૂર્તિ ને આ પ્રગટ શ્રીકૃષ્ણની મૂર્તિ તેમાં અધિકપણે સાદૃશ્યપણું છે તે શ્રીકૃષ્ણની જે મનુષ્યરૂપ મૂર્તિ તેના ધ્યાનનો કરતલ જે હોય તેની જે દૃષ્ટિ તે ભગવાનના રૂપ વિના બીજારૂપ વિષયમાત્રમાં અતિશે વૈરાગ્યને પામીને ભગવાનના રૂપમાં જ લુબ્ધ થાય ત્યારે તેને **આ પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ ને ધામની મૂર્તિ તે બેયમાં લગાર પણ ભેદ ન જણાય** અને તે મૂર્તિ ને આ મૂર્તિનાં રૂપ ને અવસ્થા તે બરોબર જણાય, તથા તે મૂર્તિ જેટલી ઊંચી છે ને જેટલી પુષ્ટ છે, તેવી ને તેવી જ આ મૂર્તિ પણ જણાય છે, પણ તેમાં ને આમાં એક રોમનો પણ ફેર ન જણાય અતિશે એકપણું જણાય. એવી રીતે તેમાં ને આ મૂર્તિમાં ફેર લગાર પણ નથી. **તે મૂર્તિ ને આ મૂર્તિ એક જ છે.** એવી જે પ્રત્યક્ષ મૂર્તિ તેનું ધ્યાન નેત્રને આગળ બહાર કરે ત્યારે તો તેમાં ને આમાં લગાર ફેર નથી. ને તે જ મૂર્તિને ધ્યાનનો કરતલ **પ્રતિલોમપણે** પોતાના નેત્રમાં જુએ ત્યારે તે જ મૂર્તિ પ્રથમ જણાતી તેવી ન જણાય ને નેત્રની કીકીમાં જેવડી મૂર્તિ છે તેવડી જણાય. પછી વળી એ ધ્યાનનો કરતલ પ્રતિલોમપણે કંઠથી હેઠે સુધી માંહેલી કોરે ધ્યાને કરીને જુએ ત્યારે એ જ મૂર્તિને મોરે બે પ્રકારે દેખતો તેમ ન દેખે ને તે જ મૂર્તિને બહુ જ મોટી, બહુ જ ઊંચી, બહુ જ જાડી ને બહુ જ ભયંકર એવી દેખે, જેમ મધ્યાહ્‌ન કાળનો સૂર્ય હોય ત્યારે છાયા પુરુષના શરીર બરોબર હોય ને તે જ સૂર્યને આથમ્યાટાણું થાય ત્યારે છાયા મોટી લાંબી થાય પણ પુરુષના શરીર પ્રમાણે નથી રહેતી, તેમ તે મૂર્તિ પણ પૂર્વે કહી તેવી મોટી થાય પછી એ મૂર્તિને હૃદયને વિષે રહી જે બુદ્ધિ તે બુદ્ધિને વિષે જુએ તથા તે બુદ્ધિમાં રહ્યો જે પોતાનો જીવ તેને વિષે જુએ ત્યારે તે જ મૂર્તિને અંગુષ્ઠ માત્ર પરિણામે જુએ, અને દ્વિભુજ જણાય કે ચતુર્ભુજ જણાય પણ મોરે ત્રણ પ્રકારે દેખી તેવી ન દેખાય અને પછી વળી એ ધ્યાનના કરતલને પ્રતિલોમપણે પોતાના જીવથી પર કોટી કોટી સૂર્ય, ચંદ્ર, અગ્નિના તેજના સમૂહને વિષે આ મૂર્તિ જણાય છે, તે જેવી દૃષ્ટિ આગળ જણાતી હતી તેવી જ રીતની જણાય છે પણ લગાર ફેર નથી જણાતો. માટે ગુણાતીત એવું જે અક્ષરધામ તેને વિષે જે મૂર્તિ છે તે મૂર્તિ આ પ્રત્યક્ષ છે; એ બેમાં ફેર નથી, જેમ ધામની મૂર્તિ ગુણાતીત છે તેમ જ મનુષ્ય મૂર્તિ પણ ગુણાતીત છે. અને પૂર્વે જે મૂર્તિમાં ફેર પડ્યો તે તો ગુણમય એવાં જે સ્થાનક તેણે કરીને પડ્યો તે નેત્રમાં સત્ત્વગુણ ને કંઠમાં રજોગુણ ને બુદ્ધિમાં રહ્યો જે જીવ તે પણ

ગુણમય છે. એમ વાર્તા કરીને પછી બોલ્યા જે, મોરે ગાતા હતા તે કીર્તન ગાઓ. એવી રીતે શ્રીજીમહારાજે પોતાના પુરુષોત્તમ સ્વરૂપના નિરૂપણની વાર્તા પરોક્ષપણે કરીને કહી. **(૧)**
ઇતિ વચનામૃતમ્ ॥૩૧॥ **(૨૬૫)** ૧

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાકય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે બ્રહ્મરૂપ તેજોમય એવું અમારા તેજરૂપ અક્ષરધામ છે. તેમાં અમારી આકૃતિ રહી છે એટલે અમે મૂર્તિમાન રહ્યા છીએ અને એ આકૃતિમાંથી અવતાર ધારણ કરીએ છીએ એટલે ત્યાં રહ્યા થકા જ સર્વ બ્રહ્માંડમાં દેખાઈએ છીએ. અને ક્ષર-અક્ષરથી પર ને સર્વનું કારણ જે અમારું તેજ તેના પણ કારણ છીએ અને અમારા ધામને વિષે અનંતકોટી મુક્તોએ સેવ્યા એવા અમે તે દયા કરીને જીવોના પરમ કલ્યાણ કરવાને અર્થે પ્રગટ પ્રમાણ તમારી સર્વની દૃષ્ટિગોચર સાક્ષાત્પણે વર્તીએ છીએ. અને અમારી આ મનુષ્યરૂપ મૂર્તિ ને ધામમાં મૂર્તિ છે તે એક જ છે પણ જુદી નથી અને અમારું ધ્યાન નેત્રને આગળ બહાર કરે તેને ધામમાં જે મૂર્તિ છે તે અને આ અમારી મનુષ્યરૂપ મૂર્તિ તે એક જ જણાય. અને અમારી આ મનુષ્યરૂપ મૂર્તિને નેત્રમાં જુએ તો નેત્રની કીકીમાં જેવડી મૂર્તિ છે તેવડી જણાય. અને કંઠથી હેઠે સુધી માંહેલી કોરે જુએ તો બહુ જ મોટી દેખે અને બુદ્ધિમાં તથા બુદ્ધિએ યુક્ત એવો જીવ તેમાં જુએ તો અંગુષ્ઠ માત્ર દેખે અને અમારા તેજરૂપ ધામ તે ધામરૂપ થઈને જુએ તો પ્રથમના જેવી દેખે અને અમે અક્ષરધામમાં જેવા ગુણથી પર છીએ તેવા જ મનુષ્યરૂપે દેખાઈએ છીએ તો પણ એવા જ ગુણથી પર છીએ, પણ મનુષ્યરૂપ મૂર્તિમાં ને ધામમાં મૂર્તિ છે તેમાં કિંચિત્ પણ ફેર નથી. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** 'હરિ મેરે હારલકી લકરી' અને 'યમુનાકે તીર ઠાડો' એ બે કીર્તનમાં કાંઈ અધિક-ન્યૂન ભાવ હશે કે નહિ ?

૧ **ઉ૦** જેમ હારલ લાકડી રાખે છે, તેમ મૂર્તિને ત્રણે અવસ્થામાં ક્ષણવાર પણ દૃષ્ટિથી છેટે મૂકે નહિ, એમ એ કીર્તનમાં સન્મુખ મૂર્તિ ધારવાનો ભાવ છે. અને યમુના કે તીર એટલે સર્વથી પર અક્ષરધામ તે રૂપ થઈને તેમાં મૂર્તિ ધારીને મૂર્તિમાં જોડાઈ જાવું એવો અંતર્વૃત્તિનો ભાવ છે, માટે આ અધિક છે.

૨ **પ્ર૦** આમાં તથા (**અ૦ ૧**ના પહેલા પ્રશ્નમાં, તથા **વ૦ ૪**ના બીજા પ્રશ્નમાં, તથા **૮**માં) આ ચારેમાં ધ્યાન કરવાનું કહ્યું તેમાં કિયું શ્રેષ્ઠ હશે ?

૨ **ઉ૦** ચારેમાં શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવાના ઉપાય કહ્યા છે. તે સર્વેથી આમાં શ્રીજીમહારાજના તેજરૂપ થઈને ધ્યાન કરવું. તેમાં મૂર્તિ વિના બીજું કાંઈ દેખવામાં જ ન આવે. માટે આ ધ્યાન સર્વથી સુગમ ને શ્રેષ્ઠ છે.

૩ **પ્ર૦** તેજનું કારણ તો મૂર્તિ છે. અને કેટલાક તેજને મૂર્તિનું કારણ કહે છે. તે કેવી રીતે સમજતા હશે.

૩ **ઉ૦** મૂળપુરુષના તેજરૂપ બ્રહ્મ તે દ્વારે સર્વ જગત ઉત્પન્ન થાય છે ને તેમાં લય પામે છે. તે બ્રહ્મને પરોક્ષ શાસ્ત્ર સર્વનું કારણ કહે છે. પણ એ બ્રહ્મના કારણ ને આધાર મૂળપુરુષ મૂર્તિમાન છે, એમ જાણતા નથી તેથી તેજને કારણ કહે છે ને તે તેજનું કારણ જે મૂર્તિ, તેને કાર્ય સમજે છે. અને આ વચનામૃત ગ્રંથમાં તો તે તેજથી પર મૂળપુરુષ, અને તે મૂળપુરુષથી પર વાસુદેવબ્રહ્મનું તેજ, અને તેથી પર બ્રહ્મની મૂર્તિ, અને તેથી પર અક્ષરનું તેજ ને તેથી પર અક્ષરની મૂર્તિ, અને તેથી પર શ્રીજીમહારાજનું તેજ, અને તેથી પર શ્રીજીમહારાજને કહ્યા છે. એટલા સારુ જ સર્વેથી પર એવો તેજનો સમૂહ છે એમાં અમે રહ્યા છીએ. એમ કહ્યું છે તે પુરુષોનાં તથા બ્રહ્મનાં તથા અક્ષરોનાં એ સર્વેનાં તેજથી પર અમારું તેજ છે. તેમાં અમે રહ્યા છીએ. એમ કહ્યું છે. માટે જેને સાકારની ઉપાસના નથી, તે મૂર્તિનું કારણ તેજને કહે છે. પણ એ તેજનું કારણ મૂળપુરુષ મૂર્તિમાન છે. તે જેના જાણવામાં આવે તે તેજને કારણ કહે નહિ; મૂર્તિને જ કારણ કહે.

૪ **પ્ર૦** ધામમાં રહી જે મૂર્તિ ને આ મૂર્તિમાં અધિકપણે સાદૃશ્યપણું છે એમ કહ્યું તે સાદૃશ્યપણું શું સમજવું ?

૪ **ઉ૦** ધામને વિષે શ્રીજીમહારાજ દિવ્યમૂર્તિ છે, તે જ આ મૂર્તિ છે, પણ જુદી નથી એમ સમજવું.

૫ **પ્ર૦** ગુણાતીત એવું અક્ષરધામ કહ્યું તેનો શો અર્થ હશે ?

૫ **ઉ૦** સર્વે ગુણથી પર હોય તેને ગુણાતીત કહેવાય, માટે સર્વે ગુણથી પર જાણવું.

૬ **પ્ર૦** ધામની મૂર્તિ ગુણાતીત છે, એમ કહ્યું તેનો અર્થ શો હશે ? અને મનુષ્યમૂર્તિ ગુણાતીત છે, એમ કહ્યું તેનો અર્થ શો હશે ?

૬ ઉ० ધામની એટલે ધામમાં રહી જે શ્રીજીમહારાજની મૂર્તિ તે ગુણથી પર છે, અને એની એ મૂર્તિ મનુષ્યરૂપે દેખાય છે તો પણ ગુણથી પર છે. એમ મનુષ્યરૂપ મૂર્તિ અને ધામમાં રહી મૂર્તિ તે બે નથી; એક જ છે એમ કહ્યું છે. અને ગુણાતીતનો અર્થ (**પ્ર० ૧૨**ના સોળમા પ્રશ્નોત્તરમાં) છે. **॥૩૧॥ (૨૬૫)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૩૨

❖સંવત ૧૮૮૫ના મહા સુદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં આથમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને સર્વે વસંતી વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી ને ગવૈયા પરમહંસ વસંતનાં કીર્તન ગાવતા હતા.

૧ પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી આદિક સાધુને કહ્યું જે, **(૧) ॥ विषयाविनिवर्तंते...॥** એ શ્લોકનો અર્થ કરો, ત્યારે તેમણે રામાનુજ ભાષ્યે સહિત અર્થ કર્યો. ત્યાર પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો તો અમે એમ નિશ્ચય કર્યો જે **યુવાન અવસ્થા જેને હોય તેને આહાર ક્ષીણ કરવો ને યુક્તાહાર વિહારપણે રહેવું, ને આહાર ક્ષીણ થાય ત્યારે દેહનું બળ ક્ષીણ થાય ત્યારે જ ઇન્દ્રિયો જિતાય; તે વિના ઇન્દ્રિયો જિતાય નહિ. અને એવો થકો પોતાના મનને ભગવાનની નવ પ્રકારની ભક્તિને વિષે રુચિ સહિત રાખે ને ભક્તિમાં પ્રીતિ રાખે. એ બે પ્રકારે એ વર્તે તો એનો સત્સંગ પાર પડે, ને એમ ન હોય તો એ જ્યારે ત્યારે જરૂર ઇન્દ્રિયોને વશ થઈને વિમુખ થાય.** તે ગોવર્ધન જેવો સમાધિનિષ્ઠ હોય તો પણ એનો એને ભય છે તો બીજાની શી વાર્તા ? અને આહાર નિયમમાં કરવો તે ઘણાક ઉપવાસ ઠામુકા કરવા માંડે તેણે કરીને ન થાય; એમ તો ઝાઝી તૃષ્ણા થાય ને મૂળગો આહાર વધે ને ઉપવાસનો ખાંગો ખાય ત્યારે બમણો વાળે. માટે એ તો ધીરે ધીરે આહારને ઘટાડવા માંડે તો નિયમમાં આવે, જેમ મેઘ ઝીણી ઝીણી બુંદે વરસે છે પણ બહુ પાણી થાય છે; તેમ ધીરે ધીરે આહારને નિયમમાં કરવો ને એમ કરે ત્યારે ઇન્દ્રિયો નિયમમાં આવે ને ભક્તિમાં પ્રીતિ હોય તો એ પાર પડે એ નિશ્ચત્ વાર્તા છે. **(૧)** ૧

૨ અને વળી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, **(૨)** ભગવાનનો જે સાચો ભક્ત તેને ભગવાનનું માહાત્મ્ય સમજ્યાની કેવી રીત છે ? **તો જે ભગવાન છે, તે તેજોમય એવું જે પોતાનું અક્ષરધામ તેને વિષે સદા સાકાર મૂર્તિ થકા વિરાજમાન છે ને સર્વના કારણ છે, સર્વના નિયંતા છે, સર્વના અંતર્યામી છે, અનેક કોટી બ્રહ્માંડના રાજાધિરાજ છે** ને અલૌકિક દિવ્ય સુખમય મૂર્તિ છે ને માયાના ગુણ થકી રહિત છે, એવી રીતે આ પ્રત્યક્ષ ભગવાનને જાણીને ભગવાન વિના જે બીજા સર્વે માયિક પદાર્થ માત્ર તેને અતિશે તુચ્છ ને નાશવંત સમજે, ને એક ભગવાનને વિષે જ પ્રીતિ કરે ને નવ પ્રકારની ભક્તિને કરે. અને વળી એમ સમજે જે, **આવા અતિશે મોટા જે ભગવાન તેની મર્યાદાને વિષે, કાળ, માયા, બ્રહ્મા, શિવ, સૂર્ય, ચંદ્રમા**

**ઇત્યાદિક સર્વે સમર્થ છે તે પણ નિરંતર વર્તે છે, એવું જાણીને ભગવાને બાંધી જે ધર્મમર્યાદા તેને વિષે ભગવાનની પ્રસન્નતાને અર્થે પોતે નિરંતર વર્તે, પણ તે ધર્મમર્યાદાનો ક્યારેય લોપ ન કરે.** **(૨)** અને જે કુબુદ્ધિવાળો હોય તે કેમ સમજે તો એવા મોટા જે ભગવાન તે તો પતિત ૨
પાવન છે; અધમ-ઉદ્ધારણ છે, તે માટે કાંઈક ધર્મ વિરુદ્ધ અવળું વર્તાઈ જાશે તો તેની શી ચિંતા છે ? ભગવાન તો સમર્થ છે, એવી રીતે માહાત્મ્યની ઓથ લઈને મૂળગો પાપ કરવા થકી ડરે નહિ એવો જે હોય તે તો દુષ્ટ છે, પાપી છે ને એવી સમજણવાળો હોય ને તે ઉપરથી ભક્ત જેવો જણાતો હોય તો પણ તેને ભક્ત ન જાણવો ને તેનો સંગ ક્યારેય ન કરવો અને ભક્ત તો પ્રથમ કહી તેવી રીતની સમજણવાળાને જ જાણવો ને તેનો જ સંગ કરવો. (૩) ૩
॥ ઇતિ વચનામૃતમ્ **॥૩૨॥ (૨૬૬)**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે આહાર-વિહાર યુક્ત કરે તો ઇન્દ્રિયો જિતાય ને એવો થકો નવ પ્રકારની ભક્તિમાં પ્રીતિએ સહિત રુચિ રાખે તો સત્સંગમાં પાર પડે. **(૧)** બીજામાં સર્વેથી પર અમારા તેજરૂપ અક્ષરધામમાં અમે સદા સાકાર મૂર્તિ બિરાજમાન છીએ ને સર્વના કારણ ને સર્વના નિયંતા ને સર્વના અંતર્યામી ને દિવ્ય સુખમય મૂર્તિ છીએ આવો અમારો મહિમા સમજીને અમારે વિષે પ્રીતિ કરે ને નવધા ભક્તિ કરે ને અમારી આજ્ઞામાં વર્તે તે અમારો સાચો ભક્ત છે. **(૨)** અને અમારા મહિમાનો ઓથ લઈને અમારી બાંધેલી મર્યાદાનો ભંગ કરે તે પાપી ને દુષ્ટ છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં સમાધિનિષ્ઠને ઇન્દ્રિયોનો ભય કહ્યો ને (**અ૦ ૩**ના પહેલા પ્રશ્નમાં) ઉપશમદશાને પામે તેને પંચવિષય બાધ ન કરે એમ કહ્યું છે તે કેમ સમજવું ?

૧ **ઉ૦** આમાં પોતાના સાધનિક ભક્તોને શિક્ષાને અર્થે માયાનું બળ બતાવ્યું છે, પણ ગોવર્ધનભાઈના જેવી ઉપશમદશા આવે તેને વિષય બાધ કરે જ નહિ. **॥૩૨॥ (૨૬૬)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૩૩

❖સંવત ૧૮૮૫ના ફાગણ સુદિ ૧૧ એકાદશીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી ગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે સર્વે પરમહંસ આગળ એમ વાર્તા કરી જે, **(૧)** ધન, દોલત, સ્ત્રી ને પુત્ર એ આદિક જે પદાર્થ તેણે કરીને જેની બુદ્ધિમાં ફેર પડે નહિ, ને એને અર્થે કોઈને વિષે આસ્તા આવે નહિ એવા તો સત્સંગમાં થોડાક ગણતીના હરિભક્ત હોય પણ ઝાઝા હોય નહિ, એમ કહીને વળી બોલ્યા જે, એવા તો આ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી છે તે એમને કોઈ બીજો ગમે તેવો હોય ને ચમત્કાર દેખાડે તો પણ તેનો કોઈ રીતે ભાર આવે જ નહિ, અને કેવો હોય તેને કોઈનો ભાર ન આવે ? તો જે એમ સમજતો હોય જે આ દેહથી નોખો જે આત્મા તે હું છું ને તે હું પ્રકાશમાન સત્તારૂપ છું, ને તે મારા સ્વરૂપને વિષે **પ્રત્યક્ષ ભગવાન** અખંડ વિરાજમાન છે, અને તે ભગવાનના આકાર વિના બીજા જે પ્રાકૃત આકાર

માત્ર તે અસત્ય છે ને અનંત દોષે યુક્ત છે એવો વૈરાગ્ય હોય, ને ભગવાનનું માહાત્મ્ય યથાર્થ જાણતો હોય તેને કોઈ જાતનો બુદ્ધિમાં ભ્રમ થાય નહિ. **(૧)** પણ એ વાર્તા અતિ કઠણ છે ૧
કેમ જે, એવા મોટા છે તો પણ જો એમને માનનો બહુ યોગ થાય તથા રૂપિયા ને સોનામહોરના ઢગલા આગળ આવીને પડવા લાગે તથા રૂપવાન એવી જે સ્ત્રીઓ તેનો યોગ થાય તો એ ત્યાગી છે તોય પણ એણે કરીને એમનું ઠેકાણું રહે નહિ. અને જો એવો યોગ થાય તો આજ આપણા ત્યાગીમાં જે અતિ ઊતરતો હશે તે જેવા પણ રહે કે ન રહે એમાં પણ સંશય છે. કેમ જે એ પદાર્થનો તો યોગ જ એવો છે, જેમ આપણ સર્વ બેઠા છીએ તે કેવા ડાહ્યા છીએ, પણ જો દારૂના શીશાનું પાન કર્યું હોય તો કાંઈ ઠા રહે નહિ તેમ એ પદાર્થનો સંગ જરૂર લાગ્યા વિના રહે જ નહિ. માટે એ પદાર્થનો યોગ જ ન થવા દે તો એ એથી બચે ને એનો યોગ થયા મોર એનો ભય રાખે જે રખે મુને એનો યોગ થાય. અને એ વાર્તા શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે જે એનો સંગ તો એક ભગવાનને ન લાગે તે કહ્યું છે જે :- ॥ **ऋषि नारायण मृते** ॥ તથા ॥ **येऽन्ये स्वत: परिहृतादपि बिभ्यति स्म** ॥ **(૨)** ૨

૨ અને પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, **(૨)** વાસુદેવ ભગવાનનો એકાંતિક ભક્ત કેને કહીએ ? તો જેને વિષે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે યુક્ત એવી વાસુદેવ ભગવાનની અનન્ય ભક્તિ એટલાં વાનાં હોય તેને એકાંતિક ભક્ત કહીએ ને એની ગતિ એમ કહી છે જે એનો વાસુદેવ ભગવાનમાં પ્રવેશ થાય. તે પ્રવેશ તે શું તો તેજના મંડળને વિષે દિવ્ય મૂર્તિ એવા જે વાસુદેવ ભગવાન તેને વિષે એ ભક્તને સ્નેહ હોય, તે સ્નેહે કરીને વાસુદેવ ભગવાનની મૂર્તિને વિષે એના મનનું નિરંતર અનુસંધાન રહે ને આસક્ત થકો વર્તે, ને એવી રીતે રહ્યો થકો એ વાસુદેવ ભગવાનની સેવાને વિષે પણ બહાર થકી રહે. જેમ લક્ષ્મીજી છે તે વાસુદેવ ભગવાનના હૃદયને વિષે ચિહ્નરૂપે સ્નેહના અધિકપણે કરીને રહ્યાં છે ને બહાર થકી સ્ત્રીરૂપે કરીને સેવામાં પણ રહ્યાં છે, તેમ એ એકાંતિક ભક્તનો વાસુદેવ ભગવાનને વિષે પ્રવેશ જાણવો. **(૩)** અને હમણાં પણ જે ભક્તને ભગવાનની કથા-કીર્તન, નામ-સ્મરણ ૩
ઈત્યાદિક જે દશ પ્રકારની ભક્તિ તથા ભગવાનનું માહાત્મ્ય તથા સ્વધર્મ તથા વૈરાગ્ય તથા આત્મનિષ્ઠા તથા સંતનો સમાગમ એનું બંધાણ હોય તે એવું હોય જે તે વિના કોઈ રીતે ચાલે જ નહિ, જેમ અફીણ આદિકનો બંધાણી હોય તેને તે વિના ચાલે નહિ, ને તે અફીણ તો, કડવું ઝેર છે તો પણ અફીણના બંધાણીને અફીણ વિના ચાલે નહિ, તથા દારૂનું બંધાણ હોય તો તે દારૂ પણ પીએ ત્યારે ગળું બળે એવો છે તો પણ તે વિના ચાલે નહિ, તે એને ઘણાક રૂપિયા આપે તો પણ તે બંધાણથી તે વહાલા ન થાય ને ન લે કેમ જે એ વ્યસન એના જીવ સંગાથે જડાઈ ગયું છે. તેમ જેને ભગવદ્ ભક્તિ આદિક ક્રિયાનું બંધાણ થયું હોય તે ગમે તેવો કુસંગ થાય તો પણ તે વિના એને ચાલે જ નહિ, ને એ વિના બીજા કાર્યમાં એનું મન રાજી થાય નહિ, ને ભગવદ્ ભક્તિ આદિક ક્રિયામાં એનો જીવ જડાઈ ગયો હોય ને એનો

જ એને અતિ ઈશક હોય એવો જે ભગવાનનો ભક્ત તેનો પણ વાસુદેવ ભગવાનને વિષે પ્રવેશ છે એમ જાણવું. અને તે ભગવદ્ ભક્ત કેવો હોય તો ભગવાનની સેવા વિના ચતુર્ધા મુક્તિને પણ ન ઈચ્છે તો બીજાની શી વાર્તા ? એવો હોય તે ભગવાનનો એકાંતિક ભક્ત જાણવો ને તેને કોઈ પદાર્થમાં ઈશક ન હોય. **(૪)** અને એવો ન હોય ને ક્યારેક ભગવાનની ૪
ભક્તિમાં ય સુવાણ થાય ને જો કુસંગનો યોગ થાય તો ભક્તિને ભૂલી જાય ને તે ચાળે ચડી જાય, એને તો પ્રાકૃત દેહાભિમાની કહીએ પણ એ ભક્ત ખરો નહિ ને એનો વિશ્વાસ નહિ. **(૫)** ૫

૩ અને વળી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, **(૩)** જે ભગવાનના ભક્તને સ્ત્રી, ધન, દેહાભિમાન ને સ્વભાવ એ ચાર વાનાંમાં કાચપ હોય, ને તે ભગવાનની ભક્તિ કરતો હોય તો પણ એની ભક્તિનો વિશ્વાસ નહિ એની ભક્તિમાં જરૂર વિઘ્ન આવે. કેમ જે ક્યારેક એને સ્ત્રી-ધનનો યોગ થાય તો ભક્તિનો ઠા રહે નહિ ને તેમાં આસક્ત થઈ જાય, તથા દેહાધ્યાસ હોય તો જ્યારે દેહમાં રોગાદિક કષ્ટ પ્રાપ્ત થાય તથા અન્ન-વસ્ત્રાદિક ન મળે અથવા કોઈક કઠણ વર્તમાન પાળવાની આજ્ઞા થાય, ત્યારે પણ તેને ભક્તિમાં ભંગ થાય ને વિકળ થઈ જાય ને કાંઈ વિચાર ન રહે ને ચાળા ચૂંથવા લાગે તથા કોઈક રીતનો સ્વભાવ હોય તેને સંત ટોકવા માંડે ને તે સ્વભાવ પ્રમાણે વર્તવા ન દે ને બીજી રીતે વર્તાવે ત્યારે પણ એ મૂંઝાય, ને એને સંતના સમાજમાં રહેવાય નહિ ત્યારે ભક્તિ તે ક્યાંથી રહે ? માટે જેને દૃઢ ભક્તિ ઈચ્છવી હોય તેને એ ચાર વાનાંમાં કાચપ રાખવી નહિ ને એ ચારની કાચપ હોય તો પણ સમજીને ધીરે ધીરે ત્યાગ કરવી તો વાસુદેવ ભગવાનની નિશ્ચળ ભક્તિ થાય. આ વાર્તા તે આમ જ છે પણ એમાં કાંઈ સંશય નથી. **(૬)** ઈતિ વચનામૃતમ્ **॥૩૩॥ (૨૬૭)** ૬

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૩)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે પોતાના આત્માને પ્રકાશરૂપ ને સત્તારૂપ માને ને તેને વિષે અમારી આ પ્રત્યક્ષ મૂર્તિ વિરાજમાન છે એમ સમજે, ને આ અમારી મૂર્તિ વિના બીજા પ્રાકૃત આકારને અસત્ય ને દોષે યુક્ત સમજે તેની બુદ્ધિમાં કોઈ જાતનો ભ્રમ થાય નહિ. **(૧)** અને એવાને પણ માન, દ્રવ્ય તથા રૂપવાન સ્ત્રીઓનો યોગ થાય તો ઠેકાણું રહે નહિ માટે એનો યોગ થાવા દેવો નહિ. **(૨)** બીજામાં સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે યુક્ત એવી અમારી અનન્ય ભક્તિ હોય તે અમારો એકાંતિક ભક્ત છે અને એનો અમારે વિષે પ્રવેશ થાય છે અને અમારી સેવાને વિષે બહારથી પણ રહે છે. **(૩)** અને દેહ છતાં પણ જે ભક્તને અમારી દશ પ્રકારની ભક્તિ તથા અમારું માહાત્મ્ય તથા સ્વધર્મ, વૈરાગ્ય ને આત્મનિષ્ઠા તથા અમારા સંતનો સમાગમ તે વિના ચાલે જ નહિ. એવું બંધાણ હોય તેનો પણ અમારે વિષે પ્રવેશ જાણવો ને તે એકાંતિક છે. **(૪)** અને જે કુસંગને યોગે અમારી ભક્તિને ભૂલી જઈને ચાળે ચડી જાય તે પ્રાકૃત દેહાભિમાની છે. **(૫)** ત્રીજામાં સ્ત્રી, ધન, દેહાભિમાન ને સ્વભાવ એ ચારમાં કાચપ હોય તેની ભક્તિ રહે નહિ એ કાચપનો ત્યાગ કરે તો અમારી નિશ્ચળ ભક્તિ થાય. **(૬)** બાબતો છે.

૧ **પ્ર૦** (૧/૨ પહેલા પ્રશ્નમાં) મુક્તાનંદ સ્વામીને તથા ગોપાળાનંદ સ્વામીને માનનો તથા દ્રવ્યનો તથા સ્ત્રીઓનો યોગ થાય તો તેમનું ઠેકાણું રહે નહિ એમ કહ્યું ને (**છે૦ ૨૬**ના બીજા પ્રશ્નમાં) મયારામ ભટ્ટ તથા મૂળજી બ્રહ્મચારી તથા નિષ્કુળાનંદ સ્વામીને સ્ત્રી આદિક કોઈ પદાર્થ બંધન કરી શકે નહિ એમ કહ્યું છે તેનું શું કારણ હશે ? કેમ જે શ્રીજીમહારાજે દેહોત્સવ વખતે સર્વ સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ, હરિજનોને આજ્ઞા કરી હતી કે શ્રી ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો ને જે એમની આજ્ઞામાં નહિ રહે તે અમારા નથી એમ ત્યાગી-ગૃહી સર્વને ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાનું કહ્યું હતું. માટે ગોપાળાનંદ સ્વામી તો સત્સંગમાં સર્વથી મોટા હતા. ને (**છે૦ ૨૧/૬**માં) અક્ષરધામમાં પરમએકાંતિક મુક્ત રહ્યા છે

તેથી પણ અધિક કહ્યા છે, ને દાસત્વ ભક્તિમાં પણ (**મ૦ ૬૨**ના ત્રીજા પ્રશ્નમાં) ગોપાળાનંદ સ્વામીને તથા મુક્તાનંદ સ્વામીને ઉત્તમ કહ્યા છે અને (**કા૦ ૩**ના પહેલા પ્રશ્નમાં) શુક સ્વામીની પ્રશંસા કરી છે, તેમાં પણ એમને મુક્તાનંદ સ્વામી જેવા કહ્યા છે, માટે મુક્તાનંદ સ્વામી પણ ગોપાળાનંદ સ્વામીના જેવા જ મુક્ત છે તે એવા મોટા અનાદિમુક્તનું ઠેકાણું રહે નહિ એમ કહ્યું તો બીજાની તો વાત શી કહેવી ? અને (**લો૦ ૧૩**ના પહેલા પ્રશ્નમાં) પણ તુચ્છ જેવો જીવ શ્રીજીનાં ચરણારવિંદમાં નિમગ્ન રહે તો તેને પરાભવ ન થાય એમ કહ્યું છે તે સાધનિકને પરાભવ ન થાય તો આ તો અનંતને એવી સ્થિતિ કરાવતા એવા મોટા સિદ્ધ મુક્તને પરાભવ થાય એમ કેમ કહ્યું હશે ?

૧ **ઉ૦** ગોપાળાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત હતા. એમના સામું તો માયા જોઈ જ શકે નહિ એવા મોટા હતા, પણ એમને મિષે કરીને સાધનિકને શિક્ષા કરી છે, કેમ જે મોટાને ઉદ્દેશીને વાત કરે ત્યારે સાધનિકને બીક લાગે જે એવા મોટાને પરાભવ થાય તો આપણને તો થાય જ એમ બીક લાગે એટલા માટે મોટાને મિષે કહ્યું છે.

૨ **પ્ર૦** (૨/૩ બીજા પ્રશ્નમાં) શ્રીજીમહારાજે પોતાને વિષે પ્રવેશ કહ્યો તે તેજના મંડળમાં દિવ્ય મૂર્તિ છે ત્યાં તો માયિક મનની ગતિ હોય નહિ તે કેમ સમજવું ?

૨ **ઉ૦** જેમ લક્ષ્મીજી શ્રીકૃષ્ણવાસુદેવને વિષે રહે છે ને બહારથી સ્ત્રી રૂપે સેવામાં રહે છે તેમ જ મુક્ત પણ શ્રીજીમહારાજની મૂર્તિમાં રહે છે ને બહાર પણ રહે છે અને મનનું અનુસંધાન રહે છે એમ કહ્યું છે તે મન શબ્દ તો આ લોકની રૂઢિએ વાપર્યો છે, પણ જે મુક્ત થાય તેને મન છે જ નહિ ને એને વિષે દેહ-દેહી ભાવ પણ નથી; મુકત પણ શ્રીજીમહારાજની પેઠે જ દિવ્ય મૂર્તિઓ જ છે. **॥૩૩॥ (૨૬૭)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૩૪

❖ સંવત ૧૮૮૫ના ચૈત્ર સુદિ ૩ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી ગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજને શુકમુનિએ પ્રશ્ન પૂછ્યો જે, **(૧)** ભગવાન વિના બીજા માયિક પદાર્થ માત્રને વિષે વાસના ન રહે ને એક ભગવાન વિષે જ વાસના રહે તેનાં બે સાધન જણાય છે. એક તો ભગવાનને વિષે પ્રીતિ ને બીજો જ્ઞાને સહિત વૈરાગ્ય એ બે સાધન છે. તે એ બે સાધન તો જેને અતિશેપણે ન વર્તતાં હોય ને ભગવાનનો નિશ્ચય ને વિશ્વાસ તો હોય, એવાને પણ એક ભગવાનની જ વાસના રહે ને બીજા પદાર્થની વાસના ન રહે એવો ત્રીજો કોઈ ઉપાય છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એ પ્રશ્ન ખરો ને એ બે સાધને કરીને જ એક ભગવાનની વાસના રહે ને બીજા પદાર્થની ન રહે તે ખરું, અને જો એ બે સાધન ન હોય તો એને ભગવાન વિના અન્ય પદાર્થની વાસના ન ટળે માટે જીવતે દુઃખિયો વર્તે. ને ભગવાનનો નિશ્ચય છે માટે મરે ત્યારે એનું કલ્યાણ ભગવાન કરે. અને ભગવાન વિના અન્ય પદાર્થની વાસના ટાળ્યાનાં જેમ એ બે સાધન છે તેમ ત્રીજું પણ એક છે. તે શું તો જેના જેના નિયમ કહ્યા છે તેમાં સાવધાનપણે વર્તે, તે નિયમ કિયા તો એક તો સ્વધર્મ સંબંધી નિયમ તે કેમ તો જેમ આત્મનિવેદી સાધુ-બ્રહ્મચારીના નિયમ છે, તેમ જ આત્મનિવેદી ન હોય તો પણ સ્ત્રીને ન જોયાનો નિયમ રાખે તથા સ્ત્રીની વાર્તા ન સાંભળવાનો નિયમ રાખે. એવી

રીતે પંચવિષયના ત્યાગ સંબંધી નિયમને દઢપણે સાવધાન થકો પાળે, તથા ભગવાન ને ભગવાનના ભક્ત તેની દેહે કરીને પરિચર્યા કરે, તથા ભગવાનની કથા સાંભળે ઇત્યાદિક નવ પ્રકારની ભક્તિ સંબંધી જે નિયમ તેને પાળે, ત્યારે એના મનમાં પણ શુભ સંકલ્પ થાવા લાગે એવી રીતે બે પ્રકારના નિયમમાં જે વર્તે તો તેને વૈરાગ્ય ને ભગવાનને વિષે પ્રીતિ એ બે ન હોય તો પણ તે થાય, ને અતિશે બળિયો થઈ જાય, ને એને પદાર્થમાં અશુભ વાસના ટળીને એક ભગવાનની વાસના દિવસે દિવસે વૃદ્ધિ પામતી જાય છે. **(૧)** ૧

૨ પછી વળી શ્રીજીમહારાજને શુકમુનિએ પ્રશ્ન પૂછ્યો જે, **(૨)** હે મહારાજ ! જે ક્રોધ છે તે શામાંથી ઉત્પન્ન થાય છે તો પોતાને જે પદાર્થની કામના હોય તથા જેમાં પોતે મમત્વ બાંધ્યો હોય ને તેનો ભંગ કોઈક કરે ત્યારે તેને તેમાંથી ક્રોધ ઊપજે છે, ને કામના જે ઇચ્છા તેનો ભંગ થયો ત્યારે તે કામ હતો તે ક્રોધ રૂપે પરિણામને પામે છે. માટે એનો તો એવો સ્વભાવ જ થયો જે એમાં ક્રોધ ઊપજે અને એમ થાય તો પણ ક્રોધ ન ઊપજે એમ છે કે નહિ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જે મોટા સાધુ છે તેમણે ભગવાનની આજ્ઞાએ કરીને અથવા શાસ્ત્રદષ્ટિએ કરીને માહાત્મ્ય જાણીને પોતાની ઇચ્છાએ કરીને અનેક જીવોને ધર્મ-મર્યાદામાં રખાવવા ને ભગવાનને માર્ગે ચડાવવા એવો શુભ સંકલ્પ મનમાં ઇચ્છ્યો હોય ને તેમાં પ્રવર્ત્યા હોય, અને કોઈક જીવ ધર્મ-મર્યાદાનો ભંગ કરીને અધર્મમાં પ્રવર્તે ત્યારે તે મોટાપુરુષને તે જીવની ઉપર ક્રોધ ઊપજી આવે. કેમ જે પોતાનો જે શુભ સંકલ્પ તેનો તેણે ભંગ કર્યો માટે ધર્મ-મર્યાદામાં રાખવાની શિક્ષાને અર્થે તેની ઉપર ક્રોધ કરીને તેને શિખામણ ન દે તો મર્યાદાનો ભંગ થાતો જાય ને તે જીવનું સારું ન થાય. માટે એવી રીતે તો ક્રોધ થાય તે ઠીક ને એમાં કાંઈ બાધ નહિ કેમ જે, એવા માર્ગમાં જે મોટા સાધુ પ્રવર્ત્યા તેને આશરીને હજારો માણસ રહ્યાં હોય તેને કાંઈક રીસ કરીને કહ્યા વિનાનું કેમ ચાલે ? અને ક્રોધ તો ત્યારે ન થાય જે, જેમાંથી ક્રોધ થાય તેનો ત્યાગ કરી દે અને એકાએકી વનમાં ફરતો રહે ત્યારે ક્રોધ ન થાય. પણ એમ તો એમનાથી કેમ કરાય ? કેમ જે, એમણે તો અનેક જીવને વાર્તા કરીને ભગવાન સન્મુખ કરવા ને તેનું જે કલ્યાણ થાય તેનું જે મહાફળ તે શાસ્ત્ર દષ્ટિએ કરીને સમજ્યું છે. તથા એવી રીતની જે ભગવાનની આજ્ઞા તેનું માહાત્મ્ય જાણ્યું છે, માટે ક્રોધ થાય તોય પણ એ જે પોતાનો શુભ સંકલ્પ તેનો ત્યાગ કરે જ નહિ, અને વળી જેને કોઈક મોટા સાધુ સંગાથે હેત થયું હોય ને તેને વિષે પોતાનાં કલ્યાણ થાવારૂપ સ્વાર્થ માન્યો હોય, ને એમ જાણતો હોય જે આ સાધુથી જ મારું સારું થાશે એવો જે હોય તેને ક્રોધનો સ્વભાવ હોય તો પણ તે મોટા સાધુ ઉપર એને કોઈ દિવસ ક્રોધ ન થાય ને એ ક્રોધને મૂકી જ દે એમ પણ ક્રોધ જાય છે, અને પદાર્થના લેણદેણ સારુ તે તુચ્છ પદાર્થને અર્થે જે સાધુ સંગાથે ક્રોધ કરે છે તેને તો સાધુનું માહાત્મ્ય તથા સાધુનો જે આવી રીતનો માર્ગ તે સમજાણો જ નથી. ને સમજાણો હોય તો તુચ્છ પદાર્થ સારું ક્રોધ કરે નહિ ને બુદ્ધિવાન હોય, સમજુ હોય ને તુચ્છ

પદાર્થ સારુ સાધુ સંગાથે ક્રોધ કરે તો તેની બુદ્ધિ રાજાના કામદાર જેવી વ્યાવહારિક જાણવી, પણ સાધુપણાની બુદ્ધિ એને આવી જ નથી એમ સમજવું (૨) ઇતિ વચનામૃતમ્ ॥૩૪॥ ૨ (૨૬૮)

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન (૨) છે, તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારા વિના બીજેથી વાસના ટાળીને એક અમારે વિષે વાસના થયાનાં સાધન તો અમારે વિષે પ્રીતિ ને જ્ઞાને સહિત વૈરાગ્ય છે અને અમારો નિશ્ચય ને વિશ્વાસ હોય ને પંચવિષયના ત્યાગ સંબંધી નિયમ તથા અમારી નવ પ્રકારની ભક્તિ સંબંધી નિયમમાં સાવધાન થકો વર્તે તો અમારા સંબંધી વાસના વૃદ્ધિ પામતી જાય. (૧) બીજામાં જીવને અમારા સન્મુખ કરવા ને તેમને અમારી આજ્ઞા પળાવવા માટે તેના ઉપર ક્રોધ કરવો તે ઠીક છે, અને મોટા સાધુ સાથે હેત હોય ને પોતાના કલ્યાણનો સ્વાર્થ માન્યો હોય તો ક્રોધ જાય છે, અને તુચ્છ પદાર્થ સારુ સાધુ સાથે ક્રોધ કરે તેને સાધુનું માહાત્મ્ય સમજાણું નથી અને બુદ્ધિમાન તુચ્છ પદાર્થ સારુ સાધુ સાથે ક્રોધ કરે તો તેની બુદ્ધિ સાધુપણાની નથી. (૨) બાબતો છે.

૧ **પ્ર૦** બીજા પ્રશ્નમાં શુક સ્વામીએ મમત્વનો ભંગ કરે તો પણ ક્રોધ ન ઊપજે તેનો ઉપાય શો છે ? એમ પૂછ્યું તેનો ઉત્તર કેમ નહિ કર્યો હોય ?

૧ **ઉ૦** શુક સ્વામીએ એ જ હારદથી પૂછ્યું હતું જે તમારી આજ્ઞા પળાવવાનો મમત્વ હોય તેને કોઈકને ધર્મમાં રખાવવા સારુ તેના ઉપર ક્રોધ કરવો પડે તે અમારે ત્યાગીને ઘટે નહિ, માટે તે ન થાય તેનો ઉપાય બતાવો. ત્યારે શ્રીજીમહારાજે તેમને કહ્યું જે ધર્મમાં વર્તાવવા સારુ તમારે ક્રોધ કરવો તેમાં બાધ નથી. એમ કહીને પછી તે ક્રોધ ન થવાનો ઉપાય બતાવ્યો છે જે એ શુભ સંકલ્પનો ત્યાગ કરીને એકાએકી વનમાં ફરે તો ન થાય, અને બીજું જેને મોટા સાધુ સાથે હેત હોય ને કલ્યાણનો સ્વાર્થ હોય તો ક્રોધ ન ઊપજે એ ઉપાય બતાવ્યો છે.

૨ પ્ર૦ પહેલા પ્રશ્નમાં અમારે વિષે પ્રીતિ ને જ્ઞાને સહિત વૈરાગ્ય એ બે સાધન ન હોય તે જીવતાં દુઃખિયો રહે ને મરે ત્યારે એનું કલ્યાણ તો અમે કરીએ, એમ શ્રીજીમહારાજે કહ્યું અને (**અ૦ ૩**ના પહેલા પ્રશ્નમાં) પંચવિષયનું ચિંતવન થાય તે જન્મ-મરણનો હેતુ જ છે એમ કહ્યું માટે તે કેવી રીતે સમજવું ?

૨ **ઉ૦** આમાં વિષયનું ચિંતવન થાય છે તેણે કરીને એ દુઃખિયો રહે છે જે મને આવા ભૂંડા ઘાટ શ્રીજીમહારાજના ભજન-સ્મરણમાં વિક્ષેપ કરે છે એમ પશ્ચાત્તાપ કરે છે, તેથી શ્રીજીમહારાજ એના ઉપર પ્રસન્ન થઈને એનું કલ્યાણ કરે છે એમ કહ્યું છે. અને (**અ૦ ૩**માં) જેને દાઝ ન થાય તેને જન્મ-મરણ કહ્યું છે. ॥૩૪॥ (૨૬૮)

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૩૫

❖સંવત ૧૮૮૫ના ચૈત્ર સુદિ ૯ નવમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી ગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજને શુકમુનિએ પ્રશ્ન પૂછ્યો જે, (૧) હે મહારાજ ! જેના હૃદયમાં ભગવાનનો ને ભગવાનના ભક્તનો દૃઢ આશ્રય હોય તે આશ્રય ગમે તેવો આપત્કાળ આવી પડે ને દેહને સુખ-દુઃખ, માન-અપમાન, દેશકાળનું વિષમપણું ઇત્યાદિકે કરીને જાય નહિ તે કેમ જણાય જે, એને એવો આશ્રય છે ? ને તેના મનનો અભિપ્રાય તથા દેહનો આચાર તે કેવો હોય ? તે કહો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, જે ભક્તને એક ભગવાનને વિષે જ મોટપ હોય ને ભગવાનથી બીજું કોઈ પદાર્થ અધિક ન જાણતો હોય, ને ભગવાન વિના બીજા

સર્વેને તુચ્છ જાણતો હોય, તથા પોતાની જે પ્રકૃતિ હોય તેને ભગવાન તથા સાધુ તે મરોડે ને પ્રકૃતિ પ્રમાણે ન ચાલવા દે ને પ્રકૃતિ હોય તેથી બીજી રીતે વર્તાવે, ત્યારે જે મૂંઝાય નહિ ને પ્રકૃતિ મરોડે તેમાં કચવાઈ જાય નહિ ને પોતાની પ્રકૃતિ ગમે તેવી કઠણ હોય તેને મૂકીને જેમ ભગવાન તથા સાધુ તે કહે તેમ જે સરલપણે વર્તે, એવી બે પ્રકારે જેની સમજણ હોય તેને ગમે તેવો આપત્કાળ પડે તો પણ ભગવાનનો આશ્રય ન ટળે. **(૧)** ૧

૨ વળી શુકમુનિએ પૂછ્યું જે, **(૨)** મૂંઝાતો તો હોય, કેમ જે પ્રકૃતિને મરોડે ત્યારે જીવને મૂંઝવણ થાય, પણ તે મૂંઝવણમાં પણ કાંઈ ફેર છે કે નહિ ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **પ્રકૃતિને મરોડે ને મૂંઝાય ત્યારે જે પોતાનો જ અવગુણ લે, પણ ભગવાનનો ને સાધુનો અવગુણ ન લે એ સારો, અને જે પોતાનો અવગુણ ન લે ને ભગવાનનો ને સાધુનો અવગુણ લે, તો એનો વિશ્વાસ નહિ ને એવો જે હોય તેના આશ્રયનો પણ ઠા નહિ. (૨)** ૨

૩ ત્યારે વળી શુકમુનિએ પૂછ્યું જે, **(૩)** જેની જે પ્રકૃતિ હોય તેને ભગવાને તથા સાધુએ કોઈ દિવસ મરોડી ન હોય ત્યારે તે પોતાના મનમાં કેમ સમજે જે મારી પ્રકૃતિને મરોડશે ત્યારે મારું ઠીક નહિ રહે કેમ જે પોતે જે અજમાવેલ વાર્તા ન હોય તેનો વિશ્વાસ કેમ આવે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એ તો પોતાના મનના જે સંકલ્પ તેના સામી દૃષ્ટિ રાખે, જે મારા મનમાં ભગવાન વિના બીજા પંચવિષય સંબંધી ભોગ છે તેમાં શાની વાસના બળવાન છે ને બળવાનપણે કિયા વિષયભોગનો સંકલ્પ થાય છે ? એમ વિચારે તો જેવો પોતે હોય તેમ માલમ પડે, પણ બીજી રીતે ન પડે અને જ્યારે એ વિચારે ત્યારે એમ વિચારે જે, આ પદાર્થનો મારે બળવાન ઘાટ છે ને તેમાં હું પ્રવર્તું છું ને તેમાંથી જ્યારે મુને સાધુ મરોડશે ત્યારે મારે ઠીક નહિ રહે, એમ એને પોતાનો નિશ્ચય થાય અને બળવાન પ્રકૃતિ હોય ને તદાપિ જો એની પ્રકૃતિને ભગવાન તથા સાધુ કોઈ દિવસ મરોડે નહિ તો તો એ પાર પડી જાય, ને જો મરોડે તો તો એનો ઠા રહે નહિ; અંતે અતિ મૂંઝાઈને વિમુખ થઈ જાય. **(૩)** ૩

૪ અને વળી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, **(૪)** સાધુના દ્રોહનું શાસ્ત્રમાં સર્વ કરતાં અધિક પાપ કહ્યું છે તેનું શું કારણ છે ? તો એ સાધુના હૃદયને વિષે સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન રહ્યા છે, માટે સાધુનો દ્રોહ કરે ત્યારે ભગવાનનો દ્રોહ થાય છે. કેમ જે તે સાધુનો દ્રોહ કરે ત્યારે તેના હૃદયમાં રહ્યા જે ભગવાન તે દુખાય છે ત્યારે એ ભગવાનના દ્રોહનું અધિક પાપ છે, માટે સંતના દ્રોહનું સર્વ કરતાં અધિક પાપ કહ્યું છે. **(૪)** અને કંસ, શિશુપાળ, પૂતના ૪
એ આદિક જે દૈત્ય તેમણે ભગવાનનો દ્રોહ કર્યો ને તેનું પણ ભક્તની પેઠે ભગવાને કલ્યાણ કર્યું તેનો શો અભિપ્રાય છે ? જે એ દૈત્યે વૈરબુદ્ધિએ કરીને ભગવાનનું ચિંતવન કર્યું ત્યારે ભગવાને એમ જાણ્યું જે વૈરબુદ્ધિએ કરીને પણ એ દૈત્યે મારું ચિંતવન કર્યું ને મારા સંબંધને પામ્યા, માટે મારે એનું કલ્યાણ કરવું એવી રીતે એને વિષે ભગવાનની દયાનું અધિકપણું

જાણવું અને વળી એમ જાણવું જે એ વૈરબુદ્ધિએ કરીને આશર્યા તેનું પણ ભગવાને કલ્યાણ કર્યું તો જે ભક્ત ભક્તિએ કરીને એનો આશરો લેશે ને ભગવાનને ભક્તિએ કરીને રાજી કરશે તેનું ભગવાન કેમ કલ્યાણ નહિ કરે ? કરશે જ. એવી રીતે ભગવાનની દયાનું અધિકપણું જણાવીને મનુષ્યને ભગવાનની ભક્તિમાં પ્રવર્તાવવા એવો અભિપ્રાય શાસ્ત્રના કરનારાનો છે. પણ એમ નથી જે દૈત્યની પેઠે ભગવાનનું અણગમતું કરવું, માટે ભગવાનની ઉપર વૈરભાવ રાખીને જે ભગવાનનો દ્રોહ કરે ને અણગમતું કરે તેને તો દૈત્ય જ જાણવા. ને એ પક્ષ તો દૈત્યનો છે, અને જેમ ભગવાનનું ગમતું હોય તે પ્રમાણે જ વર્તવું ને ભક્તિ કરવી ને ભગવાન ને ભગવાનના ભક્તને રાજી કરવા એવો ભગવાનના ભક્તનો પક્ષ છે. **(૫)** **૫**

**૫** પછી શુકમુનિએ શ્રીજીમહારાજને પૂછ્યું જે, **(૫)** હે મહારાજ ! જે સાધુના હૃદયમાં ભગવાન રહ્યા હોય ને તેના દ્રોહથી ભગવાનનો દ્રોહ થાય ને તેની સેવા કરીએ તો ભગવાનની સેવા થાય તે સાધુનાં લક્ષણ શાં છે ? તે કહો. ત્યારે શ્રીજીમહારાજ થોડીક વાર વિચારીને કૃપા કરીને બોલ્યા જે, પ્રથમ તો મોટું લક્ષણ એ છે જે ભગવાનને ક્યારેય પણ નિરાકાર ન સમજે; સદાય દિવ્ય સાકાર મૂર્તિ સમજે અને ગમે એટલાં પુરાણ, ઉપનિષદ, વેદ ઇત્યાદિક ગ્રંથનું શ્રવણ થાય ને તેમાં નિરાકારપણા જેવું સાંભળ્યામાં આવે તો પણ એમ જાણે જે કાં તો આપણને એ શાસ્ત્રનો અર્થ સમજાતો નથી ને કાં તો એમાં કેમે કહ્યું હશે પણ ભગવાન તો સદા સાકાર જ છે. અને જો સાકાર ન સમજે તો તેની ઉપાસના દૃઢ ન કહેવાય, ને સાકાર ન હોય તેને વિષે આકાશની પેઠે કર્તાપણું ન કહેવાય તથા એક દેશને વિષે રહેવાપણું ન કહેવાય, માટે **ભગવાન તો સદા સાકાર જ છે, ને અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે, ને સદા પોતાના અક્ષરધામને વિષે વિરાજમાન છે ને રાજાધિરાજ છે ને તે જ આ પ્રત્યક્ષ છે, એવી રીતે જે આ સમજણ તે કોઈ રીતે કોઈ કાળે ડગી ન જાય; સદા એમ જ સમજે એક તો એ લક્ષણ હોય.** (૧) તથા એ ભગવાનની જે એકાંતિક ભક્તિ તેને પોતે કરતો હોય ને એ ભગવાનનું જે નામ-સ્મરણ ને કથા-કીર્તનાદિક તે જે કોઈ કરતું હોય તેને દેખીને મનમાં બહુ રાજી થાય. (૨) તથા એ ભગવાનના ભક્તમાં રહેવું હોય તેમાં કોઈ સ્વભાવ આડો આવે નહિ, ને તે સ્વભાવને મૂકે પણ ભગવદ્ ભક્તના સંગનો ત્યાગ ન કરે ને તે પોતાના સ્વભાવને સાધુ ખોદે તો સાધુનો અભાવ ન લે ને પોતાના સ્વભાવનો અવગુણ લેતો રહે, પણ કચવાઈને ભક્તના સમૂહમાંથી છેટે રહેવાનો કોઈ દિવસ મન ઘાટ પણ ન કરે, ને એમ ને એમ ભક્તના સમૂહમાં પડ્યો રહે એવો હોય. (૩) તથા સારું વસ્ત્ર, સારું ભોજન, સારું જળ તથા જે જે કાંઈ સારું પદાર્થ પોતાને પ્રાપ્ત થાય તો મન એમ ઘાટ કરે, જે આ પદાર્થ હું ભગવાનના ભક્તને આપું તો ઠીક ને તે પદાર્થ તેને આપે ને રાજી થાય એવો હોય. (૪) તથા ભક્તના સમૂહમાં રહેતો હોય ને તેની કોરનું એમ ન થાય જે, આ તો કેટલાંય વર્ષ ભેગો રહ્યો પણ એના અંતરનો તો કાંઈ તાગ આવ્યો નહિ, ને આ તે કોણ

જાણે કેવોય હશે ? એનું તો કાંઈ કળાતું નથી, એવો ન હોય, ને જેવો એ માંહી-બહાર હોય તેને સર્વે જાણે જે આ તો આવો છે. એવો જે સરળ સ્વભાવવાળો હોય. (૫) અને શાંત સ્વભાવવાળો હોય તો પણ કુસંગીની સોબત ન ગમે, ને તે થાય તો તપી જાય, એવી રીતે વિમુખના સંગની સ્વાભાવિક અરુચિ વર્તતી હોય. (૬) આવે **છો લક્ષણે યુક્ત જે સાધુ હોય તેના હૃદયમાં સાક્ષાત્ ભગવાન વિરાજમાન છે એમ જાણવું. અને એવા સાધુનો દ્રોહ કરે તો ભગવાનનો દ્રોહ કર્યા બરોબર પાપ લાગે. અને એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળ થાય છે. (૬)** ઈતિ વચનામૃતમ્ ॥૩૫॥ **(૨૯૯)** ૬

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન (૫) છે, તેમાં ચોથું કૃપાવાક્ય છે, તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમારા વિના બીજા સર્વેને તુચ્છ જાણે ને પોતાની પ્રકૃતિ મૂકીને અમે ને અમારા સાધુ કહીએ તેમ વર્તે તેને આપત્કાળે પણ અમારો આશ્રય ટળે નહિ. **(૧)** બીજામાં અમે તથા અમારા સાધુ પ્રકૃતિ મરોડીએ ત્યારે અમારો ને સાધુનો અવગુણ ન લે તે સારો ને અમારો ને સાધુનો અવગુણ લે તેના આશ્રયનો ઠા નહિ. **(૨)** ત્રીજામાં જે વિષયનો બળવાન ઘાટ થાતો હોય ત્યારે એમ વિચારે જે, આ પદાર્થનો મારે બળવાન ઘાટ છે ને તેમાં હું પ્રવર્તુ છું તેમાંથી મને સાધુ મરોડશે ત્યારે મારે ઠીક નહિ રહે, એમ પોતાનો નિશ્ચય થાય અને એની પ્રકૃતિને અમે કે સાધુ ન મરોડીએ તો તો એ પાર પડી જાય ને મરોડીએ તો મૂંઝાઈને વિમુખ થઈ જાય. **(૩)** ચોથામાં સાધુને વિષે અમે સાક્ષાત્ રહ્યા છીએ, માટે સાધુના દ્રોહથી અમારો દ્રોહ થાય છે તેથી સંતના દ્રોહનું અધિક પાપ છે. **(૪)** અને અમારા ઉપર વૈરભાવ રાખીને અમારો દ્રોહ કરે તે દૈત્યનો પક્ષ છે, અને અમારા ગમતા પ્રમાણે વર્તીને અમારી ભક્તિ કરવી એ ભક્તનો પક્ષ છે. **(૫)** પાંચમામાં અમને સદા દિવ્ય સાકાર સમજે ને અમારી એકાંતિક ભક્તિ કરે ને અમારું નામ-સ્મરણાદિક કરતા હોય તેને દેખીને રાજી થાય, અને સ્વભાવનો ત્યાગ કરે પણ અમારા ભક્તના સમૂહથી છેટે ન રહે, અને સારું પદાર્થ અમારા ભક્તને આપીને રાજી થાય, અને સરળ સ્વભાવ હોય અને વિમુખના સંગની અરુચિ વર્તે, આ છો લક્ષણે યુક્ત હોય તેને વિષે અમે સાક્ષાત્ વિરાજમાન છીએ, માટે એવા સાધુનો દ્રોહ તે અમારા દ્રોહ તુલ્ય છે ને એવા સાધુની સેવા તે અમારી સેવા તુલ્ય છે એમ કહ્યું છે. **(૬)** બાબતો છે. ॥૩૫॥ **(૨૯૯)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૩૬

❖સંવત ૧૮૮૫ના વૈશાખ સુદિ ૧ પડવાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાંથી ઘોડીએ ચડીને શ્રી લક્ષ્મીવાડીએ પધાર્યા હતા ને તે વાડીને મધ્યે જે ઓટો તે ઉપર વિરાજમાન થયા હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે સર્વે પરમહંસ તથા હરિભક્ત પ્રત્યે પ્રશ્ન કર્યો જે, **(૧)** આ જીવને કલ્યાણનું અસાધારણ સાધન શું છે, જે જેને વિષે એ પ્રવર્તે તો એનું નિશ્ચે કલ્યાણ થાય ને તેમાં બીજાં કોઈ વિઘ્ન પ્રતિબંધ કરે નહિ તે કહો, તથા એવા કલ્યાણના સાધનમાં મોટું વિઘ્ન શું છે જે જેણે કરીને તેમાંથી નિશ્ચે પડી જાય ? તે પણ કહો. પછી સર્વેએ પોતાની બુદ્ધિ પ્રમાણે ઉત્તર કર્યો પણ એ પ્રશ્નનું સમાધાન ન થયું, ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **કલ્યાણનું અસાધારણ સાધન તો એ છે જે પુરુષોત્તમ ભગવાનને બ્રહ્મજ્યોતિના સમૂહને વિષે અનાદિ સાકાર મૂર્તિ સમજવા, ને તેના જ સર્વે અવતાર છે એમ સમજીને તે પ્રત્યક્ષ ભગવાનનો જે**

**તે ભાવે કરીને આશ્રય કરવો, ને ધર્મે સહિત તે ભગવાનની ભક્તિ કરવી, ને તેવી ભક્તિએ યુક્ત જે સાધુ તેનો સંગ કરવો એ કલ્યાણનું અસાધારણ સાધન છે. અને એમાં બીજાં કોઈ વિઘ્ન પ્રતિબંધ કરતાં નથી. (૧)** અને એ સાધનને વિષે મોટું વિઘ્ન એ છે જે શુષ્ક વેદાંતીનો ૧
સંગ કરવો, ને જો એનો સંગ કરે તો તેને શું વિઘ્ન થાય ? તો તેનો સંગ કરનારો જે પુરુષ તેને, તેને વિષે હેત થાય, ને જે હેત થાય તે ગુણે કરીને થાય છે. જેમ કોઈકે કાળમાં અન્ન આપીને જિવાડ્યો હોય તેની ઉપર હેત થાય એવી રીતે જેણે ગુણ કર્યો હોય તેની ઉપર હેત થાય, તેમ તે વેદાંતી તે એને એમ ગુણ દેખાડે, જે આત્મા છે તેને જન્મ-મરણ નથી ને તે નિરાકાર છે ને તે ગમે એટલું પાપ કરે તો પણ તેને દોષ ન લાગે. એવો એને ગુણ બતાવીને ભગવાનની મૂર્તિના આકારનું ખંડન કરી નાખે ત્યારે એને એ મોટું વિઘ્ન થયું કેમ જે, ભગવાનની મૂર્તિમાંથી પડી ગયો માટે એ વેદાંતીનો સંગ ક્યારેય ન કરવો, ને એ વેદાંતી તો મહાદુષ્ટ છે ને ભગવાનની ભક્તિમાર્ગમાં એવું મોટું કોઈ વિઘ્ન નથી. **(૨)** ૨

એટલી વાર્તા કરીને શ્રીજીમહારાજ પાછા દાદાખાચરના દરબારમાં પધાર્યા ને ઉગમણા
૨ બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બેસીને એમ વાર્તા કરી જે, **(૨)** અમે સર્વ શાસ્ત્રને સાંભળીને એ સિદ્ધાંત કર્યો છે અને અમે આ પૃથ્વીમાં સર્વે ઠેકાણે ફર્યા ને તેને વિષે ઘણાક સિદ્ધ દીઠા છે, એમ કહીને ગોપાળદાસજી આદિક સાધુની વાર્તા કરી દેખાડી, ને પછી એમ બોલ્યા જે, હું તો એમ જાણું છું જે ભગવાનની મૂર્તિની જે ઉપાસના ને ધ્યાન તે વિના જે આત્માને દેખવો ને બ્રહ્મને દેખવું તે તો થાય જ નહિ. અને ઉપાસનાએ કરીને જ આત્મા દેખાય, બ્રહ્મ દેખાય, પણ તે વિના તો દેખાય જ નહિ, ને ઉપાસના વિના આત્મા-બ્રહ્મને દેખવાને ઈચ્છવું તે કેમ છે તો જેમ આકાશને જીભે કરીને સો વર્ષ સુધી ચાટીએ તો પણ ક્યારેય ખાટો-ખારો સ્વાદ આવે જ નહિ, તેમ ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા-બ્રહ્મ દેખાય જ નહિ. તે ગમે એટલું યત્ન કરે તો પણ ન દેખાય અને નિર્બીજ એવા જે સાંખ્ય ને યોગ તેણે કરીને જે આત્માનું દર્શન શાસ્ત્રમાં કહ્યું છે તે ભલે કહ્યું છે, પણ અમે એવો કોઈ દીઠો નથી ને અનુભવમાં પણ એ વાર્તા મળતી આવતી નથી માટે એ વાર્તા ખોટી છે. **(૩)** ઈતિ વચનામૃતમ્ **॥૩૬॥ (૨૭૦)** ૩

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં પ્રશ્ન **(૨)** છે, તેમાં બીજું કૃપાવાક્ય છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે અમને બ્રહ્મજ્યોતિના સમૂહને વિષે અનાદિ સાકાર મૂર્તિ ને સર્વેના અવતારી સમજીને આશ્રય કરે, ને ધર્મે સહિત અમારી ભક્તિ કરે, ને એવી ભક્તિએ યુક્ત સાધુનો સંગ કરે, તે કલ્યાણનું અસાધારણ સાધન છે તેમાં બીજાં કોઈ વિઘ્ન પ્રતિબંધ કરતાં નથી. **(૧)** અને મહાદુષ્ટ એવા જે શુષ્ક વેદાંતી તેનો સંગ કરવો એ મોટું વિઘ્ન છે. **(૨)** બીજામાં અમારી ઉપાસના ને ધ્યાન એ બે હોય તો આત્મા તથા બ્રહ્મ દેખાય પણ તે વિના તો દેખાય જ નહિ એમ કહ્યું છે. **(૩)** બાબતો છે.

૧ **પ્ર૦** પહેલા પ્રશ્નમાં અમારો જે તે ભાવે કરીને આશ્રય કરવો એમ શ્રીજીમહારાજે કહ્યું તે, જે તે ભાવે તે કિયો સમજવો ?

૧ **ઉ૦** શ્રીજીમહારાજ સર્વે અવતારના અવતારી ને બ્રહ્મજ્યોતિ જે અક્ષરધામ તેને વિષે અનાદિ સાકાર મૂર્તિ વિરાજે છે તે જ આ મનુષ્યરૂપે પ્રત્યક્ષ દર્શન આપે છે એમ સમજવા એવો જે ભાવ તે ભાવે કરીને આશ્રય કરવો.

૨ પ્ર૦ (૨/૩ બીજા પ્રશ્નમાં) અમારી મૂર્તિની ઉપાસના વિના આત્મા કે બ્રહ્મ દેખાય જ નહિ એમ શ્રીજીમહારાજે કહ્યું અને (લો૦ ૭ના ૨/૪ બીજા પ્રશ્નમાં) બ્રહ્મરૂપ થયો તેને પણ પરબ્રહ્મ પુરુષોત્તમ તે જાણવા બાકી રહ્યા છે એમ કહ્યું તે પરબ્રહ્મને જાણ્યા ન હોય તો પણ બ્રહ્મરૂપ થાય એમ કહ્યું છે તે કેવી રીતે સમજવું ?

૨ ઉ૦ (**લો૦ ૭**માં) મૂર્તિની ઉપાસના વિના બ્રહ્મરૂપ થાય એમ નથી કહ્યું; એમાં તો મૂળપુરુષાદિક અવતારને ભજીને તેના તેજરૂપ થઈ ગયો હોય તે બ્રહ્મરૂપ કહ્યો છે. તોપણ શ્રીજીમહારાજનો યથાર્થ મહિમા જાણવો બાકી રહ્યો છે એમ કહ્યું છે, માટે મૂર્તિની ઉપાસના હોય તો જ બ્રહ્મરૂપ થાય ને બ્રહ્મને તથા આત્માને દેખે, પણ તે વિના તો બ્રહ્મરૂપ થવાય જ નહિ ને આત્મા કેબ્રહ્મ દેખાય જ નહિ.

૩ **પ્ર૦** નિર્બીજ સાંખ્ય ને નિર્બીજ યોગ કહ્યો તેનું રૂપ શું હશે ?

૩ **ઉ૦** દેહથી નોખો જે આત્મા તેને જાણવો તે નિર્બીજ સાંખ્ય કહેવાય અને તે આત્માકારે વૃત્તિ કરવી તે નિર્બીજ યોગ કહેવાય. **॥૩૬॥ (૨૭૦)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૩૭

❖સંવત ૧૮૮૫ના વૈશાખ સુદિ ૩ ત્રીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ઓસરીએ ચાકળા ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે સર્વે સાધુ તથા સર્વે હરિભક્ત પ્રત્યે એમ વાર્તા કરી જે, **(૧)** જેને ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન એક વાર થયું હોય, ને પછી તેને દેશ, કાળ, ક્રિયા, સંગ વિષમ થઈ જાય તો પણ તે જ્ઞાનનો લેશ જાય નહિ. ત્યાં દૃષ્ટાંત છે : જેમ કોઈક મોટો રાજા હોય અથવા મોટો લખેશરી શાહુકાર હોય ને તેને પ્રારબ્ધાનુસારે તે અધિકાર છૂટી ગયો ને દરિદ્રપણું આવી ગયું, તેણે કરીને ખડધાન ખાવા મળે અથવા ડોડીની ભાજી મળે તથા કોઠાં, બોરાં, બાફેલી પીપર્યો ઈત્યાદિક જેવું તેવું ખાવા મળે, ત્યારે તેને ખાય પણ મોરે જે પોતે ભારે ભારે મેવા ખાધા હોય તથા ભારે મૂલ્યવાળી ચીજું કોઈને ન મળે એવી મગાવીને ખાધી હોય તે સર્વે સાંભરી આવે, ને મનમાં એમ ઘાટ કરે જે, એવી એવી ભારે ચીજોને હું મોરે ખાતો ને હવે હું આવું જેવુંતેવું અન્ન ખાઉં છું ! એવી રીતે જ્યારે જ્યારે ખાય ત્યારે તે સાંભરી આવે અને જે પ્રથમથી જ જેવું તેવું અન્ન ખાતો હોય ને તેને દરિદ્રપણું વધુ આવે ત્યારે પણ તે જ ખાય ત્યારે તેને શું સાંભરે ? તેમ જેણે ભગવાનના સ્વરૂપનું સુખ તથા ભગવાનના ભજનનું સુખ પોતાના મનમાં એક વાર યથાર્થપણે જાણ્યું છે ને તેને પછી સમાગમનો યોગ ન રહ્યો ને બહાર નીકળી ગયો, તો પણ તે સુખને સાંભરતો થકો જ સુખદુઃખને પ્રારબ્ધાનુસારે ભોગવે પણ તે સુખને ભૂલી ન જાય. અને જેણે ભગવાનનું સુખ જાણ્યું નથી ને તેનો અનુભવ થયો નથી તે શું સંભારે ? એ તો પશુ જેવો છે. હવે તે ભગવાનનું જે સ્વરૂપ તેનું જ્ઞાન કહીએ છીએ જે, ભગવાનનો જેવો આકાર છે તેવો આકાર બીજા દેવ-મનુષ્યાદિક જે પ્રકૃતિમાંથી આકાર થયા છે તે કોઈનો નથી, ને ભગવાન વિના બીજા સર્વેને કાળ ભક્ષણ કરી જાય છે

ને ભગવાનના સ્વરૂપમાં કાળનું સામર્થ્યપણું નથી ચાલતું એવા ભગવાન છે **ને ભગવાન જેવા તો એક ભગવાન જ છે પણ બીજો કોઈ નથી,** અને **ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા એવા જે ભગવાનના ધામમાં ભક્ત છે તેનો આકાર પણ ભગવાન જેવો જ છે, તો પણ તે પુરુષ છે ને ભગવાન પુરુષોત્તમ છે ને તે સર્વેમાં શ્રેષ્ઠ છે ને એમને ઉપાસ્ય છે ને એ સર્વેના સ્વામી છે ને એ ભગવાનના મહિમાનો કોઈ પાર પામતા નથી.** એવા દિવ્ય મૂર્તિ જે ભગવાન તે નિર્ગુણ છે ને ધ્યેય છે ને એનું જે ધ્યાન કરે છે તે નિર્ગુણ થઈ જાય છે એવું ભગવાનનું સ્વરૂપ છે. અને જેમ ચારે કોરે લાખો કાચનાં પૂતળાં હોય ને તેના મધ્યને વિષે એક પુરુષ ઊભો હોય ત્યારે તે સર્વે પૂતળાંને વિષે તે એકલો જ અનેક રૂપે દેખાય, તેમ એક ભગવાન છે તે પોતાના ધામરૂપ એક દેશને વિષે રહ્યા થકા જ અનેક બ્રહ્માંડને વિષે રહ્યા જે સર્વે જીવના સમૂહ તેમને વિષે તેમના યથાયોગ્ય કર્મફળપ્રદાતાપણે અંતર્યામીરૂપે કરીને રહ્યા છે, તે જેવા પોતે છે તેવા જ દેખાય છે તે કહ્યું છે જે **॥ क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ॥** અને સર્વ જીવના જીવન છે ને એ ભગવાન વિના એ જીવ કાંઈ કરવાને ને ભોગવવાને સમર્થ નથી થાતો. અને એ જે ભગવાન તે સિદ્ધેશ્વર છે જેમ કોઈક સિદ્ધિવાળો પુરુષ હોય તે અહીંયાં બેઠો થકો બ્રહ્માના લોકમાં પદાર્થ હોય તેને આ હાથે કરીને ગ્રહણ કરી લે, તેમ ભગવાન એક દેશમાં રહ્યા થકા જ પોતાની યોગકળાના સામર્થ્યે કરીને સર્વે ક્રિયાને કરે છે, અને જેમ અગ્નિ જે તે કાષ્ઠને વિષે ને પાષાણને વિષે રહ્યો છે તે અગ્નિનું સ્વરૂપ બીજી રીતનું છે, ને કાષ્ઠ-પાષાણનું સ્વરૂપ બીજી રીતનું છે, તેમ ભગવાન તો પ્રથમ કાચનું દૃષ્ટાંત દીધું તેવી રીતે સર્વ જીવને વિષે રહ્યા છે તે ભગવાનનું સ્વરૂપ બીજી રીતનું છે ને તે જીવનું સ્વરૂપ બીજી રીતનું છે, અને એવી રીતના અનંત ઐશ્વર્યે યુક્ત એવા જે એ ભગવાન તે જ પોતે જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થાય છે તે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જેને આવી રીતે થયું હોય ને તે ભગવાનની ભક્તિ કરી હોય ને તે જ્ઞાન-ભક્તિના સુખનો પોતાના જીવમાં અનુભવ એક વાર યથાર્થ થયો હોય, તો તેની વિસ્મૃતિ ક્યારેય થાય નહિ તે ગમે તેવું સુખદુઃખ પડે તો પણ તેને વિષે તે ભગવાનના સ્વરૂપના સુખનો જે અનુભવ વીસરી જાય નહિ. જેમ તે રાજાને પ્રથમનું જે પોતાનું સુખ તે દરિદ્રપણામાં પણ વિસરતું નથી તેમ. અને આ વાર્તા શા સારુ કરીએ છીએ, તો આવો સત્સંગનો યોગ હમણાં તો છે પણ કદાચિત્ દેશ, કાળ, પ્રારબ્ધના વિષમપણા થકી એવો યોગ ન રહે, તો જો આવી વાર્તા સમજી રાખી હોય તો તેના જીવનું કલ્યાણ થાય, અને એવો દૃઢ નિશ્ચય હોય તો એને ક્યારેય એમ ન સમજાય જે મારું અકલ્યાણ થાશે, અને આવો યોગ રહેવો તે બહુ દુર્લભ છે ને આવી રીતે દેહે વર્તવું તે પણ દુર્લભ છે. કેમ જે કોઈક દિવસ બહાર નીકળી જવાય ત્યારે આમ દેહે ન વર્તાય તો પણ આ વાર્તા સમજી રાખી હોય તો એના જીવનું બહુ સારું થાય માટે આ વાર્તા કરી છે.

**(૧)** ઇતિ વચનામૃતમ્ **॥૩૭॥ (૨૭૧)** **૧**

**રહસ્યાર્થ પ્રદી૦**– આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારા જેવો બીજા કોઈનો આકાર નથી, ને અમારા વિના બીજા સર્વેને કાળ ભક્ષણ કરે છે ને અમારા જેવો બીજો કોઈ નથી, અને અમારા ધામમાં અમારા ભક્ત છે તેનો આકાર અમારા જેવો જેવો જ છે, તો પણ તે પુરુષ છે અને અમે પુરુષોત્તમ છીએ ને એ મુક્તોથી શ્રેષ્ઠ છીએ ને એ મુક્તોને ઉપાસ્ય ને સ્વામી છીએ ને એ મુક્તો અમારા મહિમાના પારને પામતા નથી, એવા દિવ્ય મૂર્તિ, નિર્ગુણ ને ધ્યેય છીએ અને અમારું ધ્યાન કરનારા નિર્ગુણ થઈ જાય છે અને અમારા ધામને વિષે એક દેશને વિષે રહ્યા થકા અનેક બ્રહ્માંડમાં કર્મફળ પ્રદાતાપણે અંતર્યામીરૂપે રહ્યા છીએ. અને જેવા અક્ષરધામમાં છીએ તેવા આંહીં દેખાઈએ છીએ ને સર્વે જીવોના જીવન છીએ અને સિદ્ધેશ્વર છીએ અને અમારું સ્વરૂપ બીજી રીતનું એટલે અક્ષરાદિક સર્વેથી અતિ વિલક્ષણ છે અને જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા દેખાઈએ છીએ. આવું અમારું જ્ઞાન થયું હોય ને અમારી ભક્તિ કરી હોય તો તે ક્યારેય વીસરી જાય નહિ ને તેના જીવનું સારું થાય. **(૧)** બાબત છે.

૧ **પ્ર૦** ચારે કોરે લાખો કાચનાં પૂતળાં હોય તેના મધ્યને વિષે એક પુરુષ ઊભો હોય તે પુરુષ સર્વે પૂતળામાં દેખાય તેમ અમે ધામમાં રહ્યા થકા અનેક બ્રહ્માંડને વિષે જીવ જીવ પ્રત્યે કર્મફળપ્રદાતાપણે અંતર્યામીરૂપે રહ્યા છીએ એમ શ્રીજીમહારાજે કહ્યું, અને (**કા૦ ૪**ના બીજા પ્રશ્નમાં) પણ જેમ દર્પણને વિષે સભા જણાય છે તેમ જીવને વિષે અમે જણાઈએ છીએ એમ કહ્યું છે, અને (**લો૦ ૪**ના પહેલા પ્રશ્નમાં) મધ્યના કાચના મંદિરમાં પુરુષ ઊભો હોય તે ફરતી કાચની ઓરડીઓમાં દેખાય, તેમ અમે જેવા અક્ષરધામમાં છીએ તેવા જ અનંતકોટી બ્રહ્માંડને વિષે અનંતરૂપે દેખાઈએ છીએ, એમ કહ્યું છે તે જીવ જીવ પ્રત્યે જેવા ધામમાં છે એવા જ રહ્યા હોય તો તો જીવના કલ્યાણ કરવા સારુ (**લો૦ ૪** માં) કહ્યું તેવી રીતે બ્રહ્માંડમાં દેખાવાની કાંઈ જરૂર રહી નહિ, કેમ જે અક્ષરધામમાં છે તેવા જ જીવમાં હોય તો જીવનાં કલ્યાણ થઈ જવાં જોઈએ માટે તે કેવી રીતે સમજવું?

૧ **ઉ૦** આમાં સર્વ જીવના સમૂહને વિષે ફળપ્રદાતાપણે અંતર્યામીરૂપે રહ્યા છીએ એમ જે કહ્યું છે તે તો અંતર્યામીરૂપે પોતાના તેજદ્વારે રહ્યા છે અને જેવા છીએ તેવા દેખાઈએ છીએ એમ જે કહ્યું તે તો ધ્યાને કરીને મૂર્તિને જોઈ શકે એવા જે પોતાના ભક્ત તેને જ દેખાઈએ છીએ એમ કહ્યું છે, પણ સર્વેને દેખાઈએ છીએ એમ નથી કહ્યું માટે તેજદ્વારે જ સર્વે જીવોને વિષે રહ્યા છે તે તેજદ્વારે મૂળઅક્ષરને વિષે પણ રહ્યા છે અને મૂળઅક્ષરદ્વારે વાસુદેવબ્રહ્મને વિષે રહ્યા છે અને બ્રહ્મદ્વારે મૂળપુરુષને વિષે રહ્યા છે અને જીવોમાં તો મૂળપુરુષદ્વારે રહ્યા છે. તે (**પ્ર૦ ૧૩**માં) પુરુષપ્રકૃતિરૂપ જે અમારી શક્તિ તેણે સહિત જીવ જીવ પ્રત્યે અંતર્યામીરૂપે રહ્યા છીએ અને (**પ્ર૦ ૪૬**માં) પ્રકૃતિ જે માયા તેના કાર્યને વિષે અન્વય-વ્યતિરેકપણું તે મૂળપુરુષનું જ છે એમ કહ્યું છે, માટે જીવમાં પુરુષદ્વારે જ રહ્યા છે અને (**મ૦ ૧૩/૨**માં) જે જે પદાર્થ અમારા સંબંધને પામે તે નિર્ગુણ થઈ જાય છે અને આમાં પણ જે અમારું ધ્યાન કરે છે તે નિર્ગુણ થઈ જાય છે એમ કહ્યું છે, માટે જે સંબંધને પામે તથા ધ્યાન કરે છે તે નિર્ગુણ થઈ જાય, તો જીવમાં સાક્ષાત્ રહ્યા હોય તો જીવ નિર્ગુણ કેમ ન થાય? અને (**પ્ર૦ ૨૭**માં) આવે લક્ષણે યુક્ત થાય તેને વિષે અમે સર્વ પ્રકારે નિવાસ કરીએ છીએ તો જો પહેલાંથી જ રહ્યા હોય તો સર્વ પ્રકારે નિવાસ કરવાનું શું કરવા કહે? અને (**છે૦ ૨૭**માં) પાંચ વર્તમાને યુક્ત હોય તેને જ અમારો સંબંધ હોય છે, માટે જીવમાં તો અંતર્યામીપણે પોતાના તેજદ્વારે જ રહ્યા છે, તે પણ પાત્રની તારતમ્યતાએ રહ્યા છે તે (**પ્ર૦ ૪૧**માં) જેવા અક્ષરમાં છીએ તેવા પુરુષપ્રકૃતિમાં નથી અને જેવા પુરુષપ્રકૃતિમાં છીએ તેવા પ્રધાનપુરુષમાં નથી, અને પ્રધાનપુરુષમાં છીએ તેવા મહત્તત્ત્વમાં નથી, અને તેવા અહંકારમાં નથી ને તેવા ચોવીશ તત્ત્વમાં નથી ને તેવા વૈરાજમાં નથી ને વૈરાજમાં છીએ તેવા વિષ્ણુ-બ્રહ્મા-શિવમાં નથી, અને જેવા એ ત્રણમાં છીએ તેવા મનુષ્યમાં નથી ને મનુષ્યમાં છીએ તેવા પશુ-પક્ષીમાં નથી, એમ કહ્યું છે. માટે તેજદ્વારે પણ પાત્ર પ્રમાણે રહ્યા છે. અને (**સા૦ ૫**ના ૨/૩ બીજા પ્રશ્નમાં) પણ બદ્ધ જીવ તથા મુક્ત જીવ તથા ઈશ્વર તથા અક્ષર તેને વિષે અન્વયપણે રહ્યા છીએ અને વ્યતિરેક સ્વરૂપે તો મૂળઅક્ષરાદિક સર્વેથી પર છીએ એમ કહ્યું છે. અને (**પ્ર૦ ૬૪/૧**માં) જેમ સૂર્ય પોતાના પ્રકાશનો આત્મા છે તેમ અમે અમારા તેજના આત્મા છીએ અને અમારું તેજ મૂળઅક્ષરનું આત્મા છે એમ કહ્યું છે. માટે શ્રીજીમહારાજ તો મૂળઅક્ષરાદિક સર્વેથી પર છે ને સર્વેને અગમ્ય છે ને પોતાના તેજરૂપ ધામને વિષે જ મૂર્તિમાન રહ્યા છે તે મૂર્તિનાં દર્શન તો એમના મુક્તને જ છે પણ બીજા કોઈને નથી. અને જ્યારે જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવા સારુ પૃથ્વીને વિષે મનુષ્યરૂપે દર્શન આપે, ને એમના મુક્તને યોગે કરીને જેને શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન થાય, ને એમની ઉપાસના-ધ્યાન-ભજન કરે, ને એમની આજ્ઞા પાળે ત્યારે જ આત્યંતિક કલ્યાણ થાય છે ને દર્શન પણ ત્યારે જ થાય છે. અને (**કા૦ ૪**માં) પણ અન્વયપણે રહ્યા છે તેનો ખુલાસો એમાં જ પહેલા પ્રશ્નોત્તરમાં કર્યો છે અને કાચની

ઓરડીઓની તથા પૂતળાંની મધ્યે પુરુષ ઊભા હોય તે બધેય દેખાય છે તેમ અમે દેખાઈએ છીએ એમ કહ્યું, તે તો સમજાવવા સારુ દૃષ્ટાંત દીધું છે, પણ પુરુષ તો જડ ને અસમર્થ છે તે બધે દેખાવા સમર્થ નથી અને ભગવાન તો સમર્થ છે ને સર્વજ્ઞ છે, માટે જીવોના કલ્યાણને અર્થે જેવા અક્ષરધામમાં છે તેવા જ અનંત બ્રહ્માંડમાં દર્શન આપે છે, પણ પુરુષની પેઠે પ્રતિબિંબ નથી દેખાતું; પુરુષનો તો આભાસ પડે છે, માટે જડ વસ્તુનું દૃષ્ટાંત ચૈતન્ય વસ્તુને સર્વ પ્રકારે સાદશ્ય થાય જ નહિ. ॥૩૭॥ **(૨૭૧)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૩૮

❖સંવત ૧૮૮૫ના વૈશાખ સુદિ ૧૪ ચૌદશને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી ગોપીનાથજીના મંદિરને વિષે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **(૧)** અમે સાંખ્યાદિક શાસ્ત્રના વિચારે કરીને એમ નિશ્ચય કર્યો છે જે માયાના કાર્યમાંથી ઉત્પન્ન થયા જે આકાર માત્ર તે સર્વે મિથ્યા છે કેમ જે એ સર્વે આકાર કાળે કરીને નાશ પામે છે અને **ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાનનો આકાર છે તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશે પ્રકાશે યુક્ત છે અને તે ભગવાનનો ને તે મુક્તનો જે આકાર તે પુરુષના જેવો દ્વિભુજ છે ને સચ્ચિદાનંદરૂપ છે અને તે અક્ષરધામને વિષે રહ્યા જે એ ભગવાન તે જે તે, તે મુક્ત પુરુષ તેમને દિવ્ય એવા જે નાના પ્રકારના ઉપચાર તેણે કરીને સેવ્યા થકા ને તે મુક્ત પુરુષને પરમ આનંદને ઉપજાવતા થકા સદા વિરાજમાન છે, અને એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રગટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે. ને એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી; એ બે એક જ છે અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે ને ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે** અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે તે પણ
નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે. **(૧)** અને વળી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી ૧
૨ જે, **(૨) એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા-ઊઠ્યાની વાસના તથા રસને વિષે જિહ્વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારે થાય જ નહિ, માટે જેને સુખ ઈચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા ને નિવૃત્તિ પર થાવું ને બરોબરિયાની સોબત ન રાખવી. ને દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય એવા જે ભગવદ્ ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન-કર્મ-**

**વચને વરતવું ને વિષયના સંબંધથી તો છેટે જ રહેવું, પણ એનો સંબંધ પોતાના નિયમનો ત્યાગ કરીને થાવા દેવો નહિ; ને જો વિષયનો સંબંધ કરવા માંડે તો એનો ઠા રહે જ નહિ એ સિદ્ધાંત વાર્તા છે. (૨)** ઇતિ વચનામૃતમ્ **॥૩૮॥ (૨૭૨)** ૨

**રહસ્યાર્થ પ્રદી૦–** આમાં કૃપાવાક્ય **(૨)** છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે કે માયામાંથી થયા તે આકાર મિથ્યા ને નાશવંત છે અને અમારા અક્ષરધામને વિષે અમારો ને અમારા મુક્તનો આકાર સત્ય, દિવ્ય ને અતિશે પ્રકાશે યુક્ત સચ્ચિદાનંદરૂપ અને દ્વિભુજ છે અને મુક્ત પુરુષોએ સેવ્યા થકા સર્વ મુક્તોને આનંદ ઉપજાવીએ છીએ અને સર્વોપરી છીએ ને દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રગટ થયા છીએ અને તમારા સર્વના ઇષ્ટદેવ છીએ ને તમારી સેવાને અંગીકાર કરીએ છીએ અને અમારા આ મનુષ્યસ્વરૂપમાં ને ધામમાં રહ્યું જે સ્વરૂપ તેમાં કાંઈ પણ ભેદ નથી; એક જ છે. અને અમે અક્ષરાદિક સર્વના નિયંતા ને ઈશ્વરના ઈશ્વર ને સર્વના કારણના પણ કારણ ને સર્વ અવતારના અવતારી છીએ ને તમારે એકાંતિકભાવે ઉપાસના કરવા યોગ્ય છીએ. **(૧)** અને બીજામાં છો વાના હોય તેને સુખ ક્યારેય પણ થાય નહિ, માટે અમારા મોટા સાધુ સંગાથે જીવ જડી દેવો ને એમના વચનમાં વર્તવું અને વિષયનો સંબંધ કરે તેનો ઠા રહે નહિ. **(૨)** બાબતો છે.

૧ **પ્ર૦** બીજા કૃપાવાક્યમાં દ્રવ્યાદિક છો વાનાં હોય તેને જીવતાં ને મરીને સુખ ન આવે એમ કહ્યું તે ત્યાગીને-ગૃહીને કેવી રીતે વાસના હોય તેને સુખ ન થાય ?

૧ **ઉ૦** ત્યાગી હોય તેને સ્ત્રીઓ પાસે બેસવાનો તથા બોલવાનો તો સંકલ્પ ન હોય, પણ સ્ત્રી સમીપે આવી જાય તેને જોવાનો સંકલ્પ થઈ જાય તે સ્ત્રીની વાસના કહેવાય. **(૧)** અને અંતરમાં પરસ્ત્રી સાથે બોલવાનો કે બેસવાનો સંકલ્પ થતો હોય તે ગૃહસ્થને વાસના કહેવાય. **(૧)** અને ત્યાગીને રોગાદિક આપત્કાળ આવે તથા કોઈક તીર્થાદિકમાં જાવું હોય ત્યાં ભાડાનો યોગ ન બને ત્યારે દ્રવ્ય રાખ્યું હોત તો આવા આપત્કાળમાં કામ આવે એવો સંકલ્પ થાય, તેમ જ વસ્ત્રાદિક જે વખતે જોઈતું હોય તે વખતે ન મળે ને વિલંબ થાય, ત્યારે તેને રાખ્યું હોય તો જોઈએ તે વખતે કામ આવે તેવો સંકલ્પ થાય તે લોભ કહેવાય. **(૨)** અને ગૃહસ્થને ન્યાયે કરીને ભેળું કરેલું દ્રવ્ય તેને શ્રીજીમહારાજ તથા પંચવર્તમાને યુક્ત એવા સત્પુરુષના ઉપયોગમાં ન આવે, તથા પંચવર્તમાને યુક્ત એવા સત્સંગી હોય ને તેને ખાવા-પીવાની તંગાશ હોય અથવા કોઈ રાજ્ય સંબંધી સંકટ આવ્યું હોય ને તેને છોડાવવાના ઉપયોગમાં ન આવે તે દ્રવ્યાદિકનો લોભ કહેવાય. **(૨)** અને ત્યાગી જે મળે તેને પાણીમાં મેળાવ્યા વિના જુદી જુદી વસ્તુઓ રાખીને જમે તે રસની આસક્તિ કહેવાય. **(૩)** અને ગૃહસ્થને જમતી વખતે ખારું-મોળું હોય તો મનમાં કચવાય કે રસોઈ કરનાર સાથે કજિયો કરે તે રસની આસક્તિ જાણવી, તો ત્યાગીથી તો ખારું-મોળું બોલાય જ કેમ ? **(૩)** અને ત્યાગીને વિદ્યાદિક ગુણનું અભિમાન આવે કે ઝીણાં વસ્ત્ર પહેરાવાનો સંકલ્પ થાય કે મોટા સંતની સેવા થઈ શકે નહિ ઇત્યાદિક દેહાભિમાન કહેવાય. **(૪)** અને ગૃહસ્થને નાત્યનું, કુળનું, ધનનું તથા લોકમોટાઈ આદિકનું અભિમાન હોય તથા સારાં વસ્ત્ર-ઘરેણાં પહેરીને દેહને શોભાડવાની આસક્તિ રહે, તથા ઉત્તમ ભક્ત હોય તે લોકવ્યવહારે ગરીબ હોય કે પોતાથી ઊતરતી જાતિ હોય તેનો મહિમા ન જણાય, તથા દેહે કરીને ભગવાનની કે તેમના ભક્તની સેવા ન થાય તે દેહાભિમાન કહેવાય. **(૪)** અને જે શ્રીજીમહારાજના આશ્રિત ન હોય ને એવા સત્સંગ બહારના કુસંગીમાં તથા શ્રીજીમહારાજની આજ્ઞા ન પાળતા હોય એવા ત્યાગીમાં તથા એવા સત્સંગીમાં હેત ને પક્ષ હોય તો ત્યાગી તથા ગૃહસ્થને કુસંગમાં હેત કહેવાય. **(૫)** અને પોતાનાં પૂર્વના માબાપ આદિ સંબંધીને સુખી-દુઃખી દેખીને હર્ષ-શોક કરે તથા તેની ખબર રખાવે, ને તેના સમાચાર પૂછે ને તેને બોલાવે તે ત્યાગીને સંબંધીમાં હેત કહેવાય. **(૬)** અને પંચવર્તમાને યુક્ત એવા શ્રીજીમહારાજના ભક્ત હોય તેના કરતાં પોતાનાં સ્ત્રી-પુત્રાદિક તથા સગાં-સંબંધી તે શ્રીજીમહારાજનાં ભક્ત ન હોય તો પણ ભક્ત કરતાં વધારે વૃત્તિ ખેંચાય ને વધારે પક્ષ રહે તે ગૃહસ્થને સંબંધીમાં હેત કહેવાય. **(૬)**

૨ **પ્ર૦** મોટા સાધુ સંગાથે પોતાના જીવને જડી દેવો એમ કહ્યું તે જીવ કેવી રીતે જડી દેવો ?

૨ **ઉ૦** જેવું જીવને દેહને વિષે હેત છે એવું મોટા સંતને વિષે કરવું અને જેવી દેહમાં એકતા છે તેવી રીતે સંતમાં એકતા કરવી. **॥૩૮॥ (૨૭૨)**

## વચનામૃત ગઢડા છેલ્લાનું - ૩૯

❖સંવત ૧૮૮૬ના અષાડ વદિ ૧૦ દશમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

૧ પછી શ્રીજીમહારાજે સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી આગળ વાર્તા કરી જે, **(૧) જે ભગવાનની માયા તે કેઈ છે ? તો દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ એ જ માયા છે. તે એ માયાને ટાળવી ને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય ને એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી એટલો સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે, તેને આજ સમજો કે ઘણે દિવસે કરીને સમજો. અને હનુમાન, નારદ, પ્રહ્‌લાદ એ જે મોટા મોટા ભગવાનના ભક્ત તેમણે પણ ભગવાન પાસે એમ જ માગ્યું છે જે અહંમમત્વરૂપ માયા થકી રક્ષા કરજો, ને તમારે વિષે પ્રીતિ થાજો, ને એ માયાને તર્યા હોય ને તમારે વિષે પ્રીતિવાળા હોય એવા જે સાધુ તેનો સંગ થાજો, ને એ સાધુને વિષે હેત ને મમત્વ થાજો, માટે આપણે પણ એમ કરવું ને એમ માગવું, ને એનો શ્રવણ, મનન, નિદિધ્યાસ કરવો. (૧)** અને ૧
ભગવાનનો જે ભક્ત હોય તેને આત્મનિષ્ઠાનું બળ તથા ભગવાનના માહાત્મ્યનું બળ એ બે બળ જોઈએ. તે આત્મનિષ્ઠા તે શું તો પોતાના આત્માને દેહથી પૃથક્ જાણવો, અને સાધુ ભેળા રહેતા હોઈએ તેમાં પરસ્પર કોઈક નિમિત્તે બોલાચાલી થાય તથા કોઈક જાતનો અહંમમત્વ થાય તથા માન, ક્રોધ, સ્વાદ, લોભ, કામ, મત્સર, ઈર્ષ્યા, એ આદિક અવગુણની પ્રવૃત્તિ થાય ત્યારે જો આત્મા પોતાને ન જાણતા હોઈએ તો સાધુનો અવગુણ આવે, તેમાંથી એનું બહુ ભૂંડું થાય. માટે પોતાને દેહથી પૃથક્ આત્મા જાણવો, ને તે આત્મા છે તે બ્રાહ્મણ નથી, ક્ષત્રિય નથી, કણબી નથી, કોઈનો દીકરો નથી, કોઈનો બાપ નથી, એની કોઈ જાત નથી, નાત નથી એવો છે અને એ આત્મા તો સૂર્ય તથા અગ્નિ જેવો તેજસ્વી છે, ને જાણપણે યુક્ત છે. ને તે અગ્નિની જ્વાળા તથા સૂર્યની કિરણ તે તો જડ છે, કેમ જે તેને આંગળી અડાડીએ તો ખસે નહિ, ને કીડી હોય તેને આંગળી અડાડીએ તો ખસીને અવળી ચાલે, માટે આત્મા તે જાણપણે યુક્ત છે ને એને સૂર્ય, અગ્નિ જેવો કહીએ છીએ. તે તો એનો આકાર એવો તેજસ્વી છે, તે માટે કહીએ છીએ. અને એ આત્મા અનેક યોનિને પામ્યો છે, અને એમ કહેવાય છે જે જેટલું સમુદ્રનું પાણી છે તેટલું એ જીવ પોતાની માતાનું દૂધ ધાવ્યો છે, અને ત્યાં ત્યાં અનેક પ્રકારે મરાણો છે તો પણ મર્યો નથી; જેવો છે તેવો ને તેવો જ છે. ને એ અજ્ઞાન અવસ્થામાં પોતાને દેહરૂપે માનતો હતો ત્યારે પણ ન મર્યો તો હવે આપણે એનું જ્ઞાન થયું ત્યારે તો એ કેમ મરશે ? એવો જે આત્મા તેને પોતાનું સ્વરૂપ માનવું. **(૨)** ૨
અને ભગવાનનું માહાત્મ્ય કેમ જાણવું તો ભગવાન છે તે અનેક બ્રહ્માંડના રાજાધિરાજ

છે અને જે બ્રહ્માંડના એ રાજા છે તે બ્રહ્માંડની પણ ગણતી નથી તે કહ્યું છે જે **॥ દ્યુપતયએવતેનયયુરંતમનંતતયા ॥** અને તે એક એક બ્રહ્માંડમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ હોય તથા સાત દ્વીપ, સાત સમુદ્ર, મેરુ, લોકાલોક આદિક પર્વત તેણે યુક્ત પૃથ્વીની રચના હોય તથા ચૌદ લોકની રચના હોય તથા અષ્ટ આવરણની રચના હોય ઇત્યાદિક સામગ્રીએ સોતાં જે અનેક બ્રહ્માંડ તેના રાજા ભગવાન છે, ને જેમ આ પૃથ્વીનો ચક્રવર્તી રાજા હોય ને તે રાજાનાં જે ગામડાં તે તો ગણાય એવાં હોય તો પણ તેની કેટલી મોટપ જાણ્યામાં આવે છે, ને ભગવાનને તો એવા બ્રહ્માંડની પણ ગણતી નથી, માટે ભગવાનની તો બહુ જ મોટપ છે. અને તે બ્રહ્માંડને વિષે આ જીવ છે તે ભગવાનની આગળ શા લેખામાં છે ? કાંઈ નથી; અતિ તુચ્છ છે. અને તે ભગવાને એ બ્રહ્માંડોને વિષે પંચવિષય સંબંધી સુખ જીવોને આપ્યું છે, તે સુખ કેવું છે ? તો એ સુખને સારુ કેટલાક પોતાનાં માથાં કપાવે છે એવું મહાદુર્લભ જેવું જણાય છે, ત્યારે પોતાની મૂર્તિમાં તથા પોતાના ધામમાં જે સુખ છે તે તો બહુ ભારે છે, અને પ્રાકૃત વિષયસુખ છે તે તો અન્ય પદાર્થને આશરીને રહ્યું છે, તથા પૃથક્ પૃથક્ છે અને જે ભગવાન છે તે તો સર્વ સુખ માત્રના રાશિ છે, ને એ ભગવાન સંબંધી જે સુખ છે તે અવિનાશી છે, ને મહા અલૌકિક છે. અને જેમ કોઈક ભારે ધનાઢ્ય ગૃહસ્થ હોય તે પોતાના ઘરમાં અનેક પ્રકારનાં ભોજન જમતો હોય, ને તે જમીને ઉચ્છિષ્ટ કાંઈક બટકું રોટલો વધે તે કૂતરાને નાખે ત્યારે તે અતિશે તુચ્છ કહેવાય, ને પોતે જમતો હોય તે મહાસુખમય કહેવાય, તેમ ભગવાને બ્રહ્માંડોને વિષે અનેક જીવોને પંચવિષય સંબંધી સુખ આપ્યું છે, તે તો કૂતરાને નાખ્યો જે બટકું રોટલો તેની પેઠે અતિ તુચ્છ છે, ને પોતાને વિષે જે સુખ છે તે તો મહામોટું છે. અને વળી સુષુપ્તિ અવસ્થાને વિષે એ જીવને ભગવાન મોટું સુખ પમાડે છે, તે ગમે તેવી વેદના થઈ હોય ને સુષુપ્તિમાં જાય ત્યારે સુખિયો થઈ જાય છે. અને વળી એ ભગવાનના ચરણકમળની રજને બ્રહ્મા, શિવ, લક્ષ્મીજી, રાધાજી, નારદ, શુક, સનકાદિક, નવ યોગેશ્વર એવા એવા મોટા છે તે પણ પોતાના મસ્તક ઉપર ચડાવે છે, ને માનને મૂકીને એ ભગવાનની નિરંતર ભક્તિ કર્યા કરે છે. અને વળી એ ભગવાને જગતમાં વિચિત્ર સૃષ્ટિ કેવી કરી છે, ને તેમાં કેવું ડહાપણ કર્યું છે જે, જુઓને, માણસમાંથી માણસ થાય છે, પશુમાંથી પશુ થાય છે, ઝાડમાંથી ઝાડ થાય છે, કીડામાંથી કીડો થાય છે, ને માણસના અંગમાંથી કોઈક અંગનો ભંગ થઈ ગયો હોય ને ગમે તેવો ડાહ્યો હોય, તો પણ તે અંગને તેવું ને તેવું કરવાને સમર્થ કોઈ રીતે ન જ થાય, ઇત્યાદિક અનેક કળા ભગવાનમાં રહી છે, એવી રીતે ભગવાનનું માહાત્મ્ય જાણીને તથા ભગવાનને સુખમય મૂર્તિ જાણીને બીજા સર્વ પદાર્થમાં વૈરાગ્ય થાય છે, ને એક ભગવાનમાં જ પ્રીતિ થાય છે. અને એવી રીતે પ્રથમ કહ્યું જે પોતાના જીવાત્માનું જ્ઞાન તથા ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન એ બે જેને સિદ્ધ થયા હોય, ને તે જો ગમે તેવા પંચવિષય સંબંધી સુખમાં કદાચિત્ બંધાઈ ગયો હોય તો પણ તેમાં બંધાઈ રહે નહિ; તેને તોડીને નીકળે જ રહે અને જે વિષયના સુખનો ત્યાગ કરીને વર્તતો હોય ને તે ન બંધાય એમાં તે શું કહેવું ? માટે

એ બે પ્રકારના જ્ઞાનને સાંભળીને એનો પોતાના મનમાં વેગ લગાડી દેવો, જેમ કોઈક શૂરવીર ને આકરો માણસ હોય ને તેનો કોઈક પ્રતિપક્ષી હોય તેણે તેનો બાપ મારી નાખ્યો હોય તો તેની તેને બહુ દાઝ થાય, ને તે દાઝ થાતી હોય ને વળી તેનો દીકરો મારી નાખે, ને વળી ભાઈને મારી નાખે, ને વળી બાયડીને લેઈ જાય ને વળી માને લેઈને મુસલમાનને આપે, ને વળી ગામગરાસ લૂંટી લે, એવી રીતે જેમ જેમ એનો પરાભવ કરે તેમ તેમ એને બહુ મનમાં દાઝ થાય, ને જાગ્રત-સ્વપ્નમાં સર્વે કાળે એને એ વાતનો જ આલોચ રહે, તેમ જેને આ બે વાતનો નિરંતર આલોચ રહે ત્યારે એને એ જ્ઞાન સિદ્ધ થાય. અને ગમે તેવો આપત્કાળ પડે તો તેને વિષે એની સહાય કરે. અને જેમ વિશલ્યકરણી ઔષધિ લાવીને હનુમાનજીએ રામચંદ્રજીને પિવાડી ત્યારે જે દેહમાં શલ્ય લાગ્યાં હતાં તે સર્વે એને મેળે દેહથી બહાર નીકળી ગયાં, તેમ જેને આ બે વાત મનમાં લાગી ગઈ હોય તેને ઈન્દ્રિયોને વિષયભોગની ઈચ્છા રહી છે એ શલ્ય છે તે સર્વે નીકળી જાય, કહેતા વિષયભોગમાંથી એની ઈન્દ્રિયોની વૃત્તિ નીકળીને એક ભગવાનમાં વળગે, અને સત્સંગી પણ એને જ કહીએ કેમ જે સત્યરૂપ એવો જે પોતાનો આત્મા તથા સત્યરૂપ એવા જે ભગવાન તેનો જેને આવી રીતે સંગ થયો તેને સત્સંગી કહીએ. **(૩)** અને આ બે પ્રકારે જે વાર્તા છે તેને દૈવી જીવ સાંભળે ત્યારે તેના **૩**
હૃદયમાં લાગીને રગરગમાં પ્રવર્તી જાય, ને જે આસુરી જીવ હોય ને તે સાંભળે ત્યારે તેને તો કાનથી બહાર જ નીકળી જાય પણ હૃદયમાં ઊતરે નહિ, જેમ શ્વાન હોય ને તે ખીર ખાય તે તેના પેટમાં રહે જ નહિ; વમન થઈ જાય, ને ખીર જેવું કાંઈ ભોજન સરસ ન કહેવાય, તો પણ તે શ્વાનના પેટમાં રહીને રગરગમાં પ્રવર્તે નહિ, ને તે ખીરને માણસ ખાય ત્યારે તેને પેટમાં રહે ને રગરગમાં પ્રવર્તે ને બહુ સુખ થાય, તેમ શ્વાન જેવો જે આસુરી જીવ તેના હૃદયમાં તો આ વાત પેસે જ નહિ, ને માણસ જેવો જે દૈવી જીવ તેના હૃદયમાં ઊતરે ને રગરગમાં વ્યાપી જાય. **(૪)** અને વળી **જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે, ને** ૪
**ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે,** તો પણ તે ભગવાન જેવા તો થતા જ નથી, ને જો ભગવાન જેવા જ થાય તો તો ભગવાન ઘણાક થાય, ત્યારે તો જગતની સ્થિતિ તે એક જાતની જ ન રહે. કેમ જે એક ભગવાન કહેશે જે હું જગતની ઉત્પત્તિ કરીશ ને બીજો કહેશે હું જગતનો પ્રલય કરીશ, અને વળી એક ભગવાન કહેશે હું વરસાદ કરીશ અને બીજો કહેશે : હું નહિ કરું, ને એક કહેશે હું માણસના ધર્મ પશુમાં કરીશ ને બીજો કહેશે હું પશુના ધર્મ માણસમાં કરીશ, એવી રીતે સ્થિતિ ન રહે. અને આ તો જુઓને જગતમાં કેવી રીતે બરાબર અદલ પ્રમાણે સર્વે ક્રિયાની પ્રવૃત્તિ થાય છે, પણ તલભાર પણ ફેર પડતો નથી, **માટે સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા ને સર્વેના સ્વામી આ એક જ ભગવાન છે, તથા ભગવાન સંગાથે બીજાને દાવ બંધાય એમ પણ જણાતું નથી, માટે ભગવાન તે એક જ છે પણ બીજો આ જેવો થાતો નથી, અને આ સર્વે વાત કરી તે થોડીક છે પણ એમાં સર્વે વાત આવી ગઈ. અને આ વાતનું જે રહસ્ય છે તે જે ડાહ્યો હોય તેને સમજાય પણ બીજાને**

**સમજાય નહિ, અને આટલી વાત સમજીને જેણે દૃઢ કરી તેને સર્વે વાત સંપૂર્ણ થઈ; એને**
**કાંઈ કરવું બાકી ન રહ્યું. અને આવી રીતે જે અમે વાત કરી તેને સાંભળીને તે વાતની જે**
**ભગવાનના ભક્તને દૃઢતા હોય તેનો સંગ રાખવો તો એને આ વાર્તાની દિવસે દિવસે દૃઢતા**
**થાતી જાય. (૫)** અને આ વાત જે અમે કરીએ છીએ, તે કાંઈ બુદ્ધિની કલ્પનાએ નથી કરતા, **૫**
તથા સિદ્ધાઈ જણાવવા સારુ નથી કરતા; આ તો અમારી અજમાવેલ વાત છે, ને જેમ અમે
વર્તીએ છીએ, તેમ વાત કરીએ છીએ કેમ જે, અમારે સ્ત્રી-ધનાદિક પદાર્થનો ભારે યોગ છે,
તથા પંચવિષયનો ભારે યોગ છે, તથા સુરત, અમદાવાદ, વડોદરે, વરતાલે જાઈએ છીએ
ત્યારે હજારો માણસો ભેગાં થાય છે, ને તે માને છે તથા વાજત-ગાજતે અતિ સન્માન કરીને
પધરાવે છે, તથા ત્યાં ત્યાં ભારે ભારે જાયગાઓ જોયામાં આવે છે, તથા ભારે વસ્ત્ર,
વાહનાદિકનો યોગ થાય છે એ સર્વે છે; તથાપિ પોતાના આત્મા સામી દૃષ્ટિ કરીએ છીએ
તથા ભગવાનના માહાત્મ્ય સામી દૃષ્ટિ કરીએ છીએ માટે સર્વેનું અતિ તુચ્છપણું થઈ જાય
છે; એમાં કોઈ ઠેકાણે બંધાઈ જવાતું નથી, ત્યારે એને પૂર્વદેહની જેમ વિસ્મૃતિ છે તેમ જ
એ સર્વેની વિસ્મૃતિ થઈ જાય છે. માટે એ બે વાત અમારે સિદ્ધ થઈ છે, તે સારુ એમ અમારે
વર્તાય છે, અને બીજો પણ જો એ બે વાતને સિદ્ધ કરે તો તેને કદાચિત્ એવો કોઈક યોગ
થઈ જાય, તો પણ એને એમ વર્તાય માટે, આ વાત અવશ્ય સમજવાની છે. એવી રીતે
શ્રીજીમહારાજે કૃપા કરીને બીજાને સમજાવવા સારુ પોતાનું વર્તન લેઈને વાર્તા કરી, ને પોતે
તો સાક્ષાત્ શ્રી પુરુષોત્તમ નારાયણ છે. **(૬)** ઈતિ વચનામૃતમ્ **॥૩૯॥ (૨૭૩)** **૬**

**રહસ્યાર્થ પ્રદી૦-** આમાં કૃપાવાક્ય **(૧)** છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે દેહમાં અહંબુદ્ધિ ને પદાર્થમાં મમત્વબુદ્ધિ એ જ માયા છે, તે માયાને ટાળીને અમારે વિષે પ્રીતિ કરવી, અને માયા થકી રક્ષા કરજો ને તમારા સાધુનો યોગ થજો, ને તે સાધુને વિષે હેત ને મમત્વ થજો, એમ અમારી પાસે માગવું. **(૧)** અને સાધુ સાથે કોઈક નિમિત્તે બોલાચાલી થાય તો પોતાને આત્મા જાણતા હોઈએ તો સાધુનો અવગુણ ન આવે, માટે પોતાને દેહથી પૃથક્ આત્મા જાણવો તે આત્મા તેજસ્વી છે, જાણપણે યુક્ત છે ને અજર-અમર છે. **(૨)** અને અમે અનંત બ્રહ્માંડના રાજા છીએ, ને અતિશે સુખમય છીએ ને સર્વેને સુખના દાતા છીએ ને સર્વેના કર્તા છીએ ને અતિશે સમર્થ છીએ, આવું અમારું માહાત્મ્ય જાણે તો અમારા વિના બીજેથી વૈરાગ્ય થાય ને અમારે વિષે પ્રીતિ થાય ને આત્મા-પરમાત્માના જ્ઞાનનો વેગ લગાડી દે તો આ જ્ઞાન સિદ્ધ થાય, ને ઈન્દ્રિયોની વૃત્તિ વિષયમાંથી નીકળીને અમારે વિષે વળગે ને તેને જ સત્સંગી કહીએ. **(૩)** અને આ વાત દૈવી જીવને રગરગમાં પ્રવર્તી જાય, ને આસુરી જીવને બહાર નીકળી જાય. (૪) અને અમે એક જ ભગવાન છીએ પણ અમારા જેવો કોઈ થતો નથી, આ વાત સમજાય તેને કાંઈ કરવું બાકી રહ્યું નથી, ને આવી દૃઢતાવાળાનો સંગ રાખવો. **(૫)** ને આત્મા તથા અમારા માહાત્મ્ય સામી દૃષ્ટિ રાખે તો કોઈ ઠેકાણે બંધાય નહિ. **(૬)** બાબતો છે.

૧ **પ્ર૦** ત્રીજી બાબતમાં આત્મા-પરમાત્મામાં વેગ લગાડવો એમ કહ્યું તે પરમાત્મા તો શ્રીજીમહારાજ છે પણ આત્મા કિયો જાણવો ? ને વેગ લગાડનાર કોને જાણવો ?

૧ **ઉ૦** ત્રણ દેહથી નોખો એવો જે જીવાત્મા તે પોતે પોતાને વિષે ને શ્રીજીમહારાજને વિષે વેગ લગાડે એમ કહ્યું છે, તે (**પ્ર૦ ૨૦** ના પહેલા પ્રશ્નમાં) પોતે પોતાને જોતો નથી તે જ અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે એમ કહ્યું છે, માટે જીવ પોતે પોતાને વિષે વેગ લગાડે જે હું બ્રહ્મરૂપ એવો આત્મા છું ને મારે વિષે શ્રીજીમહારાજ રહ્યા છે એવો આલોચ રાખીને પોતાના આત્માને શ્રીજીમહારાજના તેજરૂપ માનીને તેને વિષે શ્રીજીમહારાજની મૂર્તિને અખંડ ધારે એમ કહ્યું છે પણ જોનારો આત્મા ને જોવાનો આત્મા જુદો નથી. **॥૩૯॥ (૨૭૩)**

**ઇતિ શ્રી કચ્છદેશે વૃષપુરનિવાસી અનાદિ મુક્તરાજ શ્રી અબજીભાઈ વિરચિત સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ મુખકમળ નિઃસૃત વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકાયાં ગઢડા અંત્ય પ્રકરણં સમાપ્તમ્.**

એવી રીતે આ જે સર્વે શ્રીજીમહારાજનાં વચનામૃત તે મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી તથા શુકમુનિ એ પાંચ સદ્‌ગુરુએ મળીને જેમ સાંભળ્યું છે ને જેમ પોતાની બુદ્ધિ છે તે પ્રમાણે લખ્યાં છે, અને શ્રીજીમહારાજ જે તે દિવસ દિવસ પ્રત્યે આવી રીતની અનેક પ્રકારની વાર્તાને કરતા થકા ને પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા શ્રી ગઢડા, શ્રીનગર ને શ્રી વરતાલ આદિને વિષે વિરાજતા હવા.

॥ શ્લોકા : ॥

મુક્તાનંદોઽથ ગોપલાનંદો મુનિરુદાર ધીઃ । બ્રહ્માનંદમુનિનિત્યાનંદઃ શુકમુનિસ્તથા ॥૧॥
તૈઃ પચ્ચભિઃ સુસંગત્ય શ્રીહર્વ્યુક્તિ સુધોદધિ :। લિખિતઃ શોધિતશ્ચાપિ યથા બુદ્ધિર્યથા શ્રુતમ્ ॥૨॥
વચોમૃતાનિ તત્રાદૌ દુર્ગપુરે તુ ધાર્મિણા । અષ્ટસપ્તતિ સંખ્યાનિ પ્રોક્તાનીષ્ટપ્રદાનિ હિ ॥૩॥
પ્રોક્તાનિ ચ તતસ્તેન સારંગપુરસંજ્ઞકે । ગ્રામેઽષ્ટાદશસંખાનિ તાનીષ્ટાનિ ભવન્તિ હિ ॥૪॥
તેનોક્તાનિ તતસ્તાનિ ગ્રામે કાર્યાયનાભિધે । સન્તિ દ્વાદશ સંખ્યાનિ સર્વ સૌખ્યકરાણિ હિ ॥૫॥
લૌહાભિદે તતો ગ્રામે તાનિ પ્રોક્તાનિ તેન ચ । સન્ત્યષ્ટાદશસંખ્યાનિ ભક્તાભીષ્ટપ્રદાનિ હિ ॥૬॥
ગ્રામે પંચાલસં જ્ઞેઽથ તેને તાન્યુદિતાનિ વૈ । સન્ત્યે કાન્તિકભક્તાનાં પ્રેષ્ટાનિ સંપ્તસંખ્યયા ॥૭॥
પુનર્દુર્ગપુરે તેને સ્વામિના કથિતાન્યથ । સન્તિ તાનિ સપ્તષષ્ટિ સંખ્યાતાનિ હિ તત્વતઃ ॥૮॥
તતો વૃતાલયપુરે તેને ધર્મસુતેન ચ । તાનિ વિંશાતિ સંખ્યાનિ કથિતાનિ ભવન્તિહિ ॥૯॥
તતઃ શ્રીનગરે પ્રોક્તાન્યષ્ટૌ મોક્ષપ્રદાનિ ચ । શ્રી ભક્તિધર્મપુતત્રેણ સન્તિ ભક્તપ્રિયાણિ હિ ॥૧૦॥
અશ્લીલસંજ્ઞકેગ્રામેઽથૈકમુક્તં હિ ધાર્મિણઆ । પજ્યતાન્યુક્તવાન સ્વામી જ્યતલ્યપુરે તતઃ ॥૧૧॥
કથિસ્તાનિ પુનસ્તેન સ્વામિના દુર્ગપતને । તાનિ સન્ત્યેકોનચત્વારિંશસંખ્યાનિ તત્વતઃ ॥૧૨॥
એવં હિતાનિ સર્વાણિ મિતાનિ ત્રિનગાક્ષિભિઃ । સન્તિ સં લિખિતાનિ શ્રીમહારાજ્નિદેશતઃ ॥૧૩॥
ઈમાનિ યે પઠિષ્યિન્તિ શ્રોષ્યતિ ચાદરાજ્જના: । ભવિષ્યતિ હરૌ તેષાં ભક્તિરેકાન્તિકી ધૃવમ ॥૧૪॥
આપ્યાયયન્નિજ્જ્નાન સ્વકીયવચનામૃતૈઃ । જ્યતિ શ્રીહરિઃ સ્વામી શ્રીમત દુર્ગપુરે પ્રભુઃ ॥૧૫॥
સ્વધર્મસ્ય ચ જીવાત્મજ્ઞાનસ્ય વિરતેસ્થા । માહાત્મયેન સહ સ્વીય જ્ઞાનભક્ત્યોર્યથાર્થઃ ॥૧૬॥
લક્ષણાનિ સ્વભક્તેભ્યો ય ઉવાચ દયાનિધિઃ । નાનાવિધૈઃ પ્રસંસ્તં નગૈભામો ભક્તિનંદનમ ॥૧૭॥
નિર્જૈર્વચોઽમૃતૈલોકતર્પયધો નિજાશ્રિતાન । પ્રીતો નઃ સર્વદા સોઽસ્તુ શ્રીહરિર્ધર્મનંદનઃ ॥૧૮॥
તાદ્વચોઽમૃતપાતારો યે સ્યુસ્તત્પદસં શ્રયા: । સત્સંગિનઃ પ્રસન્નાસ્તે ભવન્ત્વસ્માસુ સર્વદા ॥૧૯॥

॥ ઇતિ શ્રી ભક્તિધર્માત્મજઃ શ્રી સહજાનંદ સ્વામી વચનામૃતાનિ સંપૂર્ણાનિ ॥

**શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્**

# ભૂગોળ-ખગોલનું વચનામૃત

સંવત ૧૮૭૬ના ભાદરવા સુદિ ૧૧ એકાદશીને દિવસે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા, તે સમયને વિષે યહ પત્ર લખાવ્યો છે તે શ્રીમદ્ ભાગવતાદિ સદ્‌ગ્રંથોને વિષેથી લખ્યું છે જે, ભરતખંડમાં મનુષ્યનો દેહ પામવો તે અતિ દુર્લભ છે; ચિંતામણિ તુલ્ય છે. જે દેહને ઈંદ્રાદિક દેવતા ઈચ્છે છે, તે દેવતાને વિષય, વૈભવ વિલાસ ને આયુષ તે તો મનુષ્યના થકી ઘણું અધિક છે, પણ ત્યાં મોક્ષનું સાધન નથી થાતું; મોક્ષનું સાધન તો ભરતખંડને વિષે મનુષ્યદેહ પામ્યા થકી થાય છે, તે વિના બીજે કોઈ ઠેકાણે ને કોઈ દેહને વિષે થાતું નથી. એ હેતુ માટે સર્વ દેશથી મૃત્યુલોકમાં ભરતખંડને વિષે મનુષ્યનો દેહ પામવો તે અધિક છે. તેને તુલ્ય બીજું કોઈ ચૌદ લોકમાં સ્થાનક નથી. તે ચૌદ લોકનાં નામ - યહ આ **મૃત્યુલોક** છે તેથી ઊર્ધ્વ છ લોક છે. તેમાં પ્રથમ **ભુવર્લોક** છે. ૧ તેમાં મલિન દેવ રહે છે. તેથી ઊર્ધ્વ બીજો **સ્વર્ગલોક** છે. ૨ તેમાં ઈંદ્રાદિક દેવ રહે છે. તેથી ઊર્ધ્વ ત્રીજો **મહર્લોક** છે. ૩ તેમાં અર્યમાદિ પિત્રિદેવ રહે છે. તેથી ઊર્ધ્વ ચોથો **જનલોક** છે. ૪ તેથી ઊર્ધ્વ પાંચમો **તપલોક** છે. ૫ એ બે લોકમાં ભૃગ્વાદિ ઋષિ રહે છે. તેથી ઊર્ધ્વ છઠ્ઠો **સત્યલોક** છે. ૬ તેમાં બ્રહ્મા રહે છે. એ સત્યલોક સહિત સાત લોક છે તે મૃત્યુલોકથી અધો જે હેઠા સાત લોક છે. તેમાં પ્રથમ તો **અતળ** ૧, બીજો **વિતળ** ૨, ત્રીજો **સુતળ** ૩, એ ત્રણેને વિષે દૈત્ય રહે છે. તેથી હેઠો **તળાતળ** ૧, બીજો **મહાતળ** ૨, ત્રીજો **રસાતળ** ૩ એ ત્રણમાં નિશાચર રહે છે. ૬ એને હેઠા કહ્યા તેથી હેઠો સાતમો પાતાળ છે. ૭ તેમાં સર્પ રહે છે. એ સાત લોક તે મૃત્યુલોકથી હેઠા છે તે સહિત સર્વ થઈને ચૌદ લોક થયા તેમાં મૃત્યુલોક તે શ્રેષ્ઠ છે. તે મૃત્યુલોકના સાત દ્વીપ છે. તે ચક્રાકાર છે ને તેને મધ્યે જંબુદ્વીપ છે. તે એક લક્ષ યોજનનો છે. તેને ફરતો ખારા જળનો સમુદ્ર છે તે પણ એક લાખ જોજનનો છે. ૧ તેથી બીજો પ્લક્ષ નામે દ્વીપ છે, તે બે લાખ જોજનનો છે. તેને ફરતો સમુદ્ર તે પણ બે લાખ જોજનનો છે. ૨ તેનું જળ ઈક્ષુ જે શેરડીના રસ જેવું છે ને તેથી ત્રીજો શાલ્મલિદ્વીપ છે તે ફરતો છે તે ચાર લાખ જોજનનો છે. તેને ફરતો સમુદ્ર છે તે ચાર લાખ યોજનનો છે. તેનું જળ તે સુરા જે દારૂ તેના જેવું છે. ૩ તેથી ચોથો કુશદ્વીપ છે તે ફરતો છે. ને તે આઠ લાખ જોજનનો છે, ને તેવડો ફરતો સમુદ્ર છે. ને તેનું જળ ઘૃત જે ઘી તે જેવું છે. ૪ ને તેથી પાંચમો ક્રૌંચદ્વીપ છે, તે સોળ લાખ જોજનનો છે. ને તેવડો ફરતો સોળ લાખ જોજનનો સમુદ્ર છે. તેનું જળ તે ક્ષીર જે દૂધ તે જેવું છે. ૫ તેથી છઠ્ઠો શાકદ્વીપ છે. તે બત્રીશ લાખ જોજનનો છે. તેને ફરતો સમુદ્ર છે તે તે જેવડો છે. તેનું જળ તે દધીમંડોદ જે દહીં તેના ઘોળવા જેવું છે. ૬ તેથી સાતમો પુષ્કરદ્વીપ છે. તે ચોસઠ લાખ યોજનનો છે. ને તેને ફરતો સમુદ્ર છે તે પણ ચોસઠ લાખ જોજનનો છે. તેનું જળ તો સુધા જેવું મીઠું છે. ૭ એવી રીતે સાત દ્વીપ છે.

તેમાં આ જંબુદ્વીપ છે તે શ્રેષ્ઠ છે ને તે જંબુદ્વીપના નવ ખંડ છે. તે કેમ છે તો એ દ્વીપ છે તેને મધ્યે સુવર્ણનો મેરુ પર્વત છે. તે પર્વતની તલાટીમાં ચારે પાસે ફરતો એક **ઈલાવર્ત** નામે ખંડ છે. તેમાં **સંકર્ષણ**ની ઉપાસના છે ને ત્યાં શિવજી મુખ્ય ભક્ત છે. અને વળી તે મેરુથી પશ્ચિમ દિશાએ એક **કેતુમાળ** નામે ખંડ છે ને તેનું **સુભગ** એવું બીજું પણ નામ છે ને તેમાં **પ્રદ્યુમ્ન**ની ઉપાસના છે ને ત્યાં લક્ષ્મીજી મુખ્ય ભક્ત છે. અને વળી તે મેરુથી ઉત્તર દિશાએ ત્રણ ખંડ છે. તેમાં પ્રથમ **રમ્યક** નામે ખંડ છે તેમાં **મત્સ્ય ભગવાન**ની ઉપાસના

છે. ને ત્યાં સાવર્ણિ મનુ મુખ્ય ભક્ત છે. ને તેથી ઉત્તરમાં બીજો **હિરણ્યમય** ખંડ છે ને તેમાં **કૂર્મજી**ની ઉપાસના છે. ને ત્યાં અર્યમા મુખ્ય ભક્ત છે. ને તેથી ઉત્તરમાં બીજો **કુરુ** ખંડ છે. ને તેમાં **વરાહ**ની ઉપાસના છે. ને ત્યાં પૃથ્વી મુખ્ય ભક્ત છે. એ પાંચ ખંડ થયા. ને વળી તે મેરુથી પૂર્વ દિશામાં **ભદ્રાશ્વ** નામે ખંડ છે ને ત્યાં **હયગ્રીવ**ની ઉપાસના છે ને તેમાં ભદ્રશ્રવા નામે મુખ્ય ભક્ત છે. અને વળી તે મેરુથી દક્ષિણ દિશામાં ત્રણ ખંડ છે ને તેમાં પ્રથમ **હરિવર્ષ** ખંડ છે. તેને વિષે **નૃસિંહજી**ની ઉપાસના છે ને પ્રહ્‌લાદજી મુખ્ય ભક્ત છે. ને તેથી દક્ષિણ દિશામાં બીજો **કિંપુરુષ** નામે ખંડ છે તેમાં **રામ-લક્ષ્મણજી**ની ઉપાસના છે, ત્યાં હનુમાનજી મુખ્ય ભક્ત છે. ને તેથી દક્ષિણ દિશામાં **ભરત** ખંડ છે ને તેમાં **નારાયણદેવ**ની ઉપાસના છે ને ત્યાં નારદજી મુખ્ય ભક્ત છે. એવી રીતે આ જંબુદ્વીપ તેના નવ ખંડ કહ્યા તેમને વિષે ભરતખંડ છે તે અતિ શ્રેષ્ઠ છે. તે શા હેતુ માટે તો બીજા આઠ ખંડ છે તેમાં ભોગવિલાસનાં સુખ તો ઘણાં અધિક છે પણ મોક્ષનું સાધન ત્યાં થાતું નથી તે **મોક્ષનું સાધન તે તો એક ભરતખંડમાં જ થાય છે. તે હેતુ માટે આ ભરતખંડને તુલ્ય ચૌદ લોકને વિષે બીજું કોઈ ઠેકાણું નથી.**

અને વળી ભરતખંડ છે તેમાં પણ તેર દેશ છે. તે અનાર્ય કહેતા કઠોર છે. તે કહીએ છીએ - એક તો બંગાળ ૧, બીજો નેપાળ ૨, ત્રીજો ભૂટ ૩, ચોથો કામાક્ષી ૪, પાંચમો સિંધ ૫, છઠ્ઠો કાબુલ ૬, સાતમો લાહોર ૭, આઠમો મુલતાન ૮, નવમો ઈરાન ૯, દશમો અસતંબોલ ૧૦, અગિયારમો અરબાન ૧૧, બારમો સ્વાલ ૧૨, તેરમો પિલપિલામ ૧૩. એ તેર દેશ મલિન છે તેમાં જે મનુષ્યદેહ પામે તેને મોક્ષના દાતા એવા જે સદ્‌ગુરુ તેનો જોગ મળવો ને મોક્ષના ધર્મને સમજવું તે ઘણું કઠણ છે. હવે બીજા સાડાબાર દેશ છે તે આર્ય કહેતાં ઉત્તમ છે તેમનાં નામ - જે પ્રથમ તો એક પૂર્વ ૧, બીજો વ્રજ ૨, ત્રીજો માલવ ૩, ચોથો મારુ ૪, પાંચમો પંજાબ ૫, છઠ્ઠો ગુજરાત ૬, સાતમો દક્ષિણ ૭, આઠમો મલબાર ૮, નવમો તિલંગ ૯, દશમો દ્રાવિડ ૧૦, અગિયારમો બારમલાર ૧૧, બારમો સોરઠ ૧૨, અરધો કચ્છ એ **સાડાબાર દેશ ઉત્તમ છે તેમાં સદ્‌ગુરુ ને બ્રહ્મવેત્તા સંત તેમનું પ્રગટપણું** ઘણું રહે છે. ને તે દેશમાં મનુષ્યદેહ પામે છે તેમને ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન એ સમજાય એમ છે ને મોક્ષના મારગને જાણે એમ છે. તે કેમ જાણે તો એ જે ઉત્તમ દેશ છે તેને વિષે ભગવાનના અવતાર ઘણાક થાય છે એટલા માટે એ દેશ શ્રેષ્ઠ છે અને ભરતખંડના સર્વ મનુષ્ય છે તે મોક્ષનો ઉપાય કરે તો મોક્ષ થાય એમ છે ને ન કરે તો ન થાય. માટે જે વિવેકી છે તેને હિંસાદોષ રહિત થઈને કુસંગનો ત્યાગ કરીને સદ્‌ગુરુ ને બ્રહ્મવેત્તા સંતનો આશ્રય કરીને તેમને સેવવા ને તે સદ્‌ગુરુ ને સંત તેમનાં લક્ષણ સદ્‌ગ્રંથોને વિષે લખ્યાં છે જે ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન એ આદિક શુભ ગુણ સંપન્ન હોય તેને ઓળખીને તેનો આશ્રય કરવો ને તે કહે તેવી રીતે તેના વચનમાં પોતાનાં દેહ, ઇન્દ્રિયો ને અંતઃકરણ તે રાખવાં ને ભગવાનનું ભજન કરવું એ જ મોક્ષનું સાધન છે. તે જેણે ભૂતકાળે કીધું ને વર્તમાનકાળે કરે છે ને ભવિષ્યકાળે કરશે તેને અમૂલ્ય મનુષ્યદેહનો લાભ થયો એમ જાણવું ને તેને સમજુ ને મોટો જાણવો. અને એમ નથી સમજતો ને તુચ્છ સંસારના સુખમાં લોભાઈને કાળના કોળિયા એવા જે ખોટા મતવાદી ગુરુ તેનાં વચન માનીને આવો મનુષ્યદેહ અમૂલ્ય છે તેને ખૂએ છે, ને તે જગતમાં તો ડાહ્યા કહેવાતા હોય તથા સમજુ કહેવાતા હોય તથા મોટા કહેવાતા હોય ને તેની જગતમાં યશ-કીર્તિ ઘણી હોય તે તો સર્વે સ્વપ્ન તુલ્ય છે. તેને સાચું માનીને તેમાં મોહ પામ્યા છે ને મોક્ષનો ઉપાય નથી સમજતા તો બ્રહ્મવેત્તા સાધુ ને સદ્‌ગ્રંથ છે તે તેમને મૂર્ખ કહે છે, આત્મઘાતી કહે છે ને તેમને પાછો ફરીને આવો **મોક્ષ-ક્ષેત્રમાં મનુષ્યનો દેહ મળવો તેની વિલંબ તો ઘણી છે.**

તે સદ્‌ગ્રંથોને અનુસારે લખ્યું છે જે આપણાં વર્ષ ૬૬૬ છસો ને છાસઠ ને માસ ૮ આઠ જાય છે ત્યારે બ્રહ્માનો ૧ લવ થાય છે. એવા ૬૦ લવનું ૧ એક નિમિષ તે આપણાં વર્ષ ૪૦,૦૦૦ ચાળીશ હજાર જાય ત્યારે

બ્રહ્માનું એક નિમિષ થાય. એવા ૬૦ સાઠ નિમિષનું એક પળ તે આપણાં વર્ષ ૨૪,૦૦,૦૦૦ ચોવીશ લાખ જાય ત્યારે બ્રહ્માનું ૧ પળ થાય. એવા ૬૦ સાઠ પળની ૧ એક ઘડી તે આપણાં વર્ષ ૧૪,૪૦,૦૦,૦૦૦ ચૌદ કરોડ ને ચાલીશ લાખ જાય ત્યારે બ્રહ્માની એક ઘડી થાય છે. એવી ૩૦ ત્રીશ ઘડીનો ૧ એક દિવસ તે આપણાં વર્ષ ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ ચાર અબજ ને બત્રીશ કરોડ થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય છે. તે ચાર જુગની ૧ એક ચોકડી ૧૭,૨૮,૦૦૦ સત્તર લાખ ને અઠ્ઠાવીશ હજાર સતયુગ. ૧૨,૯૬,૦૦૦ બાર લાખ ને છન્નું હજાર ત્રેતાયુગ. ૮,૬૪,૦૦૦ આઠ લાખ ચોસઠ હજાર દ્વાપર. ૪,૩૨,૦૦૦ ચાર લાખ ને બત્રીશ હજાર કળિનાં. ૪૩,૨૦,૦૦૦ ત્રેંતાળીશ લાખ ને વીશ હજાર વર્ષ થાય ત્યારે ૧ એક ચોકડી થાય. એવી બ્રહ્માના ૧ દિવસમાં ૧ એક હજાર ચોકડી યુગની થાય છે. તે બ્રહ્માના ૧ એક દિવસમાં ૧૪ ચૌદ મનુ ને ૧૪ ચૌદ ઇંદ્ર તે તુલ્ય રાજ્ય કરીને નાશ પામે છે. ૧ એક મનુ ને ૧ એક ઇંદ્ર આપણાં વર્ષ ૩૦,૮૫,૭૧,૪૨૮ ત્રીશ કોટિ ને પંચાશી લાખ ને ઇકોતેર હજાર ને ચારસે અઠ્ઠાવીશ ને તે ઉપરાંત માસ ૬ છો ને દિવસ ૨૫ પચીશ, ઘડી ૪૨ બેંતાળીશ, પળ ૫૧ એકાવન, નિમિષ ૨૫ પચીશ, લવ ૪૨ બેતાળીશ ને ઉપરાંત ૧૨ બાર લવનો ચૌદમો ભાગ એટલું એક એક રહીને ચૌદ ઇંદ્ર થઈ જાય છે. તે બ્રહ્માના લવ-નિમિષાદિક સર્વ દિવસમાં ઊપજીને નાશ થાય છે. તેનું નામ પ્રથમ **નિત્ય પ્રલય** કહેવાય છે ને તે બ્રહ્માની એક રાત્રિ થાય છે ત્યારે બ્રહ્મા સૂએ છે ત્યારે સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રિલોકનો નાશ થાય છે. તે જેવડો દિવસ છે તેવડી રાત્રિ છે તે આપણાં વર્ષ ૮,૬૪,૦૦,૦૦,૦૦૦ આઠ અબજ ને ચોસઠ કરોડ થાય ત્યારે બ્રહ્માની અહોરાત્રિ થઈને એક દિવસ થાય છે તે દિવસ દિવસ પ્રત્યે નાશ થાય છે ને દિવસાંતરે પાછું કરે છે ને તે નાશ થાય છે. તેનું નામ ૨ બીજો **નિમિત્ત પ્રલય** કહેવાય છે એ બ્રહ્માના ૧ એક દિવસની અવધિ કહી. એવા ૩૦ ત્રીશ દિવસનો ૧ એક માસ. એવા બાર માસનું ૧ એક વર્ષ. એવાં ૧૦૦ સો વર્ષ બ્રહ્મા દેહ રાખે છે. તે બ્રહ્મા દેહ મૂકે ત્યારે એ ચૌદ લોક સહિત બ્રહ્માંડનો નાશ થાય છે. ત્યારે પ્રકૃતિથી ઊપજ્યું જે કારજ તે સર્વ પ્રકૃતિમાં લય પામે છે એ ત્રીજો **પ્રાકૃત પ્રલય** કહેવાય છે, ચોથો **આત્યંતિક પ્રલય** થાય છે ત્યારે તો અનંતકોટિ બ્રહ્માંડનો નાશ થાય છે, તે દિવસ તો પ્રધાનપુરુષનું કારણ એ જે પ્રકૃતિપુરુષ તે પોતાને વિષે અનંત બ્રહ્માંડને પ્રતિલોમ કરીને પોતે અક્ષરપુરુષના તેજમાં લીન થાય છે. તેનું નામ ચોથો આત્યંતિક પ્રલય કહેવાય છે. તે પ્રલયકાળે જેમ પ્રતિલોમ થાય છે તેમ ઉત્પત્તિકાળે અનુક્રમે તેથી લોમ જ ઉત્પન્‍ન થાય છે. એ તો ચાર પ્રકારના પ્રલયનું કહ્યું. પણ ત્રીજો પ્રાકૃત પ્રલય તે બ્રહ્માની આયુષ-અવધિનો કીધો એવા સાડી ત્રણ કોટિ પ્રાકૃત થઈ જાય છે ત્યારે એ જીવ છે તે આવો દેહ મનુષ્યદેહ પામ્યો હોય તે દેહ વૃથા ખોટા માયિક સુખ ને મતવાદી ગુરુને આશરે રહીને હારે છે. તે જીવ યમયાતના ને નરકકુંડનાં દુઃખ ને લખચોરાસી જાતના જે દેહ છે તેનાં દુઃખ ભોગવીને તેમાં ફરી પાછો સાડી ત્રણ કોટી પ્રાકૃત પ્રલય કહ્યા એવા થાશે ત્યારે ફરીને મોક્ષક્ષેત્રમાં આવો મનુષ્યનો દેહ પામે છે. એટલી ફરીને મનુષ્યદેહ પામવાનો વિલંબ છે. માટે હે ભાઈ ! સૂઝે તો આજ સમજીને મોક્ષના દાતા જે સદ્‌ગુરુ ને સંત તેનો આશ્રય કરીને તેની આજ્ઞામાં પોતાનો દેહ ને ઇન્દ્રિયોને અંતઃકરણને વર્તાવીને પોતાના આત્માનું શ્રેય કરીને ભગવાનના ધામને પહોંચો, ને જો આજ એ વાત નહિ સમજો ને આવો મનુષ્યદેહ મોક્ષના સાધનનું ધામ છે તે વૃથા હારશો તો ફરી પાછો આવો જોગ મળવાની વિલંબ તો મોરે લખી એટલી છે. તે પ્રમાણે ભોગવીને તે અવધિ પૂરી થાશે. તે દિવસ જોગ મોક્ષ થવાનો થાશે તે દિ' જો વિચારશો તો થાશે ને નહિ વિચારો તો તે દિ' પણ મોક્ષ થાશે નહિ એ સિદ્ધાંત વાર્તા છે. સમજુ હોય તે વિચારજો ને મૂરખને માથે તો શ્રુતિ-સ્મૃતિની આમન્યા નથી; તે તો કોઈ એ વાતને સમજશે નહિ. ઇતિ વચનામૃતમ્ **॥૧॥** શ્રીરસ્તુ શ્રીરસ્તુ શ્રીરસ્તુ.

# અથ નિષ્કામ શુદ્ધિ પ્રારભ્યતે

**સુવ્રત ઉવાચ**

**ષષ્ઠયા નિશાગમેરાજન્ સદસ્યુચ્યાસનસ્થિતમ્ ।**
**બ્રહ્માનંદો મુનીદ્રસ્તં પ્રણમ્યાડપૃચ્છદીશ્વરમ્ ॥૧॥**

અર્થ :- સુવ્રત નામે ઋષિ જે તે પ્રતાપસિંહ નામે રાજા પ્રત્યે કહે છે ॥ હે રાજન છઠ્યને દિવસ સંધ્યા-આરતી થયા કેડે સભાને વિષે ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન એવા ને સાક્ષાત્ પરમેશ્વર નારાયણ એવા જે સહજાનંદ સ્વામી મહારાજ તેમને નમસ્કાર કરીને મુનિ મધ્યે શ્રેષ્ઠ એવા જે બ્રહ્માનંદ મુનિ તે જે તે પૂછતા હવા **॥૧॥** હે ભગવન ! આ ઉદ્ધવ સંપ્રદાયને વિષે તમારા ભક્ત એવા જે અમે ઘણાક પુરુષ તે જે તે નિષ્કામ એવું જે બ્રહ્મચર્યવ્રત તેને આશર્યા છીએ **॥૨॥** હે સ્વામિન ! તે જે અમે તે અમને ક્યારેક સ્ત્રીના સંબંધે કરીને તે બ્રહ્મચર્યવ્રતનો ભંગ થઈ જાય ત્યારે તેની શુદ્ધિ જે પ્રાયશ્ચિત્ત તે જેમ હોય તેમ તમે કહેવાને યોગ્ય છો. **॥૩॥** એવી રીતે પૂછ્યા એવા શ્રી નારાયણમુનિ જે શ્રી સહજાનંદ સ્વામી મહારાજ તે જે તે બોલતા હવા ॥ હે મુનિ ! જાણીને તો તે બ્રહ્મચર્યવ્રતનો જે ભંગ તે ક્યારેય ન કરવો અને જો અજાણે તે વ્રતનો ભંગ થઈ જાય તો તેની શુદ્ધિ જે તે તત્કાળ કરવી. **॥૪॥** અને તે શુદ્ધિએ કરીને અષ્ટ અંગે જુક્ત એવું જે બ્રહ્મચર્યવ્રત તેનું રક્ષણ થાય છે અને તે બ્રહ્મચર્યવ્રતના રક્ષણ થકી ભગવાનના જે ત્યાગી ભક્ત તેમને એકાંતિકપણું થાય છે તે કારણપણા માટે તે શુદ્ધિ જે તે કહીએ છીએ. **॥૫॥** નિષ્કામ એવું જે બ્રહ્મચર્યવ્રત તેનો પાળનારો જે પુરુષ તે જે તે સ્ત્રીઓની જે વાર્તા તેને પ્રીતિએ કરીને કાન દઈને ક્યારેય પણ જો સાંભળે તો એક ઉપવાસ કરે **॥૬॥** અને તે નિષ્કામ વ્રતવાળો જે પુરુષ તે જે તે સત્શાસ્ત્ર જે શ્રીમદ્ ભાગવતાદિક ગ્રંથ તેને વિષે કહી જે સ્ત્રીઓના ગુણ-અવગુણની કથા તે વિના જો બીજી સ્ત્રીઓના ગુણનું વર્ણન કરે તો એક ઉપવાસ કરે અને તેમ જ તે સ્ત્રીઓના અવગુણનું જો વર્ણન કરે તો પણ એક ઉપવાસ કરે **॥૭॥** અને અસત્કાવ્ય જે રસમંજરી ને રસિકપ્રિયા આદિક રસિક ગ્રંથ તેમને વિષે વર્ણન કર્યા એવા જે મુગ્ધા, મધ્યા આદિક સ્ત્રીઓના ભેદ તેમને જો નિષ્કામ વ્રતવાળો પુરુષ સાંભળે તો એક ઉપવાસ કરે અથવા તે ભેદનું જો પોતે વર્ણન કરે તો પણ એક ઉપવાસ કરે **॥૮॥** અને પોતાની ઇચ્છાએ કરીને પરસ્પર ક્રીડા કરતી એવી જે સ્ત્રીઓ તેમને જોતો થકો મૂરખની પેઠે ઘડીક વાર જો ત્યાં ઊભો રહે તો એ નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે એક ઉપવાસ કરે **॥૯॥** અને સ્ત્રીની દૃષ્ટિ સંગાથે પોતાની દૃષ્ટિને બાંધતો થકો ક્ષણમાત્ર પણ જો તે સ્ત્રીને જુએ તો એ નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે એક ઉપવાસ કરે **॥૧૦॥** અને સ્ત્રીના અંગ ઉપર રહ્યું જે વસ્ત્ર તેનો જો સ્પર્શ થાય તો નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે એક ઉપવાસ કરે અને સ્ત્રીના હાથ, પગ આદિક જે અંગ તેનો જો સ્પર્શ થાય તો એક ઉપવાસ કરે અને સ્ત્રીને પહેરવાનું જે વસ્ત્ર તેનો જો સ્પર્શ થાય તો પણ એક ઉપવાસ કરે અને તે વસ્ત્ર જો ધોયું થકું ભીનું હોય અથવા ધોયું થકું સુકાયેલું હોય અથવા નવું હોય તેને અડી જવાય તો તેનો ઉપવાસ નહિ અને સ્ત્રીએ પોતાના અંગ ઉપરથી ઉતારીને મૂક્યું જે વસ્ત્ર તેને જો અડી જવાય તો એક ઉપવાસ કરે **॥૧૧॥** અને નિષ્કામ વ્રતવાળો જે પુરુષ તે જે તે જો ભગવાનની વાર્તા સ્ત્રીને સંભળાવવા સારુ પુરુષની આગળ કરે તો એક ઉપવાસ કરે **॥૧૨॥** અને જેના ચિત્તને વિષે સ્ત્રી સંબંધી મલિન સંકલ્પ પણ જો થઈ જાય તો તે નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે એક ઉપવાસ કરે ॥ અને સ્ત્રી સંગાથે બોલી જવાય તો એક ઉપવાસ કરે **॥૧૩॥** અને પુરુષ પાસે સ્ત્રીને છાની જ્ઞાનવાર્તા જો કહી મોકલે તો તે નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે એક ઉપવાસ કરે તથા તે સ્ત્રીએ કોઈક પુરુષ પાસે છાની વાર્તા કહેવરાવી હોય ને તેને જો છાનો સાંભળે તો એક ઉપવાસ કરે **॥૧૪॥** અને નિષ્કામ વ્રતવાળો જે પુરુષ તે જે તે

ભગવાનની પ્રસાદી એવું જે પુષ્પચંદન - અન્નવસ્ત્રાદિક પદાર્થ તે જો છાનું સ્ત્રીને દઈ મોકલે તો એક ઉપવાસ કરે **॥૧૫॥** અને સ્ત્રીએ મોકલ્યું જે ભગવાનનું પ્રસાદી એવું પુષ્પ, ચંદન, અન્નાદિક વસ્તુ તેને જો છાનું ગ્રહણ કરે તો એ નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે એક ઉપવાસ કરે **॥૧૬॥** અને પુસ્તક લખીને અથવા લખાવીને જો છાનું સ્ત્રીને અર્થે મોકલે તો તે નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે એક ઉપવાસ કરે ॥ અને પુસ્તક લખાવવા સારુ સ્ત્રીએ મોકલ્યા જે કોરા કાગળ તેને જો છાના ગ્રહણ કરે તો એક ઉપવાસ કરે **॥૧૭॥** અને અન્ન-વસ્ત્રાદિક જે કાંઈક પદાર્થ હોય ને તે છાનું સ્ત્રીને અર્થે મોકલે તો તે નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે એક ઉપવાસ કરે તથા તે સ્ત્રીએ મોકલ્યું જે અન્ન-વસ્ત્રાદિક કાંઈક પદાર્થ તેને જો છાનું ગ્રહણ કરે તો તે એક ઉપવાસ કરે **॥૧૮॥** અને સ્ત્રીઓનાં જે ચિત્રામણ તેને મન દઈને જો જુએ તો તે નિષ્કામ વ્રતવાળો પુરુષ તે જે તે એક ઉપવાસ કરે ॥ તથા જો સ્ત્રીનું ચિત્રામણ પોતે કરે તો એક ઉપવાસ કરે ॥ તથા સ્ત્રીના વેશને ધારી રહ્યો જે પુરુષ તેને જો અડે તો એક ઉપવાસ કરે ॥ તથા તે સાથે જો બોલે તો એક ઉપવાસ કરે **॥૧૯॥** અને જે સ્થળને વિષે સ્ત્રીઓની જે સ્નાન-આસનાદિક ક્રિયા તે થાતી હોય ને તે સ્થળને વિષે જો તે ક્રિયાને કરે તો એ નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે એક ઉપવાસ કરે **॥૨૦॥** અને જે સ્થળને વિષે સ્ત્રીઓનો પગ ફેર હોય તે સ્થળને વિષે લઘુશંકા કરવા જાય તો તે નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે એક ઉપવાસ કરે ॥ તથા તે સ્થળને વિષે જો દિશા ફરવા જાય તો પણ એક ઉપવાસ કરે **॥૨૧॥** અને નિષ્કામ વ્રતવાળો જે પુરુષ તે જે તે જો સ્ત્રીના મુખ થકી ભગવાનની વાર્તા સાંભળવા સારુ ઊભો રહે તો તે એક ઉપવાસ કરે અને વળી જો સ્ત્રીઓને સન્મુખ બેસે તો પણ એક ઉપવાસ કરે **॥૨૨॥** અને માર્ગ પહોળો હોય તથા કોઈ આપ્તકાળ ન પડ્યો હોય તો પણ જો સ્ત્રી થકી પાંચ હાથને છેટે ન ચાલે ને ઢૂંકડો ચાલે તો નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે એક ઉપવાસ કરે **॥૨૩॥** અને નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે જો સ્ત્રી ભેળો એક ગાડા ઉપર બેસે તો તે એક ઉપવાસ કરે ॥ તથા સ્ત્રીના ચિત્રામણને અડે તો પણ એક ઉપવાસ કરે **॥૨૪॥** અને દેવતાની પ્રતિમા વિના બીજી જે કાષ્ઠ, મૃત્તિકા ને પાષાણ આદિકની સ્ત્રીની પૂતળી તેને જો અડી જવાય તો નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે એક ઉપવાસ કરે ॥ અને સ્ત્રીનું જે ગુહ્ય અંગ તેને દેખી જવાય તો એક ઉપવાસ કરે **॥૨૫॥** અને મૈથુનને વિષે આસક્ત એવાં જે પશુ તથા પક્ષી તેમને જો ક્યારેક મનને પરવશ થઈને જોવાઈ જવાય તો નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે એક ઉપવાસ કરે **॥૨૬॥** અને વાડ તથા વંડી તથા ભીંત તેણે કરીને બંધીએ યુક્ત એવું જે પોતાનું સ્થાપન તેને વિષે કોઈક પ્રયોજન સારુ અથવા અજાણે અથવા સહજ સ્વભાવે કોઈક સ્ત્રી આવે ને ત્યાં જો એકલો હોય તો તે નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે એક ઉપવાસ કરે **॥૨૭॥** અને કોઈક કાર્યને અર્થે અથવા સહજ સ્વભાવે અથવા આપત્કાળે કરીને નિષ્કામ વ્રતવાળો જે પુરુષ જે તે પોતે એકલો જ જે ઘરમાં સ્ત્રી હોય તે ઘરમાં પેસીને જો તત્કાળ પાછો નીસરી આવે તો પણ તે એક ઉપવાસ કરે **॥૨૮॥** અને સ્ત્રીના સંબંધે કરીને પોતાના વ્રતને દૂષણ પમાડે એવું મલિન સ્વપ્ન જો થાય તો તે નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે એક ઉપવાસ કરે તથા સ્ત્રીના દર્શને કરીને જો વીર્યપાત થાય તો એક ઉપવાસ કરે **॥૨૯॥** અને ભોજન કરવાને અર્થે બેઠો એવો જે નિષ્કામ વ્રતવાળો પુરુષ તેને જો સ્ત્રી પીરસે તો તે પોતાના આત્માની શુદ્ધિને અર્થે એક ઉપવાસ કરે **॥૩૦॥** અને નિષ્કામ વ્રતવાળો જે ત્યાગી પુરુષ તે જે તે બહિરવાસે કરીને નથી ઢાંક્યું કૌપીન જેણે એવો થકો જો સ્ત્રીઓએ યુક્ત એવી જે સભા તે પ્રત્યે આવે તો એક ઉપવાસ કરે. **॥૩૧॥** એવી રીતે સામાન્યપણે કરીને સ્ત્રીના સંબંધને વિષે એક એક ઉપવાસ કરવો કહ્યો અને એવી જ રીતનું જે બીજું સ્થાનક તેને વિષે પણ જો એવો સ્ત્રીનો સંબંધ થાય તો તે નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે એક ઉપવાસ કરે. **॥૩૨॥** હવે એથી કાંઈક વિશેષે સ્ત્રીનો સંબંધ થાય તેને વિષે વિશેષે ઉપવાસ કરવાની રીત્ય કહીએ છીએ. ॥ એકલી જે સ્ત્રી તે સંગાથે એકલો જે પોતે

નિષ્કામ વ્રતવાળો પુરુષ તેની એકાંત સ્થળને વિષે થોડીક વાર જો સ્થિતિ થઈ જાય તો તે નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે લાગટ ત્રણ ઉપવાસ કરે તથા એકલી જે સ્ત્રી તે ભેળે એકલા વતે જો માર્ગમાં ચલાઈ જવાય તો પણ તે લાગટ ત્રણ ઉપવાસ કરે. **॥૩૩॥** અને નિષ્કામ વ્રતવાળો પુરુષ જે તે કામવશ થઈને જો પોતાને હાથે કરીને વીર્યપાત કરે અથવા બીજાને હાથે કરીને વીર્યપાત કરાવે તો તે લાગટ ચાર દિવસ સુધી ઉપવાસ કરે. **॥૩૪॥** અને જો સાક્ષાત્ સ્ત્રીનો સંગ થાય તો બાર મહિના સુધી નિરંતર ધારણા-પારણા નામે જે વ્રત તેને કરે તે જે દિવસ ઉપવાસ કરે, તે દિવસ તો કેવળ જળ માત્ર જ પીએ અને જે દિવસ પારણા કરે તે દિવસ તો મીઠા વિનાનો કેવળ સાથવો પાણીમાં ઘોળીને પીએ એવી રીતે બાર મહિના સુધી કરે. **॥૩૫॥** અને બાર મહિના સુધી એ ધારણા-પારણા વ્રત તેને કરવાને અર્થે અસમર્થ એવો જે પુરુષ તે જે તે ધર્મશાસ્ત્રને વિષે કહ્યો જે એ પાપનિવારણનો બીજો પ્રકાર તેને જાણીને પોતાની શક્તિને અનુસારે કરીને કરે. **॥૩૬॥** અને એ નિષ્કામ વ્રતની શુદ્ધિને અર્થે જે જે ઉપવાસ કરવા કહ્યા છે તેને વિષે નિષ્કામ વ્રતવાળો જે ઉપવાસનો કરનારો પુરુષ તે જે તે એક જળમાત્ર જ પીએ પણ બીજું કાંઈ ખાય નહિ અને બાળક હોય તથા રોગી હોય તથા વૃદ્ધ હોય ને તેમને પણ જો એ પૂર્વે કહી આવ્યા તે માંહીલો ઉપવાસ કરવો પડે તો તે ઉપવાસને દિવસ એક જળમાત્ર જ પીવું પણ બીજું કાંઈ ખાવું નહિ ॥ તેમાં આઠ વર્ષથી ઉપર ને સોળ વર્ષ સુધી બાળક કહેવાય અને એંશી વર્ષનો હોય તે વૃદ્ધ કહેવાય એવી રીતે વ્યવસ્થા છે **॥૩૭॥** અને એ નિષ્કામ વ્રતના પાળવાવાળા જે પુરુષ તેમણે એટલા જે એ ઉપવાસ તે અવશ્ય કરવા કહેતાં જરૂર કરવા એવી રીતે અમારી જ આજ્ઞા છે એમ તમારે સર્વને જાણવું. **॥૩૮॥** અને નિષ્કામ વ્રતના પાળનારા જે પુરુષ તે જે તે એ નિષ્કામ વ્રતના ભંગને વિષે કહ્યા જે ઉપવાસ તેમને જો કરશે નહિ તથા તે ઉપવાસને કોઈક કરતો હશે ને તેને વારશે એ બે જણા જે તે અતિશે કામે કરીને વ્યાકુળ થાશે. **॥૩૯॥** અને એ નિષ્કામ વ્રતના ભંગના જે ઉપવાસ તેને કરશે એવા જે બાળક, વૃદ્ધ ને રોગી તેમને દયાએ કરીને જે વારે તો તેમની શુદ્ધિને અર્થે તે વારનારો પોતે તે ઉપવાસને કરે. **॥૪૦॥** અને નિષ્કામ વ્રતના પાળનારા જે પુરુષ તેમના અંતઃકરણની શુદ્ધિને અર્થે અમે કરી જે આ મર્યાદા તેને જે નિષ્કામ વ્રતવાળા પાળે તેમને અમારા ઉદ્ધવ સંપ્રદાયના જાણવા અને એ મર્યાદાને જે ન પાળે તે ઉદ્ધવ સંપ્રદાય થકી બાહેર છે ને વિમુખ છે **॥૪૧॥** હવે સુવ્રત ઋષિ કહે છે રાજન ! સર્વે દુઃખ માત્રને નાશ કરી નાખે એવા હરિ જે શ્રી સહજાનંદ સ્વામી મહારાજ તેનું જે એવી રીતનું વચન તેને સાંભળીને મોટા ઋષિ જે તે બ્રહ્માનંદમુનિ તથા તે સભાને વિષે બેઠા જે ગૃહસ્થ વિનાના બીજા એ નિષ્કામ વ્રતના પાળનારા હરિના જન તે સર્વે જે તે પ્રસન્ન થયા થકા પોતાના ભક્તજનનું જે હિત કરવું તેને વિષે તત્પર એવા જે તે શ્રીજીમહારાજ તેમને નમસ્કાર કરીને જેમ એ શ્રીજીમહારાજે કહ્યું તેવી રીતે પાળવાની સર્વે પ્રતિજ્ઞા કરતા હવા. **॥૪૨॥**

**ઈતિ પરમપવિત્રામત્ર નિષ્કામશુદ્ધિ પ્રતિદિનમનુરાગાદ્યે પઠેયુઃ પ્રભાતે ।**
**ત્રિભુવનજ્યદર્પ તે સુખેનૈવ કામં સકલગુણકલંકં નૂનમુન્મૂલયેયુઃ ॥૪૩॥**

એવી રીતે શ્રીજીમહારાજે કહીને પરમ પવિત્ર એવી જે આ નિષ્કામ શુદ્ધિ તેનો આ લોકને વિષે જે નિષ્કામ વ્રતવાળા પુરુષ તે જે દિવસ દિવસ પ્રત્યે પ્રભાતને સમે અતિ હેત થકી જો પાઠ કરે તો તે સુખે કરીને પોતાના હૃદય થકી કામને મૂળમાંથી ઉખાડી નાખે. તે કામ કેવો છે તો ત્રિલોકીનો જે જય તેણે કરીને છે અતિશે અહંકાર જેને એવો છે અને સમગ્ર જે રૂડા ગુણ માત્ર તેનો કલંકરૂપ છે કહેતા સમગ્ર રૂડા ગુણને ભૂંડા કરી નાખનારો છે.

**ઈતિ શ્રી સહજાનંદસ્વામિ શિષ્ય નિત્યાનંદમુનિ લિખિતા**
**નિષ્કામશુદ્ધિ ટીકા સમાપ્તા.**

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

# અથ વચનામૃતસ્થ વિષયાનુક્રમણિકા અકારાદિ ક્રમેણ પ્રારંભ્યતે


| વિષય | પ્રક૰ | વ૰ | પ્ર૰ | બા૰ |
|---|---|---|---|---|
| અકર્તાપણું વર્ણન | લો. | ૧૩ | ૨ | ૨ |
| અકલ્યાણ ન થવાનો હેતુ | પ્ર. | ૬૩ | ૫ | ૬ |
| અખંડ ચિંતવન થવાનો હેતુ | મ. | ૪ | ૩ | ૩ |
| અખંડ ચિંતવનનું ફળ | મ. | ૪ | ૧ | ૧ |
| અખંડ ચિંતવનનો ઉપાય | પ્ર. | ૩૦ | ૧ | ૧ |
| અખંડ ચિંતવનનો મહિમા | મ. | ૪૮ | ૧ | ૭ |
| અખંડ ભગવાનનો સંબંધ રહેવાનો ઉપાય | કા. | ૧૧ | ૨ | ૨ |
| અખંડ વૃત્તિનું દુર્લભપણું | મ. | ૩૬ | ૧ | ૧ |
| અખંડ વૃત્તિનું ફળ (પ્ર.૧/૧/૧) | પ્ર. | ૨૪ | ૧ | ૨ |
| અખંડ વૃત્તિ રહેવાનું ફળ | પ્ર. | ૨૩ | ૧ | ૨ |
| અખંડ વૃત્તિ રહેવાનો ઉપાય(કા.૭/૧/૧) | મ. | ૩૬ | ૧ | ૧ |
| અખંડ વૃત્તિ રહેવાનો હેતુ | મ. | ૩૬ | ૨ | ૨ |
| અખંડ સ્મૃતિનું ફળ | જે. | ૩ | ૨ | ૩ |
| અખંડ સ્મૃતિનો મહિમા | જે. | ૪ | ૧ | ૧ |
| અગોચર ભગવાનને રહેવાનો હેતુ | પં. | ૪ | ૧ | ૧ |
| અગ્નિદેવને પામવાનો ઉપાય | પ્ર. | ૬૫ | ૨ | ૨ |
| અચળ પાયો થવાનો હેતુ | લો. | ૧૭ | ૫ | ૮ |
| અણસમજુનું લક્ષણ | પ્ર. | ૩૭ | ૧ | ૧ |
| અતિ ભૂંડાનું લક્ષણ | મ. | ૪૭ | ૧ | ૧ |
| અધમ કહેવાનો હેતુ | પ્ર. | ૪૨ | ૧ | ૧ |
| અધર્મ નિવાસનો હેતુ | મ. | ૧૧ | ૧ | ૪ |
| અધર્મી જાણવાનો હેતુ | મ. | ૫૩ | ૧ | ૨ |
| અધર્મીનું લક્ષણ (પ્ર. ૭૭/૧/૨) | સા. | ૧૦ | ૧ | ૧ |
| અધૂરું રહેવાનો હેતુ | મ. | ૮ | ૨ | ૩ |
| અનન્ય ભક્તનું લક્ષણ (મ. ૧/૧/૩) (મ. ૬૫/૧/૩) | વ. | ૫ | ૨ | ૨ |
| અનાદિપણું જીવ, માયા, ઈશ્વર ને પરમેશ્વરનું | છે. | ૧૦ | ૨ | ૧ |
| અનાદિમુક્તનાં લક્ષણ | પ્ર. | ૧૮ | ૧ | ૪ |
| અનેક જન્મે મોક્ષ પામવાનો હેતુ | મ. | ૧૬ | ૪ | ૪ |
| અનેક જન્મે સિદ્ધ થવાનો હેતુ | લો. | ૧ | ૫ | ૫ |
| અનેક દેહ ધરવા પડ્યાનો હેતુ | અ. | ૪ | ૧ | ૨ |
| અન્યથા કર્તાપણું | લો. | ૧૩ | ૨ | ૨ |
| અન્વયપણું અક્ષરધામનું | મ. | ૬૪ | ૨ | ૩ |
| અન્વયપણું કાંતિએ કરીને | પ્ર. | ૬૩ | ૩ | ૪ |
| અન્વયપણું જીવ, ઈશ્વર, અક્ષર ને પુરુષોત્તમનું (પ્ર. ૭/૧/૧) | સા. | ૫ | ૨ | ૩ |
| અન્વયપણું જીવનું | પ્ર. | ૭૮ | ૧૯ | ૧૯ |
| અન્વયપણું પુરુષનું | પ્ર. | ૪૬ | ૧ | ૧ |

| વિષય | પ્રક૰ | વ૰ | પ્ર૰ | બા૰ |
|---|---|---|---|---|
| અન્વયપણું પુરુષપ્રકૃતિદ્વારે | પ્ર. | ૧૩ | ૧ | ૧ |
| અન્વયપણું ભગવાનનું(વ.૭/૨/૨) | છે. | ૩૭ | ૧ | ૧ |
| અપમાન મોટાનું કરવાનું ફળ | મ. | ૬૧ | ૧ | ૩ |
| અપરાધ માફ ન કરવા યોગ્ય | પ્ર. | ૭૧ | ૧ | ૧ |
| અપૂર્ણ માનવાનો હેતુ | પ્ર. | ૨૪ | ૨ | ૫ |
| અભયપદ પામવાનો ઉપાય | પ્ર. | ૪૨ | ૧ | ૩ |
| અભયપદ પામવાનો હેતુ | મ. | ૪૯ | ૧ | ૨ |
| અભયપદ આવવાનો હેતુ | લો. | ૧૭ | ૨ | ૩ |
| અભાવ દયાવાનને આવ્યાનો હેતુ | મ. | ૨૮ | ૧ | ૧ |
| અભાવ ન આવવાનો હેતુ | લો. | ૧૭ | ૩ | ૫ |
| અભાવનું ફળ | મ. | ૪૬ | ૧ | ૩ |
| અભાવ સંતનો આવ્યાનો હેતુ | લો. | ૮ | ૧ | ૧ |
| (લો. ૧૬/૭/૬) | લો. | ૧૭ | ૨ | ૩ |
| અભેદપણે ભજવાનો નિષેધ | છે. | ૨૬ | ૩ | ૪ |
| અયોધ્યાવાસીની પ્રશંસા તથા ભલામણ | અ. | ૩ | ૩ | ૪ |
| અર્થનું રૂપ | અ. | ૫ | ૪ | ૪ |
| અર્થ સર્વ પ્રાપ્ત થવાનું કારણ | છે. | ૨ | ૧ | ૨ |
| અર્થાર્થી કહેવાનું કારણ | પ્ર. | ૪૩ | ૧ | ૧ |
| અલૌકિકપણું રહેવાનો ઉપાય | સા. | ૨ | ૩ | ૩ |
| અવગુણ આવ્યાનો હેતુ | લો. | ૧૭ | ૫ | ૮ |
| અવગુણ ટાળ્યાનો ઉપાય(લો.૧/૧૦/૧૦) | જે. | ૩ | ૨ | ૩ |
| અવગુણ (ત્યાગીનો) ભગવાનને આવવાનો હેતુ | છે. | ૧૯ | ૧ | ૧ |
| અવગુણ ન આવવાનો હેતુ (કા. ૯/૨/૨) | પ્ર. | ૭૮ | ૩ | ૩ |
| | વ. | ૧૧ | ૪ | ૫ |
| અવગુણ ન ભાસવાનો હેતુ | મ. | ૪૪ | ૧ | ૨ |
| અવગુણ ન લેનારનું ધર્મ, વૈરાગ્યવાળાથી વિશેષપણું | છે. | ૧૧ | ૪ | ૪ |
| અવગુણ ન લેવાનું કારણ | છે. | ૧ | ૧ | ૨ |
| અવગુણ ન લેવાનું ફળ | મ. | ૪૬ | ૧ | ૪ |
| અવગુણ નિષેધ | મ. | ૪૬ | ૧ | ૪ |
| અવગુણનું ફળ (છે. ૧૨/૧/૧) | જે. | ૩ | ૨ | ૩ |
| અવગુણ ભક્તનો ન લેવાની આજ્ઞા | છે. | ૨૧ | ૧ | ૩ |
| અવગુણ ભગવાનનો ન આવવાનો હેતુ | મ. | ૧૭ | ૨ | ૨ |
| અવગુણ લેનાર ન લેનારનો વિવેક | છે. | ૩૫ | ૨ | ૨ |
| અવગુણ લેવાની આજ્ઞા (છે.૨૧/૧/૩) | પ્ર. | ૫૩ | ૧ | ૧ |
| અવગુણ વધુ સૂઝવાનું કારણ | મ. | ૪૪ | ૧ | ૧ |
| અવગુણ સાધુનો આવવાનો હેતુ | છે. | ૩૯ | ૧ | ૨ |

| વિષય | પ્રક૦ | વ૦ | પ્ર૦ | બા૦ |
|---|---|---|---|---|
| અવગુણ હરિજનનો લેવાનો હેતુ | છે. | ૨૧ | ૧ | ૩ |
| અવતાર, અવતારી ભેદ નિરૂપણ | લો. | ૧૪ | ૧ | ૨ |
| (લો.૧૩/૨/૨) | મ. | ૬૪ | ૧ | ૧ |
| અવતાર ધર્યાનું પ્રયોજન (કા.૫/૧/૧) | | | | |
| (વ.૧૨/૧/૧)(વ.૧૩/૧/૧) | મ. | ૧૯ | ૧ | ૨ |
| (મ.૪૬/૧/૨) | છે. | ૨૧ | ૧ | ૧ |
| અવતાર ધારણ કરવાનો હેતુ | લો. | ૭ | ૧ | ૨ |
| અવતાર વૈરાજદ્વારે કહેવાનો હેતુ | મ. | ૩૧ | ૧ | ૪ |
| અવતારીપણાનું નિરૂપણ (લો. ૧૪/૧/૨) | મ. | ૧૩ | ૧ | ૨ |
| (વ૦૧૨/૧/૧) (અ.૪/૧/૧) | અ. | ૬ | ૧ | ૧ |
| (અ. ૪/૧/૨) | | | | |
| અવતારનું નિર્મોહીપણું | મ. | ૬૫ | ૧ | ૧ |
| અવતારોનું ન્યૂનાધિકપણું | લો. | ૧૪ | ૧ | ૨ |
| અવતારોરૂપે દેખાવાનું પ્રયોજન | લો. | ૪ | ૨ | ૨ |
| અવસ્થાઓનું લક્ષણ | સા. | ૬ | ૧ | ૧ |
| અવિદ્યાના બંધનથી મુકાવાનો ઉપાય | પ્ર. | ૧૨ | ૧ | ૧ |
| અવિવેક ટળવાનો ઉપાય | પ્ર. | ૬ | ૧ | ૨ |
| અવિવેકીનું લક્ષણ(પ્ર.૬/૧/૧) | | | | |
| (પ્ર. ૨૬/૧/૧) | છે. | ૧૪ | ૧ | ૧ |
| અષ્ટાંગયોગનું ફળ | પ્ર. | ૨૫ | ૧ | ૨ |
| અસત્પુરુષની સમજણ | લો. | ૧૧ | ૧ | ૧ |
| અસત્પુરુષપણાનું વર્ણન | મ. | ૪૭ | ૧ | ૧ |
| અસદ્‌વાસના ટાળવાનું કારણ | પ્ર. | ૭૮ | ૨૩ | ૨૩ |
| અસદ્‌વાસના થવાનો હેતુ | પ્ર. | ૭૮ | ૨૦ | ૨૦ |
| અસાધારણ પ્રીતિ જણાવવાનું કારણ | પ્ર. | ૫૯ | ૩ | ૩ |
| અસાધારણ પ્રીતિ ન જણાવવાનું કારણ | પ્ર. | ૫૯ | ૨ | ૨ |
| અસાધારણ ભક્તિ આવવાનો ઉપાય | વ. | ૩ | ૩ | ૩ |
| અસાધારણ ભક્તિનું લક્ષણ | વ. | ૩ | ૨ | ૨ |
| અસાધારણ લક્ષણ પુરુષોત્તમનું | અ. | ૫ | ૧ | ૧ |
| અસાધારણ સ્નેહનું કારણ | પ્ર. | ૫૯ | ૧ | ૧ |
| અસુર ન મટવાનો હેતુ | છે. | ૨૨ | ૨ | ૫ |
| અસુરનું લક્ષણ | પ્ર. | ૭૭ | ૧ | ૧ |
| અસૂયાની પ્રવૃત્તિનો હેતુ | સા. | ૮ | ૧ | ૧ |
| અસંગીપણું ભગવાનનું | સા. | ૮ | ૧ | ૧ |
| અહંકાર આવવાનો હેતુ | જે. | ૧ | ૨ | ૨ |
| અહંકાર નિષેધ | છે. | ૨૬ | ૩ | ૪ |
| અહંકારનું લક્ષણ | પ્ર. | ૧૨ | ૨ | ૨ |
| અહંબુદ્ધિ નિવૃત્તિનો ઉપાય | પ્ર. | ૮ | ૧ | ૩ |
| અહંમમત્વ ન ટાળવાનો હેતુ | પ્ર. | ૪૪ | ૪ | ૪ |
| અહિંસાધર્મ પ્રતિપાદન | પ્ર. | ૬૯ | ૧ | ૧ |
| અક્ષરથી ન્યારાપણું | પ્ર. | ૭૨ | ૨ | ૪ |
| અક્ષરથી પરપણું | પ્ર. | ૭૨ | ૨ | ૩ |

| વિષય | પ્રક૦ | વ૦ | પ્ર૦ | બા૦ |
|---|---|---|---|---|
| અક્ષરધામ કાંતિવાચક | પ્ર. | ૬૩ | ૩ | ૪ |
| અક્ષરધામ પામવાનો ઉપાય | મ. | ૩૨ | ૧ | ૨ |
| અક્ષરધામ પામવાનો હેતુ | સા. | ૧૧ | ૨ | ૩ |
| અક્ષરધામના બે ભેદ | મ. | ૪૨ | ૧ | ૧ |
| અક્ષરધામની મોટપ વર્ણન | મ. | ૪૨ | ૧ | ૧ |
| અક્ષરધામનું મધ્ય વર્ણન | મ. | ૪૨ | ૧ | ૨ |
| અક્ષરધામને પમાડવાનો હેતુ | જે. | ૫ | ૧ | ૧ |
| અક્ષરધામમાં રહ્યા થકા દેખાવાપણું | મ. | ૪૨ | ૧ | ૨ |
| અક્ષરધામ મૂર્તિ ભેળું ભાસવાનો હેતુ | પ્ર. | ૭૧ | ૫ | ૫ |
| અક્ષરધામરૂપ ફળ પામવાનો હેતુ | મ. | ૧૦ | ૧ | ૧ |
| અક્ષરનાં બે સ્વરૂપ | પ્ર. | ૨૧ | ૧ | ૭ |
| અક્ષરની મોટાઈ વર્ણન | પ્ર. | ૬૩ | ૩ | ૩ |
| અક્ષરનું આત્માના દૃશ્યપણે વ. | પ્ર. | ૬૪ | ૧ | ૧ |
| અક્ષરનું મહત્ત્વપણું (પ્ર.૫૧/૧/૧) | પ્ર. | ૬૩ | ૩ | ૩ |
| અક્ષરના મૂર્તિમાનપણાનું વર્ણન | પ્ર. | ૬૩ | ૩ | ૩ |
| અક્ષરનું સાધર્મ્યપણું | પ્ર. | ૨૧ | ૧ | ૮ |
| અક્ષરને શક્તિ વડે ધારવાપણું | પ્ર. | ૭૨ | ૨ | ૪ |
| અક્ષરપર્યંત ભગવાન જેવા ન થાય | કા. | ૮ | ૧ | ૧ |
| | લો. | ૪ | ૨ | ૬ |
| અક્ષર, પુરુષોત્તમના શરીરપણે વર્ણન | પ્ર. | ૬૪ | ૧ | ૧ |
| અક્ષરબ્રહ્મ શ્રીજીના પ્રકાશવાચક | પં. | ૧ | ૧ | ૧ |
| અજ્ઞાનથી મુકાવાનો ઉપાય | પ્ર. | ૧૨ | ૨ | ૨ |
| અજ્ઞાનીની ગતિ વર્ણન | સા. | ૧૪ | ૪ | ૬ |
| અજ્ઞાનીની સમજણ (સા.૧૪/૪/૬) | પં. | ૭ | ૧ | ૧ |
| અજ્ઞાનીનું લક્ષણ | પ્ર. | ૯ | ૧ | ૧ |
| (પ્ર. ૨૦/૧/૧) | મ. | ૧૪ | ૧ | ૨ |
| આકાશની ઉત્પત્તિ ને લય | પ્ર. | ૬૫ | ૧ | ૧ |
| આકાશનું મહત્ત્વપણું | પ્ર. | ૫૧ | ૧ | ૧ |
| આકાશનું રૂપપ્ર. | ૪૬ | ૧ | ૧ | |
| આકાશનું લક્ષણ | પ્ર. | ૧૨ | ૨ | ૨ |
| આચરણ ભગવાનના અનુકરણનો નિષેધ | વ. | ૧૮ | ૧ | ૧૩ |
| આચરણનું આશ્રિતને નિરૂપણ | વ. | ૧૮ | ૧ | ૧૪ |
| આ જન્મે જ સિદ્ધ થવાનો હેતુ | લો. | ૧ | ૫ | ૫ |
| આંટી પાડવા ન પાડવાની વિક્તિ | છે. | ૨૭ | ૨ | ૨ |
| આત્મદર્શન થવા ન થવાનો હેતુ | મ. | ૩૫ | ૧ | ૧ |
| આત્મદર્શનનું સાધન | વ. | ૧૧ | ૪ | ૫ |
| આત્મદર્શીનું નિર્મોહીપણું | મ. | ૬૫ | ૧ | ૧ |
| આત્મદૃષ્ટિનું ફળ | સા. | ૧૦ | ૨ | ૪ |
| આત્મદૃષ્ટિનું રૂપ | સા. | ૧૦ | ૨ | ૩ |
| આત્મનિષ્ઠથી ભક્તિવાળો શ્રેષ્ઠ | વ. | ૧૭ | ૨ | ૨ |
| આત્મનિષ્ઠનું લક્ષણ(પ્ર.૨૩/૧/૧) | લો. | ૧ | ૮ | ૮ |
| આત્મનિષ્ઠને ક્ષોભનો હેતુ | છે. | ૨૦ | ૨ | ૨ |

| વિષય | પ્રક૰ | વ૰ | પ્ર૰ | બા૰ |
|---|---|---|---|---|
| આત્મનિષ્ઠ સાધુની સમજણ | સા. | ૧૦ | ૨ | ૪ |
| આત્મનિષ્ઠા કરવાનો પ્રકાર | જે. | ૧ | ૨ | ૨ |
| આત્મનિષ્ઠાનું ફળ (પ્ર.૬૧/૧/૧) | લો. | ૧૭ | ૨ | ૨ |
| આત્મનિષ્ઠાનું રૂપ (પ્ર.૮/૨/૪) | સા. | ૧ | ૨ | ૨ |
| આત્મનિષ્ઠા રહેવાનો હેતુ | છે. | ૨૨ | ૧ | ૧ |
| આત્મનિષ્ઠા વર્ણન | પ્ર. | ૪૭ | ૧ | ૧ |
| આત્મનિષ્ઠા વર્તવાનું કારણ | સા. | ૧૫ | ૧ | ૧ |
| આત્મનિષ્ઠાવાળાનું લક્ષણ | મ. | ૬૨ | ૩ | ૩ |
| આત્મનિષ્ઠાવાળાને ગુણદોષ | પ્ર. | ૪૭ | ૨ | ૨ |
| આત્મબુદ્ધિનું ફળ (છે.૭/૧/૧)(છે.૧૧/૨/૨) | છે. | ૧૧ | ૩ | ૩ |
| આત્મબુદ્ધિ સંતમાં કરવાનું ફળ | છે. | ૨૪ | ૧ | ૧ |
| આત્મવિચાર વર્ણન (સા.૯/૨/૩) | સા. | ૧૨ | ૩ | ૪ |
| (મ.૨/૧/૧) | મ. | ૫૫ | ૧ | ૩ |
| આત્મસત્તારૂપે વર્તનારનું લક્ષણ | મ. | ૫૧ | ૨ | ૨ |
| આત્મજ્ઞાનની અપેક્ષા વર્ણન | પ્ર. | ૧૯ | ૧ | ૧ |
| આત્મજ્ઞાનનું પ્રયોજન | મ. | ૩૫ | ૧ | ૨ |
| આત્મજ્ઞાનીનું લક્ષણ | સા. | ૧૪ | ૪ | ૫ |
| આત્મા-અનાત્માનો વિવેક | પ્ર. | ૫૬ | ૩ | ૪ |
| | સા. | ૪ | ૧ | ૧ |
| આત્માનું અક્ષરના દૃષ્ટાપણું | પ્ર. | ૬૪ | ૧ | ૧ |
| આત્મા દેખાવા ન દેખાવાનો હેતુ | છે. | ૩૬ | ૨ | ૩ |
| આત્માનું પુરુષોત્તમના શરીરપણે વર્ણન | પ્ર. | ૬૪ | ૧ | ૧ |
| આત્માનું સ્વરૂપ વર્ણન | છે. | ૩૯ | ૧ | ૨ |
| આત્મપણું પ્રતિપાદન | લો. | ૭ | ૨ | ૬ |
| આત્મા-પરમાત્માનો વેગ લગાડવો | છે. | ૩૯ | ૧ | ૩ |
| આત્માના સુખનો અનુભવ થવા | | | | |
